Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ

ઈસ્લામ યુગ

ખંડ ૧ : ભાગ ૧–૨

तद्दक्षिणार्धे सुरगेहगर्वसर्वंकषो गूर्जरनीवृदास्ते ।
श्रियेव रन्तुं पुरुषोत्तमेन जगत्कृताकारि विलासवेश्म ॥

[हीरसौभाग्यं महाकाव्यम्, १–२३]

ભરતખંડના દક્ષિણ બાજૂના અડધા ભાગમાં, સ્વર્ગના ગર્વનું સર્વસ્વ હરી લેનારો **ગૂર્જર** નામનો દેશ આવેલો છે. પુરુષોત્તમ વિષ્ણુની સાથે રમણ કરવાને લક્ષ્મીએ વિધાતા પાસે જાણે કે આ વિલાસગૃહ બનાવડાવ્યું છે !

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

amaj Foundation Che

ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ — ઇસ્લામ યુગ ... ૧ · ભાગ ૧-૨

ain. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक-संख्या 42 ग/5

पंजिका-संख्या 29632/22.3.2003

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुजरात नो सांस्कृतिक इतिहास

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 891/25
आगत सं० 29032
दि० 25-3-93
गुरुकुल ग्रन्थालय कांगड़ी.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા–ગ્રંથાંક ૯
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
આદ્ય કુલપતિ : કૈ. વા. ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

ગૂજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

ઇસ્લામ યુગ

ખંડ ૧ : ભાગ ૧–૨

◆

લેખક
શ્રી. રત્નમણિરાવ ભીમરાવ જોટે, બી. એ.

◆

CHECKED 1973
Initial

पुस्तकालय
गुरुकुल कांगड़ी

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગુજરાતી ભાષા દ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને ખીલવવા કેટલાક સમયથી પ્રવૃત્તિ આદરી, તેને અંગે કેટલાક વિદ્વાનોને ગ્રંથો લખવાનું કામ પણ સોંપ્યું હતું. ૧૯૩૯ના માર્ચમાં મુંબઇ સરકારે નીચે જણાવેલી યોજના મંજૂર કરી દેણગી આપી હતી :

૧. ભાષા અને સાહિત્ય (Language & Literature)

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ, એનો ઉગમ અને ક્રમિક કક્ષાઓમાં વિકાસ;

૨. ગુજરાતી છંદઃશાસ્ત્રનો અધ્યયનાત્મક નિબંધ;

૩. જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન (સોસાયટીના હાથપ્રત-સંગ્રહ તથા બીજેની હાથપ્રતોને આધારે);

૨. ઇતિહાસ (History)

૧. ઇતિહાસ-સાધન ગ્રંથો;

૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (સચિત્ર);

૩. સમાજશાસ્ત્ર (Sociology)

૧. ગુજરાતની ભિન્ન ભિન્ન જાતિઓ ઉપર નિબંધ.

તે અન્વયે આ પુસ્તકનો ખંડ ૧-ભાગ ૧-૨ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ખંડનાં તેમ જ પછીના ખંડનાં ચિત્રો છેવટ પરિશિષ્ટમાં આપવામાં આવશે.

ગુજ૦ વર્ના૦ સો૦
અમદાવાદ
તા. ૨૧-૧-૧૯૪૫

રસિકલાલ છોટાલાલ પરીખ
અધ્યક્ષ
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ

પ્રકાશકઃ રસિકલાલ છો. પરીખ, અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ

વિ. સં. ૨૦૦૧ આવૃત્તિ પહેલી ઇ. સ. ૧૯૪૫

પ્રત ૫૦૦

કીમત ચાર રૂપિયા

મુદ્રકઃ સુરેશચંદ્ર પોપટલાલ પરીખ, ધી 'ડાયમંડ જ્યુબિલી' પ્રિન્ટિંગ પ્રેસ, સલાપોસ રોડ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

ભાગ ૧ લો

પ્રક.	વિષય	પૃષ્ઠ
૧.	**ભૂમિકા**	૩
	રાજશેખરે કાવ્યમીમાંસામાં વર્ણવેલાં સ્થળો અને તેની ચર્ચા	૧૦
	લાટ દેશ અને તેની ચર્ચા	૧૩
	સામાજિક ઘડતરમાં ભૌગોલિક સ્થળોએ ભજવેલો ભાગ	૧૬
૨.	**પ્રાગૈતિહાસિક સમય**	૧૮
	પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક સમય	૧૮
	અસુર જાતિ	,,
	આર્યોએ અસુરોને જીતી પોતાની સંસ્કૃતિ તેમને આપી	૧૯
	અસુરોની સંસ્કૃતિ વિશિષ્ઠ હતી	,,
	પ્રાગૈતિહાસિક પાટનગર કુશસ્થલી અથવા દ્વારકા	૨૧
	યાદવો	૨૨
	ગુજરાત અને અસુરો તથા નાગો	૨૩
	પ્રાચીન ઋષિઓ અને ગૂજરાતની ભૂમિ	,,
	યાદવો અને જૈન પરંપરા	૨૪
૩.	**ઐતિહાસિક યુગની શરૂઆત**	૨૫
	યાદવો અને મૌર્યો વચ્ચેનો અંધારાનો સમય	૨૫
	સિંહલદ્વીપનો વસવાટ	,,
	યૌધેયો અને આભીરો	૨૬
	ગિરનારના ત્રણ લેખો	૨૭
	સમ્રાટ અશોક અને મૌર્ય સામ્રાજ્ય : ગૂજરાત એક માત્ર પ્રાંત	,,
	ગઈ સદીમાં ગિરનારના લેખોની સ્થિતિ	૨૮
	ગૂજરાતમાં બનાવટી સરોવરો	૨૯
	સમ્રાટ અશોકની ધર્મલિપિ અને એ સમયના સમાજ ઉપર પડતો પ્રકાશ	,,
	અશોક પછીની સ્થિતિ	૩૨
	યવન (ગ્રીક) રાજાઓ	,,
૪.	**શક ક્ષત્રપો અને ગુપ્તો**	૩૫
	પરદેશી શકોનું આગમન	૩૫
	શકો હિંદુ સમાજમાં મળી ગયા	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક.	વિષય	પૃષ્ઠ
	નહપાન ક્ષત્રપ	૩૬
	નહપાનનો જમાઇ ઉષવદત્ત	૩૭
	ક્ષત્રપોના બીજા કુલની સત્તા	૩૮
	ક્ષત્રપોનો પહેરવેશ	,,
	મહાક્ષત્રપ રુદ્રદામા	,,
	એણે ગિરનાર પાસેનું સુદર્શન તળાવ સમરાવ્યું	૩૯
	એની પછીના રાજાઓ	૪૦
	ગૂજરાતનો દરિયાઇ વેપાર વધારવાની કાળજી	૪૧
	ગૂજરાત કાઠિયાવાડનો સંબંધ કાંઠાને રસ્તે	,,
	દક્ષિણ ગૂજરાતમાં ત્રૈકૂટકો	૪૨
	ગુપ્ત મહારાજ્ય	,,
	સ્કંદગુપ્તના સમયનો ગિરનારનો લેખ	,,
	ઐતિહાસિક ગૂજરાતનું પહેલું પાટનગર જૂનાગઢ	૪૩
	ગુપ્તરાજ્યના અધિકારીઓના ગુણો	,,
૫.	**વલભી**	૪૪
	એ રાજ્યે સાંસ્કૃતિક પ્રગતિમાં લીધેલો ભાગ	૪૪
	વલભીનગર ઘણું પ્રાચીન છે	,,
	વલભી સંસ્કારનું કેન્દ્ર	,,
	વલભીના રાજાઓ	૪૬
	હિંદુસ્તાનમાં વલભીનું મહત્ત્વ	૪૭
	ચીનનો મુસાફર યુવાનચંગ	૪૮
	વલભી વેપાર અને વિદ્યા બંનેનું કેન્દ્ર	૪૯
	ધાર્મિક સહિષ્ણુતા	,,
	વિદ્યાસંસ્કારને ઉત્તેજન	૫૧
	સામાજિક સ્થિતિ	,,
	આદર્શ રાજ્યવ્યવસ્થા	૫૨
	વલભીની પડતી	૫૩
૬.	**ગૂજરાતના ઇતિહાસના ભ્રમણયુગો અને ગુર્જરો**	૫૪
	ગૂજરાતમાં વધુ જાતિઓનું ભ્રમણ	૫૪
	ભ્રમણનું કારણ	,,
	પ્રાગૈતિહાસિક ભ્રમણો	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક.	વિષય	પૃષ્ઠ
	પૌરાણિક યુગનાં ભ્રમણ	૫૫
	ખ્રિસ્તી સાલની શરૂઆતનાં ભ્રમણ	,,
	ગુર્જરો પોતે પણ ભ્રમણો કરનારી જાતિ	૫૬
	નાની જ્ઞાતિઓનાં ભ્રમણો	,,
	ગુર્જરો	૫૭
	હાલના ગૂજરાતનું ગૂજરાત નામ	૫૮
	ગૂજરાત નામ પડવાનું કારણ	૫૯
	ગુર્જર રાજધાની ભિન્નમાલ	૬૦
	ભિન્નમાલે સંસ્કારિતામાં ભજવેલો ભાગ અને એનો ઇતિહાસ	૬૧
	ભ્રમણોમાં નવી જાતિ પારસીઓ	૬૩
	ભ્રમણયુગોએ ગૂજરાતી સમાજ ઉપર કરેલી અસર	૬૪
૭.	**અણહિલ્લવાડ પાટણની સ્થાપના**	**૬૫**
	પાટણ	૬૫
	વનરાજના કુલના ચાલુ ઇતિહાસ માટે શંકા	,,
	વનરાજની લૂંટથી ચડતી	૬૭
	પાટણની સમૃદ્ધિ શી રીતે વધી	૬૮
	ચાવડાઓની લૂંટ માટે પ્રીતિ	૬૯
	ચાવડાઓ નાના ઠાકોરો	૭૦
	સોલંકીઓ અને ગૂજરાતી મહારાજ્યનો પાયો	,,
	સોલંકીઓની ઉત્પત્તિ નામ વગેરે માટેની કલ્પનાઓ	૭૧
	સોલંકીઓ	,,
	મૂળરાજનો વંશ	૭૨
	મૂળરાજનો રાજ્યવિસ્તાર	૭૪
	મૂળરાજે બંધાવેલાં મંદિરો	૭૫
	એનું ચારિત્ર્ય	૭૬
	સોમશર્મા	,,
	મૂળરાજની પછીના રાજાઓ	,,
૮.	**હિંદુ ગૂજરાતી સામ્રાજ્ય**	**૭૭**
	ભીમદેવ પહેલો	૭૭
	સોમનાથ ઉપર મહમૂદ ગીજનીની ચડાઈ	,,
	સોમનાથનું મંદિર	૭૯
	પાછળથી જાગેલા હિંદુ રાજાઓ	૮૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક.	વિષય	પૃષ્ઠ
	હિંદુ સમાજની ખામી	૮૧
	નામાંકિત માણસો અને સાંસ્કૃતિક પ્રગતિ	,,
	વિદ્યાસંસ્કાર	૮૨
	માળવા અને ગૂજરાત	,,
	કર્ણદેવ	૮૩
	કર્ણાવતી	૮૪
	સિદ્ધરાજ	૮૫
	સિદ્ધરાજનાં પરાક્રમો	,,
	સિદ્ધરાજનાં શુભ કર્મો	૮૭
	એનાં બાંધકામ	૮૮
	વિદ્યાસંસ્કારને ઉત્તેજન	૮૯
	ચારિત્ર્ય	૯૦
૯.	**હિંદુ ગૂજરાતી સામ્રાજ્યની ચડતી અને પડતી**	**૯૧**
	કુમારપાલ	૯૧
	ગૂજરાતને અહિંસક બનાવ્યું	૯૨
	ધાર્મિક સહિષ્ણુતા	૯૪
	અપુત્રિકાધનનો ત્યાગ	,,
	હેમચંદ્રાચાર્ય	૯૫
	અજયપાલ, બાલમૂળરાજ અને મહમદઘોરીની ચડાઈ	૯૬
	ભીમદેવ બીજો અને ગુર્જર મહારાજ્યની પડતી	૯૭
	લવણપ્રસાદ અને વીરધવલ	,,
	વસ્તુપાલ તેજપાલ	૯૯
	વિશળદેવ	૧૦૦
	અર્જુનદેવ	૧૦૧
	સારંગદેવ અને કર્ણદેવ	,,
૧૦.	**મુસલમાન સમય પહેલાંનાં બાંધકામ**	**૧૦૨**
	ઘર, નગરરચના અને પોળો	૧૦૨
	ભીમદેવ ૧લાના વખતનાં મંદિરો	૧૦૫
	રુદ્રમાળ, મોઢેરાનું મંદિર અને સોમનાથ	,,
	રાણીવાવ	૧૦૬
	આબુનાં વિમળશાહ અને તેજપાળનાં મંદિરો	,,
	શિલ્પકલામાં એનું સ્થાન	,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રક.	વિષય	પૃષ્ઠ
	તાજમહાલ અને આબુનાં મંદિરો	૧૦૭
	છૂટા અવશેષો અને કિલ્લાઓ	૧૦૮
	અવશેષોનો નાશ	૧૦૯
	ગિરનાર અને પાલીતાણા	,,
	રાજકીય સત્તા બદલાયા છતાં સંસ્કૃતિમાં બહુ ધીમો ફેરફાર	૧૧૦
	ભાગ ૨ જો	
૧૧.	**ગૂજરાતમાં મુસલમાનો**	૧૧૧
	છેલ્લો હિંદુ રાજા કર્ણદેવ વાઘેલો	૧૧૧
	માધવ પ્રધાન	૧૧૨
	માધવ વિસલનગરા નાગર બ્રાહ્મણ	૧૧૩
	કુતુબખાનના લશ્કરે વર્તાવેલો કેર	૧૧૪
૧૨.	**મુસલમાન રાજ્યની સ્થાપના—ખીલજી વંશ**	૧૨૩
	ઐતિહાસિક સમયનો મોટો ભ્રમણયુગ	૧૨૩
	મદુરાના સૌરાષ્ટ્રીઓ	૧૨૪
	પહેલો સૂબો અલપખાન	૧૨૬
	શત્રુંજય તીર્થ	,,
	તેનો સમરાશાહે કરેલો ઉદ્ધાર	૧૨૭
	ઝાલોર સર કર્યું	,,
	અલ્લાઉદ્દીનના છેલ્લા દિવસો	૧૨૯
	અલપખાનનું મરણ અને ગૂજરાતમાં બળવો	૧૩૦
	અલપખાને બંધાવેલી મસ્જિદ	,,
	સુલતાન મુબારક કુતુબુદ્દીન	૧૩૧
	ઝફરખાન મલીક દીનાર સૂબો	૧૩૨
	હિસામુદ્દીન ગૂજરાતીની સૂબાગીરી	૧૩૪
	પરવારી જાતના ગૂજરાતીઓએ દિલ્હીમાં જમાવેલી સત્તા	,,
	અલપખાનના સમયના લેખો	૧૩૬
	એ સમયના પાટણના મુસલમાન સંતો	૧૩૭
૧૩.	**તઘલખ વંશ**	૧૩૮
	ગિયાસુદ્દીન તઘલખ	૧૩૮
	મુહમ્મદ તઘલખનું ચારિત્ર્ય	,,
	દેશમાં બધે બળવો	૧૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રક.	વિષય	પૃષ્ઠ
	પરદેશી અમીરો	૧૪૧
	આ પરદેશી અમીરોનો બળવો	૧૪૨
	શેખ મૂઇઝુદ્દીન સૂબો અને બળવાખોર અમીરોનો નાશ	૧૪૩
	સુલતાનનો ભરૂચમાં મુકામ	૧૪૪
	મહારાષ્ટ્રમાં બળવો	,,
	હસનગંગુ અને દક્ષિણમાં બહમની વંશની સ્થાપના	૧૪૫
	ગૂજરાતમાં ફરી બળવો	૧૪૬
	કડી પાસે લડાઇ	૧૪૭
	પાટણમાં નિવાસ અને ગૂજરાતની વ્યવસ્થા	૧૪૮
	ઇતિહાસકાર ઝિઆઉદ્દીન બર્નીની શાણી સલાહનો સુલતાને કરેલો ઈન્કાર	૧૪૯
	ગિરનારનો કિલ્લો સર કર્યો	૧૫૦
	ગોંડલમાં નિવાસ	૧૫૧
	ઠઠ્ઠા તરફ પ્રયાણ	,,
	મુહમ્મદ તઘલખનું મરણ	૧૫૨
૧૪.	**સુલતાન ફીરોઝશાહ તઘલખ**	**૧૫૩**
	ફીરોઝશાહ તઘલખ—એનું ચારિત્ર્ય	૧૫૩
	એના રાજ્યમાં હિંદુઓ	૧૫૪
	સિંધ ઉપર ચડાઇ	૧૫૬
	ગૂજરાત આવતાં પડેલી વિપત્તિઓ	૧૫૭
	અમીર હુસેન સૂબો	૧૫૮
	ફીરોઝ તઘલખ ગૂજરાતમાં	,,
	ઝફરખાન અને તેના પુત્રની સૂબાગીરી	,,
	શમ્સુદ્દીન દામઘાની સૂબો	૧૫૯
	સુલતાન ફીરોઝનું મરણ અને તે પછી બે બાદશાહો	૧૬૧
	જફરખાન બિન વજીહ ઉલમુલ્કની સૂબાગીરી અને અહમદશાહનો જન્મ	,,
	ઝફરખાનની સત્તાની જમાવટ અને દિલ્હીમાં બે સુલતાનો	૧૬૩
	આ સમયના સંત પુરુષો	,,
	ઇબ્ન બટુટાએ કરેલું ખંભાતનું વર્ણન	૧૬૪
	કાવી ને ગાંધાર	૧૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમ.	વિષય	પૃષ્ઠ
૧૫.	**ગૂજરાતી સમાજનું બંધારણ: જાતિઓનું અને ધાર્મિક સંપ્રદાયોનું મિશ્રણ**	૧૬૭
	પ્રાગૈતિહાસિક સમયનાં જાતિઓનાં મિશ્રણ	૧૬૭
	વેદ સમયની જાતિઓ અને અસુર જાતિ	૧૭૦
	ભૃગુઓ અને યદુઓ	૧૭૩
	એમનો ગૂજરાતની ભૂમિ સાથે સંબંધ	૧૭૪
	અથર્વવેદ	૧૭૫
	નાગજાતિ	૧૭૬
	હિંદુસ્તાનની જાતિઓનું પ્રથમ સફળ મિશ્રણ	૧૭૭
	સામાજિક ઇતિહાસમાં નાગજાતિનું સ્થાન	૧૭૯
	બીજું એટલે પૌરાણિક કાળનું મિશ્રણ	૧૮૧
	બૌદ્ધો અને જૈનોનું જોર	૧૮૨
	બીજું મિશ્રણ અને બ્રાહ્મણોનો વિજય	૧૮૩
	યદુવંશી નાગો અને તાક નાગો	૧૮૫
	કુશાન સત્તાનો અંત અને નાગો: એમાં બૌદ્ધો સામે બ્રાહ્મણોનો વિજય	૧૮૭
	અનેક પરદેશી જાતિઓનું છેવટનું મિશ્રણ	૧૮૯
	મિશ્રણની ગૂજરાત ઉપર અસર	૧૯૨
	નાગર જ્ઞાતિ	૧૯૪
	નાગર શબ્દ	૧૯૬
	નાગર શબ્દમાં "ર" પ્રત્યય	૧૯૮
	તામીલ ભાષા અને નાગર શબ્દ	૧૯૯
	નાગર બ્રાહ્મણોનો નાગજાતિ સાથે સંબંધ	૨૦૦
	તક્ષ અગર તાક નાગવંશ	૨૦૪
	ગૂજરાત સલ્તનતનો મૂળ પુરુષ તાંક રજપૂત	૨૦૫
	ગૂજરાતના બ્રાહ્મણો અને ક્ષત્રિયો	૨૦૬
	બ્રાહ્મણ-વાણિયા	૨૦૭
	રજપૂતો	૨૦૮
	ભાટિયા-લુહાણા	૨૦૯
	આહીર-મેર કાઠી	૨૧૦
	બાબરિયા	૨૧૧
	નારૂ કારૂ	૨૧૩
	કોળી	૨૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રક.	વિષય	પૃષ્ઠ
	જ્ઞાતિઓનું ઊંચાનીચાપણું અને મિશ્રણોનો ઉપસંહાર	૨૧૫
	ધર્મો–સંપ્રદાયો અને મિશ્રણો	૨૧૭
	ગૂજરાતમાં ધર્મો અને સંપ્રદાયોની વિશેષતાઓ	,,
	પરંપરાને દૂર મૂકીને આપણો ઇતિહાસ લખી શકાય નહિ	૨૧૮
	આર્ય અને આર્યેતર ધર્મો અને તેનું મિશ્રણ	૨૧૯
	પ્રાચીનતમ શૈવધર્મનું સ્વરૂપ અને વૈદિકોનો વિરોધ	૨૨૦
	લિંગપૂજાની પ્રાચીનતા	૨૨૨
	પાશુપતના મૂળ સ્થાપક લકુલીશાચાર્ય ગૂજરાતના	૨૨૮
	પૌરાણિક શૈવધર્મ અને એની સાદાઇ	૨૨૯
	શિવપુત્ર કાર્તિકેયની પૂજા	૨૩૧
	ગણેશ	૨૩૨
	દેવીપૂજા	,,
	સૂર્યપૂજા	૨૩૪
	વિષ્ણુપૂજા	૨૩૫
	રામચંદ્રની પૂજા	૨૩૭
	હનુમાનની પૂજા	,,
	બ્રહ્માની પૂજા	૨૩૮
	નાગપૂજા	,,
	બૌદ્ધ ધર્મ	૨૩૯
	જૈન ધર્મ	૨૪૦
	પ્રતિમાવિધાન	૨૪૧
	ગૂજરાતી સમાજ અને ધર્મો	,,
	ઘરમાં દેરાસરની પ્રથા અને તેની સમાજ–માનસ ઉપર અસર	૨૪૨
	આટલાં મિશ્રણ કરનારો ઉદાર સમાજ મુસલમાનોને કેમ ન સમાવી શક્યો	૨૪૩
	સાંપ્રદાયિકતાની અસર	૨૪૬
	કર્મવાદ	,,
	રાજામાં ઈશ્વરનો અંશ	૨૪૭
	વિચાર સ્વાતંત્ર્ય	૨૪૮
૧૬.	**મુસલમાન સમયની શરૂઆતમાં મધ્યકાલીન હિંદુ રાજવંશો**	**૨૪૮**
	પ્રાચીન રાજવંશો અને વિદેશીઓ	૨૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંક.	વિષય	પૃષ્ઠ
	સૌથી પ્રાચીન રાજવંશોની સત્તા રહી નથી	૨૫૦
	મધ્યકાલીન હિંદુ રાજવંશો સૌથી વધારે ગૂજરાતમાં છે	,,
	નાનાં રજપૂત રાજ્યો	૨૫૧
	વાળા, વાજા અને ચુડાસમા આજે નથી	૨૫૨
	કાઠિયો અને કાઠિયાવાડ નામ	૨૫૩
	એભલવાળો	૨૫૪
	ખોડિયાર માતા	,,
	ઝાલા	૨૫૫
	ગોહિલો	૨૫૬
	ભાવનગર, લાઠી અને પાલીતાણાના રાજાઓનું મૂળ	,,
	મોખડાજી ગોહિલ	૨૫૭
	મોખડાજીની મુહમ્મદ તઘલખ સાથે લડાઈ	,,
	જાડેજા	૨૫૯
	ઈડર અને રાઠોડો	૨૬૦
	રાય રણમલજી	૨૬૧
	રણમલે ફીરોઝ તઘલખના સૂબાઓ સાથે લડાઈઓ કરી	,,
	પાલણપુર રાજ્ય	૨૬૩
	હિંદનું સૌથી પ્રાચીન મુસલમાન રાજ્ય	,,
૧૭.	**ઝફરખાન (મુઝફ્ફરખાન) સૂબો**	**૨૬૪**
	ઈડર સાથે લડાઈ	૨૬૪
	સોમનાથ અને બીજાં હિંદુ રાજ્યો સાથે લડાઈ	૨૬૬
	તાતારખાનની દિલ્હીની ગાદી લેવાની ઇચ્છા અને તૈમૂરની ચડાઈ	૨૬૭
	ઈડર ઉપર ફરી ચડાઈ અને રાવ સાથે સલાહ	,,
	તૈમૂરની ચડાઈ અને દિલ્હીનો બાદશાહ પાટણમાં આવ્યો	,,
	ઈડરની ફરીથી લડાઈ	૨૬૮
	સોમનાથ અને દીવની લડાઈ	૨૬૯
	તાતારખાન ગૂજરાતનો પહેલો સ્વતંત્ર સુલતાન	,,
	સુલતાન મુહમ્મદશાહનું મરણ	૨૭૦
	દિલ્હી સુલતાન મહમૂદ તઘલખને અપાવવા મુઝફ્ફરનો યત્ન	૨૭૧
	મુઝફ્ફર ગૂજરાતનો સ્વતંત્ર સુલતાન	૨૭૨
	મુઝફ્ફરનો બાપ વજીહ ઉલમુલ્ક ટાંક રજપૂત	,,
	ફીરોઝ તઘલખે એમને મુસલમાન બનાવી અમીરી બક્ષી	૨૭૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રક.	વિષય	પૃષ્ઠ
	માળવાના સુલતાનને હરાવ્યો અને પાછો ગાદીએ બેસાડયો	૨૭૪
	મુઝફ્ફરશાહનું મરણ	૨૭૫
	મુઝફ્ફરશાહની અહમદશાહને અંતિમ શિખામણો અને એનું ચારિત્ર્ય	૨૭૬
૧૮.	**ગૂજરાત સલ્તનત પહેલાનાં મુસ્લિમ સમયનાં બાંધકામ**	**૨૭૮**
	પેટલાદના બાબા અર્જુનશાહ	૨૭૮
	અર્જુનશાહની દરગાહમાં આવેલો મસ્જિદ બાબતનો લેખ	૨૭૯
	એ જ જગાએ આવેલો વાવનો લેખ	૨૮૦
	ખંભાતની જુમામસ્જિદ	૨૮૧
	રોઝો	૨૮૩
	ખંભાતની ઈદગાહનો લેખ અને બીજી કબરો	૨૮૪
	ભરૂચની જુમામસ્જિદ	,,
	ભરૂચની ઇદગાહ	૨૮૫
	ધોળકાની હિલાલખાન કાજીની મસ્જિદ	૨૮૬
	ધોળકાની જૂની જુમામસ્જિદ	૨૮૭
	એનો લેખ	,,
	માંગરોળ	,,
	૧૮૦૦ કન્યાઓના લગ્નના મંડપની દંતકથા	૨૮૮
	મંડપની જગાએ મસ્જિદ	૨૮૯
	લેખ	,,
	મસ્જિદે રહેમત અને રાવળી મસ્જિદ	,,
	માંગરોળના કિલ્લાના લેખ	૨૯૦
	બહારના કોટનો લેખ	૨૯૧
	સૈયદ સિકંદરની દરગાહ	,,
	આ બાંધકામની કેટલીક ચર્ચા	૨૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ

[ઇસ્લામ યુગ]

પૂર્વાર્ધ

ભાગ ૧ લો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧ લું

ભૂમિકા (ભૂમિનો ઇતિહાસ)

ગૂજરાતની ભૂરચના અને એના સાંસ્કૃતિક વિકાસનો સંબંધ

ગૂજરાત દેશનો ઇતિહાસ એનું ગૂજરાત નામ પડયું ત્યારથી નહિ પણ તે પહેલાં ઘણા સમયથી કહેવો જોઈએ. એટલેકે એ આપણી ભૂમિનો ઇતિહાસ છે. વારસાનું મહત્ત્વ સંસારની બીજી વસ્તુઓની પેઠે દેશના ઇતિહાસમાં પણ ઓછું નથી. વારસને પોતાથી ભિન્ન ગુણવાળી વ્યક્તિનો વારસો મળે તો તેના ગુણથી એને થોડે ઘણે અંશે અંકિત થવું પડે છે. ગૂજરાતમાં મુસલમાનો તેમની પહેલાંના જે રાજ્યોના વારસામાં આવ્યા તેના ગુણથી થોડે ઘણે અંશે તેમને રંગાવું પડયું. એટલે જે ભૂમિ ઉપર એમણે રાજ્ય કર્યું તેની વીગત ટૂંકામાં જોઈ પછી એ વારસો કેવો હતો તે પણ ટૂંકામાં જોઇએ.

ભૌગોલિક સંજોગો લીધે ગૂજરાતને હિંદુસ્તાનમાં પોતાનું એક પ્રકારનું વિશિષ્ટ વ્યક્તિત્વ જરા સરળતાથી પ્રાપ્ત થયું હતું. એ સંજોગોને લીધે જેમ સમાજની વ્યવહારબુદ્ધિ ખીલી હતી, તેમ સમાજની બુદ્ધિએ પણ આ કુદરતી સંજોગોને સાર્થક કર્યા હતા. આમ કુદરત અને સમાજની બુદ્ધિની અન્યોન્યને જે સહાય મળતી તેથી ગૂજરાતનું સાંસ્કારિક વ્યકિતત્વ ખાસ દીપ્યું.

એશિયાનું મધ્યબિંદુ

ગૂજરાતમાં ખંભાતને મધ્યબિંદુ કરીતે પૃથ્વીના નકશા ઉપર એક મોટું વર્તુળ દોરો તો અમેરિકા સિવાય હાલ સુધરેલી ગણાતી દુનિયાનો ઘણોખરો ભાગ તેમાં આવી જાય.[1] જરા સૂક્ષ્મ રીતે જોતાં

---

૧. જુઓ: ખંભાતના ઇતિહાસમાં મેં એ પ્રકારનો નકશો આપ્યો છે.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વર્તુળમાં કદાચ રહી જતો ભાગ પ્રાચીન સમયમાં સુધરેલો નહોતો એવો જ જણાશે. એટલે ગૂજરાત એક વખતની સુધરેલી દુનિયાંની મધ્યમાં હતું એમ જણાશે. 'રત્નાકર સાગરની મહેર' એના જેટલી હિંદુસ્તાન કે એશિયાના બીજા કોઈ વિભાગને નહોતી. એક ઘાટીલા મુખમાંથી નાક બહાર નીકળી મુખ મુદ્રાની શોભા વધારે છે તેમ એની ભૂમિમાંથી સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ બહાર નીકળ્યો છે, અને કચ્છ તથા ખંભાતના અખાતના બે ફાંટા ભૂમિમાં અંદર પ્રવેશીને લક્ષ્મીના પિતા મહાસાગરે એના ઉપર અનેરી કૃપા કરી છે.

પૌરાણિક પ્રાચીન ભૂગોળના મત પ્રમાણે ભારતવર્ષમાં નૈર્ઋત્ય દિશામાં અને હાલના હિંદુસ્તાનમાં પશ્ચિમ દિશામાં આવેલા આ પ્રાંતનું નામ ગૂજરાત પડતા પહેલાં ઘણા પ્રાચીન સમયથી સૌરાષ્ટ્ર હતું અને તે સાથે જ એના કેટલાક ભાગનાં નામ આનર્ત, અપરાંત વગેરે હતાં. સૌરાષ્ટ્ર અને આનર્ત એ બે નામો પુરાણોમાં એવી રીતે વપરાયાં છે કે બેની સરહદ નક્કી કરવી મુશ્કેલ છે.[૨]

પ્રાગૈતિહાસિક નદીઓ: સરસ્વતીનો પ્રવાહ

એ પ્રાગૈતિહાસિક સમયમાં સરસ્વતી નદી હિમાલયમાંથી નીકળી દક્ષિણ સમુદ્રને મળતી હતી એવા વેદવાકયનું એ નદી હિમાલયમાંથી નીકળી રજપુતાના અને ગૂજરાતમાં થઈ ને સમુદ્રમાં મળતી હતી એમ પુરાણો સમર્થન કરે છે.[૩] પશ્ચિમ હિંદુસ્તાનના ઉત્તરાર્ધની ભૂગોળ એ સમયે હાલ કરતાં કાંઈક જુદી હતી. કચ્છના રણની જગ્યાએ સમુદ્ર હતો, અને સિંધુ તથા સતલજ નદી એમાં મળતી હતી. યમુનાને લઇને સરસ્વતીનાં નીર ગૂજરાત અને કાઠિયાવાડની વચ્ચે થઇ સમુદ્રને

૨. વડનગરને લીધે ઘણા ઉત્તર ગૂજરાતને આનર્ત માને છે પણ પુરાણો ઉપરથી કાઠિયાવાડના દક્ષિણ ભાગને પણ આનર્ત કહેવાય તેમ છે. ખરી રીતે આ બન્ને નામો ગૂજરાત કાઠિયાવાડના અમુક ભાગો માટે ગમે તેમ વપરાયાં છે. તેની ચોક્કસ મર્યાદા નક્કી થઈ નથી.

૩. વૈદિક સરસ્વતીના પ્રવાહને લગતી વિસ્તૃત ચર્ચા મેં ખંભાતના ઇતિહાસમાં એક જુદા પરિશિષ્ટમાં કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતાં. કાઠિયાવાડ ગૂજરાતની ભૂમિ સાથે જોડાયો નહોતો.[૪] એ દ્વીપકલ્પને બદલે બેટ હતો એ તો બે હઝાર વર્ષ પૂર્વેની જ વાત છે. મોટા ભૂકંપો અને જળપ્રલયને લીધે સરસ્વતી નષ્ટ થઈ અને પતિયાલાથી રજપુતાના અને ગૂજરાતમાં નળકંઠા અને ખંભાત સુધી રણનો એક સૂકો પટો મૂકતી ગઈ. કચ્છનાં રણનો સમુદ્ર વર્ષના બે ભાગ માટે રણ અને ચાર મહિના સમુદ્ર એમ ફેરવાઈ ગયો. હિંદુસ્તાનના પશ્ચિમ કિનારામાં અને એની નજીક આવેલા દ્વાપોમાં પણ આ સમયે ફેરફાર થયા.[૫]

ગૂજરાતની ભૂમિની રચનામાં આ મોટા ફેરફાર પછી ખાસ મોટો અને અગત્યનો ફેરફાર થયો નથી.[૬] એ પછી ગૂજરાતની સરહદમાં થયેલા ફેરફારો તે માત્ર રાજકીય ક્રાંતિને લગતા ફેરફારો કહી શકાય.

પ્રાગૈતિહાસિક સમયનાં સ્થળો

વેદના સમયને પ્રાગૈતિહાસિક સમય કહીએ તો છેક એ સમયથી, એટલે કે ગૂજરાત નામ પડ્યું તે પહેલાં ઘણી સદીઓથી ગૂજરાતની ભૂમિનો કિનારાનો ભાગ જાણીતો હતો. દ્વારકાં, પ્રભાસ, ભરૂચ, વલભી અને તે પછી સોપારા, અને ખંભાતની જગ્યાએ સ્કંભતીર્થ કે જે નામનું બંદર હશે તે, એ બધાંએ પ્રાચીન સમયનાં

૪. આ બાબત ઉપરના પરિશિષ્ટમાં આધાર સાથે જણાવી છે. સરકારી ગેઝેટિયરોમાં આ બાબતના આધાર પણ આપેલા છે.

૫. આ બાબતની ચર્ચા ઉપરના પરિશિષ્ટ ઉપરાંત પાતાલને લગતા પરિશિષ્ટમાં એ જ ગ્રંથમાં કરેલી છે.

૬. કેટલાક રજપુતાનાના સમુદ્રને છેક આ સમય સુધી લાવી મૂકે છે પરંતુ તે માટે સબળ આધાર નથી. રજપુતાનાનો સમુદ્ર આખો ઉત્તર હિંદુસ્તાન અને હિમાલય વગેરેની જગ્યાએ સમુદ્ર હતો તે અરસાની ભૂસ્તરને લગતી બીના છે. કદાચ તે સમયે મનુષ્યની ઉત્પત્તિ પણ નહોતી. મને તો લાગે છે કે રજપુતાના અને સિંધનું રણ ચાર મહા નદીઓના ખસી જવાથી થયેલું છે. એમાં સાંભરનું ખારું સરોવર કદાચ જૂના સમુદ્રની શંકા ઉત્પન્ન કરે તેવું છે. કચ્છના રણનો સમુદ્ર તેમાં મળતી નદીનું પાણી ખારું કરી મૂકે તેને લીધે પણ નજીકના પ્રદેશોમાં ખારાશ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસિદ્ધ બંદરો હતાં, અને તે સમયના હિંદુસ્તાનનો સમુદ્રનો વ્યવહાર મોટે ભાગે આ બંદરો દ્વારા થતો હતો. ગૂજરાતના સાંસ્કારિક વ્યક્તિત્વમાં જે વિશેષતા છે એનો પાયો આટલા પ્રાચીન સમયમાં નંખાયો હતો.

અંદરના ભાગ કરતાં બંદરોના ઉલ્લેખો વધારે મળે છે

આ પ્રાચીન સમયમાં ગૂજરાતના કિનારાના આટલા ઉલ્લેખો મળે છે તેવા અંદરના ભાગના બહુ મળતા નથી. પરંતુ તે ઉપરથી કિનારા સિવાયનો ભાગ જંગલ હશે એમ માનવાને કારણ નથી. ગિરનાર અને એની તળેટીમાં જૂનાગઢની[૭] જગ્યાએ જે નામે જે નગર હશે તે-એ તો એટલાં જ પ્રાચીન સ્થળો છે, અને તળગૂજરાત અને કાઠિયાવાડમાં એવાં ઘણાં સ્થળો લુપ્ત થયાં છે, તે સમયની સુધરેલી દુનિયા સાથે ઉત્તર અને મધ્ય હિંદુસ્તાનનો વ્યવહાર જે બંદરો મારફતે ચાલતો હોય તેના મહામાર્ગોમાં સમૃદ્ધ શહેરો ન હોય એમ માનવાને કારણ નથી.

પૌરાણિક સમય

જ્યારથી ઐતિહાસિક નોંધ મળે છે ત્યારથી-આશરે બે હજાર વર્ષથી તો પરદેશીઓએ ગૂજરાતનાં ઘણાં સ્થળોની નોંધ લીધેલી છે. આપણાં પુરાણો ગમે ત્યારે લખાયાં હોય તોપણ એમાંનાં ઘણાં સ્થળો પણ એ સમયની લગભગનાં ગણી શકાય. પરંતુ પુરાણોમાં આપેલાં સ્થળો અને એ સમયના બીજા ઉલ્લેખોમાં જે સ્થળોનાં નામ દેખાય છે તેમાં ઘણાં અત્યારે ઓળખવાં પણ મુશ્કેલ પડે તેમ છે. ઘણાંનો પત્તો નથી. પુરાણોની વાત બાજૂએ રાખતાં વરાહમિહિર જેવા એક ચોક્કસ ગણી શકાય તેવા આચાર્યે આપેલાં નામોમાં પણ સ્થળનિર્ણય કરવાનું કામ બહુ ભારે છે અને ઘણાંનો પત્તા લાગતો

૭. લેસન, કનિંગહામ, વગેરે જૂનાગઢને યવનગઢ કે યવનનગરનું સંસ્કૃત રૂપ આપે છે તે ભૂલ છે. એનું જૂનું નામ ગિરનગર છે. પર્વતનું કે એના જુદા જુદા ભાગનું નામ પણ ગિરિનગર, ઉજ્જયન્ત, રૈવતક એ પ્રમાણે છે. જૂનાગઢની જગ્યાએ દ્વારકાં હતું એ પણ બરાબર નથી. દ્વારકાં મૂળ દ્વારકાં આગળ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. તે જ મુજબ ઈ. સ. ની શરૂઆતમાં ગ્રીક લેખકોએ ઉલ્લેખ કરેલાં સ્થળો પણ અત્યારે શોધવાં મુશ્કેલ છે. તેમાંનાં ઘણાંનો પત્તો નથી અને તે સમયનાં પ્રાકૃત નામો ઉપરથી ગ્રીક લેખકોએ ભ્રષ્ટ કરેલાં રૂપોમાંથી આજે તેનો પત્તો લગાડવાનું કામ સમુદ્રમંથનથી પણ વિકટ છે; અને કેટલાંક તો લુપ્ત પણ થઈ ગયાં છે. આ ઉપરાંત આપણા પ્રાચીન લેખકોની વિશેષણો અને પર્યાયો ભૌગોલિક સ્થળો માટે પણ વાપરવાની રીત પણ આ વિષયમાં મોટો ગૂંચવાડો ઊભો કરે છે.

મધ્યદેશ-ગંગા યમુનાના પ્રદેશમાં-રહીને સ્થળોનો નિર્દેશ કરનાર આપણા પ્રાચીન લેખકો દિશાઓની બાબતમાં ઘણીવાર ભૂલો પણ કરે છે. આમ આપણા પ્રાંતનાં કેટલાંક સ્થળો પૌરાણિક મતે નૈર્ઋત્યમાં તો કેટલાંક દક્ષિણમાં મૂકવામાં આવે છે. વિંધ્ય અને નર્મદાની નીચેનો ભાગ દક્ષિણાપથમાં ગણવાની પૌરાણિક પ્રણાલિકા હોવાથી દક્ષિણ ગૂજરાતનો કેટલોક ભાગ દક્ષિણમાં ગણે છે.

યવન ઉલ્લેખો

યવન-ગ્રીક લેખકોનાં નામોમાં ઘણો ગોટાળો છે. છતાં દક્ષિણ સિંધ, કચ્છની આસપાસનો કિનારો, કાઠિયાવાડ અને ગૂજરાતનો કિનારો વગેરે ભાગનાં નામ ઓળખાય તેવાં છે. પાતાલ, સુરાષ્ટ્ર, માંગરોલ, ખંભાત, હસ્તકવપ્ર-હાથબ-મહી, નર્મદા, દ્વારકા કિનારાનાં કેટલાંક સ્થળો, ભરૂચ, કાવી, નવસારી વગેરે નામો સમજાય તેવાં છે પરંતુ કેટલાંક નામોનો પત્તો નથી. આબુ, વગેરેને માટે અટકળ કરીને મેકગ્રીન્ડલ વગેરે લેખકો જે નામો બેસાડવા માંગે છે તેને માટે ખાત્રીવાળા આધાર મળતા નથી. આ પત્તો ન લાગતાં નામો માટે અહીં ચર્ચા કરવી અસ્થાને છે.

ગ્રીક લેખકોના ઉલ્લેખો, વરાહમિહિરના ઉલ્લેખો, અને પુરાણોના ઉલ્લેખોને આપણે લગભગ એક સમયના ગણી શકીએ. જો કે એમાંનાં કેટલાંક નામ ઘણા પ્રાચીન સમયથી ચાલ્યાં આવેલાં છે તે ઉપર જોયું. ૮રાજશેખર એની કાવ્યમીમાંસામાં આ સમયથી લગ-

---

૮. કચ્છ, સુરાષ્ટ્ર, અનૂપ, પિશાચ, માલવ, સિંધુ, સૌવીર અને સાલ્વ એ દેશો; અને આનર્ત, બર્બર, મહીનગર, માહિષ્મતી, અને વલભી એ શહેરોનાં નામો પાણિનિના ગણ પાઠમાં મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગ છ થી આઠ સદીઓ પછી લખે છે. આમ છતાં પણ એના લખાણમાં પુરાણનાં નામોની છાયા ગઈ નથી અને કેટલાંક નામો એના પોતાના સમયનાં છે. રુદ્રદામાના લેખના ઉલ્લેખો પણ રાજશેખરના પહેલાંના, ઉપર કહ્યો તે સમયના ગણી શકાય.

ગૂજરાતના સાંસ્કારિક વ્યક્તિત્વમાં હાલના ગૂજરાતની બહારના થોડા ભાગ પણ આવે છે

આ બધા ઉપરથી એમ સમજાય છે કે આપણા સાંસ્કારિક વ્યક્તિત્વની દૃષ્ટિએ, આપણા પ્રાંતનું ગૂજરાત નામ પડ્યું તે પહેલાં, જે જે ભૂમિવિભાગોએ એ વ્યક્તિત્વને ઘડવામાં ભાગ ભજવ્યો છે, તે ભૂમિવિભાગો ગૂજરાતની હાલની પરિસીમાની બહાર પણ હતા. હાલની પરિસીમા છેવટની તો મોગલ સમયમાં નક્કી થઈ છે તે આગળ જોઈશું. એટલે હાલ પશ્ચિમ હિંદના જે ભાગમાં અસલથી ગૂજરાતનું સાંસ્કારિક વ્યક્તિત્વ ઘડાયું છે અને અને જેને ભારતવર્ષના પશ્ચિમ વિભાગ તરીકે પુરાણો અને તે સમયના બીજા લેખકો ગણતા આવ્યા છે તે ભાગની ભૂગોળ ટૂંકામાં જોવાની જરૂર છે. આ દાષ્ટએ હાલના ગૂજરાત ઉપરાંત, કચ્છ, સિંધનો દક્ષિણ ભાગ, મારવાડ, મેવાડ અને પશ્ચિમ માળવાના કેટલાક ભાગનો આપણા વર્ણનમાં સમાવેશ કરવો જોઇએ.

પૌરાણિક સમયનાં સ્થળો

સુરાષ્ટ્ર અને આનર્તનાં નામો ઘણાં પ્રાચીન છે. અને એ બન્ને નામો એવી રીતે વપરાયાં છે કે સીમાઓ નક્કી કરવી મુશ્કેલ છે તે આગળ જોયું. આનર્ત નામ પાછળથી જણાતું નથી અને લાટ નામ દાખલ થાય છે તે બાબત આગળ જોઈશું. એટલા જ પ્રાચીન સમયમાં વલભીને શહેર, બંદર અને એક દેશ તરીકે જોવામાં આવે છે[૯]

૯. વલભી ઘણું પ્રાચીન છતાં ગ્રીક કે આરબ લેખકો એનું નામ નથી લખતા પરંતુ કોઇ બીજા ન સમજાય તેવા નામે એ લોકે આ પ્રસિદ્ધ શહેરનો ઉલ્લેખ કરેલો હોવો જોઇએ. રાજશેખરે પણ એનો ઉલ્લેખ નથી કર્યો જ્યારે યવનચંગ ચીનાએ એનું ભરૂચ, સોરઠ, માળવા, ગુર્જર–ભિન્નમાલ કચ્છ, આનંદપુર, વગેરેની સાથે ખાસ વર્ણન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખંભાત પણ એટલું જ પ્રાચીન છે.[૧૦] ભરૂચ અને સોપારા પણ એટલું જ પ્રાચીન છે. પાતાળના ઉલ્લેખો ગ્રીક લેખકો કરે છે અને તેનું સ્થળ વિદ્વાનો સિંધમાં માને છે. પરંતુ તેને માટે ખાત્રી થતી નથી. એ સ્થળ કચ્છના સમુદ્રની આસપાસ લુપ્ત થયું હોય એમ લાગે છે. આપણા દેશી લેખકો આ સ્થળને માટે ભારે મૌન સેવે છે. મારવાડ ગણાવતાં છતાં અર્બુદ અને પુષ્કર ને ગણાવવાં, સૌરાષ્ટ્ર ગણાવતાં છતાં વલભી, વડવામુખ, ગિરિનગર, બર્બર, આભીર વગેરે ગણાવવાં, એ રીત એક મોટા વિભાગની અંદરના નાના વિભાગોને જુદા દેશો તરીકે ગણાવવાની છે. પુરાણો અને વરાહમિહિર આપણા ભૂમિ-વિભાગને ભરતખંડની નૈર્ઋત્યમાં કહે છે. અને પશ્ચિમ દિશાના દેશો અને પશ્ચિમની સરહદ, આ બધા પ્રાચીન લેખકો નક્કી કરતા નથી એ હિંદુસ્તાનની પ્રાચીન ભૂગોળની એક વિચિત્રતા છે. આ લેખકો પંજાબ વગેરેને જ પશ્ચિમમાં ગણે છે અને વરાહમિહિર તો થોડા દેશ ગણાવીને પછી પશ્ચિમમાં નિર્મર્યાદ મ્લેચ્છો વસે છે એટલું કહી સૌથી ટૂંકું વર્ણન પશ્ચિમ સીમાનું આપે છે. આમ આપણે હાલ આપણા પ્રાંતને પશ્ચિમમાં ગણીએ છીએ છતાં પૌરાણિક ભૂગોલકાર તો નૈર્ઋત્યમાં જ ગણે છે, અને તેમાં ઉપર જણાવ્યા તે દેશો જણાવે છે. વરાહમિહિર વધારામાં કાંબોજ, પહ્લવ, વગેરે સિંધની પશ્ચિમોત્તરના દેશો પણ લખે છે. લગભગ બધા જ લેખકો સિંધુ સૌવીરને આપણા વર્ણનના વિભાગમાં જ ગણે છે.[૧૧]

---

૧૦. ખંભાતનું નામ તામ્રલિપ્તિ (બંગમતું નામ તામલુક નહિ) મહીનગર અને સ્કંભતીર્થ પ્રાચીન નામો છે. જુઓ ખંભાતનો ઇતિહાસ.

૧૧ સ્થળોનું બેવડાપણું, અને દિશાઓની સમજફેર દરેક પ્રાચીન લેખક વ્યક્ત કરે છે તેથી ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે. યવનચંગ ચીનાએ લખેલી દિશામાં ઘણો ગોટાળો છે. વરાહમિહિર જેવા પણ કેટલીક ભૂલો કરે છે. વરાહમિહિર સૌરાષ્ટ્રને એક જ અધ્યાયમાં એક જગ્યાએ બુધના આધિપત્ય નીચે અને બીજી જગ્યાએ શનિના આધિપત્ય નીચે મૂકે છે; અને તેથી દિશાઓમાં ફેર પડે છે. ખરી રીતે સૌરાષ્ટ્ર શનિના આધિપત્યમાં નૈર્ઋત્યમાં જ છે. સૌવીરને નક્કી કરવામાં પણ મુશ્કેલી જ છે. કનિંગહામ સૌવીરને બદરી અને ઇડર સાથે મેળવે છે તે ખરું નથી. સૌવીર મને તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજશેખરે કાવ્યમીમાંસામાં વર્ણવેલાં સ્થળો અને તેની ચર્ચા

રાજશેખર કાવ્યમીમાંસાના ગ્રંથમાં આ બધા ભાગોને નૈર્ઋત્યને બદલે આપણે માનીએ છીએ તેમ પશ્ચિમમાં મૂકે છે અને તેથી હિંદુસ્તાનના નવને બદલે પાંચ જ ભાગ પાડી, મધ્ય ભાગને તો જાણીતી વાત છે એમ કહી વર્ણનમાં ગણતા જ નથી. પશ્ચિમ વિભાગની નદીઓ અને પર્વતો પણ રાજશેખરની પેઠે બીજા પ્રાચીન ગ્રંથકારે ગણાવેલાં નથી. આપણા પ્રાંતની સંસ્કારિતાનો વિચાર કરવામાં રાજશેખરે આપેલાં ભૌગોલિક સ્થળોનો વિચાર મહત્ત્વનો છે તેથી ટૂંકામાં અહીં જોઇએ.[૧૨]

રાજશેખર પશ્ચિમ વિભાગની જે નદીઓ ગણાવે છે તે સંપૂર્ણ રીતે આપણા હાલના ગૂજરાતની જ નદીઓ છે. બીજા કોઈ લેખક અને પુરાણકાર કરતાં એ વધારે વ્યવસ્થિત રીતે આપેલી છે. સરસ્વતી, શ્વભ્રવતી, વાર્તઘ્ની (વાત્રક), મહી, અને હિડિંબા એટલી નદીઓ આપેલી છે. નર્મદા અને તાપી વગેરે નદીઓ એમના સમયમાં દક્ષિણ ભાગમાં ગણાતી. રુદ્રદામાના લેખમાં સાબરકાંઠાને માટે શ્વભ્રદેશ નામ પહેલું મળે છે તેમ સાબરમતીને માટે શ્વભ્રવતી એ સાચું નામ પહેલું રાજશેખરના ગ્રંથમાં મળે છે. તે પછી પુરાણોમાં અને બીજા સંસ્કૃત ગ્રંથોમાં સાભ્રમતી એવું બનાવટી નામ પડયું. હિડિંબા નદીનો આજે પત્તો લાગતો નથી, પરંતુ ક્રમ જોતાં મહી નદીની પછીની ઢાઢર નદી હોય અગર તો કાઠિયાવાડની કોઈ નદી હોય. એ જ પ્રમાણે પર્વતોની ગણતરી છેક ગોવર્ધનથી કરે છે.

કાઠિયાવાડ કચ્છ અને મારવાડની વચ્ચે કોઇ જગ્યાએ કચ્છના રણના પૂર્વના સમુદ્ર ઉપર હોય એમ જણાય છે. અને રાજશેખરે એનું નામ નથી આપ્યું એટલે એના સમયમાં એ નામ લુપ્ત થયું હોય. રાજશેખરનું ત્રવણ કદાચ એ જ હોય. કેટલાક સિંધના ઉત્તરમાં મુલતાન પાસે સૌવીરને મૂકે છે તે સયુક્તિક નથી.

૧૨ પુરાણ અને વરાહમિહિરના નવ વિભાગના ગોટાળા કરતાં રાજશેખરના પાંચ ભાગ વધારે સારા છે. પ્રાચીન ભૂગોળકારોએ પશ્ચિમની સરહદને નક્કી નથી કરી એ પશ્ચિમ તરફ મિશ્ર હિંદુ સંસ્કૃતિનો અમર્યાદ ફેલાવો બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવર્ધન, ગિરિનગર, દેવસભ, માલ્યશિખર અને અર્બુદ એટલા પર્વતો ગણાવેલા છે. એમાં દેવસભ અને માલ્યશિખરનો પત્તો લાગતો નથી. ગોવર્ધનથી ગણતરી કરી છે તે સૂચક છે, કારણ કે રાજશેખરના મધ્ય દેશથી પશ્ચિમ દેશને એ જુદો પાડે છે. તેની મર્યાદા મારવાડ અને મેવાડની ઉત્તર સુધી પહોંચે છે. આ પશ્ચિમ વિભાગના તેમણે લખેલા દેશો જોતાં આ વાત સમજાય તેમ છે. દેવસભથી પશ્ચિમનો દેશ તે પશ્ચિમ દેશ એમ કહેતાં એ વિભાગમાં દેવસભ, સુરાષ્ટ્ર, દશેરક, ત્રવણ, ભૃગુકચ્છ, કચ્છીય, આનર્ત, અર્બુદ, બ્રાહ્મણવાહ, અને યવન વગેરે દેશો ગણાવે છે.[૧૪] આમાં

---

૧૩. રાજશેખરે લખેલા પર્વતોમાં માલ્યશિખરનો પત્તો નથી. પારિયાત્ર પર્વતને કુલ પર્વતોમાં ગણેલો છે. કુમારીદ્વીપને જો આખો હિંદુસ્તાન ગણીએ અને સ્કંદપુરાણ પ્રમાણે પશ્ચિમાર્હંદ ગણીએ તો પારિયાત્ર મધ્ય અને પશ્ચિમની સીમા બને છે. રાજશેખર પ્રમાણે પણ એ જ સીમા બને છે. પરંતુ પારિયાત્ર પશ્ચિમ વિભાગની ખરી મોટી પર્વતમાળા છે. હાલ આપણે એને અરવલ્લી કહીએ છીએ. અરવલ્લી નામ આડી વળી અગર આડા વળા એટલે મારવાડ અને મેવાડની વચ્ચે પડેલો આડો વળો એ અર્થસૂચક સ્થાનિક નામનું અંગ્રેજોએ કરેલું ભ્રષ્ટ રૂપ છે. ખરું નામ પારિયાત્ર છે અને તેનો દક્ષિણ છેડો છેક વિંધ્યને અડે છે. નદીઓમાં બનાસ, લૂણી અને ચંબલને ગણાવી નથી. ચંબલ કદાચ મધ્ય દેશમાં ગણી હોય. સાબરમતીનું શ્વભ્રવતી એ સાચું નામ ભ્રષ્ટ થઈ સાભ્રમતી થતાં છેક પુરાણોમાં પણ ભ્રષ્ટ નામને ઉપજાવી કાઢવાનાં કારણો આપવાનો પ્રયત્ન થયો છે. હિડિંબા નદી મહી પછી આવતી ઢાઢર ગણવી કે કાઠિયાવાડની નદી ગણવી તે શંકા ઊભી જ રહે છે. મહી અને ઢાઢરની વચ્ચે એક હડપ નામની નાની નદી આ નામનું ભ્રષ્ટ રૂપ હોય તે પણ ચોક્કસ કહેવાય તેમ નથી. દેશોમાં દેવસભથી શરૂઆત કરી છે. તે શહેર અને પર્વતનું એક જ નામ ગિરિનગરની પેઠે છે. એને દેવાસ સાથે બેસાડવાનો એક વિદ્વાને પ્રયત્ન કર્યો છે. પરંતુ ઉજ્જન પાસે આવેલું આ ગામ પ્રાચીન દેવસભ હોય એમ બરાબર ખાત્રી થતી નથી. દેવસભનું રક્તચંદન ઇ. સ. પૂર્વેના સમયથી પ્રસિદ્ધ છે. દેવાસ કહેનારા વિદ્વાનને એ બાબત શંકાતું સમાધાન થયું નથી. નામસાદૃશ્ય ન હોવા છતાં વર્ણન ઉપરથી મને ચિત્તોડના ડુંગરની પાસે આવેલી મધ્યમિકા નગરી દેવસભ હોય એમ લાગે છે. એનું નામ એ મધ્ય દેશની અને પશ્ચિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવસભ અને ત્રવણનો પત્તો લાગતો નથી. બ્રાહ્મણવાહ, અને યવન

દેશની સીમા ઉપર છે એ બતાવે છે. દેવસભ જનપદ એટલે દેશ પણ છે, તેમ વરાહમિહિર પ્રમાણે માધ્યમિકા એ શબ્દ પણ દેશસૂચક છે. પુરાણો પ્રમાણે અર્બુદારણ્ય એટલે અરવલ્લીનો મેવાડનો ભાગ-માં ચંદન-નાં વન હતાં એવા ઉલ્લેખ મળે છે. જો કે તે રક્તચંદન છે એમ નક્કી નથી થતું. આ શહેર એક વખત સંસ્કારિતાનું કેન્દ્ર પણ હોવાનું જણાય છે. કથાસરિત્સાગરની વાતોમાં તેનું નામ આવે છે, અને તે દેવસભ નામથી આવે છે. મોટાં શહેરોનાં નામથી કે દેશનાં નામથી જેમ રાગનાં નામો પડેલાં છે તેમ માધ્યમિકા નામના રાગનું નામ પણ દક્ષિણમાં શોધાયેલા એક સંગીતના ગ્રંથમાં મળ્યું છે. ગોવર્ધન અને દશેરક-(મારવાડ)ને પશ્ચિમ દેશમાં રાજશેખર મૂકે છે અને અર્બુદને મૂકે છે તો તે બધાની વચ્ચે આવેલું આ સ્થળ દેવસભ હોય અને તે મેવાડનું કે તેના એક ભાગનું જૂનું નામ હોય એમ મને લાગે છે. નંદલાલ દે એમના ભૌગોલિક કોશમાં દશેરકને માળવા કહે છે તે ભૂલ છે. 'મરવસ્તુ દશેરકાઃ' એમ અભિધાનચિંતામણિ સ્પષ્ટ કહે છે. અહીં વરાહમિહિરના દેશો સરખાવવા જેવા છે. આ પશ્ચિમ વિભાગને નૈર્ઋત્ય વિભાગ કહેતાં એ લખે છે કે તેમાં પહ્લવ, કંબોજ, સિંધુસૌવીર, વડવામુખ, કપિલ, નારીમુખ, આનર્ત, યવન માકર, પારશવ, શૂદ્ર, બર્બર, કિરાત, આભીર, સિંધુકાલક, રૈવતક, સુરાષ્ટ્ર, બાદર, દ્રવિડ, અને તે પછી મહાર્ણવ આમ લખે છે. કેટલાંક નામ વિચિત્ર જણાય છે જેનો પત્તો નથી. કેટલાંક વધુ વિચિત્ર છોડી દીધાં છે. રૈવત-ગિરનાર-અને સુરાષ્ટ્ર સાથે ગણાવે છે તે ગિરિનગરને સુરાષ્ટ્ર બીજાઓ સાથે ગણાવે છે એ સૂચક છે. એ જ અધ્યાય-માં ગિરિનગર કચ્છ અને આભીર એ દેશો દક્ષિણમાં પણ ગણાવ્યા છે, એ વિચિત્રતામાં વધારો કરે છે. જ્યારે દ્રવિડ નૈર્ઋત્યમાં કહે છે. બાદર દેશ અહીં કહેલો છે એને કનિંગહામ સૌવીરનું નામ ગણીને ઇડર સાથે સંબંધ બેસાડે છે, તે પણ નિરાધાર જણાય છે. યવનચંગ ચીનો દિશાઓનો ગોટાળો કરતાં એક અતલી અગર અચલી (ATALI) નામે દેશ કહે છે. જેનો પત્તો લાગતો નથી. પરંતુ વર્ણન ઉપરથી ખંભાતના અખાતની ઉપરનો અને આસપાસનો ખેડા અને અમદાવાદ જિલ્લાનો ભાગ કદાચ હોય અને એ નામ આશાપલ્લીનું ભ્રષ્ટ રૂપ પણ હોય. આશાપલ્લી શહેર ઘણું પ્રાચીન છે. જો કે આ અનુમાનને હજી ઘણા આધારની જરૂર છે. મધ્ય દેશમાં વરાહમિહિર યામુન, સારસ્વત, માધ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંદિગ્ધ રીતે સમજાય તેવા છે. બ્રાહ્મણવાહ દક્ષિણ સિંધનું બ્રાહ્મણાબાદ અથવા બહમનાબાદ નગર છે તેથી તે દેશ દક્ષિણસિંધ હોવાનું સમજાય. યવન દેશ કાઠિયાવાડનો કોઈ પશ્ચિમ ભાગ હોય તેમ લાગે છે જ્યાં ગ્રીક લોકોનું થાણું હોવાની પરંપરા રાજશેખરને જણાઈ હોય. ત્રવણ દેશ તે સુરાષ્ટ્ર અને દશેરક એટલે મારવાડની વચ્ચેનો કોઈ ભાગ હોય એમ સમજાય છે, કારણ કે મારવાડ, ત્રવણ અને સુરાષ્ટ્રની ભાષા અપભ્રંશ છે એમ એ પોતે જ એક જગ્યાએ લખે છે. દેવસભ માટે વિદ્વાનોએ કોઈ કોઈ અનુમાન કરેલાં છે. તેમાં એક વિદ્વાનને માળવામાં આવેલું દેવાસ અવાજ–સાદૃશ્ય અને વર્ણનના થોડા મળતાપણાથી દેવસભ હોવું જોઇએ એમ લાગે છે. પરંતુ મેવાડના ઉત્તર ભાગમાં આવેલી મધ્યમમિકા નગરી, આ નામનું મળતાપણું ન હોવા છતાં પણ વધારે બંધ બેસે તેમ લાગે છે. સંસ્કૃતિના ઇતિહાસના આ ગ્રંથમાં ભૂગોળની ઝીણી ચર્ચાને સ્થાન નથી તેથી અહીં એ ચર્ચામાં ઊતરવું યોગ્ય નથી.

લાટ દેશ અને તેની ચર્ચા

અહીં હવે લાટ દેશ સંબંધી કાંઈ કહેવું જોઇએ. રાજશેખર એમના ગ્રંથમાં લાટ દેશ, લાટના લોક, તેમની ભાષા વગેરેના ઉલ્લેખો કરે છે, છતાં તેમના પશ્ચિમ દેશના કે દક્ષિણના વર્ણનમાં લાટનું નામ ગણાવતા નથી એ બહુ સૂચક છે. એ નામ આજે પણ અદૃશ્ય થવા છતાં એનું સૂચન તો અદૃશ્ય થયું નથી. ગૂજરાતના

મિકા, પારિયાત્રનગ વગેરે કહે છે, પરંતુ સારસ્વત સાલ્વ દેશની પૂર્વે હોય તો જ મધ્ય દેશમાં ગણાય. મને તો એ પુષ્કરની સમીપનો કોઇ દેશ લાગે છે અને તેને પશ્ચિમમાં ગણવો જોઇએ. મત્સ્ય દેશ અને વિરાટનગરી જયપુરની લગભગમાં નક્કી થઇ છે. ધોળકાને વિરાટનગરી ગણીને ગૌરવ લેવાનું ગૂજરાતીઓએ હવે છોડી દેવું જોઇએ. પશ્ચિમ વિભાગમાં વિષ્ણુપુરાણ અપરાંત, સુરાષ્ટ્ર, શૂર, આભીર, અર્બુદ, કારૂષ, માલવ, સૌવીર, સિંધુ, હૂણ, સાલ્વ, શાકલ, એટલા દેશ ગણાવે છે. સાલ્વની રાજધાની મૃત્તિકાવતીને આપણા ભૂવિભાગમાં કેટલાક ગણે છે તે પણ બરોબર નથી. આ બધા માટે વિસ્તૃત અને વાદગ્રસ્ત ચર્ચા કરતાં ઘણું લંબાણ થાય તેમ છે તે અહીં અસ્થાને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંસ્કૃતિક ઇતિહાસમાં લાટના ઉલ્લેખ બહુ જ રસમય છે. પ્રાચીન ધાર્મિક સંસ્કૃત સાહિત્યમાં લાટના ઉલ્લેખ ન હોવાથી આડકતરી રીતે તેના ઉલ્લેખ કરવા છતાં ભૂગોલવર્ણનમાં પુરાણોની પેઠે રાજશેખર પણ લાટને ગણતાં ડરતા લાગે છે. પરદેશી લેખકો તો વાત્સ્યાયન કામસૂત્રથી પણ પહેલાંના સમયથી લાટના ઉલ્લેખો કરે છે. હાસ્યરસમાં લાટી ભાષા સારી છે, લાટના લોકો રસિક છે વગેરે ઉલ્લેખો પ્રાચીન સમયના મળે છે તે ગુણો આજે પણ લાટના-દક્ષિણ ગૂજરાતના લોકોના કાયમ રહેલા છે. લાટના લોક સંસ્કૃતનો દ્વેષ કરે છે અને પ્રાકૃતને સેવે છે એમ તો રાજશેખર પણ કહે છે. આ લાટ દેશની ભાષા જુદી હતી ? અને તેમ હોય તો ભૂતભાષા-પૈશાચી ભાષાની પેઠે તે ક્યારે અને શાથી અદશ્ય થઈ તે તો ભાષાશાસ્ત્રીઓ કહે ત્યારે. પરંતુ સુરાષ્ટ્રથી મારવાડ-જેમાં પ્રાચીન ગૂજરાતનો સમાવેશ થાય છે-સુધીના ભાગમાં અપભ્રંશ, લાટમાં લાટી અગર કોઈ જાતની પ્રાકૃત, અને આ બન્નેની પૂર્વના ભાગમાં ભૂતભાષા અગર પૈશાચી, એટલી વાત મહત્ત્વની છે; અને એ બધા ભાગોમાં આજે ગૂજરાતી અને મારવાડી (પૂર્વ વિભાગમાં ગૂજરાતી મારવાડીના મિશ્રણ જેવી (માળવી) એ બે ભાષાઓ આ બધા ભાગનું સાંસ્કૃતિક એકત્વ સિદ્ધ કરે છે. ૧૪

---

૧૪ લાટને માટે અનેક અનુમાનો વિદ્વાનોએ કરેલાં છે. રાષ્ટ્રનું લાટ થયું એ તો હવે કેટલાક માનતા નથી તે બરોબર છે. ગૂજરાત શબ્દમાં જ ગુર્જર અને લાટનું ગૂજરાત થયું એ મત પણ ખરો નથી જણાતો. લાટના "ટ" નો "ત" કેમ થયો એમ એક વિદ્વાને શંકા કરેલી અને તેના દાખલામાં આખી ભાષામાં કોટરનું કોતર થયું છે તે સિવાય બીજો દાખલો નથી એમ કહેલું યાદ છે. પરંતુ પૈશાચી ભાષામાં એમ થાય છે એમ બીજા વિદ્વાનનો મત થયો. તે ગમે તેમ હોય પરંતુ ગૂજરાત શબ્દમાં લાટ જોડાયું નથી એ તો સ્પષ્ટ છે. લાટનામ પરદેશીઓએ વાપરેલું છે તેથી કે અવૈદિક ગણાતા શૈવ સંપ્રદાય સાથે તેનો સંબંધ હોય તેથી કે ગમે તે કારણને લીધે પરદેશીઓ અને ધાર્મિક વિષયોના સંબંધ વગરના લેખકો જ એ નામ વાપરે છે. એ નામની ઉત્પત્તિનાં અનેક અનુમાનો ભેગું એક અનુમાન મેં ખંભાતના ઇતિહાસના પહેલા પરિશિષ્ટમાં ચર્ચેલું છે અને એમાં શિવલિંગના સંપ્રદાય સાથે સંબંધથી એ નામ પડયું હોય એમ બતાવતી ચર્ચા કરી છે. વધુ રસ હોય તેમણે તે જોવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાટ દેશની સીમા વખતોવખત બદલાયા કરી છે. વાત્સ્યાયન સૂત્રનો ટીકાકાર જયમંગલ માળવાની પશ્ચિમે અપરમાલવ (ડુંગરપુર, વાંસવાડા, દાહોદ વગેરે ભાગ) અને એની પશ્ચિમે લાટ દેશ એમ કહે છે. નર્મદાની દક્ષિણે દક્ષિણાપથ કહે છે, જ્યારે છેક ખેડાથી સૂરત સુધી પણ એક વખત લાટની હદ ગણાઈ છે. મંજુશ્રી-મૂલકલ્પમાં ઉજ્જનથી પશ્ચિમના આખા સમુદ્રકિનારાના દેશને લાટ દેશ કહેલો છે. સૂરતના કિનારાને અપરાંત અને અનૂપને નામે પણ પ્રાચીન ઉલ્લેખ મળે છે. લાટ નામ લોકાચારમાં અને પરદેશીઓએ વધારે વાપરેલું છે અને ધાર્મિક પ્રાચીન સાહિત્યમાં નથી એ બહુ જ સૂચક છે. પરદેશીઓ તો એક વખત અરબીસમુદ્રને પણ લાટનો સમુદ્ર કહેતા હતા. ફારસીમાં લાટને લાર લખે છે. આ લાર દેશમાં નર્મદા-ને કિનારે કાયાવરોહણ (કારાવણ) ગામમાં આદ્ય પાશુપતાચાર્ય લકુલીશનો અવતાર થયો હતો એમ શૈવો માને છે; અને આખા શૈવ સંપ્રદાયની નહિ તો શૈવસંપ્રદાયની મુખ્ય શાખા તરીકે પાશુપત સંપ્રદાયની ઉત્પત્તિ લાટમાં આપણા પ્રાંતમાં થઇ ત્યાંથી ચારે બાજૂ પ્રસરી એ બનાવ આપણા સાંસ્કૃતિક ઇતિહાસમાં ઘણો મહત્ત્વનો છે.[૧૫]

પુરાણો અને બીજા પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો, ગ્રીક વગેરે પરદેશીઓ અને ઉત્કીર્ણ લેખો વગેરેમાં આવેલાં પ્રાચીન સ્થળો ઘણાં છે, ઘણાનો પત્તો લાગ્યો નથી અને ઘણાં આજે ઓળખાય છે, એ બધાંની યાદી આપવાનો આ પ્રસંગ નથી. જરૂરી સ્થળોનો નિર્દેશ યથાસ્થાને કરીશું. અરબ મુસાફરોના ઉલ્લેખોમાં દેશી નામો વિચિત્ર રીતે લખેલાં છે તે સિવાય કાંઈ નવું નથી. પરંતુ આગળ યથાસ્થાને એની નોંધ પણ લઈશું. બીજી મહત્ત્વની વાત એ છે કે ગૂજરાત નામ શાથી અને કયારે પડયું, એ બાબતમાં વિદ્વાનોએ ઘણી ચર્ચા કરેલી છે અને તે પણ યથાસ્થાને જરૂર પૂરતી જોઈશું. અહીં માત્ર જે સ્થળોએ પ્રાચીનકાળમાં–ગૂજરાત નામ પડતા પહેલાં–એની સંસ્કારિતા ઘડવામાં ભાગ ભજવ્યો તેની ટૂંકામાં નોંધ લીધી છે.[૧૬]

---

૧૫. આ બાબત પણ ખંભાતના ઇતિહાસમાં આધારો બતાવીને ચર્ચી છે.

૧૬. વિનયચંદ્રની કાવ્યશિક્ષામાં કેટલાંક ભૌગોલિક સ્થળો આપેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાજિક ઘડતરમાં ભૌગોલિક સ્થળોએ ભજવેલો ભાગ

ગૂજરાતનાં ભૌગોલિક સ્થળોએ ગૂજરાતી સંસ્કારિતામાં ખાસ કરીને સામાજિક બાબતમાં એક અગત્યનો ભાગ ભજવ્યો છે તે અહીં

છે, તે ગૂજરાત નામ પડયા પછીનાં છે છતાં પૌરાણિક આધારથી બનેલાં છે. તેમાં દરેક સ્થળની સાથે સંખ્યાઓ આપેલી છે અને તે શેની સંખ્યા છે તે જણાવેલું નથી. પરંતુ કદાચ તે ગામોની સંખ્યા હોય એમ લાગે છે. આ સંખ્યા પણ ગપાટા જેવી જણાય છે. છતાં ગૂજરાતનાં કેટલાંક સ્થળોનાં નામો રસમય હોવાથી અને ઉપર કહ્યું તે સમયનાં ઘણાં નામો હોવાથી અહીં આપવાં યોગ્ય લાગે છેઃ–કુલ ભારતના ચોવીસ દેશો કહે છે તેમાં પશ્ચિમમાં આ પ્રમાણે છેઃ–માલવ, લોહિત, પશ્ચિમ કાછ, વાલભ, સૌરાષ્ટ્ર, કંકણ, લાટ, શ્રીમાલ, અર્બુદ, મેદપાટ, મરુ, વરેન્દ્ર, યમુના, એટલા કહે છે અને વચ્ચે બીજી દિશાના કહી વળી અવંતી, કિરાત, સૌવીર, ગુર્જર, વગેરે કહે છે. આમાં માળવા અને અવંતી, સૌરાષ્ટ્ર અને વાલભ, શ્રીમાલ અને અર્બુદ વગેરે લગભગ એક જ ભૂમિવિભાગ જુદા તરીકે લીધા છે. ગુર્જર દેશને ઉત્તરાપથ અને સિંધુની વચ્ચે લખ્યો છે અને ક્રમ વિચિત્ર છે, છતાં જો ક્રમમાં લખ્યા છે એમ માનીએ તો આ ગુર્જર દેશ તે પંજાબનો વિભાગ માનવો કે રાજપુતાનાનો અસલ ગુર્જર દેશ માનવો તે સમજાય તેવું નથી. આભીર દેશને મહારાષ્ટ્ર અને નર્મદા તટ સાથે દક્ષિણાપથમાં ગણાવ્યો છે.

એ પછી પશ્ચિમ દેશની વીગત આપે છે તે પણ રસમય છે. હિરુયાણી વગેરે (હીરવાણી ?) ૬; પત્તન વગેરે (પાટણ) ૧૨; માતર વગેરે ૨૪; વડ્ર વગેરે ૩૬; (આ વડ્ર નામનાં ગૂજરાતમાં બે ગામ છે તેમાં કયું ?) ભાલિજ્જ (ભાલેજ) વગેરે ૪૦; હર્ષપુર (હરસોલ ?) વગેરે ૫૨; શ્રીનાર વગેરે ૫૬ (પેટલાદ પાસેનું નાર કે શ્રીનગર ?); જંબુસર વગેરે ૬૦ (ભરૂચને કેમ છોડી દીધું હશે તે સમજાય તેવું નથી); પડવાણ (વઢવાણ ?) વગેરે ૭૬ (જૂનું નામ વર્ધમાન કેમ ન લખ્યું ? અગર બીજું કોઈ ગામ હોય ?); દર્ભાવતી (ડભોઈ) વગેરે ૮૪; પેટલાપદ્ર (પેટલાદ) વગેરે ૧૦૪ (શું આ ચરોતરનું મુખ્ય ગામ હશે ?); ષદ્દિરાલુકા વગેરે (ખેરાલુ ?) ૧૧૦; ભોગપુર વગેરે ૧૧૬ (આ ગામ પ્રબંધચિંતામણિમાં પણ આવે છે. ખંભાતથી માળવા જતાં આવે તેમ જણાય છે પરંતુ મને તેનો પત્તો લાગ્યો નથી.); ધવલક્કક (ધોળકા) વગેરે ૫૦૦; માહડવાસ વગેરે ૪૦૦ (આ મ્હેવાસ હશે કે બીજું અને તેની સંખ્યા એ કાંઇ સ્પષ્ટ થતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલવું ન જોઈએ. જોકે એનું પરિણામ સારું કે ખોટું છે તે ચર્ચા અહીં અસ્થાને છે. આ વાત ગૂજરાતની જ્ઞાતિઓને લગતી છે. લોકોને લીધે સ્થળોનાં નામ કે સ્થળોને લીધે લોકનાં નામ હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએ મળે છે, પણ ગૂજરાતમાં એની વિશેષતા જરા વિચિત્ર હદ સુધી ગયેલી છે. ઘણી જ્ઞાતિઓ–ખાસ કરીને ઉચ્ચ વર્ણોની જ્ઞાતિઓ અને તેની ઉપજ્ઞાતિઓનાં નામો ભૌગોલિક સ્થળોને લીધે પડેલાં છે. નાગર, મોઢ, શ્રીમાળી, વગેરે બ્રાહ્મણ વાણિયાની અનેક નાતોનાં નામો પ્રાચીન ભૌગોલિક સ્થળોને લીધે પડેલાં છે. લાટના લાડ વાણિયા ઉપરાંત શ્રીમાળીઓમાં જે લાટમાં ગયા તે લાડુઆ શ્રીમાળી ગણાય છે. ગામોનાં નામો ઉપરથી પડેલાં જ્ઞાતિઓનાં નામો અસંખ્ય છે અને તેના ઇતિહાસ પ્રાચીન અને રસમય છે. ઘણાં પ્રાચીન સ્થળોને ચાર યુગનાં ચાર જુદાં નામો આપી પૌરાણિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. દરેક નામના બ્રાહ્મણ અને તે નામના વાણિયા મળે છે. માત્ર અપવાદ એટલો જ છે કે ખેડાવાળ બ્રાહ્મણ છે ને વાણિયા

નથી.); કોંકણ (કોકણ) વગેરે ૧૪૧૪; ચંદ્રાવતી વગેરે ૧૮૦૦ (આબુ પાસેનું ચંદ્રાવતી); મહીતટમ્ (મહીકાંઠો) ૨૨૦૦; સુરાષ્ટ્ર ૯૦૦૦; લાટ દેશ ૨૧૦૦૦; ગુર્જર દેશ અને પારત ૭૦૦૦૦ (આ ગુર્જર દેશ ઉપર કહ્યું તેમ મારવાડથી પંજાબ સુધીનો હોય તો નવાઇ નથી. પારત અગર પારદ દેશ તેની પશ્ચિમનો કોઇ દેશ છે); બ્રાહ્મણપાટક (બ્રાહ્મણવાહ–બહમનાબાદ–સિંધ) ૩૫૦૦૦૦ (આ રકમને અહૂડ લક્ષાણિ કહે છે. અહૂડ એ ઉઠાનું રૂપાંતર છે એટલે સાડાત્રણ.); ડાહલ (ત્રૈપુર–ચેદી મધ્ય હિંદ) ૯૦૦૦૦૦; માળવા ૧૮૦૦૦૯૨; કાન્યકુબ્જ (કનોજ–મધ્યદેશ) ૨૬૦૦૦૦૦; આટલું લખીને अनंतरं उत्तरापथं दक्षिणापथं चेति.–આની પછી ઉત્તરાપથ અને દક્ષિણાપથ–એમ લખે છે. આમાં પશ્ચિમ ઉપરાંત મધ્ય-હિંદનો સમાવેશ પણ કર્યો લાગે છે. સંખ્યા ભાટચારણોની અતિશયોક્તિ-ને પણ વટાવી જાય તેવી જણાય છે. પરંતુ ગૂજરાતનાં ગામો જેમાંનાં ઘણાં ખરાં આજે પણ જડે છે તેમની સંખ્યા તે તે તાલુકાનાં ગામોની સંખ્યા હોય એવું ખરું સમજાય છે. જો કે શરૂઆતનાં છ બાર વગેરે સમજાય તેમ નથી. લેખકને પાટણથી ચરોતર વગેરે મધ્ય ગૂજરાતની માહિતી ઠીક જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી.૧૭ અને લાડ વાણિયા છે ને બ્રાહ્મણ નથી. આમ અનેક જ્ઞાતિઓ એક વખત સગવડરૂપ હતી તે આજે બંધનરૂપ છે.

પ્રકરણ બીજું

પ્રાગૈતિહાસિક સમય

પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક સમય

હિંદુસ્તાનના ઇતિહાસમાં હવે એવો સમય આવવા લાગ્યો છે કે ગયા જમાનાના ઇતિહાસલેખકો જ્યારથી પ્રાચીન ઐતિહાસિક સમયની શરૂઆત કરતા ત્યાં હવે તે ઐતિહાસિક સમયનો છેડો હોય. પુરાણો કેવળ ગપાટા નથી એવું હવે સાબિત થવા માંડયું છે, અને પુરાણોની કેટલીક હકીકત છેક વૈદિક સમયની કે તેથી પણ પ્રાચીન છે, અને વૈદિક સમય પણ સામાન્ય માન્યતાથી ઘણો પ્રાચીન ઠરતો આવ્યો છે, એટલે તે આધારે પ્રાચીન ઇતિહાસને પણ દૂર દૂરના ભૂતકાળમાં જોવાની રીત કડક ઇતિહાસકારોને પણ વધતે ઓછે અંશે સ્વીકારવી પડે છે. આ બાબતમાં પદ્ધતિસરનો પ્રતિષ્ઠિત અભિપ્રાય આપવાનું માન પાર્જિટરને ઘટે છે.

અસુર જાતિ

એટલે હવે અસુરો કે રાક્ષસો એ આપણા જેવા માણસો જ હતા, લાંબાં નાક ને વાઘ જેવા દાંતવાળા વિશિષ્ટ પ્રાણિ નહોતા. શ્રીકૃષ્ણ વગેરે યાદવો એ ભક્ત સભાના રંજન માટેની વાતો નહોતી પણ હિંદુસ્તાનની એક સમયની મહાવ્યક્તિ અને મહાજાતિ હતી. આ બધી વાતોને પ્રાગૈતિહાસિક ગણવી પડે છે એ આપણા ઇતિહાસની કમનસીબી છે. આ આખા વિષયને સંદિગ્ધ ગણવો પડે છે એ આપણા સમાજની ઇતિહાસવૃત્તિનું સનાતન દારિદ્ર્ય છે. આ વિષય સંદિગ્ધ છે છતાં ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં ઘણો મહત્ત્વનો છે. એ ઇતિહાસની ભૂમિકા એની ભૌગોલિક પરિસ્થિતિ

૧૭. માર્કોપોલો લાડ બ્રાહ્મણોનો ઉલ્લેખ કરે છે. તો ખેડાવાળ અને લાડનું ઐક્ય સંભવે ખરું? આમ માનવાને આધાર ખાસ નથી મળતો પણ સંભવ વિચારવા યોગ્ય છે તે આગળ જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એના પાયાની મજબૂત પૂરણી એ આ પ્રાગૈતિહાસિક અને સંદિગ્ધ ગણાતી પ્રાચીન પૌરાણિક અધૂરી પણ મહત્વની હકીકત છે. વધુ શોધ અને વધુ સમય જતાં એ ઇતિહાસ ઠરશે.

આર્યોએ અસુરોને જીતી પોતાની સંસ્કૃતિ તેમને આપી

વેદવારાનો દેવાસુરસંગ્રામ એ આર્યો અને અસુરોનો સંગ્રામ છે. અસુરો આર્યો કરતાં હિંદુસ્તાનમાં વધારે જૂની વસ્તી છે. શહેરોમાં રહેનારી, વેપાર ખેડનારી, સ્થાપત્યને ખીલવી જાણનારી દરિયો ખેડનારી એ પ્રજા છે. આર્યો ગાયોનાં ટોળાં લઈ ખેતી કરનારી પ્રજા છે. અનેક કારણોથી એ પ્રજાએ વિજેતા થઈ અસુરોને જીતી પોતાની સંસ્કૃતિ અને ધર્મ તેમના ઉપર બળજબરીથી નાંખી, હિંદના અસલ વતની દાસ લોકોને પણ એ પ્રમાણે જીતી, સેંકડો વર્ષના પ્રયાસે, આર્યોએ એક વિશિષ્ટ ઐક્યવાળી સંસ્કૃતિ ઊભી કરી. જે પછીથી આર્ય સંસ્કૃતિ કહેવાઈ અને આજે આપણે હિંદુ સંસ્કૃતિ કહીએ છીએ. આમાં હારેલા તરીકે અસુરો એક હીન પ્રાણિના જેવા નામશેષ થઈ ગયા. આજની મિશ્ર હિંદુ જાતિમાં હવે આર્ય, અસુર કે દાસને શોધવો એ નાસિકામાન જેવાં શાસ્ત્રોની એક માનસિક કસરત થઈ ગઈ.[1]

અસુરોની સંસ્કૃતિ વિશિષ્ટ હતી

આ અસુરોની સંસ્કૃતિ વિશિષ્ટ પ્રકારની હતી. વાણિજ્ય[2] અને સ્થાપત્ય,[3] વહાણવટું[4] અને વ્યાજવટું[5] એ એમની મુખ્ય પ્રવૃત્તિ

---

૧ અસુરો અને આર્યોની ચર્ચા કરતું એક પરિશિષ્ટ ખંભાતના ઇતિહાસમાં આપેલું છે. અસુરો એક જાતિ હતી એમ હજી ઘણા માનતા નથી. આર્ય અને દાસ એ બે જ જાતિ વૈદિક કાળમાં હતી એમ માને છે. પરંતુ એ એક જુદી જાતિ હતી એ બાબત કેટલાક આધાર સાથે એ પરિશિષ્ટમાં ચર્ચા કરી છે.

૨ વેદમાં કહેલા પાણિઓ અસુરો હતા એમનો વાણિજ્ય સાથેનો સંબંધ અને વણિજ શબ્દની ઉત્પત્તિ માટે એ પરિશિષ્ટ જોવું.

૩ અસુરો બાંધેલાં શહેરોમાં રહેતા અને મયદાનવ એમનો મોટો સ્થપતિ થઇ ગયો. મયસ્થાપત્ય એ ઐતિહાસિક સત્ય છે ગપાટો નથી એ હવે સાબિત થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એને લીધે આખા હિંદુસ્તાનમાં વસવાટ છતાં જળવટના મહા માર્ગો એમને તાબે હતા. પ્રાચીન હિંદમાં સિંધુ, સરસ્વતી, સતલજ અને યમુના મારફતે આખા ઉત્તર હિંદનો વહેવાર સીધો મહાસમુદ્ર સાથે ચાલતો હતો.[૬] આ ચારે પ્રવાહો સરસ્વતી નાશ પામતા પહેલાં, એટલે મહા જલપ્રલય પહેલાં સિંધ અને ગૂજરાતમાં થઇને વહેતા હતા. એટલે ગયા પ્રકરણમાં વર્ણવેલો સિંધ, મારવાડ, અને ગૂજરાતનો ભાગ આ જાતિઓના મુખ્ય વસવાટમાં હતો અને એ નદીઓનાં મુખ આગળ એમનાં મોટાં થાણાં-શહેરો હતાં.[૭] એટલે આ ભૂમિ વિભાગોની વાણિજ્યવૃત્તિ, સમુદ્રયાનની વૃત્તિ-જે એની સંસ્કારિતાનું આજ સુધી મુખ્ય અંગ છે-તેનો પાયો ઘણા પ્રાચીન

---

૪ અસુરોની નાગ નામની પેટા જાતિના હાથમાં અસુરોનું વહાણવટું હતું અને સમુદ્રના વેપારની લક્ષ્મીને લીધે અસુરો ખેતીની સંપત્તિવાળા આર્યોથી વધારે સમૃદ્ધ હતા. એ સંપત્તિને માટેની લડાઈ એ સમુદ્રમંથનનો અર્થ બેસે છે. અસુર જાતિનાં દૂષણો પણ હતાં. જિતાયા પછી આર્ય જાતિના સદ્ગુણો અસુરોએ ગ્રહણ કર્યા અને પોતાના સદ્ગુણો કાયમ રહેવા ઉપરાંત દુર્ગુણો-વિચિત્ર સામાજિક રીત રિવાજો-છોડી દેવા પડયા. આર્યોની લડાયક વૃત્તિ તો તેઓ ન લઈ શકયા, અને પોતાની ધનલાલસા ન છોડી શકયા. ધર્મની બાબતમાં મિશ્રણ થઇને સમાધાન થયું. દાસજાતિ વખતો વખત બન્ને સાથે લઢતી તે પણ મિશ્રણ થઇને પાછળના હિંદુ સમાજમાં મળી ગઇ, અને એ બધા ઉપર આર્યસંસ્કૃતિના નામની મહોર વાગી.

૫ અશ્વમેધ જેવા મોટા યજ્ઞના સમારંભમાં જે આખ્યાનો રોજ કહેવામાં આવતાં તેમાં સાતમા દિવસે અસુરોના પ્રતિનિધિ તરીકે વ્યાજવટું કરનારાઓને અસુરવિદ્યાનું શ્રવણ કરાવવામાં આવતું. એને માયાવેદ પણ કહેતા. કડક રીતે વ્યાજ લેનારા આજે પણ સામાન્ય પ્રજા અને ખેડૂતોના દુશ્મન જેવા ગણાય છે. ખેતીપ્રધાન આર્યો અસુરો તરફ ધૃણા બતાવે તેમાં ધર્મ ઉપરાંત આ પણ એક મુખ્ય કારણ હતું.

૬ આ નદીઓ મારવાડ, ગૂજરાત અને સિંધની ભૂમિમાંથી કેવી રીતે તે વહી સમુદ્રને મળતી અને કેવી રીતે નાશ પામી કે ફેરવાઈ ગઈ તે માટે ખંભાતના ઇતિહાસમાં સરસ્વતીના પ્રવાહનું પરિશિષ્ટ જોવું.

૭ આ થાણાંનાં વર્ણન માટે પણ ખંભાતના ઇતિહાસમાં પરિશિષ્ટો જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળથી દૃઢ થયો હતો. તેથી ઊલટું આર્યોની લડાયક વૃત્તિ બીજા પ્રાંતોને હિસાબે આ પશ્ચિમ ભાગમાં આજ સુધી ઓછી ખીલેલી જોવામાં આવે છે. આર્યોએ નસાડેલા અસુરો પાતાળ મારફતે કેટલાક ચાલ્યા ગયા અને કેટલાક આર્યસંસ્કૃતિમાં ઓતપ્રોત થઇ ગયા.[૮] આ મિશ્રણ પંજાબ અને કાસ્મીરનો થોડો ભાગ બાદ કરતાં બધે થયું છે છતાં જળવટના મુખ્ય વ્યવહારના સ્થળ તરીકે અને ભૌગોલિક પરિસ્થિતિના લાભથી હિંદના આ પશ્ચિમ વિભાગમાં આ પ્રાચીન વૃત્તિની અસર વધારે રહી ગઈ જણાય છે.

પ્રાગૈતિહાસિક પાટનગર કુશસ્થલી અથવા દ્વારકા

પુરાણો કહે છે કે વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તને ભારતનો નૈર્ઋત્ય ભાગ મળ્યો અને એના પુત્ર રૈવતે બાપના નામ ઉપરથી પડેલા આનર્ત દેશમાં[૯] કુશસ્થલીમાં રાજધાની કરી.

---

૮ કેટલાક દ્રાવિડ દેશમાં મલબાર વગેરેમાં ચાલ્યા ગયા અને કેટલાક હિંદી મહાસાગરના દ્વિપોમાં ગયા. આર્યોની મહોર છાપવાળી જાતિ એક હિંદુ જાતિ થઇ. એ મિશ્રણ વાળી–composite–સંસ્કૃતિ બની. અત્યારે અસુર સંસ્કૃતિ એમ કહેતાં પણ અસુર મિશ્રણવાળા કહેવાતા આર્યને મહાન હાનિ લાગે છે! પાતાળ એટલે સિંધનું પાતાળ બંદર અને તેની પાસેનાં બંદરો.

૯ આમ સૌરાષ્ટ્રના કેન્દ્રને જ આનર્ત નામ એક વખત હતું. આનર્ત મનુવંશનો આર્ય ઠરે છે, પરંતુ અનૃત એટલે ઋત–વેદના સત્ય યજ્ઞ ધર્મને ન માનનારા દસ્યુ લોકોનો દેશ માટે ઉત્તરના આર્યોને મન આનર્ત દેશ, એમ ડૉ. આનંદશંકરભાઈ માને છે, અને ઇતિહાસને એ અર્થ વધારે અનુકૂળ પણ છે. દસ્યુને બદલે અસુર ગણવાથી વળી વધારે અનુકૂળ થાય છે. પરંતુ હજુ એ વાત વાદગ્રસ્ત છે. અને કોઇ પુરાણનો ટેકો એને નથી. આનર્તપુર એટલે વડનગર એ સમયનું પ્રાચીન શહેર એમ શ્રી. રસિકલાલભાઇ એમના કાવ્યાનુશાસનમાં આપેલા ઇતિહાસમાં લખે છે. પરંતુ આનર્તપુર ઘણું પ્રાચીન હોવા છતાં હાલનું વડનગર એ જ આનર્તપુર એ સ્કંદપુરાણ નાગરખંડની માન્યતા માટે ખંભાતના ઇતિહાસમાં મેં શંકા બતાવી છે અને મૂળ આનર્તપુર લુપ્ત થયા પછી વડનગરને એ નામ પાછળથી અપાયું લાગે છે. આનર્તની રાજધાની એટલે કેન્દ્ર કુશસ્થલીને માન્યા પછી આનર્તનું કેન્દ્ર સમાન આનર્તપુર ત્યાંથી દૂર જુદી જ દિશામાં અને જે સમયે કાઠિયાવાડ બેટ હતો તે સમયે તેનાથી છૂટા બીજા જ વિભાગના કેન્દ્ર તરીકે પણ કેમ મનાય ?

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના વંશજ કકુંદ્મી રૈવતે યાદવોની દરિયા માર્ગેથી ચડાઈ થવાથી રાજ્ય ખોયું અને પરિણામે પોતાની પુત્રી રેવતીને શ્રી કૃષ્ણના ભાઇ બલરામને આપીને સમાધાન કર્યું હોય એમ જણાય છે. પરંતુ આનર્તના રાજ્યના ધણી યાદવો થયા લાગે છે.[૧૦] ગિરનાર પર્વતનું રૈવતક નામ આ રેવતના કુટુંબના રૈવતો ઉપરથી પડયું છે. યાદવોએ કુશસ્થલીને સુધારી એનું નામ દ્વારકા પાડયું.

યાદવો

યાદવોને પ્રાચીન અસુર કુટુંબો સાથે લગ્ન વગેરેથી સંબંધ હતો. શ્રી કૃષ્ણનો મામો અને તેનો સગો જરાસંધ એ બન્ને અસુરો હતા. જરાસંધની બીકથી શ્રી કૃષ્ણની સરદારી નીચે યાદવોની કેટલીક શાખાઓ મથુરાથી નાસીને દ્વારકામાં આવીને વસી.[૧૧]

યાદવોની વૃષ્ણિ, અંધક, સૂરસેન, દશાર્હ, સાત્વત, ભોજ, મધુ અને કુકકુર વગેરે અઢાર શાખાઓ હતી. યદુથી સાડત્રીસમા સાત્વતના કુટુંબમાં વસુદેવને ત્યાં શ્રી કૃષ્ણનો જન્મ થયો હતો. એમની માતાનું નામ દેવકી હતું અને એમના ભાઇ બલરામની માતા

---

૧૦ રૈવત ઉપર યાદવો દરિયા માર્ગે ચઢી આવ્યા એમ કહેવાય છે અને બલદેવને જ રૈવતે રેવતી આપી. તો આ યાદવો જરાસંધના ભયથી નાઠેલા જ હોવા જોઇએ અને તે દરિયા રસ્તે આવ્યા હોય તો સિંધુને રસ્તે આવ્યા હોય. પરંતુ મથુરાથી આવેલા તેથી યમુના અને સરસ્વતીને માર્ગે આવ્યાનો સંભવ વધારે છે. એ કાલમાં યમુના ગંગાને બદલે સરસ્વતીને મળતી હતી.

૧૧ એક મત એવો છે કે યાદવો પોતે જ અસુર જાતિના હતા. જો કે શ્રી કૃષ્ણે અસુરોને માર્યાના દાખલા પણ મળે છે. આ વિષય ઘણો વાદગ્રસ્ત હોવાથી અહીં અસ્થાને છે એ માટે ખંભાતના ઇતિહાસનું એ નામનું પરિશિષ્ટ અને અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રીનો Asura in India એ નિબંધ જોવો. આમ છતાં શ્રી કૃષ્ણનાં ઘણા સંબંધીઓ અસુરો હતા. ચંદ્રવંશ અને સૂર્યવંશ બાબતમાં ચર્ચામાં ઊતરવા જેવું નથી. પરંતુ સૂર્યવંશને અનાર્ય અને ચંદ્રવંશને આર્ય માનવાની પાર્જિટરની દલીલ વિદ્વાનો માન્ય રાખતા નથી. મધ્યકાળના રજપૂત રાજાઓ તો ગમે તેમ કલ્પિત રીતે સૂર્ય કે ચંદ્ર વંશમાં પોતાને મેળવી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોહિણી વસુદેવની બીજી પત્ની હતી. યાદવોમાં મુખ્ય અને પ્રસિદ્ધ શ્રીકૃષ્ણ હોવા છતાં રાજ્ય ઉગ્રસેનના નામથી ચાલતું, અને બધા યાદવોનો હક સરખો હતો એ એમની રાજ્યવ્યવસ્થાની એ સમયમાં વિચિત્રતા હતી.[૧૨] યાદવોની આ શાખાઓ આખા પશ્ચિમ હિંદમાં અને પાછળથી દક્ષિણમાં પણ પ્રસરી અને દક્ષિણ પશ્ચિમ હિંદની ઘણી કોમોનું મૂળ આ જાતિની શાખાઓ બની રહી.[૧૩]

ગુજરાત અને અસુરો તથા નાગો

અસુરો અને નાગ લોકોનાં થાણાં પણ કેટલાક ભાગમાં હતાં. ખંભાતમાં તારકાસુરનું મોટું થાણું હતું એમ પુરાણ કહે છે. મધુમતી, તળાજા વગેરે પણ અસુરોનાં ધામ હતાં. હિડિંબ વન[૧૪]. પાવાગઢની નજીકમાં હતું. મહિષ અસુરની માહિષ્મતી નર્મદાને કિનારે હતી. તે એક વખત કર્કોટક નાગના હાથમાં હતી અને તેની પાસેથી યાદવોની એક શાખાના સહસ્રાર્જુન કાર્તવીર્યે જીતી લીધી હતી. આ સહસ્રાર્જુન દત્તાત્રય મુનિનો શિષ્ય હતો અને એણે લંકાના રાવણને એક વાર હરાવ્યો હતો. પરશુરામ ભાર્ગવને હાથે આ કાર્તવીર્યની આખી શાખાનો નાશ થયો એમ પુરાણો કહે છે.

પ્રાચીન ઋષિઓ અને ગૂજરાતની ભૂમિ

ભારતના પ્રાચીન ઋષિઓમાં કપિલ અને ભૃગુનાં નામો આ પશ્ચિમ વિભાગ સાથે જોડાયલાં છે. એમાં ભૃગુકુલના ભાર્ગવો મુખ્ય છે. એમના કુલમા ચ્યવન થયા. દેવો એટલે આર્યો સાથે એમને બનાવ નહોતો એ ઈંદ્ર સાથેના અણબનાવ ઉપરથી જણાઈ આવે છે અને અસુરોની વસ્તીના પ્રાધાન્યવાળા આ વિભાગના ઇતિહાસને

---

૧૨ ગણ-આખી ટોળીનું રાજ્ય ચાલે અને એ ટોળીના સરખા હક એ રીત મધ્યકાળમાં પણ હતી એ જાતની એક જોહુકમીવાળી વિચિત્ર democracy યાદવોમાં હતી અને તે રીતે હિંદમાં એ બહુ પ્રાચીન હતી.

૧૩ છેક દ્રાવિડ દેશમાં પણ યાદવ જાતિ આજે જોવામાં આવે છે.

૧૪ હિંડબવનને કેટલાક કાઠિયાવાડમાં પણ ગણે છે. મ્હૈસૂરમાં હિંડિંબવન કહે છે તેના આધાર નથી. ગૂજરાતની કેટલીક પરંપરાઓ મ્હૈસૂર દેશમાં ગઈ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધ બેસે છે. એ કુલના દધીચિનો આશ્રમ પણ અમદાવાદની પાસે આજે બતાવાય છે. દધીચિના પુત્ર પિપ્પલાદ સારસ્વતે અથર્વ વેદના સંપાદનમાં મુખ્ય ભાગ લીધો છે. ભૃગુઓએ એ વેદમાં ખાસ ભાગ ભજવ્યો છે. આ સંદિગ્ધ વાત ખરી હોય તો ગૂજરાતની ભૂમિએ વૈદિક સાહિત્યમાં એક અનેરો ભાગ લીધો કહી શકાય.[૧૫]

યાદવો અને જૈન પરંપરા

અહીં એક વાત કહેવી જોઇએ.[૧૬] જૈન પરંપરા પ્રમાણે શ્રી કૃષ્ણના પિતા વદેસુવના ભાઈ સમુદ્રવિજય અને તેમની રાણી શિવાને અરિષ્ટનેમિ અને રથનેમિ નામે બે પુત્રો હતા. જૈન પરંપરામાં એમને અંધક વૃષ્ણિ શાખાના અને મથુરા પાસે સોરીમપુરથી નાસી દ્વારકા આવેલા કહ્યા છે. શ્રીકૃષ્ણે પોતાની પાસેના પિતરાઈ ભાઈ માટે ભોજરાજની પુત્રી રાજિમતી સાથે લગ્નની ગોઠવણ કરી. જૈન માન્યતા પ્રમાણે જૂનાગઢના રાજા ઉગ્રસેન યાદવની એ પુત્રી થતી હતી. પરણવા જતી વખતે અરિષ્ટનેમિએ લગ્નના જમણ માટે પશુઓને એ જગ્યાએ પૂરેલાં જોયાં અને તેથી વિરાગ ઉત્પન્ન થવાથી લગ્ન બંધ રાખી તપ કરવા ચાલ્યા ગયા. રાજિમતીને પણ આ જોઈ વિરાગ ઉત્પન્ન થયો. આ બનાવથી આજે પણ ગિરનાર જૈનોનું મોટું પવિત્ર ધામ ગણાય છે.[૧૭]

---

૧૫ પ્રો. અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રી ભૃગુઓને પણ અસુર જાતિના ગણે છે. ભૃગુકુળનો શુક્ર અથવા કવિ દૈત્યોનો ગુરુ હતો એ તો જાણીતી વાત છે. ભૃગુઓને ઇરાનથી હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા સુધી સંબંધ હતો અને નર્મદાના મુખ પાસે એમનું મુખ્ય કેન્દ્ર હતું એમ પુરાણો ઉપરથી માલૂમ પડે છે. રામ ભાર્ગવ–પરશુરામે નર્મદા તટ પર અંદરના ભાગમાં આવેલી માહિષ્મતીના કાર્તવીર્યને હરાવ્યો. એમણે કોંકણનો છેક મલબાર સુધીનો કિનારો સમુદ્ર પાસેથી મેળવ્યો એવી કથાઓ છે.

૧૬ જુઓ; શ્રી. રસિકલાલ છો. પરીખ કૃત કાવ્યાનુશાસનની ઐતિહાસિક ભૂમિકાઃ–(ભાગ બીજામાં હેમચંદ્રાચાર્યના સમયની પીઠિકા રૂપે સોલંકી સમય સુધીનો ઇતિહાસ તેમણે આપેલો છે).

૧૭ ઉગ્રસેન ભોજરાજની પુત્રી સાથે લગ્નની વાત જૈન પરંપરામાં લખે છે. આમ એક જ યાદવ કુટુંબમાં લગ્નની વાત આજે વિચિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ત્રીજું

ઐતિહાસિક યુગની શરૂઆત

યાદવો અને મૌર્યો વચ્ચેનો અંધારાનો સમય

યાદવો પછી છેક મૌર્ય સામ્રાજ્યના સમય સુધી આપણા પ્રાંતના ઇતિહાસમાં અંધારું જ છે અને યાદવોના ઉલ્લેખો પૌરાણિક હોવાથી પરદેશીઓથી દોરવાયેલા આપણા ઇતિહાસ લેખકો એને ઇતિહાસ તરીકે ગણતા નથી એ કમનસીબની વાત છે. મૌર્ય સામ્રાજ્યથી વર્ષો અને તારીખો કાંઈક કાંઈક મળે છે તેથી આપણે એને ઐતિહાસિક કહીએ છીએ અને યાદવોનાં વર્ષ મળતાં ન હોવાથી એને પ્રાગૈતિહાસિક કહીએ છીએ.

યાદવો પછીના અંધકારમાં કાંઈ પણ વિગત મળતી નથી એ કમનસીબી છે. પરંતુ બૌદ્ધ સમયમાં પણ સોપારા અને ભરૂચ મોટાં બંદરો હતાં અને પ્રભાસ વલભી વગેરેના તેથી પણ પ્રાચીન ઉલ્લેખો છે તેથી એ સમયમાં દેશમાં કોઈ પ્રકારની રાજ્યવ્યવસ્થા તો હોવી જોઇએ. આખા હિંદુસ્તાનનો પશ્ચિમની દુનિયા સાથેનો વ્યવહાર એ સમયે સૌરાષ્ટ્ર અને અપરાંતનાં આ બંદરોદ્વારા ચાલતો હતો એટલી વાત જ એ વિભાગને સમૃદ્ધ અને વ્યવસ્થિત સિદ્ધ કરવાને પૂરતી છે.

સિંહલદ્વીપનો વસવાટ

મહાવંશ પ્રમાણે ભગવાન બુદ્ધના સમયની લગભગમાં વિજયે સિંહલદ્વીપ જીતીને ત્યાં રાજ્ય સ્થાપ્યું એ વાતનો ઉલ્લેખ લાટ નામને લીધે આપણી ભૂમિ સાથે જોડીએ તો કાઠિયાવાડના ખંભાતના

લાગશે. ઉગ્રસેનની શાખા જુદી એટલું જણાય છે. આમાં જૈન અને હિંદુ પરંપરાઓમાં જરા ફેર પડે છે. લગ્નની પ્રથામાં એ સમયે આજ કરતાં ઘણો ફેર હતો અને આવાં લગ્નો થતાં હતાં. યાદવોને આર્યને બદલે અસુર જાતિના માનતાં આ વાંધો રહેતો નથી. પ્રો. અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રીના મત પ્રમાણે અસુર જાતિમાં લગ્ન છેક પાસેનાં સગાંમાં પણ થતાં હતાં. પરંતુ એમનો મત પણ તદ્દન ગ્રહણ કરવા જેવો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખાતના કિનારેથી એ સોપારા થઇને સિંહલદ્વીપ ગયો એમ સમજાય છે.[૧]

યૌધેયો અને આભીરો

આ અંધકારના સમયમાં જ યૌધેયો અને આભીરોની સત્તાઓમાં દેશ વહેંચાયલો હશે એમ સમજાય છે. યૌધેયોની રાજ્યવ્યવસ્થામાં લોકશાસનવાદ હોય એવું પણ એમના સિક્કામાં યૌધેયગણ એવા શબ્દથી સમજાય છે. કદાચ આવા ગણરાજ્યને લીધે કોઈ ખાસ રાજાનું નામ ન હોવાથી એ સમય અંધકારમય રહ્યો હોય.[૨]

---

૧. લાટ અગર લાલ દેશમાંથી સિંહલદ્વીપ ગયેલો વિજય બંગાળના તામ્રલિપ્તિ (તામલુક) બંદરવાળા રાધ અગર લાધ દેશથી ઉપડેલો અને ત્યાંની સિંધી જાતિને સિંહલદ્વીપ લઈ ગયેલો એમ શ્રી નંદલાલ દે વગેરે વિદ્વાનો માને છે. પ્રો. રાધાકુમુદ મુકરજી આ વર્ણનમાં સોપારા આવેલું તેનો ખુલાસો સુપાર એટલે સારો કાંઠો એટલે સુમાત્રાને અડકીને વિજય સિંહલદ્વીપ ગયો એમ માને છે. જ્યારે સુપારા અગર સોપારા અગર શૂર્પારક એ અત્યન્ત પ્રાચીન અને બૌદ્ધ સમય પહેલાંનું બંદર છે. તો મારી મચડીને સુપાર એટલે સારો કિનારો એવો અર્થ કરવાની જરૂર સમજાય તેવી નથી. રાધને લાધ કે લાટમાં ફેરવવા કરતાં લાટ પ્રત્યક્ષ છે તે લેતાં સોપારા વચ્ચે આવે તેનો ખુલાસો થાય છે. સિંહલદ્વીપનો લાટભરૂચ સાથેનો સંબંધ પ્રાચીન અને પ્રસિદ્ધ છે. રાધ બૌદ્ધ સમય જેટલું પ્રાચીન નામ નથી એમ વિદ્વાનો કબૂલ કરે છે છતાં આ વાતને ખેંચીને બંગાળામાં લઇ જાય છે. વળી બંગાલનું તામ્રલિપ્તિ–તામલુક–બંદર મને ખંભાત જેટલું પ્રાચીન નથી લાગતું અને ખંભાતનું જૂનું નામ તામ્રલિપ્તિ છે તે મેં ખંભાતના ઇતિહાસમાં અભિધાન પ્રકરણમાં ચર્ચ્યું છે. આમ એક નામ ઉપરથી બીજે નામ પાડવાના મંગલપુર–માંગલોર જેવા દાખલા આપણા દેશમાં ઘણા છે. એટલે મને બંગાલનું તામ્રલિપ્તિ, રાધ વગેરે પ્રમાણમાં આપણા વિભાગ જેટલાં પ્રાચીન લાગતાં નથી. સિંહપુર–શિહોર જેનું પ્રાચીન નામ સારસ્વતપુર પણ છે, અને જે વલભીની બહુ પાસે છે ત્યાંથી વિજય ગયો હોય એ સંભવ છે. છતાં સ્પષ્ટ પુરાવો આ વાતમાં ન મળવાથી સંદિગ્ધ ગણીને પણ વધારે ટકા બંગાળ કરતાં આ બાજૂ ગણવા જોઇએ.

૨. મુંબાઈ ગેઝેટિયર. ૧–૧ પૃ. ૧૯, ૩૬, ૩૭, આ ગણરાજ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગિરનારના ત્રણ લેખો

મૌર્ય સામ્રાજ્યનું કેન્દ્ર ગૂજરાતથી હજાર કોશ ઉપર પાટલીપુત્રમાં હોવા છતાં એની સીમા પશ્ચિમ સમુદ્રને અડતી હતી અને આપણો પ્રાંત મૌર્ય સામ્રાજ્યનો એક ભાગ હતો એ તો ગિરનારના લેખથી સિદ્ધ થયેલી વાત છે. જૂનાગઢથી ગિરનાર જવાને રસ્તે ૭૫ ફીટ ઘેરાવાના એક પથ્થર ઉપર આ લેખો આવેલા છે. એક લેખ અશોકની ધર્મલિપિનો છે, તે ઇ. સ. પૂર્વે ૨૭૪–૨૩૭ ની વચ્ચેનો છે. બીજો શત્રપ રુદ્રદામાનો ઇ. સ. ૧૫૦ નો છે અને ત્રીજો સમ્રાટ સ્કંદગુપ્તનો ઇ. સ. ૪૫૬ નો છે. આ ત્રણે હિંદુસ્તાનના મોટામાં મોટા ગણાય તેવા મહારાજાઓ હતા. અને આ લેખોનું મહત્ત્વ એકલા ગૂજરાતના ઇતિહાસ માટે નહિ પરંતુ આખા હિંદુસ્તાનના ઇતિહાસમાં ઘણું ભારે છે.

સમ્રાટ અશોક અને મૌર્ય સામ્રાજ્યઃ ગૂજરાત એક માત્ર પ્રાંત

સમ્રાટ અશોકના ધર્મલિપિના લેખો પશ્ચિમ હિંદમાં ગિરનાર અને સોપારામાં છે અને પશ્ચિમ વિભાગનું પાટનગર એ સમયે ગિરિનગર અને દક્ષિણનું સોપારા એમ મનાય. મૌર્ય સામ્રાજ્યના સમયની બીજી વિગત આપણા પ્રાંતને લગતી ખાસ ન મળવા છતાં આ લેખના સ્થળ–અને કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં સૌરાષ્ટ્ર અને અપરાંતના ઉલ્લેખોથી પણ એટલું તો ચોક્કસ મનાય કે આ વિભાગ આબાદ હોવો જોઇએ. કૌટિલ્ય–ચાણક્ય સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યનો મહામાત્ય હતો. કૌટિલ્ય અર્થશાસ્ત્ર ઉપરથી સમજાય છે કે સૌરાષ્ટ્રમાં ક્ષત્રિયોની શ્રેણીઓ હતી અને એ લોકો ખેતીનો, ઢોર ઉછેરવાનો, શસ્ત્રનો અને વેપારનો ધંધો કરતા. ઉપર જોયું તેમ યાદવ, આભીર, યૌધેય, વગેરેના ગણરાજ્યને આ વર્ણન બંધબેસતું આવે છે.[3] અને વેપાર એ તો અસલથી આ પ્રાંતનો મુખ્ય વ્યવસાય છે. સૌરાષ્ટ્ર

વ્યવસ્થા મધ્યકાલ સુધી પણ હોય એમ લાગે છે. આબુ ઉપર અચલેશ્વરના મંદિરની પડાળીમાં એક ભીંતમાં એક તરવાર લઈ ઝઝૂમતા વીરની નાની મૂર્તિ નીચે ગણરાજ એવા શબ્દ વંચાય છે.

૩. જુઓ કાવ્યાનુશાસનમાં શ્રી રસિકલાલ પરીખે લખેલો ગૂજરાતનો ઇતિહાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અપરાંતના હાથીઓના કદનું વર્ણન[૪] અને અપરાંતનું રૂ મધુરા[૫] કરતાં જરા ઉતરતું છે એ વર્ણન પણ અર્થશાસ્ત્રમાં છે. ભરૂચનું રૂ આજે પણ પ્રસિદ્ધ છે.

ગઇ સદીમાં ગિરનારના લેખોની સ્થિતિ

આ સુપ્રસિદ્ધ લેખો ઇ. સ. ૧૮૨૨ માં કર્નલ ટૉડને જડયા. એ વખતે બાવળ વગેરેની ઝાડીમાં એ ઢંકાયેલા હતા. કાઠિયાવાડના પ્રસિદ્ધ સુંદરજી સોદાગરે જૂનાગઢથી ગિરનાર જવાનો રસ્તો ધર્મ-બુદ્ધિથી સરખો કરાવવા માંડયો તે વખતે આ પથ્થર ખુલ્લો પડયો. સેંકડો વર્ષોના સમયથી, વરસાદથી, અને છેવટે સુંદરજી સોદાગરના માણસોની બેકાળજીથી લેખના પથ્થરને નુકસાન પહોંચ્યું હતું. કર્નલ-ટૉડ એક શોધખોળનો રસિક પુરુષ હતો. એણે પોતાના પશ્ચિમ હિંદની મુસાફરીના વર્ણનના પુસ્તકમાં આ લેખ જડયાનું રસિક વર્ણન કર્યું છે. પરંતુ બ્રાહ્મી લિપિમાં લખેલા આ લેખની કાંઈ વિગત કર્નલ ટૉડને માલૂમ પડેલી નહિ. ઇ. સ. ૧૮૩૭માં મુંબાઇ-ના ડૉ. જ્હોન વિલ્સને લેખની પૂરી નકલ કરાવી ને કલકત્તાવાળા જેમ્સ પ્રિન્સેપને મોકલી અને આ લેખો પહેલ વહેલા ઉકેલવાનું માન એ વિદ્વાનને છે.[૬]

---

૪. આ હાથીઓ તે એ દેશમાં થતા કે ત્યાંના લશ્કરના ગણવા તે સ્પષ્ટ નથી. રાજપીંપળાના જંગલમાં હાથી થતા હતા. એટલે અપરાંતમાં તો હાથી હોઇ શકે.

૫. રા. રસિકલાલભાઈ મધુરાને દક્ષિણનું મદુરા કહે છે અને તીને-વલીનું રૂ વખણાય છે તેથી તે બંધબેસતું છે. બાકી મથુરાને પણ મધુરા કહેતા હતા. તીનેવલી અને દક્ષિણનું મધુરા પાસે પાસે છે.

૬. આ અહેવાલ બર્જેસ આદિના આધારે પ્રો. કૉમીસેરિયેટ એમના ગૂજરાતના ઇતિહાસમાં લીધો છે. તેના ઉપરથી અહીં સાર લીધો છે. કર્નલ ટૉડના ગ્રંથો રાજસ્થાન અને મુસાફરીનો ગ્રંથ Travels in Western India કેટલીક સ્થાનિક વિગતો માટે ઉત્તમ છે. પરંતુ તેમનાં અનુમાનો હવે ગ્રહણ કરવા યોગ્ય રહ્યાં નથી. પરંતુ ૧૮૨૨ જેટલા જૂના સમયમાં આ વિષયોનો શોખ ધરાવનાર અંગ્રેજ માટે પુરાતત્ત્વ અને ઇતિહાસના અભ્યાસીઓ માન ધરાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતનાં બનાવટી સરોવરો

રુદ્રદામાના લેખમાંથી એ બાબતની ઐતિહાસિક વિગત સમજાય છે. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં એનો સાળો વૈશ્ય પુષ્યગુપ્ત સારાષ્ટ્રનો સૂબો હતો. એણે આ સુદર્શન તળાવ ગિરનારની ઉર્જયંત–પર્વતની તળેટીમાં બંધાવ્યું. એનો હેતુ ખેતીવાડીને માટે ગિરનારમાંથી વહેતી નદીઓના પાણીનો સંગ્રહ કરવાનો હતો. પ્રાચીન સમયથી આપણા દેશની આ એક વિશેષતા છે. આવું તળાવ એકાદ મોટા શહેરની પાસે ખાસ હોય છે. નગરજનોને વિહાર માટે, યાત્રાળુઓને સ્નાન માટે, અને લોકને ખેતી માટે કામ લાગે એવી ભાવનાથી આવાં જળાશયો બાંધવામાં આવે છે. જૂનાગઢનું સુદર્શન તળાવ, પાટણનું સહસ્રલિંગ, અમદાવાદનું ચંડોળા વગેરે આ જાતનાં તળાવો છે. ચાંપાનેર પાસે પણ એવું તળાવ છે.

રુદ્રદામાના લેખથી એ પણ સમજાય છે કે ચંદ્રગુપ્ત પછી મૌર્ય વંશને શોભાવનાર જગપ્રસિદ્ધ સમ્રાટ અશોક ગાદીએ આવ્યો તેના સમયમાં સૌરાષ્ટ્રનો સૂબો યવનરાજ તુશાસ્પ હતો, અને એણે પણ આ તળાવમાં પાણી જવા આવવાનાં ગરનાળાં મહારાજ્યને શોભે એવી રીતે બંધાવીને એમાં ઉમેરો કરેલો. આ યવનરાજ તુશાસ્પ એના નામ ઉપરથી–કેરશાસ્પ જેવાં નામના સાદૃશ્યથી પારસી હશે અને યવન શબ્દ ઉપરથી ગ્રીક નહિ હોય, એમ વિદ્વાનોનું માનવું છે. રાજ શબ્દ સૂચવે છે કે એ માણસ રાજવી ગૌરવ ધરાવતો હોવો જોઇએ.[૭]

સમ્રાટ અશોકની ધર્મલિપિ અને એ સમયના સમાજ ઉપર પડતો પ્રકાશ

સમ્રાટ અશોકની ધર્મલિપિમાં ચૌદ આજ્ઞાઓ આપેલી છે.[૮]

૭. કેરશાસ્પ ઉપરથી તુશાસ્પ પારસી હશે એવું ગૅઝેટિયરના લેખકનું માનવું છે આ સાદૃશ્ય સીવાય બીજો આધાર આમ માનવા માટે નથી. અને યવનરાજ શબ્દનો ખુલાસો થતો નથી.

૮. સમ્રાટ અશોકના લેખની ધર્મલિપિઓનો સાર શ્રી. રસિકલાલભાઈના કાવ્યાનુશાસન બીજા ભાગના ઇતિહાસમાં પૃ. ૨૯–૩૧ માંથી લીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલીમાં યજ્ઞ કે શિકાર માટે પશુવધ ન કરવાની; બીજીમાં માણસો અને જનાવરો માટે તબીબી મદદ માટે અને ઔષધિઓના વાવેતર માટે, અને કૂવા તથા સારા રસ્તા માટેની; ત્રીજીમાં લોકો ધર્મ બરાબર પાળે છે, મા બાપની બરાબર સંભાળ રાખે છે, મિત્રો, ઓળખાણવાળાઓ, સગાં, બ્રાહ્મણો, શ્રમણોનો સત્કાર કરે છે, જીવહિંસા કરતા નથી, ઉડાઉ થતા નથી તેમ જ સંગ્રહ પણ કરતા નથી એ બધી દેખરેખ રાખનાર અધિકારીની નિમણૂકની; ચોથીમાં ઉપર જણાવેલી બાબતો માટે પહેલાંનાં રાજ્યોમાં શું હતું અને દેવોના પ્રિય એવા અશોકે શું શું કર્યું છે અને એના વંશજો એનું પાલન કરશે એ બાબતની; પાંચમીમાં પણ એ જ બાબતની; છઠ્ઠીમાં પ્રજાના કલ્યાણ માટે પોતાની તત્પરતાની અને પોતે પ્રજાજનને અભિગમ્ય છે[૯] તે બાબતની; સાતમીમાં દૃઢ ભક્તિ, કૃતજ્ઞતા, હૃદયની શુદ્ધિ, અને આત્મનિગ્રહ વગર ખાલી પૈસા આપવાથી દાનની કાંઇ કીમત નથી એ બાબતની;[૧૦] આઠમીમાં પહેલાંના રાજાઓ શિકાર માટે બહાર જતા પણ દેવોના પ્રિય એવા સમ્રાટ અશોક, ગામડાંમાં લોકને જોવા અને તેમની સાથે ધર્મની ચર્ચા કરવા અને બ્રાહ્મણ શ્રમણોને માન અને દાન આપવા માટે જ બહાર જાય છે એ બાબતની; ઘોષણા કરેલી છે.[૧૧]

નવમી આજ્ઞામાં સ્ત્રીઓને છીછલ્લી અને અર્થહીન ક્રિયાઓ ન કરવાની, નોકરો સાથે રીતસર વર્તવાની, વડીલોને માન આપવાની, પશુઓ તરફ દયા રાખવાની, બ્રાહ્મણ શ્રમણને દાન કરવાની,

---

છે. આ ધર્મલિપિઓ સૂચવે છે કે એ સમયનો સમાજ અને રાજ્ય કેવાં હતાં અને સમ્રાટ અશોક કેવો સારો સંસ્કારી રાજા હતો.

૯. રાજાઓ અધૃષ્ય અને અભિગમ્ય હોવા જોઈએ એવો કાલિદાસનો પણ મત છે. આજના અધિકારીઓની પેઠે કેવળ અધૃષ્ય રહેવું એ ધર્મ નથી એ સમ્રાટ અશોકના સંસ્કાર ઉપર સારો પ્રકાશ પડે છે.

૧૦. પૈસા આપીને આરસની તકતી મુકાવવામાં દાન સમજનારા આજની પેઠે તે વખતે પણ હશે તેને માટે સમ્રાટ અશોક જાગ્રત હતો એ આ આજ્ઞાપત્રમાં છે.

૧૧. મૃગયા વિહારી–શિકારખેલી રાજાઓને આ જાણવાજોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બાપ, ભાઇઓ, અને પતિઓને પોતાના ઘરની સ્ત્રીઓને આ પ્રમાણે સૂચના કરવાની ઘોષણા છે.[૧૨] દસમી અને અગિયારમી આજ્ઞાઓમાં ધર્મના પાલન માટે ઘોષણા છે. બારમીમાં દરેક ધર્મ અને સંપ્રદાય તરફ સહનશીલ વૃત્તિ રાખવાની, અને લોકોને પોતાના ધર્મની પ્રશંસા અને પરધર્મની નિંદા એ બન્નેમાં કાબૂ રાખવાની આજ્ઞા છે. તેર અને ચૌદમી આજ્ઞાઓ જરા ઘસાઈ ગયેલી છે. તેમાં ધર્મના પાલન માટે અને ધર્મલિપિઓ માટે ઉલ્લેખ છે.

સમ્રાટ અશોકની આ આજ્ઞાઓ ઉપરથી સમજાય છે કે સહિષ્ણુતા અને અહિંસાના પાયા આપણા દેશમાં ઘણા પ્રાચીન કાળથી નંખાતા આવ્યા છે. આવા મહાનુભાવ સમ્રાટોએ આજની મહાન વ્યક્તિઓની પેઠે મનુષ્યસ્વભાવને કાબૂમાં લેવા પ્રયત્ન કરેલો છે; અને જમાનો આજે છે તેવો એ સમયે પણ મનુષ્ય-સ્વભાવની નબળાઇઓથી ભરેલો હતો. આજે હલાહલ કલિયુગ બેઠો છે અને તે સમયે સુવર્ણયુગ હતો એમ માનવાને કારણ નથી.[૧૩] પરંતુ પરધર્મની સહિષ્ણુતા જે આપણા સમાજમાં બીજા કોઇપણ ધર્મના સમાજ કરતાં વધારે જણાય છે, તે અશોક, કુમારપાલ અને અકબર જેવા મહાન સમ્રાટોના પ્રયત્નોને આભારી છે.[૧૪]

---

૧૨. આ સ્ત્રીઓને લગતી આજ્ઞા ખરેખર રસિક છે. સ્ત્રીઓ આજની પેઠે એ સમયે પણ છીછલ્લી બાબતોમાં ખર્ચ કરતી હશે અને અર્થહીન વિધિઓ કરતી હશે એમ સમજાય છે. પુરુષવર્ગને એ બાબતો અટકાવ-વાની આજ્ઞા સ્ત્રીઓની સ્થિતિનું સૂચન કરે છે. નોકરો તરફ કંટાળો આવે એવી વર્તણુક સ્ત્રીઓ આજની પેઠે એ સમયે કરતી હશે તે આ અને કાલિદાસના भूयिष्ठं भव दक्षिणा परिजने એ ઉપરથી સમજાય છે.

૧૩. આ બાબતના દાખલા વૈદિક સમયથી શરૂ કરી જ્યાં સુધીના પ્રાચીન સમયને સુવર્ણયુગ કહેવાય ત્યાંસુધીના પ્રાચીન સાહિત્યમાંથી બતાવી શકાય તેમ છે.

૧૪. જુઓ મુંબાઈ ગેઝેટિયરમાં આરબો વિશેના પરિશિષ્ટમાં પૃ. ૫૨૯. In their intercourse with western India nothing struk the Arabs more than the toleration shown to their religion both by cheif and peoples. આ ગુણ આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશોક પછીની સ્થિતિ

આપણા સમાજની ઇતિહાસવૃત્તિને શરમાવા જેવું છે કે આવા મોટા અને ઉદાર સમ્રાટની પછી કોણ ગાદીએ આવ્યું તે માટે અનુમાન કરવાં પડે છે! આવા મોટા સામ્રાજ્યના પણ મહારાજા અશોક પછી ભાગલા પડી ગયા એ પણ આપણી સંસ્કૃતિની એક નબળાઇ માટે ખેદની વાત છે. આવું ઇતિહાસમાં અનેકવાર બન્યું છે. અશોક પછી પાટલીપુત્રની ગાદીએ કોણ આવ્યું તે વાત અહીં અસ્થાને છે. એક પરંપરા પ્રમાણે એના મહારાજ્યનો આ પશ્ચિમ ભાગ સંપ્રતિના હાથમાં આવ્યો અને એણે ઉજ્જયિનીમાં રહી આપણા પ્રાંત ઉપર રાજ્ય કર્યું અને જૈન ધર્મ પ્રવર્તાવ્યો. આ વાતને કોઇ લેખનો ટેકો નથી એમ વિદ્વાનો માને છે. પરંતુ પરંપરાઓમાં આ વાત સર્વમાન્ય છે.[૧૫]

યવન (ગ્રીક) રાજાઓ

ઇ. સ. પૂર્વે અને પછીની એક એક સદીના ઇતિહાસમાં કેવળ અંધારા જેવું છે એવો એક મત છે. યવનોનું રાજ્ય પશ્ચિમ કિનારાના ભાગમાં હતું એવો બીજો મત છે; અને સંપ્રતિ કે જે કોઇ અશોક પછી સત્તામાં આવ્યું હોય તેની સત્તા હતી એવો ત્રીજો પણ મત છે. આમાં યવનોનું રાજ્ય કાઠિયાવાડ અને કચ્છના કેટલાક ભાગોમાં હતું એમ માનવાને કારણ છે.[૧૬] આ માટે કાઠિયાવાડમાંથી કેટલાક સિક્કા જડેલા છે. પેરિપ્લસનો લેખક કહે

હિંદુ સમાજનો હતો અને ગૂજરાતમાં એ વધારે હતો. ગૂજરાત વેપારી દેશ હોવાથી સહિષ્ણુતા એને ઉપયોગી હોવાથી પણ ખીલી હતી.

૧૫. જુઓ શ્રી. રસિકલાલ પરીખ-કૃત ગૂજરાતનો ઇતિહાસ. કાવ્યાનુશાસન ભા. ૨. પૃ. ૩૨

૧૬. પ્રો. કોમીસેરિયેટ આ યવન ગ્રીક સત્તા વિશે ડૉ. બ્યૂલરનો મત ટાંકીને શંકા બતાવે છે. ડૉ. બ્યૂલર કહે છે કે ભરૂચમાં ગ્રીક સિક્કાઓ વેપારીઓ લાવ્યા હોય, પરંતુ આથી પાલિમાં જે સિક્કાઓ છે તેનો ખુલાસો થતો નથી. એઓ પુષ્યમિત્ર શુંગનું રાજ્ય હોવાનો સંભવ માને છે, પરંતુ તેને બદલે સંપ્રતિ વધારે બંધ બેસે છે. માળવા જેને તાબે તેવી મોટી સત્તાને તાબે ગૂજરાત હંમેશ રહેલું છે એમ એઓ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે મીનેન્દ્ર અને એપોલોડોટસના ગ્રીક સિક્કાઓ ભરૂચમાં ચાલતા હતા. સ્ટ્રેબો લખે છે કે મીનેન્દ્રે સેરોસ્ટ્રોસ (સૌરાષ્ટ્ર)નો દેશ જીત્યો હતો. કાઠિયાવાડમાંથી જે સિક્કા જડેલા છે તેમાં એક બાજૂ બેકટ્રોપાલિમાં લખેલું છે કે "મહારાજસ ત્રાદાતસ મીનેન્દ્રસ" બીજા સિક્કામાં "મહારાજસ ત્રાદાતસ અપલદતસ". આથી આ પશ્ચિમ કિનારા ઉપર ગ્રીક–યવન લોકોની સત્તા આશરે એંશી વર્ષ ઈ. સ. પૂ. ૧૮૦ થી ઇ. સ. પૂ. ૧૦૦ સુધીમાં હોય એમ લાગે છે. પેરીપ્લસનો લેખક સૌરાષ્ટ્રમાં છાવણીઓ, કૂવા, દેવળો વગેરે સિકંદરે (એલેકઝેંડરે) બાંધેલાં એવો ઉલ્લેખ કરે છે તે ભૂલ છે. મીનેન્દ્રનાં એ કાર્યો હોવાં જોઇએ. રાજશેખરાદિએ સૌરાષ્ટ્રના સાનિધ્યમાં કહેલો યવન દેશ પણ આ ગ્રીક–યવન સત્તાને ઉદ્દેશીને કહેલો એમ સમજાય છે.

યાદવો પછી વચ્ચે અનેક નાનાં મોટાં રાજ્યો થયાં છતાં પણ જે જે અંધકારના સમયો આપણને જણાય છે તેમાં યાદવોનાં જ નાનાં નાનાં સ્વતંત્ર ગણરાજ્યો હોવાનો સંભવ વધારે છે. વખતો-વખત મોટાં રાજ્યોને ખંડણી આપ્યા છતાં અંતર્વ્યવસ્થા પૂરતાં આ રાજ્યો સ્વતંત્ર હોય એમ જણાય છે. પ્રો. જાયસ્વાલજી મંજુશ્રીમૂલકલ્પની ભૂમિકામાં આ બાબતનો ઉલ્લેખ કરે છે. એમણે વારવતી અગર દ્વારમતી–દ્વારકાનું સમુદ્રમાં ડૂબી જવું અને તે

પરંતુ કાઠિયાવાડ, કચ્છ અને ભરૂચનો કિનારો યવનોને તાબે હોય અને માળવા સાથે પૂર્વ ગૂજરાત અશોક પછી આવનાર સત્તાને તાબે હોય એમ બને. સેરોસ્ટોસ (Sarostos)ને બદલે ગ્રીકો હમેશ Syrastrene લખે છે તેથી પણ એઓ શંકા કરે છે. કદાચ સૌરાષ્ટ્ર એમ લોકવાચક શબ્દનું એ ગ્રીકરૂપ હોય-મને તો લાગે છે કે સિક્કા ઉપરાંત રાજ-શેખર આદિએ પશ્ચિમ દેશમાં કહેલો યવનદેશ તે આને ઉદ્દેશીને હશે. બીજું પાલિમાં મીનેન્દ્રને મિલિન્દ કહેલો છે અને મિલિન્દ તથા નાગ-સેનાના સંવાદમાં નાગસેના એને બૌદ્ધ ધર્મ કબૂલ કરાવે છે એ ઉલ્લેખ છે. એટલે આ ગ્રીક રાજાઓની સત્તા કચ્છ કાઠિયાવાડના છેક પશ્ચિમના ભાગ ઉપર હોય એમાં છેક શંકા લાવવા જેવું નથી. (જુઓ શ્રી રસિક-લાલ પરીખ કૃત કાવ્યાનુશાસનમાં લખેલો ગૂજરાતનો ઇતિહાસ. પૃ. ૩૨.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાંના યાદવ રાજાઓનાં નામો પણ આપ્યાં છે. ઉજ્જયિનીની પશ્ચિમના આખા સમુદ્ર કિનારાને એઓ લાડ લોકોનો પ્રદેશ અથવા લાડ-લાટ-દેશ કહે છે, એ સાચું છે. એના વતનીઓ નાવિકો છે અને સૂર એટલે એસીરિયા અને પાર્શ એટલે ઈરાન સુધી સમુદ્રયાન કહે છે. શૂર્પારક બંદરનું નામ એ ઉપરથી પડયું છે. દ્વારકાના વતની યાદવોને વારવત્યાઃ કહેલા છે અને વલભીના મૈત્રકો એના વંશના છે એમ પણ કહે છે. આ ઉપરથી યાદવોનાં ગણરાજ્યો પ્રજાસત્તાક ગણાય તેવાં રાજ્યો પશ્ચિમ હિંદમાં ત્યાં પ્રસરેલાં હોય એમ જણાય છે. અને દરિયો ખેડીને પરખંડના દેશો સાથે વેપાર ખેડવાની તેમની ખાસ પ્રવૃત્તિ હોય એમ જણાય છે.

---

૧૭. સરખાવો: Jayaswal's Imperial History of India: પૃ. ૨૪, ૨૫, ઉપયોગી શ્લોકો આ પ્રમાણે છે:-

पश्चाद्वशपर्यन्त उज्जयन्यामतः परे ।
समुद्रतीरपर्यन्तं लाडानां जनपदे तथा ॥

વલભીના રાજાઓને લડ લોકોના અધિપતિ કહેલા છે. છેલ્લો ધ્રુવ રાજા મૂર્ખ હતો અને તેની પછીના સેવકો એટલે પરતંત્ર થયા. પછી લખે છે કે.

तेषां च पूर्वजा वंशाः शीला ह्योपरते तदा ।
भविता भूपतयः सर्वे अम्भोजे तिरपर्षगाः ॥ ×××
××× अस्तंगते नृपो धीमां उदक्के प्लाविता पुरी ।
द्वारवत्या तदा तस्य महोदधिसमाश्रिता ॥ ×××
××× अनन्ता नृपतयो प्रोक्ता यादवानां कुलोद्भवाः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ચોથું

શક ક્ષત્રપો અને ગુપ્તો

પરદેશી શકોનું આગમન

મધ્ય એશિયામાંથી આવેલા શક લોકોએ ઈ. સ.ની શરૂઆતની લગભગમાં હિંદુસ્તાનના ઇતિહાસમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. ઈ. સ. પૂ. ૭૦ થી ઈ. સ. ૩૯૫ સુધી ઉત્તર અને પશ્ચિમ હિંદના મોટા ભાગ ઉપર શક રાજાઓની સત્તા રહેલી છે. એમનાં કુલનાં ગમે તે નામો હોય છતાં સામાન્ય જનતામાં એ લોકો શકને નામે પ્રસિદ્ધિ પામ્યા છે,[૧] અને પુરાણમાં એ નામે પ્રવેશ કર્યો છે. ઉત્તર હિંદના શક રાજ્ય સાથે અહીં સંબંધ નથી. પશ્ચિમ હિંદના મોટા ભાગ ઉપર આ શક લોકોમાં બે કુલોએ સત્તા ભોગવી છે અને તે ક્ષત્રપોને નામે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. આ શક લોકો પરદેશીઓ હતા. ઈરાનના સામ્રાજ્યના લાંબા સમયના સંસર્ગને લીધે એ લોકો સંસ્કારી હતા, બીજી પરદેશથી આવેલી જાતિઓની પેઠે અર્ધ જંગલી નહોતા. પરધર્મીઓને ગાળીને હિંદુ બનાવવાની હિંદુ ધર્મની અપૂર્વ શક્તિએ અનેક પરદેશી

શકો હિંદુ સમાજમાં મળી ગયા

આક્રમણ કરનારાઓને હિંદુ બનાવી દીધા છે.[૨] હિંદુ થવા માટે હિંદુને ત્યાં જન્મવું પડે એમ માનનાર સનાતનીને પોતાની જાતિમાં આવા હિંદુ થયેલા પરદેશીને પારખવા માટે તો આવા ભૂતકાળના ઇતિહાસ કરતાં સંજયને મળી હતી તેવી દિવ્ય ચક્ષુ જેવી કોઇ શક્તિ આપે ત્યારે જ સમજી શકે. આ શક લોકો અન્ય ધર્મના હોઈ પરદેશથી આવી હિંદુ જાતિમાં ઓળખાય નહિ એમ સમાઈ ગયા; અને એમણે સ્થાપેલો શક સંવત્સર આજે ચુસ્ત સનાનતી હિંદુઓ

---

૧. મહારાજા કનિષ્ક કુશન કહેવાય છે છતાં શક જાતિમાં એની ગણત્રી થઈ છે એમ અલ્તેકર વગેરે વિદ્વાનોનું માનવું છે.

૨. મુસલમાન અને ખ્રિસ્તી સંસ્કૃતિને હિંદુ સંસ્કૃતિ પૂર્વની માફક ન સમાવી શકી તેનું કારણ એ સંસ્કૃતિઓ વધારે શ્રેષ્ઠ હતી એમ માનવું કે હિંદુ સંસ્કૃતિની ઉદારતા ક્ષીણ થઈ હતી એમ માનવું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને છે.[3] શક સંવત્સર ઈ. સ. ૭૮ માં નહપાન ક્ષત્રપના વખતમાં પશ્ચિમ હિંદમાં શરૂ થયો, અને વિક્રમ સંવત સંખ્યાની દૃષ્ટિએ એનાથી જૂનો છતાં, ગુપ્ત કાળમાં એનો વપરાશ પશ્ચિમ હિંદમાં વધવા પછી જ શક સંવત્સર ગૂજરાતમાં વપરાતો બંધ થયો અને તે દક્ષિણનો મુખ્ય સંવત્સર થઈ રહ્યો.

નહપાન ક્ષત્રપ

આ પશ્ચિમના શક-ક્ષત્રપોનાં બે કુટુંબો સત્તામાં હતાં. એમાં પહેલી નહપાનની સત્તા ક્ષહરાત ક્ષત્રપના નામથી પ્રસિદ્ધ હતી. ક્ષત્રપ શબ્દ છત્રપ, છત્રવ, ખત્તપ, એવી રીતથી સિક્કાઓ વગેરેમાં દેખાય છે. એ મૂળ પરદેશી શબ્દનું ક્ષત્રપ એ સંસ્કૃત રૂપ છે એમ વિદ્વાનોનું માનવું છે. નહપાનના વંશનું ક્ષહરાત નામ પણ છહરાતનું સંસ્કૃત રૂપ છે. આ શબ્દ મૂળ ઈરાનમાં પ્રાંતના સૂબાને સત્રપ કહેતા એ ઉપરથી હિંદમાં આવેલા શકોએ જૂની ઈરાનની તાબે-દારીના સંસ્મરણમાં ચાલુ રાખ્યો એમ પણ કોઈ વિદ્વાનનું માનવું છે.

નહપાનનું રાજ્ય દક્ષિણમાં મહારાષ્ટ્રના કેટલાક ભાગ ઉપર પણ પ્રસર્યું હોય એમ જણાય છે. એના સિક્કા ઉપર બેક્ટ્રો-ગ્રીક લિપિમાં અને કેટલાક નાગરીમાં પણ છે. ગઈ સદીમાં એના થોડા સિક્કા હાથ લાગ્યા હતા પરંતુ ૧૯૦૭ માં નાસિકની પાસેથી એના એક સાથે તેર હજાર ચાંદીના સિક્કા હાથ લાગ્યા છે.[4] એના સિક્કા-ઓ ઉપર राञो छहरातस नहपानस એમ લખેલું છે. કોઈ ઉપર क्षहरातस એમ પણ છે. क्षत्रप નામ એના સિક્કામાં જણાયું નથી. પણ એના જમાઈ ઉષવદત્ત (સંસ્કૃત ऋषभदत्त) ના લેખમાં ક્ષહરાત ક્ષત્રપ નહપાન એમ લખેલું છે. ક્ષત્રપ રાજાઓમાં નહપાન જેવાં પરદેશી નામો જણાય છે. પરંતુ પાછળથી હિંદુ નામો એમણે ધારણ કરેલાં છે.

---

૩. શક સંવત્સર શાલિવાહનને નામે પ્રસિદ્ધ છે અને તે દક્ષિણના સાતવાહનનું નામ છે એમ મનાય છે એ ભૂલ છે. કનિષ્કના સમયથી શક લોકોએ શરૂ કરેલો સંવત્સર શક સંવત્સર કહેવાય છે. આ માટે પ્રો. અલ્તેકરે તા. ૧૭-૩-'૪૦ ના 'હિંદુ'માં લેખ લખ્યો છે.

૪. પ્રો. કોમીસેરીએટ કૃત ગૂજરાતનો ઇતિહાસ, ઉપોદ્‌ઘાત-પૃ. ૩૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહપાનનો જમાઇ ઉષવદત્ત

ઉષવદત્ત નહપાનનો જમાઈ હતો અને નહપાનને પુત્ર વારસ ન હોવાથી જમાઈની સત્તા ઘણી હોય એમ જણાય છે. નાસિક વગેરેના લેખમાં ઉષવદત્તની ઉદાર દાનશીલતાનું વર્ણન આપેલું છે. એણે આબુ પાસે બનાસ નદી ઉપર ઘાટ બંધાવ્યો; પ્રભાસમાં આઠ બ્રાહ્મણ કન્યાઓનું કન્યાદાન દીધું; ભરૂચ, દશપુર (મંદસર) વગેરે જગ્યાએએ ધર્મશાળાઓ અને અન્નક્ષેત્ર બંધાવ્યાં; સોપારા આદિ જગ્યાએ બગીચા અને કૂવા કરાવ્યા. દક્ષિણ ગૂજરાતની તાપી દાહાણુક (દહાણુ) કાવેરી વગેરે નદીઓ પાર લોકને જવા આવવા માટે વિના મૂલ્યે હોડીઓની સગવડ રાખી. પુષ્કર વગેરે જગ્યાએ લાખો ગાયોનાં દાનનું પણ કહેવામાં આવે છે.[5] નહપાન પછી ઉષવદત્ત ગાદીએ આવ્યો હોય એમ લાગે છે પણ તે માટે પુરાવો નથી. તેમ જ ઉત્તરના કનિષ્કના સામ્રાજ્યના આ પશ્ચિમના ક્ષત્રપો ખંડિયા હતા કે સ્વતંત્ર હતા તે માટે પણ ખાત્રીદાયક પુરાવો મળતો નથી. શક સંવત્સર પશ્ચિમમાં નહપાને પોતે શરૂ કર્યો કે કનિષ્કના ખંડિયા તરીકે તે પણ ખાત્રીથી કહી શકાય તેમ નથી.[6] ઈ. સ.

---

૫. જુઓ મુંબાઈ ગેઝેટિયર ભા. ૧. પૃ. ૨૪-૨૬. આમાં ક્ષત્રપો સંબંધી ઘણી વિગત સાથે વર્ણન આપેલું છે. દાનમાં ત્રણ લાખ ગામોની વાત લખે છે તે મનાય કે કેમ તે સવાલ છે. નાળિયેરીનાં ઝાડ, અને બીજાં ઝાડ, ગામો, સુવર્ણ સિક્કા, વગેરેનાં દાનનો તો હિસાબ નથી. કયાં કયાં આ દાન કર્યાં એ ગામોનાં નામ પણ છે. ગેઝેટિયરનો લેખક લખે છે કે આ બધાં દાન બ્રાહ્મણ ધર્મને લગતાં અને બ્રાહ્મણોને આપેલાં છે. પણ બૌદ્ધ ધર્મને લગતાં દાનો એની સ્ત્રી-નહપાનની પુત્રીના સંતોષ માટે આપ્યાં હોવાં જોઈએ. નહપાન બૌદ્ધધર્મી હતો. આ વર્ણન ઉપરથી એટલું સ્પષ્ટ સમજાય છે કે સુરાષ્ટ્ર, અપરાંત, અને હાલના ગૂજરાતનો ઉત્તર સુધીનો ભાગ સારી રીતે વસેલો હતો અને વેપાર આદિને માટે લોકની આવજા પણ ઘણી હતી.

૬. ગેઝેટિયરનો લેખક શક સંવત્સરને નહપાનનો સંવત્સર માને છે. શાલિવાહન કે સાતવાહન-શાતકર્ણીએ શકને હરાવ્યા તેનો સંવત્સર એમ જે માને છે તે નિરાધાર છે. પ્રો. અલ્તેકર એને કનિષ્કના રાજ્યનો સંવત્સર માને છે તે સંભવિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૮ માં આંધ્ર સમ્રાટ ગૌતમીપુત્ર શાતકર્ણીએ નહપાનના રાજ્યને ઉથલાવી સુરાષ્ટ્ર અને અપરાંતમાં પોતાની સત્તા સ્થાપી હતી એમ નાસીકના લેખ ઉપરથી જણાય છે.[૭]

ક્ષત્રપોના બીજા કુલની સત્તા

નહપાન પછી ક્ષત્રપોનું બીજું કુલ સત્તામાં આવે છે અને એમનું રાજ્ય ગૂજરાત કાઠિયાવાડની ભૂમિ ઉપર ત્રણસો વર્ષ જેટલા લાંબા સમય સુધી ચાલે છે. આ વંશનો પહેલો રાજા ઝમોતિકનો પુત્ર ચષ્ટન છે અને એ શરૂઆતમાં ક્ષત્રપ હોઇ પાછળથી મહાક્ષત્રપ પણ કહેવાય છે. એણે ગૌતમીપુત્રે જીતેલો ગૂજરાત કાઠિયાવાડનો ભાગ પાછો લઈ લીધો.

ક્ષત્રપોનો પહેરવેશ

આ ક્ષત્રપોનો પહેરવેશ એમના સિક્કાઓ ઉપરથી સમજાય છે. નહપાનના સિક્કાઓથી આ જરા જુદા પડે છે. નહપાન ધારવાળી ટોપી પહેરે છે અને બાણ તથા વજ્રની નિશાની રાખે છે. એના વાળ હોળેલા છે અને કાન સુધી નીચા છે. ગળે પટો (કૉલર) અને ઝભ્ભો પહેરેલો છે. ચષ્ટનના સિક્કાઓમાં સૂર્ય ચંદ્રનું ચિહ્ન છે અને ટોપીને ધાર નથી. વાળ નહપાનથી જરા લાંબા છે અને મૂછો રાખેલી છે. નહપાનની પેઠે ચષ્ટનનું નામ અને એના બાપ ઝમોતિકનું નામ પરદેશી લાગે છે. એના લાંબા વંશમાં એકાદ અપવાદ સિવાય બીજાં નામ હિંદુ લાગે છે.

મહાક્ષત્રપ રુદ્રદામા

ચષ્ટનના વંશની લાંબી વંશાવળીના વર્ણનમાં ઊતરવું અહીં અસ્થાને છે એટલે મુખ્ય બીનાઓ અને એના પુત્ર જયદામાના પુત્ર રુદ્રદામાનું માત્ર વર્ણન કરીશું. ત્રણસો વર્ષના આ વંશના રાજ્ય કાળમાં રુદ્રદામા સૌથી મોટો અને યશસ્વી રાજા થઈ ગયો. એના સિક્કાઓ કાઠિયાવાડમાંથી ઘણા મળે છે. એણે ચાળીસ ઉપર વર્ષ રાજ્ય કર્યું. એનો દેખાવ પણ સિક્કાઓ ઉપરથી ચષ્ટનને મળતો છે. એના ગિરનારના લેખથી એ અમર બન્યો છે.

---

૭. ગેઝેટિયર આ વર્ષ જણાવે છે. વિન્સેન્ટ સ્મિથ ઈ. સ. ૧૨૬ લખે છે. પ્રો. કોમીસેરીએટ ઈ. સ. ૧૨૪ લખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે એના બાપે ખોયેલું મહાક્ષત્રપનું બિરુદ પાછું મેળવ્યું. એણે રાજ્યની સીમા ઘણી વધારી અને આંધ્રના શાતકર્ણી રાજાને બે વાર હરાવ્યો પણ જતો કર્યો; કારણ એણે પોતાની પુત્રી શાતકર્ણી રાજાને પરણાવેલી હોવાથી એ એનો જમાઈ થતો હતો. એણે અકરા–અવંતી, અનુપ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરુ, કચ્છ, સિંધુ, સૌવીર, કુકકુર, અપરાંત અને નિષાદ વગેરે દેશો જીતી લીધાં. એટલે ભીલસા, સિંધ, મારવાડથી શરૂ કરી ગૂજરાત, કાઠિયાવાડ અને કોંકણ સુધીનો ભાગ પોતાની સત્તા નીચે હતો. એને શબ્દ-વિદ્યા, અર્થશાસ્ત્ર, ગાંધર્વવિદ્યા (સંગીત), નર્તન, ન્યાયશાસ્ત્ર વગેરે વિદ્યાઓ આવડતી હતી. એ ઉપરાંત મર્દાનગીની રમતો, શસ્ત્રવિદ્યા, ઘોડાની રમતો અને પરીક્ષા, હાથી, રથ વગેરેની વ્યવસ્થા, કુસ્તી અને પટાબાજીનો પણ નિષ્ણાત હતો. એની વાણી સારી હતી, અને ગદ્ય તથા પદ્ય ઉપર પ્રભુત્વ હતું. એનું શરીર સુંદર અને ઘાટીલું હોવાથી ઘણી રાજકુમારીઓએ એને પતિ તરીકે પસંદ કર્યો હતો.[૮]

એણે શહેરો વસાવ્યાં, વેપારનાં સ્થળો અને ગામડાંને ચોર, લુટારુના ભયથી મુક્ત કર્યાં. જંગલી જનાવરો અને રોગનો ભય પણ એણે નાબૂદ કર્યો. સમાન શત્રુ યુદ્ધમાં આવે તેને મારવા સિવાય તે કોઈ માણસને મિથ્યા મારતો નહિ.

એણે ગિરનાર પાસેનું સુદર્શન તળાવ સમરાવ્યું

ઉપરની વીગત ઉપરાંત લેખમાં સુદર્શન તળાવની વીગત પણ આપેલી છે. એક વર્ષે (શક ૭૨) કાઠિયાવાડમાં મોટો જળપ્રલય આવ્યો અને ઉર્જયન્ત (ગિરનાર)ની પલાશિની, સુવર્ણસિકતા વગેરે નદીઓના ભારે પૂરથી પ્રદેશ જળમય થઈ ગયો અને સુદર્શન તળાવની પાળ અને બંધ તૂટી જવાથી, અને ભારે પવનથી મોટા પથ્થરો અને ઝાડ તૂટી પડવાથી તળાવ ફાટી ગયું અને એની

૮. રસિકલાલ પરીખ કૃત : ગૂજરાતનો ઇતિહાસ : કાવ્યાનુશાસન ભા. ૨ અને પ્રો. કોમીસેરીએટ કૃત ગૂજરાતનો ઇતિહાસ અને મુંબાઈ ગેઝેટિયર ભા. ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં બાંધકામ પણ તૂટી ગયાં અને પાણી ન રહેવાથી સુદર્શન તળાવ દુર્દર્શન બની ગયું હતું. ૪૨૦ હાથ લાંબો, ૪૨૦ હાથ પહોળો અને ૭૫ હાથ ઊંડો ખાડો પડી ગયો હતો. આને સમરાવવાનું કાર્ય રાજાના કાર્યકરોને અશક્ય લાગતું હતું, અને એમણે રાજાને એ કાર્ય પડતું મૂકવાની સલાહ આપી હતી. આથી લોકમાં ઘુમરાણ પણ થયું હતું. આખરે આનર્ત અને સુરાષ્ટ્રના પહેલ્લવી સૂબા સુવિશાખે (શ્યાવકશા) એ કામનું બીડું ઝડપ્યું અને કામ પૂરું કર્યું. નવો બંધ જૂના કરતાં ત્રેવડો મજબૂત અને મોટો બાંધવામાં આવ્યો અને પુષ્કળ ધન ખર્ચ કરવામાં આવ્યું. છતાં લોક પાસેથી કોઈ વેરો લેવામાં આવ્યો નહોતો અને વેઠ કરાવવામાં આવી ન હતી. કામ તાકીદે પૂરું કરવામાં આવ્યું અને સુદર્શન સરોવર સુદર્શનતર કરવામાં આવ્યું. આ પ્રમાણે રુદ્રદામાના લેખનો સાર છે. એમાં મૂળ એ તળાવ બાંધનાર સમ્રાટ અશોકનો ઉલ્લેખ પણ છે. આ લેખ ઈ. સ. ૧૫૦ નો છે. એના સમયના શક ૫૨ ના એક લેખ ઉપરથી એ સમયે કચ્છમાં બૌદ્ધ ધર્મ હોવાનું અનુમાન થાય છે.[૯]

એની પછીના રાજાઓ

રુદ્રદામા પછી લગભગ બાવીસ રાજાઓ થઈ ગયા. એના પુત્ર દામાજડશ્રીનું નામ પરદેશી લાગે છે, પરંતુ એનો પુત્ર જયદામા હિંદુ નામવાળો જણાય છે. જીવદામાને ઉઠાડીને એના કાકા રુદ્રસિંહ પહેલાએ રાજ્ય લીધું જણાય છે. એના સમયનો એના સેનાપતિ બાપકના પુત્ર સેનાપતિ રુદ્રભૂતિનો લેખ હાલારમાં ગૂંદા ગામ પાસેથી ઈ. સ. ૧૮૧ નો (શક ૧૦૩) નો મળ્યો છે તેમાં રસોપંદ્ર ગામમાં લોકો માટે કૂવો ખોદાવવાનો ઉલ્લેખ છે. આ રુદ્રભૂતિ આભીર જાતિનો હતો.[૧૦]

---

૯. ૨. છો. પરીખ કૃત ગૂજરાતનો ઇતિહાસ-કાવ્યાનુશાસન ભા. ૨, કચ્છનો આ લેખ શક સંવત્સર ૫૨ ઈ. સ. ૧૩૦ નો છે. એ સાલના બીજા ચાર લેખો રુદ્રદામાના રાજ્યના છે તેમાં તેનાં સગાંઓના મરણનાં સંસ્મરણોના ઉલ્લેખો મળે છે.

૧૦. ગેઝેટિયર, અને ઉપરના બે ઇતિહાસ ગ્રંથોમાંથી સાર લીધો છે. આભીરો ગૂજરાતમાં સત્તામાં હતા તેનો આ દાખલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતનો દરિયાઇ વેપાર વધારવાની કાળજી

વિદ્વાનોનું એમ માનવું છે કે પેરિપ્લસનો લેખક જે સેન્ડેનીસ નામના રાજાનો ઉલ્લેખ કરે છે તે ક્ષત્રપ સંઘદામા હોવો જોઇએ. પેરિપ્લસનો લેખક લખે છે કે એણે "સેરેગેનસ"–દક્ષિણના શાતકર્ણી રાજા પાસેથી મુંબાઈ પાસે આવેલું કલ્યાણ બંદર લઇ લીધું અને એ બંદરને વેપારના કેન્દ્ર તરીકે બંધ કરીને ત્યાં આવતાં ગ્રીક વહાણોને ભરૂચ આવવા માટે બંદોબસ્ત કર્યો અને કલ્યાણથી ભરૂચ આવવા માટે રસ્તો બતાવવા માછીમારોનાં વહાણો રાખ્યાં.[૧૧] આ ઉલ્લેખ ખરો માનીએ તો અસલથી વાણિજ્યપ્રધાન એવા આપણા પ્રાંતની વેપારવૃદ્ધિમાં આટલા પ્રાચીન સમયમાં પણ રાજકર્તાઓએ ખૂબ રસ લીધો જણાય છે. આટલા પ્રાચીન સમયમાં વેપાર અને વહાણવટાના ઉલ્લેખો બીજા કોઈ પ્રાંતના ઇતિહાસમાં આટલા પ્રમાણમાં જણાતા નથી.

ક્ષત્રપોના લાંબા રાજ્યકાળનો છેવટે ક્ષત્રપ આત્મસિંહના પુત્ર રુદ્રસિંહના સમયમાં ઈ. સ. ૩૯૫માં અંત આવે છે અને સુરાષ્ટ્ર વગેરે પશ્ચિમના પ્રાંતો ગુપ્ત સામ્રાજ્યનો ભાગ બની રહે છે.

ગૂજરાત કાઠિયાવાડનો સંબંધ કાંઠાને રસ્તે

આ સમયમાં એક વાત ઉપર ધ્યાન ખેંચાય છે. જે ઉલ્લેખો સ્થળો વગેરેના મળે છે તેમાં દક્ષિણ ગૂજરાત અને કાઠિયાવાડના ઉલ્લેખો વધારે છે. તે પછી શ્વભ્ર, કચ્છ, મારવાડ વગેરે દેશોનાં નામો આવે છે; પરંતુ તેમાંનાં સ્થળો ખાસ આવતાં નથી. કચ્છ સારી રીતે વસેલો જણાય છે. મધ્ય અને ઉત્તર ગૂજરાતના ઉલ્લેખો બહુ ન હોવાથી એ ભાગ વસેલા ન હોય એમ માનવાને કારણ નથી. પરંતુ ઉજ્જન જે ક્ષત્રપોનું રાજધાનીનું સ્થળ હતું ત્યાંથી પ્રાંતીય રાજધાની–ગિરિનગર–જૂનાગઢ જવા માટે મધ્ય ગૂજરાતને બદલે દક્ષિણ ગૂજરાતના બંદરેથી દરિયા મારફતે કાઠિયાવાડ જવાનો રસ્તો વધારે વપરાતો હોય એમ જણાય છે. નહપાને પણ એ રસ્તે કાઠિયાવાડ જીત્યું હશે એમ ઉલ્લેખો ઉપરથી જણાય છે. છેક મધ્યકાલીન રજપૂત સમય સુધી કાઠિયાવાડ જવા માટે ખંભાત થઇ

---

૧૧. ર. છો. પરીખકૃત ગૂ. ઇતિહાસ, કાવ્યાનુશાસન ભાગ ૨, પૃ. ૪૨.

૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિયાકાંઠાનો રસ્તો વપરાતો હતો અને ઝીંઝુવાડા થઈ રણના કિનારાનો રસ્તો થોડો થોડો પ્રચારમાં આવ્યો હતો.[૧૨] ક્ષત્રપોના સમયમાં મધ્ય ગૂજરાતમાં થઇને કાઠિયાવાડ જવાનું અશક્ય હોય એમ લાગે છે, કારણ કે બે હજાર વર્ષ પૂર્વે કાઠિયાવાડ બેટ હતો એમ સિદ્ધ થયેલું છે. ક્ષત્રપોના સમયમાં ગૂજરાત, કાઠિયાવાડ વચ્ચેનો પાણીનો ભાગ પુરાતો જતો હોવો જોઇએ.

દક્ષિણ ગૂજરાતમાં ત્રૈકૂટકો

ક્ષત્રપો અને ગુપ્તોના સમયની લગભગમાં દક્ષિણ ગૂજરાતમાં ત્રૈકૂટકોનું રાજ્ય હતું અને એ લોકો વૈષ્ણવ ધર્મના હતા. એ રાજ્યની વીગતમાં ઊતરવાનું આ સ્થાન નથી.

ગુપ્ત મહારાજ્ય

ઈ. સ. ૩૯૫ થી ૪૭૦ સુધી ગૂજરાત ગુપ્ત મહારાજ્યનો ભાગ હતું એ માટે સિક્કાઓ અને સ્કંદગુપ્તનો ગિરનારનો લેખ એ સિવાય બીજા ખાસ મોટા આધાર મળતા નથી. આ મહારાજાઓ વૈષ્ણવ ધર્મના હતા. ઈ. સ. ચોથી સદીના અંતમાં મહાન સમ્રાટ સમુદ્રગુપ્તનો પુત્ર ચંદ્રગુપ્ત બીજો વિક્રમાદિત્ય ગાદી ઉપર હતો. એણે ક્ષત્રપોને ઉથલાવીને પશ્ચિમ હિંદને પોતાના સામ્રાજ્યમાં જોડી દીધું. એના સિક્કાઓ ગૂજરાત, કાઠિયાવાડ અને કચ્છમાંથી મળ્યા છે. ક્ષત્રપોના સિક્કાઓમાં તેમણે થોડા સુધારા કરેલા જણાય છે.[૧૩]

સ્કંદગુપ્તના સમયનો ગિરનારનો લેખ

મહારાજા સ્કંદગુપ્તના સમયનો ઈ. સ. ૪૫૬ નો ગિરનારનો લેખ જણાવે છે કે પર્ણદત્ત નામનો સૂબો સુરાષ્ટ્રના અધિકાર ઉપર એણે નીમ્યો હતો. એ વખતે રુદ્રદામાએ બાંધેલો સુદર્શન સરોવરનો બંધ પલાશિની, સિકતા વગેરે નદીઓમાં પાછું મોટું પૂર આવવાથી

---

૧૨. મુસલમાન સમય સુધી પણ કાઠિયાવાડ જવાનો રસ્તો પેટલાદ અગર ધોળકા થઈ ખંભાત થઈને કિનારે કિનારે જવાનો રસ્તો વધારે વપરાતો. સોલંકી સમયમાં ઝીંઝુવાડા-પાટણનો રસ્તો ઝાલાવાડમાંથી થોડો વપરાતો શરૂ થયો. હાલ દક્ષિણથી ખંભાતવાળો રસ્તો ઓછો અને વીરમગામથી ઝાલાવાડવાળો રસ્તો વધારે વપરાય છે.

૧૩. ર. છો. પરીખનો અને પ્રો. કોમીસેરીએટનો ઇતિહાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટી ગયો. ગુપ્ત સંવત ૧૩૬ (ઈ. સ. ૪૫૬) ના વર્ષમાં જ્યેષ્ઠ[૧૪] વદિ છઠને દિવસે આ બનાવ બન્યો. ઈ. સ. ૪૫૭ ના ગ્રીષ્મમાં (વૈશાખ સુદ ૧ ?) સમરાવવાનું કામ શરૂ થયું અને ૧૦૦ હાથ લાંબો, ૬૮ હાથ પહોળો, સાત માથોડાં ઊંચો બંધ બે મહિનામાં તૈયાર થયો. પર્ણદત્તના પુત્ર અને જૂનાગઢના વહીવટદાર ચંદ્રપાલિતે ત્યાં વિષ્ણુનું મંદિર બંધાવ્યાનો પણ લેખમાં ઉલ્લેખ છે. ભવનાથને રસ્તે હાલના દામોદરના મંદિરની જગ્યાએ એ મંદિર હશે એમ માનવામાં આવે છે.[૧૫]

ઐતિહાસિક ગૂજરાતનું પહેલું પાટનગર જૂનાગઢ

આમ પ્રાગૈતિહાસિક સમયનાં દ્વારકાં વગેરે સ્થળો ન ગણીએ તો મૌર્યો, ક્ષત્રપો અને ગુપ્તોના સમયમાં ગૂજરાતની રાજધાની લાંબા સમય સુધી, કાઠિયાવાડમાં ગિરિનગર અથવા જૂનાગઢમાં રહી છે. અને ઐતિહાસિક સમયનું એ ગૂજરાતનું પહેલું પાટનગર છે.

ગુપ્તરાજ્યના અધિકારીઓના ગુણો

સ્કંદગુપ્તના ગિરનારના લેખમાં અધિકારીઓના ગુણમાં ક્ષમા, પ્રભુતા, નય, શૌર્ય, ધૈર્ય, અનાર્યોનો નિગ્રહ, બ્રહ્મણ્યતા, પ્રજારંજન આદિ લખેલા છે. આ ગુણો આપણા સમાજમાં રાજ્યકર્તાનો આદર્શ લગભગ અઢારમી સદી સુધી રહ્યા. કોઈએ આ ગુણ ન સેવ્યા અને કોઈ રાજ્યકર્તાએ સેવ્યા એ અંગત વિષય છે પરંતુ આદર્શ પ્રાચીનકાળથી એક જ રહ્યો છે.[૧૬]

---

૧૪ ર. છો. પરીખ જ્યેષ્ઠ વદિ છઠ લખે છે. પ્રો. કામીસેરીએટ ભાદ્રપદ લખે છે.

૧૫. સુદર્શન સરોવર ખરેખર ભાગ્યશાળી છે કે એની ત્રણ વખતની મરામતના ઉલ્લેખો મળે છે. ગૂજરાતમાં આવી રીતે કુદરતી કોપથી કેટલાં સ્થળો નાશ પામ્યાં હશે તેની નોંધ ક્યાં છે ? મને તો લાગે છે કે માણસોએ વેરભાવથી જે નાશ કર્યો છે તેના કરતાં કુદરતે કરેલો નાશ ઘણો વધારે છે. માત્ર માણસે કરેલો નાશ યાદ રહે છે તેટલો કુદરતે કરેલો નાશ ભુલાઈ જવાય છે. ગૂજરાતના મુસલમાન રાજ્યકર્તાઓને માથે જે નાશ કર્યાનું કહેવાય છે તેમાં આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.

૧૬. જુઓ દુર્ગાશંકર શાસ્ત્રીકૃત મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ. પૃ. ૧૦. દુર્ગાશંકરભાઈ લખે છે કે બ્રિટિશ સમય આવતા સુધી આ આદર્શો સારા અધિકારીએ સેવેલા છે, તે યથાર્થ છે. પરંતુ અનાર્યોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ પાંચમું

વલભી-એ રાજ્યે સાંસ્કૃતિક પ્રગતિમાં લીધેલો ભાગ

ઈ. સ. ની પાંચમી સદીના અંતભાગની લગભગથી ગૂજરાતના ઇતિહાસમાં નવો રંગ જામે છે. પ્રાગૈતિહાસિક હકીકતો અને તે પછી અંધકાર યુગની વાત જવા દઈએ. ઐતિહાસિક યુગની શરૂઆતથી ગૂજરાત સમૃદ્ધ હોવાના પુરાવા જોયા. પરંતુ મૌર્યો, એ પછીની સત્તાઓ, ક્ષત્રપો, અને ગુપ્તો આ બધી સત્તાનાં કેન્દ્રો ગૂજરાતની ભૂમિની બહાર હતાં. ગિરિનગર કેન્દ્ર હોવા છતાં પ્રાંતની દૃષ્ટિએ ઉપકેન્દ્ર જ ગણાય. વલભીના સમયથી રાજસત્તાનું મુખ્ય કેન્દ્ર ગૂજરાતની ભૂમિમાં આવે છે એ સેંકડો વર્ષે આવેલો એક નવો બનાવ ગણાય.

વલભીનગર ઘણું પ્રાચીન છે

વલભીનગર એના રાજ્યકર્તાઓએ વસાવેલું નથી. પહેલા પ્રકરણમાં જોયું તેમ એ ગૂજરાતનું એક ઘણું પ્રાચીન શહેર છે. પહેલાંના રાજ્યકર્તાઓએ પ્રાંતની રાજધાની તરીકે ગિરિનગર (જૂનાગઢ) ને કેમ પસંદ કર્યું, અને વલભીના રાજકર્તાઓએ સેંકડો વર્ષથી ચાલુ રહેલા એ પાટનગરને છોડી વલભીને પસંદ કર્યું એ આપણા ઇતિહાસનો એક કોયડો જ રહ્યો છે.[1]

વલભી સંસ્કારનું કેન્દ્ર

ક્ષત્રપો અને ગુપ્તોનો ઇતિહાસ જેમ સિક્કાઓ ઉપરથી તારવવો પડે છે તેમ વલભીના રાજાઓનો ઇતિહાસ એમનાં તામ્રપત્રો

નિગ્રહ એ શબ્દ જરા વ્યાપક અને આકરો છે. શાસ્ત્રીજી એનો અર્થ દુષ્ટ લોક એવો કરે છે તે ઠીક નથી.

૧. વલભી એક વખત બંદર હતું અને ભાવનગરની ખાડી છેક વલભી-વળા સુધી લંબાતી હતી. ખાડી પુરાયા પછી વળા દરિયાથી છેટું પડી ગયું. વલભીના ઉલ્લેખો સંસ્કૃત સાહિત્યમાં ઘણા છે. પાણિનિના ગણ-પાઠમાં પણ એનો ઉલ્લેખ છે. ટોલેમી Balai નામથી એનો ઉલ્લેખ કરે છે. વલભી શબ્દનો અર્થ 'વળી' થાય છે. આપણો વળી શબ્દ વલભીમાંથી નીકળેલો છે. આ નામ પાડવાનું કારણ સમજાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી મળે છે. એવાં ઘણાં તામ્રપત્રો મળ્યાં છે. ગૂજરાતની તે સમયની રાજ્યવ્યવસ્થાનો વીગતવાર જેવો ખ્યાલ વલભી રાજાઓના રાજઅમલનો મળે છે તેવો બીજાનો ભાગ્યે જ મળે છે. ગૂજરાતની સંસ્કારિતાનું વ્યક્તિત્વ પણ એ સમયમાં ખાસ ખીલ્યું, અને વલભી આખા હિંદુસ્તાનમાં સંસ્કારનું એક કેન્દ્ર મનાતું. આ દૃષ્ટિએ વલભી રાજ્યનો ઇતિહાસ બહુ મહત્ત્વનો છે. એના ઈ. સ. ૪૯૦ થી ૭૭૦ સુધીના લાંબા રાજ્યસમયમાં થયેલા રાજાઓની નામાવળીમાં ઊતરવાનું અહીં અસ્થાને છે; એટલે મુખ્ય બીનાઓની નોંધ લઈ સંસ્કારિતાને લગતી વીગતો માત્ર જોઈએ. આમ કરવાનું અહીં એક ખાસ કારણ એ પણ છે કે વલભી રાજાઓના વંશ અને જાતિ માટે વિદ્વાનોએ ખૂબ ચર્ચા કરી છે અને હજી કોઈ ચોક્કસ નિર્ણય થયો નથી. એટલે આ ગ્રંથ અન્ય સમયના ઇતિહાસનો હોવાથી એ ચર્ચાઓના વમળમાં અહીં પડવાની જરૂર જણાતી નથી.[૨]

---

૨. મુંબાઇ ગેઝેટિયર વો. ૧. ભા. ૧. માં આ ચર્ચા થયેલી છે અને એ ઉપરથી બીજા વિદ્વાનોએ પણ કરી છે. મેવાડના સિસોદિયા રાજકુળનું મૂળ વલભીમાં છે એમ પણ કેટલાક માને છે. ઈરાનના છેલ્લા સેસેનિયન રાજા યજ્દેગર્દની પુત્રીનું વલભીના કોઈ રાજા સાથે લગ્ન અને મેવાડના વંશનો એ સાથે સંબંધ પણ કોઇ કહે છે. ગુપ્તરાજ્યને ઢીલું કરનાર હૂણ-ગુર્જરાદિ ટોળાઓના નેતા તોરમાણ અને તેના પુત્ર મિહિરકુલનો વલભીના સ્થાપક સાથે સંબંધ પણ કોઈ માને છે. વલભીનો સ્થાપનાર ગુર્જર કે ગુર્જરની કોઈ શાખાનો હોવાનું પણ કહેવાય છે.

એ સ્થાપનાર ભટ્ટાર્ક મૈત્રકોને હરાવીને રાજા થયો એમ કેટલાક માને છે તો બીજા એ પોતે જ મૈત્રક વંશનો હતો એમ માને છે. એ સ્કંદગુપ્તનો સેનાપતિ હતો અને ગુપ્તરાજ્ય નરમ થયા પછી વલભીમાં ગાદી કરી બેઠો એમ પણ મનાય છે. આ મૈત્રકો કાઠિયાવાડના મેર લોકો એમ કોઇ માને છે. જ્યારે શ્રી જાયસ્વાલજી આર્યમંજુશ્રી મૂલ કલ્પના આધારે અને અસુરિસ્તાનના લેખને આધારે યાદવોની એક શાખા માને છે. શ્રી વૈદ્ય માને છે કે મૈત્રકને કુલના નામ તરીકે ગણવું અને એના અર્થની પંચાતમાં ન પડતાં મિત્ર એટલે સૂર્યવંશ એમ કેમ ન માનવું ? આમ આ બધાં અનુમાનોની ઇંદ્રજાળમાંથી નીકળવું મુશ્કેલ છે અને એની સવિસ્તર ચર્ચા પણ આ ગ્રંથમાં અસ્થાને છે.

મેજર વૉટ્સન વલભીના રાજ્યકર્તાઓની બાબતમાં ભાટ ચારણોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલભીના રાજાઓ.

વલભીનું રાજ્ય સ્થાપનાર ભટ્ટાર્ક અને એનો મોટો પુત્ર ધરસેન પોતાને સેનાપતિ જ કહે છે. પણ એનો બીજો પુત્ર દ્રોણસિંહ પોતાને મહારાજ અને પરમ-ભટ્ટારક-પાદાનુધ્યાતો-કહે છે. એના ત્રીજા પુત્ર ધ્રુવસેન પહેલાના તામ્રપત્રમાં જણાવેલું છે કે પરમસ્વામીએ એનો રાજ્યાભિષેક કર્યો, એટલે ત્રણ રાજાઓ કોઈ મહારાજાધિરાજના ખંડિયા હોય એમ વિદ્વાનો માને છે. આ દ્રોણસિંહે મનુ અને બીજા સ્મૃતિકારનાં ધર્મશાસ્ત્રોની આજ્ઞા મુજબ રાજ્યપદ્ધતિની વ્યવસ્થા કરી અને પ્રજામાં વિદ્યાનો પ્રચાર વગેરે કાર્યો કર્યાં એમ ધ્રુવસેનનાં તામ્રપત્ર જણાવે છે. ધ્રુવસેન પહેલાનાં તામ્રપત્રોમાં એનાં બિરુદો આ પ્રમાણે છે: પરમભટ્ટારકપાદાનુધ્યાત મહાસામંત, અને મહારાજ. વળા (વલભીનું હાલનું નામ)માં જ જડેલા ઈ. સ. ૫૩૫ ના એક તામ્રપત્રમાં એને મહાપ્રતિહાર, મહાદંડનાયક, અને મહાકાર્તકૃતિક, એ વિશેષણો લગાડયાં છે. એટલે કોઇ સાર્વભામસત્તા એના ઉપર પણ હોય એમ સમજાય છે. ભટ્ટાર્ક પોતે અને દ્રોણસિંહ પરમમાહેશ્વર હતા અને ધ્રુવસેન પરમભાગવત હતો એમ પણ જણાય છે. આમ છતાં બીજા સંપ્રદાયોને અને બૌદ્ધધર્મને પણ એમની ઉદારતા ભૂલતી નથી. ધર્મની પુષ્કળ સહિષ્ણુતા અને ઉદારતા એ

હેવાલ આપતાં કહે છે કે એ લોકો અયોધ્યાના રાજ્યકર્તા હતા અને એમને ગુપ્તોએ જીતી લીધા, ભટ્ટાર્ક સ્કંદગુપ્તનો સેનાપતિ હતો. કુમારપાળગુપ્ત-(કુમારગુપ્ત)ને એના બાપે ગૂજરાત જીતવા મોકલેલો અને એણે પ્રંદત્તના પુત્ર ચક્રપાણિને પ્રાંતનો સૂબો બનાવ્યો. આ પ્રંદત્ત એ ગિરનારના લેખનો પર્ણદત્ત અને ચક્રપાણિ તે ચક્રપાલિત પર્ણદત્તનો પુત્ર એમ બંધ બેસે છે ખરૂં. આ લોકો પાસેથી ભટ્ટાર્કે સ્કંદગુપ્તની સત્તા ગયા પછી રાજ્ય પડાવી લીધું હશે. કદાચ એમ પણ સંભવે કે પર્ણદત્ત અને ભટ્ટાર્ક એક જ સત્તાના નોકરો હોવાથી પર્ણદત્ત અને ચક્રપાલિત જૂનાગઢમાં સત્તામાં હોય અને તેમને ત્યાં રહેવા દઇ ભટ્ટાર્કે વલભીમાં જુદી ગાદી સ્થાપી હોય. જૂનાગઢમાં ગાદી ન સ્થાપવાનું એ કારણ પણ હોય. પાછળથી વલભીની સત્તા વધતાં એ બધો ભાગ એમની સત્તામાં આવ્યો હોય. આ બધાં અનુમાનોનો નિશ્ચિત અંત હજી આવ્યો નથી. એટલે વધુ લંબાણ ચર્ચા કરવી અહીં ઠીક નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયમાં હોય એમ પણ જણાઈ આવે છે. એની પછી ગાદીએ આવનાર એનો ભાઈ ધરપટ્ટ પોતાને પરમાદિત્ય ભક્ત કહે છે એ ઉપરથી આ સિદ્ધ થાય છે.[૩] શિવના પુત્ર કાર્તિકેયની ભક્તિ એ ગૂજરાતના ઇતિહાસમાં નવીનતા જેવું લાગે છે. એ ભક્તિ આજે દ્રાવિડ દેશમાં વ્યાપક છે. અને કેટલાક ચુસ્ત વૈષ્ણવ સિવાય બીજા સંપ્રદાયવાળા પણ એ દેવને માને છે. ધ્રુવસેન ભાગવત છતાં પણ કાર્તિકેયને માનનારો હોઈ શકે એમાં નવાઈ નથી.

હિંદુસ્તાનમાં વલભીનું મહત્ત્વ

આ પછી ગુહસેન ધરસેન બીજો વગેરેથી શીલાદિત્ય છેલ્લા સુધી ઘણા રાજાઓ થઈ ગયા. એમનાં તામ્રપત્રોમાં પણ ગૂજરાતને લગતી ઘણી હકીકત માલૂમ પડે છે.[૪] એમાં બે રાજાઓનો ઉલ્લેખ અહીં કરવો જોઈએ. ધ્રુવસેન બીજાને કનોજના પ્રસિદ્ધ સમ્રાટ હર્ષે હરાવ્યો અને પછી એને પોતાની પુત્રી પરણાવી. એનો પુત્ર ધરસેન ચોથાનું બિરૂદ પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તી શ્રીઅજ્જકપાદાનુધ્યાત એવું છે. હર્ષદેવને પુત્ર ન હોવાથી અને ધરસેન એનો દૌહિત્ર થવાથી કનોજની ગાદીનો પણ એ વારસ થયો હશે અને પોતાને ચક્રવર્તી કહેતો હશે. એના સિવાય વલભીના

---

૩. જુઓ. છો. પરીખનો કાવ્યાનુશાસન ભા. ૨ માં આપેલો ઇતિહાસ પૃ. ૫૧-૫૫ મહાકાર્તકૃતિકનો અર્થ કાર્તિકેયનો ભક્ત એવો કરેલો છે જ્યારે એ જ પાનામાં નીચે એને પરમ ભાગવત કહ્યો છે. કાર્તિકેયની ભક્તિ ગૂજરાતમાં એ સમયમાં હોય તો એ ધાર્મિક સંસ્કૃતિના ઇતિહાસમાં એક નવું પ્રકરણ છે. આ ભક્તિ ગૂજરાતમાં આજે જણાતી નથી.

૪. આનર્તપુર અને આનંદપુરના બ્રાહ્મણોના ઉલ્લેખમાં આવે છે. મોટે ભાગે ઉલ્લેખો કાઠિયાવાડનાં ગામોના છે. આ આનંદપુર અને આનર્તપુર એ વડનગર એમ વિદ્વાનો માને છે. વડનગરમાં હાટકેશ્વરક્ષેત્ર છેવટનું ખસેડયા પછી આ નામો વડનગરને આરોપાયાં છે. પરન્તુ એ માટેની શંકા હજી ઊભી છે. વલભીના સમયમાં કદાચ વડનગરને એ નામ મળ્યાં હોય. ગૂજરાતનો બીજો ઉલ્લેખ બંદરીજીદ્રી તાલુકાના આશિલાપલ્લિકા ગામનો છે, જેને બારજડી તાલુકાનું આશાપલ્લી ગામ માનવામાં આવે છે. પણ આશાપલ્લી-(અમદાવાદવાળું) કોઈ વખતે એટલું નાનું હોય એવો બીજો આધાર મળ્યો નથી. આશિલાપલ્લિકા કોઈ બીજું પણ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાઓમાં કોઇ ચક્રવર્તી થયું નથી.[૫] આમ પોતાના પરાક્રમને બદલે વારસાથી ચક્રવર્તી થયેલા ધરસેનનું વલભીનું રાજ્ય થોડા વખત માટે હિંદુસ્તાનના મોટા ભાગનું સામ્રાજ્ય બની ગયું. આ ચક્રવર્તી રાજાના વખતમાં સુપ્રસિદ્ધ રાવણવધકાવ્ય (ભટ્ટિકાવ્ય)નો કર્તા કવિ ભટ્ટિ થઇ ગયો. ભટ્ટિકાવ્ય એ વ્યાકરણ અને કાવ્ય સાથે કહેતું એક સુંદર મહાકાવ્ય છે અને શ્રીમાલના માઘ કવિના શિશુપાલવધને અને કેટલાકના મતે ભટ્ટિકાવ્યને મહાકાવ્ય ગણીએ તો પાંચ કે છ મહાકાવ્યોમાં બે ગૂજરાતને ભાગે આવે છે.

ચીનનો મુસાફર યુવાનચંગ

આ સમયે યુવાનચંગ ચીનો ઈ. સ. ૬૪૧માં હિન્દમાં આવ્યો અને એણે વલભી સાથે પશ્ચિમહિંદના કેટલાક ભાગનું વર્ણન કર્યું છે. વલભીને એ ફલપી (Fa-la-pi-) કહે છે. એ દેશની જમીન મોલાપો-માળવા જેવી છે. અહીં માળવા એટલે ખરું માળવા નહિ પણ મહી નદીની આસપાસનો અને પૂર્વનો ભાગ સમજવાનો છે. યુવાનચંગ કહે છે કે જમીન ફળદ્રુપ છે. શિયાળુ ઘઉંના પાકને માટે લાયક છે. લોકો રોટલી ખાય છે અને નરમ સ્વભાવના છે, પણ ઘણા બુદ્ધિશાળી છે. ભાષા બહુ શુદ્ધ છે અને લોકો વિદ્યાસંપન્ન છે. બ્રાહ્મણ અને બૌદ્ધ બન્ને ધર્મો પ્રચલિત છે, વસ્તી ઘણી ગીચ છે અને એક સો ઉપર ઘર તો કરોડપતિઓનાં છે. દૂરદેશ પરદેશની વસ્તુઓની અહીં મોટી વખારો છે. બૌદ્ધોના સો ઉપર સંઘારામ અને બ્રાહ્મણદેવોનાં સેંકડો દેવાલયો છે. એ પછી કનોજના રાજાના જમાઈ અને તે સમયના રાજાનું નામ ધ્રુવપટ્ટ કહે છે અને એના સ્વભાવ અને ઉદારતા, ધર્મપ્રિયતા, વગેરેનું વર્ણન પણ કરે છે.[૬]

---

૫. ઈ. સ. ૭૭૦ લગભગમાં લખાયેલો શ્રીઆર્યમંજુશ્રી મૂલ કલ્પ પણ આ વાતને ટેકો આપે છે.

૬. જુઓ વૉટર્સનો યુવાંગચ્યંગ અને ર. છો. પરીખ કાવ્યાનુશાસન ભા. ૨. આ ચીના મુસાફરની દિશાઓમાં ગોટાળો છે તે આગળ જોયું છે. મહી નદીની પાસે માળવા કહે છે તે આગળ જોયું તેમ અપર માલવ હોવો જોઈએ. અને નામ વગરનું રાજધાનીનું વર્ણન શ્રી. રસિકલાલ પરીખ કહે છે તેમ ખંભાત હોવું જોઈએ એમ મહી નદીના સાંનિધ્યથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલભી વેપાર અને વિદ્યા બન્નેનું કેન્દ્ર

વલભી વેપારનું કેન્દ્ર હતું તે ઉપરથી પણ એ સમયે એનું સ્થળ દરિયાની નજીક હશે એમ સમજાય છે. યુવાંગચંગ ચીનો એનો વેપાર મોટો હતો અને લોક પૈસાદાર હતા એમ સ્પષ્ટ કહે છે. સંસ્કૃત વાર્તાસાહિત્યમાં પણ વલભીના વેપારના ઉલ્લેખો છે. દશકુમાર ચરિત-જેને આપણે વલભીરાજ્યનું સમકાલીન પુસ્તક ગણી શકીએ-કહે છે કે સુરાષ્ટ્રમાં આવેલા વલભીમાં કુબેર જેવો ધનવાન ગૃહગુપ્ત નામનો એક મોટો વહાણવટી હતો. મધુમતી (મહુઆ) થી એવો જ ધનવાન બલભદ્ર નામે વેપારી ગૃહગુપ્તની પુત્રી રત્નમતીને વલભી આવીને પરણે છે. કથાસરિત્સાગરમાં એક વિદ્યાધરે એક વેપારીના કુટુંબમાં વલભીમાં વસુદત્ત નામથી જન્મ લીધો હતો અને એના બાપે એને વેપાર માટે દૂર દેશાવરોમાં જવા કહ્યું હતું એમ લખ્યું છે. એ જ ગ્રંથમાં પાટલીપુત્રનો દેવસેન નામે માણસ પોતાની સ્ત્રી કીર્તિસેનાને સાસુને હવાલે સોંપીને વેપાર માટે વલભી જાય છે એમ લખ્યું છે. પાટલીપુત્ર જેટલે છેટેથી વેપાર માટે ગૂજરાતને બંદરે આવવું પડે એ ખરેખર સૂચક છે અને એવા ઘણા દાખલા પ્રાચીન સાહિત્યમાં મળે છે. ઉત્તર હિંદના ઘણા વેપારી આ રીતે વલભી, ભરૂચ, પ્રભાસ, ખંભાત વગેરે બંદરોએ વેપાર માટે આવ્યાના ઉલ્લેખો છે.[૭]

ધાર્મિક સહિષ્ણુતા

વલભીનાં તામ્રપત્રો ઉપરથી એ સમયની ધાર્મિક ઉદારતા અને સહિષ્ણુતાના પણ ઘણા પુરાવા મળે છે. વલભી રાજાઓનો રાજધર્મ શૈવ હતો એમ સ્પષ્ટ સમજાય છે. આમ છતાં કેટલાક રાજાઓ અન્ય દેવોના ભક્ત હોય એમ જણાય છે. વૈષ્ણવ ધર્મ પણ સારા પ્રમાણમાં પ્રચલિત હોય એમ હર્ષવર્ધનના વૈષ્ણવ ધર્મથી

જણાય છે. શ્રી. રસિકલાલભાઈ એને આશાપલ્લી માને છે તે બંધબેસતું નથી. આ દેશોના જ સાંનિધ્યમાં એવા જ વર્ણનવાળો "અચલી" નામે દેશ ચીનો કહે છે અને જેનો પત્તો લાગ્યો નથી તે કદાચ એ હોય તે માટે આગળ નોંધ લીધી છે.

૭. કોસાંબી નગરીથી પણ ધવલ શેઠ વહાણવટી ભરૂચ આવેલો તે માટે જુઓ મારો વહાણવટાનો નિબંધ, એવા ઘણા દાખલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્રૈકૂટકોના એ ધર્મના સેવનથી સ્પષ્ટ થાય છે. જૈન ધર્મનું જોર એ સમયે ગૂજરાતમાં સંપૂર્ણ જામ્યું હતું અને વલભી રાજ્યની શરૂઆતની લગભગમાં જ દેવર્દ્ધિગણિએ જૈન સાધુઓની પરિષદ વલભી નગરમાં ચર્ચા માટે બોલાવી હતી એવો ઉલ્લેખ છે. વલભીનો એક રાજા ધર્મપટ્ટ અથવા ધર્મભટ્ટ પરમાદિત્ય–સૂર્યનો ભક્ત હતો અને સૂર્યપૂજા એ પછી પણ ગૂજરાતમાં પ્રચલિત હતી, એ સૂર્યનાં મંદિરોનાં આજે પણ જે અવશેષો છે તે ઉપરથી માલૂમ પડે છે. સૂર્યની પૂજા ગૂજરાતમાં એક વખત વધારે વ્યાપક હતી એમ માનવાને લેખો અને પુરાણોના ઉલ્લેખો ઉપરથી કારણ મળે છે. સ્કંદ કાર્તિકેયની પૂજાનો એક સંદિગ્ધ ઉલ્લેખ આગળ જોયો, એ ઉપરથી કોઈ કોઈ જગ્યાએ એ પૂજા ચાલતી હોવાનો ઉલ્લેખ છે. પરંતુ ગૂજરાતનો મુખ્ય રાજધર્મ તો ઘણા પ્રાચીન સમયથી શૈવધર્મ જ હોય એ સ્પષ્ટ છે. વલભીના સમયમાં પણ એ જ ધર્મ રાજધર્મ હતો, છતાં એ ધર્મને દાન કે પોષણ આપ્યાના ઉલ્લેખો હજી બહુ મળ્યા નથી એ નવાઈની વાત છે. બૌદ્ધ ધર્મ પણ એ સમયે ગૂજરાતમાં સારા પ્રમાણમાં પ્રચલિત હતો એ યુવાંગચંગ ચીનાના ઉલ્લેખોથી સમજાય છે. ખંભાત અને કાઠિયાવાડને કિનારે બૌદ્ધ મૂર્તિઓ મળી છે, અને બૌદ્ધ વિહારોના પણ ઘણા ઉલ્લેખો મળે છે. એ સમયે મંદિરો લાકડાનાં અને ઇંટોનાં બંધાતાં હોવાં જોઈએ. ગુફાઓનાં મંદિરો પણ મળે છે. પથ્થરનાં મંદિરો સોલંકી સમય સુધી થતાં નહોતાં.[૮]

---

૮. કાયાવરોહણ-કારાવણમાં પાશુપતાચાર્ય લકુલીશનો જન્મ થયો છે અને પાશુપત સંપ્રદાયનું મૂળસ્થાન ગૂજરાત–લાટ મનાય છે. અહીંથી બધે એ સંપ્રદાય પ્રસર્યો છે. એટલે એ સમયમાં એનું જોર હોય તે સ્વાભાવિક છે. કાર્તિકેયના સંપ્રદાય માટે ખાસ આધાર મળતા નથી. આજે તો ગૂજરાતમાં એ સંપ્રદાય બિલકુલ નથી. જ્યારે દ્રાવિડ દેશમાં એ એક મુખ્ય સંપ્રદાય છે. શ્રી. ગોપીનાથરાવ એમના મૂર્તિવિધાનના ગ્રંથમાં લખે છે કે સ્કંદપૂજાની ઉત્પત્તિ કદાચ સૂર્યપૂજામાંથી થઈ હોય. પરંતુ દ્રાવિડ દેશમાં શૈવ ધર્મનો જ એક ભાગ એ મનાય છે. જોકે એનાં આગમો જુદાં પણ છે. સ્કંદપુરાણ ઉપરથી એમ લાગે કે એનો પ્રચાર ગૂજરાતમાં કોઈ વખતે હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યા સંસ્કારને ઉત્તેજન

વલભીનગર વિદ્યા અને સંસ્કારનું પણ એ સમયે હિંદુસ્તાનમાં એક મોટું કેન્દ્ર હતું, અને અખિલ હિંદમાં ગણી શકાય એવું વિશ્વ-વિદ્યાલય એ સમયે વલભીમાં હોય એમ જણાય છે. વલભીના રાજાઓ પોતે વિદ્યાવાન્ અને સંસ્કારી હતા અને એમણે વિદ્વાનોને ઉત્તેજન આપેલું છે. કથાસરિત્સાગરમાં ઉત્તર હિંદના અંતર્વેદી જેવા પવિત્ર સ્થળનો નિવાસી વિષ્ણુદત્ત નામનો માણસ વિદ્યા-સંપાદન કરવા વલભી જાય છે એવો ઉલ્લેખ છે. ભટ્ટિકાવ્ય વલભીમાં રચાયું છે એ આગળ જોયું. જૈન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાન્તોનું પણ એ કેન્દ્ર હતું તે પણ આગળ જોયું. યુવાનચંગની પછી આવેલો ઈત્સીંગ નામે ચીનો લખે છે કે ચીનના વિશ્વવિદ્યાલય સાથે સરખાવી શકાય તેવાં હિંદમાં માત્ર બિહારમાં નાલંદા, અને વલભી એમ બે વિશ્વવિદ્યાલયો હતાં. ધર્મમાં ઉદારતા સાથે સમાજમાં પણ એ સમયે બહુ સંકુચિતપણું આવ્યું હોય એમ જણાતું નથી. આનંદપુર ને વડનગર માનીએ તો એના બ્રાહ્મણોનો બ્રાહ્મણો તરીકે ઉલ્લેખ છે. ભૌગોલિક સ્થળો ઉપરથી જ્ઞાતિઓ એ સમયમાં થઈ હોય એવા આધાર મળતા નથી.

સામાજિક સ્થિતિ

વર્ણવ્યવસ્થા તો પ્રાચીન સમયથી ચાલી આવે છે પરંતુ એમાં નાના ભાગલા પડયા નહોતા. ગામડામાં મોટે ભાગે ખેડૂતની વસ્તી હતી અને તે કણબી કુટુંબી કહેવાતો. ખેતીને અંગે જે જે ચીજો જોઈએ તે બનાવનારા અને લોકની જરૂરિયાતની ચીજો બનાવ-નારાઓ—સુતાર, લુહાર, ઘાંચી, મોચી, વણકર, દરજી, અને એ બધાને ધીરધાર કરનારો બધાથી ઢીલો છતાં બધાને હાથ નીચે દબાયેલા રાખનારો વાણિયો એ બધા ગ્રામ્ય સમાજનાં અંગ હતાં. શીવેલાં કપડાંનો પ્રચાર પણ થોડો હતો. જો કે સામાન્ય રીતે શીવ્યા વગરનાં કપડાં પહેરાતાં.[૯] પરદેશીઓ અને પરપ્રાંતીઓના સંસર્ગમાં સૌથી પ્રાચીન કાળથી આજ સુધી હિંદના પ્રાંતોમાં ગૂજરાત

---

૯. જુઓ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી કૃત, મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ પૃ. ૧૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌથી વધારે આવ્યો છે, એટલે શીવેલાં કપડાંનો પ્રચાર ગૂજરાતમાં સૌથી વધારે હોવાનો સંભવ છે.

આદર્શ રાજ્યવ્યવસ્થા

વલભીની રાજ્યવ્યવસ્થા બહુ રસમય છે. દેશના વિભાગો પણ જાણવા જેવા છે. સૌરાષ્ટ્રને વિષય કહે છે તે પ્રાંતને મળતું છે. જિલ્લાને આહાર કહે છે જેને કોઈ જગ્યાએ વિષય પણ કહેલો છે. તાલુકાને પથક કહેલો છે. આજે પંથક શબ્દ કાઠિયાવાડમાં તાલુકા માટે શિથિલ રીતે વપરાય છે. એનાથી નાનો કદાચ મહાલ જેવો વિભાગ હોય તેને સ્થલી કહે છે.

વહીવટને લગતી ઘણી ઉપયોગી વીગત વલભીના સમયને માટે તામ્રપત્રોમાંથી મળે છે. તે નીચે પ્રમાણે છે :—

(૧) આયુક્તક અને વિનિયુક્તક એ રાજાએ ખાસ કામ માટે નીમેલો અધિકારી છે. પ્રો. અલ્તેકર એને ગામડાનો હિસાબ રાખનાર (તળાટી ?) કહે છે. (૨) દ્રાંગકઃ-દ્રંગ એટલે શહેર. એનો અધિકારી એટલે નગરરક્ષક એવો અર્થ છે. (૩) મહત્તરઃ-મોટો. મરાઠી શબ્દ મ્હાતારા આ શબ્દમાંથી નીકળ્યો છે. એનો અર્થ મુખી જેવો છે. (૪) ચારભટઃ-આના અર્થ માટે મતભેદ છે. ચોર પકડનાર, એવો અર્થ એક કરે છે; ચાર એટલે અમુક વખત માટેનો સિપાઈ અને ભટ એટલે કાયમનો સિપાઈ એવો અર્થ બીજા કરે છે; ચાર એટલે સામાન્ય સિપાઈ અને ભટ એટલે લશ્કરી સિપાઈ એવો અર્થ ત્રીજા કરે છે. (૫) ધ્રુવઃ-ગામડાનો હિસાબ રાખનાર તળાટી. હજી કચ્છમાં એને ધ્રુવ કહે છે. (૬) અધિકરણિકઃ-ન્યાયનું કામ કરનાર. (૭) દંડપાશિકઃ-પોલિસનો વડો અથવા કેદખાનાનો વડો એવો અર્થ પણ થાય. (૮) ચૌરોદ્ધરણિકઃ-પોલિસનો વડો. (૯) રાજસ્થાનીયઃ-સૂબો અગર મામલતદાર. (૧૦) અમાત્ય એટલે પ્રધાન. (૧૧) અનુત્પન્નાદાન સમુદ્ગ્રાહકઃ-ચઢી ગયેલો કર વસૂલ કરનાર. (૧૨) શાલ્કિકઃ-જકાતનો ઉપરી. (૧૩) ભોગિક કે ભોગોદ્ધરણિકઃ-જમીન મહેસૂલ ઉઘરાવનાર. (૧૪) વર્ત્મપાલઃ-રસ્તાનો ચોકિયાત. (૧૫) પ્રતિસરકઃ-ગામડામાં રાતની ચોકી કરનાર. (૧૬) વિષયપતિઃ-કલેકટર જેવો અધિકારી. (૧૭) રાષ્ટ્રપતિઃ-વિષય કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા ભાગનો અધિકારી. (૧૮) હસ્ત્યારોહ અને અશ્વારોહ:-ઘોડેસવાર, અને હાથી સવાર (માવત?) આ ઉપરાંત જમીનની માપણી કરનારને પ્રમાતૃ કહેલો છે. માપણીને માટે પાદાવર્ત કે ભૂપાદાવર્ત શબ્દ છે તેમ જ પીઢક એટલે ટોપલો-અમુક ટોપલા અનાજ જેમાં વાવી શકાય તેટલી જમીન એવા ઉલ્લેખો તામ્રપત્રોમાં મળે છે. જમીન ઉપરાંત બીજા કર પણ હોય એમ સમજાય છે. રાજાની આજ્ઞાઓને અમલમાં મૂકનાર અધિકારીને દૂતક કહ્યો છે. આ ઉપરાંત સંધિવિગ્રહાધિકૃત, અક્ષપટલિક (પટેલ? મરાઠી શબ્દ પાટિલ પણ આનું રૂપ હોય એમ મનાય છે) દંડનાયક વગેરે અધિકારીઓનાં નામો પણ મળે છે.[૧૦] વલભીના રાજ્યને નૌકાસૈન્ય પણ હતું, પરંતુ તેની વીગત મળતી નથી.[૧૧] રાજ્ય અને સમાજવ્યવસ્થાની ઘણી રીતો ધર્મશાસ્ત્રોને અનુસરીને હતી.

વલભીની પડતી

વલભી રાજ્યની પડતીની વાત જનસમાજમાં વધારે પ્રચલિત છે અને રંક નામના મારવાડી વાણિયાની એ વાત વલભીના જ્વલંત ઇતિહાસ કરતાં લોકમાં વધારે જાણીતી છે. આ લોકવાયકા છેક અગિયારમી સદીની શરૂઆતમાં અલ્બરૂનીએ પણ નોંધી છે. પાલીનો આ મારવાડી વાણિયો પરદેશીઓને બોલાવીને છેલ્લા રાજા શીલાદિત્યને ઉખેડી નાંખવાનું કારણ બન્યો એમ કહેવાય છે. પ્રબંધચિંતામણિ પણ એ વાતનો ઉલ્લેખ કરે છે. ઈ. સ. ૭૭૦[૧૨] અને બીજે મતે ઈ. સ. ૭૮૫ માં દરિયામાર્ગે આરબોએ ચઢાઈ કરીને વલભીના રાજ્યનો નાશ કર્યો.[૧૩] આમ છતાં થોડી સદીઓ વલભીનગર ભાગેલી દશામાં પણ રહ્યું હતું.

---

૧૦. આ અધિકારીઓનો સાર શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીકૃત મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ પૃ. ૧૯-૨૧ માંથી લીધો છે.

૧૧. જુઓ ર. છો. પરીખકૃત કાવ્યાનુશાસનમાં બીજા ભાગમાં લખેલો ઇતિહાસ.

૧૨. આ માટે પ્રો. કોમીસેરીએટે ગૂજરાતના ઇતિહાસ પૃ. ૪૧-૪૩ માં ડૉ. ટેલરના લેખનો ઉતારો આપ્યો છે તે વાંચવા જેવો છે.

૧૩. શ્રી. રસિકલાલભાઈ ઈ. સ. ૭૮૫ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠું

ગૂજરાતના ઇતિહાસના ભ્રમણયુગો અને ગુર્જરો

ગૂજરાતમાં વધુ જાતિઓનું ભ્રમણ

ઘણા દેશોના ઇતિહાસમાં ભ્રમણયુગો તો આવ્યા હશે, પરંતુ ગૂજરાતના ઇતિહાસમાં જેટલા ભ્રમણયુગો આવ્યા છે એટલા અને એવા ભ્રમણયુગો કોઈ દેશના ઇતિહાસમાં ભાગ્યે જ આવ્યા હશે. પંજાબમાંથી ઘણા પરદેશી આક્રમણો હિંદમાં આવ્યાં છે, પણ પંજાબમાં આર્ય જાતિની વસ્તી મોટે ભાગે કાયમ રહી છે, પછી ધર્મે તે જાતિઓ આજે હિંદુ હોય કે અન્યધર્મી હોય. એ જ પ્રમાણે વધતા ઓછા પ્રમાણમાં બીજા પ્રાંતોમાં અને દેશોમાં થયું છે. પરંતુ ગૂજરાતમાં જાતિઓની જેટલી વિવિધતા છે તેટલી ભાગ્યે બીજી કોઈ જગ્યાએ હશે. પછી ભલે ગૂજરાતમાં હિંદુ ધર્મ પાળનારા વધારે હોય.

ભ્રમણનું કારણ

આમ થવાનું કારણ વિચિત્ર છે. ગૂજરાતની ભૂમિએ ઘણા ભ્રમણયુગો જોયા છે. ઘણી જાતિઓ(races) ને ગૂજરાતે આશ્રય આપ્યો છે. ઘણી જાતિઓ ગૂજરાતમાં આવી છે વસી છે અને વસ્તીમાં મળીને ઓતપ્રોત થઈ ગઈ છે. ઘણી જાતિઓ ગૂજરાતમાં થઈ ને જમીન કે દરિયામાર્ગે દેશાવરોમાં જતી રહી છે; ઘણી દેશાવરોમાંથી આવીને ગૂજરાતમાં વસી છે કે ગૂજરાતમાં થઈ ને હિંદુસ્તાનમાં પ્રસરી છે. દરિયા કિનારાને લીધે અને વેપારના પ્રાધાન્યને લીધે અનેક દેશાવરોની સાથે આવજા અને આપલેના ગાઢ સંબંધને લીધે ગૂજરાતે આ સ્થિતિ ભોગવી છે. એ જ કારણને લીધે રાજ્યોના ત્રાસથી નાઠેલા લોકોએ પણ ગૂજરાત મારફતે આવજા કરી છે.

પ્રાગૈતિહાસિક ભ્રમણો

આવો **સૌથી પહેલો** ભ્રમણયુગ પ્રાગૈતિહાસિક સમયની પણ પૂર્વે વૈદિક સમયમાં દેવાસુર સંગ્રામ—આર્યો અને અસુરોનાં યુદ્ધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે થયો છે. સિંધુ અને સરસ્વતીનાં મુખો આ ભૂમિમાં હોવાથી અને અસુરોનાં મોટાં થાણાં પણ ત્યાં જ હોવાથી હારેલા અસુરો હિંદના બીજા ભાગોમાંથી આ તરફ આવતા ગયા અને દક્ષિણમાં અને સમુદ્રના દ્વીપોમાં ચાલ્યા ગયા. રહ્યા તે આર્ય સંસ્કૃતિમાં સમાઈ ગયા. પરંતુ આ વાતોને તો હજી સબળ પુરાવાઓ વગર વિદ્વાનો માન્ય રાખે તેમ નથી.

પ્રાગૈતિહાસિક સમયની છતાં યાદવ જાતિ તો ઐતિહાસિક છે. અને એ જાતિ–પછી તે ગમે તે મહાજાતિની પેટા જાતિ હોય—ગૂજરાતમાં બહારથી જ આવી છે. ગૂજરાતમાં વસી છે. ગૂજરાતની કેટલીક રાજપૂત નાની જાતિઓનું મૂળ બની છે અને શત્રુઓનાં આક્રમણોથી દક્ષિણમાં જઈને પણ વસી છે. આ બીનાને આપણે બીજો ભ્રમણયુગ કહી શકીએ.

પૌરાણિક યુગનાં ભ્રમણ

આ પછીનાં લાંબા અંધકાર યુગમાં પણ આવાં ભ્રમણો થયાં હશે તેને માટે અનુમાન કે કલ્પનાને પણ સ્થાન નથી. અને વેપારી કોમો પરદેશથી આવીને વસી હશે કે આવીને ચાલી ગઈ હશે. આભીરો, બર્બરો વગેરે જાતિઓ આજે કાઠિયાવાડની કેટલીક જાતિઓનું પ્રાચીન મૂળ હશે. જે ગ્રીકોને લીધે હિંદના નૈઋર્ત્યમાં યવનદેશ પૌરાણિકોને ગણવો પડયો તે યવનો દેશ કરીને વસ્યા પછી કોઈ ગાંસડાં પોટલાં લઈને બધા પાછા નહિ ગયા હોય. કાઠિયાવાડ કચ્છની જાતિઓનો વિજ્ઞાનપદ્ધતિએ અભ્યાસ થાય ત્યારે જ આ વાતને સાચા ટેકા મળે.

ખ્રિસ્તી સાલની શરૂઆતનાં ભ્રમણ

શક ક્ષત્રપો, ઇરાની પહેલવીઓ, વગેરે ઈ. સ. ની શરૂઆતમાં આવ્યા અને પશ્ચિમ હિંદમાં પ્રસરી ગયા. કેટલાક દક્ષિણમાં પણ ગયા. આ બધાની અવરજવરનું મુખ્ય સ્થાન ગૂજરાતની ભૂમિ બની હતી એ એમના ઇતિહાસ ઉપરથી સમજાય છે, અને એ લોકો પણ એ સમયમાં ભ્રમણ કરી ગૂજરાત અને બીજા ભાગોમાં હિંદુ સમાજમાં સમાઇ ગયા છે. ક્ષત્રપોથી વલભી રાજ્યના સમયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાળાને આપણે ત્રીજો ભ્રમણયુગ કહી શકીએ. વલભીના ઇતિહાસ ઉપરથી કોઈને એમ લાગે કે હવે તો ભ્રમણયુગ પૂરો થઈ લોકને ઠરીઠામ થવાનો સમય આવ્યો હતો. પરંતુ એ પછી તો ઘણી સદીઓ સુધી ભ્રમણો ચાલુ હતાં એમ ઇતિહાસ કહે છે.

ગુર્જરો પોતે પણ ભ્રમણો કરનારી એક જાતિ

એનો મોટામાં મોટો પુરાવો રાષ્ટ્રકુટોના સમયમાં મળે છે. ગૂર્જરો પોતે જ પરદેશથી આવેલી જાતિ છે અને એ જાતિ ગૂજરાતની ભૂમિમાં કયારે અને કેવી રીતે આવી અને પોતાનું નામ હમેશને માટે એ ભૂમિને કેવી રીતે આપી ગઇ તે શોધવા માટે આજના ગૂજરાતના વિદ્વાનોની બુદ્ધિને લાંબા વખતથી ભ્રમણમાં નાંખી રહી છે. આખા પ્રાંતને નામ આપનારી આ જાતિ આજે એ પ્રાંતમાં કયાં છે તે પણ માત્ર અનુમાનથી સમજવું પડે છે. એ જાતિ હિંદુસ્તાનની બહારથી આવી ભિન્નમાલ, ભરૂચ, કનોજ આદિ જગ્યાઓએ રાજ્ય કરી, આનર્ત, સુરાષ્ટ્ર, લાટની ભૂમિને પોતાનું નામ આપી આજે કયાં અદૃશ્ય થઈ ગઈ અને કયારે અદૃશ્ય થઇ ગઇ તે હજી સુધી સ્પષ્ટ થયું નથી. એ ભૂમિ ઉપર સોલંકીઓનું રાજ્ય સ્થપાયું ત્યાંસુધીના સમયને ચોથો ભ્રમણયુગ કહી શકીએ.

નાની જ્ઞાતિઓનાં ભ્રમણો

આ મધ્યકાલીન ઐતિહાસિક સમયમાં આવાં મોટી જાતિઓનાં ભ્રમણ ઉપરાંત નાની જ્ઞાતિઓનાં સમૂહોનાં ભ્રમણો પણ પુષ્કળ થયાં છે અને સોલંકીઓના શાંત સમયમાં પણ ચાલુ રહ્યાં છે. શ્રીમાળીઓ, ઓસવાળો, પોરવાડો, મોઢ વગેરે ભૌગોલિક નામવાળી જ્ઞાતિઓ આજે એ નામનાં સ્થળોમાં કયાં છે ? આખા ગૂજરાતમાં એ જ્ઞાતિઓ પ્રસરેલી છે. કોઈ રાજ્યના ત્રાસથી, કોઈ દ્રવ્ય સંપાદન કરવા માટે, કોઈ વેપાર માટે, પોતાની જ્ઞાતિને નામ આપનારાં સ્થળો છોડીને એવાં દૂરનાં સ્થળોમાં ઘર કરીને આજે રહ્યાં છે કે ઘણાને એ નામ આપનાર સ્થળ કયાં છે તેની પણ આજે ખબર નથી.

હવે સોલંકીઓ પછી આવનાર ભ્રમણયુગનો વિચાર આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીશું, તે પહેલાં અહીં છેલ્લા ભ્રમણયુગના સ્વામી ગુર્જરોનો સહેજ વિચાર કરીએ.

ગુર્જરો

ગુર્જરો કઈ જાતિના હતા, હિંદમાં કયારે આવ્યા, ગૂજરાતને એમણે પોતાનું નામ કયારે અને કેવી રીતે આપ્યું એ બધાની વિસ્તૃત ચર્ચા એ સમયના સંપૂર્ણ ઇતિહાસના સ્વતંત્ર ગ્રંથમાં થાય. અહીં સ્થાન ન હોવાથી એ બાબતોમાં વિદ્વાનોની બુદ્ધિએ જે ભ્રમણ કર્યું છે તેમાંથી મુખ્ય મુદ્દો માત્ર નોંધી એમની કારકિર્દીની નોંધ લેવી એ જ ઠીક છે.

યુવાનચંગ ચીનો સાતમી સદીના મધ્ય ભાગમાં આવેલો તે વલભીની ઉત્તરે ચીનની કાલી ભાષામાં ગુર્જરનો ઉલ્લેખ કીઉચેલો (Kiu-che-lo) અને એમની રાજધાની ભિન્નમાલનો ઉલ્લેખ પીલોમોલો (Pi-lo-mo-lo) એવા નામથી કરે છે. એ દેશની વસ્તી ગીચ હતી; લોકો ધનવાન હતા; દેશ સુરાષ્ટ્રના જેવો હતો; રાજા ક્ષત્રિય કુલનો હતો અને એ સમયે માત્ર વીસ વર્ષની વયનો, બુદ્ધિશાળી અને હિંમતવાળો હતો; ધર્મ મોટે ભાગે નાસ્તિકો (બૌદ્ધ ધર્મને ન માનનારાઓ-હિંદુઓ)નો હતો; થોડા બૌદ્ધધર્મી હીનયાનને માનનારા અને એક સંઘારામ હતો એમ વર્ણન કરે છે. એટલે ગુર્જર રાજ્ય આબુથી વાયવ્ય દિશામાં ચાલીસ માઇલ દૂર આવેલા ભિન્નમાલ અથવા શ્રીમાલ નગરમાં સારી રીતે જામેલું હતું એમ સમજાય છે. હાલ મારવાડના રેતીના રણમાં આવેલું નાનું ભિન્નમાલ ગામ એક વખતે સુરાષ્ટ્ર જેવા અને ગીચ વસ્તીવાળા પ્રદેશની રાજધાની હતી. આગળ જોઈશું તે પ્રમાણે એક વખત મધ્ય અને પશ્ચિમ હિન્દમાં પ્રસરેલા અને નર્મદાના કિનારા સુધી દક્ષિણમાં જામેલા ગુર્જર સામ્રાજ્યની એક વખતની રાજધાની આજે રણમાં ખૂણામાં પડેલા, અને ગૂજરાતમાં આજે વસેલી શ્રીમાળીઓની મોટી જ્ઞાતિને ખબર પણ નથી એવા ભિન્નમાલ ગામમાં હતી. હાલના ગૂજરાતને ગૂજરાત નામ પડયા પહેલાંના ગૂજરાતનું એ પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટનગર હતું.[1]

હાલના ગૂજરાતનું ગૂજરાત નામ

હાલના ગૂજરાતનું ગૂજરાત નામ તો સોલંકી સમયની લગભગમાં પડયું હોય એમ સમજાય છે.[2] ગુર્જર નામ છઠ્ઠી સદીમાં જાણીતું હતું એટલે એ અરસામાં અગર એ પહેલાં થોડા સમય પૂર્વે હૂણ વગેરેની સાથે ગુર્જર જાતિ હિંદની બહારથી આવી છે એમ માનવામાં વાંધો નથી. એ જાતિ હિંદની કોઈ પ્રાચીન જાતિ છે એમ કેટલાક માને છે તેમની સામે ઘણો વિરોધ માલૂમ પડે છે. હૂણ સાથે સંબંધ ધરાવતી કે એના પેટા ભાગ જેવી જ એ જાતિ છે. સાતમી સદીની શરૂઆતમાં તો કનોજના મહારાજાધિરાજોની ઊંઘમાં વિક્ષેપ પાડે એટલી સત્તા એ લોકની જામી ગઇ હતી. પંજાબમાં ગૂજરાત નામે શહેર છે. ગુર્જરો આજે પણ એ પ્રાંતમાં છે. ગૂજરાતમાં એ નામની

૧. જુઓ વૉટર્સનો યુવાનચંગ અને રસિકલાલભાઈ કૃત કાવ્યાનુશાસનમાં આપેલો ઇતિહાસ. યુવાનચંગની દિશાઓમાં વલભીની ઉત્તરે આ ગુર્જર રાજ્યની દિશા કાંઇક સાચી છે. યુવાનચંગ ચીનો ગુર્જર રાજાને ક્ષત્રિય કહે છે. તેને માટે વિદ્વાનોનું એમ માનવું છે કે ઘણી પરદેશી જાતિઓ રાજસત્તામાં આવ્યા પછી અને હિંદુ ધર્મમાં સમાયા પછી વર્ણવ્યવસ્થામાં એમને ક્ષત્રિય ગણવામાં આવી. ઘણી રાજપૂત જાતિ એવી રીતે થઈ છે. સૂર્ય અને ચંદ્ર વંશ એ પુરાણોની કલ્પના છે.

૨. ગૂજરાતનું ગૂજરાત નામ ક્યારે પડયું અને ગુર્જર જાતિ માટે પ્રખર પુરાવિદ્ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીએ ૧૯૩૩ ના ઑક્ટોબર–ડિસેંબરના બુદ્ધિપ્રકાશમાં અને ૧૯૩૪ ના જાન્યુવારીના કૌમુદીમાં આધારભૂત લેખ લખ્યા છે તે જોવા. શાસ્ત્રીજી ગુર્જરોને બહારથી આવેલા અને હિંદુઓમાં સમાઈ ગયેલા માને છે અને શ્રી. રસિકલાલભાઈ પણ એમ માનતા જણાય છે. ખાનદેશમાં જ્ઞાતિને વિશેષણ તરીકે આભીરનો દાખલો આહીર બ્રાહ્મણ, આહીર સોનાર, આહીર સુતાર, આહીર કોળી આવાં જ્ઞાતિઓનાં નામ આપેલાં છે એવી રીતે ગૂજરાતમાં ગુજર કણબી, ગુજર વાણિયા, ગુજર સોની, ગુજર કુંભાર, ગુજર સલાટ વગેરે દાખલા છે. રાજપૂતાનામાં વડગુજર નામે રાજપૂત જાતિ છે. ગુજરો સાથે રજપુતો જમતા નથી પણ વડગુજરો સાથે જમે છે. રબારીઓ પણ ગુજરો કહેવાય છે. દશમા શતક સુધી હાલના ગૂજરાતને ગુર્જરદેશ નામ નહોતું એમ શાસ્ત્રીજી માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદી જાતિ નથી. પણ આ પરદેશીઓ હિંદુધર્મમાં સમાઇ ગયા પછી સમાજની જ્ઞાતિઓમાં પણ એ લોક સમાઇ ગયા અને ગુર્જર નામ માત્ર એ જ્ઞાતિઓના વિશેષણરૂપે રહ્યું. ગુર્જરો, ચાવડાઓ, અને પ્રતિહારો એક મોટી ગુર્જર જાતિના ભાગ હોય એમ પણ કેટલાક વિદ્વાનોનું માનવું છે.

ગૂજરાત નામ પડવાનું કારણ

એ ગમે તેમ હોય પણ ઉત્કીર્ણ લેખોમાં જે ગુર્જરદેશ, ગુજ્જરત્તા અગર સંસ્કૃતમાં ગુર્જરત્રા એ ભૂમિ તો ભિન્નમાલની આસપાસની અને ઉત્તર ગૂજરાતના થોડા ભાગની ભૂમિ છે. ગુર્જરોનું રાજ્ય નર્મદા સુધી હતું, ઉત્તર ગૂજરાત અને કાઠિયાવાડમાં પણ હતું, છતાં પણ એમની રાજધાની ભિન્નમાલમાં અને કેટલોક વખત કનોજમાં હતી.[3] તો પછી મારવાડ અને મધ્યદેશનું નામ ગૂજરાત ન પડયું; પંજાબમાં માત્ર એક બે ગામમાં એ નામ સચવાયું; જ્યારે આનર્ત, સુરાષ્ટ્ર અને લાટના આખા પ્રદેશને એ નામ વળગી રહ્યું અને હિંદની સંસ્કૃતિના એક વિશિષ્ટ ભાગ તરીકે આજ સુધી શોભ્યું એનું કારણ હજી અંધારામાં જ છે. આ ઉપરથી એક જ અનુમાન કાંઇક બુદ્ધિમાં ઊતરે એવું નીકળી શકે કે ગુર્જર જાતિએ ગમે ત્યાં રાજ્ય કર્યું હોય પરંતુ સાતથી નવમી સદી સુધી ઉત્તર ગૂજરાત અને સુરાષ્ટ્ર ઉપર એમની સત્તા એ સમયમાં જામેલી હશે. મારવાડમાં તો હતી જ, એટલે આખા હિંદુસ્તાનમાં વેપાર માટે આવતા પરદેશીઓ પ્રાચીન સમયથી ગૂજરાતને કિનારે આવતા હતા તે તો સિદ્ધ વાત છે. એ લોકો આ મજબૂત ગુર્જર સત્તાવાળા ભાગમાં કે એમનાં બંદરોમાં ઊતરતા તેથી ગૂજરાત નામ એ લોકોએ વાપરવું શરૂ કર્યું હોય અને એનું પ્રાકૃત ગુર્જરત્તા અને સંસ્કૃત ગુર્જરત્રા થયું હોય. સ્યાવકશાનું સુવિશાખ થયું, બહમનાબાદનું બ્રાહ્મણાબાદ થયું, ત્યાં સંસ્કૃત થયાના દાખલામાં શંકા કરવા જેવું બહુ રહેતું નથી. આ વાત આરબોના ઉલ્લેખોથી કાંઇ સમજાય તેવી છે. અને અસ્અરૂની

---

૩. આ બાબતના સવિસ્તર વર્ણન માટે ર. છો. પરીખ કૃત કાવ્યાનુશાસન ભા. ર જામાં આપેલો ગૂજરાતનો ઇતિહાસ જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પૌરાણિક ભૂગોળનો પણ નિષ્ણાત છે તે ચોખ્ખું "गुज्रात" નામ વાપરે છે[૪] તે બહુ સૂચક છે. એટલે આ બાબત પણ જોકે મારૂં અનુમાન જ છે છતાં બીજાં અનુમાનો કરતાં વધારે માનવા જેવું જણાય છે. સોલંકીઓના સમયમાં લાટ ખાલસા થયા પછી હાલના આખા ગૂજરાતને ગૂજરાત નામ લાગુ પડયું. તે અગાઉ પરદેશીઓએ ગૂજરાત કાઠિયાવાડનાં બંદરોને ગુર્જર સત્તાને લીધે ગૂજરાત નામ આપ્યું એમ માનવાને વાંધો નથી. આ માટે એક અર્વાચીન દાખલો જાણવા જેવો છે. આખો દ્વીપકલ્પ સૌરાષ્ટ્ર કહેવાતો હતો અને છેક મુસલમાન સમયમાં પણ આપણા દેશીઓ તો એને સોરઠ જ કહેતા હતા. આજે સોરઠ એક એનો નાનો ભાગ માત્ર છે, જ્યારે એથી પણ નાના ભાગ કાઠીઆવાડનું નામ આખા પ્રાંતને લાગુ પડયું છે. એનું કારણ એ છે કે મરેઠાઓ સોરઠમાં ચોથ ઉઘરાવવા જતા ત્યારે એમને દરેક વખત કાઠીઓ સામે જ લઢવું પડતું અને એ લોકોને એમ લાગ્યું કે આતો કાઠીઓનો દેશ છે તેથી આખા પ્રાંતને કાઠિયાવાડ નામ આપ્યું. એટલે એ નામ દોઢસો વર્ષથી જૂનું નથી. આ રીતે અને આવાં અનેક કારણોથી દેશોનાં નામ પડેલાં છે.

ગુર્જર રાજધાની ભિન્નમાલ

આ ગુર્જરોની પ્રથમ રાજધાની ભિન્નમાલ હિન્દુ સંસ્કૃતિનું કેન્દ્ર હતું. અનાર્યજાતિના ભીલ જેવા લોકોને લીધે એવું નામ પડયું હશે.[૫] પરંતુ મોટા રાજ્યનું કેન્દ્ર થવાથી તેનું નામ સુધરીને શ્રીમાલ પડયું જણાય છે. પ્રાચીન શહેરો અને ખાસ કરીને આજે કોઈ મોટી જ્ઞાતિનું મૂળ સ્થાન હોય તેવાં શહેરોને પૌરાણિક સ્વરૂપ આપવામાં આવ્યું છે અને મોઢેરાને માટે ધર્મારણ્યની પેઠે ભિન્નમાલનું પણ શ્રીમાલ પુરાણ યોજાયું છે. અને એવાં બીજાં વડનગર, મોઢેરા વગેરે શહેરોની પેઠે એને પણ ચાર યુગનાં ચાર નામો

૪. સચાઉનો અલ્બરૂની:– ભા. ૧ પૃ. ૨૦૨. ગુજરાત નામ માટેનાં અનુમાનોમાં આ એક અનુમાન ઉમેરવાનું જોખમ મને ઠીક લાગ્યું છે.

૫. શ્રી રસિકલાલ પરીખ ભિલ્લમાલ નામની ઉત્પત્તિ માટે માલ અને ભિલ્લ અને કિરાત એ જાતિઓનો જે શ્લોક આપે છે અને ભીલ્લ અને માલ જાતિનું નિવાસસ્થાન એમ કહે છે તે સયુક્તિક લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયાં છે. તેમાં શ્રીમાલ સત્યયુગનું, તે પછી પુષ્પમાલ, રત્નમાલ અને છેવટે કલિયુગનું નામ ભિન્નમાલ અથવા ભિલ્લમાલ એમ નામો પડયાં છે. પુરાણુમાં આપેલા એના વર્ણનમાં અહીં ઊતરવાનું સ્થાન નથી.[૬]

ભિન્નમાળે સંસ્કારિતામાં ભજવેલો ભાગ અને એનો ઇતિહાસ

ભિન્નમાળનગર ઘણું વિસ્તૃત અને ઉત્તમ મકાનો અને દેવાલયોથી અલંકૃત હતું. એમાં જગત્ સ્વામી–સૂર્યનું મંદિર ઘણું પ્રાચીન મનાય છે. એ મંદિર સ્થાનિક પરંપરા પ્રમાણે ઈ. સ. ૧૬૬ (સંવત ૨૨૨) માં બંધાયેલું અને ઈ.સ. ૨૦૯ (સંવત ૨૬૫)-માં કોઈ રાક્ષસને હાથે નાશ પામેલું. ઈ. સ. ૮૪૪ માં શહેરનો ફરી નાશ થયેલો અને ઈ. સ. ૮૯૬ માં ફરી બંધાયેલું. પરંતુ આ બધી પરંપરા કરતાં ચોક્કસ હકીકત ઈ. સ. ૬૨૬ (સંવત ૬૮૨) ના મહારાજા વર્મલાટના લેખથી મળે છે. આ વર્મલાટનો મુખ્ય પ્રધાન સુપ્રભદેવ શ્રીમાલના સુપ્રસિદ્ધ મહાકવિ અને શિશુપાલવધ મહાકાવ્યના કર્તા માઘનો દાદો થતો હતો. એટલે સાતમી સદીમાં શ્રીમાળ અથવા ભિન્નમાળે સંસ્કૃત સાહિત્યના એક મહાકાવ્યને જન્મ આપેલો એ એની સંસ્કૃતિના કેન્દ્ર તરીકેની નિશાની છે. એ જ અરસામાં ઈ. સ. ૬૨૮ (શક ૫૫૦) માં ભિન્નમાલમાં જિષ્ણુના પુત્ર બ્રહ્મગુપ્તે ખગોળશાસ્ત્રનો બ્રહ્મસ્ફુટ સિદ્ધાન્ત નામનો

---

૬. જુઓ ર. છો. પરીખના કાવ્યાનુશાસન ભા.–ર.માં ગૂ. નો ઇતિહાસ. પૃ. ૮૯ થી ૯૧. રાં. રસિકલાલભાઈ પુરાણનો ઉતારો કરતાં લખે છે કે સૌગંધિક પર્વત એટલે નાસીક પાસેના પર્વતની (સહ્યાદ્રિ ?) ઉત્તરે ત્ર્યંબક સરોવરની પાસે ગૌતમાશ્રમ એ પહેલાં શ્રીમાલની જગ્યાએ હતો અને એ આબુની વાયવ્યમાં છે. આ વસ્તુ બંધ બેસે તેવી નથી. ગૌતમાશ્રમ વગેરે ખરેખર નાસીક પાસે જ છે. અને શ્રીમાલ ખરેખર આબુની વાયવ્યમાં છે. એક મહારાષ્ટ્રમાં છે બીજું મારવાડમાં છે. પુરાણનો આ એક ગોટાળો જ છે. મોઢેરા અને મહુઆમાં પણ આવો ગોટાળો થયેલો છે. શ્રીમાલને અને ગૌતમાશ્રમને સંબંધ હોવો અશક્ય છે. શ્રીમાલના લક્ષ્મીના મંદિર માટે પણ પૌરાણિક આખ્યાયિકા છે જે અહીં અસ્થાને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસિદ્ધ ગ્રંથ રચ્યો. એ બ્રહ્મગુપ્ત ભિલ્લમાલકાચાર્યના ઉપનામથી પ્રસિદ્ધ છે. જૈન વિદ્યાનું પણ એ કેન્દ્ર હતું. પ્રસિદ્ધ જૈનાચાર્ય હરિભદ્રસૂરિની સાહિત્યપ્રવૃતિ ભિન્નમાલમાં થઈ હતી અને એમના વિખ્યાત શિષ્ય સિદ્ધર્ષિ ભિન્નમાલના વતની હતા. કુવલયમાલા કથાનો ગ્રંથ પણ શક ૭૦૦ માં ભિન્નમાલમાં લખાયો છે.[૭]

ખગોળશાસ્ત્રી બ્રહ્મગુપ્તના વખતમાં વ્યાઘ્રમૂખ ચાવડાનું રાજ્ય ભિન્નમાલમાં હોય એમ જણાય છે, અને એ પછી યુવાનચંગ ચીનો આવેલો એટલે વ્યાઘ્રમૂખના પુત્રનું રાજ્ય ચીના મુસાફરે વર્ણવ્યું હોવું જોઇએ. આઠમી સદીના મધ્ય ભાગમાં (ઈ. સ. ૭૪૦–૮૦૯) આ ચાવડાઓની પાસેથી પ્રતિહારોએ ભિન્નમાલ લઈ લીધું અને એમનો પહેલો રાજા નાગભટ્ટ અથવા નાગાવલોક થયો. એના પછી થઈ ગયેલા રાજાઓમાં વત્સરાજ અને નાગભટ્ટ બીજો વધારે જાણીતા છે અને એમણે—સિંધ–આનર્ત, સુરાષ્ટ્ર, માળવા, બંગાળા, આંધ્ર, તુરૂષ્ક વગેરે દેશોને જીત્યા હતા એવા ઉલ્લેખો છે. નાગભટ્ટ બીજો પણ નાગાવલોક કહેવાતો. એણે કનોજ જીતી લીધું અને ભિન્નમાલ પ્રાંતીય રાજધાની બની, મુખ્ય રાજધાની કનોજમાં ગઈ. એના પછી એના પુત્ર રામચંદ્રના રાજ્યમાં ખાસ કાંઈ નથી. પણ ભોજરાજ પ્રતિહારોનો સૌથી પ્રતાપી રાજા થયો. નાગાવલોક અને ભોજરાજ બન્ને દેવી ભગવતીના ભકતો હતા. એના સિક્કા "મહાદિવરાહા"ના નામથી જડેલા છે. એનો લેખ કાઠિયાવાડમાંથી પણ મળ્યો છે તે એનું રાજ્ય દરિયા કિનારા સુધી હતું તે સૂચવે છે. એનો પુત્ર મહેન્દ્રપાલ પણ પ્રસિદ્ધ રાજા થયો. એના બે લેખો કાઠિયાવાડમાં ઊના ગામમાંથી મળ્યા છે. ધીમક નામનો એનો સૂબો એ પ્રાંતનો વહીવટ કરતો હતો. આગળ જોયું તેમ છેક દરિયા કિનારા સુધી આ મહારાજ્ય પ્રસરેલું હોવાથી પરદેશીઓએ તે સમયમાં આ પ્રાંતને

૭. ભિન્નમાલની સાહિત્યપ્રવૃતિનું સવિસ્તર વર્ણન શ્રી રસિકલાલ પરીખે કાવ્યાનુશાસન ભા. ૨ જામાં ગૂજરાતના ઇતિહાસમાં પૃ. ૯૫ થી ૯૭ માં આપેલું છે તે રસમય છે. લંબાણના ભયથી અહીં તે ટૂંકાવી નાંખ્યું છે. અણહિલ્લવાડ પાટણના ઇતિહાસમાં જે ભાગ શ્રી. હેમચંદ્રાચાર્યે ભજવ્યો છે તેવો ભાગ શ્રી. હરિભદ્રસૂરિએ ભિન્નમાલમાં ભજવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત નામ આપ્યું હોય એ અનુમાનને ટેકો મળે છે. પહેલા પ્રકરણમાં જેના કાવ્યમીમાંસા ગ્રંથમાંથી ઉલ્લેખો લીધા છે એ—કર્પૂરમંજરી, વિદ્ધશાલભંજિકા, બાલરામાયણ, અને બાલભારતનો સુપ્રસિદ્ધકર્તા કવિ રાજશેખર આ મહેન્દ્રપાલનો વિદ્યા ગુરુ હતો. એને રાષ્ટ્રકૂટોએ હરાવ્યો હતો એમ જણાય છે. એના સમયનો ઈ. સ. ૯૧૪ નો એક લેખ કાઠિયાવાડમાં હડાળામાંથી નીકળ્યો છે તેમાં ચાપવંશનો ધરણીવરાહ નામે એનો એક ખંડિયો ત્યાં રાજ્ય કરતો હતો એમ હકીકત મળે છે. એના પછી ત્રણ રાજાઓ થયા. પણ છેવટના ભાગમાં વિનયપાલના પુત્ર મહેન્દ્રપાલ બીજાના સમયમાં મૂળરાજ સોલંકીની સત્તા નીચે અણહિલવાડ પાટણમાં ગૂજરાત સ્વતંત્ર થયું અને આજના ગૂજરાતનો પાયો નંખાઈ ગયો. દસમી સદીના પાછલા ભાગમાં ભિન્નમાલથી હજારો લોક ગૂજરાતમાં પાટણ બાજૂ આવવા લાગ્યા અને ભિન્નમાલ-શ્રીમાળની શ્રી ગૂજરાતના ચોથા પાટનગરમાં આવીને વસી.

બ્રમણોમાં નવી જાતિ પારસીઓ

અહીં એક વાત ભૂલી ન જવી જોઈએ. વલભી અને ગુર્જરોના આ રાજ્યઅમલનાં ત્રણસો વર્ષના ગાળામાં ગૂજરાતના બ્રમણયુગના ઇતિહાસમાં એક મોટો બનાવ બન્યો, તે આજના ગૂજરાતની શોભારૂપ પારસી જાતિનું ગૂજરાતમાં આગમન. ઇરાનનો હિંદુસ્તાન સાથે અને ખાસ કરીને પશ્ચિમ હિંદ સાથે સંસર્ગ ઈ. સ. પૂર્વે ઘણા વર્ષોથી ચાલુ હતો. ઇરાનના સેસેનિયન સામ્રાજ્યની હદ એક વખત પશ્ચિમ હિંદના કેટલાક ભાગ ઉપર હતી અને સૌરાષ્ટ્ર, કચ્છ અને માળવા સુધી પ્રસરી હતી.

ઈ. સ. આઠમા સૈકાની શરૂઆતમાં (ઈ. સ. ૭૧૬) ઈરાનના જરથોસ્તી વતનીઓને આરબોનો જુલ્મ અસહ્ય થઇ પડયો હતો. એમનાં ટોળાં ઈરાનથી હોરમઝ ટાપુ ઉપર આવી ત્યાં વહાણ દ્વારા હિંદુસ્તાનમાં સૌરાષ્ટ્રમાં દીવ બંદરે આવ્યાં. એમની સાથે એમનાં બૈરાંછોકરાં એમના ધર્મગુરુઓ (દસ્તૂરો) હતા અને સાથે એમના પવિત્ર આતશ બહેરામ સાહેબ (પવિત્ર અગ્નિ) ને પણ લાવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવમાં ૧૯ વર્ષ રહી દક્ષિણ ગૂજરાતને કિનારે સંજાણમાં આવ્યા. આ બાબતનો હેવાલ શ્રી બહમન કૈકોબાદ સંજાણાએ ઈ. સ. ૧૫૯૯-માં કિસ્સે સંજાણ નામના ગ્રંથમાં આપ્યો છે. સંજાણમાં જાદી રાણો નામે હિંદુ રાજા રાજ્ય કરતો હતો. તેણે તેમને આશ્રય આપ્યો અને જમીન આપી. ઈ. સ. ૭૨૧ માં એમણે ત્યાં વસવાટ કર્યો.[૮] અને પવિત્ર અગ્નિ જેમને ઇરાનશાહ-ઇરાનના રાજા કહેવામાં આવે છે, તેમનું સંજાણમાં સ્થાપન કર્યું. ત્યાં ઘણાં વર્ષ રહ્યા પછી ઈ. સ. ૧૪૯૨ માં મહમૂદ બેગડાએ સંજાણ ઉપર ચઢાઈ કરી ત્યારે એ પવિત્ર અગ્નિ સાથે એ લોકો વાંસદાનાં જંગલમાં ગયા અને ત્યાંથી નવસારી આવી છેવટે ઈ. સ. ૧૭૪૨ માં ઉદવાડામાં આવી સ્થાપન કર્યું. ઉદવાડા આજે પણ પારસી લોકોનું-કાશી કે મક્કા જેવું-પવિત્ર સ્થાન ગણાય છે.

આ પારસી જાતિને જે હિંદુ રાજાએ આશ્રય આપ્યો તેને વફાદાર એ હમેશ રહ્યા હતા અને એના તરફથી સુલતાન મહમૂદ બેગડાના લશ્કર સાથે લડયા હતા. આજે વિદ્યા, વેપાર, દાનશીલના સમાજસુધારણા વગેરેમાં ગૂજરાતની એ એક અગ્રગણ્ય કોમ છે. અને ગૂજરાતી એમની માતૃભાષા છે, ગૂજરાતની એ શોભા છે.

ભ્રમણયુગોએ ગૂજરાતી સમાજ ઉપર કરેલી અસર

આમ ગૂજરાતના ઇતિહાસના પ્રાગૈતિહાસિક સમયથી ચાવડા અને સોલંકીઓના રાજ્યના ઉદય સુધીમાં થયેલા ભ્રમણયુગો પૂરા થાય છે, અને બીજા ભ્રમણયુગ શરૂ થતાં પહેલાં એક સ્થિર સુવર્ણયુગ ગૂજરાતની ભૂમિ ઉપર આવે છે. આ ભ્રમણયુગોના ફાયદા અને ગેરફાયદા બન્ને થયા છે. અને જાતિઓનાં, અનેક કારણોને લઈ ને ગૂજરાત મારફતે થયેલાં ભ્રમણોથી, ગૂજરાતના સમાજે અનેક અનુભવોને પોતાના માનસિક બંધારણમાં ઘણી સદીઓથી વણી લીધા છે. અનેક જણના સંબંધમાં આવતો માણસ અનુભવોથી ઘડાઈ ને વધારે નમ્ર, વિવેકી, અને વ્યવહારકુશળ બને

૮. જુઓ પ્રો. કોમીસેરીએટનો ગૂજરાતનો ઇતિહાસ. પૃ. ૪૪-૫૪. આમાં ઈરાનનો હિંદુસ્તાન સાથેનો સંબંધ વિસ્તારથી ચર્ચ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ ઘણો ઉગ્ર થઈ કામને બગાડતો નથી અને ઘણો નરમ થઈ બીજાને તાબે થતો નથી. ગૂજરાતની સંસ્કારિતાના ઘડતરમાં આ ગુણો જણાઈ આવશે. એટલે જ સોલંકી સમયના એક લેખકે ગૂજરાતને "વિવેકબૃહસ્પતિ" કહ્યો છે. આ સાથે અવગુણ પણ એ આવ્યો છે કે અસ્મિતા–પ્રાંતાભિમાન–પોતાની સંસ્કારિતાને જાળવી રાખવાની દૃઢતા એ ગૂજરાતમાં બીજા કરતાં ઓછી જણાય છે. પ્રાંતાભિમાન સારી વસ્તુ છે કે ખોટી એ વાત અહીં બાજૂએ મૂકીને માત્ર સરખામણી માટે જ આ વિચાર અહીં કરવાનો છે. ભમતા માણસને જેમ પોતાના કોઈ સ્થાનનું મમત્વ ન હોય એમ ગૂજરાતીને પોતાની અસ્મિતા બીજા કરતાં સહેજ ઓછી છે એ આ ભ્રમણયુગમાં બંધાયેલા માનસનું પરિણામ જણાય છે.

પ્રકરણ સાતમું

અણહિલ્લવાડ પાટણની સ્થાપના

પાટણ

ગૂજરાતનાં ગણાય તેવાં ચાર પાટનગરોની નોંધ લીધી. પરંતુ હાલની ગૂજરાતની ભૂમિ અને ગૂજરાત નામ પ્રચારમાં આવ્યું તે સમયથી એનું પ્રથમ રીતસરનું પાટનગર તો અણહિલ્લવાડ પાટણ ગણી શકાય. સરસ્વતીતીરે આવેલા લક્ખારામ (લક્ષારામ) નામના ગામની જગાએ ચાવડા વંશના વનરાજદેવે અણહિલ્લ નામના ભરવાડના નામ ઉપરથી અણહિલ્લવાડ પત્તન વસાવ્યું.

વનરાજના કુલના ચાલુ ઇતિહાસ માટે શંકા

વનરાજે અણહિલ્લવાડ પાટણ વસાવ્યું એ સિવાય ચાવડાઓ અને વનરાજના પોતાના વંશ માટે દંતકથાઓ ઉપર આધાર રાખવો પડે છે અને વનરાજનાં માબાપ માટે પણ નિશ્ચિત હકીકત મળી નથી એ આપણા ઇતિહાસની કમનસીબીની માળાનો એક વધુ મણકો છે. દક્ષિણ ગૂજરાતનું રાષ્ટ્રકૂટોનું મોટું રાજ્ય, કે વલભી, કે ગુપ્ત સામ્રાજ્ય જેવાં મોટાં રાજ્યોની હકીકત કરતાં આ તાલુકદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા ચાવડાના નાના રાજ્યની હકીકત ગૂજરાતનો સામાન્ય જનસમુદાય વધારે જાણે છે એનું માન, દંતકથા હોવા છતાં, વનરાજ, એનો બાપ જયશેખર, એની મા રૂપસુંદરી અને એના મામા શૂરપાલની રોમાંચ કથા(Romance)ને છે.[1]

---

૧. સોલંકીઓના ઈતિહાસનાં ઘણાંખરાં સાધનોમાં ચાવડાઓના ઉલ્લેખ અને રાજાઓનાં નામો મળે છે. એમાં પણ બધા આધારો એકમત નથી. ઘણે ભાગે પ્રબંધોમાંથી ભેગી કરેલી હકીકતો સત્તરમી સદીના અંતમાં લખાયેલા રત્નમાળા નામે હિંદી ગ્રંથમાંથી મળે છે. વનરાજનો વંશ પંચાસરના ચાવડાઓનો હતો એટલું તો વિદ્વાનો માન્ય રાખે છે (જુઓ દુ. કે. શાસ્ત્રીનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ ભા. ૧.) પરંતુ એ વંશ ભિન્નમાલના વ્યાઘ્રમુખ ચાવડાની શાખા કે વઢવાણના ધરણીવરાહની શાખા તે નક્કી થતું નથી. ચાવડાનું સંસ્કૃત રૂપ ચાપોત્કટ કરવામાં આવેલું છે. ચાવડાઓ ક્ષત્રિય જાતિના મનાયા છે પરંતુ તેમની મૂળ જાતિ પણ નિશ્ચિત રીતે નક્કી થઈ શકતી નથી. એ લોકો હૈહય વંશના છે એમ પણ એક આધાર છે. એ ખરું ઠરે તો વલભીઓ, યાદવો ઠરે છે તેમ ચાવડાઓ હિંદના પ્રાચીન વંશના ઠરે. રત્નમાળા પ્રમાણે પંચાસરના જયશેખર ચાવડા ઉપર કલ્યાણ કટકના ભૂવડ રાજાએ ચઢાઈ કરી ઘેરો ઘાલ્યો અને તે ઘેરો બાવન દિવસ ચાલ્યો. છેવટે જયશેખરે રાણી રૂપસુંદરી સગર્ભા હોવાથી વનમાં મોકલી ને પોતે યુદ્ધમાં ખપી ગયો. રૂપસુંદરીએ વનમાં પુત્રનો જન્મ આપ્યો તેથી એનું નામ વનરાજ પડયું. રૂપસુંદરીના ભાઇ શૂરપાલ અને જયશેખર વગેરેની આ વાત ગૂજરાતમાં ઘેર ઘેર જાણીતી હોઇ રોમાંચક બનેલી છે. પરંતુ આ દંતકથા લાગે છે. પુરાતન પ્રબંધસંગ્રહમાં બીજી જ વાત છે. અંબાસર ગામમાં ચંડ અને ચામુંડ નામે ચાવડા ભાઈઓ રહેતા હતા. કોઈ જોશીએ ચામુંડની સગર્ભાં સ્ત્રી જે પુત્રને જન્મ આપશે તે ચંડને મારશે એવું ભવિષ્ય કહેવાથી એ સ્ત્રીનો ત્યાગ કરવામાં આવ્યો, અને એ સ્ત્રી પંચાસર ગઈ. એક વખતે એ લાકડાં વીણતી હતી ત્યારે શીલગુણસૂરિએ વણના ઝાડ નીચે એના બાળકના હાથમાં રાજચિહ્ન જોયાં અને એ છોકરો જૈન શાસન પ્રભાવક થશે એમ જણાયું એમણે એને વીરમતીનામે ગણિનીને સોંપ્યો. મોઢેરા બ્રાહ્મણોની હકીકતમાં વનરાજને મોઢેરાઓએ આશ્રય આપ્યો અને એની માતું નામ છત્તા અગર અક્ષતા હતું એમ કહે છે. પ્રભાવકચરિત્રમાં શીલગુણસૂરિને બદલે દેવચંદ્રનું નામ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનરાજની લૂંટથી ચઢતી

પંચાસરના ચાવડાઓની હાર થયા પછી અરણ્યમાં વિ. સં. ૭૫૨ (ઇ. સ. ૬૯૬) માં વનરાજનો જન્મ થયો. જૈનાચાર્ય શીલગુણસૂરિએ એનાં સામુદ્રિક ચિહ્નો જોઇ ભવિષ્યમાં એ રાજા થશે એમ નક્કી કરી એને ઉછેરવામાં મદદ કરી અને એના મામાએ પણ યુદ્ધની કળા શીખવામાં એને મદદ કરી. વનરાજે આશરે છ વર્ષ[2] સુધી તે સમયની રાજસત્તા સામે બહારવટું લીધું અને પછી લશ્કરમાં ઘોડેસવાર તરીકે નામની નોકરી લીધી. સૌરાષ્ટ્ર–ગૂજરાતની મહેસૂલ ઉઘરાવી જતા અમલદારને લાગ જોઇને એણે લૂંટી લીધો અને ચોવીસ લાખ સોનામહોરો ને ચાર હજાર તેજી ઘોડા હાથ કર્યા.[3] આ ખજાનો હાથ આવ્યા પછી એણે અણહિલ્લવાડ પાટણ વસાવી આસપાસનો મુલક જીતી લીધો. આગળ જોયું તેમ સરસ્વતીને તીરે નીલીના ઝાડ તળે એક શ્વેત ગૃહ બાંધીને વિ. સં. ૮૦૨ ના

દુ. કે. શાસ્ત્રીજી (પૃ. ૫૩) માં માને છે કે પંચાસરનો નાશ કોઈ પ્રતિહાર સત્તાએ કે ભૂવડે નહિ પણ સિંધ બાજૂના અરબોએ કર્યો હોય. પંચાસરના નાશની બાબતમાં હજી શંકા જ છે.

૨: જુઓ રસિકલાલ પરીખ કૃત ગૂજરાતનો ઇતિહાસ, કાવ્યાનુશાસન. ભા. ૨–પૃ. ૧૦૯–૧૧૦. વનરાજની ઉમર માટે પણ મતભેદ ચાલે છે. વનરાજ ૧૦૯ વર્ષ જીવ્યો હતો એમ સામાન્ય રીતે મનાય છે. એ ચર્ચામાં ઊતરવું અહીં યોગ્ય નથી.

૩: જુઓ. એ જ. અને દુ. કે. શાસ્ત્રીનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ પૃ. ૫૫. શ્રી શાસ્ત્રી આ વાતને દંતકથા માને છે. પરંતુ વનરાજની સ્થિતિનો માણસ લૂંટથી જ પૈસો મેળવી શકે અને સત્તા જમાવી શકે એટલી વાત સાચી ગણે છે. આ ચોવીસ લાખ સોનામહોરોને 'પારુથક દ્રમ્મ' કહે છે તે પાર્થિયન સિક્કા હોવાનું મનાય છે. વનરાજ કાન્યકુબ્જના મહેસૂલ ઉઘરાવનાર પંચોલીનો રખેવાલ (સેલ્લ ભૃત્) થઈ રહ્યો હતો. અને એને એણે ખજાનો લઇ જતાં રસ્તામાં લૂંટયો એમ પ્રબંધો કહે છે. પણ ઐતિહાસિક દૃષ્ટિએ ગૂજરાત એ સમયે કલ્યાણકટક અગર કનોજના તાબામાં નહોતું એ બાબતમાં વિદ્વાનો એકમત છે. કાન્યકુબ્જના રાજાએ પોતાની પુત્રી મહણિકાને ગુર્જરદેશ પહેરામણીમાં આપેલો તે પણ દંતકથા જ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈશાખ સુદ બીજને સોમવારે વનરાજનો રાજ્યાભિષેક થયો.[૪] કાકર ગામના એક વેપારીની બહેન શ્રીદેવીને વનરાજે પોતાની ધર્મભગિની માનેલી હોવાથી એને હાથે રાજ્યતિલક કરાવ્યું, અને જામ્બ નામના વાણિયાને પોતાનો મહામાત્ય બનાવ્યો.[૫] અણહિલ્લવાડ પાટણની સમૃદ્ધિ વધારવામાં પણ વનરાજે ઘણી કાળજી રાખી હતી એમ જણાય છે. પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રીમાળથી પાટણ પાસેના ગંભૂય (ગાંભૂ) માં આવી વસેલા ધનાઢ્ય વેપારી ઠક્કુર નિન્નયને વનરાજે પાટણમાં લાવી વસાવ્યો[૬] અને એણે પાટણમાં ઋષભદેવનું મંદિર બંધાવ્યું.

પાટણની સમૃદ્ધિ શી રીતે વધી

એ નિન્નયને લહર નામે પુત્ર હતો તે વનરાજનો સેનાધિપતિ બન્યો હતો અને એણે વનરાજની સેના માટે વિધ્યાટવીમાંથી ઘણા હાથી પકડયા હતા, તેમ જ શત્રુઓના પણ ઘણા હાથી પકડયા હતા. એ લહર ઠક્કુરે સંદથલ (સાંથળ ?) ગામમાં વિંધ્યવાસિની દેવીનો પ્રાસાદ બંધાવ્યો હતો, અને વનરાજે એના ઉપર પ્રસન્ન થઇને એને સંદથલ ગામ ઇનામમાં આપ્યું હતું. આ નિન્નય ઠક્કુર વેપારી, યોધ્ધો, તેમ જ વિદ્વાન પણ હતો. આવા વીર, ધનાઢ્ય અને વિદ્વાનનો સહકાર સાધવાનો આ ઐતિહાસિક દાખલો વનરાજના ચારિત્ર્ય ઉપર સારો પ્રકાશ નાંખે છે. વનરાજે શ્રી શીલગુણસૂરિને પંચાસરથી બોલાવી પોતાનું આખું રાજ્ય સૂરિજીને અર્પણ કર્યાનું પણ કહેવાય છે. સૂરિએ રાજ્ય ગ્રહણ ન કર્યું. પરંતુ એમની ઇચ્છાથી પાટણમાં પંચાસર પાર્શ્વનાથનું દેવાલય બંધાવ્યું. કંથેશ્વરી માતાનું મંદિર પણ

૪: જુઓ: એજ પૃ. ૧૧૧. આ અને પાટણ વસાવ્યાની તારીખની ચર્ચા અહીં અસ્થાને છે. તે માટે દુ. કે. શાસ્ત્રીના મધ્યકાલીન રાજપૂત ઇતિહાસમાં વિસ્તૃત ચર્ચા છે (પૃ. ૫૬–૫૭) તે જોવી.

૫: એજ પૃ. ૧૧૨. શ્રી શાસ્ત્રી જમ્બ નામ લખે છે. એઓ આણહિલ્લ ભરવાડના નામ ઉપરથી અણહિલ્લવાડ નામ પડયું એ બાબત પણ પાછળથી યોજાયેલી માને છે. (પૃ. ૫૬)

૬: એજ પૃ. ૧૧૨. નેમિનાથચરિઉ એ નામના ગ્રંથની પુષ્પિકામાંથી આ હકીકત લીધેલી છે. અને એ ઐતિહાસિક જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનરાજે બંધાવ્યાનું કહેવાય છે.૭

ચાવડાઓની લૂંટ માટે પ્રીતિ

વનરાજ પછી એનો પુત્ર યોગરાજ ગાદીએ આવ્યો. એના સમયની એક કથા પ્રબંધચિંતામણિ આદિ ગ્રંથોમાં આપેલી છે તે ચાવડાઓની રીતભાત ઉપર સારો પ્રકાશ નાંખે છે. એક વખત યોગરાજના પુત્ર ક્ષેમરાજે પિતાને કહ્યું કે "સોરઠમાં સોમનાથ પાટણમાં પવનના તોફાનથી ધસડાઇને પરદેશી વહાણો આવી ચઢયાં છે, એમાં એક હજાર તેજી ઘોડા, અઢાર હાથી અને બીજો માલ મળી કરોડોની મિલકત છે. મહારાજા આજ્ઞા આપે તો આ બધું લૂંટી લઇએ." યોગરાજે ના પાડી. પરંતુ ક્ષેમરાજ અને એના બીજા ભાઇઓને લાગ્યું કે ઘડપણને લીધે રાજા ઘેલા થયા છે. પછી એ બધો માલ જતો હતો તે વખતે પોતાના મુલકના સીમાડા ઉપર લશ્કર રાખી એમણે બધું લૂંટી લીધું, અને બાપ આગળ નજર કર્યું. બાપે કાંઇ ઉત્તર ન દીધો ત્યારે તેમણે પૂછયું કે "કહો, આ સારું કર્યું કે ખોટું?" ત્યારે યોગરાજે ખેદથી આ પ્રમાણે જવાબ દીધો: "બીજા રાજાઓ બધાં રાજ્યોની પ્રશંસા કરતી વખતે ગુર્જર દેશમાં ચોરોનું રાજ્ય છે એમ મશ્કરી કરે છે. આ સમાચાર એલચીઓના પત્રોથી જાણી આપણા પૂર્વજો માટે ગ્લાનિ થાય છે.૮ આ પૂર્વજોનું કલંક બધાના હૃદયમાંથી ભુલાઈ જાય તો બધા રાજાઓની હારમાં આપણે પણ રાજા કહેવાઇએ. પરંતુ થોડા ધનના

---

૭. રસિકલાલ પરીખ કૃત ગૂ. ઇતિહાસ. કાવ્યાનુશાસન ભા. ૨, પૃ. ૧૧૨-૧૧૩.

૮. એજ પૃ. ૧૧૪ અને દુ. કે. શાસ્ત્રી કૃત મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ પૃ. ૫૯-૬૦. શાસ્ત્રીજીએ આ હકીકત રસિકલાલભાઇના ઇતિહાસ કરતાં વિસ્તૃત રીતે આપેલી છે અને ચાવડાઓના ચારિત્ર્ય માટે એમની ટીકા સાચી જણાય છે. એમનું રાજ્ય કાઠિયાવાડના કિનારા સુધી પ્રસરેલું નહોતું એ પણ ખરું છે. વહાણોનો માલ એમના રાજ્યની સીમા પાસેથી જવાનો હતો એ ઉલ્લેખ આ વાત સાબીત કરે છે. ચાવડાઓ દારૂના વ્યસની હતા એ વાત મોહરાજપરાજય નામના નાટકના (કુમારપાલના સમયના) આધારે શ્રી. રસિકલાલભાઇએ નોંધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોભથી તમે આ પૂર્વજોનું કલંક વિસ્તારીને તાજું કર્યું છે." કહેવાય છે કે યોગરાજને આ કૃત્યથી ઘણું દુઃખ થયું અને પુત્રોના પાપ માટે એણે આમરણાંત ઉપવાસ કર્યા.

આ કથાની વીગત કદાચ કલ્પિત હોય પણ તે ઘણી સૂચક છે. ચાવડાઓ લૂંટારા 'ચોરટા' ગણાતા હતા અને રાજાની હરોળમાં નહોતા ગણાતા એમ આ વાતથી સ્પષ્ટ થાય છે. ચાવડા નામ ચોરના પર્યાય જેવું હોય એવું સૂચન પણ આમાંથી મળે છે. ચાવડાઓમાં દારૂના વ્યસનનું જોર પણ ઘણું હતું.

ચાવડાઓ નાના ઠાકોરો

ચાવડાઓનું રાજ્ય મોટું ન હોય, કોઇ મોટી સત્તાના એ સામંતો હોય, પ્રતિહાર કે રાષ્ટ્રકૂટ રાજાઓની સત્તા તેમના ઉપર પણ કદાચ હોય, એ લોકો નાના ઠાકોર જેવા પણ હોય, એ બધું માન્ય રાખીએ તોપણ ગૂજરાતી સમાજના હૃદય ઉપર એમની રોમાંચકથાઓએ આજ સુધી સત્તા ભોગવી છે અને અણહિલ્લ પાટણની સ્થાપના માટે વનરાજ ચાવડો ચિરંજીવ છે.[૯]

સોલંકીઓ અને ગૂજરાતી મહારાજ્યનો પાયો

ચાવડાઓએ કોઇ વાર પ્રતિહાર મહારાજાઓના તો કોઇ વાર દક્ષિણના રાષ્ટ્રકૂટોના સામંત તરીકે આશરે બે સદીઓ સુધી રાજ્ય કર્યા પછી અણહિલ્લવાડ પાટણની ગાદી સોલંકી વંશની સત્તા નીચે આવે છે અને વિ. સં. ૯૯૮ માં મૂળરાજ સોલંકી પાટણની ગાદી ઉપર બેસે છે. ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ વર્ષ ઘણું જ અગત્યનું છે. એ વખતથી હાલના ગૂજરાતને ગૂજરાત નામ મળવાની શરૂઆત થાય છે. એ વખતથી આજના ગૂજરાતી સમાજનો પાયો જે રીતે બંધાઇ ચૂક્યો હતો તેના ઉપર સંસ્કારિતાનો ભવ્ય મહેલ બંધાવો શરૂ થાય છે. એ વખતથી ગૂજરાતની હદમાં પાટનગર હોય એવા ગૂજરાતી મહારાજ્યની શરૂઆત પણ થાય છે. મધ્યકાલીન ગૂજરાતનો સુવર્ણયુગ પણ એ સમયથી શરૂ થાય છે.

---

૯. જુઓ એજ પૃ: એજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોલંકીઓની ઉત્પત્તિ નામ વગેરે માટેની કલ્પનાઓ

આ સુવર્ણયુગ શરૂ થવાની વખતે પણ એ યુગપ્રવર્તકો—સોલંકીઓની ઉત્પત્તિ અને વંશ માટે કલ્પનાઓ કરવી પડે અને નિશ્ચિત આધાર ન મળે, એ આપણા ઇતિહાસની કમનસીબી ચાલુ જ રહે છે. હમેશની રીત પ્રમાણે સોલંકીઓને પણ પંડિતોએ સંસ્કૃત રૂપ આપવાનો અને એમની ઉત્પત્તિને પૌરાણિક રૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. સોલંકીઓ ઉત્તરના કે દક્ષિણના, તેઓ પ્રાચીન કહેવાતા સૂર્યવંશી[૧૦] કે પછી કોઇ સામાન્ય વંશના, તેઓ ગૂજરાતમાં શી રીતે આવ્યા અને ગાદી શી રીતે સ્થાપી એ બધી બાબતોમાં વિદ્વાનો હજી એકમત થયા નથી. પરંતુ એમની ઉત્પત્તિને પૌરાણિક રૂપ આપવાની વાત અગર એમના નામને સંસ્કૃત રૂપ આપવાની વાત એ બધું કલ્પનામય છે.

સોલંકીઓ કોણ

ગૂજરાતના સોલંકીઓ માનવ્ય ગોત્રના હારીત્ત વંશના છે[૧૧] અને દક્ષિણ હિંદના ચાલુક્ય વંશમાંથી[૧૨] ગૂજરાતમાં ઊતરી આવેલા

---

૧૦. સોલંકીઓ ચંદ્રવંશી નથી, એ માટે દુ. કે. શાસ્ત્રીનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ પૃ. ૧૨૧ જુઓ. ચંદ્રવંશ અને સૂર્યવંશમાં જે જે રાજવંશો દાખલ થઈ ગયા છે તેને સબળ આધાર નથી. ગમે તે વંશને પ્રાચીનતા અને પૌરાણિક રૂપ આપવાનું આ રીતે શરૂ થયું.

૧૧. જુઓ શ્રી. ઓઝાકૃત સોલંકીઓકા પ્રાચીન ઇતિહાસ. એમને આધારે દુ. કે. શાસ્ત્રીએ એમના ઇતિહાસમાં પૃ. ૧૨૨–૧૨૩ લખેલું યથાર્થ લાગે છે. માનવ્ય ગોત્રી ઠર્યા પછી પણ પંચશિખિ હારીત્તના પુત્ર ચાલુક્યથી વંશ થયો એમ લખે છે.

૧૨. એજ પૃ. ૧૨૫. સોલંકીઓનો મૂળ પુરુષ અયોધ્યાથી દક્ષિણમાં ગયો એ વાત પાયા વગરની છે. સોલંકીઓ પ્રતિહાર ગુર્જરો છે એ વાત દુર્ગાશંકરભાઇ નિર્મૂળ માને છે. શ્રી. માનશંકર મહેતા માનવ્ય ગોત્રના ક્ષત્રિયના હારીત્ત વંશની બ્રાહ્મણ કન્યા સાથેનાં લગ્નને લીધે સોલંકીઓને બ્રહ્મક્ષત્રીય માને છે. એ વાતને પણ શ્રી. શાસ્ત્રી માનતા નથી તે ઠીક લાગે છે. પૃ. ૧૨૭ માં દક્ષિણ અને ગૂજરાતના સોલંકીઓની એકતા શ્રી. શાસ્ત્રી માને છે તે પણ યથાર્થ જણાય છે. મને તો લાગે છે કે સોલંકી નામ શ્રી. વૈદ્યના આધારે શાસ્ત્રીજી કહે છે તેમ મહારાષ્ટ્રી નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એ વધારે સંભવિત છે. એમનો ધર્મ મૂળ દક્ષિણમાં બહુમાન્ય એવો કાર્તિકેય સંપ્રદાયનો હોય અને ગૂજરાતમાં આવ્યા પછી શુદ્ધ શૈવ સંપ્રદાય ગ્રહણ કર્યો હોય[૧૩] એમ માનવામાં વાંધો નથી. ચુલુક્કિ, ચાલુક્કિ, ચલિક્ય, જેવા કોઇ મહારાષ્ટ્રી કે કનડી નામનું ભ્રષ્ટરૂપ સોલંકી કે સોલુંખી થયું અને પાછળથી પંડિતોએ ચુલુક ઉપરથી ચૌલુક્ય શબ્દની કલ્પના કરી એમ લાગે છે. બ્રહ્માના ચુલુકમાંથી ઉત્પત્તિ કે અગ્નિકુંડની ઉત્પત્તિ, એ બધું કલ્પનામય છે.

મૂળરાજનો વંશ

મૂળરાજનો બાપ કોણ, એણે ચાવડાઓ પાસેથી પાટણનું રાજ્ય કેવી રીતે લીધું એ બધામાં પણ કલ્પનામિશ્રિત વાતો પ્રચારમાં છે. સોલંકી સમય માટે સમકાલીન બીજાં રાજ્યોને માટે મળતા આધારો કરતાં સૌથી વધારે આધારો મળે છે. આમ છતાં પણ આ બધા આધારો મૂળરાજની વંશાવળી માટે એકમત નથી.

પણ બાદામીમાં રાજધાની હોવાથી એ લોકો કનડી હોય. ચંદ્રવંશની કલ્પના સોલંકી માટે બારમા સૈકાથી ચલાવી જણાય છે.

૧૩. અગિયારમા કે બારમા શતક પહેલાં આશરે પાંચસો વર્ષ પહેલાંથી દક્ષિણમાં ચાલુક્યોનું સમૃદ્ધ રાજ્ય હતું. અને એમાં ઉપરની કલ્પનાને બદલે માનવ્ય ગોત્રવાળી વાત એમના લેખમાંથી મળે છે. એ વંશના જૂના લેખમાં (જુઓ એજ પૃ. ૧૨૪, નોંધ-૨) માનવ્ય ગોત્ર અને હારીત્ત વંશ ઉપરાંત સોલંકીઓને શક્તિથી પરિપાલિત, કાર્તિકેયના પૂજક (स्वामिमहासेनपादानुघ्यातानां) અને વરાહના ચિહ્નના ધ્વજવાળા કહેલા છે. કાર્તિકેયપૂજા દ્રાવિડ દેશમાં જ વધારે પ્રચારમાં છે. શ્રી. શાસ્ત્રીજી ગૂજરાતના સોલંકીઓ શૈવ પાછળથી થયા હોય અને નંદિધ્વજ થયા હોય એમ માને છે. પરંતુ કાર્તિકેયનો સંપ્રદાય પણ શૈવ સંપ્રદાયની શાખા જ ગણાય છે. સિદ્ધરાજનો કુક્કુટધ્વજ કાર્તિકેયના હાથમાં રહેલા કૂકડાને લીધે પણ હોય. નંદિધ્વજ થયા પછી પણ મીનળ-દેવીના સંબંધને લીધે કદાચ આ ફેર થયો હોય. એક દલીલ એવી છે કે દક્ષિણના ચાલુક્યો માનવ્ય ગોત્રી અને ગૂજરાતના વંશનું ગોત્ર આજે ભારદ્વાજ ગણાય છે તેથી તે જુદા હોય, પણ શાસ્ત્રીજી નોંધમાં લખે છે કે લેખોમાં ગોત્રોના ઉલ્લેખ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિહાર સામ્રાજ્યનો કોઇ સામંત મહારાજાધિરાજ રાજિ ગૂજરાતના પ્રથમ સોલંકી રાજા મૂળરાજદેવનો પિતા થાય. આ રાજિના બાપદાદાઓ માટે ઘણો મતભેદ છે. પણ મહુયધ્ન નગરના ચુલુક્ય વંશના કોઇ દદ્દકના પુત્ર કાંચિવ્યાલ મુંજાલના પુત્ર રાજિનો પુત્ર મૂળરાજ હોય એ વધારે સંભવિત લાગે છે.[૧૪] કનોજના પ્રતિહાર સમ્રાટનો એ કોઇ મહાસામંત હોય એ પણ સંભવ છે.[૧૫]

---

૧૪. જુઓ દુ. કે. શાસ્ત્રીનો મ. કા. ઈ. ભા. ૧ પ્રકરણ ૭મું. આમાં શાસ્ત્રીજીએ સોલંકીઓ માટે અને મૂળરાજ માટે ઐતિહાસિક ચર્ચા કરેલી છે અને અત્યારનાં સાધનો જોતાં તે માન્ય કરવા જેવી છે. વીગત માટે એ ચર્ચા જોવી. જ્યાં મતભેદ હશે, ત્યાં નોંધ કરીશું.

૧૫. મૂળરાજનો બાપ રાજિ મહારાજાધિરાજ કહેવાતો. એટલે એ અને એના ભાઈઓ બીજ અને દંડક અથવા દદ્દક કાપડીને વેશે યાત્રાએ આવેલા અને છેલ્લા ચાવડા રાજાની બહેન લીલાદેવીને પરણ્યા એ કથા સંભવિત લાગતી નથી. રાજિ નામ દક્ષિણમાં પડે છે તેમ રાજીવનું ટૂંકું રૂપ હોય અને સોલંકીઓને કર્ણાટક સાથે સંબંધ ધરાવતા માનીએ તો એ વાત બંધ બેસે. એના બાપદાદાઓનાં પ્રબંધાદિ ગ્રંથોએ જુદાં જુદાં નામો આપેલાં છે તેમની ચર્ચામાં ઊતરવાનું આ સ્થાન નથી. પરંતુ જયસિંહસૂરિના કુમારપાલચરિત્રમાં રાજિના પિતાનું નામ કાંચિવ્યાલ આપેલું છે. તેને ચામુંડદેવના તામ્રપત્રમાં 'વ્યાલકાંચિ' એવા શબ્દોથી ટેકો મળે છે. એટલે મૂળરાજના દાદાએ કાંચિનો વ્યાલ એવું ઉપનામ કોઈ પરાક્રમથી ધારણ કર્યું હોય અને દક્ષિણ સાથે એમનો સંબંધ હોય એમ તો માનવાને વાંધો નથી. એટલે મૂળરાજનો બાપ અગર દાદો પ્રતિહારોએ ગૂજરાતનો અમુક ભાગ રાષ્ટ્રકૂટો પાસેથી જીત્યા પછી કાન્ય-કુબ્જના પ્રતિહારોનો – અને ઘણું કરીને ભિન્નમાલનો મહાસામંત બન્યો હોય. પાટણના ભાગને સારસ્વતમંડળ કહે છે એટલે તે સમયે તે ભાગ ગૂજરાત નહોતો કહેવાતો એમ જણાય છે. છેલ્લા ચાવડા રાજા સામંતસિંહનો મૂળરાજ ભાણેજ હતો અને દારૂના ઘેનમાં મામો એને ગાદીએ બેસાડતો ને પછી ઉઠાડી મૂકતો, વગેરે વાતોમાં દંતકથા સિવાય કાંઈ નથી જણાતું. આ માટે શાસ્ત્રીજીના મધ્યકાલીન રાજપૂત ઇતિહાસમાં મૂળરાજ સંબંધી ચર્ચા જુઓ. શ્રી. શાસ્ત્રીજીની ચર્ચા સંભવિત જણાય છે અને નવા સબળ આધારો મળે ત્યાંસુધી સ્વીકારવામાં વાંધો નથી લાગતો. શ્રી રસિકલાલભાઈ મૂળરાજના દાદાનું નામ મુંજાલદેવ હોય અને કાંચિ-વ્યાલ એનું વિશેષણ હોય એવો સંભવ બતાવે છે તે યોગ્ય જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળરાજનો રાજ્ય વિસ્તાર

મૂળરાજે પોતાના પરાક્રમથી સારસ્વતમંડલ – પાટણની આસપાસનો પ્રદેશ – ચાવડાઓ પાસેથી જીતી લીધો અને વિ. સં. ૯૯૮ માં પાટણમાં ગૂજરાતની ગાદીએ બેઠો. એ એક પરાક્રમી વીર પુરુષ હતો. પરંતુ ગાદીએ બેઠા પછી કેટલાંક વર્ષો સુધી તો ઉત્તર ગૂજરાતનો થોડો ભાગ માત્ર એની સત્તામાં હતો. ખેટકમંડળ–ખેડા જિલ્લો, મોહડવાસ–મોડાસા વગેરે, એટલે પ્રાંતીજ અને મહીકાંઠાના ભાગો રાષ્ટ્રકૂટોના મહાસામંત પરમાર સીમકને તાબે હતા એમ વિ. સં. ૧૦૦૫ના લેખથી નક્કી થાય છે.[૧૬] મૂળરાજના રાજ્ય કાળના મુખ્ય બનાવોમાં ખાસ ત્રણ ગણી શકાય: એક એણે સોરઠના ગ્રાહરિપુને હરાવ્યો; બીજો એણે ગ્રાહરિપુના[૧૭] મળતિયા કચ્છના લાખા ફુલાણીને હરાવ્યો; અને સિંધુરાજને હરાવ્યો.[૧૮] ત્રીજું

૧૬: જુઓ. એજ પૃ. ૧૪૨. શ્રી. શાસ્ત્રીજી માને છે કે ગાદીએ આવ્યા પછી ઘણાં વર્ષ પછી મૂળરાજ પોતાનાં રાજ્યને વિસ્તારી શક્યો. એને ઘણાં વર્ષ સુધી આસપાસના બધા રાજાઓ સાથે લડવું પડેલું. પરંતુ ભિન્નમાલનું રાજ્ય એના બાપનું હોય તો એની પાસે તે રહેલું કે કેમ તેનો ખુલાસો થતો નથી. કોઈ કારણથી ભિન્નમાલથી રાજધાની બદલવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય એમ જણાય છે, કારણ કે ભિન્નમાલથી સંખ્યાબંધ લોક ગૂજરાતમાં આવ્યાનો ઉલ્લેખ મળે છે. સાબરમતીની દક્ષિણનો ભાગ મૂળરાજે તાબે નથી કર્યો એમ ખેટકમંડળ અને હરસોલ–મોડાસા વગેરે બીજાને તાબે હોવાના લેખોના પુરાવાથી જણાય છે.

૧૭. સોરઠના ગ્રાહરિપુને મૂળરાજે હરાવ્યો એનું વર્ણન હેમચંદ્રે દ્વયાશ્રયમાં કર્યું છે અને મૂળરાજનાં બીજાં પરાક્રમોનું વર્ણન પણ કર્યું છે. એ માટે શ્રી રસિકલાલભાઈના કાવ્યાનુશાસનમાં આપેલો ઇતિહાસ પૃ. ૧૨૩ થી ૧૨૬ જુઓ. સોરઠ ઉપરની ચઢાઇના ઉલ્લેખ કોઈ લેખમાં ન હોવાથી ગ્રાહરિપુ અને લાખા ફુલાણીની વાત શાસ્ત્રીજી શંકાથી જુએ છે. મને લાગે છે કે સોરઠના શ્રી સોમનાથને મૂળરાજે પોતાના ઇષ્ટદેવ માનેલા તેમની યાત્રાએ જતાં કોઇ છમકલું થયેલું હોવું જોઈએ. અને લાખો ફુલાણી એનો સહાયક હોય અથવા પછીથી તેની સાથે બીજી લડાઇ થઈ હોય.

૧૮. સિંધુરાજને હરાવ્યાનું શાસ્ત્રીજી માને છે તેમ સિંધનો રાજા નહિ પણ સિંધુરાજ નામે કોઇ નાનો રાજા હોય એમ સંભવિત જણાય છે. સિંધમાં એ સમયે આરબોનું રાજ્ય હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે લાટના બારપને હરાવ્યો. લાટનો વિજય મૂળરાજના યુવરાજ ચામુંડદેવે કર્યો હતો.[૧૯] આ બધા રાજાઓની શત્રુતાને લીધે એને સપાદલક્ષના રાજા સાથે મૈત્રી રાખવી પડી હતી. મૂળરાજે રાજ્યની અંતર્વ્યવસ્થા પણ ઉત્તમ રીતે કરી અને એની પાછળના રાજાઓને રાજ્ય વધારવા માટે રસ્તો સરળ કર્યો.[૨૦]

મૂળરાજે બંધાવેલાં મંદિરો

ગૂજરાતનું સ્થાપત્ય આજે જે વિશેષતા ધરાવે છે તેની શરૂઆત કરવાનું માન પણ મૂળરાજને છે. એણે પાટણમાં પોતાના દાદા મુંજાલદેવને નામે મુંજાલદેવપ્રાસાદ, ત્રિપુરુષપ્રાસાદ (કદાચ પોતાના પિતા અને કાકાઓના સ્મરણમાં) બંધાવ્યા. માંડલમાં મૂલેશ્વરપ્રાસાદ બંધાવ્યો. આ બધાંના તો અવશેષો પણ આજે જોવા મળે તેમ

---

૧૯. લાટનો બારપ રાષ્ટ્રકૂટ સત્તા પછી માન્યખેટના તૈલપનો સામંત હતો. એ પણ ચાલુક્ય હતો. મૂળરાજ પછી પંચાવન વર્ષે પણ ભરૂચનો મુલક બારપના વંશજોના હાથમાં હતો એ ઉપરથી મૂળરાજે આખું લાટ કબજે નહિ કર્યું હોય એમ માનવું પડે. મૂળરાજના વિજયથી બહુ તો ખેડાનો થોડો ભાગ એના હાથમાં આવ્યો હોય એમ શાસ્ત્રીજીનું માનવું સયુક્તિક લાગે છે. આ તૈલપ બારપ વગેરે કનડી નામો જણાય છે અને દક્ષિણના ચાલુક્યો હોવાનું નક્કી થાય છે. કનડી ભાષામાં હાલ બારપ્પા વગેરે નામ છે તેને મળતું આ નામ છે. અંતે આકાર નથી તેનો ખુલાસો એ નામ ગુજરાતી થયાં, તે છે.

૨૦. મૂળરાજ છેક પાછળના ભાગમાં સ્વતંત્ર રાજા થયો હોય એમ શાસ્ત્રીજી માને છે. માળવાના મુંજે એને હરાવ્યો હતો અને એનો સામંત હોય એમ પણ એઓ માને છે. પણ આબુના ધરણીવરાહને મૂળરાજે હરાવ્યો હતો એ એનો સામંત થયો હતો. શ્રી રસિકલાલભાઇ એમના અંગ્રેજી ઇતિહાસના પૃ. ૧૨૮ માં મૂળરાજના રાજ્યનો વિસ્તાર ઉત્તરમાં સાચોર, પશ્ચિમમાં સૌરાષ્ટ્ર અને કચ્છ, અને દક્ષિણમાં નર્મદા સુધી માને છે, પરંતુ ખેડા અને મોડાસા જો ઉપર જોયું તેમ બીજાના હાથમાં હોય તો નર્મદા સુધીની હદ માની શકાય નહિ. અને સૌરાષ્ટ્રનો પૂર્વ ભાગ થોડો માત્ર તાબે કર્યો હોય. અહીં એક વાત ખાસ યાદ રાખવાની કે એક રાજા ચઢાઈ કરી ખંડણી લઇ આવે એટલે મુલક જીત્યો ગણે એવી રીત હતી. પરંતુ જિતાયેલો રાજા તુરત જ સ્વતંત્ર થતો. મૂળરાજના સમયમાં એટલો બધો મુલક જિતાયો હોય એમ લાગતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. પરંતુ સિદ્ધપુરમાં મૂળરાજે બંધાવેલા રુદ્રમહાલયનો આજે રહેલો એક ટુકડો એની ભવ્યતાની સાક્ષી પૂરે છે.

એનું ચારિત્ર્ય

મૂળરાજને આપણે ગૂજરાતના સોલંકી વંશનો વંશકર્તા ગણી શકીએ. દરેક વંશકર્તાઓની પેઠે વીરત્વ, કુનેહ, ઉદારતા, દેવભક્તિ વગેરે ગુણો એનામાં હતા.[21] વંશકર્તાનો મુખ્ય ગુણ સહિષ્ણુતા પણ હોવો જોઇએ તે પણ એનામાં હતો. એ ઘણો મોટો દાનેશ્વરી હતો. એણે દાન માટે ખાસ અધિકારીની નિમણૂક કરી હતી. ગૂજરાતના સામાજિક ઇતિહાસમાં એના રાજ્યનો એક મોટો બનાવ લખી શકાય તે ઉત્તરમાંથી ઉદીચ્ય બ્રાહ્મણો ગૂજરાતમાં આવીને વસ્યા તે બનાવ છે. મૂળરાજે એમને ઘણાં ગામો દાનમાં આપ્યાં છે. એ પરમ શિવભક્ત હતો.

સોમશર્મા

એનો પુરોહિત સોમશર્મા નામે નાગર બ્રાહ્મણ ગુલ્લેચા કુલનો હતો. એની વંશાવળી સોમેશ્વરે આપી છે. આ ગુલ્લેચા કુલના આજે વડનગરા નાગર દિવેટિયાઓ કહેવાય છે. એ ખરું હોય તો દિવેટિયાઓનું કુંટુંબ મૂળરાજ અને 'ગૂજરાત' જેટલું પ્રાચીન ગણી શકાય.

મૂળરાજની પછીના રાજાઓ

મૂળરાજે સ્થાપેલા રાજ્યનો પાયો મજબૂત હતો. એટલે એની પછીના સોલંકીઓએ ગૂજરાતને મહારાજ્ય બનાવ્યું. મૂળરાજ પછી એનો યુવરાજ ચામુંડદેવ ગાદીએ આવે છે અને તેની પછી એના પુત્રો વલ્લભરાજ અને દુર્લભરાજ ગાદીએ આવે છે. આ રાજાઓના વખતમાં અહીં નોંધવાલાયક ખાસ કાંઇ નથી. ચામુંડરાજના ત્રીજા પુત્ર નાગરાજનો પુત્ર ભીમદેવ, વિ. સં. ૧૦૭૮ માં ગાદીએ આવે છે, એ પછી ગૂજરાતના સોલંકીઓનો સુવર્ણ સમય આવે છે.

---

૨૧. રત્નમાળમાં મૂળરાજને કપટી નિર્દય વગેરે ખરાબ ગુણોવાળો કહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ આઠમું

હિંદુ ગૂજરાતી સામ્રાજ્ય

ભીમદેવ પહેલો

મૂળરાજે જે ગુર્જર સામ્રાજ્યનો પાયો નાંખ્યો તેના ઉપર એની પછીના રાજાઓએ મહારાજ્યરૂપી મહેલ ચણવા માંડયો તેનું કામ સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં પૂરું થયું. ગુજરાતી સંસ્કૃતિના ઇતિહાસમાં આ સુવર્ણનો સમય હતો, એ અહીં સંક્ષિપ્તમાં જોઈએ. આ સમય વિ. સં. ૧૦૭૮ થી–દુર્લભરાજના ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ પહેલો ગાદીએ આવ્યો ત્યારથી શરૂ થાય છે.

સોમનાથ ઉપર મહમૂદ ગીજનીની ચઢાઇ

આ સમયમાં ગૂજરાતને જ નહિ પણ આખા હિંદુસ્તાનને લજ્જા પમાડે તેવો બનાવ બન્યો. હિંદુસ્તાન ઉપર વિધર્મી પરદેશીઓના હુમલા શરૂ થયા હતા. વિ. સં. ૧૦૮૦ (ઇ. સ. ૧૦૨૪) માં સુલતાન મહમૂદ ગઝનવીએ સોમનાથનો મોટો મહિમા અને સમૃદ્ધિના સમાચાર સાંભળીને સોરઠ આવવા મુલતાનને રસ્તે કુચ કરી. મારવાડમાં બિકાનેર બાજૂથી શ્રીમાળ, સાચોર વગેરે લૂંટી[૧] અણહિલ્લવાડ પાટણને રસ્તે ગૂજરાતમાં પ્રવેશ કરીને એ સોરઠ ગયો. ગૂજરાતનો રાજા ભીમદેવ નાસીને કંથકોટના[૨] કિલ્લામાં ભરાઇ ગયો. પાટણથી સોરઠ જતાં રણ ઓળંગીને[૩] દેલવાડે પહોંચ્યો. રસ્તામાં રણમાં વીસ હજાર માણસો તેની સામે થયાં તેને

---

૧. સાચોર–સત્યપુર જૈનોનું તીર્થ હતું મારવાડથી પાટણ આવતાં રસ્તામાં મહમૂદે એના ઉપર હુમલો કર્યો. જૈન લેખકના મત પ્રમાણે સાચોરમાં મહમૂદ કાંઇ નુકસાન કરી શકયો નહિ. પરંતુ એ વાત સંદેહવાળી છે.

૨. મુસલમાન લેખકો ખંદહત કે ખંદબ રાખે છે. આ સ્થળને માટે વિદ્વાનો એકમત નથી. પરંતુ કંથકોટ હોય એવો ડૉ. બુલરનો તર્ક ખરો લાગે છે.

૩. પાટણથી સોરઠ જતાં આ રણનો ઉલ્લેખ તે ભાલપ્રદેશનું રણ જેને ખંભાતનું રણ કહે છે તે હોવું જોઈએ. તેમાં સામા થનારા વીસ હજાર માણસો સોરઠના માણસો હોવા જોઇએ. દેલવાડા તે ઊના દેલવાડા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરાવ્યાં. દેલવાડેથી સોમનાથ ઊપડતાં લોકો સોમનાથના ગઢમાં ભરાઇ ગયા. મહમૂદ ઇ. સ. ૧૦૨૫ ના જાન્યુઆરીની ત્રીસમી તારીખ ને ગુરુવારે સોમનાથ પહોંચ્યો. ગઢ દરિયાને કિનારે હતો. ઘેરાયેલાઓને સબળ શ્રદ્ધા હતી કે સોમનાથ તેમનું રક્ષણ કરીને હુમલો કરનારાઓનો નાશ કરશે. બીજે દિવસે શુક્રવારે લડાઈ શરૂ થઈ. હુમલો કરનારાઓ ગઢ ઉપર ચઢી ગયા. બન્ને પક્ષે ભારે ખુવારી થઇ. હિંદુઓ છેવટે સોમનાથના મંદિરમાં ભરાઇ ગયા, અને ત્યાં ભારે રક્તપાત થયો. ઘણા દરિયામાં હોડીઓમાં બેસીને નાસી ગયા. કેટલાક ડૂબી પણ ગયા. મહમૂદે સોમનાથનું મંદિર તોડયું અને શિવલિંગના ટુકડા કર્યા. એણે લૂંટ પણ સારી રીતે કરી. આ વર્ણન મુસલમાન લેખકોએ સવિસ્તર કર્યું છે. હિંદુ લેખકોએ માત્ર સામાન્ય ઉલ્લેખ કરેલો છે.[૪]

---

૪. આજ સુધી એમ મનાતું હતું કે મહમૂદની સોમનાથની ચઢાઇનું વર્ણન સમકાલીન તેમ જ બીજા હિંદુ લેખકોએ કરેલું નથી. મુસલમાન ઇતિહાસ લેખકોએ સવિસ્તર વર્ણન કરેલાં છે અને તેમાં ઘણી અતિશયોક્તિ છે એમ મનાતું હતું. મહમૂદના સમકાલીન મુસલમાન લેખકો-ઉત્બી અને અલબરૂની પણ સોમનાથ તોડયાનું નથી લખતા અને પાછળના મુસલમાન લેખકોએ માત્ર આ વર્ણન વધારા પડતું કરેલું છે અને તે કદાચ તદ્દન ખોટું હોય એમ પણ કોઈ કોઈ માનતા હતા. પરંતુ હવે આ માન્યતા ખોટી પડી છે. ઉત્બી મહમૂદનો સેક્રેટરી હતો અને એના ગ્રંથમાં આ વર્ણન ન હોવાનું કારણ ગ્રંથ પૂરો કરતાં પહેલાં એ મરણ પામ્યો એમ મનાય છે. અલબરૂનીએ સોમનાથનું વર્ણન કરેલું છે. અને તોડવાનો માત્ર સામાન્ય ઉલ્લેખ છે. ચઢાઈનું વર્ણન એણે કરેલું નથી. બીજા મુસલમાન લેખકોનાં વર્ણનો ચઢાઇ પછી આશરે ૨૦૦ વર્ષ પછીનાં છે. પરંતુ હમણાં સમકાલીન કહેવાય એવો જૈન ઉલ્લેખ આચાર્ય શ્રી જિનવિજયજીએ શોધી કાઢયો છે. ધારાના પ્રસિદ્ધ રાજા ભોજના રાજકવિ અને તિલકમંજરીના કર્તા કવિ ધનપાળે તુર્કોએ શ્રીમાલ દેશ ચંદ્રાવતી, અણહિલ્લવાડ, સોરઠ, દેલવાડા અને સોમનાથ એટલાને લૂંટયાનો ઉલ્લેખ કરેલો છે. વિવિધતીર્થકલ્પના સત્યપુરકલ્પમાં પણ ગુર્જ્જર દેશને ગજનવીઓએ વિ. સં. ૧૦૮૧માં લૂંટયાનો ઉલ્લેખ છે. આ બે ઉલ્લેખો સિવાય ગૂજરાતના પ્રબંધાત્મક સાહિત્યમાં કે દ્વયાશ્રય જેવામાં પણ આનો ઉલ્લેખ નથી. બસો વર્ષ પછીના મુસલમાન લેખકોએ જ માત્ર સવિસ્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમનાથનું મંદિર

મહમૂદે તોડેલું સોમનાથનું મંદિર લાકડાનું હતું એમ કહેવાય છે. તેને છપ્પન થાંભલા હતા. શિવલિંગ પાંચ હાથ ઊંચું હતું અને તેનો ઘેરાવો ત્રણ હાથનો હતો. અંધારા ગર્ભગૃહમાં આ લિંગ આવેલું હતું. થાંભલા રત્નજડિત હતા. રત્નજડિત દીપમાળાઓ સતત ચાલુ હતી. બસો મણ સોનાની સાંકળોમાં ઘંટ લગાડેલા હતા. સોનારૂપાની મૂર્તિઓ અને રત્નજડિત મુખવટા તિજોરીમાં હતા. મહમૂદને વીસ લાખ દીનારનો માલ મંદિરમાંથી મળ્યો.[૫]

વર્ણન કરેલું છે તે ઉપરથી વિદ્વાનોનું એમ માનવું છે કે આ બનાવ બનેલો છે તો ખરો પરંતુ પાછળના મુસલમાન લેખકો કહે છે તેવો મહત્ત્વનો ભારે બનાવ નથી. મહમૂદ એક ભયંકર વંટોળિયાની પેઠે રસ્તામાં લૂંટ અને મારામારી કરીને તુરત ચાલ્યો ગયો હોવો જોઈએ. અને સોમનાથનું ઘણું મોટું માહાત્મ્ય અને કીર્તિ સાંભળીને તે તોડવા અને લૂંટવા આવેલો હોવો જોઇએ. એ ગમે તે હોય, પરંતુ સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ આ બનાવનું મહત્ત્વ ઘણું મોટું છે અને સમકાલીન લેખકોએ એના ઉપર ધ્યાન નથી આપ્યું તેથી બનાવની ગંભીરતા ઓછી થતી નથી. મહમૂદ બહુ ઓછો સમય ગૂજરાતમાં રહી તુરત ચાલ્યો ગયો, આ જાતની વિધર્મીઓની સવારી પહેલી જ હતી. એ બધાં કારણો વિચારવા જેવાં છે; અને સામાન્ય જનતાની સ્મરણશક્તિ ટૂંકી હોય છે એ માનસ-શાસ્ત્રનો નિયમ પણ વિચારવા જેવો છે. હિંદુઓ આ દુઃખ બહુ ઝડપથી ભૂલી ગયા એમ જણાય છે.

૫. સોમનાથના મુસલમાન લેખકોએ કરેલા વર્ણનને કેટલાક અતિશયોક્તિ ભરેલું કહે છે. એ વર્ણન એક કરતાં વધારે મુસલમાન લેખકોએ વિસ્તારથી કરેલું હોવાથી અહીં તેને સ્થાન નથી. પરંતુ અસંખ્ય હજામોની વાત, મંદિરમાં નૃત્ય કરનારી સ્ત્રીઓની વાત, અને કોઇ લેખકે કહેલી લિંગને બદલે મૂર્તિની વાત, એ બધું કલ્પિત છે એમ કહેવું મુશ્કેલ છે. સોમનાથની મુખ્ય મૂર્તિ એ તો લિંગ જ હતું એમ અલ્બરૂની પોતે કબૂલ કરે છે. પરંતુ બીજા લેખકોના વર્ણનને ખોટું કહેતાં પહેલાં દક્ષિણ હિંદમાં આજનાં શિવમંદિરો અને તીર્થોની સ્થિતિ જોવા જેવી છે. ઉપર વર્ણવેલું બધું હાલ ત્યાં થાય છે. શૈવ સંપ્રદાય અને લિંગની પૂજાની ઉત્પત્તિ અને જોર એક વખતે ગૂજરાતમાં હતું તે જોતાં તે સમયે આવી પૂજા વગેરે ગૂજરાતમાં નહિ હોય એમ માનવાને કારણ નથી. મૂર્તિનું વર્ણન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળથી જાગેલા હિંદુ રાજાઓ

ગૂજરાત અને સોરઠના ફળદ્રુપ પ્રદેશ અને સોનાની ખાણોથી આકર્ષાઇને મહમૂદને સોરઠમાં રાજધાની કરી રહેવાનું મન થયું. પરંતુ એના સરદારોને એ પસંદ ન પડયું. પોતાના કોઈ હાકેમને નીમવાનું કે કોઈ યોગ્ય દેશીને સોંપવાનું પણ એનાથી બની શકયું નહિ. એટલે આવ્યો હતો એમ વંટોળિયાની પેઠે એ ઉત્તરમાં રણને રસ્તે થઇ સિંધમાં થઇ સ્વદેશ ગયો. રસ્તામાં પાણી વગર એનાં ઘણાં માણસો માર્યાં ગયાં.[૬] આ સમય દરમિયાન હિંદુસ્તાનમાં હિંદુ રાજાઓ પણ શ્વાસ લઇને તૈયાર થયા. ભીમદેવ પણ કયાંક સંતાઇ ગયેલો તે બહાર નીકળ્યો. દિલ્હીનો હિંદુ રાજા, ગૂજરાતનો ભીમદેવ નાડૂલનો અણુહિલ્લ, માળવાનો ભોજ, દક્ષિણનો ચાલુકય સોમેશ્વર અને કલચૂરી કર્ણ વગેરેએ ભેગા થઈ પાછા ભાગતા મહમૂદના સૈન્યને હરાવ્યું એમ કહેવાય છે.[૭]

(લિંગ હોવા ઉપરાંત) તે ઉત્સવ અથવા ભોગ મૂર્તિનું સૂચન કરે છે એટલે લિંગ ઉપરાંત મૂર્તિ હોવાનો સંભવ છે. આજે દક્ષિણમાં આ બધું છે. લિંગ પાંચ હાથનું હતું એ માટે મારા ખંભાતના ઇતિહાસમાં કરેલા સ્તંભલિંગ-ના વર્ણનનું પરિશિષ્ટ જોવું.

૬. આ બધા વર્ણનનો સાર શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીના મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ઉપરથી લીધો છે. મહમૂદ આવ્યો હતો તે રસ્તે ન જતાં કચ્છના રણને રસ્તે ગયો તેનું કારણ એમ પણ હોઇ શકે કે તેની સામે થતા હિંદુસ્તાનીઓની તૈયારીના સમાચાર તેને મળ્યા હોય. કોઇ હિંદુ ભોમિયાએ ઊંધો રસ્તો બતાવ્યો એ દંતકથા હોય એવું શ્રી. શાસ્ત્રીનું માનવું યથાર્થ જણાય છે.

૭. હેમચંદ્રે કરેલો ભીમદેવના હમ્મુકવિજયનો ઉલ્લેખ તે ભીમદેવે બીજા રાજાઓ સાથે મળીને કરેલા મહમૂદના લશ્કરના વિજય માટે જ હોવો જોઈએ એવું શ્રી. ધીરેન્દ્રચંદ્ર ગંગુલીના આધારે શ્રી. શાસ્ત્રીએ લખ્યું છે તે પણ માન્ય રાખવા જેવું છે. મહમૂદ કાબૂલથી મધ્ય હિંદ વીંધીને ગૂજરાતમાં આવી લૂંટીને પાછો ગયો ત્યાંસુધી ભીમદેવ અને બીજા રાજાઓ શું કરતા હતા અને પહેલોજ હુમલો કેમ ન કરી શકયા એ વાત એમની લશ્કરી વ્યવસ્થા કેવી હશે તે બતાવે છે. પોતાના મુલકમાં લડવું તે પારકાના મુલકમાં લડવા કરતાં કંઈક સહેલું છે. ઘણે દૂરથી સામગ્રી લઈ લૂંટી પારકા દેશમાંથી પાછા જવું એ સહેલું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ સમાજની ખામી

ધર્મની વાત બાજૂએ મૂકતાં પણ તે સમયના સમાજની સ્થિતિ અને સામાન્ય સંસ્કૃતિની દૃષ્ટિએ આ બનાવ બહુ મહત્ત્વનો છે. તે સમયે તો લગભગ આખા હિંદુસ્તાનમાં ધર્મની વિશાળ દૃષ્ટિએ ઐક્ય હતું. છતાં એક પરદેશી બીજા દેશમાં લશ્કર અને સરંજામ સાથે હજાર દોઢ હજાર માઇલ પેસીને દેશના વતનીઓને લૂંટી જાય અને વતનીઓ માત્ર નાસ ભાગ સિવાય કાંઇ કરી શકે નહિ એ તો સમાજમાં રહેલી કોઇ ગૂઢ ખામી બતાવી આપે છે. રાજાઓ પણ તુરત તો સામનો કરી શકયા નહિ. એમની લશ્કરી વ્યવસ્થા કેવી હશે? પાટણ જેવા સમૃદ્ધ શહેરના રાજાને નાસી જવું પડ્યું, વિદેશી લૂંટીને પાછો ગયો ત્યાંસુધી દેશી રાજાઓ ઐક્યથી સામનો કરી શકયા નહિ; અને હિંદના જનસમાજને ગમે તે વિદેશી ગમે ત્યારે વિના હરકતે હેરાન કરી શકે એમ હમેશને માટે જગતને ખુલ્લું કરીને આ ચઢાઇએ બતાવી આપ્યું. જે મહાન સંસ્કૃતિએ પૂર્વે અનેક આક્રમણોનો સામનો કર્યો અને પોતાનામાં સમાવી દીધા તે જ સંસ્કૃતિ આ નવીન આક્રમણકારોને ન સમાવી શકી, ન સામનો કરી શકી, તેથી ઊલટું પાછળ આવતાં વર્ષોમાં તેનાથી દબાઇ ગઇ. સમાજની આ સ્થિતિનું કારણ સમાજશાસ્ત્રીઓએ વિચાર કરવા જેવું છે. બૌદ્ધ ધર્મનો પોતાની જ જન્મભૂમિમાં અસ્ત થયો તે વખતે જે સંસ્કૃતિએ અનેક વિરોધી તત્ત્વોનું એકીકરણ કરી પુનર્રચના કરી; સમય પ્રમાણે બદલાવાની કુશળતા જે સંસ્કૃતિના નેતાઓએ પૌરાણિક ધર્મની સ્થાપના વખતે બતાવી, તેવું એકીકરણ કે તેવી કુશળતા પાછળના નેતાઓમાં ન રહ્યાં. સમય પ્રમાણે બદલાવાનું મહત્ત્વ વીસરાયું, અનેક સંપ્રદાયોમાં ભિન્ન બળ વધવાથી ઐક્ય ઓછું થતું ચાલ્યું. આ બધું પણ સમાજની આવી સ્થિતિનું કારણ હોઇ શકે. પર સંસ્કૃતિને પોતામાં સમાવવાની શક્તિ ગુમાવ્યા પછી સમાજ પોતાની જાતને દરેક રીતે સંકોચાવી દઇને માત્ર આત્મરક્ષણ કરવા પ્રેરાયો એ પણ આવા આક્રમણોના ઇતિહાસ ઉપરથી સમજાય છે.

નામાંકિત માણસો અને સાંસ્કૃતિક પ્રગતિ

આ મહત્ત્વનો બનાવ બાદ કરતાં ભીમદેવનું રાજ્ય ગૂજરાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કારિતાની દૃષ્ટિએ સારું હતું. એના દરબારમાં વિમલ મંત્રી અને દામોદર (ડામર) જેવા નામાંકિત રાજપુરુષો થયા. વિમલ મંત્રીએ બાંધેલું આબુ ઉપરનું દેલવાડાનું વિમલવસતિ નામનું જગપ્રસિદ્ધ મંદિર ગૂજરાતનું ગૌરવ આજે પણ વધારી રહેલું છે. એનું સવિસ્તર વર્ણન આગળ કરીશું. ડામરની બુદ્ધિ અને ચતુરાઈથી ગૂજરાત અને માળવાની મૈત્રી જળવાઈ રહી હતી. "ડાહ્યો ડમરો" એ ગૂજરાતી કહેવતમાં ડામર આજે પણ ગૂજરાતમાં જીવતો છે. અદ્ભુત અલંકારોથી ભરેલા ઉત્તમ શિલ્પસ્થાપત્યથી આજે ગૂજરાત પ્રસિદ્ધ છે તેને ભીમદેવના સમયમાં ખૂબ ઉત્તેજન મળ્યું હોય એમ જણાય છે. ઈંટો અને લાકડાને બદલે પથ્થરનાં મંદિરો બાંધવાનો રિવાજ પણ આ સમયમાં વધ્યો હોય એમ માની શકાય. ભીમદેવની દાનપ્રવૃત્તિ પણ પ્રશંસનીય હતી. મોઢેરાનું સૂર્યમંદિર અને પાટણની રાણીવાવ આ સમયમાં બંધાયાં.

વિદ્યાસંસ્કાર

આ સમયે અણહિલ્લવાડ પાટણ હિંદુસ્તાનનાં વિદ્યાસંસ્કારનાં મુખ્ય કેન્દ્રોમાંનું એક ગણાતું. પાડોશી અને વિદ્યારસિક ભોજ રાજાની હરીફાઈથી ભીમદેવે ગૂજરાતમાં વિદ્યાસંસ્કારને ઘણું ઉત્તેજન આપ્યું. વિદ્યાની દરેક શાખાના જૈન અને બ્રાહ્મણ વિદ્વાનો ગૂજરાતમાં આવવા લાગ્યા. આ પ્રવૃત્તિ ભીમદેવના રાજ્યસમયથી વધવા માંડી તે ઘણે ભાગે આખા હિંદુ અમલમાં ચાલુ રહી.[૮]

માળવા અને ગૂજરાત

માળવા અને ગૂજરાતને લડાઈ અને મૈત્રીના સંબંધ પણ વારંવાર બદલાયા કર્યા છે. ભીમના સમય સુધી ગૂજરાતનો કેટલોક પૂર્વ તરફનો ભાગ માળવાને તાબે હોય એમ સમજાય છે. એમ

---

૮. ન્યાય, વ્યાકરણ, વેદાંત અને સાહિત્યમાં આ સમયમાં મોટા વિદ્વાનો ભીમના દરબારમાં થઈ ગયા. તેમાં શાંત્યાચાર્ય અને સૂરાચાર્યનાં નામ પ્રસિદ્ધ છે. આ વિષયની રસિક ચર્ચા વર્ણન સાથે શ્રી. રસિકલાલ પરીખના કાવ્યાનુશાસનના બીજા ભાગમાં આપેલા ગૂજરાતના ઇતિહાસમાં આપેલી છે. તે માટે તેનાં પૃ. CXLI થી પૃ. CXLVIII જોવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય છે કે કુલચંદ્ર સેનાપતિની સરદારી નીચે માળવાના લશ્કરે ભીમદેવની ગેરહાજરીનો લાભ લઈ પાટણ ભાંગ્યું અને રાજમહેલ આગળ કોડીઓ દાટીને જયપત્ર લીધું.[૯] વચ્ચે બન્ને રાજ્યોને મૈત્રીનો સંબંધ પણ ડામર જેવાની બુદ્ધિશક્તિથી રહ્યો છે. પરંતુ ભોજની વૃદ્ધાવસ્થામાં બીજા રાજાઓની સહાયથી ભીમદેવે માળવામાં લડાઇ કરી અને પૂર્વ ગૂજરાતનો ભાગ ગૂજરાતની હદમાં મેળવી દીધો.[૧૦]

કર્ણદેવ

ભીમદેવ પછી વિ. સં. ૧૧૨૦ થી તેનો નાનો પુત્ર કર્ણદેવ ગાદીએ આવ્યો. કર્ણે પણ આસપાસનાં રાજ્યો સાથે લડવામાં સમય ગાળ્યો છે એમ સમજાય છે. એમાં લાટનો વિજય મુખ્ય છે. કર્ણે હાલના ગૂજરાતની દક્ષિણ હદ સુધી રાજ્ય વિસ્તાર્યું.[૧૧] કર્ણના રાજ્યના બે બીજા મહત્ત્વના પ્રસંગ ગણી શકાય: એક મીનળદેવી સાથેનું લગ્ન અને બીજું આશાવલનું નામ કર્ણાવતી પાડવું. સિદ્ધરાજ જેવા પ્રતાપી રાજાની મા તરીકે અને ગૂજરાતની એક પ્રભાવશાળી મહારાણી તરીકે મીનળદેવીનું નામ ગૂજરાતમાં ઘેરે ઘેર જાણીતું છે. મીનળદેવી સાથે કર્ણના લગ્ન માટે દંતકથાઓ પણ છે. પરંતુ દક્ષિણના રાજાની કન્યા ગૂજરાતની મહારાણી બને તેમાં રાજદ્વારી કારણ પણ હોવું જોઇએ. કર્ણાટકના ચંદ્રપુરના રાજા જયકેશીની પુત્રી મયણલ્લાદેવી—ગૂજરાતની મીનળદેવીએ ગૂજરાતના ઇતિહાસમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

---

૯. જુઓ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ. ભા. ૧ પૃ. ૧૯૨–૯૩. આ વાત ઉપરથી પણ રાજાની ગેરહાજરીમાં શત્રુ રાજધાની તોડીને જયપત્ર લઈ શકે એ રાજધાનીના રક્ષણની વ્યવસ્થા ઉપર વિચાર કરવાનો સવાલ છે. સંપૂર્ણ વ્યવસ્થા અને હાલ જેને morale કહે છે તેવું તે સમયે હશે કે નહિ તે સવાલ છે.

૧૦. જુઓ:—એજ પૃ. ૧૯૬. હાલના ગૂજરાતની સંપૂર્ણ હદ આ સમય સુધી એક છત્ર નીચે રહી હોય એમ જણાતું નથી.

૧૧. આમ છતાં પણ હિંદુ સમયમાં લાટ એક સત્તા નીચે સતત રહ્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણાવતી

કર્ણે આશાપલ્લીના આશાભીલને હરાવી ત્યાં કર્ણાવતી નગરી સ્થાપી એમ પ્રબંધો કહે છે.[૧૨] પરંતુ આશાપલ્લી અગર આશાવલ તે પૂર્વે ગૂજરાતનું એક મહત્ત્વનું સ્થળ હતું અને પાટણ તથા ખંભાતથી બીજી પંક્તિનું નગર હતું. કર્ણે લાટનો વિજય કર્યો તેમાં આ શહેરનું લશ્કરી મહત્ત્વ પણ એક કારણ હોઈ શકે. લાટના વિજયને માટે આશાવલમાં લાંબો સમય પડાવ નાંખવાથી તે શહેર બીજી રાજધાની જેવું બન્યું હોય અને કર્ણે ત્યાં બાંધકામ કર્યાં હોય એમ સંભવે છે. એક સમૃદ્ધ શહેરની પાસે જ બીજું શહેર નવું વસાવે એ અસંભવિત છે.[૧૩]

---

૧૨. આશો ભીલ એ આશાવલને લગતા કોઇ ભીલ સરદારનું વંશ-પરંપરાનું ઉપનામ હોય એમ સંભવે છે. કર્ણે જે વખતે આશાવલનું નામ કર્ણાવતી બદલ્યું તે જ વખતે ત્યાં આશો ભીલ રાજ્ય કરતો હતો એમ માનવાને કારણ નથી. પરંતુ નજીકમાં જ કોઇ પ્રબળ ભીલ સરદાર આશાવલ શહેરને–તે શહેરને પૂર્વે પોતાના પૂર્વજો સાથે કદાચ સંબંધ હોય તેથી પણ—વારંવાર ત્રાસ આપતો હશે એમ સંભવે. લાટના વિજય માટે પાટણ કરતાં આશાવલ વધારે સગવડવાળું છે અને તે સમયે પાટણ, ભરૂચ અને ખંભાતની વચ્ચે એવડું બીજું શહેર નહોતું. કર્ણના સમય સુધી પણ પાટણ અને ખંભાતની વચ્ચેનો આ શહેરની આસ-પાસનો ભાગ બરોબર સલામત નહિ હોય એમ આ વાતથી સમજાય છે.

૧૩. આશાવલ અને કર્ણાવતી જુદાં શહેરો એમ હજી કેટલાક વિદ્વાનો માને છે અને આ બાબત શંકા પણ બતાવે છે. આ બે નામો એક જ શહેરનાં છે એ વાત ગૂજરાતનું પાટનગર અમદાવાદ એ પુસ્તકના આશા-વલના પ્રકરણમાં મેં સિદ્ધ કરેલી છે. એક જ વાતને ઉદ્દેશીને બન્ને નામોનો ઉલ્લેખ સમકાલીન ગ્રંથોમાં આવે છે એટલું એ બે નામોનું ઐક્ય સિદ્ધ કરવાને પૂરતું છે. કોચરબના નામને લીધે કોઈ વિદ્વાન કર્ણાવતીને આશા-વલને સામે કિનારે મૂકવા પ્રેરાય છે. હાલમાં (ઈ. સ. ૧૯૩૯) માં અમદાવાદમાં જમાલપુરનો પુલ બાંધતાં કોચરબ આગળ જે મંદિરનાં અવશેષો નીકળ્યા તેથી આ વાત સાબિત કરવા પ્રયત્ન થાય છે. પરંતુ કર્ણે કોચરબા દેવીનું મંદિર આશાવલ અગર કર્ણાવતીને સામે કિનારે કેમ ન બંધાવ્યું હોય ? કોચરબ–અજદરપુર વગેરે એ બાજૂનાં જૂનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરાજ

ગૂજરાતના હિંદુ સમયના ઇતિહાસમાં સિદ્ધરાજ[૧૪] જયસિંહ જેવું કોઈ બીજા રાજાનું નામ પ્રસિદ્ધ નથી. સામાન્ય જનતાના હૃદયમાં "સધરા જેશંગ"નું નામ સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. એના નામ સાથે એટલી દંતકથાએ, એટલી રોમાંચકથાએ, એટલી ચમત્કારકથાએ જોડાયેલી છે કે એવી બીજા કોઈ રાજાના નામ સાથે ભાગ્યે જોડાયલી હશે. કોઇ નામ સાથે તો ચમત્કારકથાએ લાંબો સમય ગયા પછી જોડાય છે, પણ સિદ્ધરાજના નામ સાથે એવી કથાએ કોઇવાર સમકાલીન ગ્રંથોમાં પણ જણાઇ આવે છે. એ એના પ્રબળ પ્રતાપનું સૂચન છે. એણે ગૂજરાતની સીમા એના બાપદાદા કરતાં ખૂબ–ચારે બાજૂ વધારી. હાલના ગૂજરાતની હદ કરતાં એણે એના રાજ્યની હદ ઘણી વધારી; પાડોશના પ્રાંત તાબે કર્યા, અને ગૂજરાતને ખરેખરું સામ્રાજ્ય બનાવ્યું.

સિદ્ધરાજનાં પરાક્રમો

સિદ્ધરાજ પ્રમાણમાં નાની ઉમરે ગાદીએ આવ્યો અને લાંબો સમય રાજ્ય કર્યું. એનાં પરાક્રમો ગૂજરાતના બીજા કોઇ રાજા કરતાં વધારે પ્રસિદ્ધ છે. એણે બર્બરક નામના સોરઠ બાજૂના અનાર્ય જાતિના સરદારને હરાવી પોતાને તાબે કર્યો એ એનું પહેલું પરાક્રમ છે. આ બર્બરક અથવા બાબરાએ તેની ટોળી સાથે સિદ્ધપુર

સમૃદ્ધ હિંદુઓની વસ્તીવાળાં પરાં હતાં, તેનાં એ મંદિરો કેમ ન હોય ? કર્ણસાગર તળાવ અને કર્ણેશ્વરના પ્રબંધના ઉલ્લેખો એવી રીતે અધ્ધર કરેલા છે કે તેથી સ્થળનિર્ણય કરવામાં સંદેહ ઊભો થાય છે. પણ કર્ણસાગર ચાણસ્મા પાસે છે તે વાત એટલી સિદ્ધ છે કે કાંકરિયા તળાવને કર્ણસાગર ધારવાને કાંઇ આધાર નથી.

૧૪. સિદ્ધરાજ નામ પડવા માટે પણ આધાર ગ્રંથો એકમત નથી. એણે સુવર્ણસિદ્ધિ કરેલી તેથી એ નામ પડયું એમ મનાય છે. બર્બરકની પેઠે સિદ્ધ અને કિરાત જેવી અનાર્ય જાતિને જીતી તેનો રાજા થવાથી સિદ્ધરાજ કહેવાયો હોય એમ શ્રી. રસિકલાલભાઈનું માનવું સયુક્તિક છે. પરંતુ બર્બરકજિષ્ણુ નામ જુદું પણ છે. સોલંકીઓમાં પણ સામ્રાજ્યના વિસ્તારની સિદ્ધિ પહેલી એણે સિદ્ધ કરી તેથી તો સિદ્ધરાજ નહિ કહેવાયો હોય ? સિદ્ધ ચક્રવર્તી નામ એ સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી આવીને ત્યાં રુદ્રના મંદિરને તોડયું એમ કહેવાય છે. છેક સિદ્ધરાજ જયસિંહના સમયમાં પાટણની છેક પાસે આવેલા સિદ્ધ-પુરમાં એક દેવમંદિરને એક વિચિત્ર જાતિનો માણસ હરકત કરે તે બહુ સૂચક છે. રાજ્યની રક્ષણવ્યવસ્થા તેમ જ આપણા સમાજમાં કેવી જાતિઓ હતી એ બન્ને વાતો ઉપર આ બનાવ વિચાર કરાવે તેવો છે.[૧૫] આ બર્બરક પછીથી સિદ્ધરાજનો સહાયક બન્યો અને સોરઠ તથા માળવાની ચઢાઇઓમાં તેણે સાથે રહી સહાય કરી. સિદ્ધરાજે સોરઠના રાજા ખેંગારને હરાવીને કેદ કર્યો. સોરઠ ઉપરની લડાઇ લાંબો વખત ચાલી હશે એમ સમજાય છે, અને સોરઠ જીત્યા પછી ત્યાં સજ્જનને પોતાનો દંડનાયક નીમ્યો.[૧૬] સિદ્ધરાજનું સૌથી મોટું પરાક્રમ તો તેનો માળવાનો વિજય ગણી શકાય. સિદ્ધરાજ સોરઠ જીત્યા પછી સોમનાથની યાત્રાએ ગયેલો ત્યારે માળવાના રાજા નરવર્માએ ગૂજરાતમાં ઉપદ્રવ કરેલો. આમ તો મૂળરાજ અને મુંજના સમયથી માળવા વચ્ચે ટંટો તો ચાલ્યા કરતો હતો. વિ. સં. ૧૧૮૭માં

૧૫. સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ આ બનાવ બહુ મહત્ત્વનો છે. આ બનાવ ઐતિહાસિક છે એમાં તો શંકા નથી. હિંદુના પૂજ્ય દેવના મંદિરને તોડે એવો આ બર્બરક કેવી જાતિનો છે તે કૂટ પ્રશ્ન છે. બર્બરક કાઠિયાવાડના બાબરિયાવાડ બાજૂનો બર્બર જાતિનો કોઇ સરદાર છે. એ જાતિ કદાચ પરદેશી ચાંચિયાઓની પણ હોય. બર્બરક પાસે પાણીમાં લાંબો વખત રહેવાની વિદ્યા હતી તે સૂચક છે. કદાચ આ જાતિ હિંદુ-ઓના અમુક દેવોને ન માનતી હોય. સ્કંદપુરાણમાં બર્બરકનો જે ઉલ્લેખ છે તે જોતાં શિવને એ જાતિ ન માને તે સંભવતું નથી. છતાં કોઇ પરદેશી જાતિને શૈવ પંથમાં લેવાના પ્રયાસ પહેલાંનો પણ આ બનાવ હોય. આ સાથે પાટનગરની સમીપ આવીને તોફાન કરી જાય તે રક્ષણવ્યવસ્થા કેવી હશે ? સિદ્ધરાજનાં શરૂનાં વર્ષો રાજ્યની વ્યવસ્થામાં ગયાં જણાય છે.

૧૬. રા'ખેંગારને જીત્યાની વાત અને રાણકદેવીની વાત ગૂજરાતમાં રસિક દંતકથા પૂરી પાડે છે. પરંતુ એ ચર્ચા અહીં અસ્થાને છે. સોરઠની ચઢાઈનું કારણ નવઘણ અને ખેંગાર ઉપરના વેર કરતાં દિગ્વિજયની ઇચ્છા હોય એમ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીની માન્યતા ખરી લાગે છે. આમ છતાં સોમનાથ ગૂજરાતને તાબે પ્રથમથી હતું એમ માન્યા વગર ચાલે તેમ નથી. જૂનાગઢ છેક સિદ્ધરાજે જીત્યું છતાં સોરઠનો દક્ષિણ કિનારો ગૂજરાતને તાબે હતો એમ વિદ્વાનો માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધરાજે માળવા ઉપર ચઢાઇ કરી અને આશરે ચાર પાંચ વર્ષ લડયા પછી વિ. સં. ૧૧૯૩ માં માળવા જીતીને ત્યાંના રાજાને કેદ કર્યો. માળવા જીતવાથી મેવાડ પણ ગૂજરાતને તાબે આવ્યું. એટલે મેવાડ, ડુંગરપુર, વાંસવાડા અને માળવાનો આખો મુલક ગૂજરાતના ધ્વજ નીચે આવ્યો.[૧૭] નાગર જ્ઞાતિના દાદાક મંત્રીના પુત્ર મહાદેવને માળવાનો દંડનાયક નીમ્યો. આ ઉપરાંત સિંધુરાજ,[૧૮] અજમેરનો આનાક અને મહોબક (બુંદેલખંડ) ના પરમર્દીદેવ વગેરે રાજાઓને પણ સિદ્ધરાજે નમાવ્યા.

સિદ્ધરાજનાં શુભ કર્મો

સિદ્ધરાજ જેવો પ્રતાપી અને વીર હતો તેવો જ શિવભક્ત, ન્યાયી, દાનવીર અને પ્રજાપાલક હતો. એણે પગે ચાલીને સોમનાથની યાત્રા કરી. પોતાની માતા મીનળદેવીના કહેવાથી સોમનાથના યાત્રાળુઓ પાસેથી લેવાતો બોંતેર લાખ જેવડો મોટી રકમનો કર માફ કરાવ્યો. ગૂજરાત અને સોરઠની હદ ઉપર આવેલા બાહુલોદ[૧૯] ગામમાં આ કર લેવાતો હતો. પ્રજાનું સુખદુઃખ જાતે સાંભળવા એ રાત્રે વેશ બદલીને પ્રજાજનોમાં ભળતો. એના રાજ્યમાં દરેક ધર્મવાળાને સમાન ન્યાય મળતો. ખંભાતમાં પારસીઓ અને હિંદુઓએ

---

૧૭. આ લડાઇના વિસ્તૃત વર્ણન માટે શ્રી. દુ. કે. શાસ્ત્રીનો મધ્યકાલીન રાજ. ઇતિહાસ અને રસિકલાલ પરિખનો કાવ્યાનુશાસનમાં આપેલો ઇતિહાસ જુઓ.

૧૮. આ સિંધુરાજ કોણ તે માટે વિદ્વાનોમાં મતભેદ છે. કોઈ સિંધનો અને કોઇ મારવાડના કોઇ ભાગનો રાજા માને છે. કોઈ લાટના શંખનો પિતા માને છે. લાટ તો કર્ણે જીત્યું હતું તો સિદ્ધરાજ ફરી શા માટે લડે ?

૧૯. આ બાહુલોદના સ્થળનિર્ણય માટે વિદ્વાનોમાં મતભેદ છે. એક વિદ્વાન શુક્લતીર્થ પાસેનું નર્મદા કિનારાનું ભાલોદ કહે છે. પણ આ કર માત્ર દાક્ષિણના યાત્રાળુઓ પાસે નહોતો લેવાતો તે કારણથી તે સ્થળ બરોબર નથી એમ બીજા કહે છે. બીજા ગૂજરાત કાઠિયાવાડની હદ વચ્ચે ખંભાતના અખાત પાસે આવેલું ભોળાદ માને છે, તે માનવાને સબળ કારણો પણ છે. પરંતુ શ્રી. રસિકલાલભાઇએ શ્રી જિનવિજયજીના આધારે ગિરનારની તળેટીમાં આવેલું એક બાહુલોદ ગામ હોવું જોઇએ એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળીને મુસલમાનોને કનડગત કરેલી તે બાબત એક મુસલમાન ખતીબની ફરિયાદ ઉપરથી જાતે છાનો ખંભાત જઈ તપાસ કરી મુસલમાન લોકોને ન્યાય કર્યો અને અગ્નિપૂજકો (પારસીઓ). અને બ્રાહ્મણોને ઘટતી સજા કરી.[૨૦] તે સમયના મુસલમાન લેખકો પોતાના વર્ણનમાં એનાં વખાણ કરે છે.[૨૧] મુસલમાનોને પોતાના ધર્મના પાલન ઉપરાંત પ્રચારની છૂટ પણ આ સમયમાં હોય એમ સમજાય છે.[૨૨]

એનાં બાંધકામ

ગૂજરાતના રાજ્યને સામ્રાજ્ય બનાવવા માટે તથા અનેક વિજયો માટે સિદ્ધરાજ જેટલો પ્રસિદ્ધ છે તેથી પણ વધારે પ્રસિદ્ધ ગૂજરાતમાં અનેક બાંધકામ કરવા માટે છે. એણે બંધાવેલાં વાવકુવા તળાવો અને મંદિરોની સંખ્યા ઘણી મોટી છે. એમાં સહસ્રલિંગ

માન્યું છે. પરંતુ તે સ્થળ માત્ર કચ્છ, કાઠિયાવાડ અને ગૂજરાતમાંથી માત્ર વઢવાણને રસ્તે આવનારનો જ કર લઈ શકે. જ્યારે સોમનાથ જવાનો પ્રાચીન અને વધારે વપરાતો રસ્તો આશાવલથી ધોળકા થઇ ભોળાદને રસ્તે થઇ દરિયા કિનારે થઇને જતો હતો. તે જોતાં ભોળાદ વધારે માફક આવે. એ રસ્તે જનારને સોમનાથ પહેલું આવે અને ગિરનાર ઉત્તરમાં રહી જાય. એ ઉપરાંત દરિયારસ્તે દક્ષિણમાંથી આવનારનો પ્રશ્ન ઊભો જ રહે છે. એક બાલોદ ગૂજરાત અને દક્ષિણની હદ આગળ ખાનદેશમાં પણ છે તેનું શું ધારવું ? મને તો લાગે છે કે એક બાહુલોદ કર માટે પ્રસિદ્ધ થયા પછી જ્યાં જ્યાં ચારે બાજૂથી આવનાર પાસે કર લેવાતો હશે તે બધાંને બાહુલોદ કહેવાનું શરૂ થયું હશે. જેમ આજના વખતમાં કોલાબાથી રૂ બજાર શીવરી ગયું તોપણ તેને શીવરીનો કોલાબો સામાન્ય જનતા કહે છે તેમ.

૨૦. જુઓ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીનો ઇતિહાસ, ભા. ૧–પૃ. ૨૭૧.

૨૧. મુસાફર અલઇદ્રીસીએ અને જામેઉલ હિકાયતના કર્તા મુહમ્મદ ઉફીએ આ વર્ણન કરેલાં છે. અલઇદ્રીસી લખે છે કે હિંદુઓ સ્વભાવથી જ ન્યાયપ્રિય છે.

૨૨. મૌલા નૂરુદ્દીન ઇસ્લામીએ એવો પ્રચાર કર્યો જણાય છે. સિદ્ધરાજે મુસલમાન સંતના ચમત્કારો જોઈને ખંભાતમાં ઇસ્લામધર્મનો અંગીકાર કર્યો એમ કેટલાક મુસલમાન લેખકો લખે છે તે કદાચ આ બનાવને અતિશયોક્તિ કરીને પોતાનું મહત્ત્વ વધારવા લખ્યું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરોવરથી એની કીર્તિ અમર થઈ છે. પહેલાંનું કોઇ સરોવર સમરાવીને વિશાળ કરીને, સેંકડો દેવાલયોથી એને શણગારીને, સરસ્વતી નદીને એમાં વાળીને શહેરના લોકો તેમ જ ખેતીના કામ માટે પણ કામ લાગે તેવું એ ગૂજરાતનું મોટું સરોવર હતું. એણે મહાકાલરુદ્રના મહાલયને પણ સમરાવ્યો. એણે જૈન ચૈત્ય પણ બંધાવ્યાં છે. ડભોઇ, ઝીંઝુવાડા વગેરે અનેક સ્થળે એણે કિલ્લાઓ પણ બંધાવ્યા છે જેનાં ભગ્નાવશેષો આજે પણ મનોહર લાગે છે.

વિદ્યાસંસ્કારને ઉત્તેજન

આવા મહાન સમૃદ્ધિના સમયમાં ગૂજરાતમાં સ્થાપત્યની પેઠે સાહિત્ય પણ ખીલ્યું અને સિદ્ધરાજે એને પ્રબળ વેગ આપ્યો. માળવાની જીત પછી માળવાનો પુસ્તકભંડાર ગૂજરાતમાં આવ્યો હતો. ગૂજરાતના વિદ્યાસંસ્કારની વૃદ્ધિ માટે એમાંથી ઘણી પ્રેરણા મળી હોય એમ લાગે છે. આચાર્ય હેમચંદ્ર, જેમને યથાર્થ રીતે કલિકાલસર્વજ્ઞ કહેવામાં આવે છે, તેમના જેવા માત્ર ગૂજરાતમાં જ નહિ પણ સમસ્ત હિંદમાં વિદ્વાનોની અગ્ર પંક્તિમાં બેસે એવા મહાપુરુષ આ સમયમાં થયા. ભોજના વ્યાકરણ ઉપરથી ગૂજરાતમાં પણ એવું કોઇ સ્વતંત્ર વ્યાકરણ કેમ ન થાય એમ સિદ્ધરાજને લાગ્યું અને આચાર્ય હેમચંદ્રે સિદ્ધહૈમ નામનું મોટું સંસ્કૃત વ્યાકરણ રચ્યું. આ મહાપુરુષનું વર્ણન આગળ વધારે કરીશું. એણે ઘણા કવિઓ અને વિદ્વાનોને એ રીતે ઉત્તેજન આપ્યું છે અને સાહિત્યમાં ચિરંજીવ એવાં ગ્રંથરત્નો ઉત્પન્ન કરાવવામાં રસ લીધો છે. કવિ શ્રીપાલ અને વાગ્ભટાલંકારના કર્તા વાગ્ભટ એના સમયમાં થયા. જયમંગલે કવિશિક્ષા અને વર્ધમાનસૂરિએ ગણરત્નમહોદધિ નામે વ્યાકરણ ગ્રંથ એ સમયે રચ્યાં. જૈન વિદ્વાનોનાં કાર્યો માટે આમાં કંઇક જાણવા મળે છે પણ બ્રાહ્મણ ગ્રંથકારો પણ થયા હશે. વિદ્યાને આ ઉપરાંત પાઠશાળાઓ વગેરેથી અને બીજી રીતે ઉત્તેજન આપવાના નાના દાખલા તો ઘણા છે.[૨૩]

---

૨૩. સાંસ્કૃતિક ઇતિહાસ માટે આ વર્ણન ઉપયોગી છે. પણ આ ગ્રંથમાં વિસ્તારને સ્થાન નથી. એ માટે શ્રી. રસિકલાલભાઈના કાવ્યાનુશાસનનો અંગ્રેજી ઇતિહાસ જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના વખતમાં ગૂજરાતમાં મહાન રાજદ્વારીઓ પણ થઇ ગયા અને એમણે પણ મંદિરોનાં બાંધકામ અને વિદ્યાને ઉત્તેજન આપ્યું. એમાં સંપત્કર અથવા શાંતુ મહેતા, મુંજાલ, દાદાક અને ઉદયન મુખ્ય છે.[૨૪] શાંતુ વડોદરાના વતની હતા અને એવા ભારે રાજકારણનિપુણ હતા કે એમને પ્રસિદ્ધ યૌગંધરાયણથી પણ ચઢિયાતા માનવામાં આવતા હતા. એમના મંદિરમાં પ્રસિદ્ધ કવિ બિલ્હણે રચેલું કર્ણસુંદરી નામનું નાટક ભજવાયું હતું. ગૂજરાતના રાજાનો કર્ણાટક સાથે વિવાહ સંબંધ કરાવી બન્નેનો રાજદ્વારી સંબંધ ગાઢ કરવાની નીતિ પણ એ જ મંત્રીની હતી. એણે ગીજનીના સુલતાન સામે પણ સિંધુ નદી ઉપર લશ્કર મોકલ્યાનું કહેવાય છે.[૨૫] દાદાક મંત્રી નાગર બ્રાહ્મણ હતા. સિદ્ધરાજનો પુરોહિત તો મૂળરાજથી ચાલ્યા આવતા વડનગરા નાગર સોમશર્માનો વંશજ કુમાર નામે હતો. આ વંશ ગુર્જર રાજાઓના પુરોહિત તરીકે લાંબો સમય રહ્યો છે. કેશવ નામના એના એક મંત્રી કે દંડનાયકે દાહોદમાં ગોગનારાયણનું[૨૬] સર્પમંદિર બાંધ્યું છે.

ચારિત્ર્ય

આવો ગૂજરાતનો સર્વથી વધારે લોકપ્રિય અને લોકહૃદયમાં ચિરંજીવ રહેનારો મહારાજાધિરાજ જયસિંહદેવ–સિદ્ધરાજ ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં પણ એક ચિરંજીવ વ્યક્તિ છે. એણે ગૂજરાતની સંસ્કારિતાને દૃઢ કરવામાં મોટો ભાગ ભજવ્યો છે.

---

૨૪. આ સિવાય બીજા મંત્રીઓ અને દંડનાયકો પણ છે. ઉદયન કર્ણાવતીમાં રહેતો હતો તે પછીથી સત્તામાં આવ્યો હતો.

૨૫. શ્રી. રસિકલાલ પરીખનો ઉપર લખેલો ઇતિહાસ પૃ. CXCII જુઓ. ગીજનીના સુલતાન સામે આચ્છીક નામના સરદારને મોકલ્યો કહેવાય છે. પંજાબમાં રહેલા ગીજનીના લશ્કર સામે હિંદુ રાજાઓએ કરેલા યુદ્ધમાં મદદ તરીકે સિદ્ધરાજે આ સરદારને મોકલ્યો હોય.

૨૬. આ વિષ્ણુમંદિર હતું એમ કેટલાક ધારે છે એ ભૂલ છે. ગોગનારાયણ એ સર્પમંદિર છે અને સર્પપૂજા તે સમયે હતી (આજે પણ છે અને ગોગને નામે પુજાય છે) અને મંદિર બંધાતાં એ સૂચવે છે. જુઓ મારા ખંભાતના ઇતિહાસમાં પાતાલ ઉપરનું પરિશિષ્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મહાપરાક્રમી, વ્યવસ્થાકુશળ, રાજનીતિજ્ઞ, ઉદાર, પ્રજાવત્સલ, લોકમાં ભળીને તેમનાં સુખદુઃખ જાણનારો, બ્રાહ્મણ અને જૈન ઉપરાંત બીજા ધર્મો તરફ સમાન દૃષ્ટિ રાખનારો, વિદ્યાસંસ્કારનો પોષનારો, વિદ્વાનો અને ધાર્મિક પુરુષોને માન આપનારો અને એવા અનેક ગુણોથી શોભતો, ભૌગોલિક દૃષ્ટિએ પણ ગૂજરાતનો ખરેખરો મહારાજા હતો. હાલના ગૂજરાતે સાંસ્કૃતિક ઐક્યનો મૂળરાજના સમયથી કરેલો આરંભ, આ મહારાજાધિરાજના સમયથી સંપૂર્ણ વધાર્યો. વિ. સં. ૧૧૯૯ સુધી એણે રાજ્ય કર્યું.

પ્રકરણ નવમું

હિંદુ ગૂજરાતી સામ્રાજ્યની ચઢતી અને પડતી

કુમારપાલ

મૂળરાજે સ્થાપેલા ગુર્જર રાજ્યને સિદ્ધરાજે મહારાજ્ય બનાવી સાંસ્કૃતિક ઐક્ય સ્થાપ્યું. એની પછી એને પુત્ર ન હોવાથી ભીમદેવના પ્રપૌત્ર ત્રિભુવનપાળના પુત્ર કુમારપાલને ભાગ્યસંજોગે ગૂજરાતની ગાદી મળી.[1] સિદ્ધરાજના મહારાજ્યને કુમારપાલે અનેક રીતે વિકસાવી અલંકૃત કર્યું, અને સાંસ્કૃતિક ઐક્ય વધારે બળવાન કરી ચિરંજીવ ઓજસ આપ્યું. ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ રીતે સિદ્ધરાજ કરતાં પણ કુમારપાલનું સ્થાન વધારે મહત્ત્વનું છે.

---

૧. કુમારપાલને પોતાની પછી ગાદી ન મળે એવી સિદ્ધરાજની ઇચ્છા હોય એવું પ્રબંધ વગેરે ગ્રંથોથી જાણી શકાય છે. પરંતુ કુમારપાલ ભીમદેવના વંશનો હોવા છતાં તેની માતું કુટુંબ હલકું હતું તેથી સિદ્ધરાજની એવી ઇચ્છા હતી કે બીજા કારણથી એ વાતમાં મતભેદ છે. સિદ્ધરાજની બીકથી કુમારપાલને ભાગતા રહેવું પડેલું કે માત્ર કુતૂહલતાથી તેમાં પણ મતભેદ છે. ગમે તેમ પણ કુમારપાલને ભાગ્યસંજોગે જ ગાદી મળી એટલું માનવું પડે. કુમારપાલ બહુ ભણેલો નહોતો છતાં અનુભવથી ઉત્તમ રાજ્યવ્યવસ્થા એણે કરી હતી. એના ડહાપણને લીધે એને વિચાર-ચતુર્મુખ કહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારપાલે અજમેર, માળવા, કોંકણ વગેરેના રાજાઓ ઉપર ચઢાઇ કરી જીત મેળવી કે દિગ્વિજય[૨] કર્યો એ બધું વર્ણન અહીં સ્થાને નથી. પચાસ વર્ષની પાકી ઉમરે જિંદગીના અનેક અનુભવો કર્યા પછી અને દેશાટનમાં અનેક દુઃખો જોયા પછી કુમારપાલને મહારાજ્યની ગાદી મળી.[૩] આ બધા અનુભવથી એનો રાજ્યવહીવટ વિશિષ્ટ પ્રકારનો બન્યો; અને ગૂજરાતની સંસ્કારિતાને હિંદુસ્તાનના પ્રાંતોની સરખામણીમાં એક જુદું જ વિશિષ્ટ વ્યક્તિત્વ એ સમયથી મળ્યું.

ગૂજરાતને અહિંસક બનાવ્યું

આખી દુનિયામાં હિંદ સૌથી વધારે અહિંસક છે અને આખા હિંદમાં ગૂજરાત સૌથી વધારે અહિંસક છે.[૪] ગૂજરાતની સંસ્કારિતાનાં વિશિષ્ટ લક્ષણોમાં અહિંસાપરાયણતા એ એક સૌથી મહત્ત્વનું લક્ષણ છે. જૈન ધર્મનું બળ ગૂજરાતમાં વધારે છે એ કારણ માત્રથી જ આ વૃત્તિ સમાજમાં વૃદ્ધિ પામી એમ ન કહી શકાય. સમાજમાં જૈનેતર બહુમતી છે, છતાં અન્ય પ્રાંતોમાં વિરલ એવી અહિંસાવૃત્તિ જૈનેતર વર્ણોમાં માત્ર ગૂજરાતમાં જ દેખાય છે.[૫] સમસ્ત ગૂજરાતી

---

૨. કુમારપાલે દિગ્વિજય કર્યાનું જે વર્ણન આધારગ્રંથોમાં મળે છે તે અક્ષરશઃ માનવા જેવું નથી એવો શ્રી. દુર્ગાશંકરનો મત ખરો લાગે છે. ગૂજરાત બહાર પોતાના મહારાજ્યની સીમા સિદ્ધરાજે વધારેલી તેથી કાંઇ બહુ મોટો વિસ્તાર વધાર્યો એમ માનવાને કારણ નથી. ઘણીવાર દિગ્વિજયનાં વર્ણનોમાં હિંદના દેશો ગણાવી જવાનો રિવાજ પડેલો હતો. અશોક પછી મુસલમાની સમય પહેલાં આખા હિંદનો ખરી રીતે કોઈ સમ્રાટ થયેલો કહેવાય નહિ.

૩. પચાસ વર્ષની પાકી વયે ગાદી મળી અને દેશાટનનાં દુઃખ અને વિવિધ અનુભવથી પરિપક્વ થયેલા અનુભવથી એનો રાજ્યસમય ઉત્તમ હતો એમ કહેવું પડે.

૪. અંગ્રેજ લેખક સ્માઈલ્સ પોતાના Duty–કર્તવ્ય નામના ગ્રંથમાં જીવદયાના પ્રકરણમાં ગૂજરાતની આ રીતની તારીફ કરે છે.

૫. અન્ય પ્રાંતોમાં મોટે ભાગે બ્રાહ્મણેતર વર્ણોમાં માંસભક્ષણ અને હિંસા સામાન્ય છે. કેટલાક પ્રાંતમાં બ્રાહ્મણો પણ માંસાહાર કરે છે. અબ્રાહ્મણોમાં પણ અહિંસકવૃત્તિ અને માંસનો ત્યાગ એ ગૂજરાતની જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજની આ વિશિષ્ટતાનું માન મહારાજાધિરાજ કુમારપાલના સંસ્કારી શાસનને છે. કુમારપાલે ગૂજરાતમાં કાયદાથી હિંસા બંધ કરાવી હિંસા કરનારને દંડની શિક્ષાનો કાયદો કર્યો.[૬] યજ્ઞમાં પશુઓના બલિ બંધ કરાવ્યા.[૭] ધર્મને નામે આ અત્યાચાર શિષ્ટ હિંદુસમાજમાં ઘણો પ્રચલિત હતો અને આજે પણ આખા હિંદમાં પ્રચલિત છે, પરંતુ ગૂજરાતમાં આજે આ રિવાજ નહિ જેવો જ છે તેનું માન કુમારપાલના શાસનને છે. માંસાહાર સાથે મદ્યપાન, દ્યૂત, વગેરે સમાજનાં સામાન્ય દૂષણોને આ રાજાએ બંધ કરવા પ્રયત્ન કર્યો[૮] અને પોતે જાતે એ પ્રમાણે સદાચારનું પાલન કરવા માંડયું. ગુજરાતી સમાજમાં પ્રમાણમાં સામાન્ય રીતે દરેક અનાચાર[૯] તરફ

વિશિષ્ટતા છે. માત્ર જૈનોની અસરથી જ નહિ પણ કુમારપાલની અમારી-ઘોષણાથી જ આ સ્થિતિનો પાયો નંખાયો એમ માનવું પડે.

૬. આ સમયમાં અહિંસા ગૂજરાતમાં વધારે વ્યાપ્ત થઈ એ ખરું, પણ એક જૂ મારનારનું રાજાએ બધું લૂંટી લીધું કે હજારો હાથી ઘોડા વગેરેને ગાળેલું પાણી પાવામાં આવતું એ વાત માનવા જેવી નથી. કુમારપાલના સમયના લેખો ઉપરથી તે સમયે અમુક દિવસોએ હિંસા કરનારને પાંચ દ્રમ્મ–આશરે સવા રૂપિયો–દંડની શિક્ષા થતી એટલું જ સમજાય છે. જો કે સવા રૂપિયાની કીમત એ સમયે બહુ વધારે હશે એ ભૂલવા જેવું નથી. જૈનેતર સામાન્ય પ્રજા ઉપર એની અસર અવશ્ય થાય.

૭. યજ્ઞમાં પશુવધ ગૂજરાતમાં બંધ તો નથી થયા, પણ અન્ય પ્રાંતો કરતાં બહુ જ અલ્પ પ્રમાણમાં થાય છે.

૮. દારૂ ચાવડાઓમાં પ્રચલિત હતો એ બાબત 'મોહરાજપરાજય'નો ઉલ્લેખ આગળ નોંધ્યો છે. રાજાઓ વગેરેમાં, સ્ત્રીઓમાં પણ એ રિવાજ હતો. કુમારપાલે ગૂજરાતમાંથી તાડનાં ઝાડનો નાશ કરાવ્યો એમ કહેવાય છે તે તાડી ઓછી કરવા ખાતર પણ હોય.

૯. વેશ્યાવૃત્તિ અને પરદારાગમન માટે ઘૃણા તો દરેક શિષ્ટ સમાજમાં હોય છે, પરંતુ આ ઘૃણા આજે ગૂજરાતમાં જેટલા પ્રમાણમાં જોવામાં આવે છે તેટલી અન્ય પ્રાંતોમાં જોવામાં આવતી નથી. પરંતુ વેશ્યાવૃત્તિ માટે ખાસ કાયદો કે સુધારો રાજા કરી શકયો નથી. वेश्याव्यसनं तु वराकमुपेक्षणीयं એ વાકય 'મોહરાજપરાજય'માં છે તે સૂચક છે. 'નાટચદર્પણ'નો એક ઉતારો શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીએ પોતાના ઇતિહાસના ભાગ બીજામાં આપ્યો છે તે પણ સૂચક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે તિરસ્કારવૃત્તિ જોવામાં આવે છે તેનું મૂળ આ સમયમાં નખાયું.

ધાર્મિક સહિષ્ણુતા

ધર્મસહિષ્ણુતા એ તો આખા હિંદુ સમાજનો એક ખાસ ગુણ છે. છતાં આ ગુણ ગૂજરાતમાં કૈંક વિશિષ્ટ રૂપે ખીલ્યો છે. ગૂજરાતમાં જે પ્રમાણમાં અનેક સંપ્રદાયોમાં પરસ્પર સહિષ્ણુતા દેખાય છે તે પ્રમાણમાં બીજે જોવામાં આવતી નથી. જૈન અને બ્રાહ્મણ સંપ્રદાયોએ પ્રાચીન સમયથી આ સહિષ્ણુતાને પોષવામાં આપણા પ્રાંતમાં ખૂબ શ્રમ વેઠ્યો છે. એક જ ઘરમાં કે એક જ કુટુંબમાં ભિન્ન સંપ્રદાયનાં માણસો સંપથી રહે છે.[૧૦] કેટલીક વાર મા, દીકરો કે પતિપત્નીમાં એક જૈન તો બીજું બ્રાહ્મણ સંપ્રદાયને અનુસરે છે અને સ્નેહ એવોને એવો રહે છે. આપણા સમાજનું આ એક ખાસ લક્ષણ છે અને તેનો પાયો પણ આ સમયમાં દૃઢ થયો માની શકાય. રાજા કુમારપાલે પોતે પણ પરંપરાગત કુલધર્મનો ત્યાગ કર્યા વગર-શિવભક્તિપરાયણ રહેવા છતાં જૈન ઉપદેશ લીધો હતો, અને પરમ માહેશ્વર કહેવાયા છતાં પરમાર્હતનું પદ મેળવ્યું હતું.[૧૧]

અપુત્રિકાધનનો ત્યાગ

કુમારપાલે અપુત્રિકાધનનો ત્યાગ કર્યો એ એક બીજો મોટો

---

૧૦. આજે પણ જૈન અને બ્રાહ્મણ ધર્મો એક કુટુંબમાં જોવામાં આવે છેઃ પતિ વૈષ્ણવ અને સ્ત્રી જૈન એવું ઘણા વાણિયાઓમાં આજે છે. પ્રાચીનકાળમાં આ રિવાજ વિસ્તૃત હશે. કુમારપાલના આ સમયના પ્રસિદ્ધ આભડશેઠના પુત્રોમાં બે શૈવ સંપ્રદાયના અને ત્રણ જૈનમતના અનુયાયી હતા.

૧૧. કુમારપાલે જૈન ધર્મની દીક્ષા લીધી હતી કે પોતાનો કુલધર્મ–શૈવધર્મ કાયમ રાખીને જૈન ઉપદેશ માત્ર ગ્રહણ કર્યો હતો, એ બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે. કુમારપાલના સં. ૧૨૨૫ સુધીના મળેલા લેખોમાં એને પરમ માહેશ્વર કહેલો છે. એણે પાછલા વખતમાં જૈનમત સ્વીકાર્યો હતો એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. આ બાબતની વિસ્તૃત ચર્ચા શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીએ "મધ્યકાલીન રાજપુત ઇતિહાસ" ભાગ ૨ જામાં પૃ. ૩૦૮ થી ૩૧૨ માં કરેલી છે. શિવભક્તિનો ત્યાગ કર્યા વગર જૈન ધર્મ સ્વીકાર્યો એમ માનવું ઠીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારો કર્યો. પહેલાં અપુત્ર મરણ પામનારનું ધન રાજ્યમાં જપ્ત થતું. બીજા વારસોને ધન આપવાની હિંદુ ધર્મશાસ્ત્રોની આજ્ઞા છતાં આચારમાં તેનું પાલન ઓછું થતું, અને અપુત્ર મરણ પામનારનાં બીજાં કુટુંબીજનોને નિરાધાર કરીને રાજ્ય તેની મિલકત જપ્ત કરતું. કુમારપાલે આ રિવાજ બંધ કરી પ્રજાને સંતોષ આપ્યો.[૧૨]

આમ કુમારપાલનું રાજ્ય એના વિજયો, મહારાજ્યની સરહદનો વિસ્તાર કે એમાં થયેલાં સ્થાપત્યનાં બાંધકામો કરતાં એમાં ઘડાયેલાં ગુજરાતી સમાજના બંધારણ માટે, ગૂજરાતને મળેલી એક વિશિષ્ટ સંસ્કારિતા માટે વધારે ચિરસ્મરણીય રહે છે.

હેમચંદ્રાચાર્ય

એ સમયમાં પણ મહામંત્રીઓ, સામંતો, અમાત્યો, દંડનાયકો, કવિ અને વિદ્વાનો તરીકે ગણાવી શકાય એવા ઘણા મહાપુરુષો થઇ ગયા. પરંતુ એ સમયે તેમ જ આજે આખા હિંદુસ્તાનના સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યની સૃષ્ટિમાં ગૂજરાતને અગ્ર પંક્તિમાં મૂકે એવા એક કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનું નામ જ પહેલું ગણવું પડે. હેમચંદ્રાચાર્ય અને એમનું શિષ્યમંડળ ગ્રહમંડળ સાથેના સૂર્યની પેઠે ગૂજરાતના સાહિત્યાકાશમાં પ્રકાશે છે. એમની પ્રવૃત્તિ એટલી વિસ્તૃત અને એટલી તો વિપુલ છે કે એનું વર્ણન અહીં થઇ શકે નહિ. સાહિત્યની દરેક શાખાઓમાં એમની કલમે વિહાર કર્યો છે, અને સંસ્કૃતસાહિત્યની વૃદ્ધિમાં ગૂજરાત પછાત નથી એમ સિદ્ધ કર્યું છે.[૧૩] ઉપર કહી એવી ગૂજરાતની ખાસ સંસ્કારિતાને કુમારપાલના વહીવટે ઘડી તેની પ્રેરણાનું ખાસ માન પણ આ મહાન ગૂજરાતી સાધુપુરુષને છે. કર્ણાટકના

---

૧૨. આ બાબત આર્થિક દૃષ્ટિએ બહુ મહત્ત્વની છે. ધર્મશાસ્ત્રોમાં વારસાના હકો માટે ઘણી છૂટ છતાં રાજાઓ તે અક્ષરશઃ પાળાતા નહોતા. આ વિષય માટે પણ ઉપર કહેલા શાસ્ત્રીજીના ઇતિહાસમાં ઠીક ચર્ચા છે. પૃ. ૩૦૧–૩૦૪.

૧૩. આ માટે શ્રી. રસિકલાલ પરીખના કાવ્યાનુશાસનના બીજા ભાગમાં આપેલો શ્રી હેમચંદ્રનો અહેવાલ જોવો. શ્રી. મોહનલાલ દલીચંદનો જૈન સાહિત્યનો ઇતિહાસ પણ જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજયનગરના મહારાજ્યમાં સંસ્કારસ્થાપનનો જેવો ભાગ શ્રી વિદ્યારણ્યસ્વામીએ ભજવ્યો તેવો – તેનાથી વધારે પ્રાચીન સમયમાં ગૂજરાતના મહારાજ્યમાં સંસ્કારસ્થાપનનો ભાગ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિએ ભજવ્યો. એમના શિષ્યોમાં કવિ રામચંદ્ર અગ્રસ્થાને છે.[૧૪]

સિદ્ધરાજની પેઠે કુમારપાલને પણ પુત્ર ન હોવાથી પાછળથી વારસાની મુશ્કેલીઓ ઊભી થઈ. એટલે કુમારપાલના સમયમાં ગૂજરાતી મહારાજ્યની મોટી ચઢતી કહી શકાય, તેમ તેના અંત સમયે પડતીનાં વાદળો દૂર દૂર ક્ષિતિજમાં જણાવા લાગ્યાં, તે વાધેલા સમયના અંતમાં દેશને સંપૂર્ણ છવાઇ ગયાં. વીરધવલના સમયમાં માત્ર થોડો ઉઘાડ નીકળી આકાશ જરા નિર્મળ થયું હતું એમ કહી શકાય.

અજયપાલ, બાલમૂળરાજ અને મહમદ ઘોરીની ચઢાઈ

કુમારપાલ પછી એનો ભત્રીજો અજયપાલ ગાદીએ આવ્યો. એને જૈનધર્મ તરફ કુમારપાલ જેવી ખાસ પ્રીતિ નહોતી. કુમારપાલનું કાંઈ જૈનધર્મ તરફનું વલણ પણ એને પસંદ ન હોય એમ જણાય છે.[૧૫] એના રાજ્યનો મહત્ત્વનો બનાવ તે પ્રલ્હાદનપુર–પાલણપુરની સ્થાપના છે. એનો સ્થાપનાર પ્રલ્હાદન દેવ પરમાર અજયપાલનો સામંત હતો. એ ઉદાર અને વિદ્વાન હતો એમ કહેવાય છે, અજયપાલ પછી એનો બાળક પૂત્ર મૂળરાજ ગાદીએ આવ્યો[૧૬]. એના

---

૧૪. સંવત ૧૯૯૩ માં ઊજવાયેલી વિજયનગરના મહારાજ્યની છઠ્ઠી શતાબ્દી વખતે વિદ્યારણ્યસ્વામીનો વૃત્તાંત આપવામાં આવ્યો હતો. એનો મેમોરિયલ ગ્રંથ પસિદ્ધ થયેલો છે.

૧૫. અજયમલે જૈનો તરફ ઘાતકી વર્તન રાખી કવિ રામચંદ્ર અને બીજા જૈન અધિકારીઓને ક્રૂર રીતે મારી નંખાવ્યા એમ પ્રબંધો કહે છે. એણે જૈન મંદિરો તોડી પડાવ્યાં એમ પણ કહે છે. શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીનું માનવું એવું છે કે અજયપાલે જૈનધર્મ તરફ પક્ષપાત ન બતાવ્યો તેથી જૈન પ્રબંધોમાં એની નિંદા કરેલી હોય.

૧૬. બાલ મુળરાજની મા દક્ષિણના પરમર્દી રાજાની પુત્રી હતી. હતી. આમ સિદ્ધરાજની પેઠે એનું મોસાળ પણ દક્ષિણમાં હતું. સોલંકીઓનો દક્ષિણ સાથેનો સંબંધ બહુ સૂચક છે અને તે માટે વધારે સંશોધનની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૂંકા રાજ્યકાળમાં ખાસ મહત્ત્વનો બનાવ મહમદ ઘોરીની ગૂજરાત ઉપરની ચઢાઈ છે. મુસલમાનો સાથેની આ લડાઈમાં ગૂજરાતનો વિજય થયો અને મુસલમાન લશ્કરને ખૂબ ખુવારી સાથે પાછા હઠવું પડયું.[૧૭] બાળક મૂળરાજે ઉત્તર હિંદથી આવતા મુસલમાન વિજેતાને હરાવ્યો એ એક મહત્ત્વની ઐતિહાસિક બિના છે અને સિદ્ધરાજ તથા કુમારપાલની લશ્કરી વ્યવસ્થા કેટલી સંપૂર્ણ હશે તેનો ખ્યાલ આપે છે.

ભીમદેવ બીજો અને ગુર્જર મહારાજ્યની પડતી

બે વર્ષનું ટૂંકું રાજ્ય કરી વિ. સં. ૧૨૩૪માં મૂળરાજનું મરણ થવાથી એનો ભાઈ ભીમદેવ ગાદીએ આવ્યો. ભીમદેવની ઉમર પણ એ વખતે નાની હતી. એણે લગભગ ૬૩ વર્ષ જેટલો લાંબો સમય રાજ્ય કર્યું. પણ શરૂઆતનાં થોડાં વર્ષ, સિદ્ધરાજ અને કુમારપાલની સબળ રાજ્યવ્યવસ્થાના જોરને લીધે એનો અમલ ઠીક રહ્યો. પરંતુ પાછળના ભાગમાં એ માત્ર નામનો જ રાજા હતો. મોટા મોટા મંડલિકો સ્વતંત્ર જેવા થઇ ગયા હતા. મેવાડ અને માળવા જે ગૂજરાતને તાબે હતાં તે સ્વતંત્ર થઈ ગયાં. જે ગૂજરાતે મહમદ ઘોરીને હરાવી નસાડયો હતો તેજ ગૂજરાતે સુલતાન કુતુબુદ્દીનને હાથે આ વખતે હાર ખાધી. જો કે આ હારથી મુસલમાનો ગૂજરાતને ખાલસા કરી શકયા નહિ; પરંતુ છેક પાટણ સુધી હુમલા કરી ટૂંકા વખત માટે વિજય મેળવી પાછા ગયા હતા. ગૂજરાતનું લશ્કરી બળ આ વખતે નરમ થયું હોય એમ લાગે છે.

લવણપ્રસાદ અને વીરધવલ

ભીમદેવના રાજ્યના પાછલા સમયમાં તો એક વખત જયંતસિંહ નામના કોઇ ભાયાતે એની ગાદી થોડો વખત પચાવી પાડી હતી[૧૮] એવો ઉલ્લેખ મળે છે. એ જ સમયમાં ભીમદેવના સામંત

૧૭. ગૂજરાતના આ વિજયનો ઉલ્લેખ પ્રબંધો અને મુસલમાન તવારીખો બન્ને કરે છે. મુસલમાન તવારીખો આ લડાઈ મૂળરાજને બદલે ભીમદેવ બીજાના વખતમાં થઇ એમ કહે છે, પણ તે ભૂલ છે.

૧૮. આ જયંતસિંહના એક દાનપત્રમાં એ પોતાને "દુર્દૈવદાવાનલદગ્ધગૂર્જરધરાબીજપ્રરોહૈકપર્જન્ય" કહે છે. એ સમયમાં કાંતો બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવણપ્રસાદ વાઘેલાની સત્તા ખૂબ વધી ગઈ હતી. વ્યાઘ્રપલ્લી જેવા એક નાના ગામના ધણી લવણપ્રસાદે એ સમયે ધોળકામાં રાજધાની કરી ખંભાત સુધીનો ભાગ પોતાને કબજે કર્યો હતો. આમ છતાં એ પોતાને ભીમદેવનો મહામંડલિક કહેતો. આમ છેક વિ. સં. ૧૨૯૮ માં ભીમદેવનો દેહાંત થયો છતાં ગૂજરાત ઉપર ખરી સત્તા વિ. સં. ૧૨૮૦ થી લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલની હતી. તળ ગૂજરાતની બહારના ગૂજરાત તાબેના દેશો હવે સ્વતંત્ર થઇ ગયા છતાં,[૧૯] અને આ બે વાઘેલા સરદારો પણ દરેક રીતે સ્વતંત્ર છતાં, ભીમદેવ હજી પાટણનો મહારાજાધિરાજ હતો. ભીમદેવના સમયમાં ગૂજરાતી મહારાજ્યની કળા ઊતરવા માંડી છતાં પણ ભીમદેવના તામ્રપત્રોમાં એનું 'અભિનવ સિદ્ધરાજ' એવું બિરુદ આપેલું છે. આ એક બહુસૂચક વાત છે. સિદ્ધરાજ ગૂજરાતનો એક આદર્શ રાજા છેક એ સમયથી ગણાતો આવ્યો છે એ નિર્વિવાદ છે. કુમારપાલે સિદ્ધરાજ કરતાં ગૂજરાતી સમાજને વધારે સંગીન સંસ્કાર આપેલા છે છતાં ગૂજરાતી સમાજમાં તે વખતથી આજ સુધી સિદ્ધરાજ વધારે લોકપ્રિય રહ્યો છે તે વિચારવા જેવું છે. તેનું કારણ કદાચ સિદ્ધરાજના જીવન સાથે સંકળાયેલી રોમાંચકથાઓ હોય; અગર તો કુમારપાલે જૈન ધર્મ તરફ જે વલણ બતાવ્યું છે તેથી તે સમયના રજપૂત વર્ગમાં અને સામાન્ય જનસમુદાયમાં તે બહુ લોકપ્રિય ન થયો હોય. કુમારપાલે પણ ઘણાં મંદિરો બંધાવ્યાં છે. વડનગરનો કોટ બંધાવ્યો છે છતાં બાંધકામ માટે સિદ્ધરાજ જેટલી લોકપ્રિયતા એને મળી નથી તેનું પણ એ જ કારણ સંભવી શકે.[૨૦]

દાનથી કે મુસલમાનોના હુમલાથી પાટણની તિજોરી ખાલી થઇ એમ પણ કીર્તિકૌમુદી અને સુકૃતસંકીર્તન ઉપરથી સમજાય છે. દેશની સ્થિતિ તે વખતે બગડી હશે.

૧૯. મેવાડ, માળવા, દક્ષિણના જીતેલા મુલકો, આબુ, અને કાઠિયાવાડના કેટલાક ભાગ એ સમયે સ્વતંત્ર થઇ ગયા. તળ ગૂજરાતમાં પણ લવણપ્રસાદ જેવા સામંતો નામની આણ કબૂલ રાખી લગભગ સ્વતંત્ર જેવા જ હતા.

૨૦. આ ઉપરથી એમ સમજાય છે કે જૈન ધર્મની શુભ અસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીમદેવે પોતે જ લવણપ્રસાદ વાઘેલાને સર્વેશ્વરપદ આપ્યું હતું. એનો પુત્ર વીરધવલ ધોળકામાં રાજધાની કરીને રહેતો હતો. આ બન્ને પિતાપુત્રે ભીમદેવની હયાતીમાં જ પોતાના પ્રસિદ્ધ મંત્રીઓ વસ્તુપાલ અને તેજપાલની સહાયથી ગૂજરાતની સમૃદ્ધિ જાળવી રાખવા પ્રયત્ન કર્યો. આ સમયમાં મુસલમાનો સાથે તેમ જ આસપાસના રાજાઓ, જે પહેલાં ગૂજરાતના રાજાના મંડલિકો હતા, તેમની સાથે લડાઇઓ કરવામાં લવણપ્રસાદ અને વીરધવલ અને બન્ને મહામંત્રીઓનો વખત ગયો છે.[૨૧] ભીમદેવની હયાતીમાં જ લવણપ્રસાદ અને વીરધવલ મરણ પામ્યા. અને વીરધવલનો પુત્ર વિશલદેવ ભીમદેવના મંડલિક તરીકે જ ધોળકાની ગાદીએ હતો.

વસ્તુપાલ તેજપાલ

આ વાઘેલા સમયની સૌથી સમર્થ અને ચિરસ્મરણીય અને રાજાથી પણ વધારે પ્રસિદ્ધ વ્યક્તિઓ તે વસ્તુપાલ અને તેજપાલ. આ બે ભાઇઓ પોરવાડ વાણિયા હતા. લવણપ્રસાદ અને વીરધવલની રાજવ્યવસ્થા અને વિજયોનું માન આ બે મહામંત્રીઓને છે. ગમે તેવો રાજકીય મહત્તાવાળો માણસ પણ જો તે વિદ્યાસંસ્કાર પોષનાર હોતો નથી કે પોતે તેમાં ભાગ લેતો નથી તો તેની કીર્તિ ચિરસ્થાયી બનતી નથી. કાંઈ મોટા સમ્રાટો, દેશનાયકો, કે યોદ્ધાઓ અપૂર્વ શક્તિશાળી હોવા છતાં પાછળની પ્રજા તેમને યાદ પણ કરતી નથી. જ્યારે કોઈ પણ રીતે સંસ્કારને પોષનારની કીર્તિ તેની પાછળ અસંખ્ય વર્ષ રહે છે. આવા અસંખ્ય દાખલા ઇતિહાસમાં જોવામાં આવે છે. વસ્તુપાલ અને તેજપાલ મહારાજાધિરાજ ભીમદેવ બીજાના પણ મંડલિક એવા લવણપ્રસાદ અને વીરધવલના માત્ર પ્રધાનો હતા; છતાં ગૂજરાત આજે એ ત્રણે રાજપુરુષો કરતાં આ બે વાણિયા મંત્રીઓને કેમ વધારે ઓળખે છે ?

ગૂજરાતી સમાજમાં દૃઢ થવા છતાં સામાન્ય પ્રજામાં જૈનો બહુ પ્રિય નહિ હોય.

૨૧. આ વાઘેલાઓ સર્વેશ્વર બને તે વાત ભીમદેવના પહેલાંના મંડલિકોને પસંદ નહિ હોય. મારવાડના ચાર રાજાઓ, લાટનો શંખ, ગોધાનો વિક્રમાદિત્ય દેવગિરિનો સિંઘણ, વગેરે સાથે લડાઈઓ થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનું કારણ એક જ છે કે આ બન્ને વણિક ભાઇઓ વિદ્યા-સંસ્કારને અને વિદ્વાનોને પૂજનારા હતા. એમના ઉત્તેજનથી કવિઓ અને વિદ્વાનોએ તૈયાર કરેલા સંસ્કૃતાદિ ગ્રંથોની નામાવલિ અહીં લખીએ તો ઘણું લંબાણ થાય.[૨૨] વસ્તુપાલ તો પોતે જ વિદ્વાન હતા અને એમણે પોતે નરનારાયણાનંદ નામનું કાવ્ય લખેલું છે. એ બન્ને રાજનીતિજ્ઞ ઉપરાંત મોટા યોદ્ધા હતા, અને એમણે વિજયો પણ મેળવ્યા છે. એમણે ગૂજરાતમાં અનેક સ્થળોમાં મંદિરો બંધાવ્યાં છે અને અનેકના જીર્ણોદ્ધાર કર્યા છે. મંદિરો ઉપરાંત તળાવ, કૂવા, વાવ, ધર્મશાળાઓ, કિલ્લાઓ, સત્રાગારો, બ્રહ્મપુરીઓ, વગેરે લોકોપયોગી સ્થળો પણ અનેક બંધાવ્યાં છે. આ બધામાં ધર્મ કે જાતિનો ભેદ-ભાવ એમણે ગણ્યો નથી, અને અનેકવાર જૈન ધર્મની યાત્રાઓ કરનારા ચુસ્ત જૈન છતાં એમણે બ્રાહ્મણ ધર્મનાં સ્થાનો પણ ઘણાં બંધાવ્યાં છે અને શિવ તથા વિષ્ણુની ભક્તિ વ્યક્ત કરી છે. પરંતુ એમની કીર્તિ હમેશને માટે વધારે એવું કાર્ય તો એમણે બાંધેલું આબુ ઉપરનું શ્રીનેમિનાથ ભગવાનનું આરસનું મંદિર છે. આ મંદિર ગૂજરાતનું ગૌરવ આખી દુનિયામાં આજે પણ વધારી રહ્યું છે. એનું વર્ણન યથાસ્થાને કરીશું. મુસલમાની લોકોની મસ્જિદોને અને હજ યાત્રાળુઓને પણ આ ઉદારચરિત જૈન ભાઇઓએ ઉત્તેજન આપ્યું છે.

વિશળદેવ

વિ. સં. ૧૨૯૮માં ભીમદેવનું મરણ થયું અને એના પુત્ર

૨૨. આ વીગત માટે દુર્ગાશંકર શાસ્ત્રીકૃત મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભા. ૨માં પૃષ્ઠ ૩૯૪-૯૫ જુઓ. એ સમયમાં સંસ્કૃત સાહિત્ય સારું વધ્યું છે અને ગૂજરાતના ઇતિહાસને માટે સારું સાધન પૂરું પાડે છે. કીર્તિકૌમુદીના લેખક સોમેશ્વર વસ્તુપાલના મિત્ર અને તેમના દરબારના સારા વિદ્વાન અને કવિ હતા. અને વીરધવલના પુરોહિત હતા. એમના કુલમાં સોલંકીઓનું પુરોહિત પદ અસલથી ચાલ્યું આવતું હતું અને ઘણા વિદ્વાનો તેમાં થયા છે. એ ગુલેચા અવટંકના વડનગરા નાગર હોવાથી હાલના દ્વિવેદિયા કુટુંબના મૂળ પુરુષ હોવાનું અનુમાન મેં મારા અમદાવાદના પુસ્તકમાં કર્યું છે અને તે સંભવ મને હજી પાકો લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિભુવનપાળે માત્ર બે વર્ષ રાજ્ય કર્યા પછી વીરધવલનો પુત્ર વિશળદેવ મહામંડલિકમાંથી પાટણની ગાદીએ આવી ગૂજરાતનો મહારાજા થયો. એનો વખત પણ માળવા, મેવાડ, કર્ણાટક, વગેરે આસપાસના રાજાઓ સાથે લડવામાં ગયો. એમાં કોઈમાં એને વિજય મળ્યો અને કોઈમાં હાર પણ ખાધી. આ સમયે ઉત્તરમાંથી મુસલમાનો હિંદુ રાજ્યો ઉપર વારંવાર હુમલા કરી તેમને નબળાં કરી રહ્યા હતા. આમ છતાં હિંદુ રાજ્યો અંદર અંદર લડતાં જ રહ્યાં છે! વિશળદેવના રાજ્યમાં વિ. સં. ૧૩૧૫ થી ૧૩૧૮ સુધી ત્રણ વર્ષનો મોટો દુકાળ પડ્યો હતો. એ વખતે જગડૂશા નામના એક મોટા કચ્છી વેપારીએ દુકાળપીડિત લોકોને ઘણી મદદ કરી હતી. વિશળદેવે વિશલનગર (વીસનગર) અને ડભોઇના કિલ્લાઓ સમરાવ્યા અને ડભોઈમાં વૈદ્યનાથ મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો.

અર્જુનદેવ

વિશળદેવ પછી એના ભાઇનો પુત્ર અર્જુનદેવ ગાદીએ આવ્યો. એના વખતમાં ખાસ જાણવા લાયક કાંઈ મળતું નથી, પણ વેરાવળમાં એના વખતનો એક લેખ મળેલો છે તે મુસલમાનોને મસ્જિદ બાંધવા માટે અને તેમના રિવાજ પ્રમાણે તેનો વહીવટ નભાવવા માટે આ હિંદુ સમયમાં સોમનાથ જેવા ધર્મના સ્થાનમાં પણ કેવી છૂટ હતી એ સિદ્ધ કરે છે. ઈરાની અખાતના હરમુજ–હૉર્મજ બંદરના નાખુદા પીરોજે મસ્જિદ બાંધ્યાનો આ લેખ છે. આવી ધાર્મિક બાબતોનો વહીવટ મુસલમાનોની જમાત કરે એમ પણ છૂટ હતી એવું એ લેખ ઉપરથી સમજાય છે. હિંદુઓની અને ખાસ કરીને ગૂજરાતના હિંદુઓની ધર્મસહિષ્ણુતાનો આ એક અપૂર્વ દાખલો છે. વેપારી દેશમાં વિધર્મી વેપારીઓ સાથે પણ સારાસારીનો સંબંધ રાખવો પડે એ પણ કારણ થોડે અંશે હોય. આ ઉદાહરણ જો કે અર્જુનદેવના રાજ્યકાલમાં મળે છે છતાં આખા સોલંકી સમયમાં ધાર્મિકસહિષ્ણુતા સચવાયેલી છે. સિદ્ધરાજે પણ આવી સહિષ્ણુતા બતાવી છે.

સારંગદેવ અને કર્ણદેવ

અર્જુનદેવ પછી એના પુત્ર સારંગદેવે વિ. સં. ૧૩૩૧ થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૫૩ સુધી રાજ્ય કર્યું. એ સમયમાં પણ આસપાસના રાજાઓ સાથે યુદ્ધ અને મંદિરો બાંધવાની સામાન્ય પ્રવૃત્તિ ચાલુ હતી. એ સમયમાં પાશુપતાચાર્ય ત્રિપુરાંતકે સોમનાથના મંદિરનો ઘણો વધારો કરીને જીર્ણોદ્ધાર કર્યો. એ વધારાનાં મંદિરોનો આજે પત્તો નથી. સંસ્કૃત ભાષાના વિદ્વાનો તો આ આખાયે હિંદુ સમયની પેઠે સારંગદેવના રાજ્યકાળમાં પણ થઇ ગયા છે.

સારંગદેવ પછી એનો ભત્રીજો કર્ણદેવ ગાદીએ બેઠો. એના સમયમાં એના પ્રધાન માધવની પ્રેરણાથી ગૂજરાત ઉપર મુસલમાનો ચડી આવ્યા અને ગૂજરાતનું હિંદુ રાજ્ય હમેશને માટે નાશ પામ્યું તે આગળ વિસ્તારથી જોઈશું.

પ્રકરણ : દસમું

મુસલમાન સમય પહેલાંનાં બાંધકામ

મુસલમાન સમય પહેલાંનો ગૂજરાતની સંસ્કારિતાનો ઇતિહાસ રાજકીય દૃષ્ટિએ જોયો. પરંતુ સ્થાપત્ય પણ સમાજના સંસ્કારનું માપ કાઢવાનું એક અગત્યનું સાધન છે. કવિતા અને સાહિત્યની પેઠે એ પ્રજાની રસવૃત્તિ વ્યક્ત કરે છે. ઇંટ, લાકડાં, અને પથ્થરમાં મૂર્ત થયેલું એ એક મહાકાવ્ય કે સાહિત્ય જ છે. માણસ કેવા રાચરચીલા વચ્ચે કેવા ઘરમાં રહે છે, અને કેવા મંદિરમાં ઇશ્વરને પૂજે છે તે ઉપરથી તેના સંસ્કાર જાણી શકાય છે. સમાજ પણ કેવાં ઘર બાંધે છે, કેવાં મંદિર બાંધે છે, ગામ કે દેશ કે શહેરને કેવી રીતે અલંકૃત કરે છે તે ઉપરથી તેના જીવનના સંસ્કારનું માપ નીકળે છે.

ઘર, નગરરચના અને પોળો

આ દૃષ્ટિએ ગૂજરાતના સ્થાપત્યને જોવાની જરૂર છે. ગૂજરાતનાં સામાન્ય જનસમુદાયનાં રહેવાનાં ઘર, અને શહેરોની રચના આ હિંદુ સમયમાં જેવી હતી તેવી જ પછીના મુસલમાન સમયમાં કાયમ રહી છે. એટલે તેનું વિસ્તૃત વર્ણન યથાસ્થાને કરીશું. ઘરની રચનામાં ગૂજરાતના કેટલાક ભાગ અને સૌરાષ્ટ્રનાં ઘરોમાં થોડો થોડો ફેર છે. નગરરચનામાં પોળો એ ઉત્તર ગૂજરાતની ખાસ વિશિષ્ટતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. સંસ્કારિતાની દૃષ્ટિએ પોળોની ગલીઓ અને સંકુચિતતા સમાજના સંકુચિત માનસને વ્યક્ત કરે છે એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. પરંતુ પોળોને આજની દૃષ્ટિએ જોવાની નથી. આજ કદાચ એ જાતની શહેરરચના સારી ન ગણાય. પરંતુ જે જમાનામાં પોળોવાળી નગરરચના થઈ છે તે જમાનાની દૃષ્ટિએ પોળોની ઉપયોગિતા હતી. એથી દરેક એક એક નાનો જનસમૂહ પોતાનું રક્ષણ આપત્તિના વખતમાં કરી શકતો.[1] સહકારના ધોરણ ઉપર પોળોનો વહીવટ ચાલતો. આજના જેવી શહેર–સુધરાઈની સંસ્થા નહોતી. તે જમાનામાં પોળનાં પંચ કેટલેક અંશે સુધરાઈનું કામ કરતાં. પંચોના બંધારણથી સમાજનો સામાન્ય શિષ્ટાચાર[2] પણ જળવાતો, અને એ પંચોની નૈતિક સત્તા પણ ઠીક રહેતી. પંચના બંધારણનું એ કાર્ય આજની સુધરાઈ કરતાં કંઈક વિશિષ્ટ પ્રકારનું હતું.

હવે શહેર–જનતાના ઉપયોગનાં બાંધકામ જેમનો વારસો પછીના મુસલમાન સમયને મળ્યો તે જોઈએ. એમાં કિલ્લા, વાવ, કૂવા, તળાવ, મંદિરો વગેરેનો સમાવેશ થાય છે. એ વર્ણન અહીં માત્ર ટૂંકામાં જ કરીશું.

સોલંકી સમયના પહેલાંનાં મંદિરો વગેરે બાંધકામનો આજે પત્તો લાગતો નથી. પથ્થરનું બાંધકામ સોલંકી સમયમાં શરૂ થયું એમ કહી શકાય. તે પહેલાં ઇંટનાં અને લાકડાનાં બાંધકામ થતાં હતાં, એમ સોમનાથના જૂના મંદિરના ઉલ્લેખથી, અને સોલંકી પહેલાંનાં સમયનાં મંદિરોનું અસ્તિત્વ આજે ન હોવાથી સમજાય છે.

---

૧. પોળો દરવાજા બંધ કરીને રક્ષણ કરી શકાય તેવી રીતે બાંધેલી હોય છે. દરવાજા ઉપર તીર કે બંદૂકથી બહાર મારી શકાય તેવાં કાણાં આજે પણ જૂની પોળોમાં જોવામાં આવે છે.

૨. અનાચારી કે બીજી રીતે સમાજને નડતરરૂપ માણસ પોળમાં રહી શકતા નહિ. દીવા દેવતા બંધ કરવાની રીત પણ એવે વખતે ચાલુ હતી. ભિન્ન નાતજાત છતાં એક પોળમાં વસનારાઓમાં સહકારવૃત્તિ ઘણી સારી રહેતી. આજની સહકારી સોસાયટીઓ કરતાં એ સમયની પોળોમાં સહકાર વધારે જળવાતો. આજના જમાનામાં સહકાર શબ્દ વધારે છૂટથી વપરાવા છતાં સમાજમાં સામાન્ય રીતે તો અસહકાર જ જોવામાં આવે છે. સહકાર માત્ર પૈસાને લગતો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોલંકી પહેલાના અમલની કેટલીક ગુફાઓ છે તે પણ મહારાષ્ટ્રમાં આવેલી ગુફાઓને મુકાબલે ઉત્તમ કોટીની ન કહેવાય. કાઠિયાવાડના કેટલાક ભાગ બાદ કરતાં ગૂજરાતમાં ગુફાઓને લાયક ટેકરાઓ પણ બહુ નથી. કાઠિયાવાડમાં કેટલાંક સોલંકી સમયની પહેલાંનાં સ્થળો છે પણ તેમાં ખાસ નોંધ લેવા લાયક હાલ કાંઈ બચેલું જણાતું નથી. ઈડર બાજુ પણ એવાં સ્થળો હોવાનો સંભવ છે પરંતુ તેમાં ઘણાં નાશ પામેલાં છે.

સોમનાથનું સુપ્રસિદ્ધ મંદિર, જેનો વૈભવ સાંભળીને મહમૂદ ગીઝની ચઢી આવ્યો, તેનો આજે કાંઇ જ પત્તો નથી. એ મંદિર ઈંટોનું બાંધેલું હોવાનો સંભવ છે. એને સાગના લાકડાના છપ્પન થાંભલા હતા એમ મુસલમાન તવારીખો કહે છે. મહમૂદનું ચરિત્ર લખનાર શ્રી નઝીમ, અલ્બરૂનીના આધારે લખે છે કે મંદિરની ભોંય પણ સાગનાં પાટિયાંની હતી અને એની વચ્ચે સીસું ભરી દેવામાં આવ્યું હતું. એને તેર મજલા હતા અને ચૌદ શિખરો ઉપર સોનાને પતરે મઢેલાં હતાં, અને એમનો ચળકાટ ઘણે દૂરથી દેખાતો હતો. એ જ લેખક કહે છે કે ભીડિયાના મંદિરની બસો વાર છેટે રેતીમાં દટાયેલા મોટા પથ્થરો પડેલા છે ત્યાં એ અસલ મંદિર ઊભેલું હોવું જોઇએ. અલ્બરૂનીના આધારે એ લેખક લખે છે કે સરસ્વતીના મુખથી એ મંદિર ત્રણ માઈલ પશ્ચિમે હતું.[3]

---

૩. સોમનાથના મંદિરની પ્રસિદ્ધિ જોતાં એ મંદિર ઉપરના વર્ણન જેવું હોય એ છેક અસંભવિત નથી. મને તો લાગે છે કે સોમનાથનું સોલંકી સમય પહેલાંનું મંદિર કાંઇક અંશે આજનાં દક્ષિણ હિંદનાં મોટાં મંદિરોને મળતું હોય. દક્ષિણનાં મંદિરોનાં ગોપુરોને પણ નવ કે બાર મજલા હોય છે. ભેદ માત્ર આ મંદિર લાકડાનું હતું એટલો. હાલના સોમનાથના મંદિરના ખંડેરની જગાએ પહેલાંનું મંદિર નહોતું એમાં તો શંકા જ નથી. સોમનાથ પાટણના રહેવાશી, ફારસી ભાષાના વિદ્વાન ઇતિહાસરસિક સ્વ. શ્રી શંકરપ્રસાદ દેસાઈ પણ એ જ મતના હતા. એમણે સોમનાથમાં કેટલીક શોધખોળ કરેલી. વેરાવળના પોર્ટ કમિશ્નર શ્રી. કૃષ્ણલાલ ધ્રુવે ઉપર કહ્યું તેમ સરસ્વતીના મુખ પાસે આ લેખકને પણ એક જંગલથી ઢંકાયેલી ટેકરીઓવાળી જગા બતાવેલી અને પ્રાચીન સોમનાથ પાટણ અને મંદિર એ જગાએ હશે એમ એ જોતાં લાગતું હતું. જો કે મોટા પથ્થર જોવામાં નહોતા આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલ સોમનાથના મંદિરનું જે ખંડેર દરિયા કિનારે ઊભું છે તેનાથી આ વર્ણન તદ્દન જુદું છે. જૂના મંદિરની જગાએ જ સોલંકી સમયમાં નવું મંદિર બંધાયું એ વાત પણ ઉપરના વર્ણનથી ખોટી પડે છે; અને હાલનું ખંડેરવાળું મંદિર કાં તો ભીમદેવે નવી જગાએ બંધાવ્યું કે ભીમદેવે માત્ર જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હોય તો કુમારપાલે નવું બંધાવ્યું. ભીમદેવે બંધાવેલા પથ્થરના મંદિરને જ કોઈ કારણથી કુમારપાલને હાથે સમરાવવાનો વખત આવ્યો હોય એમ ખંડેરની બાંધણી અને ભીમદેવના સમયનાં બીજાં મંદિરો જોતાં લાગે છે.

ભીમદેવ ૧ લાના વખતનાં મંદિરો

ભીમદેવ પહેલાનો સમય ગૂજરાતમાં અપૂર્વ કારીગીરીવાળાં પથ્થરનાં મંદિરોનાં બાંધકામ માટે ખાસ પ્રસિદ્ધ છે. આજે લગભગ એક હજાર વર્ષ થવા આવ્યાં છતાં, ભગ્નાવશેષ દશામાં પણ સોમનાથના મંદિરનું ખંડેર, મોઢેરાના સૂર્ય મંદિરનું ખંડેર, પાટણમાં રાણીવાવના ખાડામાં રહેલા થોડા ટુકડા, એ સમયની સ્થાપત્યકલાની સાક્ષી પૂરવા માટે પૂરતાં છે. એવાં તો અનેક મંદિરોનો નાશ થઇ ગયો હશે એ સહેજે કલ્પી શકાય તેમ છે. પરંતુ એ સમયમાં બંધાયેલું અને આજ લગભગ સુરક્ષિત રહેલું આબુ ઉપરનું વિમળશાહે બંધાવેલું શ્રી આદિનાથ (ઋષભદેવ)નું મંદિર એ તો ગૂજરાતની શિલ્પ કારીગીરીને દુનિયાની એ જાતની ઉત્તમ કારીગીરીઓમાં પ્રથમ પંક્તિમાં મૂકવા માટે બસ છે.

રુદ્રમાળ, મોઢેરાનું મંદિર અને સોમનાથ

સોમનાથના મંદિરનું ખંડેર છેક જીર્ણ દશામાં છે. પણ મોઢેરાના સૂર્યમંદિર ઉપરથી એનો કાંઈક ખ્યાલ આવી શકે. મોઢેરાનું સૂર્યમંદિર પણ ખંડેર હોવા છતાં સારી રીતે જળવાઇ રહ્યું છે. મુખ્ય મંદિરની આગળનો મંડપ ગૂજરાતની કારીગીરીનો સુંદર નમૂનો છે. એની મૂર્તિઓ, થાંભલા, તોરણ વગેરે ઘણી બારીક કારીગીરીથી કરેલાં છે. મંડપની આગળ કુંડ પણ ઉત્તમ કારીગીરીનો નમૂનો છે. મોઢેરા ગામ ઘણું પ્રાચીન છે. હાલ એ એક મોટા ટેકરા ઉપર વસેલું છે. તે જોતાં એમ જણાઈ આવે છે કે એ ગામ એક

૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં વધારે વાર તૂટયું હશે અને જૂના ગામો ઉપર નવું ગામ વસતું ગયું હશે. ટેકરામાં અહીં તહીં પ્રાચીન સમયની મોટા કદની ઈંટો નીકળે છે અને સિક્કા પણ હાથમાં આવે છે. ગામ ટેકરા ઉપર વસેલું હોવાથી મોહેંજોડારોની પેઠે એનું ખોદકામ થવું શકય નથી. પણ જો એ ટેકરો ખોદાય તો તેમાં ઘણા પ્રાચીન અવશેષો જડવાનો સંભવ છે. સિદ્ધપુરનો રુદ્રમહાલય પણ જરા મોટા પાયા ઉપર આ મંદિરોનો નમૂનો જ હશે. એના વિશાળ અવશેષો એ કેટલું મોટું હશે એનો ખ્યાલ આપે છે.[૪]

રાણીવાવ

વાવ એ ગૂજરાતની ખાસ વિશેષતા છે. પાટણની રાણીવાવ એક વખત ભવ્ય અને સુંદર વાવનો નમૂનો હશે. પણ આજ તો એ એક વિશાળ ખાડો છે. વાવ મુસલમાન સમયમાં પણ કાંઈ ખાસ ફેરફાર વગર બંધાઇ છે એટલે તેનું અને ગૂજરાતનાં તળાવોનું વીગતવાર વર્ણન આગળ કરીશું.

આબુનાં વિમળશાહ અને તેજપાળનાં મંદિરો

આબુનું વિમળશાહનું મંદિર ઉપર કહ્યું તેમ આજે પણ ગૂજરાતના ભૂતપૂર્વ ગૌરવના ચિહ્ન રૂપે ઊભું છે. એની જોડે જ, એની પછી લગભગ બે સૈકા પછી તેજપાલે બંધાવેલું નેમીનાથનું મંદિર કામગીરી અને બાંધણીની રીતમાં લગભગ સરખું છે, એટલે બન્નેનું વર્ણન અહીં કરીએ.

શિલ્પકલામાં એનું સ્થાન

આ બન્ને મંદિરો સફેદ આરસનાં બાંધેલાં છે. મુસલમાનોની પહેલાંના સમયનું બીજું કાંઈ પણ બચવા ન પામ્યું હોય અને માત્ર આ બે જ મંદિરો જ બચ્યાં હોય તો પણ ગૂજરાતની શિલ્પકલા ઘણા ઊંચા પ્રકારની હતી એટલું સાબિત થઇ શકે. એટલું જ નહિ પણ મુસલમાન સમયનું શિલ્પ અને તે પહેલાંનું શિલ્પ આજે હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં દુનિયાની નજર ખેંચતું ઊભું છે તે બધાની સરખામણીમાં

---

૪ મોઢેરા ગામનો ટેકરો ઘણો જ મોટો છે. આખું ગામ ટેકરા ઉપર જ છે. ટેકરાની ઊંચાઇ જોતાં એક કરતાં વધારે ગામો દટાઇને છેવટનું ગામ વસેલું હોવું જોઇએ. સૂર્યમંદિર ટેકરાની નીચે સપાટ જમીન ઉપર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ગૂજરાતી સ્થાપત્યકલાના આ બે નમૂના પ્રથમ પંક્તિમાં આવે તેમ છે. શિલ્પ અને સ્થાપત્યનો જગવિખ્યાત વિવેચક ફરગ્યુસન કહે છે કે એની કારીગીરી એટલી તો નાજુક છે અને અલંકાર રુચિકર છે કે એવું બીજું કોઈ પણ આનાથી ચઢે તેવું સ્થાન ભાગ્યે જ જોવામાં આવે. વેસ્ટમિનિસ્ટરમાં હેનરી સાતમાના દેવળમાં જે અલંકાર છે તે આની સરખામણીમાં જાડા લાગે છે.

આ મંદિરો આશરે આઠસોથી હજાર વર્ષ થયાં ગૂજરાતની સંસ્કારિતાની સાખ પૂરતાં ઊભાં છે. ગૂજરાતી સંસ્કારિતાને બહારનો આડંબર નથી. પોતાની જાહેરાત બહાર કરવાની એને ટેવ નથી. અંદરથી તેનું સ્વરૂપ સુંદર છે. એનું એકેએક અંગ મનોહર છે. એ ઝીણી અને કોમળ છે. એવી જ રીતે દેલવાડાનાં મંદિરો બહારથી છેક સાદાં છે. બહારથી જોનારને અંદરના સૌંદર્યનો ખ્યાલ પણ ન આવે. યુરોપનાં દેવળોની પેઠે બહારનો દેખાવ નથી. અંદરથી આ મંદિરો ભવ્ય અને મનોહર છે. એનો એક એક થાંભલો, ઘુંમટ, કે તોરણ સુંદર છે. એની કારીગીરી ઝીણી ને કોમળ છે.

તાજમહાલ અને આબુનાં મંદિરો

હિંદુસ્તાનના શિલ્પ અને સ્થાપત્યની કારીગીરીવાળાં જગપ્રસિદ્ધ મકાનોમાં ત્રણ પ્રથમ સ્થાને ગણી શકાયઃ (૧) ગૂજરાતમાં આવેલાં આ જૈન મંદિરો, (૨) મૈસૂરમાં આવેલાં બેલુર અને હલેબીડનાં હિંદુ મંદિરો, (૩) આગ્રાનો તાજમહાલ. આ ત્રણે પ્રાસાદોએ હિંદુસ્તાનની કીર્તિ જગતભરમાં વધારી છે. છતાં ત્રણેમાં થોડો થોડો ભેદ છે. મૂર્તિઓનાં શિલ્પમાં મૈસૂરનાં મંદિરો ચઢે છે. પરંતુ એ કાળા પથ્થરમાં છે. મૂર્તિઓ અને ફૂલવેલની આકૃતિઓમાં ગૂજરાતનાં આ મંદિરો ચઢે. સફેદ આરસમાં હોવાને લીધે એની મનોહરતામાં વધારો થયો છે. કારીગીરીની ઝીણવટમાં એ સૌથી ચઢે તેમ છે. તાજમહાલમાં રંગીન જડિત કામ ન હોય તો કાંઇ નવીનતા ન લાગે. તાજમહાલની સુંદરતા મોટે ભાગે સફેદ આરસને લીધે છે. તે ઉપરાંત તાજમહાલને એની આસપાસની લાલ પથ્થરની મસ્જિદ છે, આગળ આવેલો લીલોછમ બગીચો, પાછળ આવેલું યમુનાનું ભૂરું જળ, ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલું આછું ભૂરું આસમાન, એ બધાની સમગ્રતામાં જ એ રમ્ય લાગે છે. તાજનો એક ભાગ કે કકડો છૂટો જોવો રમ્ય નહિ લાગે. દેલવાડાનાં મંદિરનો કોઇ પણ ભાગ કે કકડો રમ્ય લાગશે. એક યુરોપી વિવેચક કહે છે કે તાજના મીનારા પ્રમાણમાં છેક સાદા છે અને જુદા પડી જાય છે. એનો ઘુમટ ડૂંગળીના[5] આકારનો છે તે પણ જુદો તરી આવે છે. આબુનાં મંદિરોનો કોઇ અલંકાર અસ્થાને નથી લાગતો.[6]

આમ છતાં તાજના જેટલી જાહેરાત આ મંદિરોની નથી થઈ. ગૂજરાતના લોકોની પેઠે જાહેરાત કરવામાં છેક પછાત એવી ગૂજરાતની રેલવે ઉપર આ સ્થળ આવેલું છે એ પણ એક કારણ છે. તાજની પાછળ હિંદના સામ્રાજ્યની લક્ષ્મી વપરાઈ છે. દેલવાડાનાં મંદિરો ગૂજરાતી વાણિયાની ધર્મવૃત્તિ વ્યક્ત કરે છે. તાજની બાંધણીમાં મજૂરોની વેઠના નિઃશ્વાસ છે. આબુનાં મંદિરોમાં ગૂજરાતની અહિંસક ઉદારતા વ્યક્ત કરતો સલાટ અને મજૂરોનો સંતોષ છે. તેથી એમણે આ મંદિરોની જોડે પોતાના ઉત્સાહથી એક મંદિર જુદું બાંધ્યું છે. આમ ગૂજરાતની સંસ્કારિતાના પ્રતીક-સમાં આ મંદિરો જોનારનું મન હરી લેતાં આજ સૈકાઓ થયાં ઊભાં છે.

છૂટા અવશેષો અને કિલ્લાઓ

આ સમયમાં આવાં ઘણાં મંદિરો બંધાયાં છે. ગૂજરાતનાં અનેક સ્થળોમાં, અનેક તીર્થોમાં, શહેરો તેમ જ નાનાં ગામોમાં દરેક સંપ્રદાયનાં અનેક મંદિરો બંધાયાના ઉલ્લેખો ઉત્કીર્ણ લેખોમાં અને ગ્રંથોમાં મળે છે. એ સમયના જે થોડા અવશેષો આજે ઊભા છે તે ટૂંકામાં જોયા. વડનગર અને કપડવણજ જેવી જગાઓએ પડેલાં છૂટાં પણ સુંદર તોરણો પણ આ વાતની સાક્ષી પૂરે છે. જાણીતાં શહેરોને અને ડભોઇ ઝીંઝુવાડા જેવાં સરહદ ઉપર આવેલાં લશ્કરી મહત્ત્વનાં સ્થળોને ફરતા કિલ્લાઓ ભગ્નાવશેષ દશામાં આજે જોવામાં આવે છે. મુસલમાન લોકોના આવ્યા પછી એક ખાસ આકૃતિની

---

૫. આ ટીકા તાજમહાલ માટે આલ્ડસ હક્સલીએ કરેલી છે.

૬. આ સરખામણી મેં ૧૯૨૯ માં વસંતમાં છપાયેલા 'ગૂજરાતી સંસ્કૃતિનું વિહંગાવલોકન' એ નામના લેખમાં કરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમાન દાખલ થયા પહેલાં મકાનોના દરવાજા કેવા થતા હશે તેનો ખ્યાલ ઝીંઝુવાડા અને ડભોઇના કિલ્લાના રહેલા દરવાજાઓ આપે છે. સિદ્ધરાજના સમયમાં આવા ઘણા કિલ્લાઓ બંધાયા છે. ડભોઇનો કિલ્લો વિશળદેવ વાઘેલાના સમયમાં સમરાવાયો કહેવાય છે. એના દરવાજાની સુંદર કારીગીરી આજે પણ એ સમયના લોકની કારીગીરીના શોખની સાક્ષી પૂરે છે. ડભોઇની હીરાભાગોળ અમર છે. દેશી સ્થાપત્ય પ્રમાણે જળદુર્ગ, સ્થળદુર્ગ અને ગિરિદુર્ગ એમ ત્રણ જાતના દુર્ગ કરવામાં આવે છે. પાવાગઢ, આબુ ઉપર અચલગઢ અને ગિરનારનો ઉપરકોટ વગેરે ગિરિદુર્ગના દાખલા છે. જળદુર્ગનો દાખલો દીવના ટાપુમાં છે, અને સ્થળદુર્ગ દરેક મહત્ત્વનાં શહેર અને સરહદનાં લશ્કરી મહત્ત્વનાં સ્થળોએ દેખાય છે.

અવશેષોનો નાશ

આવાં અસંખ્ય ખંડેરોનું પણ આજે નામ નિશાન નથી. ઘણા અવશેષોના પથ્થરો મુસલમાન સમયનાં બીજાં મકાનોમાં વપરાયા છે. મોગલ સમયના પાછલા ભાગ સુધી પાટણથી આરસનાં સેંકડો ગાડાં અમદાવાદ મોકલવાનો ઉલ્લેખ મળે છે. થોડાં વર્ષ પહેલાં ચંદ્રાવતીના અવશેષો છૂટક છૂટક પણ સુંદર હાલતમાં મળતા. હાલની રેલવેઓના રસ્તા નજીકનાં ઘણા અવશેષોનો રેલવે કંટ્રાકટરોએ નાશ કર્યો છે. નાનાં દેશી રાજ્યો અને ઠાકોરોના ગામ નજીકના ઘણા અવશેષો એમના હાકેમોના અજ્ઞાનને લીધે નાશ પામ્યા છે કે વેચાઇ ગયા છે. આરસના અવશેષોનો ચૂનો કર્યાના દાખલા પણ મળે છે. અનેક નાનાં નાનાં દેશી રાજ્યોમાં વહેંચાઇ જવાની ગૂજરાતની કમનસીબીને લીધે ઘણા અવશેષોનો આ રીતે નાશ થયો છે અને વેચાઇ ગયાં છે. એ જ કારણથી અને અજ્ઞાનથી એમનો સંગ્રહ કરવાનું પણ ઘણું મુશ્કેલ થઇ પડયું છે.

ગિરનાર અને પાલીતાણા

મુસલમાન પહેલાંના સમયનાં કેટલાંક જૈન મંદિરો બીજા સંપ્રદાયનાં મંદિરો કરતાં વધારે જળવાયાં છે. તેમના જીર્ણોદ્ધાર પણ વારંવાર થતા આવ્યા છે. ગિરનાર અને પાલીતાણાનાં મંદિરોનો સુંદર સમૂહ આજે ઊભો છે. જૈનોએ દેશી કારીગીરીને જીવતી રાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પ્રાચીન શિલ્પના જાણકાર બહુ થોડા પણ આજે એમની ઉદારતાને લીધે જીવતા છે. આમ છતાં આજના જરૂરવાદી જમાનાની અસર કાંઇ ઓછી નથી થઇ. પાલીતાણા અને ગિરનારનાં મંદિરોનાં સમૂહમાં મુસલમાન સમયમાં અને એ પછી એટલા સુધારા વધારા થયા છે કે મૂળ કયું તે શોધી શકવું આજે મુશ્કેલ બને છે. વસ્તુપાલના સમયનાં મંદિરોમાં આજના રંગ લગાડીને તેની સુંદરતાને અજ્ઞાનથી બગાડી છે. પથ્થરનાં મંદિરોને રંગવાં કે ધોળવાં અને તેમાં આજના જમાનાનાં ચીનાઇ માટીનાં ચોરસાં કે કપચી જડાવવી એ અજ્ઞાન જ છે. નૈસર્ગિક સૌંદર્યવાળા ચહેરા ઉપર આજે વધારા પડતો પાઉડર અને હોઠે ઘેરો લાલ રંગ (લિપસ્ટિક) લગાડવાથી જેવી બદસૂરતી લાગે છે તેવું આ રંગરોગાનથી લાગે છે.

રાજકીય સત્તા બદલાયા છતાં સંસ્કૃતિમાં બહુ ધીમો ફેરફાર

મુસલમાન સમયમાં હિંદુ શિલ્પ અને સ્થાપત્યનાં મૂળતત્ત્વ કાયમ રાખી થોડા ફેરફારવાળું જે સુંદર સ્થાપત્ય ઊભું થયું તેને સમજવા માટે આ હિંદુ શિલ્પસ્થાપત્યનું વર્ણન કર્યું. આ પ્રાચીન હિંદુ સ્થાપત્યનો મુસલમાન સુલતાનોના સમયમાં–મોગલોના આવતા પહેલાંના સમયમાં–માત્ર ઉપરનો વેશ જ બદલાયો છે–અંદરનાં તત્ત્વો એક જ રહ્યાં છે. આટલો ફેર પણ મસ્જિદોમાં થયો છે. બીજાં મકાનોમાં આટલો ફેર પણ નથી થયો, અને બાંધકામની જૂની બાંધણી કાયમ રહી છે. એટલે એ બધી વીગતનું વિસ્તૃત વર્ણન યથાસ્થાને આગળ કરીશું. હિંદુ સમયના સ્થાપત્યનું માત્ર સામાન્ય વર્ણન ઊડતી નજરે અહીં કર્યું છે.

શિલ્પસ્થાપત્ય એ માણસની સંસ્કૃતિનું પથ્થરમાં કોતરેલું પુસ્તક છે. સંસ્કૃતિનાં મહત્ત્વનાં અંગોમાંનું એક બહુ મહત્ત્વનું અંગ છે. યુરોપના દેશોના સંસર્ગમાં આવતા પહેલાં આપણી સંસ્કૃતિની પ્રગતિનો વેગ ધીમો હતો; એટલે અનેક આક્રમણો છતાં મૂળ બહુ ઝડપથી બદલાતું નહિ. મુસલમાનો વિદેશી અને ધર્મે ભિન્ન છતાં છેક મોગલ સમય આવતાં સુધી સંસ્કૃતિનાં આ બધાં અંગોમાં બહુ ઝડપી ફેરફાર ન થયો એનું વર્ણન પણ આગળ યથાસ્થાને કરીશું. સ્થાપત્ય કરતાં પણ બીજાં અંગોમાં રાજકીય ફેરફારની અસર બહુ ધીમી થઇ; એનાં ઘણાં કારણો છે તે આગળ જોઇશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ ૨ જો

પ્રકરણ અગિયારમું

ગૂજરાતમાં મુસલમાનો

છેલ્લો હિંદુ રાજા કર્ણદેવ વાઘેલો

વિ. સં. ૧૩૫૩ ના પાછલા ભાગમાં સારંગદેવ વાઘેલાનો ભત્રીજો કર્ણદેવ ગૂજરાતનો રાજા થયો. એણે માત્ર ત્રણ જ વર્ષ રાજ્ય કર્યું. અને એના સમયમાં ગૂજરાતનું હિંદુ મહારાજ્ય હંમેશને માટે અસ્ત પામ્યું. એટલે–એના રાજ્યકાલમાં ખાસ મહત્ત્વનો બનાવ આ હિંદુ રાજ્યના હંમેશના નાશ સિવાય બીજો બન્યો નથી. એનું ચારિત્ર્ય જાણવા માટે પણ ખાસ સબળ પુરાવા મળતા નથી. એના સમયના લેખમાં એને વેદશાસ્ત્ર પ્રમાણે ચાલનારો રાજા કહ્યો છે; પણ તેના જ સમયના લેખમાં તેની વિરુદ્ધ લખાણ સંભવી શકે નહિ.[1] ગૂજરાતમાં એને 'કરણઘેલો' કહે છે તે વાઘેલા શબ્દનું ટૂંકું રૂપ છે કે એનું ચારિત્ર્ય રાજાને લાયકનું ન હોવાથી એને ખરેખરો ઘેલો – ગાંડો કહ્યો છે તે કહેવું મુસ્કેલ છે. પરંતુ કાન્હડદે પ્રબંધમાં કર્ણનું જે શબ્દોમાં વર્ણન કર્યું છે તે જોતાં ગૂજરાતી પ્રજામાં એ ઘેલો ગણાય તે અસંભવિત નથી. એમાં કર્ણદેવને માટે ઘેલો શબ્દ પણ વાપર્યો છે.[2] આગળ એજ પ્રબંધમાં કવિ પદ્મનાભ કહે છે કે એણે ક્ષત્રિયનો ધર્મ લોપ્યો, એનું અંગ કામથી વ્યાપ્ત હતું અને તેથી એ રોજ વછનાગનું સેવન કરતો. એ ઉઘાડી તરવારે ફરતો અને હજૂરીઆ તેનાથી ડરીને નાસી જતા. રસોઈયાઓ મરણના ભયથી બારણાં વાસીને પીરસતા. કર્ણદેવનું આ વર્ણન એને ઘેલો ઠરાવવાને પૂરતું છે અને સમકાલીન

---

૧. ઇડર રાજ્યમાં આવેલા મુરલીધરના મંદિરના લેખમાં કર્ણને માટે श्रुतिशास्त्राविरोधेन सोयं पालयति प्रजाः ।। એમ લખેલું છે. લેખ વિ. સં. ૧૩૫૪ નો છે.

૨. કાન્હડદે પ્રબંધ ૧–૨૩. खित्री तणु धर्म लोपीउ, राक करणदे गहिलु थयु ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખ એનું આખું વર્ણન કરવાની હિંમત ન કરે.[3] મહારાજ્યોની પડતીનાં કારણોમાં એના રાજ્યકર્તાઓમાં આવાં અપલક્ષણ કારણભૂત બન્યાં હોય એવા દાખલા બનેલા છે. કર્ણની પેઠે ચાંપાનેરના પતાઇ રાવળ માટે અને જૂનાગઢના રા' મંડલિક માટે પણ આવી જ કથાઓ કહેવાય છે.

માધવ પ્રધાન

કર્ણદેવનો મહામાત્ય માધવ હતો એ વાત તો પ્રસિદ્ધ છે. એના કાકા સારંગદેવના સમયથી જ એ પ્રધાનપદે હતો. કર્ણે સત્તાના મદમાં માધવનું અપમાન કર્યું અને એના ભાઈ કેશવને મારી નાંખી-ને એની સ્ત્રીનું[4] હરણ કર્યું; આથી માધવનો કોપાગ્નિ ભભૂકી ઊઠયો. એણે પ્રતિજ્ઞા કરી કે મુસલમાનોને ગૂજરાતમાં લઇને આવું ત્યારે જ ગૂજરાતનું અન્ન ખાઈશ.[5] આમ પોતાના અંગત વૈરથી પ્રેરાઇને આખા દેશને પારકો કરવા એ દિલ્હી અલ્લાઉદ્દીન ખીલજીના દરબાર-માં ગયો. અલ્લાઉદ્દીનના દરબારમાં જઇને એણે પોતાના ઉપર

---

૩. કવિ પદ્મનાભના વર્ણનમાં શંકા લાવવાનું કારણ નથી. ગૂજરાતના આ છેલ્લા રાજાને ઘેલો કહેવામાં આવ્યો એ બરોબર જ છે અને વાઘેલાનું એ ટૂંકું રૂપ નથી એ ચોક્કસ છે. આ વર્ણનની ઉપર જે એક લીટી આપી છે તેની પછીની લીટીઓ આ પ્રમાણે છે:—

एहवु अङ्ग तणु अनुराग, नितु नितु भच्छ करइ वछनाग ।
विण पडीआर पट्ट कर वहइ, न को अङ्गरख जमलु रहइ ।
मरणतणि भयि भोजनवार वासी चाटुउ घरइ सूआर ।

કા. પ્ર. ૧–૨૨–૨૪

૪. ભાટ લોકો કેશવની સ્ત્રીને બદલે માધવની સ્ત્રી હર્યાનું લખે છે અને નેણસીની ખ્યાતમાં એની પુત્રી હરી એમ કહે છે. પદ્મનાભ કેશવની સ્ત્રી હર્યાનું લખે છે. કા. પ્ર. ૧–૨૫–૨૬.

पहिलु राइं हूं अवगणिउ; माहरु बन्धव केसव हणउि ।
तस घरणी घरि राखी राइ एवडु रोस न सहिणु जाइ ।

૫. रीसावीउ मूलगु प्रधान करी प्रतिज्ञा नीम्यूं धान ।
'गूजरातिनूं भोजन करूं जु तुरकाणूं आणूं अरहूं ।

કા. પ્ર. ૧–૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીતેલી વાત કહી અને ગૂજરાત ઉપર ચઢાઈ લાવવા સુલતાનને વીનવ્યો. એણે ગૂજરાતમાં હિંદુઓને મારીને કે કેદ પકડીને દેશ

માધવ વિસલનગરા નાગર બ્રાહ્મણ

સુલતાનને તાબે કરી આપવા કહ્યું અને પોતાની સાથે લશ્કર મોકલવા માંગણી કરી.[૬] આ રીતે માધવ એક દેશદ્રોહી તરીકે તે વખતે તેમ જ આજે પણ ગૂજરાતની પ્રજામાં પ્રસિદ્ધ છે.[૭] આ માધવ ગૂજરાતનો વિસલનગરો નાગર બ્રાહ્મણ હતો. એ કચ્છનો વતની હતો એમ પણ કહેવાય છે. આ બાબતમાં કાન્હડદેપ્રબંધનો કવિ પદ્મનાભ પણ વિસલનગરો નાગર હોવાથી એનું કથન માનવામાં વાંધો નથી.[૮]

---

૬. गूजराति स्यूं मांडिसि कलहु माहारइ साथि कटक मोकलु ।
दुडि हींदू घालुं रानि, एक मारूं एक झालूं बानि ।
खूनकार तूं साचूं जाणि, गूजराति लेइ आपूं प्राणि ।
કા. પ્ર. ૧-૨૬-૨૭

૭. માધવે ગૂજરાતમાં મુસલમાનોને આણ્યા તે વાતમાં કેટલાક શંકા કરે છે, પરંતુ તે વાત તદ્દન ચોક્કસ છે. લગભગ સમકાલીન ગણાય તેવા વિચારશ્રેણી ગ્રંથમાં यवनाः माधवनागरविप्रेणानीताः એમ લખ્યું છે. જિનપ્રભના વિવિધતીર્થકલ્પમાં પણ માધવ મંત્રીની પ્રેરણાથી સં. ૧૩૫૬ માં અલ્લાઉદ્દીનનો નાનો ભાઈ ઉલુખાન (ઉલુઘખાન) દિલ્હીથી આવ્યો, એમ કહે છે. આ ઉલ્લેખ પણ સમકાલીન ગણાય. કાન્હડદે પ્રબંધ અને નેણસીની ખ્યાતના ઉલ્લેખો જોયા. ધર્મારણ્ય પુરાણમાં તો માધવને દુષ્ટ, નિર્ગુણ, દેશદ્રોહી, પાપી, કુલાધમ, દુષ્ટાત્મા, ક્ષત્રિય રાજ્યનો વિધ્વંસ કરનાર અને મ્લેચ્છ રાજ્યનો સ્થાપક કહ્યો છે. એ પુરાણનો સમય ૧૩૫૦ થી ૧૫૦૦ ધારવામાં આવે છે. પણ શ્લોકોના શબ્દો જોતાં મને તો એ શ્લોકો વધારે પાછળથી ઉમેરેલા હોય એમ લાગે છે; જો કે માધવના કૃત્ય તરફ સમકાલીન તિરસ્કાર હતો, તેમાં તો શંકા નથી. પદ્મનાભ કવિ માધવ પોતાની ઉપજ્ઞાતિનો છતાં તેને માટે લખે છે કે-माधव महितइ करिउ अधर्म, नवि छूटीइ आगिलां कर्मः એમ લખી તે જ્યાં સાલિગ્રામ તુલસીને પીપળા પુજાતા ત્યાં તુર્ક લોકોને આણી અપકીર્તિ વહોરી:— नवखण्डे अपकीरति कही,–माधवि म्लेच्छ आणिया तहीं । એમ લખ્યું છે.

૮. માધવ નાગર જ નહોતો એમ પણ કેટલાક માને છે. પણ તે વિસલનગરો નાગર હતો એવો પુરાવો મળ્યો છે. તપાગચ્છ બૃહત્ પટ્ટા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધવે અલ્લાઉદ્દીનના લશ્કરને ગૂજરાતમાં આણ્યું, એટલું જ નહિ પણ પાટણ સર કરવામાં પોતે ભોમિયો હોવાથી આગળ પડીને ભાગ લીધો. ગૂજરાત જીત્યા પછી મુસલમાન લશ્કર સાથે માધવ સોરઠ ગયો અને ત્યાં સોમનાથનું રક્ષણ કરતા રજપૂતોને હાથે આ બધા અનર્થનું મૂળ હોવાથી તે માર્યો ગયો.

ઉલુઘખાનના લશ્કરે વર્તાવેલો કેર

ઉલુઘખાનની સરદારી નીચે અલ્લાઉદ્દીનના લશ્કરને મારવાડમાંથી ઝાલોરના કાન્હડદેએ રસ્તો આપવાની ના પાડી પોતાનું નૂર બતાવ્યું.[૯] પણ બધા રજપૂતો કાન્હડદે જેવા નહોતા. મેવાડના સમરસિંહ રાવળે ઊલટો બાદશાહને દંડ ભરીને પોતાના દેશને બચાવ્યો અને ગૂજરાતમાં જવાનો રસ્તો કરી આપ્યો.[૧૦] મેવાડમાંથી બનાસ નદી આગળ આવીને મુસલમાન લશ્કર મોડાસે આવ્યું અને ત્યાંનો બત્તડ નામનો નાનો પણ વીર ઠાકોર પોતાના મૂઠી ભર માણસો લઇને લડતાં કામ આવ્યો.[૧૧] આખા ગૂજરાતમાં

વહિમાં ધર્મઘોષસૂરિના સ્વર્ગવાસનું લખીને પછી લખે છે કે:— एहवइ गुज्जरातिं विसलनगरा वाडव मंत्री माधव भाइ केशव थकी राजा श्री कर्ण लडीनइ तुरकणी राज्य हुओ । માધવ કચ્છનો હતો અને એણે વઢવાણ પાસે માધવ વાવ બંધાવી એમ કહેવાય છે પણ એ બાબતમાં વિદ્વાનોનો મતભેદ છે.

૯. કા. પ્ર. માં કાન્હડદેએ મુસલમાન લશ્કરને જવા દેવાની ના પાડી અને કહ્યું કે ગામો લૂંટાય, કેદીઓ પકડાય, અબળાઓના કાનો તોડાય વગેરે ત્રાસ વેઠી લેવાય નહિ. આ વર્ણન લશ્કર જતાં કેવો ત્રાસ પડે તે બતાવે છે.

૧૦. મેવાડના સમરસિંહે મુસલમાનોને જવાનો રસ્તો આપ્યો એમ કાન્હડદે પ્રબંધના કથનને સમકાલીન જિનપ્રભસૂરિએ તીર્થકલ્પમાં આપેલા ઉલ્લેખથી ટેકો મળે છે. એ પ્રબંધમાં કહેલા ગૂજરાતને લગતા બનાવોમાં શંકા કરવાનું કારણ નથી એમ લાગે છે.

૧૧. કા. પ્ર. માં બત્તડ થોડાં માણસોથી મોટા લશ્કર સાથે લડચો—હારવાનો છે એમ નક્કી છતાં લડયો એ એની શૂરવીરતા બતાવે છે. આવા વ્યક્તિગત શૂરવીરતાના દાખલા મળે છે. પણ ઉપર કહ્યો તેવો મેવાડનો દાખલો પણ મળે છે. સામાન્ય રીતે સંપીને સામનો કરવાનું દેખાતું નથી. છૂટા છવાયા સામના સિવાય બીજે તો નાસભાગ જ દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાન લશ્કરનો ત્રાસ ફેલાઇ ગયો. એમણે ગામોને લૂંટીને આગ લગાડી ઘણા કેદીઓ પકડયા. ધાનઢાર અને દંડાવ્ય–મેસાણા પાલણપુર અને ડાંગરવાની આસપાસનો પ્રદેશ-લૂંટયો. ત્યાંથી લશ્કર પાટણ ગયું અને માધવે પાટણમાં પેસવાનો રસ્તો બતાવ્યો. પાટણ ભાગ્યું અને કદી ન દીઠેલો ત્રાસ લોકોએ જોયો. લોકો ચારે બાજૂ નાઠા. ગઢમાં ભરાયેલો કર્ણદેવ નાઠો અને એની રાણી પગપાળી નાઠી. પાટણના ભંડાર લૂંટાયા અને મંદિર હતું ત્યાં મસ્જિદ બની. પાટણમાં થાણું મૂકીને બાદશાહી આણ વર્તાવીને મુસલમાન લશ્કર આસાવળ, ધોળકા, ખંભાત, સૂરત અને રાંદેર લૂંટીને સોરઠમાં ગયું. એ જ્યાં ગયું ત્યાં કોઇ સામે થયું નહિ. લોકો ચારે બાજૂ જેમ ફાવે તેમ નાઠા. ભર્યો ભાદર્યો દેશ લૂંટાયો. કિનારાનાં શહેરો લૂંટાયાં. આમ ગૂજરાતમાં મોડાસા[૧૨] પછી મુસલમાન લશ્કરની સામે કોઇ થયું નહિ, અને સોરઠમાં પણ ઘણી નાસભાગ થઇ, પરંતુ છેવટે સોરઠમાં દેવપાટણ સોમનાથનું રક્ષણ કરવા વાળાઓ, વાજાઓ, જેઠવાઓ, ચૂડાસમાઓ વગેરે શૂરા રજપૂતો સામા થયા, પણ મુસલમાન લશ્કર આગળ ફાવ્યા નહિ અને માર્યા ગયા. ઉલુઘખાનની આજ્ઞાથી સોમનાથનું લિંગ ઉખાડીને ગાડામાં નાંખીને દિલ્હી લઇ જઇ તેનો ચૂનો કરવાના ઇરાદાથી સાથે લીધું.[૧૩] અસંખ્ય સ્ત્રીઓ

---

૧૨. રાસમાળાના કહેવા પ્રમાણે મુસલમાન લશ્કરે મોઢેરાને ઘેરો ઘાલ્યો અને ત્યાંના મોઢ બ્રાહ્મણો લડયા પણ હાર્યા અને ગામ છોડી નાઠા. કા. પ્ર. માં મોઢેરા તોડયાનું લખ્યું નથી, પણ પાટણથી સીધો ઉલુઘખાન આસાવળ થઇ ખંભાતમાં ગયો એમ કહ્યું છે.

૧૩. તીર્થકલ્પમાં ઉલુઘખાનનો આખો રસ્તો આપ્યો છેઃ–

चित्तकूडाहिवइ समरसीहेणं दंडं दाउं–मेवाडदेसो जथातथा रक्खिओ। तओ हम्मीरजुवराओ वग्गडदेसं मुहडासयाइं नयराणि य भंजिअ आसावल्लिए पत्तो। कण्णदेवराओ अ नट्ठो। सोमनाहं च घणघाएण भंजित्ता गड्डए रोविऊण ढिल्लीए पेसेइ।

કા. પ્ર. માં આ ત્રાસનું બહુ જ ઝમકદાર વર્ણન કર્યું છે અને તેમાં અતિશયોક્તિ લાગતી નથી. બધે લડાઇમાં એમ જ બને છે. આજે પણ બને છે. પાટણ લૂંટીને ગૂજરાતમાંથી બધું લૂંટીને સમેટી લીધું. ગામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પુરુષોને કેદ પકડી સાથે લીધાં. કચ્છમાં થઇ કંથકોટ, ઠઠ્ઠા વગેરેને હરાવી, ઝાલોરના કાન્હડદેએ રસ્તો આપવાની ના પાડી હતી તેથી તેને સજા કરવા ઉલુઘખાન મારવાડ ગયો. આમ ગૂજરાતમાં અલ્લાઉદ્દીનની આણ વર્તાવી એણે મુસલમાન રાજ્યની સ્થાપના કરી અને હિંદુ રજપૂત રાજ્ય ગૂજરાતના સાર્વભૌમત્વથી હંમેશને માટે નાશ પામ્યું.[૧૪]

ગૂજરાતની કેવી દુર્દશા આ વખતે થઈ તે જોયું. એ કરવામાં નિમિત્ત થયેલા માધવને એના કર્મનું ફળ મળ્યું. આમ વિ. સં. ૧૩૫૬ માં પાટણમાં મુસલમાન સત્તાની સ્થાપના થઇ.[૧૫] કર્ણદેવ

બળતાં તેના ધુમાડાના ગોટા જ્યાં ત્યાં દેખાતા. ચારે બાજૂ કોલાહલ ને અવ્યવસ્થા થઈ. સોરઠ માટે પદ્મનાભ કવિના પોતાના શબ્દો આ પ્રમાણે છે.

सोरठ मांहि सहूको नाठतूं; भरीउ देस लूसाइ ।
भाजइ नगर देस–आगलीआं; आडु कोइ न थाइ॥ १–७५

૧૪. તારીખે ફીરોઝશાહીનો લેખક ઝીઆઉદ્દીન બર્ની આ વખતનો સમકાલીન લેખક ગણી શકાય. એણે અલ્લાઉદ્દીનના સરદારો ઉલુઘખાન અને નસરતખાનના લશ્કરે પાટણ લૂંટ્યું અને કર્ણદેવ દેવગઢ નાસી ગયો અને તેની રાણી પકડાઈ ગઈ તેને દિલ્હી મોકલી એમ આ વર્ણન ટૂંકામાં પતાવ્યું છે. જો કે ફિરિસ્તા વગેરે પાછળના મુસ્લિમ ઇતિહાસલેખકોએ આ વાત ઘણી લંબાવી છે. નસરતખાનના લશ્કરે ખંભાત લૂંટ્યું, તેનું વર્ણન નઝિયતઉલ અમસારના લેખક વસફે આપ્યું છે અને તે લખે છે કે ખંભાત તે સમયનું હિંદનું સૌથી ધનવાન શહેર હતું. લશ્કર ચઢી આવ્યું તેની લોકોને ખબર પણ નહોતી, તે કારણથી ઘણી નાસભાગ થઈ. ઘણું ધન–સોનું રૂપું જવાહીર, કાપડ વગેરે લૂંટાઇ ગયું. મુસલમાનોએ ઘણા લોકને મારી નાંખ્યા અને વીસ હજાર સુંદર સ્ત્રીઓને કેદ પકડી. આમાં વીસ હઝારનો આંકડો કદાચ અતિશયોક્તિ હશે. આ વખતે ખંભાતમાં એણે મલીક કાફુર હઝાર દીનારી નામનો એક સુંદર ગુલામ પકડ્યો હતો જે પાછળથી અલ્લાઉદ્દીનના દરબારમાં સર્વશ્રેષ્ઠ થઇ પડયો હતો. આ વર્ણન જોતાં એમ લાગે છે કે પાટણ અને આસાવલ થઇને ખંભાત આવ્યાં છતાં ખંભાતના લોકોને લશ્કર આવ્યાની ખબર ન રહી એ નવાઈ જેવું છે અને ખરું હોય તો સામાજિક વ્યવસ્થા નબળી હોવાનું સૂચવે છે.

૧૫. ઇ. સ. ૧૨૯૮ માં ગૂજરાતના હિંદુ રાજ્યનો અંત આવ્યો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટણથી નાઠો અને દક્ષિણમાં દેવગઢના યાદવરાજા રામચંદ્ર પાસે જઈ એના સામંત તરીકે ખાનદેશમાં નંદરબારના કિલ્લામાં જઇને રહ્યો. એની રાણી નાસવાનો પ્રયત્ન કરવા છતાં પકડાઇ ગઈ અને એને દિલ્હી મોકલવામાં આવી. નંદરબારમાં કર્ણ એક નાની ઠકરાત ઉપર અર્ધ સ્વતંત્ર સ્થિતિમાં રાજપદવી ધારણ કરી રહેતો હતો પણ એની આ દશા પણ લાંબો વખત ચાલી નહિ. મુસલમાન ઇતિહાસલેખકો કહે છે કે દેવગઢના રાજાએ અલ્લાઉદ્દીનને ખંડણી ત્રણ વર્ષથી ભરી નહોતી, તે વસૂલ કરવાને નસરતખાને ખંભાતમાંથી ખરીદેલા અને અલ્લાઉદ્દીનના માનીતા થઈ પડેલા મલિક કાફુરને મોટા સૈન્ય સાથે દક્ષિણમાં મોકલવામાં આવ્યો અને ગૂજરાતના સૂબા અલપખાનને[૧૬] તેને મદદ કરવાનો હુકમ પણ કરવામાં આવ્યો.

પાછળના મુસલમાન ઇતિહાસકારો એમ પણ કહે છે કે કર્ણદેવની પકડાઈ ગયેલી રાણીનું નામ કૌલાદેવી હતું[૧૭] અને એ સર્વ કલામાં નિપુણ હોવાથી અલ્લાઉદ્દીન બાદશાહની માનીતી થઈ પડી હતી. કર્ણદેવ નાસતે નાસતે પોતાની દેવળદેવી નામની ચાર વર્ષની નાની દીકરીને સાથે લઇ ગયો હતો, તે દેવળદેવીને કૌલાદેવીએ પોતાની પાસે લાવવા બાદશાહને વિનંતી કરી. ખંડણી વસૂલ કરવા ઉપરાંત મલિક કાફુરને આ મહત્ત્વનું કાર્ય પણ કરવાનું હતું. મલિક

મનાય છે. એ બાબત શ્રી. દુ. કે. શાસ્ત્રીએ એમના મ. રા. ઇ. ભા ૨. પૃ. ૪૩૬ માં ચર્ચા કરી છે. વિ. સં. ૧૩૫૬ ગણતાં ઈ. સ. ૧૩૦૦ થાય. મને લાગે છે કે દિલ્હીના સૂબા તરીકે અલપખાનનો રીતસરનો વહીવટ ઇ. સ. ૧૩૦૦ માં એટલે વિ. સં. ૧૩૫૬માં થયો.

૧૬. આ અલપખાન તે અલ્લાઉદ્દીનનો સાળો હતો. તેને અને ઉલુઘખાનને એક માનવાની પાછળના લેખકો ભૂલ કરે છે. ઉલુઘખાન તો બાદશાહનો ભાઈ હતો. ફિરિસ્તા અહમદી વગેરે આ ભૂલ કરે છે.

૧૭. કર્ણની રાણી પકડાઈ ગઈ એમ સમકાલીન ઝિઆઉદ્દીન બર્ની લખે છે. બીજા મુસલમાન લેખકો પણ લખે છે. એનું નામ આપતા નથી. જૈન કે હિંદુ લેખકો રાણી માટે કાંઇ પણ લખતા નથી. કા. પ્ર. માત્ર રાણી કર્ણ નાઠો ત્યારે પગપાળી નાઠી એમ લખે છે. પણ કર્ણની સાથે ગઇ એમ નથી લખતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાફુરે માળવાને રસ્તે ઊતરી આવીને કર્ણને બાદશાહનો હુકમ મોકલાવ્યો અને દેવળદેવીને સોંપી દેવા માગણી કરી. કર્ણે સિદ્ધરાજના વંશજને છાજે તેવો જવાબ પાઠવ્યો અને લડાઇ કરવા તૈયાર થયો. મલિક કાફુરે ગૂજરાત બાજૂથી અલપખાનને નંદરબાર ઉપર ચઢી આવવા ફરમાવ્યું. કર્ણદેવે બે મહિના સુધી લડાઈ કરી બહાદુરીથી મુસલમાન લશ્કરને ફાવવા દીધું નહિ. હવે દેવગઢના રાજાના યુવરાજ શંકરદેવને દેવળદેવીને પરણવાની ઇચ્છા હતી, પરંતુ વાઘેલા રજપુતના ઊંચા કુળની કન્યા મરાઠામાં પરણે એ કર્ણદેવના કુલાભિમાનને ઠીક ન લાગ્યું. જ્યારે મુસલમાન લશ્કર કર્ણદેવ ઉપર ચઢી આવ્યું ત્યારે શંકરદેવે રાજ્યની મદદ કર્ણદેવને આપવાનું કહીને દેવળદેવીનું માગું ફરી કર્યું, અને સંજોગોને વશ થઈ કર્ણદેવે એ વાત કબૂલ પણ રાખી. દેવળદેવીનું સગપણ કરી નાંખ્યું છે એમ મુસલમાન સેનાપતિને ખબર પડે તો કદાચ તે પાછો જાય અને મુસલમાન યુવરાજ દેવળદેવીને પરણે તેના કરતાં દેવગિરિનો યુવરાજ પરણે તેમાં ઓછી નાનમ એમ પણ કર્ણને લાગ્યું.[૧૮]

હવે આ વાતની ખબર અલપખાનને પડી એટલે પોતે જો આ કાર્યમાં સફળ ન થાય તો સુલતાન અલ્લાઉદ્દીનનો કોપ પોતા ઉપર ઊતરે એ બીકથી એણે કર્ણને ગમે તેમ કરીને હરાવીને દેવળદેવીને દેવગિરિ જતા પહેલાં પકડવાનો નિશ્ચય કર્યો. આ લડાઇમાં કર્ણ

૧૮. કર્ણની નાસી ગયા પછીની હકીકત, રાણી કૌલાદેવી બાદશાહની માનીતી બેગમ બન્યાની હકીકત અને દેવળદેવીની હકીકત વિસ્તારથી તવારીખે ફિરિસ્તામાં આપેલી છે. ઝિઆઉદ્દીન બર્ની જેવા સમકાલીન લેખક કરતાં પાછળના મુસલમાન લેખકોએ આ બાબત વધારે વિસ્તારથી આપેલી છે. કર્ણને કૌલાદેવી કે કમલાદેવી ઉપરાંત બીજી બે રાણીઓ હતી અને વરસંગદેજી અને સારંગદેજી નામે કુંવરો હતા એમને કલોલ અને સાણંદની જાગીરો મળી અને તે તેમના વંશજો આજ સુધી ભોગવે છે એમ ભાટ લોકોનું કહેવું છે. આ કથન વાઘેલા ગરાસિયાઓને કર્ણના વંશજ ઠરાવવાનો ભાટ લોકોનો પાછળથી થયેલો પ્રયત્ન હોય એમ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીની માન્યતા યથાર્થ લાગે છે. ભાટ લોકોનું કર્ણઘેલો લડીને મરણ પામ્યો તે કથન પણ હિંદુ, જૈન અને મુસલમાન લેખકોના ઉલ્લેખોની વિરૂદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાર્યો અને દેવગિરિ તરફ નાઠો. પરંતુ અલપખાનના હાથમાં દેવળદેવી આવી નહિ. શંકરદેવનો ભાઈ ભીમદેવ દેવળદેવીને લઇને વહેલો જ ચાલ્યો ગયો હતો. અલપખાનની નિરાશાનો પાર ન રહ્યો. એવામાં એના લશ્કરની એક ત્રણસો માણસોની ટુકડી પ્રસિદ્ધ ઇલોરાની ગુફાઓ જોવા ગઈ હતી ત્યાં દેવગઢના ધ્વજવાળા મરાઠા ઘોડેસ્વારોની એક ટુકડી તેમની નજરે પડી, અને પોતે ઓછા છતાં મુસલમાન ટુકડીએ લડીને પોતાનો બચાવ કરવાનું યોગ્ય ધાર્યું. સખત લડાઈ થઇ તેમાં દેવળદેવીના ઘોડાને તીર વાગવાથી એ નીચે પડી ગઇ. એને બચાવવા માટે મરાઠા લશ્કરીઓ માથું મૂકીને લડયા. આ લડાઇમાં કદાચ દેવળદેવી પણ મરણ પામત, પણ એની એક દાસીથી એનું નામ બોલાઇ જવાયું અને એ રીતે ગૂજરાતના છેલ્લા વાઘેલા રાજાની પુત્રી મુસલમાનોના હાથમાં આવી ગઇ. રાજા પોતે રઝળીને રંકની પેઠે મરણ પામ્યો.[૧૯]

અલપખાન આગળ જયારે તેના સૈનિકો દેવળદેવીને લઇને આવ્યા ત્યારે એના હર્ષનો પાર ન રહ્યો. એણે હવે વધારે લડવાનું બંધ રાખ્યું અને બાદશાહની કૃપા વધશે એ ઇચ્છાએ બહુ સંભાળ અને માનપૂર્વક દેવળદેવીને દિલ્હી પહોંચાડી. દેવળદેવી અને એની મા કૌલાદેવી દસ વર્ષે મળ્યાં. દેવળદેવીનું સ્વરૂપલાવણ્ય જોઇને અલ્લાઉદ્દીનનો મોટો પુત્ર ખીજરખાન એની સાથે પ્રેમમાં પડયો અને આખરે એને પરણ્યો. શાહજાદા ખીજરખાનના આ રજપૂત રાજકુમારી પ્રત્યેના પ્રેમની કહાણી એણે પોતે તે સમયના પ્રસિદ્ધ ફારસી કવિ અમીર ખુશરૂને કહી અને એ કવિએ એના પ્રેમને 'દવલરાની ખીજરખાન' નામના ચાર હજાર બસો કડીના કાવ્યમાં અમર કર્યો, અને એ કાવ્ય સુલતાન અલ્લાઉદ્દીનને પોતે અર્પણ કર્યું.[૨૦]

૧૯. નાભિનંદનોદ્ધાર પ્રબંધમાં લખ્યું છે કે 'ગુર્જરત્રાધિપ કર્ણ જેના પ્રતાપથી (અલ્લાઉદ્દીનના) હાર્યો અને પરદેશ જઈને રંકની પેઠે રખડીને મરણ પામ્યો' આ પ્રબંધ આ બનાવ પછી અડધી સદીની અંદર એટલે વિ. સં. ૧૩૯૩માં રચાયો છે એટલે લગભગ સમકાલીન કહી શકાય.

૨૦. અમીર ખુશરૂનો બાપ તુર્કીનો હતો, અને તે હિંદમાં આવ્યો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવળદેવીની કમનસીબી આટલેથી પૂરી ન થઇ. ઈ. સ. ૧૩૦૭ માં એના બાપ પાસેથી એ દિલ્હી આવી અને ઈ. સ. ૧૩૧૪ માં એકવીસ વર્ષની ઉમરે ખીજરખાન સાથે પરણી. પરંતુ ઇ. સ. ૧૩૧૬માં અલ્લાઉદ્દીનને મલિક કાફુરે ઝેર આપીને મારી નાખ્યો અને ખીજરખાનને આંધળો કરીને કેદ કર્યો. કાફુર પોતે પણ સુખ ભોગવવા રહ્યો નહિ. અલ્લાઉદ્દીનના ત્રીજા પુત્ર કુતુબુદ્દીન મુબારકે કાફુરને મારી ગાદી લઇ લીધી અને પોતાના ભાઇ ખીજરખાનને પણ મારીને દેવળદેવીને પોતાના જનાનામાં રાખી. ઇ. સ. ૧૩૨૧ માં સુલતાન મુબારકને એના મિત્ર ખુશરૂ પરવારીએ મારી નાંખ્યો અને દેવળદેવીને હાથ કરી, અને પોતે નસિરૂદ્દીન નામ ધારણ કર્યું. થોડા સમય પછી એનું પણ મોત નીપજ્યું.[૨૧] એ વખતે દેવળદેવી ફક્ત અઠ્ઠાવીસ વર્ષની હતી. એક મત એવો પણ છે કે મુબારકશાહે ખીજરખાનને મારી નાંખ્યો ત્યારે એને ગળે વળગી રહેલી દેવળદેવીના હાથ કાપી નાંખ્યા.[૨૨]

પછી પતિયાલામાં કવિ ખુશરૂનો જન્મ થયો. ફારસી ભાષાના મોટા કવિઓમાં એની ગણત્રી થાય છે. એણે ફારસી ભાષામાં જુદાં જુદાં લખાણો થઇને પાંચ લાખ કડીઓ લખી છે એમ કહેવાય છે. એ દિલ્હીના સુપ્રસિદ્ધ સંત નિઝામુદ્દીન ઓલિયાનો શિષ્ય હતો. "દવલરાની ખીજરખાન"-નું કાવ્ય એણે હિજરી ૭૧૫ ના ઝલકાદ માસની ૬ઠ્ઠી તારીખે (ઇ. સ. ૧૩૧૬ની ૧લી ફેબ્રુઆરીએ પૂરું કર્યું. ખીજરખાનના મરણ પછી એણે એ કાવ્યમાં ૩૧૯ કડીઓ નવી ઉમેરી. આ કાવ્યની એક સુંદર હસ્તલિખિત પ્રત બાકીપુરની ઓરિયેન્ટલ પબ્લિક લાયબ્રેરીમાં છે અને તે પ્રત અકબરના સમયમાં અમદાવાદમાં લખાઇ છે એ ખાસ નોંધવા જેવું છે. હુસેન બીન અલીઅખહુસેનીએ કવિ વકીની દેખરેખ નીચે, તે વખતના ગૂજરાતના સુબા શાહાબુદ્દીન અહમદખાનના કહેવાથી એ કાવ્યની નકલ કરી હતી. નકલની તારીખ ૨૬ અક્ટોબર ૧૫૮૭ છે. કવિ મુહમ્મદ શરીફ વકી નીશાપુરનો હતો અને શાહાબુદ્દીન અહમદખાનની નોકરીમાં હતો. (જુઓ પ્રો. કોમીસેરીએટનો ગૂજરાતનો ઇતિહાસ (અંગ્રેજી) ભા. ૧ પૃ. ૮)

૨૧. આ બધો હેવાલ બ્રીગ્સે તરજુમો કરેલા ફિરિસ્તાના ફારસી ઇતિહાસમાં આપેલો છે. અમીર ખુશરૂના કાવ્યના કેટલાક ભાગ અંગ્રેજીમાં પહેલવહેલો ઇલિયટના ઇતિહાસમાં તરજુમો કરીને આપવામાં આવ્યા છે.

૨૨. આગળ નોંધ-૨૪ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળના લગભગ બધા મુસલમાન ઇતિહાસલેખકોએ આ વર્ણન વિસ્તારથી આપેલું હોવાથી અહીં તેનો સાર આપ્યો. પરંતુ ઝિઆઉદ્દીન બર્ની કર્ણદેવની રાણી પકડાઈ અને એને દિલ્હી લઈ ગયા એટલું કહે છે.[૨૩] પણ એ બાદશાહની માનીતી બેગમ બની તે વાત આ સમકાલીન લેખક કહેતો નથી. હિંદુ અને જૈન લેખકો–પદ્મનાભ, જિનપ્રભસૂરિ એમાંથી એકે કહેતા નથી. નાભિનંદનોદ્ધાર પ્રબંધમાં પણ કર્ણના મરણની બાબતમાં મુસલમાન લેખકોને ટેકો આપવા છતાં તેની રાણીની બાબત કાંઈ લખ્યું નથી. વળી કૌલાદેવીના કહેવાથી બાદશાહે દેવળદેવીને મેળવવા માટે યુદ્ધ કર્યું અને દેવળદેવી દિલ્હી ગઈ અને તે પછી એની જે દુર્દશા થઇ તે બધી હકીકત પણ ઝિઆઉદ્દીન બર્ની કે દેશી પ્રબંધકારો કહેતા નથી. આ વાત માત્ર અમીર ખુશરૂના કાવ્ય ઉપરથી જ પાછળના મુસલમાન ઇતિહાસલેખકોએ વિસ્તારી છે એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે અને એ માત્ર રસિક કલ્પિત કાવ્ય છે–ઇતિહાસ નથી–એટલે એ બધી માત્ર કલ્પના છે એમ પણ વિદ્વાનો માને છે. જો એ વાત ખરી હોત તો ઉપરના લગભગ સમકાલીન ગ્રંથોમાં એનો ઇશારો પણ આવત. રજપૂતોના સામાન્ય ગૌરવની પ્રણાલિકાના દાખલા જોતાં એક રજપૂત રાણી વિધર્મીના હાથે પોતે સપડાય અને પોતાની પુત્રીને પણ પાછળથી સપડાવવાનો આગ્રહ કરે એ વાત બનવા જેવી લાગતી નથી. સમકાલીન આધારો આ બાબતમાં મૌન સેવે છે તે જોતાં આ બનાવમાં કલ્પના જ કેટલેક અંશે હોય એમ માનવામાં

૨૩. તારીખે ફીરોઝશાહી–ઝિઆઉદ્દીન બર્ની કૃત—ઇલિયટ III ૧૬૩. આમાં બર્ની તો રાણીઓ અને દીકરીઓ મુસલમાનોના હાથમાં આવી એમ સ્પષ્ટ શબ્દોમાં લખે છે. શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી કર્ણની રાણી પકડાઈ એમ લખે છે અને કાન્હડદે પ્રબંધમાં પણ રાણી એકવચન લખેલું છે. દીકરી પકડાયાનું શ્રી. દુર્ગાશંકર કલ્પિત માને છે. ઝિઆઉદ્દીન બર્ની સમકાલીન છતાં એણે કેટલીક બાબતો નોંધી નથી અને એનું કેટલું કથન વિશ્વાસપાત્ર નથી એમ તારીખે ફીરોઝશાહીનો તરજુમો કરનાર સર હેનરી ઇલિયટનો મત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંધો નથી.[૨૪]

---

૨૪. અમીર ખુશરૂના કાવ્યના આધારે મુસલમાન તવારીખકારો કર્ણની રાણી અને કુમારી દેવળદેવીની આટલી વીગતવાર હકીકત લખે છે, જ્યારે ઉપર જણાવેલા સમકાલીન કહી શકાય તેવા આધારો અને ઝિઆઉદ્દીન બર્ની પોતે આ બાબત કાંઇ નથી લખતો, તે ઉપરથી કેટલાક વિદ્વાનો આખીયે વાતને કવિની કલ્પના માને છે. અને વધુ આધાર ન મળે ત્યાંસુધી એને કલ્પના જ માનવી પડશે. આની વિરૂદ્ધ માત્ર એક જ દલીલ થઈ શકે તેમ છે તે એ કે કલ્પિત કાવ્યના વિષય તરીકે ગૂજરાતના રાજાની દીકરી કેમ આપી અને તેનું દેવળદેવી નામ શી રીતે આપ્યું. ઇલિયટના અંગ્રેજી ઇતિહાસના ત્રીજા ભાગમાં પૃ. ૫૪૪માં અમીર ખુશરૂનાં કેટલાંક કાવ્યોના ટુકડાના તરજુમા આપ્યા છે તેમાં "આશીક" નામથી આ દેવલ રાનીનાં કાવ્યોની હકીકત આપી છે. તેમાં કવિ ખુશરૂ કહે છે કે ખીજરખાને પોતે જ દેવળદેવી ઉપરના પ્રેમની વાત કવિને લખીને આપી અને કવિએ તેનું પદબંધ કાવ્ય કર્યું. વળી ફિરિસ્તા વગેરે દેવળદેવીના દુર્ભાગ્યની વાત લખે છે. પણ અમીર ખુશરૂ તો લખે છે કે ખીજરખાનને મુબારક શાહે મારી નાખ્યો ત્યારે દેવળદેવી પતિને ગળે વળગેલી હતી તે વખતે તેના હાથ કાપી નાંખ્યા અને ત્યાં જ મરણ પામી હોવી જોઈએ. તેનું શું થયું તે શંકાસ્પદ છે. આમ કવિ પોતે ખીજરખાનના અંગત પરિચયમાં હતો અને પોતે જ આ પ્રમાણે લખે છે, એટલે તેને કલ્પિત કહેવું કે કેમ તે પણ વિચારવા જેવું છે. જો કે ઝિઆઉદ્દીન બર્ની આ બાબતમાં ચૂપકી સેવે છે. એ સર હેનરી ઇલિયટ કબૂલ કરે છે. ફિરિસ્તા શા ઉપરથી કયા આધારથી દેવળદેવીની દુર્દશાનું વર્ણન કરે છે તે સમજાય તેવું નથી. પ્રો. કોમીસેરિયેટે ઇલિયટની નોંધ લીધી છે છતાં દેવળદેવીના હાથ કપાયાની નોંધ નથી લીધી. Illiot's His. of India III. Appendix. P. 544 થી 555.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : બારમું

મુસલમાન રાજ્યની સ્થાપના-ખીલજી વંશ

ઐતિહાસિક સમયનો મોટો ભ્રમણયુગ

ઈ. સ. ૧૨૯૮ થી ઈ. સ. ૧૩૦૦ ની વચ્ચે ગૂજરાતના હિંદુ મહારાજ્યનો હંમેશને માટે નાશ થયો અને મુસલમાન રાજ્યની સ્થાપના થઈ. આ સ્થાપનાના આરંભમાં ગૂજરાતમાં ફરી પાછો એક મોટો ભ્રમણયુગ આવ્યો. આગળના ભ્રમણયુગ આપણે જોઈ ગયા છીએ. પ્રાગૈતિહાસિક કાળમાં મોટો ભ્રમણયુગ આવ્યો હતો અને પછી બીજા યુગો પણ આવ્યા. પરંતુ ઐતિહાસિક કાળમાં આ ભ્રમણયુગને સૌથી મોટો કહી શકાય. ઐતિહાસિક સમયના બીજા ભ્રમણયુગોમાં ધાર્મિક ત્રાસ નહોતો. પરદેશીઓ દેશ ઉપર હુમલા કરીને વિજય કરતા. પરંતુ તે કાંતો સમાન ધર્મના કે કાંતો ભિન્ન ધર્મના હોય તો તુરત દેશના ધર્મમાં સમાઈ જતા. એટલે દેશ જીતતાં જે ત્રાસ પડે તે અને સામાન્ય રીતે શત્રુની પ્રજાને લડાઇના સમયમાં લૂંટવાનો લગભગ રિવાજ હોવાને લીધે તાત્કાલિક ત્રાસ પડે તેટલો ત્રાસ પડતો. પરંતુ આ નવા આવનારા વિજેતા હતા ને સાથે વિધર્મી હતા. અનેક પરદેશીઓને પોતામાં સમાવી લેનારી હિંદુ સંસ્કૃતિ આ લોકોને ન સમાવી શકી. ધાર્મિક બાબતોમાં આ વિજેતાઓને દેશના વતનીઓ સાથે મૂળભૂત વિરોધ હતો. એટલે ધાર્મિક બાબતોમાં ઐક્ય સાધી શકાયું નહિ. સામાજિક બાબતોમાં ઉચ્ચનીચ વર્ણોના ધોરણ ઉપર રચાયેલા સમાજને પોતાથી ભિન્ન ધોરણવાળા સમાજ સાથે ઐક્ય થવું હમેશાં મુશ્કેલ તો હોય છે. પરંતુ આમ નવા વિજેતાનાં સામાજિક ધોરણ ભિન્ન અને ધર્મ પણ ભિન્ન તેથી સામાજિક ઐક્ય પણ સંભવિત નહોતું. એટલે વિજેતા અને તેમની પ્રજા હમેશને માટે આંતરિક વ્યવહારમાં ભિન્ન જ રહી ગયાં. પ્રજાએ પોતાના રક્ષણ માટે સમાજનાં દરેક અંગ બને તેટલાં સંકોચી લીધાં. આટલું પણ જરા વખત જતાં બન્યું. પરંતુ શરૂઆતમાં તો આ નવીન વાતાવરણમાં નાસભાગનો ભ્રમણયુગ જ આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલ્લાઉદ્દીનનું લશ્કર ગૂજરાતમાં બધે ફરી વળ્યું અને એમણે દરેક મોટાં સ્થળો લૂંટયાં તે વર્ણન આગળ જોઈ ગયા. વચ્ચે આવતાં નાનાં ગામડાંઓનું શું થયું હશે તેની નોંધ કોઇએ રાખી નથી, પરંતુ તે પણ બચે એવો સંભવ ન હોય. બંદરોનાં શહેરો લૂંટાયાં. લોક ચારે બાજૂએ નાઠા. મોડાસામાં એક નાનો નિષ્ફળ સામનો થયો અને બીજો સોમનાથમાં થયો. એ સિવાય કોઇ સામે થયું નહિ. આ વર્ણનમાં કાન્હડદે પ્રબંધ જેવાં દેશી આધારો અને ઝિઆઉદ્દીન બર્ની જેવા સમકાલીન લેખક એકમત છે. મોઢ બ્રાહ્મણો અને મોઢ વાણિયાનું મુખ્ય સ્થળ મોઢેરા જેવું વિખ્યાત સ્થળ ભાંગ્યું અને મોઢ વાણિયા બ્રાહ્મણ હમેશને માટે ચારે તરફ ભાગીને નાઠા. પહેલાં મહમૂદ ગીઝનીની ચડાઇ વખતે શ્રીમાળ, સાચોર વગેરે સ્થળો ભાગ્યાં હતાં. આ વખતે પણ ભિન્નમાલ શ્રીમાલમાંથી બ્રાહ્મણો નાઠા એમ કાન્હડદે પ્રબંધ કહે છે. મહમૂદના સમયમાં થોડી નાસભાગ થઇ હતી પણ તે સમયે તુરત જ બળવાન રજપૂત મહારાજ્ય લાંબો સમય સત્તામાં રહ્યું તેથી તેની અસર જણાઇ નહિ. પરંતુ આ સમયે તો ધર્મ અને સમાજને પોષે એવી સત્તા હમેશને માટે નાશ પામી હતી. એટલે ઘણાં સ્થળોની વસ્તી હમેશને માટે સ્થળાંતર કરી ગઇ અને ઘણાં સ્થળો ભાગ્યાં તે ફરી ઊભાં થઈ શકયાં નહિ. આવાં કેટલાંક સ્થળાંતર ગૂજરાતમાં જ એક જગ્યાએથી બીજી જગ્યાએ થયાં અને કેટલાંક દક્ષિણમાં થયાં.

મદુરાના સૌરાષ્ટ્રીઓ

આ સમયના ભ્રમણયુગનું સ્થળાંતર કરી ગયેલું એક મોટું ટોળું આજે દક્ષિણમાં દ્રાવિડ દેશમાં છેક મદુરા અને તેની આસપાસ વસી રહ્યું છે. આ લોકો પોતાને સૌરાષ્ટ્રી કહે છે અને બ્રાહ્મણ માને છે.[૧] આ લોકો કેટલાક મહમૂદ ગીઝનીની ચડાઈ વખતે અને કેટલાક

૧. મદ્રાસ ઈલાકાના ચુસ્ત બ્રાહ્મણોમાં આ લોકોને બ્રાહ્મણ માનવા માટે તીવ્ર મતભેદ છે. મદુરાની મહારાણીના અમલ દરમિયાન અઢારમી સદીની શરૂઆતમાં એમને બ્રાહ્મણ ગણવાનો લેખિત પટો મળેલો છે એમ કહે છે. સૌરાષ્ટ્રીના વિસ્તૃત વર્ણન માટે જુઓ Castes & Tribes of Southern India vol. VI. P. 160.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વખતે સોરઠમાંથી નાઠા છે. એમાં કેટલાક દરિયામાર્ગે કોંકણ-ને કિનારે અને કેટલાક પગરસ્તે દક્ષિણમાં ગયા છે. એ લોકો દક્ષિણમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, અને તેલુગુ પ્રાંતોમાં રહેતા રહેતા આખરે તામીલનાડના મદુરા શહેરમાં અને તેની આસપાસ જઇને વસ્યા છે. આમ મૂળ સૌરાષ્ટ્રના હોવા છતાં આ ચારે પ્રાંતની ભાષાઓનું મિશ્રણ અને પહેરવેશ ઓછે વધતે અંશે તેમનામાં આજે જોવામાં આવે છે. આ લોકો રંગવાનો અને વણકરનો ધંધો મુખ્યત્વે કરીને કરે છે. તેમના બાહ્ય વ્યવહારની ભાષા તામીલ છે. પરંતુ અંદર અંદર એ લોકો એમની ખાસ જુદી ભાષા બોલે છે અને તેને સૌરાષ્ટ્રી ભાષા કહે છે. આ ભાષામાં તામીલ ઉપરાંત તેલુગુ અને કનડા ભાષાના શબ્દો દેખાઈ આવે છે છતાં મૂળ જૂની ગૂજરાતી છાની રહેતી નથી. આ ભાષા પંદરમી સદીની જૂની ગૂજ-રાતી કરતાં જુદી જણાવાથી આ ભ્રમણયુગના સમયની હોય એમ માનવામાં વાંધો નથી. આ લોકોના મૂળ વતન અને તેમનો દક્ષિણમાં પ્રવેશ થયો તે બાબત દક્ષિણમાં કેટલાક વિદ્વાનોએ લખેલું છે અને તેમને છઠ્ઠી સદીમાં ગૂજરાતમાંથી આવ્યાનું ધારવામાં આવે છે પણ ભ્રમમૂલક છે.[૨]

---

૨. મદુરા ગેઝેટિયર અને દક્ષિણ હિંદની ન્યાતો અને જાતિઓના ગ્રંથમાં આ લોકો માટે લંબાણથી વર્ણન છે. તેમાં છઠ્ઠી સદીના માળ-વાના મંદોસરના લેખમાં લાટ દેશમાંથી પટ્ટવાય લોકો આવ્યાનો ઉલ્લેખ છે. દક્ષિણમાં સૌરાષ્ટ્રીઓને તામીલ ભાષામાં પટ્ટનૂળી અગર પટનૂલકરણ કહે છે. પટ્ટવાય શબ્દ લેખમાં છે તેના સાદૃશ્યથી કેટલાક પટ્ટનૂલકરણને એક જાણીને આ ભૂલ કરે છે અને છઠ્ઠી સદીમાં એ લોકો ગૂજરાત લાટથી બહાર નીકળ્યા એમ કહે છે. પરંતુ મંદોસરના લેખમાં તો લાટનો ઉલ્લેખ છે, સૌરાષ્ટ્રનો નથી. વળી એ પટ્ટવાય શબ્દ તે લાટના વણકરો માળવામાં ગયા તે માટેનો છે, જે પટ્ટવાય શબ્દમાંથી હાલની ગૂજરાતી અવટંક પટવા નીકળેલી છે. પટ્ટનૂલકાર પટ્ટુ એટલે રેશમી કાપડ એ મૂળ સંસ્કૃત પટ ઉપરથી તામીલમાં આજે વપરાય છે અને નૂલ એ સૂતરને માટેનો તામીલ શબ્દ છે. એટલે રેશમી સૂતર–Spunsilk–ના વણકર એવો એ શબ્દનો અર્થ થાય છે અને તે તામીલ શબ્દ છે. પટ્ટવાય શબ્દ સાથે તેને કાંઈ સંબંધ નથી. વળી એ લોક જે સૌરાષ્ટ્રી ભાષા બોલે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો સૂબો અલપખાન

ઇ. સ. ૧૩૦૦ માં મુસલમાન સત્તાની ગૂજરાતમાં સ્થાપના થઇ તેનો પહેલો નાઝીમ અથવા સૂબો અલપખાન હતો અને એણે દેવળદેવીને પકડવામાં જે ભાગ લીધો તે આગળ જોયું. એનું બીજું નામ મલીક સંજર હતું અને તે અલ્લાઉદ્દીનનો સાળો થતો હતો. રાજ્યના ચાર મોટામાં મોટા અમીરોમાં એની ગણત્રી થતી હતી. અલપખાન ૧૩૦૦ થી ૧૩૧૬ સુધી-સોળ વર્ષના લાંબા સમય સુધી ગૂજરાતનો સૂબો રહ્યો. એની રાજ્યવ્યવસ્થા સારી હતી અને વહીવટ વખણાતો હતો.

શત્રુંજય તીર્થ

અલ્લાઉદ્દીનના સમયમાં હિંદુ મંદિરોનો ચારે બાજૂ ધ્વંસ થઈ રહ્યો હતો. સ્વર્ગના વિમાનની બરોબરી કરે તેવાં સેંકડો મંદિરો-નો નાશ થયો. જૈનોનું પરમ પવિત્ર ધામ શત્રુંજય પણ આમાંથી બચ્યું નહિ. શત્રુંજય પર્વત ઉપર પ્રાચીન સમયથી જૈન મંદિરો બંધાયાં હતાં અને એ સ્થળ જાણે મંદિરોનું એક શહેર હોય એવું થઈ રહ્યું હતું. વસ્તુપાળ તેજપાળ જેવા પ્રભાવકોએ એ પર્વત ઉપર મંદિરોની શોભા વધારવામાં ભાગ લીધો હતો. આમાનાં મુખ્ય મંદિર ઉપર ઉલુઘખાનના લશ્કરે ધા કર્યો અને મૂર્તિ ખંડિત કરી. આ સમયે તીર્થકલ્પના લેખક જિનપ્રભસૂરિ વિદ્યમાન હતા અને એમણે આ દુર્ઘટનાનું વર્ષ વિ. સં. ૧૩૬૯ આપ્યું છે.

તેને છઠ્ઠી સદીની ભાષા સાથે સંબંધ હોય એવું એકે ચિહ્ન નથી. જો કે એ બાબત ખરો નિર્ણય તો નિષ્ણાત ભાષાશાસ્ત્રીઓ જ કરી શકે. મેં મદુરામાં આ લોકોના પંડિતો સાથે ભાષાની સરખામણી કરેલી તેમાં મને છઠ્ઠી સદી જેવી ભાષા લાગી નથી. આ લોકો એમના લગ્ન પ્રસંગે બન્ને વેવાઈઓ સામસામી પોતે સૌરાષ્ટ્ર દેશથી આવ્યા એમ બોલે છે. જો કે આજે ઘણાને સૌરાષ્ટ્ર એટલે કાઠિયાવાડ તેની ખબર પણ નથી. મહાત્મા ગાંધીજી મદુરા ગયા ત્યારે આ લોકોએ એમને સૌરાષ્ટ્રી ભાષામાં માનપત્ર આપેલું. આ ભાષાને લિપિ નથી, માત્ર બોલીજ છે. તેઓ નાગરી-માં લખે છે, પણ મોટે ભાગે બહાર તામીલ જ વાપરે છે. આચર આયંગર વગેરે અવટંકો પણ લખે છે. ઉપરના બન્ને ગ્રંથોમાં મંદાસરના લેખનો અર્થ કરવામાં ભૂલ થયેલી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો સમરાશાહે કરેલો ઉદ્ધાર

આ સમયે પાટણમાં ઓસવાળ જ્ઞાતિના સમરાશાહ નામે એક સમર્થ જૈન હતા. એમની લાગવગ દિલ્હીમાં અલ્લાઉદ્દીનના દરબારમાં હતી. અલપખાન સાથે પણ તેમને સારો સંબંધ હોવાનું જણાય છે. એમને જૈનોના આ પવિત્ર ધામમાં ઉત્પાતની ખબર પડી અને સૂબા અલપખાન અને દિલ્હીમાં બાદશાહ પાસે પોતાની લાગવગ લગાડી એમણે મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની રજા મેળવી. પ્રતિમા માટે મમ્માણની આરસની ખાણ જે બાદશાહના તાબાના પ્રદેશમાં હતી તેમાંથી જોઈતા પથ્થર લેવાની પરવાનગી પણ મેળવી. વિ. સં. ૧૩૭૧માં મંદિરની મરામત પૂરી થઇ અને સમરાશાહે પાટણથી ધામધૂમથી સંઘ કાઢીને નવી પ્રતિષ્ઠા કરી. એમાં શ્રી રત્નાકરસૂરિ મૂખ્ય હતા. શત્રુંજય ઉપર આજે પણ આ સમરાશાહ અને તેમની ધર્મપત્ની અમરશ્રીની મૂર્તિઓ છે.[૩]

ઝાલોર સર કર્યું

અલપખાનની સૂબાગીરીના વખતમાં અલ્લાઉદ્દીનના લશ્કરે

૩. જુઓ આચાર્ય શ્રી જિનવિજયજી કૃત શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ ઉપોદ્દ્ઘાત. પૃ. ૩૧-૩૩. વળી એમ પણ કહેવાય છે કે શત્રુંજય ઉપર અંગારશાહ નામે એક મુસલમાન કરામતી ફકીરની કબર છે. તે માટે દંતકથા પણ ચાલે છે પણ તે વિશ્વસનીય નથી. કહે છે કે ભગવાનની પ્રતિમા ઉપર એ ફકીરે ઉત્પાત મચાવ્યો હતો અને પોતાને જો એ જગ્યાએ દાટવામાં આવે તો શાંતિ થાય એમ કહેવાથી ત્યાં કબર થઇ છે. કોઈ પણ અપમાનને ઢાંકવા આવી વાતો આપણા લોકો ચલાવવામાં હુશિયાર છે એમ કર્નલ ટૉડનું માનવું છે. ખરી રીતે એમ મનાય છે કે અલ્લાઉદ્દીનના લશ્કરના હુમલામાંથી બચવા આ કબર બનાવી છે જેથી મુસલમાનો વધારે નાશ કરતા અટકે. આ વાત સત્ય હોય. (જુઓ એજ પૃ. ૧૬-૧૭)

સમરારાસુમાં સમરાશાહની વીગત આપેલી છે. જુઓ ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં प्राचीन गूर्जर काव्यसंग्रहः એમાં લખે છે કેઃ-

पातसाहि सुरताणभीयु तहिं राजु करेई । अलपखानु हींदु अह लोय घणुमानु जु देई । साहु रामदेसलह पूतु तसु सेवई पाय । कला करी रंजविउ खानु बहु देई पसाय ॥ ९-१०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવાડના ઝાલોરના રાજ્ય ઉપર ચડાઈ કરી. એ વખતે ઝાલોરમાં કાન્હડદેવ ચોહાણ રાજ્ય કરતો હતો. કાન્હડદેવે બાદશાહના લશ્કરને ગૂજરાત જવા માટે રસ્તો આપવાની ના પાડી હતી તે આગળ જોયું છે. આનું વેર વાળવાનું હતું. એમ કહેવાય છે કે કાન્હડદેવના લશ્કરે એકાએક હુમલો કરીને બાદશાહી લશ્કરને હરાવ્યું અને સોમનાથને ખંડિત કરીને અને અસંખ્ય કેદીઓ પકડીને જતા મુસલમાન લશ્કર પાસેથી કેદીઓ છોડાવ્યા અને સોમનાથના પાંચ કકડાની જુદે જુદે સ્થળે પાછી પ્રતિષ્ઠા કરી.[5] પરંતુ આ હારથી બાદશાહે બીજું લશ્કર મોકલ્યું અને કાન્હડદેવના ભત્રીજા સાંતળસિંહના સમિયાણાના કિલ્લાને ઘેરો ઘાલ્યો. આમ ઝાલોર સાથેની લડાઇ લાંબો વખત ચાલી અને બન્ને પક્ષની હાર અને જીત થોડો થોડો વખત થતાં આખરે મુસલમાન લશ્કર જીત્યું અને ઝાલોરનો કિલ્લો સર થયો. આ લડાઇના પાછળના વખતમાં અલપખાનનું નામ ખાસ જોવામાં આવતું નથી પરંતુ કમાલુદ્દીન મલીકનું નામ ખાસ જણાય

---

૫ કાન્હડદે પ્રબંધમાં આ લાંબા યુદ્ધનું વર્ણન વિસ્તારથી આપેલું છે. ફિરિસ્તા અને બીજા મુસલમાન ઇતિહાસ લેખકો ટૂંકામાં આપે છે આમાં બધાં વર્ણનોમાં થોડો ગોટાળો માલૂમ પડે છે. કા. પ્ર. માં ગૂજરાતની પહેલી ચડાઈ વખતે અને પછીથી પણ અલુખાન નામ આપેલું છે. પહેલી ચડાઈ તો ઉલુઘખાને કરી હતી અને વિજય કર્યા પછી ઈ. સ. ૧૩૦૦ માં એને રણથંભોર ઉપર ચડાઈ કરવા મોકલેલો ત્યાં રસ્તામાં માંદો પડી તેનું મરણ થયેલું. ફિરિસ્તા અને મીરાતે અહમદી પણ આ બન્ને સરદારોને એક માનવાની ભૂલ કરે છે. ઝાલોરની લડાઈ લાંબી ચાલેલી અને તે વખતે અલપખાન જ હતો. પરંતુ કા. પ્ર. માં સોમનાથના લિંગના કકડા અને કેદીઓ છોડાવ્યાનું લખે છે તે ખરું હોય તો એ લડાઈના પહેલા ભાગમાં ઉલુઘખાન અને પછીના ભાગમાં અલપખાન હોય એમ લાગે છે. કા. પ્ર.-ના આ વર્ણનને બીજા કોઇનો આધાર નથી. કા. પ્ર. નું વર્ણન ગૂજરાતને લગતું છે તે ઐતિહાસિક જણાય છે. પરંતુ ઝાલોરની લડાઈમાં ચમત્કારો અને અસંભવિત વર્ણનો ઉમેરી કાવ્યને ઝમકદાર માત્ર બનાવ્યું છે. કા. પ્ર. એમ પણ કહે છે કે અલુપખાનનું લશ્કર કાન્હડદેવે હરાવ્યું તેમાંથી અલુપખાન એકલો જીવતો નાઠો. આ ખરું હોય તો તે ઉલુઘખાન કે અલપખાન એ કહેવું મુશ્કેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કાન્હડદે પ્રબંધના કહેવા પ્રમાણે તો અલ્લાઉદ્દીન પોતે આ યુદ્ધમાં લડવા આવ્યો હતો. આ વિજયની યાદગીરી ખાતર અલ્લાઉદ્દીને ઝાલોરના સોનગીરના કિલ્લામાં એક મસ્જિદ કરાવી જે હાલ પણ છે. અલ્લાઉદ્દીનના મરણ પછી ચોહાણોએ ઝાલોરનું રાજ્ય પાછું લીધું અને ત્યાં લાંબો વખત રાજ્ય કર્યું.[૬] ઝાલોરનું પતન વિ. સં. ૧૩૬૮ માં થયું.

અલ્લાઉદ્દીનના છેલ્લા દિવસો

આમ અલ્લાઉદ્દીનના રાજ્યમાં હિંદના પ્રાંતો જોડાવા લાગ્યા. અલપખાનના એકંદરે ઠીક વહીવટમાં ગૂજરાતમાં ખાસ જાણવા જેવું તોફાન બન્યું નહિ. પરંતુ અલ્લાઉદ્દીનનું ભાગ્ય હંમેશ ઉજ્જવળ રહ્યું નહિ. એના પોતાના ક્રૂર ઈર્ષ્યાયુક્ત સ્વભાવને લીધે એના રાજ્યની પડતીની શરૂઆત થઇ. બુદ્ધિમાન મંત્રીઓને બદલે હલકા કમઅક્કલ ગુલામોને મોટી પદવી ઉપર ચડાવવા માંડયા. એવા લોક મહારાજ્યની લગામ સ્વાભાવિક રીતે સંભાળી શકે નહિ અને તે કારણથી એને પોતાને પણ મંત્રીનાં કાર્યો કરવાં પડતાં. એણે એના પુત્રોને પણ પાકી બુદ્ધિ થયા પહેલાં અનહદ સ્વતંત્રતા આપી દીધી. ખીજરખાનને એણે યુવરાજ પદ આપ્યું, પણ ડાહ્યા પુરુષો પાસેથી શિક્ષણ મેળવવા માટે એણે કાંઈ યોજના કરી નહિ. એના કૌટુંબિક જીવનમાં કોઇ રીતની મર્યાદા રહી નહિ અને બધા પુત્રો મરજી મુજબ અવિચારી રીતે વર્તાવ કરવા લાગ્યા. મલીક નાયબ કાફુર ઉપર એને અસાધારણ આકર્ષણ ઉત્પન્ન થયું અને એને સેનાપતિ બનાવી રાજ્યમાં સર્વોપરિ પદ આપ્યું. આથી અલપખાન અને મલીક કાફુર વચ્ચે મોટું વૈર બંધાયું. અલપખાન ઉલુઘખાનના મરણ પછી રાજ્યનો સૌથી મોટો અમીર હતો અને બાદશાહનો સાળો અને

---

૬. કા. પ્ર.નું આ લડાઈનું વર્ણન રસિક છે. અને તે સમયના સમાજ અને રીતભાત ઉપર કાંઇક પ્રકાશ નાંખે છે. પરંતુ કવિએ જે ચમત્કારો વર્ણવ્યા છે તે સમાજની મોટી ખામી પણ વ્યક્ત કરે છે. તેનું વર્ણન આગળ સામાજિક પ્રકરણમાં કરીશું. બાદશાહની પુત્રી કાન્હડદેવના પુત્ર વીરમદેવની પૂર્વાવતારની સ્ત્રી હતી વગેરે વાતો કાવ્યની ઝમક વધારવા માટે જ છે. ફિરિસ્તા પણ ગુલેબહિસ્તની વાત લખે છે તે પાયા વગરની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવરાજ ખીજરખાનનો મામો થતો હતો. એ બન્નેના કજિયામાં રાજ્યને પણ ખમવું પડ્યું, અને બન્ને વચ્ચે સત્તાની તાણાતાણી થવા લાગી. બાદશાહને જળોદરનો રોગ લાગુ પડ્યો; અને એના સ્વભાવની ક્રૂરતા દશગણી વધી. એણે દેવગિરિથી મલીક કાફુરને અને ગૂજરાતથી અલપખાનને બોલાવી મંગાવ્યા. કાફુરે આ તકનો લાભ લઈ અલ્લાઉદ્દીનને એની બેગમ વિરુદ્ધ, અલપખાન વિરુદ્ધ અને ખીજરખાન વિરુદ્ધ ચડાવ્યો. બેગમને કેદ કરાવી અને ખીજરખાનને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કરવા હુકમ કઢાવ્યો. અલપખાનને મારી નંખાવ્યો. આ દિવસથી ખીલજી મહારાજ્યની પડતી થઈ. અલપખાનના આવ્યા પછી ગૂજરાતમાં મોટો બળવો થયો.[૭] બાદશાહે ઝાલોરમાં પ્રસિદ્ધ થયેલા કમાલુદ્દીન ગરગને બળવો શમાવવા મોકલ્યો,[૮] પણ તેમાં તે સફળ થયો નહિ અને માર્યો ગયો. એ જ વખતે સુલતાન

અલપખાનનું મરણ અને ગૂજરાતમાં બળવો

મરણને શરણ થયો અને રાજ્ય હલકા લોકના હાથમાં આવ્યું. સુલતાન અલ્લાઉદ્દીનનું મરણ તા. ૨૨ ડિસેંબર ૧૩૧૬, શવ્વાલ માસની છઠ્ઠી તારીકે સવારે નીપજ્યું.[૯] આમ ગૂજરાતના હિંદુ મહારાજ્યનો હંમેશને માટે અંત લાવનાર પ્રતાપી મશહૂર પણ ક્રૂર સુલતાનનો અંત આવ્યો.

અલપખાને બંધાવેલી મસ્જિદ

અલપખાને પોતાના સોળ વર્ષના વ્યવસ્થિત વહીવટ દરમિયાન પાટણમાં એક મોટી આરસની મસ્જિદ બંધાવી હતી એને અદીના અગર શુક્રવારની મસ્જિદ કહેતા. એ મસ્જિદ મુસલમાન રાજ્યની

---

૭. આ બધા વર્ણન માટે જુઓ ઝિઆઉદ્દીન બર્ની કૃત તારીખે ફીરોઝશાહી. Illiot's History of India Vol. III. P. 207-8.

૮. આ કમાલુદ્દીને ઝાલોરની લડાઇમાં ભાગ લીધેલો તે કાન્હડદે પ્રબંધ પણ કહે છે. મલીક કાફુરના હુકમથી એણે અલપખાનને મારી નાંખ્યો; અને અલપખાન પછી એને જ ગૂજરાતનો સૂબો નીમવામાં આવ્યો, પણ તે તુરત મરણ પામ્યો.

૯. તારીખે ફીરોઝશાહી. ઉપર મુજબ પૃ. ૨૦૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆત જોતાં ઘણી મોટી અને સારી હતી એમ મીરાતે એહમદીના લખાણ ઉપરથી લાગે છે. અહમદી લખાઈ ત્યારે અઢારમી સદીના મધ્ય ભાગ સુધી – એ મસ્જિદ ઊભી હતી, એટલે તે પછી – મરાઠા અમલની અવ્યવસ્થાના સમયમાં તેનો નાશ થયો હોવો જોઇએ. એને ઘણા થાંભલા હતા અને કોઇ હિંદુ મંદિરને ફેરવીને મસ્જિદ બનાવી હતી એમ અહમદીના કર્તા લખે છે. વધારામાં એ એમ પણ જણાવે છે કે એ મસ્જીદ એક વખત પાટણની વચ્ચે હતી, પણ હાલ શહેરથી દૂર છે. આ ઉપરથી અઢારમી સદીમાં જ જૂનું પાટણ વેરાન થઇ ગયું હતું એમ સમજાય છે. હાલ તેની જગ્યા પાટણના પશ્ચિમ દરવાજા બહાર બતાવવામાં આવે છે અને તેમાં ખેતર માત્ર દેખાય છે. એના પથ્થર પાટણનો હાલનો કોટ બાંધવામાં વપરાયા છે એમ માનવામાં આવે છે.[૧૦]

સુલતાન મુબારક કુતુબુદ્દીન

અલ્લાઉદ્દીનના મરણ પછી મલીક કાફુરના હાથમાં રાજસત્તા આવી. એણે અલ્લાઉદ્દીનના પાંચ વર્ષના નાના પુત્ર શહાબુદ્દીનને ગાદી ઉપર નામનો બેસાડી પોતે રાજ્યની લગામ હાથમાં લીધી. રાજ્યના ખરા વારસ ખીજરખાનને પહેલો અંધ બનાવ્યો અને શાદીખાનને પણ કેદ કર્યો, અને શાહજાદાની માને કેદમાં રાખી, બીજા પુત્ર મુબારક કુતુબુદ્દીનને અંધ કરવાના ઇરાદાથી મહેલમાં ઓરડામાં પૂરી રાખ્યો. અલ્લાઉદ્દીનના મોટા અમીરો અને મલીકોને

૧૦. જુઓ મીરાતે અહમદી ગુ. ભા. ભાગ ૧લો. નિઝામુદ્દીન ચિસ્તી કૃત પૃ. ૧૨--૧૩. પ્રો. કોમીસેરિયેટ અહમદીના ડૉ. બર્ડના ઇતિહાસમાં આપેલા તરજુમા પ્રમાણે આ મસ્જિદ હિંદુ મંદિરમાંથી બનાવી હતી એમ કહે છે જ્યારે નિઝામુદ્દીન ચિસ્તી સાહેબ પોતાના ગૂ. ભાષાંતરમાં હિંદુ મંદિર ફેરવ્યાની વાત ભૂલ છે એમ કહે છે. ડૉ. બર્ડના તરજુમામાં ઘણા થાંભલા હોવાની વાત લખે છે જે વાત ગૂ. ભા. માં નથી. ગૂ. ભા. માં એમ પણ લખે છે કે એ મસ્જિદ ઘણા બાદશાહોના વખતમાં બંધાઈ છે. આ ઉપરથી એમ બને કે અલપખાને સાધારણ બંધાવી હોય ને તેમાં પાછળથી મરામત કે ઉમેરા થયા હોય. અહમદીની જુદી જુદી પ્રતોમાં પણ ફેર છે એમ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મારી નાંખવાનો વિચાર કર્યો. પરંતુ આ બધા અત્યાચારોથી છેડાઇને કેટલાક અમીરોએ એને જ મારી નાંખ્યો અને ખીજરખાનનું વેર વાળ્યું. એમણે બાળક શાહબુદ્દીનને બદલે મુબારક કુતુબુદ્દીનને ગાદીએ બેસાડયો.[૧૧] આ સુલતાને ગાદી ઉપર આવતાં જ અઇન ઉલમુલ્ક મુલતાનીને ગૂજરાતમાં બળવો[૧૨] દાબી દેવા મોટા લશ્કર સાથે મોકલ્યો અને એણે બળવો સમાવી પાટણમાં પાછી વ્યવસ્થા સ્થાપી.

ઝફરખાન મલીક દીનાર સૂબો

ગૂજરાતમાં બળવાખોરોને વશ કર્યા પછી સુલતાને પોતાના સસરા મલીક દીનારને ગૂજરાતનો સૂબો બનાવ્યો. એણે ગૂજરાતમાં પાછી વ્યવસ્થા સ્થાપી અને રાજાઓ તથા ઠાકોરોને તાબે કર્યા. ઝિઆઉદ્દીન બર્ની કહે છે કે એની વ્યવસ્થાથી લોકો અલપખાનને ભૂલી ગયા.[૧૩] સુલતાને એને ઝફરખાનનો ઇલકાબ આપ્યો. આમ અલ્લાઉદ્દીનના મરણ પછી ગૂજરાત અને મહારાષ્ટ્ર પાછું દિલ્હીની સત્તા નીચે ફરીથી આવ્યું. પરંતુ સુલતાન મુબારક આડે રસ્તે ચડી

---

૧૧. તારીખે ફીરોજશાહી. Illiot III. P. 209-211. ઝિઆઉદ્દીન બર્ની સુલતાન મુબારક કુતુબુદ્દીનના વહીવટમાં લોકસ્થિતિનું ઝીણું વર્ણન કરે છે (એજ. પૃ. ૨૧૧-૨૧૪) અને દારૂની દુકાનો બહુ વધી ગઈ, અનાજ વગેરે જિંદગીની જરૂરિયાતીની વસ્તુઓ જેના ભાવ ઉપર અલ્લાઉદ્દીનના વખતમાં રાજ્ય તરફથી અંકુશ હતો, તેના ભાવ પણ ખૂબ વધી ગયા. સુંદર છોકરા છોકરીઓ ૫૦૦ થી ૨૦૦૦ ટકાની કીમતે વેચાવા લાગ્યાં. દારૂ અને વ્યભિચારથી સુલતાનની ખરાબી થઇ. લાંચ રુશવતનું જોર બહુ વધ્યું.

૧૨. ઝિઆઉદ્દીન બર્ની આ બળવા અને અલપખાનના મરણ માટે કાંઈક ગોટાળો કરતો જણાય છે. અલપખાનને કમાલુદ્દીન ગરગે માર્યાનું અને ગૂજરાતનો બળવો દબાવવા જતાં તેનું જ મરણ થયાનું પૃ. ૨૦૯માં લખી પૃ. ૨૧૪માં ઐન ઉલમુલ્ક મુલતાનીને અલપખાનનો બળવો દબાવવા ગૂજરાત મોકલ્યો અને અલપખાને કમાલુદ્દીનને મારેલો એમ ઊલટું લખે છે. આમાં એની ભૂલ કે તરજુમો કરનારની તે કહી શકાતું નથી. જુઓ Illiot III. P. 208 & P. 214.

૧૩. તારીખે ફીરોજશાહી. Illiot III P. 214.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો હતો. એણે ગૂજરાતના પરવારી[૧૪] જાતના એક હલકા માણસ ઉપર અલ્લાઉદ્દીને કાફુર ઉપર બતાવ્યો હતો એટલો મોહ બતાવ્યો અને ઊંચી પદવીએ ચડાવી ખુશરૂખાનનો ઇલ્કાબ આપી સેનાપતિ બનાવ્યો. આ ખુશરૂખાન હિંદુમાંથી વટલીને મુસલમાન થયેલો હતો. સુલતાને દેવગિરિ ઉપર ચડાઈ કરી અને ખુશરૂખાનને દક્ષિણમાં આગળ વિજય માટે મોકલ્યો,[૧૫] અને પોતે દિલ્હી પાછો આવ્યો.

---

૧૪. આ પરવારી એ ગૂજરાતની કઈ જાત છે તે નક્કી થતું નથી. સર હેનરી ઇલિયટ (Vol. III) પૃ. ૨૨૧ ની ફૂટનોટમાં એનો એક પાઠ "બરદારાન" Baradārān અને બીજો પાઠ "બરાવન" Barwārn આપે છે. પ્રો. કૉમીસેરિયેટ પૃ. ૧૭ ની ફૂટનોટમાં લખે છે કે ગૂજરાતના અરબી ઇતિહાસમાં (સર ડેનિસન રૉસે પ્રસિદ્ધ કરેલો ઇતિહાસ) અને બદૌનીના ગ્રંથમાં બરવારી–Barwāri પાઠ આપેલો છે. ફિરિસ્તા પરવારી શબ્દ જ લખે છે. પ્રો. કૉમીસેરિયેટ બરવારી ઉપરથી ભરવાડ અગર રબારી કોમ હશે એમ ધારે છે. ભરવાડ કે રબારીમાં પણ લડાયક વૃત્તિ છે ખરી. પરંતુ માત્ર અવાજ ઉપરથી અનુમાન કરવાનું હોય તો પરમાર રજપૂત પણ કેમ ન મનાય ? જો કે આ માન્યતાને ખાસ આધાર નથી. પરવારીઓ લડાયક કોમ જેવાં કામ કરે છે અને ખુશરૂખાન પોતે પણ સેનાપતિ થયેલો એટલું જ માત્ર કહી શકાય. પરંતુ પરમાર રજપૂતને હલકી કોમ તરીકે કહેવાય નહિ. ઝિઆઉદ્દીન બર્નીં આગળ લખતાં પરવારીઓમાં ખુશરૂખાનના સગા તરીકે એક રણધોલ (Randhol) અને જાહરિયા (Jāhariyā) એવાં નામ લખે છે. એ નામ છે કે અવટંક છે તે સમજવું મુશ્કેલ છે. ગૂજરાતી કઈ જ્ઞાતિમાં એવાં નામ કે અવટંક છે તે શોધવું જોઈએ. (તારીખે ફીરોઝશાહી. Illiot III. પૃ. ૨૨૨). મીરાતે અહમદીના ગુ. ભાષાંતરમાં તેમ જ સર ક્લાઇવ બેબીના અંગ્રેજી ભાષાંતરમાં પણ પરમાર કોમનો હતો એમ લખે છે. વળી સરબેલી પૃ. ૪૧ ની ફૂટનોટમાં પરમાર નામે એક પક્ષી પકડનારી જાત હતી તે હલકી ગણાતી એમ પણ લખે છે. (જુઓ નિઝામુદ્દીન ચિસ્તી સાહેબની અહમદીનું ગૂ. ભા. પૃ. ૧૫ અને Baily's Gujarat P. 41). આમાં સર બેલી મૂળના શબ્દો આ પ્રમાણે ટાંકે છેઃ 'હિંદુ બચ્ચા અઝ કોમે પ્રમાર' (Hindu Bachah az Kam-i-Parmar). આ ઉપરથી પરવારી એટલે પરમાર હોઇ શકે. લડાયક શક્તિ પરમાર રજપૂત હોવાનું બતાવે છે. પરંતુ પરમાર રજપૂતો હલકા ન હોય ને હલકાં કામ પણ ન કરે.

૧૫. એજ પૃ. ૨૧૬ Mabar એટલે મલબાર તરફ મોકલ્યો એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૬૧૮ માં એણે ગ્વાલિયરના કિલ્લામાં કેદ થયેલા પોતાના અંધ ભાઈઓ ખીજરખાન, શાદીખાન, અને શહાબુદ્દીનને મારી નંખાવ્યા. કાંઇ પણ કારણ વગર પોતાના સસરા–ગૂજરાતના સૂબા ઝફરખાન મલીક દીનારને પાછો બોલાવીને મારી નંખાવ્યો. તૌબા નામના એક હલકા ગૂજરાતીને પણ સુલતાને મોટી પદવી આપી. ઝફરખાનના મરણ પછી ખુશરૂખાનના ભાઈ હિસામુદ્દીનને ગૂજરાતની સૂબાગીરી આપી. પણ આ માણસે પોતાની પરવારી જાતના લોકોની સહાયથી બળવો કરવાનો વિચાર કર્યો. ગૂજરાતનું બાદશાહી લશ્કર

હિસામુદ્દીન ગૂજરાતીની સૂબાગીરી

એના હાથ નીચે હતું છતાં બીજા અમીરોએ એને પકડયો અને દિલ્હી મોકલી આપ્યો. પરંતુ સુલતાને માત્ર તમાચો મારીને એને છોડી મૂકયો અને મહેલમાં ફરી નોકરી આપી. એની જગ્યાએ મલીક વહીઉદ્દીન કુરેશીને સૂબો નીમ્યો અને એને સદર ઉલમુલ્કનો ઈલ્કાબ આપ્યો. એણે વ્યવસ્થા પાછી ઠીક કરી એમ કહેવાય છે.[૧૬] પરંતુ એ અરસામાં ખુશરૂખાને સત્તાના મદમાં આવીને મહેલમાં પોતાનાં માણસો ખૂબ ભરેલાં તેમની મદદથી સુલતાન મુબારકને મારી નંખાવ્યો; અને અલ્લાઉદ્દીનના આ પુત્રના અંતની સાથે એના વંશની રાજસત્તાનો પણ અંત આવ્યો.[૧૭]

પરવારી જાતના ગૂજરાતીઓએ દિલ્હીમાં જમાવેલી સત્તા

આ પ્રમાણે સુલતાન મુબારકને મારી નાંખ્યા પછી ખુશરૂખાન પરવારીના માણસોએ રાજમહેલમાં સ્ત્રી પુરુષો સાથે અનેક રીતે અત્યાચાર ગુજાર્યા. મધ્ય રાત્રિ હતી છતાં મલીક ઐનઉદ્દીન મુલતાની, મલીક વાહીઉદ્દીન કુરેશી, મલીક ફખરૂદ્દીન જૂના જેવા મોટા અમીરોને બોલાવી મંગાવ્યા.[૧૮] બધે તાત્કાલિક ભય વ્યાપી

---

૧૬. એજ પૃ. ૨૧૮.

૧૭. આ બધું વર્ણન તારીખે ફીરોજશાહી Illiot III માં વિસ્તારથી આપેલું છે તેનો બહુ ટૂંકો સાર માત્ર લીધો છે.

૧૮. ઝિઆઉદ્દીન બર્ની લખે છે કે અમીરોની સ્ત્રીઓ ને દાસીઓ પરવારી હિંદુઓને આપી દીધી. ખુશરૂએ પોતાના મામા રણધોલને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો હતો અને ખુશરૂખાને સર્વોપરિ પદ ધારણ કરીને અલ્લાઉદ્દીનના વંશનું નામ નિશાન કાઢી નાંખવા પ્રયત્ન કર્યો, અને પોતે સુલતાન નાસીરૂદ્દીન નામ ધારણ કરીને દિલ્હીની ગાદીએ બેઠો. પરવારીઓમાં સુલતાનના જનાનાની સ્ત્રીઓ અને અમીરોની સ્ત્રીઓને વહેંચી આપી. એણે પોતાને નામે ખુતબો પઢાવ્યો અને સિક્કા પણ પડાવ્યા.[19] પરવારીઓમાં મોટે ભાગે હિંદુઓ જ રહ્યા હતા, એટલે હિંદુઓના હાથમાં તાત્કાલિક સત્તા આવવાથી હિંદુઓમાં ખુશાલી વ્યાપી રહી. આમ બે મહિના કરતાં વધારે સમય વીતી ગયો. અમીરોમાં હવે માત્ર ગાઝી મલીક નામનો બળવાન અમીર નમ્યો નહોતો; પરંતુ એનો પુત્ર ફખરૂદ્દીન જૂના, નવા સુલતાનની નોકરીમાં જોડાયો હતો. નવા સુલતાને ઐનુલમુલ્ક મુલતાની જેવા કેટલાક જૂના અમીરોને પણ મોટા ઈલ્કાબ આપીને નોકરીમાં કાયમ રાખ્યા હતા. પરંતુ અંદરથી એ લોકો આ ગૂજરાતી હિંદુઓની સત્તાને પસંદ કરતા નહોતા. મલીક ગાઝી જે પાછળથી સુલતાન ગિયાસુદ્દીન તઘલખશાહને નામે પ્રસિદ્ધ થયો તેને વશ કરવા ખુશરૂખાનની ઇચ્છા હતી પણ તેમાં તે ફાવ્યો નહિ. છેવટે ફખરુદ્દીન જે પાછળથી સુલતાન મુહમદ તઘલખને નામે પ્રસિદ્ધ થયો તે હિંમત કરી પોતાના પિતા ગાઝી મલીકને જઇને મળ્યો અને એ લોકોએ લડાઈ કરીને ખુશરૂખાન અને એના પરવારી હિંદુઓને હરાવ્યા. ખુશરૂખાન બે મહિના સત્તા ભોગવીને માર્યો ગયો અને બીજા કેટલાક પરવારીઓ ગૂજરાત બાજૂ નાઠા, અને નાસતાં માર્યા ગયા.[20] આમ અલ્લાઉદ્દીનના વંશની સત્તા સામે ગૂજરાતે

અમીરની મિલકત લઈને આપી અને ખાનખાનાંનો ઇલ્કાબ આપ્યો. અને પોતાના ભાઇને રામરાયાંનો ઈલ્કાબ આપ્યો. ઐન ઉલમુલ્ક જેવા કેટલાક જૂના અમીરોને કાયમ રાખ્યા અને ઐન ઉલમુલ્કને આલમખાનનો ઈલ્કાબ આપ્યો. (Illiot III P. 223–224).

૧૯. એજ પૃ. ૨૨૪.

૨૦. વિસ્તૃત વર્ણન માટે જુઓ તારીખે ફીરોજશાહી. Illiot III. P. 224–229. ઝિઆઉદ્દીન બર્ની આ બાબતનો સમકાલીન લેખક છે. એણે સુલતાન મુબારકના દુર્ગુણો અને પડતીનાં કારણો પ્રામાણિકપણે આપ્યાં છે. પરંતુ અલ્લાઉદ્દીનના વંશનો અંત લાવનાર પરવારીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો બળવો કર્યો. દિલ્હીમાં સત્તા જમાવવા પ્રયત્ન કર્યો પણ તેમાં તે ફાવ્યા નહિ.

અલપખાનના સમયના લેખો

અલ્લાઉદ્દીનનું મરણ થતાં ગૂજરાતમાં બળવો થયો હતો તેના ઐતિહાસિક ઉલ્લેખોને ખંભાતના હિ. સં. ૭૧૬–ઈ. સ. ૧૩૧૬ના લેખથી પણ થોડો ટેકો મળે છે. અલ્લાઉદ્દીને ખંભાતની વ્યવસ્થા માટે અગર તો એના રાજ્યના છેવટના ભાગમાં ગૂજરાતમાં થયેલી અશાંતિને દાબવા માટે બહર બક એટલે સમુદ્રનો અધિકારી નીમ્યો હતો. એનું નામ ઈખ્તિયાર ઉદ્દૌલા હતું. એ હિજરી સં. ૭૧૬. (તા. ૬ સપ્ટેંબર ૧૩૧૬) માં ગુજરી ગયો. એની કબર ખંભાતમાં ત્રણ દરવાજા મૂકયા પછી રાજ્યની કચેરીઓના મકાનમાં આવેલી છે જેના ઉપર આરસમાં સુંદર રીતે કોતરેલો લેખ છે. આ લેખમાં એને મોટા અમીર અને શહીદ કહેલો છે. તે ઉપરથી અલપખાનના અમલની આખરના ભાગના બળવામાં એ મરણ પામ્યો હોવો જોઇએ. પેટલાદના અર્જુનશાહની કબરના એક લેખમાં પણ આ ઇખ્તિયાર ઉદ્દૌલાનું નામ આવે છે. હિ. સં. ૭૧૩ રમજાન (ડિસેંબર ૧૩૧૩) માં બદરૂદ્દીન દીનારે એક મસ્જિદ બંધાવી તે વખતે સુલતાન અલ્લાઉદ્દીનનું રાજ્ય હતું અને મહાન ઉદાર અલપખાનના વહીવટ

ગાળો પણ સારી રીતે ભાંડી છે. અલ્લાઉદ્દીનના વિજયો ભારે અને ઝડપી હતા. પરંતુ તેનો સામનો પણ સારી રીતે થયો છે અને એના મરણ પછી એ સામનો વધ્યો છે. એ બળવામાં ગૂજરાત પહેલું જ હતું એમ ફિરિસ્તા પણ કબૂલ કરે છે. બીજે ક્યાં બળવા થયેલા તેની વીગત મળતી નથી. ખુશરૂખાન હિંદુમાંથી વટલેલો હતો પરંતુ તેના સાથી પરવારીઓ હિંદુ હતા. ઝિઆઉદ્દીન બર્ની લખે છે કે મુબારક સુલતાનના મરણથી હિંદુઓને નવો યુગ આવ્યો હોય એવો આનંદ થયો હતો. વળી ખુશરૂખાને જૂના અમીરોને કાયમ રાખ્યા હતા. આ બધું જોતાં આ પરવારીઓ એક તક માત્રનો લાભ લેનારા હતા કે ગૂજરાતને ભાગનાર અલ્લાઉદ્દીનનું વેર લેવાના વ્યવસ્થિત ઈરાદાવાળા હતા તે કહેવું મુશ્કેલ છે. ઝિઆઉદ્દીન બર્નીનું લખાણ એ બાબતમાં એક પક્ષી પણ કેમ ન હોય. જોકે એ વખતમાં હિંદુ કે મુસલમાન માત્ર નોકરી કે પૈસા ખાતર ગમે તેને પક્ષે લડતા એવા ઘણા દાખલા છે તે પણ ભૂલવા જેવું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમ્યાન મુખ્ય અમીર ઈખ્તીયાર ઉદ્દીન હતો એમ લખ્યું છે.[૨૧] પાછળથી ગૂજરાત સલ્તનતના વખતમાં નૌકા સેનાધિપતિને મારે બહર કહેતા તેમ આ વખતે બહર બક કહેતા એમ સમજાય છે. પોતાની સત્તાની શરૂઆતમાં જ હિંદના મુખ્ય બંદર ખંભાતમાં સમુદ્ર વ્યવહારના નિયમન માટે ખાસ અધિકારી નીમવો પડે એ ખંભાતના સમુદ્ર વ્યાપારની મહત્તા અને અલ્લાઉદ્દીનની કાર્યદક્ષતા સૂચવે છે. અલપખાનનો અમલ પૂરો થતાં જ એ અધિકારીનું શહીદ તરીકે મરણ થયું એ પણ ગૂજરાતમાં કેટલી ભારે અશાંતિ આ તાજા મુસલમાન અમલથી થઈ હશે એ સૂચવે છે.

અલપખાનના સમયનો એક સંસ્કૃત લેખ ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથના મંદિરમાં છે. તેમાં વિ. સં. ૧૩૬૬ આપેલી છે અને અલપખાનને અલ્લાઉદ્દીનનો 'પ્રતિશરીર' કહેલો છે.[૨૨]

એ સમયના પાટણના મુસલમાન સંતો

મીરાતે અહમદીની પુરવણીમાં કેટલાક મુસલમાન સંતોનો અહેવાલ આપેલો છે. તેમાં શેખ મુઈઝુદ્દીન સુલેમાન શહીદ અને મૌલાના યાકુબ એ બેનાં નામ અલપખાનના વખતમાં આવે છે. એ બન્ને સંત પુરુષો પાટણમાં થઇ ગયા. મૌલાના યાકુબ અલપખાનની સાથે પાટણ આવેલા અને અલપખાને બાંધેલી જુમામસ્જીદમાં શીખવવાનું કામ કરતા.[૨૩]

---

૨૧. પ્રો. કોમીસેરીએટના અંગ્રેજી ઇતિહાસ પ્ર. ૨,જમાં નિઝામ રાજ્યના પુરાવિદ્ જી. યઝદાનીએ કરેલા લેખોનો તરજુમો આપેલો છે.

૨૨. શ્રી જિનવિજયજી કૃત પ્રાચીન જૈન લેખસંગ્રહમાંથી મારા ખંભાતના ઈતિહાસમાં એ લેખનો ઉતારો કર્યો છે. (પરિશિષ્ટ).

૨૩. નિઝામુદ્દીન ચિશ્તી કૃત મીરાતે અહમદીની પુરવણીનું ગુ. ભાષાંતર પૃ. ૧૧૪-૧૧૭. આ વર્ણનમાં ઇતિહાસની દૃષ્ટિએ બહુ ઉલટું વર્ણન છે. શેખ મુઈઝુદ્દીન ગૂજરાતમાં સુલતાન અલ્લાઉદ્દીનની સાથે આવ્યા એમ લખ્યું છે. જ્યારે સુલતાન જાતે આવેલો નથી એ આગળ જોયું છે. ચમત્કારની વાતો પણ લખી છે. વળી હિજરી સંવતનાં વર્ષોમાં પણ ભૂલ હોય એમ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ તેરમું

તઘલખ વંશ

ગીયાસુદ્દીન તઘલખ

ખુશરૂખાનની બાદશાહત ટૂંકો સમય જ રહી. ગાઝી મલીકે છેવટે દિલ્હી ઉપર ચડાઇ કરીને પાટનગર સર કર્યું અને પોતે ગીયાસુદ્દીન તઘલખશાહના નામથી ગાદીએ બેઠો. એણે ગાદીએ આવતાં જ ચારે બાજુ વ્યવસ્થા કરવા માંડી. અલ્લાઉદ્દીનના વંશના બાકી રહેલાઓને છૂટા કરીને સંતોષ્યા. એમ કહેવાય છે કે જમીન મહેસુલમાં એણે સુધારા દાખલ કર્યા અને ખેડુતને કચરી ન નાંખે એવા કર નક્કી કર્યા. ઝીઆઉદ્દીન બર્ની લખે છે કે એણે હિંદુઓ ઉપર કર એવી રીતે નાંખ્યા કે જેથી એમની પાસે ગર્વ કરવા જેટલો પૈસો વધી ન જાય, તેમ જ અસંતોષથી બળવો ન કરે, તે સાથે એકદમ ગરીબાઇમાં આવી જઈ ખેતીને છોડી પણ ન દે. ગીયાસુદ્દીન તઘલખના રાજ્યકાળમાં ગૂજરાતમાં જાણવા જોગ બનાવ નોંધાયો નથી.[1]

મુહમ્મદ તઘલખનું ચારિત્ર્ય

ઇ. સ. ૧૩૨૦ થી ૧૩૨૫ સુધી ગ્યાસુદ્દીન તઘલખનું રાજ્ય રહ્યું, અને તે પછી એનો પુત્ર મુહમ્મદ તઘલખ ગાદીએ આવ્યો. એકલા ગૂજરાતના નહિ પણ આખા હિંદુસ્તાનના સામાજિક ઇતિહાસમાં આ બાદશાહનો અમલ નોંધવા જેવો છે. એને કેટલાક ઇતિહાસકારો ગાંડો કહે છે,[2] પરંતુ શુદ્ધ અર્થમાં એ ગાંડો નહોતો. એ સારી કેળવણી પામેલો હતો, એની શૈલી ઉત્તમ હતી; એના અક્ષર સુંદર હતા. કાવ્યશાસ્ત્રનો જ્ઞાતા હતો અને ઉપમામાં નિષ્ણાત હતો. વિચારમાં પણ હોંશિયાર હતો. પરંતુ તત્ત્વજ્ઞાનથી એનું હૃદય

---

૧. જુઓ તારીખે ફીરોજશાહી ૨૨૯–૩૦.

૨. ઝીઆઉદ્દીન બર્ની પોતે પણ લખે છે કે "The mind of Sultan lost its equilibrium" Illiot III P. 237.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમળ થવાને બદલે કઠણ થઇ ગયું હતું એટલે ધર્મભાવનાથી પ્રેરાયેલી દયા એનામાં હતી નહીં. એટલે એ અનેક અશક્ય વિચારો કરી એને અમલમાં મૂકવા ગમે તેવું જોખમ ખેડતો. આથી લોકોને અનેક જાતના ભારે ત્રાસ વેઠવા પડયા અને હિંદુ તેમજ મુસલમાન બન્ને સાથે એક સરખો કડક વર્તાવ રાખતો.[૩] દરેક જાતના લોકો આમ અસંતુષ્ટ થઇ કાંતો રાજ્ય છોડી જતા રહેતા કે બળવો કરતા. આવા બળવા શાંત કરવામાં એની આખી જીંદગી પસાર થઇ અને એને નિરાંતે રાજ્ય કરવાની તક મળી જ નહિ. એના સ્વભાવમાં ઉદારતા ઘણી હતી.[૪] એના મનના તુરંગ પ્રમાણેની કોઈ વિચિત્ર યોજના પાછળ કે કોઈ રાજપુરુષ કે લેખકને ભેટો આપવા પાછળ એણે ઘણીવાર તીજોરીનું તળીઉં જોયેલું. એના વિજયો મોટા અને વિસ્તૃત હતા. લગભગ આખો હિંદુસ્તાન એણે જીત્યો. એની મહત્ત્વાકાંક્ષા ખુરાસાન અને ઈરાક જીતવાની પણ થઇ હતી અને તે માટે ત્યાંના જાણકાર લોકોમાં એણે ઘણું દ્રવ્ય વેર્યું પણ એ બધું નકામું ગયું.[૫] એના સ્વભાવની અસ્થિરતા અને ક્રૂરતાના લીધે આખરે ગૂજરાત અને દેવગિરિ સિવાયના બધા જીતાયેલા પ્રાંતો એના હાથમાંથી જતા રહ્યા. લોકો ગરીબ થતા ગયા. અને પૈસાવાળા થોડા રહેલા તે બળવાખોર બન્યા. જેમ જેમ પ્રજા અસંતુષ્ટ થઇ બળવાખોર બનતી ગઈ તેમ તેમ બાદશાહ વધારે ક્રૂર થતો ગયો. એક દિવસ એવો નહોતો જતો કે કોઇને દેહાંતની સજા ન થઇ

૩. એજ પૃ. ૨૩૬ અને ૨૩૮ "The punishment of Musalmans, and the execution of true believers, with him became a practice and a Passion." ઝીઆઉદ્દીન બર્ની લખે છે કે મુસલમાનોની આવી કતલ બાવા આદમના વખતથી કોઇવાર જોવામાં આવી નહોતી. (પૃ. ૨૩૮)

૪. Travils of ibn Butiuta. Illiot III P. 585. ઈબ્ન બતુટા પોતાને બાદશાહની ઉદારતાના થયેલા અનુભવ વર્ણવે છે. ઝીઆઉદ્દીન બર્ની પણ એવા ઘણા દાખલા તારીખે ફીરોઝશાહીમાં આપે છે.

૫. આ બધા વર્ણનની વીગત માટે જુઓ ફીરોઝશાહી. Illist III P. 235-242.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. એના મહેલ સામે હંમેશ માંણસોનું લોહી પડેલું જ રહેતું.[૬] એની બીકથી એને કોઇ ખરી વાત કહી શકતું નહિ અને કહે તો તેને તે માનતો નહિ. એણે હિંદુસ્તાનમાં જીતેલા દેશોમાં મધ્યસ્થ સમજીને સગવડની ખાતર દિલ્હીથી રાજધાની[૭] બદલીને દેવગિરિમાં કરી અને બળજબરીથી દિલ્હીની પ્રજાને સાથે લીધી તેમાં ઘણી પ્રજા હેરાન થઇ. એણે ત્રાંબાના સિક્કા મુખ્ય ચલણ તરીકે ગણાવ્યા તેથી દરેક સોની અને દરેક હિંદુને ત્યાં ટંકશાળ થઇ, અને ચાંદી સોનાના સિક્કાની કિંમત અનેકગણી વધી ગઇ. આથી દેશના વેપાર અને વ્યવહારને ઘણું નુકશાન થયું.[૮] એટલે સામાજિક દૃષ્ટિએ એના રાજ્યમાં આખા હિંદુસ્તાનમાં ભ્રમણયુગ ચાલુ રહ્યો.

દેશમાં બધે બળવા

હવે ચારે બાજુએ બળવા થવા માંડયા. એક બળવો શાંત થાય તે પહેલાં બીજો જાગવા લાગ્યો. બાદશાહ દેવગિરિ – જેનું નામ બદલીને હવે દૌલતાબાદ પાડવામાં આવ્યું હતું—હતો ત્યારે મુલતાનમાં બળવો થયો, તે પછી બંગાળામાં થયો, તે પછી મારવાડમાં

૬. Ibn Biatuta: Illiot III. P. 612. ઈબ્ન બટુટા લખે છે કે સુલતાનના સ્વભાવમાં વિચિત્ર મિશ્રણ હતું. ગરીબ ઉપર એને દયા હતી અને ગરીબોને પુષ્કળ ધન આપતો. ગરીબના પૈસાદાર થતા. તે સાથે ઘણા જીવતા મરણને શરણ થતા. જ્યારે હિંદુસ્તાનમાં ભયંકર દુકાળ પડેલો અને ઘહું છ દીનારના એક મણ થઈ ગયા ત્યારે એણે દિલ્હીમાં દરેક ઘર દીઠ છ માસનું અનાજ સરકારી ભંડારોમાંથી આપવા હુકમ કરેલો. પરંતુ તે સાથે એની ક્રૂરતા એટલી હતી કે નજીવા અપરાધ ખાતર પણ મોટી સજા કરતો, અને તેમાં માણસના દરજ્જા સામે જોતો નહિ. ઇબ્ન બટુટા કહે છે કે એના મહેલ આગળ કોઈને કોઈને મારેલાં તેણે જોયેલાં. ઈબ્ન બટુટા દિલ્હીમાં ઘણાં વર્ષ રહેલો અને એણે આ સુલતાન સાથેના અંગત પરિચયમાં આ બધું નજરે જોયેલું તેથી તે માનવાને વાંધો નથી. એણે પોતાના દેશ આફ્રીકામાં જઈને આ હેવાલ લખ્યો છે તેથી સુલતાનની શરમ તેને હતી નહિ.

૭. તારીખે ફીરોઝશાહી. Illiot III. P. 239.

૮. એજ પૃ. ૨૪૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો, ફરી પાછો મુલતાનમાં થયો, તે પછી તેલંગણમાં વરંગલમાં બળવો થયો. આમ બધે બળવા થયા, અને માત્ર દેવગિરિ અને ગૂજરાતમાં શાંતિ રહી હતી.[૯] પરંતુ તે માત્ર તોફાન પહેલાંની શાંતિ જેવી હતી. દેવગિરિના નિવાસ દરમ્યાન અને દરેકને કડક શિક્ષાઓ કરવાના સામાન્ય રિવાજને લીધે દરેક જાતિઓ અને પ્રાંતો બળવા કરવા તૈયાર થઇ રહેતા, અને દિલ્હી તો છેક ખાલી જેવું થઇ ગયું હતું.[૧૦]

પરદેશી અમીરો.

આ વખતે પશ્ચિમ હિંદના કેટલાક ભાગમાં અમીરોનો એક વર્ગ ઊભો થયો હતો તેને "અમીરાને સદહ" – સૈંકડાના અમીરો એમ કહેતા. કોઇ એમ પણ માને છે કે આ અમીરો દર એકસો ગામનું મહેસુલ ઉઘરાવવા માટે નીમાયેલા હતા.[૧૧] ગમે તેમ પણ આ અમીરોની સત્તા ગૂજરાતમાં ખૂબ વધી પડી હતી અને એમની પાસે મોટું લશ્કર ભેગું થયું હતું. આ લશ્કર કોઈ પદ્ધતિસરનું નહોતું પણ પૈસાની ખાતર ગમે તેવા લોકોનું થયેલું હતું. આ અમીરો મોગલોમાંથી નવા થયેલા મુસલમાનો અને અફઘાનોમાંથી પણ થયેલા હતા. એમને દેશ માટે, લોક માટે, કે રાજ્યને માટે કાંઈ લાગણી હતી નહિ. ભરૂચ, ડભોઇ, વડોદરા, દેવગિરિ વગેરે સ્થળોએ આ લોકો સત્તામાં હતા અને મધ્યકાલીન યૂરોપમાં "ફ્રીલાંસર્સ" હતા તેવા લગભગ ગણાતા હતા.[૧૨] પાટણમાં દિલ્હીનો બાદશાહી સૂબો હતો. ગૂજરાત કાઠીઆવાડના બીજા ભાગોમાં, સમય જોઇને ગમે તે સત્તાને નમતું આપે એવા હિંદુ રાજાઓ અને ઠાકોરો હતા,

---

૯. એજ પૃ. ૨૪૬. વધુ વર્ણન માટે જુઓ પૃ. ૨૪૨ થી ૨૪૬. ઝીઆઉદ્દીન બર્ની આ બધા બળવા શમાવવામાં બીજા ભાગોની સાથે અમદાવાદથી લશ્કર આવ્યું એમ લખે છે. (જુઓ પૃ ૨૪૮) આ ભૂલ લાગે છે. અમદાવાદ તે વખતે વસ્યું નહોતું, તરજુમો કરનારની ભૂલ હોય કે પછી બીજું કોઈ ઉત્તર હિંદમાં અમદાવાદ હોય.

૧૦. એજ પૃ. ૨૪૪.

૧૧. Baily's Gujarat, P. 43 Note અને પૃ. ૪૪.

૧૨. એજ પૃ. ૪૩, નોંધ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દક્ષિણ ગૂજરાતમાં આ અમીરો હતા. આમ ગૂજરાતનું રાજકીય વાતાવરણ વિચિત્ર હતું અને તેની પરિસ્થિતિ ડામાડોળ હતી.[૧૩]

આ પરદેશી અમીરોનો બળવો

એ વખતે માળવાના સુબા અઝીઝ હીમારે[૧૪] એંશી કરતાં વધારે આવા પરદેશી અમીરોને મારી નંખાવ્યા. બાદશાહે જૂના ખાનદાન અમીરોને બદલે જે હલકા વર્ગના લોકોને ઊંચી પદવીએ[૧૫] ચડાવ્યા હતા તેમાંનો એક અઝીજ હીમાર હતો અને એનું આ અવિચારી પગલું હતું. આ અમીરોના વધની વાત ડભોઈ અને વડોદરાના અમીરોને ખબર પડતાં એમણે ગૂજરાતમાં બળવાની શરૂઆત કરી. જ્યાં જ્યાં આ જાતના અમીરો હતા તે બધા ભેગા ચારે બાજુએ બળવામાં જોડાયા. મલીક મુકબીલ જે આ સમયે ગૂજરાતનો સૂબો હતો તે દેશની મહેસુલ અને બાદશાહી ઉપયોગને માટે ઘોડા લઇ વડોદરાને રસ્તે દિલ્હી જઇ રહ્યો હતો. તેના રક્ષણ નીચે કેટલાક વેપારીઓ પણ માલ સાથે જતા હતા. અમીરોએ હુમલો કરીને મલીક મુકબીલ પાસેથી ખજાનો અને ઘોડા લૂંટી લીધા અને વેપારીઓનો માલ પણ લૂંટી લીધો. મલીક મુકબીલ પાટણ પાછો આવ્યો. અમીરોને આ લૂંટનું દ્રવ્ય મળવાથી જોર આવ્યું અને એમણે લશ્કર ભેગું કરી મોટા બળવાની તૈયારી કરી ખંભાત તરફ કૂચ કરી. આ બળવાના સમાચાર આખા ગૂજરાતમાં પ્રસરતાં ખળ-

---

૧૩. આ વસ્તુસ્થિતિ સામાજિક દશાનું સૂચન કરે છે.

૧૪. ઝીઆઉદ્દીન બર્ની (Illiot III. 252). અને Baily's Gujarat P. 45 માં અઝીઝ હીમાર નામ આપેલું છે. જ્યારે પ્રો કોમીસેરીએટ પૃ. ૩૧માં અઝીઝ ખમાર નામ આપે છે અને તે નામ આપવા માટે આધાર આપેલો નથી.

૧૫. ઝીઆઉદ્દીન બર્ની. (Illiot III. 252-53) માં લખે છે કે "મેં સુલતાન મુહમ્મદ તઘલખ પાસે સત્તર વર્ષને ત્રણ મહીના નોકરી કરી અને ઘણાં ઇનામો મેળવ્યાં છે. સુલતાનને હલકા લોકો માટે ઘણીવાર તીરસ્કાર બતાવતો સાંભળ્યો છે. પણ અત્યારે હું એને હલકા ને નાલાયક માણસોને ઊંચે ચડાવતો જોઉં છું અને મારા આશ્ચર્યનો પાર નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળાટ મચી રહ્યો અને ગભરાટ તથા અવ્યવસ્થા થઈ રહી.[૧૬] હિ. સ. ૭૪૫ના રમજાનમાં (ફેબ્રુઆરી ૧૩૪૫) બાદશાહને મલીક મુકબીલ લૂંટાયાની ખબર પડી અને એની ચિંતા એટલી બધી વધી કે એણે પોતે ગૂજરાત ઉપર ચડાઇ લઇ જવાનો નિશ્ચય કર્યો.

શેખમુઈઝુદ્દીન સૂબો અને બળવાખોર અમીરોનો નાશ

આ બળવાના સમાચાર આવતા પહેલાં જ સુલતાને શેખ અલાઉદ્દીન અજોધનીના પુત્ર શેખ મુઇઝુદ્દીનની ગૂજરાતના સૂબા તરીકે નિમણૂક કરી હતી.[૧૭] એને ત્રણ લાખ ટંકા આપીને ત્રણ દિવસમાં જ લશ્કર ઊભું કરી પોતાની સાથે લાવવા ફરમાવ્યું. લશ્કરના કેટલાક ભાગને આગળથી ઝડપી કૂચ કરીને પાટણ ઉપર મોકલી આપ્યું.[૧૮] દિલ્હીનો વહીવટ આ વખતે શાહજાદા ફીરોઝને સોંપ્યો હતો.[૧૯] બાદશાહી લશ્કરે બળવાખોરોને હરાવ્યા અને એ લોકો એમના કુટુંબ પરિવાર સાથે દેવગિરિ બાજૂ નાઠા. સુલતાને શેખ મુઈઝુદ્દીનને પાટણમાં મૂકી મલીક મુકબીલને બળવાખોરોની પાછળ મોકલ્યો અને પાછળ પોતે પણ ભરૂચ તરફ પ્રયાણ કર્યું. નાસતા અમીરો નર્મદા આગળ પકડાઈ ગયા અને તેમનો સરંજામ

---

૧૬. તારીખે ફીરોઝશાહી, (Illiot–III. P. 253).

૧૭. તારીખે ફીરોઝશાહી. (Illiot–III P. 254.)

૧૮. આ કૂચ વખતે ઝિઆઉદ્દીન બર્ની થોડે સુધી સાથે હતો તે પાછો દિલ્હી ગયો. રસ્તામાં સુલતાને આ ઇતિહાસકારને કેટલાક જાણવા જોગ ઐતિહાસિક સવાલો પૂછયા હતા અને મન ખોલીને વાત કરી હતી. બળવા વખતે પ્રાચીન સમયના રાજાઓ કેવી અને શા ગુના માટે સજા કરતા વગેરે પૂછ્યું હતું અને બર્નીએ ઇતિહાસજ્ઞને છાજે તેવા જવાબ પણ આપ્યા હતા. ધર્મ પ્રમાણે કેવા ગુનાની સજા થાય તે પણ પૂછ્યું હતું. પરંતુ બધું સાંભળ્યા પછી સુલતાને એટલો જ જવાબ દીધો કે " હું તો સહેજ વહેમ પડતાં, કે સામું બોલવાના કે ઉદ્ધત જવાબના ગુના માટે પણ દેહાન્તની સજા કરવામાં માનું છું અને હું જીવીશ ત્યાંસુધી એમ જ કરવાનો. બર્નીની સાચી સલાહની આમ બે ત્રણવાર સુલતાને અવગણના કરી હતી. (Illiot III 255–56.)

૧૯ આ શાહજાદો પાછળથી સુલતાન ફીરોઝ તઘલખ તરીકે પ્રસિદ્ધ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કુટુંબીજનોને પકડીને અમીરોને મારી નાખવામાં આવ્યા. કેટલાક ત્યાંથી પણ નાસી છૂટીને સાલેર મુલ્હેરના હિંદુ રાજા માનદેવને શરણે ગયા, પરંતુ એણે એમને પકડીને કેદ કર્યાં અને લૂંટી લીધા. મલીક મુકબીલે જે જે અમીરો હાથ આવ્યા તેમને પકડીને મારી નાખ્યા. કેટલાક જ્યાં ફાવ્યું ત્યાં નાઠા. પરંતુ કેટલાક અમીરો જે ભરૂચમાં હતા અને જે બાદશાહને વફાદાર હતા તેમને પણ પકડીને મારી નાંખવાનો હુકમ થયો. આ વફાદાર અમીરો બળવાખોરોની જાતના હતા એટલો જ માત્ર એમનો ગુનો હતો.[૨૦]

સુલતાનનો ભરૂચમાં મુકામ

બાદશાહે હવે ભરૂચમાં મુકામ કર્યો. ભરૂચ, ખંભાત અને લગભગ આખા ગૂજરાત પ્રાંતની મહેસૂલ ઘણા વખતથી વસૂલ નહોતી થઈ. એ ખબર પડતાં મલીક મુકબીલને કડક રીતે લખી વસૂલ કરવા હુકમ કર્યો. આ વસૂલાત કરવામાં એવી ક્રૂર વર્તણૂક ચલાવવામાં આવી કે પ્રજામાં ત્રાસ વર્તી રહ્યો. મહેસૂલ આપવામાં સહેજ વાંધો કાઢનારને અગર તો બળવામાં સહેજ પણ મદદ કરી છે એવો વહેમ પડે તો તે બધાંને ઠાર કરવામાં આવ્યા.[૨૧] આમ ગૂજરાતમાં બળવો શાંત તો થયો પણ લોકને ઘણો જ ભય ને ત્રાસ વેઠવાં પડયાં.

મહારાષ્ટ્રમાં બળવો

ભરૂચમાં થોડો સમય સુલતાને મુકામ કર્યો એટલામાં તો દેવગિરિ–દોલતાબાદમાં, સુલતાનની કડક નીતિને લીધે, ખટપટની શરૂઆત થઈ. સુલતાને પોતાના જૂના શિક્ષક કતલઘખાનનો ભાઈ નિઝામુદ્દીન, જે દોલતાબાદનો સૂબો હતો, તેને હુકમ કર્યો કે દોલતાબાદના પરદેશી અમીરોને લઇને એ ભરૂચ આવે. આ પ્રમાણે અમીરોને લઇ હુકમનો અમલ કરવા એ નીકળ્યો. પણ અમીરોને માળવા અને ગૂજરાતના અમીરોની જે સ્થિતિ થઇ હતી તે ઉપરથી ઘણો ડર લાગ્યો, અને એમણે સૂબાને કેદ કરી બળવો કર્યો. આ ખબર સાંભળીને ડભોઇ અને વડોદરાના કેટલાક અમીરો જે નાસીને

૨૦. એજ પૃ. ૨૫૬.
૨૧. એજ પૃ. ૨૫૬–૫૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાલેર મુલ્હેરના માનદેવ પાસે કેદ હતા તે પણ નાઠા અને દેવગઢ જઈને બળવાખોરોને મળ્યા. બળવાખોરોએ ખજાના લૂંટયા, અને ધારાગિરિનો કિલ્લો તાબે કર્યો. આ પ્રમાણે મહારાષ્ટ્રમાં એમણે સત્તા જમાવી દીધી.[૨૨]

હસનગંગુ અને દક્ષિણમાં બહમની વંશની સ્થાપના

આ ખબર સુલતાનને ભરૂચમાં મળતાં જ મોટું લશ્કર લઇ એ દેવગિરિ તરફ ગયો. આ લશ્કરે બળવાખોરોને હરાવ્યા અને મખસફખાન જે દેવગિરિમાં સુલતાન થઇ બેઠો હતો ને નાઠો. હસન-ગંગુ અને બીડરના બળવાખોરો પણ નાઠા. બાદશાહી લશ્કરે દોલતાબાદ સર કર્યું અને થોડા જ વખત પૂર્વેના પોતાના જ પ્રાંતના શહેરને લૂંટયું.[૨૩] સુલતાને ઇમાદ-ઉલ-મુલ્ક સરતેઝે સુલતાનીને બંદોબસ્ત કરવા અને આસપાસના મુલકને તાબે કરવા ગુલબર્ગા મોકલ્યો. હસનગંગુ, જે આ બધા અમીરોમાં બહાદુર અને બુદ્ધિમાન હતો, તે હવે લાગ જોઇને સત્તા જમાવવા બેસી રહ્યો હતો. થોડા મહિનામાં જ આ લાગ આવ્યો, અને સુલતાનને ગૂજરાતમાં ફરી જાગેલા બળવાને શમાવવા જવું પડયું. એ તકનો લાભ લઇ હસનગંગુએ દોલતાબાદ ઉપર ચડાઇ કરી અને બાદશાહી લશ્કર સામું ન થઇ શકવાથી ધાત તરફ નાસી ગયું. પરદેશી અમીરોએ ઇસ્માઇલ શાહ નામના એક અમીરને પહેલાં સુલતાન બનાવેલો એ પણ પોતાની સત્તા છોડીને હસનગંગુને તાબે થયો. બીજા અમીરોએ પણ એને સર્વોપરિ પદે કબૂલ રાખ્યો. આમ હસનગંગુ અબુલ મુઝફ્ફર અલાઉદ્દીન બહમન શાહ નામ ધારણ કરી તા. ૩ જી ઑગસ્ટ ૧૩૪૭ ને રોજ મહારાષ્ટ્રનો સ્વતંત્ર સુલતાન બન્યો. અને દક્ષિણ-

૨૨. તારીખે ફીરોઝશાહી. (Illiot III P. P. 257-58.)

૨૩. એજ પૃ. ૨૫૮. ઝિઆઉદ્દીન બર્ની લખે છે કે બાદશાહી લશ્કરે દોલતાબાદમાં હિંદુ મુસલમાન વેપારીઓ અને લડવૈયાઓ બધાને લૂંટયા. દોલતાબાદ થોડા જ સમય પૂર્વે મુહમ્મદ તઘલખને તાબે હતું, એટલે આમ પોતાની જ પ્રજાને લૂંટવાનું કાર્ય વિચિત્ર છે. કદાચ એ લોકે બળવાખોરોને મદદ કરી હશે એમ ધારી લૂંટયા હોય. પરંતુ ઘણે ભાગે એ સમયની નીતિ જ એવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના પ્રસિદ્ધ બહમની વંશનો સ્થાપનાર થયો.[૨૪]

ગૂજરાતમાં ફરી બળવો

સુલતાન દક્ષિણમાં હતો ત્યારે ગૂજરાતમાં ફરી બળવો થયાના સમાચાર મળ્યા. સેનાપતિ મલીક સુલતાનીનો ગુલામ તઘી નામનો એક માણસ જે જાતનો મોચી હતો તેણે આ બળવો ઉઠાવ્યો હતો. બાકી રહેલા પરદેશી અમીરો પણ એની સાથે ભળી ગયા. ગૂજરાતના બીજા કેટલાક ઠાકોરો અને અમલદારો પણ એને મળ્યા. આ બધું લશ્કર એકઠું કરીને તઘી પાટણ ઉપર ચડાઇ લઇ ગયો અને ત્યાંના સૂબા શેખ મુઇઝુદ્દીનને કેદ પકડયો અને એના નાયબ સૂબા મલીક મુઝફ્ફરને મારી નાંખ્યો. પાટણથી તઘીએ ખંભાત તરફ કૂચ કરી અને એ શહેરને લૂંટયું. ત્યાંથી હિંદુ અને મુસલમાનોનું લશ્કર ભેગું કરીને ભરૂચના કિલ્લા તરફ ઊપડયો. સુલતાનને આ સમાચાર મળતાં જ દેવગિરિની વ્યવસ્થા કરીને લશ્કર લઇને ભરૂચ તરફ રવાના થયો. આ વખતે રસ્તામાં દિલ્હીથી ફીરોઝ તઘલખ, મલીક કબીર અને અહમદ અયાઝ તરફથી દેવગિરિની ફતેહ બાબત મુબારકબાદીનો સંદેશો લઈ તારીખે ફીરોઝશાહીનો કર્તા ઝિઆઉદ્દીન બર્ની સુલતાનને આવીને મળ્યો,અને ગૂજરાતમાં સુલતાનના લશ્કરની સાથે જ રહ્યો. આ વખતે એક વાર સુલતાને ઇતિહાસકાર સાથે મન ખોલીને વાત કરી, અને કહ્યું કે જો આ બધા પરદેશી અમીરોને પહેલેથી જ મારી નાખવામાં આવ્યા હોત તો આ બધી મુશ્કેલી ઊભી થાત નહિ. તઘી જે સુલતાનનો ગુલામ હતો, તેને પણ કાંતો મારી નાંખ્યો હોત કે એડનના રાજા તરફ મોકલી આપ્યો હોત તો આ બળવો પણ ઊઠત નહિ. આ સાંભળી ઝિઆઉદ્દીન બર્નીના મનમાં ખરી વાત સુલતાનને સંભળાવી દેવાનું થઈ આવ્યું. આ બધું, સુલતાનની નજીવા કારણો માટે ભારે સજાઓ, અને ક્રૂર સ્વભાવને લીધે થાય છે, અને સજાઓ બંધ થાય તો બધું શાંત થાય એમ કહી

---

૨૪. હસનગંગુ ઈરાનના ઈસ્ફંદિયારના પુત્ર બહમનના કુળમાંથી આવેલો છે એમ પોતે માનતો અને તેથી બહમની નામ ધારણ કર્યું હતું. સામાન્ય લોકકથામાં આ બહમની વંશને બ્રાહ્મણી વંશ કહેવાય છે. (જુઓ પ્રો. કૉમીસેરિયેટનો અંગ્રેજીમાં લખેલો ગૂજરાતનો ઇતિહાસ પૃ. ૩૪ નોં. ૧,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવાનું એને મન થયું. પણ સુલતાનના સ્વભાવથી એ ડરી ગયો અને કાંઇ બોલ્યો નહિ. એને એમ લાગ્યું કે આવા સ્વભાવના માણસને કાંઇ પણ શિખામણની અસર થશે નહિ.[૨૪]

હવે સુલતાને નર્મદાને સામે કિનારે પડાવ નાંખ્યો, અને આ સમાચાર મળતાં તઘી ત્રણસો સવારો સાથે ખંભાત બાજૂ નાસી ગયો. સુલતાને મલીક યુસુફ બઘડાને બે હજાર સવારો સાથે એની પાછળ મોકલ્યો. ચાર પાંચ દિવસ પછી તઘી સાથે એને લડાઇ થઇ એમાં મલીક યુસુફ માર્યો ગયો, અને બચેલા સવારો ભરૂચ તરફ નાઠા. આ વિજયની ખુશાલી ખાતર પાટણનો સૂબો શેખ મુઇઝુદ્દાન, જે તઘી પાસે કેદ હતો, તેને તઘીએ મારી નાંખ્યો.[૨૫] આ સમાચાર સુલતાનને મળતાં એણે નર્મદા ઓળંગી અને ભરૂચમાં આવીને મુકામ કર્યો, અને તઘીની સામે કૂચ કરવાની ઝડપી તૈયારી કરવા માંડી. આ ખબર સાંભળી તઘી ખંભાતથી આસાવળ આવ્યો અને સુલતાન પાછળ પડયો છે એમ જાણીને ત્યાંથી પાટણ તરફ ગયો.

કડી પાસે લડાઈ

સુલતાન મુહમ્મદ તઘલખે આસાવળ આવીને પડાવ નાંખ્યો. આસાવળમાં એને એક મહિનો રહેવું પડ્યું. કારણ સખત વરસાદને લીધે લડવાનું મુશ્કેલ હતું, અને લશ્કરના ઘોડાઓની સ્થિતિ પણ સારી નહોતી. બળવાખોર તઘીને આ સમાચાર પાટણમાં મળ્યા એટલે એ આસાવળ તરફ ચડાઈ કરવાને લશ્કર લઇને નીકળ્યો

---

૨૪. તારીખે ફીરોઝશાહી. (Illiot III P. P. 258-60) તઘીને મુંબાઈ ગેઝેટિયર I ભાગ ૧ માં મલીકતુઘાન કહ્યો છે. પૃ. ૨૩૦.

૨૫. આ શેખ મુઇઝુદ્દીન અને મીરાતે અહમદીમાં શેખ મુઇઝુદ્દીન નામનો સંત પાટણમાં થઇ ગયો–જેનું વર્ણન આગળ કરેલું છે–તેમાં કાંઇ ગોટાળો લાગે છે. સંતની બાબતમાં અલ્લાઉદ્દીન ખીલજી સાથે એ પાટણ આવ્યો અને ત્યાંથી સુલતાન ભરૂચ ગયો એમ લખ્યું છે જે એક રીતે મુહમ્મદ તઘલખ સાથે મળતું આવે છે. અલ્લાઉદ્દીન તો ગૂજરાતમાં આવ્યો જ નથી. આ બાબતમાં મીરાતે અહમદીની પુરવણીમાં સંતોના વર્ણનમાં ગોટાળો તો છે જ. છતાં વખતે મુઇઝુદ્દીન નામના બે માણસો પણ સંભવે. સંત મુઇઝુદ્દીનની પાછળ સુલેમાન નામ લખેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રસ્તામાં કડી[૨૬] પાસે મુકામ કર્યો. સુલતાનને આ સમાચાર પહોંચતાં જ સખત વરસાદની દરકાર કર્યા વગર પોતે લશ્કર લઇને કડી આવ્યો અને ખૂનખાર યુદ્ધ જામ્યું. તઘીએ પોતાના યોદ્ધાઓને બરોબર લડે તે માટે ખાસ દારૂ પાયો હતો તેથી તેઓ માથું મૂકીને લડયા, પરંતુ સુલતાનના હાથીના લશ્કર આગળ ન ફાવવાથી હાર્યા અને પાટણ તરફ પાછા નાઠા. આમાં ઘણા કેદીઓ પકડાયા અને સુલતાને તેમને મારી નંખાવ્યા. સુલતાને મલીક યુસુફ બગડાના પુત્રને લશ્કર આપી બળવાખોરની પાછળ મોકલ્યા. તઘી પોતે પાટણ આવી પોતાનું કુટુંબ અને થોડા વફાદાર અનુચરો સાથે લઇ કાઠિયાવાડ તરફ નાસી ગયો.[૨૭] સુલતાને પાટણ આવીને સહસ્રલિંગ સરોવરને કાંઠે બગીચામાં પડાવ નાંખ્યો. પાટણમાં થોડા દિવસના નિવાસ દરમિયાન એણે ગૂજરાતના વહીવટની વ્યવસ્થા કરવા માંડી. ગૂજરાતના રજપૂત ઠાકોરો, રાણાઓ અને મંદિરના મહંતો આવીને સુલતાનને નમ્યા અને સુલતાનની સત્તા કબૂલ કરી શિરપાવ લઇ પાછા ફર્યા. તઘીના કેટલાક સરદારો માંડલ અને પાટડીના રાણાને આશરે ગયા હતા તેમને એ રાણાએ મારી નાંખી તેમનાં માથાં અને તેમની સ્ત્રીઓ વગેરેને સુલતાનની પાસે મોકલી આપ્યાં, અને આ સેવાના બદલામાં સુલતાને રાણાને શિરપાવ અને મોતીની માળાઓ આપી.[૨૮]

પાટણમાં નિવાસ અને ગૂજરાતની વ્યવસ્થા

આ વખતે દક્ષિણમાંથી હસનગંગુ સુલતાન અલાઉદ્દીન બહમની નામ ધારણ કરી ગાદીએ બેઠાના અને દોલતાબાદ સર કર્યાના સમાચાર આવ્યા અને સુલતાન બહુ જ ખિન્ન થયો.[૨૯]

---

૨૬. તારીખે ફીરોઝશાહીમાં "કડા" Karra લખ્યું છે પણ કડી બંધ બેસે છે. કડા નામે પણ ગામ છે પણ તે આઘું રહી જાય છે.

૨૭. એજ પૃ. ૨૬૧. એમાં પાટણથી કંતબરાહી ગયો અને ત્યાંથી ગિરનાર બાજૂ ગયો એમ લખ્યું છે. આ સ્થળ કયું તે નક્કી થયું નથી.

૨૮. એજ. પૃ. ૨૬૧.

૨૯. હસનગંગુએ દક્ષિણમાં રાજ્ય સ્થાપ્યું તે આગળ જોઇ ગયા છીએ. આ સમાચાર સુલતાનને પાટણમાં મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે દિલ્હીથી શાહજાદા ફીરોઝ અને અહમદ અયાઝ વગેરે અમીરો-ને દોલતાબાદ મોકલવા બોલાવ્યા પણ પછીથી ગૂજરાત કાઠિયા-વાડ બરોબર સર કરી તઘીને પકડવાની ઇચ્છાથી દક્ષિણની ચડાઇનો વિચાર માંડી વાળ્યો.[૩૦] આ કારણથી સુલતાને ત્રણ ચોમાસાં ગૂજરાતમાં ગાળ્યાં.[૩૧] પાટડી અને માંડળમાં સુલતાન થોડો સમય રહ્યો હતો.

ઇતિહાસકાર ઝિઆઉદ્દીન બર્નીની શાણી સલાહનો સુલતાને કરેલો ઇન્કાર

આમ મહારાજ્યમાં એક પછી એક અનેક દિશાએ ગરબડ થયાં કરવાથી સુલતાન હવે નિરાશ થઇ ગયો હતો. આ વખતે એણે એક વાર તારીખે ફીરોઝશાહીના કર્તા ઝિઆઉદ્દીન બર્નીને બોલાવ્યો અને પોતાનું દિલ ખોલ્યું. એણે કહ્યું કે "મારું મહારાજ્ય રોગગ્રસ્ત બન્યું છે અને એને કોઇ જાતની દવા લાગુ પડતી નથી. કોઇ વૈદ્ય શિરોવેદના મટાડે તો તાવ ચડે, તાવ ઉતારવાનો પ્રયત્ન કરે તો બીજું કાંઇ દરદ થઇ આવે; આ પ્રમાણે મારા રાજ્યમાં પણ થાય છે. એક જગાએ બળવો શાંત થાય છે ત્યારે બીજી જગાએ જાગે છે. એક પ્રાંતમાં શાંત થાય છે તો બીજા પ્રાંતમાં નવો બળવો ઊભો થાય છે. આમ આખા રાજ્યમાં અવ્યવસ્થા ચાલી રહી છે. ભૂતકાળના રાજાઓએ આવી વખતે શું કર્યું છે તે કહો."[૩૨]

બર્નીએ જવાબ દીધો કે બધી રાજકીય મુશ્કેલીઓમાં જ્યારે લોકલાગણી વિરુદ્ધ થઇ જાય છે અને બધી જાતના લોકોનો વિશ્વાસ ચાલ્યો જાય છે ત્યારે એ મુશ્કેલી બહુ જ ભારે થઇ પડે છે.[૩૩] અસલ-

૩૦. Illiot III. P. 261-62.

૩૧. સુલતાને ગૂજરાતમાં ત્રણ ચોમાસાં ગાળ્યાં તેમાંનું પહેલું ઈ. સ. ૧૩૪૮ માં માંડલ ને પાટડીમાં ગાળ્યું અને બાકીનાં બે કાઠિયા-વાડમાં ગાળ્યાં. એમાંનું એક ચોમાસું ગિરનાર પાસે જૂનાગઢમાં ગાળ્યું હતું. Illiot III. 263.

૩૨. તારીખે ફીરોઝશાહી. Illiot III. 262-63.

૩૩. એજ પૃ. ૨૬૩ "of all political ills, the greatest and most dire, is a general feeling of aversion, and a want of confidence among all ranks of the people."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના રાજાઓ, જ્યારે લોકોનો વિશ્વાસ ગુમાવ્યો છે એમ સમજતા, ત્યારે કોઇ લાયક વારસને ગાદી આપીને પોતે નિવૃત્ત થઇ જતા અને રાજ્યના વહીવટમાં માથું મારતા નહિ. કેટલાક રાજાઓ ડાહ્યા પ્રધાનોને વહીવટ સોંપી પોતે મોજમઝામાં સમય ગાળતા. આ રીતે પ્રજા જો વેર લેવાની તીવ્ર લાગણી ન ધરાવે તો રાજ્યની મુસ્કેલીઓ ધીમે ધીમે દૂર થતી." આ શાણી શિખામણ સુલતાનને ગળે ઊતરી નહિ. એણે કહ્યું કે "હું શાહજાદા ફીરોઝ, અહમદ અબાઝ વગેરેને વહીવટ સોંપીને યાત્રાએ જઇ શકું, પરંતુ હાલ તો હું પ્રજા સાથે રીસે ભરાયો છું. હું લોકલાગણી જાણું છું અને પ્રજાનાં દુઃખો પણ જાણું છું, પણ હું તેનો જે રસ્તો કાઢું છું તેની કાંઇ અસર થતી નથી. તેથી મારી સામે થનાર માટે મારી પાસે એક જ રસ્તો છે અને તે, તરવાર."[૩૪]

ગિરનારનો કિલ્લો સર કર્યો

આગળ જોયું તેમ તઘી કાઠિયાવાડ બાજૂ ગયો હતો તે હવે જૂનાગઢના રા'ને આશરે રહ્યો હતો. સુલતાને કાઠિયાવાડમાં ચડાઇ કરી ત્યારે રા'ખેંગારને બાદશાહી લશ્કરના બળની ખબર પડી જવાથી એણે તઘીને કેદ કરીને બાદશાહને સોંપી દેવાનો વિચાર કર્યો. પરંતુ આ વાતની જાણ તઘીને વહેલી પડી જવાથી તે સિંધ તરફ નાસી ગયો અને ઠઠ્ઠાના જામને આશરે જઇને રહ્યો. સુલતાને જૂનાગઢ ઉપર ચડાઇ કરી ગિરનારનો કિલ્લો સર કર્યો, અને રા'ખેંગાર નાસી જતાં પકડાયો અને કેદ થયો. આ વર્ષાઋતુ સુલતાને જૂનાગઢમાં ગાળી મુલકની વ્યવસ્થા કરવા માંડી. દરિયા કિનારાનાં સ્થળો તાબે કર્યાં, અને કાઠિયાવાડના ઠાકોરો ને રાણાઓ સુલતાનને નમ્યા.[૩૫] સુલતાને પોતાના તરફથી સોરઠનો વહીવટ કરવા જૂનાગઢમાં એક મહેતો નીમ્યો.[૩૬]

---

૩૪. એજ. પૃ. ૨૬૩.

૩૫. એજ. પૃ. ૨૬૩-૬૪.

૩૬. મીરાતે એહમદીનો તરજુમો કરતાં સર કલાઈવ બેલી. (Baily's Gujarat P. 55 Note) લખે છે કે મૂળ ફારસીમાં મહતા શબ્દ છે તે ઉપરથી સોરઠના વહીવટ માટે હિંદુ સૂબો નીમેલો હોવો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોંડલમાં નિવાસ

જૂનાગઢ અને ગિરનાર સર કર્યાં પછી સુલતાન મુહમ્મદે ઇ. સ. ૧૩૫૦નું, ત્રીજું ચોમાસું પણ ગૂજરાત-કાઠિયાવાડમાં ગાળ્યું. આ વખતે બાદશાહી નિવાસ ગોંડલમાં રહ્યો, અને તબિયત તાવથી બગડવાથી આ નિવાસ પ્રમાણમાં લાંબો પણ થયો, આ વખતે દિલ્હીથી મલીક કબીરના મરણના સમાચાર આવવાથી એના મનને આઘાત લાગ્યો. એણે અહમદ અયાઝ અને મલીક મકબુલને લશ્કર સાથે દિલ્હીનો વહીવટ જોવા મોકલ્યા, અને પોતાની મોટી બહેન ખુદાવંદ ઝાદાને, અને મખદુમઝાદા તથા બીજા મુરબ્બીઓ અને વિદ્વાનોને પણ ગોંડલમાં તેડાવ્યા. કેટલાક અમીરોનાં કુટુંબોને પણ ગોંડલમાં બોલાવ્યાં.[૩૭] આ નિવાસ દરમિયાન સુલતાને કાઠિયાવાડમાં કેટલાંક કાંઠાનાં સ્થળો કબજે કર્યાં અને પીરમના પ્રખ્યાત મોખડાજી ગોહેલને હરાવ્યો.[૩૮]

ઠઠ્ઠા તરફ પ્રયાણ

હવે સુલતાને તઘીની પાછળ સિંધ જવા માટે નિશ્ચય કર્યો. માંદગીમાંથી ઊઠયા પછી બરોબર શક્તિ આવી નહોતી છતાં પણ એની હિંમત અમાપ હતી. દિલ્હીથી આવેલા અમીરો અને સગાંઓ સાથે સારું લશ્કર આવી પહોંચ્યું હતું. કાઠિયાવાડથી સિંધમાં જઇ સિંધુ નદી તરીને ઠઠ્ઠા જવા માટે દીબાલપુર, ઉછ, શિવિસ્તાન, અને મુલતાનથી અનેક નૌકાઓ પણ આવી હતી. ફરઘનના સુલતાન તરફથી મધ્ય એશિયામાંથી અલતુન બહાદુર નામનો અમીર પાંચ હજાર ઘોડેસવારના મોગલ લશ્કર સાથે મદદ માટે આવી પહોંચ્યો હતો. આ બધા સાથે સુલતાન મુહમ્મદે સિંધુ નદી ઓળંગી અને નગર ઠઠ્ઠાના સુમડાઓને અને તેમનો આશ્રય લઈ બેઠેલા બળવાખોર તઘીને હરાવવા પ્રયાણ કર્યું.[૩૯]

---

૩૭. તારીખે ફીરોઝશાહી. Illiot III P. 264

૩૮. ફૉર્બ્સની રાસમાળામાં આ વર્ણન આપેલું છે તે આગળ જોઈશું. મુસલમાન ઇતિહાસકારો આ બાબત કાંઈ લખતા નથી.

૩૯. તારીખે ફીરોઝશાહી. Illiot III. P. 164,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુહમ્મદ તઘલખનું મરણ

આ સવારી ઠઠ્ઠાથી ત્રીસ કોશ દૂર હતી એવામાં સુલતાનની તબિયત ફરી બગડી. એણે મુહર્રમ માસની દસમી તારીખનો ઉપવાસ કર્યો હતો અને તેના પારણા કરતી વખતે માછલી ખાધી તે તેને સદી નહિ, અને તાવ આવ્યો. આમ છતાં વહાણમાં સિંધુ નદીમાં ઠઠ્ઠા તરફ પ્રયાણ ચાલુ રાખ્યું અને ઠઠ્ઠા હવે માત્ર ચૌદ કોશ દૂર રહ્યું. પણ સુલતાનની તબિયત વધારે બગડતી ગઈ. લશ્કર તો સુમડાઓને અને તઘીને હરાવી ઠઠ્ઠા સર કરવા તલપાપડ થઈ રહ્યું હતું, પરંતુ સુલતાનની તબિયત જોઈને હિંમત હારી ગયું. લશ્કરીઓને પણ પોતે દિલ્હીથી અને પોતાનાં કુટુંબીજનોથી હજાર માઇલ દૂર હતા, અને આ રણભૂમિમાં પોતાની દશા પણ સુલતાનના જેવી થાય એવો ડર લાગ્યો; અને લડવાને બદલે ઘર તરફ જવાનો વિચાર કરતા ઢીલા બની ગયા. રાજા ઢીલો થતાં આખું લશ્કર ઢીલું બને એવું હિંદના ઇતિહાસમાં અનેક વાર બન્યું છે તેમ બન્યું. તા. ૨૧ મુહર્રમ હિ. સં. ૭૫૨-તા. ૨૦ માર્ચ ૧૩૫૧, નગરઠઠ્ઠાની નજીક, સિંધુ નદીને કાંઠે આ મહાન પણ વિચિત્ર સુલતાને આ દુનિયાનો ત્યાગ કર્યો. અકબરના સમયનો ઇતિહાસકાર બદૌની લખે છે તેમ 'સુલતાન લોકોથી છૂટચો અને લોકો સુલતાનથી છૂટચાં.'[૪૦] આમ હિંદુસ્તાનના મુસ્લિમ ઇતિહાસમાં પ્રકૃતિના એક વિલક્ષણ મિશ્રણવાળા બાદશાહનો અંત આવ્યો.

---

૪૦. બદૌની મનતુખ બુત્તવારીખ-ઇંગ્રેજી તરજુમો. (Ranking).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ચૌદમું

સુલતાન ફીરોઝશાહ તઘલખ

ફીરોઝશાહ તઘલખ-એનું ચારિત્ર્ય

મુહમ્મદ તઘલખને પુત્ર નહોતો, એટલે એની પછી એણે યુવરાજ તરીકે નીમેલો એનો ભત્રીજો ફીરોઝશાહ તઘલખ તા. ૨૪ મુહર્રમ ૭૫૨-ઈ. સ. ૧૩૫૧-૨૩ માર્ચમાં ગાદીએ આવ્યો. લશ્કર અને બીજા બધા અમીરોએ ગાદીને માટે એને પસંદ કર્યો.[૧] સુલતાન ફીરોઝશાહમાં ઘણા સારા ગુણ હતા. એણે રાજ્યની મહેસૂલને લગતા કેટલાક સુધારા અને સારા કાયદા કર્યા. પહેલાંના સુલતાનોના સમયમાં મહેસૂલને અંગે રૈયતને જે ત્રાસ પડયો હતો તે બધો કાયદા કરીને દૂર કર્યો અને અમલદારોને તે પ્રમાણે વર્તવા અને ઠરાવથી વધારે મહેસૂલ ન લેવા સખ્તાઇ કરી.[૨] પોતાને માટે કે રાજ્યને માટે કાપડ વગેરે જે કાંઇ જોઇએ તે પૈસા આપી ખરીદ કરવું એવા હુકમ કર્યા અને એના રાજ્યમાં પ્રજા પૈસેટકે સુખી થઇ.[૩] અલ્લાઉદ્દીનના વખતમાં અનાજ વગેરેના ભાવનું નિયમન કરવા કાયદા થયા હતા, પણ સોંઘવારી થઇ નહોતી. મુહમ્મદ તઘલખના વખતમાં તો પુષ્કળ મોંઘવારી અને દુકાળો પડ્યા હતા. પણ ફીરોઝશાહના વખતમાં સારી વ્યવસ્થાને લીધે દેશમાં સોંઘવારી કાયમ રહી. અનાજની પેઠે બીજી વસ્તુઓ પણ સોંઘી હતી. એને બાગબગીચાનો પણ ઘણો શોખ હતો. બેકાર માણસોને કામ અને રોજી આપવામાં એ ખાસ અંગત કાળજી રાખતો.[૪] એ દાનશીલ હતો

---

૧. તારીખે ફીરોઝશાહી-ઝિઆઉદ્દીન બર્ની. Illiot III. P. 266-67. અને શમ્સે સિરાજ અફીફ કૃત તારીખે ફીરોઝશાહી-એજ પૃ. ૨૭૭-૭૮

૨ શમ્સે સિરાજકૃત-ફીરોઝશાહી એજ. પૃ. ૨૮૯-૯૦. શમ્સે સિરાજ અફીફ લખે છે કે પહેલાં મહેસૂલ એટલી અને એવી રીતે વસૂલ થતી કે ઘણીવાર એક ગાય સિવાય કાંઈ ખેડૂત પાસે રહેતું નહિ.

૩. એજ પૃ. ૨૯૦ અને પૃ. ૩૪૪-૪૫. ઘઉં આઠ જીતલનો મણ અને ચણા ચાર જીતલનો મણ હતા. જીતલ કયો સિક્કો એ સમજાતું નથી.

૪. એજ પૃ. ૩૫૫. બેકારોને પોતાની પાસે લાવવાનો કોટવાલને હુકમ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે માટે એણે દીવાને ખૈરાત નામનું ખાસ ખાતું રાખ્યું હતું.[૫] ગરીબ લોકોને માટે રાજ્યને ખર્ચે દવાખાનાં કાઢયાં હતાં અને એમાં અન્ન પણ મફત આપવામાં આવતું.[૬] એ ન્યાયપ્રિય હતો અને એની સુવ્યવસ્થાથી લોકો પહેલાંના સુલતાનોનો ત્રાસ વીસરી ગયા.

એના રાજ્યમાં હિંદુઓ

પરંતુ આ બધા ગુણ સાથે એનામાં કેટલીક ખામીઓ પણ હતી. એની હિંદુ પ્રજા સાથેના વર્તાવમાં એ સમતુલા જાળવી શકયો નહિ. એ ધર્મચુસ્ત મુસલમાન હતો. પહેલાંના બાદશાહો પોતાના ખાનગી ઓરડાઓમાં સુંદર ચિત્રો રાખતા તે રિવાજ એણે ધર્મ વિરુદ્ધ હોવાથી બંધ કર્યો. માત્ર બાગબગીચાનાં ચિત્રો જ રાખવામાં આવતાં.[૭] હિંદુઓ ઉપર જિઝયા વેરો નાખવામાં આવ્યો હતો પણ પહેલાંના બાદશાહો બ્રાહ્મણો પાસે એ વેરો લેતા નહોતા. ફીરોઝશાહે બ્રાહ્મણો હિંદુ ધર્મના નેતા છે એમ કહીને તેમની પાસે વેરો લેવાનું ઠરાવ્યું. આ જાહેરાત સાંભળીને બ્રાહ્મણોએ ભેગા થઇને બાદશાહને અરજ કરી કે બ્રાહ્મણો પાસેથી આજ સુધી કોઇએ વેરો લીધો નથી; અને જો જિઝયા વેરો માફ[૮] કરવામાં નહિ આવે તો બધા બ્રાહ્મણો મહેલ સામે અગ્નિપ્રવેશ કરીને મરી જશે. પરંતુ આ ધમકીની કાંઇ અસર સુલતાન ઉપર થઇ નહિ. છેવટે બ્રાહ્મણોએ મહેલની સામે બેસીને સત્યાગ્રહ કર્યો અને ઘણા દિવસ સુધી ઉપવાસ કર્યા, જેથી ઘણા તો મરવા જેવા થઇ ગયા. પરંતુ એથી પણ સુલતાનનું મન પીગળ્યું નહિ. છેવટે બીજા હિંદુઓએ બ્રાહ્મણોને સમજાવ્યા અને વેરો તેમના વતી પોતે આપવા કહ્યું. આમ થવાથી આ સત્યાગ્રહ બંધ રહ્યો; અને બ્રાહ્મણોએ છેવટે બીજા કરતાં પોતાની

---

૫. એજ પૃ. ૩૬૧.

૬. એજ પૃ ૩૬૧. આ દવાખાનાં ને 'શિફાખાનાં' Shifa Khānā કહેતા. શમ્સે સિરાજ અફીફ લખે છે કે સુલતાન માંદા માણસો તરફ બહુ દયાળુ હતો.

૭. એજ. પૃ. ૩૬૨–૬૩.

૮. શમ્સે સિરાજ અફીફ કૃત તારીખે ફીરોઝશાહી. Illiot III. P. 365–66. એ જમાનામાં ઉપવાસ અને સત્યાગ્રહનો આ દાખલો રસમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેથી ઓછા પ્રમાણમાં વેરો લેવાની બાદશાહને અરજ કરી અને તે અરજ એણે માન્ય રાખી.[૯] એક વખત એક મંત્રશાસ્ત્રી બ્રાહ્મણને જીવતો બાળી મૂકવાનો દાખલો પણ નોંધાયેલો છે.[૧૦]

સુલતાન ફીરોઝે પોતાનું એક ટૂંકું આત્મચરિત લખ્યું છે.[૧૧] એમાં એ નિખાલસ રીતે કબૂલ કરે છે કે હિંદુઓને હિંદુ તરીકે એ સજા કરતો નહિ પણ મૂર્તિપૂજાનો નાશ કરવા મંદિરો તોડી નાંખતો અને તેની જગાએ મસ્જિદો બનાવતો.[૧૨] હિંદુઓનાં ધાર્મિક પુસ્તકો બાળી નાંખવાનો હુકમ પણ એણે કરેલો.[૧૩] મુસલમાન ધર્મની વિરુદ્ધ એક પંથનો ફેલાવો કરનાર એક શેખ જે ઐન માહરૂ-નો શિષ્ય હતો, અને જેનો પંથ ગૂજરાતમાં હતો, તેને પણ એણે

છે. પહેલાંના બાદશાહોના વખતમાં બ્રાહ્મણો ઉપર જિઝયા વેરો નહોતો તે પણ સૂચક છે. જિઝયા વેરો એ લશ્કરમાં ન જોડાનાર દરેક ઉપરનો વેરો–પછી તે ગમે તે જાતિનો હોય–એમ કેટલાક મુસલમાન વિદ્વાનોનું કહેવું છે. હિંદુઓ પણ મુસલમાન રાજ્યકર્તાના લશ્કરમાં જોડાતા હતા અને બિન લશ્કરી મુસલમાન પાસેથી આ વેરો લેવાનું જાણવામાં આવ્યું નથી. કદાચ લશ્કરમાં જોડાનાર હિંદુ પાસેથી ન લેવાતો હોય. સામાન્ય રીતે હિંદુઓ પાસેથી જ આ વેરો લેવાતો.

૯. એજ પૃ. ૩૬૫–૬૬. આ સત્યાગ્રહમાં બ્રાહ્મણો ન ફાવ્યા. સત્યાગ્રહના પ્રાચીન અને પૌરાણિક કાળના આવા દાખલાઓ જોતાં એમ જણાઈ આવે છે કે સત્યાગ્રહ સફળ થાય તે માટે ઘણે ભાગે સત્યાગ્રહ કરનારા બન્ને પક્ષો વચ્ચે કોઇ જાતની સમાન ભૂમિકા જોઇએ. પછી તે ભૂમિકા સમાન લોહી કે જાતિની હોય, સમાન ધર્મની હોય, કે છેવટે લાંબા સમયના સહવાસની હોય. એમાંનું કાંઈ પણ ન હોય તો સત્યાગ્રહ સફળ થવો મુશ્કેલ બને છે.

૧૦. એજ પૃ. ૩૬૫. આ બ્રાહ્મણને બાળેલો તે શમ્સે સિરાજ અફીફે નજરે જોયેલું. ઝિઆઉદ્દીન બર્ની કરતાં ફીરોઝશાહની હકીકત આ લેખકે વધારે ઝીણવટથી લખી છે.

૧૧. એનું નામ ફુતુહાતે ફીરોઝશાહી છે. ઇલિયટે ભાગ ૩ જામાં પૃ. ૩૭૪ થી એનો તરજુમો કર્યો છે.

૧૨. એજ પૃ. ૩૮૦–૮૧.

૧૩. એજ. પૃ. ૩૮૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડીને સજા કરી, એના પુસ્તકને બાળી નંખાવ્યું.[૧૪] સુલતાન પોતે જ લખે છે કે જિઝયા વેરો નાંખવાથી ઘણા લોકો મુસલમાન બન્યા, અને વેરામાંથી બચવા ઉપરાંત ઇનામ અને માન મેળવ્યું.[૧૫]

સુલતાન ફીરોઝશાહ તઘલખે સાડત્રીસ વર્ષ જેટલું લાંબું રાજ્ય કર્યું એમાં ગૂજરાતને લગતા ખાસ મોટા બનાવો બન્યા નથી. ઉપર વર્ણન કરેલા બનાવો સ્પષ્ટ રીતે દિલ્હીની આસપાસ બનેલા છતાં તે સુલતાનના ચારિત્ર્ય અને સ્વભાવને લગતા હોવાથી, અને એ જમાનામાં રાજ્યની આબાદી રાજ્યકર્તાના અંગત ચારિત્ર્ય ઉપર આધાર રાખતી હોવાથી, અત્રે આપવા યોગ્ય ધાર્યા છે. સુલતાનના લાંબા રાજ્યકાળમાં એની નીતિની અસર ગૂજરાત ઉપર થઇ ન હોય એમ માનવાને કારણ નથી.

સિંધ ઉપર ચડાઈ

ગાદીએ આવ્યા પછી લગભગ બાર વર્ષે ઈ. સ. ૧૩૬૨માં સુલતાને સિંધમાં ઠઠ્ઠાના જામ ઉપર ભારે ચડાઇ લઇ જવાનો નિશ્ચય કર્યો અને આગળની એક વખતની પોતાની પીછેહઠનું વૈર લેવા ધાર્યું. એક મોટું લશ્કર તૈયાર કરવામાં આવ્યું, જેમાં નેવુ હજાર ઘોડેસવાર અને ૪૮૦ હાથીઓ હતા. આ લડાઇમાં શત્રુને હરાવતા પહેલાં જ રોગ અને દુકાળ જણાવા લાગ્યા. રોગ સુલતાનના ઘોડાઓને ખાસ લાગુ પડયો અને લગભગ પોણા ભાગ ઉપરના ઘોડા મરણ પામ્યા. અનાજ પણ ખૂબ મોંઘું થઇ ગયું. સુલતાને પોતાના સલાહકારોને બોલાવી મંત્રણા કરી, અને ગૂજરાત તરફ જઇને લશ્કરને ફરીથી સજ્જ કરવા નિશ્ચય કર્યો.[૧૬]

---

૧૪. એજ પૃ. ૩૭૯–૮૦. ફીરોઝશાહ લખે છે કે આ શેખ "હું ઈશ્વર છું" એમ કહેતો અને તેના શિષ્યો "તમેજ છો તમેજ છો" એમ જવાબમાં કહેતા.

૧૫. એજ પૃ. ૩૮૬. ઝિઆઉદ્દીન બર્ની વગેરે ઇતિહાસ લેખકો અલ્લાઉદ્દીનના માનીતા મલીક કાફુર માટે ખરાબ લખે છે જ્યારે ફીરોઝશાહ એને બુદ્ધિમાન અને ડાહ્યો વજીર હતો એમ લખે છે. ફીરોઝશાહે મલીક કાફુરની કબરની મરામત કરાવી. (પૃ. ૩૮૪).

૧૬. શમ્સસિરાજકૃત તારીખે ફીરોઝશાહી. Illiot–III. P. 324–25.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત આવતાં પડેલી વિપત્તિઓ

પરંતુ હજી ભાગ્ય સવળું નહોતું. ગૂજરાતનો રસ્તો બતાવનારા ભોમિયાઓએ દગો કરીને અવળો રસ્તો બતાવ્યો અને લશ્કરને કચ્છના રણમાંથી દોરવા માંડયું. દુકાળને લીધે અનાજ એટલું મોંઘું થઈ ગયું હતું કે એક શેર અનાજ એકથી બે ટંકામાં મળતું,[૧૭] અને તદ્દન ખૂટી પડયું હતું. લશ્કરને મરેલાં જનાવરોનું સડેલું માંસ ખાવું પડતું અને ચામડાં ઉકાળીને પણ પીવાં પડતાં. માણસો છેક નિરાશ થઇ ગયાં અને દરેકને અંતકાળ પાસે આવતો દેખાયો. ઘોડાઓ મરી જવાથી મોટા મોટા ખાન અને મલીકોને પગપાળા ચાલવું પડયું હતું. પગે ચાલવાથી, ખાવા પીવાનું ન મળવાથી, અને રણની ભયંકરતાથી તેમ જ ઘરથી ને સગાંવહાલાંથી બહુ દૂર હોવાથી દરેક જણ છેક કંટાળી ગયા હતા. પાણી એટલું બધું ખારું મળતું કે જીભ ઉપર મૂકતાં જ તે ઠરી જતું. આ ખારા રણમાં લાવવા માટે બાદશાહે એક ભોમિયાને ગરદન માર્યો. બીજાઓને હુકમ કર્યો કે મીઠું પાણી ગમે ત્યાંથી લાવો અને સારા મુલકમાં તુરત જવાય એવો રસ્તો બતાવો. ઘણી મુશ્કેલીએ થોડું પાણી મેળવી શકાયું.[૧૮] આ ખારું રણ પસાર થયા પછી પણ એવું વેરાન બીજું રણ આવ્યું કે જ્યાં એક પક્ષી પણ ઊડે નહિ, કે એક તણખલું પણ ઊગે નહિ. છ મહિના આમ રણમાં ઘણા દુઃખમાં પસાર કર્યાં પછી આખરે ગૂજરાતની ભૂમિ આવી.[૧૯] છ મહિના સુધી સુલતાનના અને લશ્કરના કાંઈ પણ સમાચાર ન મળવાથી પાટનગરમાં ઘણી ચિંતા થવા

---

૧૭. એજ પૃ. ૩૨૪ એ લેખક આગળ જણાવી ગયો છે કે સુલતાન ફીરોઝના વખતમાં અનાજ સસ્તું હતું અને ચણા તો ચાર જિતલના શેર મળતા. આ ઉપરથી આ વખતે અનાજ બારથી સોળગણું મોંઘું થઈ ગય હતું એમ સમજાય છે.

૧૮. એજ પૃ. ૩૨૫. આગળ પૃ. ૩૨૬માં લેખક લખે છે કે સુલતાને પ્રાર્થના કરી એટલે આકાશમાં વાદળાં આવ્યાં અને વરસાદ પણ પડયો તેથી મીઠું પાણી પુષ્કળ મળ્યું. આ કેટલે અંશે સત્ય હશે તે કહેવું મુશ્કેલ છે.

૧૯. એજ પૃ. ૩૨૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી અને લશ્કર આખું નાશ પામ્યું છે એમ સંદેહ પડવા લાગ્યો. આ વખતે ખાનજહાન ઝફરખાને સમયસૂચકતાથી વ્યવસ્થા જાળવવાથી રાજ્યમાં ખાસ ઉત્પાત થયો નહિ.

અમીર હુસેન સૂબો

સુલતાન ગૂજરાતમાં આવી પહોંચ્યો ત્યારે અમીર મીરાંનો પુત્ર અમીર હુસેન ગૂજરાતનો સૂબો હતો, અને એને નિઝામુલ્મુલ્ક, મલીક ઉસ્શર્ક, અને નેકનામ એવા ઈલ્કાબો હતા. એ હોશિયાર વહીવટદાર ગણાતો હતો; પણ સુલતાન એના ઉપર ક્રોધે ભરાયેલો હતો. એણે સુલતાનને સિંધમાં અને રણમાં કાંઈ મદદ ન મોકલી અને લશ્કરની મોટી ખુવારી થઇ તે માટે સરળ રીતે જવાબ માંગ્યો અને એને હોદ્દા ઉપરથી બરતરફ કર્યો.[૨૦]

ફીરોઝ તઘલખ ગૂજરાતમાં

આ વખતે (ઇ. સ. ૧૩૬૩) આખું ચોમાસું સુલતાને ગૂજરાતમાં લશ્કરની વ્યવસ્થામાં અને નવું લશ્કર ઊભું કરવામાં, ઘણા ઘોડા નાશ પામ્યા હોવાથી નવા ઘોડાઓ મેળવવામાં, દુઃખી થયેલા લશ્કરીઓને અને એમના કુટુંબીઓને રાજ્યની તિજોરીમાંથી પૈસાની મદદ કરવામાં ગાળ્યું. આ બધી તૈયારી કરી એને ઠઠ્ઠા ઉપર ફરીથી સફળ હુમલો કરવાનો વિચાર હતો. દિલ્હીથી ખાનજહાને પણ લશ્કર અને સરંજામ મોકલી આપ્યો. સુલતાને ગૂજરાતની આખી આવક જે બે કરોડ ટંકા જેટલી હતી તે બધી આ નવું લશ્કર વ્યવસ્થિત કરવામાં વાપરી.[૨૧]

ઝફરખાન, અને તેના પુત્રની સૂબાગીરી

હવે સુલતાને ઠઠ્ઠા તરફ પ્રયાણ કરવાનું નક્કી કર્યું તે વખતે દક્ષિણમાં દૌલતાબાદથી હસન ગંગુના જમાઇ બહેરામખાન તરફથી સમાચાર આવ્યા કે તેની અને હસનગંગુના પુત્રની વચ્ચે તકરાર પડી છે અને સુલતાન પોતે જ આવીને દૌલતાબાદની ગાદી લઈ શકે

૨૦. શમ્સે સિરાજ અફીફ કૃત તારીખે ફીરોઝશાહી Illiot III. P. 326–27.

૨૧. એજ પૃ. ૩૨૭–૨૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. પરંતુ સુલતાને ઠઠ્ઠા જવાનું પસંદ કર્યું. ગૂજરાતની સૂબેદારી માટે પહેલાં એણે મલીક નાયબ બારબકને પસંદ કર્યો; પણ પછી એની અને ઝફરખાનની પસંદગીમાં કઈ સારી, અને એ બેમાં ઈશ્વરી પસંદગી કોના ઊપર ઉતરે છે તે જોવા માટે કુરાનેશરીફમાં શુકન જોતાં પસંદગી ઝફરખાન ઉપર ઊતરવાથી, ઝફરખાનને ગૂજરાતનો સૂબો નીમી,[૨૨] સુલતાન ઠઠ્ઠા તરફ ઊપડયો. આ ઝફરખાન[૨૩] બંગાળના સોનાર ગામના સુલતાન ફખરુદ્દીનનો જમાઈ થતો હતો અને બાદશાહતનો મોટો અમીર હતો, અને બંગાળથી નાસીને દિલ્હી આવતાં સુલતાન ફીરોઝે એનો સત્કાર કર્યો હતો. એના ગૂજરાતના વહીવટની ખાસ હકીકત મળતી નથી. એ ઈ. સ. ૧૩૭૧–૭૨માં ગુજરી ગયો અને એના પુત્ર દરિયાખાનને એનો ઇલ્કાબ આપીને ગૂજરાતનો સૂબો નીમ્યો. પરંતુ એને બદલે ખરો વહીવટ એના નાયબ શમ્સુદ્દીન અનવરખાને કર્યો.[૨૪]

શમ્સુદ્દીન દામઘાની સૂબો

પરંતુ આ સૂબાનો વહીવટ લાંબો સમય ટકયો નહિ. હિ. સં. ૭૭૮ (ઈ. સ. ૧૩૭૬) માં ગૂજરાતની મહેસૂલ ખૂબ ઘટી ગઈ. તે ઉપરથી શમ્સુદ્દીન દામઘાની નામના અમીરે, દર વર્ષે ચાલીસ લાખ ટંકા રોકડા, એકસો હાથી, બસો આરબ ઘોડા, હિંદુઓ અને હબસીઓ મળીને ચારસો ગુલામો, દિલ્હી મોકલવાની કબૂલાત આપી. પરંતુ બાદશાહે ન્યાયની ખાતર ઝફરખાનના નાયબ શમ્સુદ્દીન અનવરખાનને[૨૫] પુછાવી જોયું કે આ શરત તેને કબુલ છે કે નહિ.

---

૨૨. એજ પૃ. ૩૨૯.

૨૩. ગૂજરાતમાં ઝફરખાન નામના ત્રણ સૂબા થઇ ગયા. પહેલા અલાઉદ્દીનના પુત્ર સુલતાન મુબારકના વખતમાં મલીક દીનાર ઝફરખાન; બીજો ઉપર કહયો તે સોનાર ગામનો ઝફરખાન, અને ત્રીજો આગળ ઉપર આવશે તે વજીર ઉલ્મુલ્કનો પુત્ર ઝફરખાન જે પાછળથી સુલતાન મુઝફ્ફરખાન નામથી ગૂજરાતની સ્વતંત્ર સલ્તનતનો સ્થાપક થયો હતો.

૨૪. પ્રો. કૉમીસેરિએટનો અંગ્રેજીમાં લખેલો ઇતિહાસ પૃ. ૪૫.

૨૫. આ શમ્સુદ્દીન અનવરખાનનું નામ તારીખે મુબારકશાહી (Illiot III P. 12) માં મલીક ઝિઆઉલ્મુલ્ક મલીક શમ્સુદ્દીન અબુરની એવું આપેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતના સૂબાએ આ શરત અશકય છે એમ જવાબ દીધાથી સુલતાને શમ્સુદ્દીન દામધાનીને ગૂજરાતનો સૂબો નીમ્યો.[૨૬]

હવે શમ્સુદ્દીન દામધાની પોતે કબૂલેલી શરત પાળી શક્યો નહિ એટલે એણે બળવો કરવાનો વિચાર કર્યો. પોતે ધારેલી મહેસૂલની રકમ ઊભી કરવા માટે એણે ગૂજરાતમાં જુલ્મ પણ કરવા માંડયો, અને તેથી પ્રજા તેની વિરુદ્ધ થઇ ગઇ હતી. પરદેશી અમીરો–અમીરાંનેસદહ–જેમણે મુહમ્મદ તઘલખ સામે બળવો કર્યો હતો–એમાંથી બાકી રહેલા અમીરોએ પણ આ જુલ્મી સૂબા સામે સક્રિય વિરોધ કર્યો. આ બધા સમાચાર મળવાથી સુલતાને પણ ગૂજરાતમાં લશ્કર મોકલ્યું અને ગૂજરાતના લોકો ઠાકોરો અને પરદેશી અમીરો જેમના ઉપર સૂબાએ જુલ્મ ગુજાર્યો હતો, તેમની મદદથી દામઘાનીને હરાવી મારી નાંખ્યો અને એનું માથું દિલ્હી મોકલી આપ્યું.[૨૭]

દામધાનીના મરણ પછી મલીક મુફર્રા સુલતાનીને ફરહત ઉલ્-મુલ્કનો ઇલ્કાબ આપીને ગૂજરાતનો સૂબો નીમ્યો. એનો બીજો ઇલ્કાબ રાસ્તીખાન હતો.[૨૮] આ અમીરની સૂબાગીરી ઇ. સ. ૧૩૭૭ થી ૧૩૯૧ સુધી લગભગ પંદર વર્ષ સુધી રહી. આ વખતે બાદશાહ ફીરોઝશાહ તઘલખ વૃદ્ધ થઇ ગયો હતો. એના અમલના છેલ્લા વર્ષમાં એક મલીક યાકુબને સિકંદરખાનનો ઇલ્કાબ આપીને ગૂજરાતની સૂબાગીરી ઉપર મોકલવામાં આવ્યો હતો.[૨૯] પણ ફરહત ઉલ્મુલ્ક રાસ્તીખાને અમીરાંનેસદહની મદદથી એને હરાવી મારી નાંખ્યો.[૩૦] ફરહત ઉલ્મુલ્ક સ્વતંત્ર થવા ઇચ્છતો હતો એમ પણ કહેવાય છે. એણે હિંદુઓ સાથે સારાસારી રાખી હતી અને હિંદુ

---

૨૬. તારીખે મુબારકશાહી (Illiot IV. P. 12–13.) ચહયાબીન અહમદકૃત વધારા માટે જુઓ. Bom. gaz. I. part. I. P. 231, અને Baily's Gujarat P. 58.

૨૭. તારીખે મુબારકશાહી. પૃ. ૧૩. આમાં અમીરાંનેસદહ તરીકે મલીક શેખુલમુલ્ક ફખરુદ્દીનનું નામ આપ્યું છે.

૨૮. એજ પૃ. ૧૪.

૨૯. એજ પૃ. ૧૬.

૩૦. એજ પૃ. ૧૬ અહીં મલીક મુફર્રાને ખંભાતનો અમીર કહયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાકોરો અને રાજાઓ એની મદદે હતા. આથી કેટલાક ચુસ્ત મુસલમાન અમીરોએ બાદશાહને ફરિયાદ પણ કરી હતી કે મૂર્તિપૂજાને દબાવી દેવાને બદલે આ સૂબો ઉત્તેજન આપે છે.[૩૧] આમ બધા જ ચુસ્ત મુસલમાન અમીરો અને સરદારો એની સામે થઇ ગયા, અને એ જમાનો પણ ચુસ્ત ધર્માંધતાનો હતો.

સુલતાન ફીરોઝનું મરણ અને તે પછી બે બાદશાહો

હવે હિ. સં. ૭૯૦ રમજાન તા. ૧૮ ઈ. સ. ૧૩૮૮ તા. ૨૬ સપ્ટેંબરમાં સુલતાન ફીરોઝશાહ તઘલખ મરણ પામ્યો. એના અમીરોએ એના પોત્ર ગિયાસુદ્દીન તઘલખને ગાદીએ બેસાડયો પણ એનું રાજ્ય લાંબો વખત રહ્યું નહિ. મુહમ્મદ તઘલખ બીજો, જેને ફીરોઝે થોડો વખત વારસ ઠરાવ્યો હતો, તેને ગિયાસુદ્દીન સાથે યુદ્ધ થયું તેમાં તે હાર્યો. પણ ગીયાસુદ્દીન મોજમજાહમાં પડી ગયો હતો. તેને હિ. સ. ૭૯૧ ઈ. સ. ૧૩૮૯ માં મલીક રુકનુદ્દીન નાયબે મારી નાંખ્યો. આમ છ મહિના એનું રાજ્ય રહ્યું. એની પછી સુલતાન ફીરોઝના બીજા પુત્રનો પુત્ર અબુબકર ગાદીએ આવ્યો. એની અને મુહમ્મદ તઘલખ બીજા વચ્ચે પણ લડાઈ ચાલ્યા જ કરી અને એમાં છેવટે મુહમ્મદ જીત્યો અને અબુબકરને એણે કેદ કર્યો.[૩૨]

જફરખાન બિન વજીઉલમુલ્કની સૂબાગીરી અને અહમદશાહનો જન્મ

મુહમ્મદ તઘલખ બીજાના વખતમાં ફરહત ઉલ્મુલ્ક રાસ્તીખાને ગૂજરાતમાં બળવો કર્યાના સમાચાર દિલ્હી પહોંચ્યા અને આગળ જણાવી તે ફરિયાદો પણ પહોંચી. સુલતાન મુહમ્મદે સાધુપુરુષોની સલાહ લઈને વજીઉલ્મુલ્કના પુત્ર ઝફરખાનને મુઝફ્ફરખાનનો ઈલ્કાબ આપીને લશ્કર સાથે ગૂજરાતનો બળવો શમાવી દેવા મોકલ્યો, એને

---

૩૧. આ માટે તારીખે ફિરિસ્તાનનો આધાર છે, અને હિંદુ ઠાકોરો સાથેનો સહકાર સૂચક છે. હિંદુઓ સાથે સહકાર વગર તે વખતે સફળ વહીવટ અશક્ય હતો.

૩૨. તારીખે મુબારકશાહી. Illiot IV. P. 18–20. Baily's Gujarat P. 73. ગિયાસુદ્દીન તઘલખને તા. ૧૯ ફેબ્રુઆરી ૧૩૮૯ ને દિવસે મારી નાંખવામાં આવ્યો.

૨૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૩૯૧ માં ગૂજરાતની સૂબાગીરી ઉપર નીમીને રાજાને છાજે તેવા લાલ છત્ર સાથે અણહિલ્લવાડ પાટણ તરફ મોકલ્યો. બાદશાહ જાતે એને વળાવવા ગયો, અને પુત્ર તાતારખાનને પોતાના પુત્ર જેવો ગણીને દિલ્હીમાં પોતાની પાસે રાખ્યો. ઝફરખાન આમ પાટણ તરફ કૂચ કરતો હતો એવામાં એના પુત્ર તાતારખાનની બેગમે દિલ્હીમાં પુત્રનો જન્મ આપ્યો છે એવા સમાચાર આવ્યા.[૩૩] આ બાળકનું નામ અહમદ પાડવામાં આવ્યું અને તે આગળ ઉપર ગૂજરાતની સ્વતંત્ર બાદશાહીનો વંશકર્તા અને ગૂજરાતના પાટનગર અહમદાબાદ—અમદાવાદનો સ્થાપક થયો.

આમ કૂચ કરતો ઝફરખાન નાગોર પાસે આવ્યો ત્યારે ખંભાતના કેટલાક રહેવાસીઓ રાસ્તીખાન વિરુદ્ધ ફરિયાદ લઈને આવ્યા હતા તે તેને મળ્યા, અને એણે તેમને ઘટતું કરવા વચન આપીને સંતોષ્યા. પાટણ આવી પહોંચ્યા પછી ઝફરખાને રાસ્તીખાનને કહેવડાવ્યું કે ભૂલ કબૂલ કરી તાબે થવું એ સારો રસ્તો છે અને સુલતાન એની માફી બક્ષશે.[૩૪] પણ આ શિખામણ રાસ્તીખાને માની નહિ અને દસથી બાર હજારનું લશ્કર જે મોટે ભાગે હિંદુઓનું બનેલું હતું તે લઈને લડવા સામો આવ્યો. બન્ને લશ્કર ગાંભુ[૩૫] પાસે

---

૩૩. મીરાતે સિકંદરી. Baily's Gujarat P. 73–74.

૩૪. પ્રો. કૉમીસેરિએટ ફિરિસ્તાને આધારે ઝફરખાને આશાવલ આવી બીજો સંદેશો કહેવડાવ્યો એમ લખે છે પણ તેને સિકંદરીનો ટેકો નથી. ઝફરખાન આશાવલ આવી પાછો પાટણ જઇ પછી પાટણ પાસે ગાંભુ આગળ લડયો હોય એમ સંભવે નહિ. ફિરિસ્તાની ભૂલ લાગે છે. સિકંદરી રાસ્તીખાનને નાઝીમ બે નાઝીમ એટલે સૂબાગીરીને લાયક નહિ એવો સૂબો કહે છે, ખંભાતથી ફરિયાદ કરનારા મુસલમાન હોવા જોઈએ, હિંદુઓ રાસ્તીખાન સામે ફરિયાદ કરે નહિ.

૩૫. પ્રો. કૉમીસેરિએટ, બેલી અને બર્ડને આધારે આ લડાઇ કંબોઈમાં થઇ એમ લખે છે. પરંતુ બેલીએ અંગ્રેજીમાં Kambhu શબ્દ લખ્યો છે. ગ ને બદલે ક ફારસીમાં લખે છે. તેથી આ શબ્દ સ્પષ્ટ રીતે ગાંભુ જ છે: કંબોઈ નથી. ગાંભુ પાટણની પાસે આવેલું મોટું ગામ છે. જુઓ Baily's Gujarat. P. 75. સિકંદરીના ગુ. ભાષામાં મોજે સનહુમન લખ્યું છે. પૃ. ૧૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યાં અને લડાઈ થઈ તેમાં રાસ્તીખાન હાર્યો અને માર્યો ગયો. આ લડાઈમાં ઈ. સ. ૧૩૯૨ તા. ૪થી જાન્યુઆરી—૭ મી સફર ૭૯૪ ને દિવસે વિજય મળ્યો અને ઝફરખાને ત્યાં જિતપુર નામે ગામ વસાવ્યું.

ઝફરખાનની સત્તાની જમાવટ અને દિલ્હીમાં બે સુલતાનો

જિતપુર વસાવ્યા પછી હિ. સં. ૭૯૫ (ઈ. સ. ૧૩૯૩)માં ખંભાત તરફ ગયો અને એ બાજૂનો મુલક તાબે કરીને વ્યવસ્થા કરી. ખંભાતથી એ પાટણ આવ્યો અને આ જીતના સમાચારથી બાદશાહ મુહમ્મદશાહ તઘલખ બીજાએ ઝફરખાનને ખરીતો મોકલ્યો તેમાં પોતાના હાથથી એને "બરાદર અમ મજલીસ આલીખાન" અને "આઝમ હુમાયું" વગેરે ઇલકાબો લખ્યા હતા. હિ. સ. ૭૯૬–ઈ. સ. ૧૩૯૪ માં સુલતાન મુહમ્મદ તઘલખ બીજો મરણ પામ્યો, અને એનો મોટો પુત્ર હુમાયુંખાન અલ્લાઉદ્દીન નામ ધારણ કરીને ગાદીએ આવ્યો. પણ દોઢ મહિનામાં જ તેનું મરણ થવાથી તેનો ભાઈ મહમૂદખાન નાસિરૂદ્દીન મહમૂદશાહ નામ ધારણ કરીને ગાદીએ બેઠો. આ ફેરફારને ગૂજરાત સાથે કાંઇ સંબંધ હતો નહિ. ગૂજરાતમાં ઝફરખાન પોતાની સત્તા જમાવતો હતો. ગૂજરાત કાઠિયાવાડ અને સરહદના બધા ભાગમાં લશ્કર લઈને એણે કાયદો અને વ્યવસ્થા સ્થાપિત કર્યાં; અને વ્યવસ્થા થવાથી દેશની આબાદી પણ વધી.[૩૬]

આ સમયના સંત પુરુષો

આ સમયના એક સંત પાટણમાં થઈ ગયા. એમનું વર્ણન મીરાતે અહમદીમાં કર્યું છે. એમનું નામ મખદુમુલ આલમ (જગતમાં પૂજનીય) હતું. જે વખતે ઝફરખાન દિલ્હીથી લશ્કર લઇને રાસ્તીખાનને વશ કરવા પાટણ આવ્યો ત્યારે તેઓ પાટણમાં હતા.

૩૬. Baily's Gujarat P. 75 સિકંદરીના ગુ. ભા.માં બાદશાહે ઝફરખાનને લખેલા શબ્દો આ પ્રમાણે છે :—"મારા ભાઈ, પરમ મિત્ર, મહા માનવંત, ન્યાયી, ઉદાર, રાજ્ય અને ધર્મના સંરક્ષક, મુસલમાનોના ભૂષણ આઝમ હુમાયું ઝફરખાન."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાસ્તીખાન ખંભાત હતો. ઝફરખાન આ સંત પુરુષને મળ્યો અને એમણે એને સુપ્રસિદ્ધ મખદુમ જહાનિયાં સાહેબ તરફથી મળેલી એક તરવાર આપીને કહ્યું કે આ તરવારથી તમે રાસ્તીખાનને ઠાર કરશો, અને ગૂજરાતના માલીક થશો. આ મખદુમુલ આલમ સાહેબના કહેવાથી ઝફરખાન પાટણમાં મલીક સંજર અલપખાને બંધાવેલી મોટી જુમ્મા મસ્જિદમાં, જે જગાએ મખદુમ જહાનિયાં સાહેબે આવીને નિમાજ પઢેલી, ત્યાં દસ દિવસ રહ્યો. મખદુમુલ સાહેબના કહેવાથી ઝફરખાને એ મસ્જિદના ચોકમાં એક ઘુમટ બંધાવ્યો અને મસ્જિદની દીવાલને કાંગરાં મુકાવ્યાં. આ સમયમાં પાટણમાં શેખ હિસામુદ્દીન ઉસમાન અને સૈયદ હુસેન ખંગ સવાર નામે બીજા બે સંત પુરુષો પણ થઈ ગયા.[૩૭]

આગલા પ્રકરણમાં સુલતાન મુહમ્મદ તઘલખના વખતમાં ઈબ્ન બટુટા નામનો આફ્રિકાનો એક મુસલમાન મુસાફર હિંદમાં આવ્યો હતો અને દિલ્હીમાં સુલતાનની ઉદારતાનો સ્વાદ પણ એણે ચાખ્યો હતો. સુલતાને એને કાજી બનાવ્યો હતો, અને છેવટે પોતાના રાજ્યના એલચી તરીકે ચીન મોકલ્યો હતો.[૩૮] આ મુસાફર ચીન જતાં ઈ. સ. ૧૩૪૨ માં ગૂજરાતનાં બંદરોએ આવ્યો હતો અને એણે ગૂજરાતના કિનારાનાં કેટલાંક સ્થળોનું વર્ણન કરેલું છે.

ઇબ્ન બટુટાએ કરેલું ખંભાતનું વર્ણન

પોતાના એલચીખાતા સાથે ચીન જતાં, હિંદમાં જ એ લૂંટાયો અને નાસતાં નાસતાં પોતાનાં માણસો સાથે દૌલતાબાદમાં ભેગો થઈ, ચીનનું વહાણ પકડવા માટે ગૂજરાતના ખંભાત બંદરે આવી પહોંચ્યો. ખંભાતને માટે એ મુસાફર લખે છે કે પહોળી નદી જેવી દરિયાની એક ખાડી ઉપર ખંભાત આવેલું છે. ત્યાં ઓટ વખતે વહાણો કાદવમાં પડયાં હોય છે અને ભરતી વખતે પાણીની સપાટી

૩૭. મીરાતે એહમદીની પુરવણી. ગુ. ભા. પૃ. ૧૧૭-૧૧૮.

૩૮. Illiot III. માં એક પરિશિષ્ટમાં આ બાબત માટે અને સુલતાનના સ્વભાવ માટે ઈબ્ન બટુટાએ કરેલું વર્ણન આપેલું છે જેનો ઉલ્લેખ આગલા પ્રકરણમાં કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર તરતાં દેખાય છે. એ શહેરની બાંધણી અને એની મસ્જિદોની બાંધણી એને સૌથી સુંદર શહેરોમાંના એક તરીકે ગણાવી શકે. એનું કારણ એ છે કે એમાં પરદેશી વેપારીઓની મોટી વસ્તી છે, અને તેઓ સુંદર મકાનો અને મસ્જિદો બાંધવામાં એક બીજા સાથે હરીફાઈ કરે છે. ખંભાતના વેપારીઓનાં મકાનોનું વર્ણન કરતાં ઇબ્ન બતુટા લખે છે કે એ લોકોનાં મોટાં મકાનો સાથે ખાનગી મસ્જિદ પણ બાંધેલી હોય છે. શરીફ અસ્સમરી નામના વેપારીના મકાનનો દરવાજો એવડો મોટો હતો કે એક શહેરના દરવાજા જેવડો લાગે. અલકઝરૂની નામનો એક વેપારી સૌથી મોટો ગણાતો હતો અને એનું મકાન ઘણું મોટું તથા ખાનગી મસ્જિદવાળું હતું. નજ-મુદ્દીન અલગીલાની નામે એક વેપારીની લાગવગ એટલી બધી હતી કે બાદશાહે એને ખંભાતનો સૂબો બનાવ્યો હતો, પણ એ અધિકારને લીધે એની મિલકત અને જીવ બન્ને ગયાં. તે વખતના ખંભાતના સૂબા મુકબીલ ઉત્તીલંઘીએ ઇબ્ન બતુટાને પોતાના મહેલમાં જમવા તેડયો હતો તેનું વર્ણન પણ એણે કરેલું છે.[૩૯]

કાવી ને ગાંધાર

ખંભાતથી વહાણમાં બેસી ઇબ્ન બતુટા કાવી અને ગાંધાર

---

૩૮. ઈબ્ન બતુટા લખે છે કે એ વખતે જમવા આવેલાઓમાં એક કાજી હતો અને બીજો બગદાદનો શરીફ હતો. બન્ને કાણા હતા. એમની આકૃતિ એકબીજાને મળતી આવતી હતી. પણ એક ડાબી આંખે કાણો ને બીજો જમણી આંખે કાણો હતો. શરીફે કાજી સામું જોઈને જરા હસવા માંડયું તેથી કાજીને ખોટું લાગ્યું. તે જોઇ શરીફ બોલ્યો કે 'આપણા બેમાં હું જરા ચડિયાતો છું, કારણ કે તમારી જમણી આંખ ગઇ છે જ્યારે મારી તો માત્ર ડાબી જ ગઈ છે. આ સાંભળી બધા હસી પડયા. કાજીને ખોટું તો બહુ લાગ્યું પણ શરીફની પદવી અને માન વધારે હોવાથી કાંઈ બોલી શકયો નહિ.

૩૯. આ મુસાફર ચુસ્ત મુસલમાન હોવાથી હિંદુઓને હલકી નજરે જોતો લાગે છે. ખંભાતના અખાતમાં અને બીજે ચાંચિયાઓ હતા અને હિંદુઓ ચાંચિયાગીરી કરતા એ તો મોખડાજી ગોહેલની કથા ઉપરથી લાગે છે. પણ આ મુસાફર હિંદુ વેપારીઓ કે તેમનાં વહાણો કે ઘોઘાના પ્રસિદ્ધ ખલાસીઓ વગેરે માટે કાંઈ પ્રશંસાના શબ્દો કહેતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંદરોએ આવ્યો. આ બન્ને બંદરો એ વખતે એક ખંડિયા હિંદુ રાજાને તાબે હતાં. રાજા આ બાદશાહી એલચીને લેવા ખાસ આવ્યો અને પોતાના મહેલમાં તેમને ઉતારો આપ્યો, અને બીજું ઘણું માન આપ્યું. આ બંદરોમાં વેપારીઓનાં ઘણાં વહાણો હતાં. એમાં એક અલજાગીર નામનું વહાણ ઘણું મોટું પચાસ હલેસાંવાળું હતું અને એમાં પચાસ હબસી લડવૈયા હતા. મુસાફર કહે છે કે એક હબસી લડવૈયો હોય તોપણ હિંદુઓ કે ચાંચિયાઓ વહાણને કાંઈ ઇજા કરી શકતા નહિ.[૪૦]

ગાંધારથી બે દિવસની સફર પછી એ લોકો પીરમ બેટ પાસે આવ્યા. એમની સાથે ચીનના શહેનશાહને ભેટ આપવા માટે સિત્તેરથી વધારે ઘોડા હતા. પીરમ બેટ એ વખતે ઉજ્જડ હતો એમ એ મુસાફર લખે છે. મુહમ્મદ તઘલખે મોખડાજી ગોહેલને હરાવીને પીરમના કિલ્લાનો નાશ કર્યો હતો એ આગળ જોઇશું. આગળ કહ્યો એ કઝેરૂની નામના મોટા ખંભાતના વેપારીએ પીરમનો કિલ્લો ફરી બાંધીને ત્યાં મુસલમાનોને વસાવવાની ઇચ્છા કરી હતી. પીરમથી બીજે દિવસે એ ઘોઘા આવ્યો. ઘોઘાથી ચાર માઇલ દૂર વહાણો લાંગર્યાં હતાં અને નાની હોડીમાં એ ઘોઘામાં આવીને બજારોમાં ફર્યો હતો. ઘોઘા એ વખતે મોટું શહેર હતું. હોડીમાં ઘોઘા આવતાં હોડી કાદવમાં ભરાઈ જવાથી એ અકસ્માતમાંથી બચી ગયો. ઇબ્ન બતુટા લખે છે કે ઘોઘાનો રાજા હિંદુ હતો અને એ સુલતાનની આણ નામની જ માનતો. ઘોઘામાં એક મસ્જિદ પણ હતી જેમાં એ મુસાફરે સાંઝની નિમાજ પઢી હતી. ઘોઘાથી એનાં વહાણો

---

૪૦. આ વર્ણનમાં કંઈક ગોટાળો જણાય છે. મુહમ્મદે મોખડાજી ગોહેલને ઈ. સ. ૧૩૪૭–૫૦ ની વચ્ચે હરાવી પીરમ બેટ લીધો હતો, જ્યારે આ મુસાફર ઇ. સ. ૧૩૪૨માં આવ્યો હતો. એટલે આ ફેરનું નિરાકરણ થતું નથી. ઘોઘામાં હિંદુ રાજા હતો એ વચન જ કહી આપે છે કે મોખડાજીનું રાજ્ય તે વખત ઘોઘામાં હતું. એટલે સુલતાને કે એના કોઈ અમલદારે પહેલાં કોઈવાર પીરમ ઉપર અને મોખડાજી ગોહેલ ઉપર ચડાઈ કરી હશે એમ માનવું પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવા, હોનાવર, કાલીકટ વગેરે થઇને ચીન તરફ ઊપડી ગયાં.[૪૧]

પ્રકરણ પંદરમું

ગૂજરાતી સમાજનું બંધારણ: જાતિઓનું અને ધાર્મિક સંપ્રદાયોનું મિશ્રણ

૧

પ્રાગૈતિહાસિક સમયનાં જાતિઓનાં મિશ્રણ

ઐતિહાસિક દૃષ્ટિએ સમસ્ત હિંદુસ્તાનનું સામાજિક બંધારણ અને ધાર્મિક સંપ્રદાયોમાં થયેલાં મિશ્રણો બહુ જ રસમય છે. હિંદુસ્તાનના ઇતિહાસનો આ વિભાગ જગતના સામાજિક ઇતિહાસનું એક ચમત્કારિક પ્રકરણ કહીએ તો ચાલે. સંસ્કારી દુનિયાના સર્વથી પ્રાચીન ધર્મ–હિંદુ ધર્મનું અનેક સંકટો તરીને આજ સુધી ટકી રહેવું; જગતના ચોથા ભાગ જેટલા લોકોનો ધર્મ–બૌદ્ધધર્મનું પોતાની જ જન્મભૂમિ–હિંદમાંથી નાશ પામવું; અને અનેક વિરોધી તત્ત્વોથી ભરેલી અનેક જાતિઓનો પોતામાં સમાવી લેવાનો ચમત્કાર બતાવનાર હિંદુ ધર્મનું મુસલમાનોને સમાવવામાં નિષ્ફળ જવું; એ ત્રણ બનાવ આપણા સામાજિક ઇતિહાસના ચમત્કારો છે. આ વિષય આખા હિંદને લગતો છે. છતાં પ્રાંતિક વિશેષતાઓ પણ તેમાં દેખાય છે. આ વિષય સંપૂર્ણ ચર્ચવા માટે એક કરતાં વધારે દળદાર ગ્રંથો જોઇએ. દરેક પ્રાંતના સામાજિક બંધારણની ચર્ચા માટે પણ એવા ગ્રંથો થાય. આ વિષયને એક નાના પ્રકરણમાં સમાવવાનું દુષ્કર તો છે જ. છતાં જે સમાજ ઉપર મુસલમાનો રાજ્ય કરવા આવ્યા અને

૪૧. ઇબ્ન બટુટાનું ગૂજરાતનાં બંદરોનું વર્ણન ઇલિયટના ઇતિહાસમાં આપ્યું નથી. પ્રો. કૉમીસેરિએટે પોતાના ઇતિહાસમાં ગીબ્સના તરજુમા ઉપરથી એક આખું પ્રકરણ આ મુસાફર માટે લખ્યું છે. જેમાંનો ઘણો ભાગ ગૂજરાતને લગતો નથી. ઈબ્ન બટુટાનું વર્ણન મુસલમાન વસ્તીને લગતું જ છે. બીજી વસ્તી કે વેપારીઓ માટે નજીવું લખેલું હોવાથી એના વર્ણનને ગૂજરાત માટે બહુ મહત્ત્વનું ગણવા જેવું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે તેમાં ન સમાયા, તેનું ઊડતી નજરે અવલોકન કરવું અહીં અગત્યનું છે. ગૂજરાતની વિશિષ્ટ પરિસ્થિતિ અને સંસ્કારિતાને ખાસ નજર આગળ રાખીને કેટલેક અંશે આખા હિંદની સામાજિક સ્થિતિનો ટૂંકો ખ્યાલ આપવાનું પણ અહીં યોગ્ય જણાશે. ગૂજરાતની ભૂમિ ઉપર પ્રાગૈતિહાસિક સમયથી અનેક મિશ્રણો અને અનેક ફેરફાર સાથે બંધાઇને સજ્જ થયેલા સમાજ ઉપર મુસલમાનોનો અમલ આવ્યો, એટલે એ અમલે એના ઉપર કેવી અસર કરી તેનો ખ્યાલ આવે તે માટે પ્રાગૈતિહાસિક સમયથી જ એનું વર્ણન કરવું જરૂરી છે. અન્ય પ્રાંતો ઉપર એવી અસર થઇ તેના કરતાં ગૂજરાત ઉપર થયેલી અસરમાં શી વિશેષતા હતી તે જોવા માટે પણ પ્રાચીન સમયથી સામાજિક બંધારણ તપાસવાની જરૂર છે.

આપણા સામાજિક ઇતિહાસના સંબંધમાં આજના વિદ્વાનોના રૂઢિચુસ્ત માનસ માટે કાંઇક કહેવું ઉચિત ગણાશે. એ વસ્તુસ્થિતિ સમસ્ત હિંદને લાગુ પડે છે છતાં ગૂજરાતના સંબંધમાં એ ચર્ચા ખાસ ઉચિત ગણાશે. એ વસ્તુસ્થિતિ એટલે હિંદના સર્વથી પ્રાચીન સાહિત્ય–વૈદિકસાહિત્ય–માં જે જાતિઓનું વર્ણન કર્યું છે અને આપણાં પુરાણોએ જેને ટેકો આપ્યો છે[1] તેનું આજના સમાજમાં થયેલું અદ્‌ભૂત મિશ્રણ. આ બાબતના રૂઢિચુસ્ત માનસનો ત્યાગ કરવાનું માન પાર્જિટરને છે. એ વિદ્વાનનાં કેટલાંક મંતવ્યોને માનવા છતાં પણ આપણા કેટલાક વિદ્વાનો શુદ્ધ ઇતિહાસમાં ન શોભે એવી કેટલીક રૂઢ માન્યતાઓનો ત્યાગ કરી શકતા નથી.[2]

---

૧. રાજકીય દૃષ્ટિએ ગમે તે સમયનો ઇતિહાસ હોય પણ સમાજ તો સનાતન છે અને તેનું વર્ણન પ્રાચીન સમયથી કરવું યોગ્ય જ ગણાય. વેદમાં જે જાતિઓનાં યુદ્ધો વગેરે ઐતિહાસિક બાબતો છે તેને હમેશાં પુરાણો સાથે જ જોવાની છે. પુરાણોથી વેદાર્થનું સમુપબૃંહણ કરવાનું છે. આપણા સામાજિક ઇતિહાસ માટે પણ એ દૃષ્ટિ જરૂરની છે.

૨. પાર્જિટરે પુરાણોને નવી દૃષ્ટિથી જોવાનું શરૂ કર્યું. એ ઘણે ભાગે પ્રથમ છતાં ભારે પ્રયત્ન છે. એ વિદ્વાનના ઐલો એટલે આર્યો એ સિદ્ધાંત કદાચ માન્ય ન રાખીએ છતાં પણ એમણે લખેલી ઘણી વિગતો માન્ય રાખ્યા વગર ચાલે તેમ નથી. એમની દૃષ્ટિ તો માન્ય રાખવા જેવી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહેનજોડેરોની શોધ પછી વૈદિક સમય વિદ્વાનો પહેલાં માનતા હતા તેના કરતાં વધારે પ્રાચીન ઠરે છે.[૩] એ શોધવા છેલ્લા થરમાંથી નીકળેલી વસ્તુઓ આર્યેતર સંસ્કૃતિની છે એમ પણ વિદ્વાનોએ કબૂલ કર્યું છે.[૪] એ આર્યેતર સંસ્કૃતિ કોની? વેદમાં કહેલા અસુરો અમાનુષી પ્રાણીઓ નહોતા પણ આપણા જેવા માણસો જ હતા એ પણ હવે વિદ્વાનો કબૂલ કરે છે.[૫] છતાં વૈદિક સમય પછી થયેલી જાતિઓનાં મિશ્રણમાં અસુર એ એક મુખ્ય જાતિ હતી. એમના સંસ્કાર આર્યોથી ભિન્ન પણ એક વિશિષ્ટ પ્રકારના હતા એમ સ્પષ્ટ માન્ય રાખતાં એ વિદ્વાનો સંકોચાય છે.[૬]

છે. એમણે પુરાણો ઉપરનો ગ્રંથ લખ્યો ત્યારે મોહેનજોડેરોની શોધ બહાર નહોતી આવી, એટલે એ દૃષ્ટિએ એમના મત ફેરવવા પડે. આપણા વિદ્વાનોની દૃષ્ટિ હજી એ તરફ ઓછી ગઈ છે.

૩. પાર્જિટરે અસુરોની ભિન્ન જાતિનો ઉલ્લેખ કર્યો છે, છતાં એ જાતિ આર્યોની પહેલાં હિંદમાં વસતી હતી એ નથી લાગ્યું. મોહેન-જોડેરોની શોધ એમણે જાણી હોત તો કદાચ કબૂલ કરત. એ શોધથી વૈદિક સમયને સેંકડો વર્ષ પાછળ ઠેલવો પડે તેમ છે. સિંધુ સંસ્કૃતિને ઈ. સ. પૂ. ૩૨૫૦ ની લગભગ ગણે છે.

૪. એ સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિથી ભિન્ન છે એમ સર જોન માર્શલ વગેરે વિદ્વાનોએ એમના ગ્રંથમાં સિદ્ધ કર્યું છે. છતાં અસુરની છે એમ સ્પષ્ટ નથી કર્યું.

૫. આ બાબતની થોડી ચર્ચા મેં ખંભાતના ઇતિહાસના "અસુરો અને ગૂજરાતનો કિનારો" એ નામના પરિશિષ્ટમાં કરી છે. એમાં પ્રો. અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રીનું મંતવ્ય મોટે ભાગે ગ્રહણ કર્યું છે. અસુર જાતિ માટે એમનો Asura in India એ ગ્રંથ જોવા જેવો છે. એમણે આપેલા આધારો મૂલમાં તપાસીને મતભેદ હોય ત્યાં વિચારીને મને એમનું મંતવ્ય ગ્રહણ કરવા જેવું લાગ્યું છે. વિગત માટે ખંભાતના ઈતિહાસના પરિશિષ્ટમાં જોવું.

૬. ખંભાતના ઇતિહાસમાં આ ચર્ચા કર્યા પછી એ બાબત બીજા વિદ્વાનોના મત પણ મેં જાણ્યા છે. અને આ લખતી વખતે એ મત ઉપર ફરી પણ અભ્યાસ કરીને વિચાર કરી જોયો છે. છતાં મને એમાં ફેરફાર કરવાનું કારણ હજી મળ્યું નથી. અસુર સંસ્કૃતિ અને આપણા હિંદુ સમાજમાં થયેલાં તેમનાં મિશ્રણ માટે મારી માન્યતા ઊલટી દૃઢ થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસુર જાતિનો ટૂંકો સામાન્ય ઉલ્લેખ આગળના પ્રકરણમાં કર્યો છે, અહીં સામાજિક મિશ્રણની દૃષ્ટિએ તેનું પુનરાવર્તન જરા કરવું પડે તેમ છે.

વેદસમયની જાતિઓ અને અસુર જાતિ

પ્રાગૈતિહાસિક વૈદિક સમયની જાતિઓમાં નાની તેમ જ પેટા જાતિઓને બાજૂએ રાખીએ તો મુખ્ય અસુર, આર્ય, અને દાસ એ ત્રણ જાતિઓ હતી. આ ત્રણે જાતિઓમાં ધાર્મિક અને સામાજિક ભેદ હતા. ભગવાન વેદવ્યાસે વેદની ગોઠવણ કરી તે પહેલાં ઘણા પ્રાચીન સમયમાં અસુર જાતિ હિંદમાં આવેલી હતી.[૭] દાસ જાતિ

ખંભાતના ઇતિહાસનું અવલોકન કરતાં એક વિદ્વાને "લેખકને અસુર સંસ્કૃતિ માટે પક્ષપાત છે" એવી ટીકા મારે માટે કરેલી. તે પછી વધુ અભ્યાસથી પણ એ માન્યતા ફેરવવાનું મને ઠીક નથી જણાયું. શુદ્ધ ઇતિહાસમાં એક મતની વકીલાત યોગ્ય ન કહેવાય તે બરોબર છે. છતાં મનુષ્ય સ્વભાવ એવો છે કે કાંઈક અંશે પોતાના મતની તરફેણમાં દરેકથી ઓછી વધતી વકીલાત થઈ જાય છે. શ્રી ગૌરીશંકર ઓઝા, શ્રી જાયસ્વાલજી, મિ. પાર્જિટર વગેરેથી પણ પોતાની માન્યતાઓ માટે એવી વકીલાતો થઈ ગઈ છે. પ્રો. બેનરજી શાસ્ત્રીમાં પણ કોઈ જગાએ એ દોષ દેખાય છે. એ બધું ઝીણવટથી તપાસીને ગ્રહણ કરવાનું છે. આમ છતાં પણ સામાનો મત જોઈને વકીલાત કરવી શક્ય ગણાય. પરંતુ એ મત તરફ આંખ આડા કાન કરીને આર્યોની ઉત્તમતા હજારો વર્ષની દૃઢ થઈ ગઈ હોવાથી અને અસુરની અધમતાનું પણ એવું જ થવાથી એ જાતિના ઐતિહાસિક ઉલ્લેખો તરફ નજર ન કરવી એ ઇતિહાસ ન કહેવાય. હિંદમાં બધા જ ઊંચી જાતિના આર્યો જ હતા એવું આજના જમાનાની શોધો પછી કહેવાથી આપણો દેશ ઊંચો ગણાવાનો નથી.

૭. અસુર શબ્દ વેદમાં પ્રથમ દેવ જેવા માનવાળો અને ઉત્તમ ગણાતો હતો. પુરાણોએ દેવો અને અસુરો એટલે આર્યો અને અસુરોને ભાઈ કલ્પ્યા છે. આ ભૂમિ પહેલાં અસુરોની હતી એમ પુરાણો કહે છે. એનો અર્થ આ ભૂમિ ઉપર આર્યોથી પહેલા અસુરો વસ્યા હતા. ભાષાએ એ વાત સારી રીતે જાળવી છે અને અસુરોનો એક પર્યાય શબ્દ "પૂર્વં દેવા:" છે એ વાત સિદ્ધ કરે છે. પ્રો. અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રીએ પણ આ બાબત વિસ્તારથી ચર્ચા કરી છે તે ખંભાતના ઇતિહાસમાં મેં ચર્ચી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની મૂળ વતની છે એમ વિદ્વાનો માને છે.[૮] આર્યો વાયવ્ય તરફથી કે હિમાલય તરફથી હિંદમાં આવ્યા એ મતભેદમાં ન ઉતરતાં એટલું માનવું પડે કે આર્ય જાતિ જરા પાછળથી હિંદમાં વસી છે. આ ત્રણે જાતિઓને જુદી પાડવા માટે મોટામાં મોટું બાહ્ય ચિહ્ન તેમના વર્ણરંગ હતા. વર્ણશબ્દ જાતિનો પર્યાય પાછળથી થયો છે. રંગના અર્થમાં જ અસલ એ વપરાયેલો છે. આ જાતિઓ વચ્ચે સેંકડો વર્ષ યુદ્ધો ચાલ્યાં. અસુરોની સમાજવ્યવસ્થા માતૃપ્રધાન હતી; આર્યોની પિતૃપ્રધાન હતી. અસુરો વ્યાજવટું અને વેપાર કરનારા અને દરિયો ખેડનારા હતા. સારાં ઘરોમાં અને વ્યવસ્થિત બાંધેલા શહેરોમાં રહેનારા હતા.[૯] એ આગળ જોઇ ગયા. આર્યો વીર લડવૈયા

---

૮. જુઓ ખંભાતનો ઇતિહાસ પૃ. ૧૯૯. Asura in India પૃ. ૩૬–૩૭. આ લોકો કાળા રંગના અને ટૂંકાં નાકના આ દેશના મૂળ વતની હતા. આર્યો કરતાં નાક નાનું માટે વેદમાં એમને अनास–નાક વગરના કહ્યા છે. એમના શંબર, પિપ્રુ વગેરે નેતાઓ હતા. આર્ય અને અસુરોમાં નાક અને રંગમાં બહુ ફેર–દાસ જેટલો ફેર હોય તેવું જણાતું નથી. વેદમાં અસુરોને મૃધ્રવાચઃ–ન સમજાય તેવી ભાષાઓ બોલનારા કહ્યા છે એ ખાસ ભેદ છે. અને બીજો ભેદ સામાજિક અને ધાર્મિક–રંગમાં અસુરોને હિરણ્ય વર્ણના પુરાણોએ કહ્યા છે. તે આગળ જોઈશું. વર્ણ–ચાર વર્ણોના અર્થમાં-જ્ઞાતિ કે એવા અર્થમાં પાછળથી વપરાય છે મૂળ વર્ણ એટલે રંગ અને જાતિઓને જુદા પડવાનું એ ખાસ ચિહ્ન હતું. નાક એ આજની પેઠે જાતિને જુદી પાડવાનું ચિહ્ન હતું.

૯. જુઓ એજ પૃ. ૧૯૮. મોહેનજોડેરોની આર્યેતર સંસ્કૃતિએ એટલે અસુર સંસ્કૃતિ એની લંબાણથી ચર્ચા પ્રો. બેનરજી શાસ્ત્રીએ કરી છે. અને તેમાં શંકા લાવવાનું કારણ જણાયું નથી. એમાં દાસ સંસ્કૃતિનો ભેગ હોય એમ કહી શકાય. તે આગળ જોઈશું. પણ તે આર્ય સંસ્કૃતિ નથી તે સિદ્ધ થયેલું છે. એના મેસોપોટેમિયા સાથેના સંબંધની ચર્ચા અહીં અસ્થાને છે. અસુરો સ્થાપત્યમાં આગળ પડતા હતા એ મયદાનવની વાતો તેમ મય સિદ્ધાંત ઉપર રચાયલા સ્થાપત્યના ગ્રંથોથી સિદ્ધ થાય છે તે બાબત પણ ખંભાતના ઇતિહાસમાં ઉલ્લેખ કર્યો છે. અશ્વમેધ પારિપ્લવમાં એક દિવસ અસુરોના પ્રતિનિધિ તરીકે વ્યાજવટું કરનારાઓને કથા સંભળાવાની એ પરંપરા અસુરોનો એક મુખ્ય ધંધો વ્યક્ત કરે છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉત્તમ ખેતી કરનારા અને ગામડાંના સમૂહોમાં ગાયો સાથે રહેનારા હતા.[૧૦] દાસ બન્નેની લડાઇઓમાં એક કે બીજા સાથે મળીને લડતા. પૈસો વહાલો કરનાર પ્રજા આખરે વીર પ્રજાથી હારે છે તેમ છેવટે અસુરો આર્યોથી હાર્યા. મહાભારતની લડાઈ પછી આ મિશ્રણ એવું તો અદ્ભુત થયું અને એના ઉપર આર્ય વિજેતાઓની મહોર-છાપ એવી તો દૃઢ થઈ કે આર્ય શબ્દ બધા ઉત્તમ ગુણોનો વાચક થયો અને અસુર શબ્દ દરેક અધમ ગુણોનો વાચક થઈ ગાળરૂપે વપરાવા લાગ્યો.[૧૧] ભારેમાં ભારે કાંજી ચડાવેલા કાપડમાં પણ વાણાતાણાનો સમવાય સંબંધ કુશળ કાપડિયો આજે કાચ મૂકીને ચોક્કસ રીતે જુદો પાડી શકે છે. પરંતુ આ જાતિઓનાં મિશ્રણનો કોઇ એવો તો અલૌકિક સંબંધ થયો કે નાસિકામાન વગેરે શાસ્ત્રોની સહાયથી પણ આજની ભારતવર્ષની જાતિઓમાંથી મૂળ શોધી

લોકો અને નાગો દરિયો ખેડનારી પ્રજા હતી તે માટેના ઉલ્લેખો પણ ખંભાત પૃ. ૨૦૪ માં જુઓ.

૧૦. વૈદિક સાહિત્યના પ્રાચીન ભાગમાં આર્યો માટે શહેરોમાં રહેવાના કે વેપાર ખેડવાના ઉલ્લેખો નથી મળતા. ખેતી એમનો મુખ્ય ઉદ્યોગ, ગાયો ખાસ ધન, લડાઈમાં શૂરાતન એ ખાસ ગુણ ગણાતો.

૧૧. દરેક દેશના ઇતિહાસમાં એવું બને છે. હારેલાનું બધું ખરાબ એમ મનાય છે. નેપોલિયનને હરાવ્યા પછી અંગ્રેજો ફ્રેંચોનું એવું જ ગણતા હતા. મૂળ વતનીઓ વિધર્મી કે પરદેશીને પણ અપમાનવાચક શબ્દોથી સંબોધતા એવા દાખલા છે. આગળ જોઈશું તેમ આપણા ઇતિહાસમાં અસુરો પછી શકો, કુશાનો વગેરે મ્લેચ્છો ગણાયા છે. ચીનમાં બહારના લોકોને ભૂતપિશાચ devils કહેતા. આજે તો અસુર, દૈત્ય કે રાક્ષસ એ શબ્દો આપણામાં છેક ગાળ જેવા અધમ અર્થના થઈ ગયા છે. પરંતુ મહાભારત છેવટનું રચાયું એટલા પ્રાચીન સમયમાં પણ ભગવદ્‌ગીતામાં અનાર્યજુષ્ટ અસ્વર્ગ્ય અને અકીર્તિકર શબ્દો સાથે વપરાયા છે. અસુર શબ્દ અધમતાવાચક ક્યારે થયો, અને માનવાચક એથી કેટલાયે પ્રાચીન સમયમાં હશે એ આ વાર્તા ઉપરથી સમજાશે. શકુંતલાને દુષ્યંત ઉપર બહુ ક્રોધ ઉપજે છે ત્યારે એને અનાર્ય કહે છે એ પણ બહુસૂચક છે. કાલિદાસ એ શબ્દ નાલાયકી ને હલકટનો વાચક ગણે છે. ઉત્તમતાનો વાચક શબ્દ છેક બીજે છેડે જઇને અધમતાનો વાચક કેવી રીતે બન્યો છે તે આપણા સામાજિક ઇતિહાસની એક વિચિત્રતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢવું અશક્ય બને છે. પોતાને આજે શુદ્ધ આર્ય માનતા હિંદુમાં આર્યજાતિનું તત્ત્વ કેટલું તે કહેવું શક્ય નથી. અસુર શબ્દ એના બધા પર્યાયો સાથે ગાળરૂપ બની ગયો એટલે એનું તો નામ પણ રહ્યું નથી. આજના હિંદુ સમાજના માનસિક પાતાળમાં અસુર પેસી ગયો. અને આજે અસુર અને એને લગતા મનુષ્યત્વના ઐતિહાસિક ઉલ્લેખોની ના પાડવાનું જે વિદ્વાનોને મુશ્કેલ પડે છે એ વિદ્વાનો પણ અસુર જાતિને માન્ય રાખતાં, અને કેટલીક પ્રાચીન મહાન વ્યક્તિઓ અસુર જાતિની હતી એમ જાહેરમાં લખતાં શરમાય છે.[૧૨] આપણી જાતિઓના સર્વથી પ્રથમ અદ્‌ભુત મિશ્રણનો આ અલૌકિક પ્રતાપ છે.

ભૃગુઓ અને યદુઓ

એ દૃષ્ટિએ વેદકાળના યદુઓ તુર્વસુઓ વગેરે ભૃગુઓ–ઉશનસ્ શુક્ર વગેરેના જે ઉલ્લેખો વૈદિક સાહિત્યમાં અને પુરાણોમાં આવે છે તેમને આર્ય ગણવા કે અસુર? પાછળના કુશળતાથી થયેલા મિશ્રણને લીધે અસુર શબ્દ માટે જે ઘૃણા ઉત્પન્ન થઇ તેથી કેટલાક પ્રાચીન મહર્ષિઓ અને મહાવ્યક્તિઓને અસુર જાતિમાં મૂકતાં આજે શરમ આવે તો ઇતિહાસની ખાતર પણ એમને લગતા ઉલ્લેખોના ખુલાસા વિદ્વાનોએ કરવા જોઇએ. અહીં એની લંબાણ ચર્ચા અસ્થાને છે. પરંતુ જે ઉલ્લેખોનો યથાર્થ જવાબ આપવો મુશ્કેલ છે તેમાં શરમ રાખ્યા વગર ટૂંકામાં એટલું જ કહેવું જોઈએ કે

૧૨. યયાતિની બન્ને પત્નીઓ અસુરકન્યાઓ હતી. ભૃગુ–શુક્ર અસુરના આચાર્ય હતા અને પોતે એ જાતિના હતા. પ્રો. બેનરજી શાસ્ત્રી યદુઓ, તુર્વસુઓ, પુરુઓ વગેરેને (પાર્જિટરથી ઊલટું) અસુર જાતિમાં મૂકે છે. વિશ્વામિત્રનો સંબંધ પણ એમની સાથે જોડે છે. પુલહ, પુલસ્ત્ય, અગસ્ત્ય વગેરેને પણ એમાં ગણે છે. શુક્ર અને ભાર્ગવો વગેરે પાછળથી આર્યોની પ્રશંસા પામ્યા એમ પાર્જિટર પણ કબૂલ કરે છે. બ્રાહ્મણો મૂળ આર્યો નહોતા એ માટે પાર્જિટરની A. I. H. T. પૃ. ૩૦૬–૭ જુઓ. જો કે ઐલ=આર્ય એ માટે પાર્જિટરની ખેંચતાણ વિચિત્ર છે. ભૃગુઓ અને યદુઓને આર્ય જાતિમાં ન ગણવાની હિંમત આજના હિંદુને માટે અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસુર જાતિ, અમુક રીતરિવાજ અને સાંપ્રદાયિક ભેદ બાજૂએ રાખતાં, આર્યોથી ચડે તેવી ન ગણીએ તોપણ, સાથે બેસે તેવો સંસ્કારવાળી જાતિવિશેષ હતી, અને આપણા પ્રાચીન સાહિત્યની કેટલીક મહાવિભૂતિઓનો એ જાતિમાં સમાવેશ થાય છે. આર્યોએ એમને સંપૂર્ણ હરાવીને પોતાની મહોરછાપ મિશ્ર સંસ્કૃતિ ઉપર માર્યા પછી એ મહાવિભૂતિઓને આર્ય ગણવાનો સૂતોનાં મૂળ પુરાણોનો લોપ થઈ, પાછળના બ્રાહ્મણોએ હાલનાં પુરાણો યોજ્યા પછી, પ્રયત્ન શરૂ થયો અને રૂઢ થયો.[૧૩] સંસ્કૃત ભાષાની અર્થ કરવાની રીતે અને પૌરાણિક નામોએ એમાં ઉમેરો કર્યો.[૧૪]

એમનો ગૂજરાતની ભૂમિ સાથે સંબંધ

આ જાતિનો વસવાટ પશ્ચિમ હિંદ અને આપણા કિનારાથી શરૂ થઇને ઈરાનની પેલી બાજૂ સુધી હતો. અથર્વવેદના કેટલાક મંત્રો ઋગ્વેદના પ્રાચીન મંત્રો જેટલા જ જૂના છે. છતાં આર્યોના

---

૧૩. સૂતોએ રચેલાં ખરાં ઇતિહાસ કહેનારાં પુરાણોને ફેરવીને પાછળના-આર્યોની મહોરછાપથી છેક પલટાઇ ગયેલા બ્રાહ્મણોએ આજનાં પુરાણો રચ્યાં. એ માટે પાર્જિટરની ચર્ચા જોવા જેવી છે. એમ કરવામાં બધાં વિરોધી તત્ત્વોને આર્ય બનાવી મનુથી ઊતરી આવેલાં ગણી ઊંચા બનાવી દીધાં છતાં એ પ્રયત્નો પુરાણોમાંથી જ ઉઘાડા પડી જાય છે ને સત્ય દેખાઈ આવે છે. યદુવંશને ઐલનો સંબંધ ગણાવી ઈલાનો મનુ સાથેનો સંબંધ વિચિત્ર વાત યોજીને બેસાડયો છે. પુરાણકારો પોતે જે પ્રાચીન નામોના અર્થ ભૂલી ગયા તે બેસાડવા માટે અવનવી વાતો જોડી કાઢેલી છે. (A. I. H. T. P. ૩૦૦).

૧૪. વેદ અને પુરાણોના સાહિત્યમાં એક નામના અનેક પુરુષો થયા છે. તેમ જ સંસ્કૃત ભાષામાં પર્યાયો વાપરવાની રીત તેમ જ અર્થ ઉપજાવવાની ખૂબીને લીધે અનેક ઐતિહાસિક બાબતોના અનેક વિચિત્ર અર્થો બ્રાહ્મણોએ ઉપજાવ્યા છે. એટલે જ શુક્ર-ભૃગુના વિરોધી દેવોના આચાર્ય બૃહસ્પતિ અને ભૃગુ-અંગિરસ કુલના બૃહસ્પતિને એક ગણવાની ભૂલ કેટલાક કરે છે અને મૂંઝાય છે. પર્યાયો યોજવાની રીતથી થયેલા ઐતિહાસિક ગોટાળા પણ ઘણા છે. શબ્દની વ્યુત્પત્તિ કરી નવો અર્થ બેસાડવામાં પણ ઊરુ-સાથળ-માંથી જન્મેલો માટે ઔર્વ એવા ઘણા વિચિત્ર અર્થો થાય છે. પાર્જિટરે આવા દાખલા ઘણા વિસ્તારથી ચર્ચ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડામાં અથર્વવેદની ગણત્રી જરા મોડી થઈ. ભૃગુ, અંગિરસ અને અથર્વણ એ એક જ વ્યક્તિનું અનુક્રમે નામ, કુલનું નામ, અને સાંપ્રદાયિક અવટંક છે. ભાર્ગવો અને યદુઓનો આપણા પ્રાંતની ભૂમિ સાથેનો સંબંધ પ્રાચીન છે તે જોઈ ગયા.[૧૫]

અથર્વવેદ

અથર્વવેદના પિપ્પલાદ સારસ્વતનો પણ આપણી ભૂમિ સાથેનો સંબંધ કહેવાય છે. એ બધું જોતાં અથર્વવેદના કેટલાક ભાગનો સંબંધ પણ આ પ્રાંતની ભૂમિ સાથે હોય તો સંભવિત છે. અને આટલા પ્રાચીનમાં પ્રાચીન પ્રાગૈતિહાસિક સમયમાં વૈદિક સંસ્કૃતિમાં ગૂજરાતની ભૂમિએ ભાગ ભજવ્યો હોય તો એક મોટા ગૌરવની વાત છે અને હિંદમાં જાતિઓનાં જે મિશ્રણ થઇને હાલનો સમાજ ઉત્પન્ન થયો તેમાં પણ ગૂજરાતની ભૂમિએ આટલા પ્રાચીન સમયમાં આગળ પડતો ભાગ લીધો છે તેમ જ અથર્વવેદમાં દેખાતી સંસ્કૃતિ અને અગ્નિ સંપ્રદાય તથા હિંદની બહારનાં કેટલાંક તત્ત્વોને પણ આજની હિંદુ સંસ્કૃતિમાં સફળતાથી સમાવવાનું મહાકાર્ય કરવામાં આ ભૂમિએ અગત્યનો ભાગ ભજવ્યો છે.[૧૬] એ જોતાં અસુર શબ્દથી ભડકવાને બદલે જરા નવી દૃષ્ટિથી જોવાની જરૂર છે.

---

૧૫. પ્રો. બેનરજી શાસ્ત્રીએ Asura in India માં અથર્વ વેદ માટે વિસ્તૃત ચર્ચા કરી છે તેમાં આ ચર્ચા સપ્રમાણ કરી છે અને તે યથાર્થ લાગે છે.

૧૬. પિપ્પલાદ દધીચિનો પુત્ર છે એમ મનાય છે. ગમે તેમ પણ એ ભાર્ગવ છે. અથર્વવેદમાં એણે જે ભાગ ભજવ્યો છે તેનો ઉલ્લેખ ખંભાતના પરિશિષ્ટમાં કર્યો છે. અથર્વવેદ મૂળ આર્યોની વેદત્રયીમાં નહોતો ગણાતો અને પારકો ગણાતો હતો. એણે પોતે જ પોતાને મુખ્ય વેદ ગણેલો છે એમ સ્કંભ સૂક્તમાં એજ વેદમાં લખ્યું છે. પ્રો. બેનરજી શાસ્ત્રીએ એમના ગ્રંથમાં પૃ. ૫૭ થી ૭૦ સુધી અથર્વવેદ અને ભૃગુઓના સંબંધે સપ્રમાણ લાંબી ચર્ચા કરી છે તે માનવામાં વાંધો નથી. ભૃગુ, ચ્યવન, દધ્યંચ વગેરે અથર્વણોનો ગૂજરાતની ભૂમિ સાથેનો સંબંધ સિદ્ધ થયેલો છે. (પૃ. ૬૩) અથર્વવેદનું કર્તાપણું ભૃગુ અને એમના અંગિરસ કુલમાં જાય છે એમ પ્રો. બેનરજી કહે છે. એ સંસ્કૃતિની મર્યાદા ગૂજરાતને કિનારે થઇને ઇરાન સુધી માનવી પડશે. ભૃગુનો વરુણ સાથેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગજાતિ

વેદમાં અમાનુષી અધમ પ્રાણીને માટે યાતુધાન શબ્દ વાપરેલો છે. પાછળથી અસુર અને રાક્ષસ વગેરે શબ્દો એના પર્યાયો બન્યા. કેટલાક વિદ્વાનો રાક્ષસ, દાનવ વગેરેને અસુરની પેટા જાતિઓ[૧૭] ગણે છે. એવી જ રીતે અહિ અગર નાગજાતિ પણ અસુરની પેટા જાતિ ગણાય છે.[૧૮] એ ચર્ચા પણ લંબાણથી કરવી અહીં અસ્થાને છે. પરંતુ નાગ જાતિ માટે થોડું લખ્યા વગર ચાલે તેમ નથી. અસુર અને નાગ જાતિની ગણના જો કોઈ સામાજિક ઇતિહાસમાં આજે ન કરવામાં આવે તો એ ઇતિહાસ અધૂરો ગણાશે. આપણા પ્રાંતને એ જાતિઓ સાથે જે પ્રાચીન સંબંધ છે તે જોતાં અહીં એને વીસરી જવાય નહિ. અહીં એટલું પણ કહેવું અગત્યનું છે કે

સંબંધ આગળ જોઇશું. કૌશિકનો અથર્વણ સૂત્ર સાથેનો સંબંધ અને ઋગ્વેદમાં અસુરોનો કુશિક વિશ્વામિત્ર સાથેનો સંબંધ પૃ. ૬૭માં ચર્ચ્યો છે. આ મિશ્રણ સેંકડો વર્ષના ઘર્ષણ પછી એવું તો થયું કે અથર્વવેદને ચોથા વેદ તરીકે કબૂલ કરવો પડયો અને એના કર્તાઓ મૂખ્ય આર્ય ઋષિઓમાં સ્થાન પામ્યા.

૧૭. વેદમાં અસુર અને અહિ શબ્દો એક જ વ્યક્તિ માટે વપરાયેલા છે. રાક્ષસ શબ્દનો અર્થ જેનાથી રક્ષણ થવું જોઈએ એવો કરે છે. ધાર્મિક ક્રિયાઓમાં રાક્ષસો હરકત કરતા હતા એવી જે વાતો પુરાણોમાં છે તે અર્થમાં એ શબ્દનો અર્થ કર્યો હશે. પ્રાચીન આર્ય અને અસુર જાતિના ધર્મભેદનું એ કારણ હોઈ શકે. પરંતુ રાક્ષસ જો અસુરની પેટા જાતિ ગણીએ તો એ નામ ઉપરથી એ અર્થ બેસાડયો એમ જ કહેવું પડે. એવા અર્થ બેસાડયાના ઘણા દાખલા મળે છે. જેમકે મગ (મગ બ્રાહ્મણો) ને ધારણ કરનારી ભૂમિ એ મગધ. અસુર શબ્દનો અર્થ અસુ એટલે પ્રાણ ઉપરથી પણ બેસાડે છે.

૧૮. પ્રો. બેનરજી શાસ્ત્રી નાગને અસુરોની પેટા જાતિ ગણે છે. પૃ. ૯૨ થી ૯૮. નાગજાતિ એ પેટે ચાલનારાં પ્રાણી નથી પણ મનુષ્યો છે તે માટે હવે શંકા નથી. જાયસ્વાલજીએ એમનો ઇતિહાસ લખેલો છે તે આગળ જોઇશું. ત્રિચિનાપલ્લીના પ્રો. વિશ્વનાથે Racial Synthesis in Hindu Culture (Trubner) માં દક્ષિણ હિંદમાં નાગજાતિ માટેની ચર્ચા પૃ. ૭૭ થી ૮૧માં કરી છે તે જોવા જેવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રાવિડ દેશના સામાજિક ઇતિહાસને ધ્યાનમાં ન લેવાય તો આજે હિંદનો અને ખાસ કરીને ગૂજરાતનો સામાજિક ઇતિહાસ સંપૂર્ણ ગણાય નહિ, કારણ કે હિંદુસ્તાને ખોયેલું ઘણું આજે એ "હિંદુ હિંદુસ્તાન" માં જળવાઈ રહેલું છે. આપણી કેટલીક પ્રાચીન જાતિઓના મૂળના ખુલાસા માટે આપણે દક્ષિણના સમાજ ઉપર નજર નાંખવી પડે છે.

હિંદુસ્તાનની જાતિઓનું પ્રથમ સફળ મિશ્રણ

અસુર અને નાગજાતિને એક માનીએ કે જુદી માનીએ પણ એટલું તો સત્ય છે કે એ બન્ને આર્ય અને દાસ અગર દસ્યુ જાતિઓથી જુદી જ હતી. અસુરોની દેવો એટલે આર્યો સાથેની દરિયાઈ વેપાર માટેની અને જળમાર્ગો માટેની લડાઇઓ એ સમુદ્રમંથનની પૌરાણિક કથાનું ઐતિહાસિક સ્વરૂપ.[૧૯] એમાં અસુરોની સાથે રહી નાગોએ મુખ્ય ભાગ ભજવેલો, અને છેવટે એમાં પણ આર્યોનો વિજય થયો. અસુરો અને નાગોને વાયવ્ય પ્રાંતો, પંજાબ અને કાશ્મીરથી ક્રમશઃ દક્ષિણમાં ગૂજરાત તરફ, માળવા તરફ અને પૂર્વ તરફ હઠવું પડેલું. અસુરોનું વહાણવટું નાગજાતિના હાથમાં હતું અને એમની બે મુખ્ય પેટા જાતિઓમાં તક્ષક કુલ પર્વતવાસી અને કર્કોટક કુલ દરિયો ખેડનારું એમ મનાય છે. કર્કોટક નાગોની રાજધાની નર્મદા તટે માહિષ્મતીમાં હતી.[૨૦] વેદકાળના દેવાસુર સંગ્રામથી

---

૧૯. આગળ ટૂંકામાં આ ઉલ્લેખ કર્યો છે, પરંતુ સમુદ્રમંથનમાં નેતરું બનીને મુખ્ય ભાગ વાસુકિનાગે લીધેલો અને અસુર બલિરાજાએ પણ આગળ પડતો ભાગ લીધેલો એમ પુરાણો કહે છે મહાભારતમાં સમુદ્રને नागानां आलयः કહ્યો છે તેમ असुराणां च बांधवम्, असुराणां शरणं, એમ પણ કહ્યું છે. મહાવંશમાં સમુદ્રના રાજા વરૂણને અને સાગરને नागराज કહ્યા છે. એ બધાંના સંબંધ નાગદ્વીપ સાથે છે. બૌદ્ધ પરંપરા પ્રમાણે અસુરો, નાગો અને ગાંધર્વો સમુદ્ર અને નાગદ્વીપમાં રહે છે એમ કહે છે. વરુણ અસુરોનો મુખ્ય દેવ છે અને વરુણ, અસુર અને નાગનો સંબંધ બહુસૂચક છે. આગળ ધર્મની બાબતમાં એની ચર્ચા કરીશું.

૨૦. નર્મદા નદીને નાગોની બહેન કહેવામાં આવે છે એ બહુ સૂચક છે. નદી અને રાજકન્યાઓનાં એક નામના દાખલા બહુ મળે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂ થઇને મહાભારતના યુદ્ધ સુધીના લાંબા કાળમાં અસુર–નાગજાતિ, આર્યો, અને દાસોનાં યુદ્ધો થતાં અને અનેક મહાપુરુષોના પ્રયત્નથી એ બધાનું મિશ્રણ ઘણું સારી રીતે થયું. આ બધી વાતો માટે લેખો કે સિક્કાઓના પુરાવા મળે તેમ નથી; અને એ પુરાવાઓ ઇતિહાસલેખનમાં મુખ્ય છે એ ખરું છે, પરંતુ હિંદના પ્રાચીન ઇતિહાસમાં એ પુરાવા હમેશાં મળતા નથી, અને એ માટે પ્રાચીન સાહિત્યના યથાર્થ અર્થ કર્યા વગર બીજો ઉપાય નથી.[૨૧] પ્રાચીન સાહિત્યના અવલોકનથી એમ લાગે કે આ પ્રથમ જાતિઓના મિશ્રણની સફળતાનો યશ ધાર્મિક દૃષ્ટિએ ઘણે ભાગે ભગવાન વેદવ્યાસને ભાગે જાય; અને રાજકીય તથા સામાજિક દૃષ્ટિએ ભગવાન શ્રીકૃષ્ણને ભાગે જાય. ભગવાન શ્રીકૃષ્ણને ઐતિહાસિક દૃષ્ટિએ ગમે તે જાતિના ગણો તોપણ વિરોધી તત્ત્વોમાંથી સાચા ધર્મની સંસ્થાપના કરવા માટે એમણે પોતાની જાતિનો કે પારકાનો ભેદ ગણ્યો નથી અને સત્ય તથા ન્યાયનો રસ્તો લીધો છે.[૨૨] અનેક

તેથી પૌરાણિક ગોટાળા પણ થયેલા છે. નાગોએ નર્મદા નદી મારફતે લાગવગ વાપરીને પુરુકુત્સને ગાંધર્વોનો નાશ કરવા વીનવ્યું એ માટે પાર્જિટર A. I. H. T. પૃ. ૨૬૨ જુઓ. મહિષ્મતી માટે પણ એમાં જોવું. મહિષ્મતીને મહિષાસુરની નગરી અને મહેશ્વરની નગરી કહે છે એમ પણ બીજા બે મત છે.

૨૧. પુરાણોમાં નામો અને પર્યાયોની ગૂંચવણ માટે બહુ ધ્યાનથી જોવાની જરૂર છે. કેટલાક વિદ્વાન લેખકો સિક્કાનો ઉલ્લેખ ન મળે તેને ઇતિહાસમાં સ્વીકારતા નથી. આપણા ઇતિહાસ માટે એ સિદ્ધાંત સાચો છતાં ચાલે તેવો નથી અને સામાજિક ઇતિહાસ માટે તો એ સિદ્ધાંત ગ્રહણ કરવાથી એ ઇતિહાસ નહિ જેવો જ લખી શકાય.

૨૨. વેદની આજની ગોઠવણ અને પુરાણોના કર્તા તરીકે વેદવ્યાસનું નામ આપણી પરંપરામાં વપરાય છે તે બહુ સૂચક છે. એ મહર્ષિએ વૈદિક યુદ્ધો પછીનાં મિશ્રણમાં જે યુગપ્રવર્તક જેવો ભાગ ભજવ્યો છે તેનો ઇતિહાસ શોધવા જેવો છે. ભગવાન શ્રીકૃષ્ણ ઐતિહાસિક વ્યક્તિ છે છતાં એ અવતારી પુરુષ ગણાયા એ વાત એમણે સમાજ અને ધર્મની પુનર્રચનામાં જે અપૂર્વ ભાગ મહાભારતકાળમાં લીધો તે છે. એમણે પોતાનાં સગાં કહેવાતા પુરુષોને મારવામાં ભાગ લીધો છે એ સમાજવ્યવસ્થા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરોધી વાતાવરણોમાં પણ હિંદુ ધર્મ-જગતના સર્વથી પ્રાચીન ધર્મ તરીકે આજે ઊભો રહ્યો છે તેનું માન ધર્મ અને સમાજરચના કરી વ્યવસ્થા કરવા માટે એ બે મહાવિભૂતિઓને છે.

સામાજિક ઇતિહાસમાં નાગજાતિનું સ્થાન

પોતાના બાપ પરીક્ષિતનું વેર લેવા જન્મેજયે સર્પયજ્ઞ કર્યો એ આખી કોઇ નાગજાતિનો વિધ્વંસ કર્યાનો ઉલ્લેખ હોવો જોઇએ.[૨૩] એ પછી નાગ જાતિની મહત્તાના ખાસ ઉલ્લેખો જોવામાં આવતા નથી. નાગ લોકો સ્થાપત્યના શોખીન, સંસ્કારી, સારાં નગરોમાં રહેનારા અને ઉત્તમ નાવિકો હતા અને એમની ઘણીખરી પેટા જાતિઓ દેખાવમાં સુંદર હતી એવા ઉલ્લેખો પ્રાચીન સાહિત્યમાં મળે છે.[૨૪] એમનો અસુરો સાથેનો સંબંધ પ્રસિદ્ધ હતો છતાં એમનું નામ નાગ શાથી પડયું તે હજી કોયડો જ રહ્યો છે. કાંતો અસુરની પેઠે એ એક નામ જ હોય અને તેના અર્થ પાછળથી કરવામાં આવ્યા હોય, કે નાગ-સર્પ-એમનું ચિહ્ન હોય કે એની એ પૂજા કરતા હોય.[૨૫]

માં એમનું ન્યાયીપણું વ્યક્ત કરે છે. એમણે આપણી સંસ્કૃતિનો જે દૃઢ પાયો નાંખ્યો તે માટે તો જુદું આખું પુસ્તક જ લખી શકાય.

૨૩. આ જન્મેજય તે વૈદિકકાળનો કે મહાભારતકાળનો તે માટે મતભેદ છે. પરંતુ નાગજાતિ સાથે એણે કરેલું યુદ્ધ અને નાગોનો પરાજય એજ સર્પયજ્ઞનો ઐતિહાસિક અર્થ છે.

૨૪. જુઓ Racial Synthesis in Hindu Culture By: S. V. Viswanath (Trubners' Oriental Series-London.) પૃ. ૭૭થી ૮૧. એમણે બૌદ્ધ સાહિત્યના, પુરાણોના, અને તામીલ સાહિત્યના આધારો આ ગ્રંથમાં આપેલા છે. એનસાઈકલોપીડિયા ઑફ રિલિજિયન એન્ડ એથિક્સનો આધાર પણ આપેલો છે. અહીં એ વિગતની જરૂર નથી. નાગોના મહેલો પાણીમાં કે ઝાડ પાસે કે વિંધ્ય પર્વતમાં કેવા હતા એ માટે બૌદ્ધ જાતકનો આધાર આપેલા છે. એ નર્મદા કિનારે નાગોનું મોટું થાણું સૂચવે છે.

૨૫. સંસ્કૃત ભાષામાં અર્થો કરવાની અલૌકિક ખૂબી છે અને અસુર શબ્દના અર્થ કરેલા છે તેમ નાગના અર્થ પણ કરેલા છે. ઘણીવાર નામ પ્રથમ વપરાતું હોય છે અને એના અર્થ પાછળથી મરજી મુજબ વિદ્વાનો બેસાડે છે. કેટલીક વાર ઇતિહાસ કરતાં ભાષાએ વસ્તુને સારી રીતે જાળવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તેમ હોય પણ કાસ્મીરથી શરૂ થઇને મધ્ય દેશ અને પંજાબ, ગૂજરાત અને માળવા, ગંગા નદીનો પ્રદેશ, અને છેવટે છેક દક્ષિણાપથ સુધી એમની સત્તા જુદે જુદે વખતે વ્યાપ્ત હતી. અને દક્ષિણમાં આજે એ જાતિના મૂળના સ્પષ્ટ પુરાવા પણ મળે છે.[૨૬] ગૂજરાત માળવામાં પણ એ જાતિ એક વખત વ્યાપ્ત છતાં આજે એ કઈ જ્ઞાતિઓમાં સમાઈ ગઈ છે તે શોધવું અશક્ય જેવું થઈ

રાખેલી હોય છે, અને કેટલીકવાર ભાષા ગૂંચવાડો પણ કરે છે. અસુરની બાબતમાં ભાષાએ ખરો અર્થ જાળવ્યો છે તેમ નાગની બાબતમાં પણ કદાચ હોય. નગ શબ્દનો અર્થ પર્વત છે અને નાગ—સર્પ પણ છે. અગ નહિ તે નાગ એમ નાગ શબ્દની વ્યુત્પત્તિ પણ આપી છે અને નાગનો અર્થ હાથી, સર્પ વગેરે કર્યા છે. આ વિરોધ વાળી વ્યુત્પત્તિની રીત બતાવી આપે છે કે નાગ એ જાતિનું મૂળ નામ છે અને એના અર્થ પાછળથી બેસાડયા લાગે છે. પુરુષમાં સિંહ કે વ્યાઘ્ર, પુરુષમાં વૃષભ એમ જેમ ઉત્તમતા બતાવવા વપરાય છે તેમ પુરુષમાં નાગ શબ્દ પણ ઉત્તમતા વાચક વપરાય છે. નાગ શબ્દ સર્પ પ્રાણિ સાથે જોડાઈ પૌરાણિક થઈ ગયો અને અધમતાવાચક અસુરની પેઠે થયો એ તો પાછળનો બનાવ છે. પરંતુ નાગજાતિ નાગ –સર્પને પૂજનારી હોય એ સંભવ વધારે યોગ્ય જણાય છે. નાગપૂજાની બાબતમાં એની ચર્ચા કરીશું. નાગરાજાઓનું ચિહ્ન પણ નાગ–સર્પ કદાચ હોય.

૨૬. ઉપર ઉલ્લેખ કરેલા પ્રો. વિશ્વનાથના ગ્રંથનાં પૃ. ૭૮–૭૯ જુઓ. તામીલ વૈયાકરણો દક્ષિણ હિંદની ત્રણ મુખ્ય જાતિઓ ગણાવે છે તેમાં (૧) મક્કલ (૨) તેવર અને (૩) નાગર ગણાવે છે. "ર" માનવાચક પ્રત્યય છે. તામીલ સાહિત્યના આધારે "નાગનાડ" એટલે નાગના દેશનું વર્ણન પણ કરેલું છે. અને તે ચારસો યોજનનો કહ્યો છે. તંગકુલ નામના ઉત્તરના નાગો ઉત્તમ વણકર હતા એમ લખે છે. તામીલમાં તંગ એટલે સોનું છે. પરંતુ તામીલ ભાષામાં વ્યંજનોના ઉચ્ચાર માટે નિયમ નથી. એટલે તક્ષક કુલના-પંજાબ બાજૂના નાગો જે તક્ક કે તાક કુલના ગણાતા હતા તેમનો નિર્દેશ હોય એમ મને લાગે છે દક્ષિણમાં નાગપટ્ટણ, નાગર કોઈલ (કોઈલ એટલે મંદિર) નામે શહેરો આજે પણ છે. નીલગિરિના ટોડાને નાગ જાતિ માને છે. ભેંશ નાગજાતિનું ખાસ પ્રાણી ગણે છે. વધુ વિગત માટે પ્રો. વિશ્વનાથનો ગ્રંથ જોવો. આ તક્ષક અગર તક્ક કુલનો આપણા મુસ્લિમયુગના ઇતિહાસ સાથેના સંબંધનો ઉલ્લેખ આગળ કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયું છે. ઈસ્વી સનની શરૂઆત લગભગથી એ જાતિ પાછી જોરમાં આવી હોય અને ઈ. સ. ૧૫૦ લગભગમાં ભારશિવ-નાગોનું સામ્રાજ્ય એમણે સ્થાપ્યું હોય એમ જણાય છે અને એ સમય માટે તો શ્રી જાયસ્વાલજીએ અનેક રીતે સિદ્ધ પણ કર્યું છે.[૨૭] ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં—પછી એ ઇતિહાસ તેના ગમે તે યુગ માટેનો હોય છતાં પણ—નાગ જાતિના ઉલ્લેખ વગર ચાલે તેમ નથી; અને અહીં બને તેટલી ટૂંકામાં એ ચર્ચા કરીશું. શૈવ સંપ્રદાયનું સર્વથી પ્રાચીન સમયનું જોર જ્યાંસુધી ગૂજરાતમાં ગણાય, અને ગૂજરાતી બ્રાહ્મણોમાં સર્વથી ઊંચા ગણાતા નાગર બ્રાહ્મણો જ્યાંસુધી ગૂજરાતના ગણાય ત્યાંસુધી ગૂજરાતનો સામાજિક કે સાંસ્કૃતિક ઇતિહાસ નાગજાતિની ચર્ચા વગર સંપૂર્ણ ગણાશે નહિ. આ નાગ મહારાજાઓ પરમ શિવભક્ત હતા એ આગળ જોઈશું.

બીજું એટલે પૌરાણિક કાળનું મિશ્રણ

નાગોની આ બીજી વખતની સત્તા અને ચડતી હતી; અને આ વખતે વૈદિક સમય પૂરો થઈ પૌરાણિક સમય શરૂ થયાને ઘણા જમાનાઓ વીતી ગયા હતા. પ્રથમ મિશ્રણ પૂરું થયું હતું અને આર્ય, અસુર, નાગ જાતિ મિશ્ર થઈ બ્રાહ્મણોના ચાતુર્વર્ણમાં સમાઈ ગઈ હતી. અસુરો ગાળરૂપે અને નામશેષ થઇ ગયા હતા. પૌરાણિક હિંદુ ધર્મ એના પ્રથમ સ્વરૂપમાં સ્થપાઈ ગયો હતો. ધર્મોનાં મિશ્રણો પણ થઈ ગયાં હતાં તે આગળ જોઇશું.[૨૮] પરંતુ હિંદુ ધર્મની મહા

---

૨૭. જુઓ. History of India : Naga Vākātak Imperial Period By K. P. Jayswal. શ્રી જાયસ્વાલજી નાગોના સામ્રાજ્યનો સમય ઈ. સ. ૧૫૦ થી ૨૮૮ સુધીમાં મૂકે છે અને તે પછી ઈ. સ. ૩૫૦ સુધી વાકાટકોનો સમય મૂકે છે અને વાકાટકોને નાગ મહારાજ્ય સાથેનો સગાઈનો સંબંધ પણ બતાવ્યો છે.

૨૮. અહીં એટલું ધ્યાન રાખવાનું છે કે કેટલાકોને મતે આ સમયમાં-જ પહેલું મિશ્રણ થયું એમ છે. અને બૌદ્ધોને હરાવવા માટે જ બ્રાહ્મણો-એ ચાર વર્ણો કર્યાં. પરંતુ બરોબર તપાસતાં આ બીજું મિશ્રણ હતું અને વર્ણોની રચના થયેલી હતી. માત્ર એ રચના પાછળથી સખત બનાવી તેવું નહોતું થયું. તેમ જ વર્ણોમાં અંદર અંદરના નાના વાડા નહોતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભૂતિઓ માટે મિશ્રણો કરવાનું હજી પૂરું થયું નહોતું. નવી જાતિઓ ભરતખંડમાં આવ્યે જતી હતી. બ્રાહ્મણ ધર્મના વિરોધી ધર્મો આ ભૂમિમાં જ ઉત્પન્ન થયા હતા. પ્રથમ મિશ્રણની પેઠે આ બીજા મિશ્રણોની રચનાએ પણ સેંકડો વર્ષો જોયાં. આ મિશ્રણના પણ આશરે એક હજાર વર્ષ જેટલા સમયમાં યવનો, શકો, કુશાનો, હૂણો, ગુર્જરો વગેરે પરદેશીઓ આ દેશમાં આવ્યા. વૈદિક ધર્મની સામે ભગવાન બુદ્ધે અને ભગવાન મહાવીરે પોતાના દયાધર્મના પ્રચાર શરૂ કરી દીધા હતા. વૈદિક કાલમાં મહાવિભૂતિઓએ જે સફળ મિશ્રણ કર્યું એવી જ કસોટીનો સમય આ વખતે પણ આવીને ઊભો હતો.

૨

બૌદ્ધો અને જૈનોનું જોર

સમ્રાટ અશોકના સમયથી બૌદ્ધ ધર્મ પૂર જોરમાં આવતો હતો. પ્રથમ મિશ્રણ પહેલાં અસુરો અને એમની કેટલીક પેટાજાતિઓ અને દસ્યુઓ જેમ વૈદિક યજ્ઞયાગના ધર્મની વિરુદ્ધ હતા તેમ બૌદ્ધો અને જૈનો પણ યજ્ઞની વિરુદ્ધ હતા. વૈદિક બ્રાહ્મણોને માટે આ નવા ધર્મોની માન્યતાઓ અસહ્ય હતી. દેવાસુર સંગ્રામ આર્યો અને અસુર દાસોના સંગ્રામની પેઠે વૈદિકો અને બૌદ્ધોના સંગ્રામ શરૂ થવાનો સમય આવી લાગ્યો હતો. પહેલા મિશ્રણ પછી જે ઊંચા નીચા સામાજિક વિભાગો થયા હતા તેમાં નીચ વર્ણોને બૌદ્ધ મતમાં સારો આશ્રય મળતો હતો. જે જાતિઓને બ્રાહ્મણો ઉચ્ચ વર્ણોમાં સ્વીકારવા તૈયાર નહોતા તેમને બૌદ્ધ મતમાં વિના સંકોચે સમાનતા મળતી હતી. નવી જાતિઓ હિંદમાં આવ્યે જતી હતી. એમને સમાજના

બંધાયા. અંદર અંદર ખાવાપીવાના અને લગ્નના ભેદ પણ પાછળ થયા તેવા નહોતા બંધાયા. પૌરાણિક ધર્મની રચના શરૂ થઈ હતી પરંતુ તેમાં હજી બીજા સંપ્રદાયોને લેવાનો અવકાશ હતો. પૌરાણિક ધર્મને બંધાતાં પણ સેંકડાઓ વીત્યા છે. આગળ જોયું તેમ સૂતનાં પુરાણો રચાયાં હતાં પણ બ્રાહ્મણોએ એમને ફરીથી ફેરવ્યાં નહોતાં. શૈવ સંપ્રદાય એક અગર બીજે રૂપે બૌદ્ધ સમયમાં પણ હતો એમ મને લાગે છે. એનું છેવટનું પૌરાણિક રૂપ ભલે પાછળથી થયું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયા વિભાગમાં દાખલ કરવા તે વિચારમાં બ્રાહ્મણો મૂંઝાય તે પહેલાં બૌદ્ધો પોતાના સંપ્રદાયમાં સ્વીકારી લેતા.[૨૯] નાગજાતિના ઘણાએ બૌદ્ધ મત સ્વીકાર્યો એમ વિદ્વાનો માને છે. નવા આવનાર શકો, કુશાનો, હૂણો વગેરેને પણ બૌદ્ધોએ અપનાવવા માંડયા.[૩૦] ઇસ્વીસનની શરૂઆતનો સમય બ્રાહ્મણો માટે કટોકટીનો હતો.

બીજું મિશ્રણ અને બ્રાહ્મણોનો વિજય

આ સમયમાં હિંદુ સમાજ અને ધર્મનું ઐક્ય જાળવી રાખવા માટે બ્રાહ્મણોએ મહાપ્રયત્નો કર્યા. એમણે જોયું કે વેદધર્મની મહત્તા અને પોતાની સત્તાને હાનિ ન થાય તે માટે સમાજમાં નવી યુક્તિઓથી છૂટછાટ રાખવી પડશે અને ધર્મને એક કરવા માટે વિશાળ બનાવવો પડશે. પ્રથમ મિશ્રણની સફળતામાં જ એમણે અસુરો અને નાગોના દેવોને વૈદિક ધર્મમાં સ્થાન આપ્યાં હતાં. ખાસ કરીને શૈવ સંપ્રદાય-જેનું વર્ણન આગળ કરીશું—ના અનેક ફાંટાઓને એક કરી બ્રાહ્મણ ધર્મમાં એને મહત્ત્વનું સ્થાન મળ્યું હતું.[૩૧] યજ્ઞ ભાગના અધિકાર વગરના ભગવાન શિવને સ્થાન

---

૨૯. શકો ને કુશાનો બૌદ્ધ થયા અને બ્રાહ્મણોને દાબ્યા તે માટે બ્રાહ્મણ પુરાણો प्रजाश्चाब्रह्मभूयिष्ठाः એવા શબ્દો લખે છે. જાયસ્વાલજી કહે છે કે બ્રાહ્મણો આ લોકોને તુરત અપનાવી ન શકયા અને તેથી એ લોકો બ્રાહ્મણોને ધિક્કારતા. ગર્ગસંહિતા વગેરેને આધારે જાયસ્વાલજી કહે છે કે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય નહિ રહે, માત્ર શુદ્રો રહેશે, મ્લેચ્છો રહેશે અને હાડકાંની (ભગવાન બુદ્ધનાં અસ્થિ) પૂજા થશે. આ બધું લખાણ પુરાણોએ શક અને કુશાનો માટે કર્યું છે. કુશાનોએ બ્રાહ્મણોને સતાવ્યા એવો જાયસ્વાલજીનો મત છે. નાગ–ભારશિવોએ બ્રાહ્મણોનો ઉદ્ધાર કર્યો એમ એ માને છે. બૌદ્ધો ને જૈનોને પુરાણોએ અસુરો કહ્યાના દાખલા પણ છે.

૩૦. પ્રો. વિશ્વનાથ નાગો બૌદ્ધધર્મમાં જોડાયાનું વર્ણન કરે છે. કુશાનોના સમયનો ઇતિહાસ એ બાબતની સાક્ષી પૂરે છે. જાયસ્વાલજીનો પણ એ મત છે.

૩૧. ાશવ અસુરોના અને નાગોના મુખ્ય દેવ છે એ આગળ ચર્ચીશું અને હિંદના:પાશ્ચમ ભાગ સાથે એ સંપ્રદાયનો ગાઢ સંબંધ પણ ચર્ચીશું. વરુણ, રુદ્ર વગેરેને વેદમાં લીધા એ પહેલા મિશ્રણ વખતે. લિંગપૂજાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાયું હતું.[૩૨] અગ્નિ અને સૂર્યના પૂજકોને પોતાના વાડામાં લેવાનો બ્રાહ્મણોને વાંધો ન હતો.[૩૩] પરંતુ બૌદ્ધો અને જૈનોને જીતવા એ મુશ્કેલ કામ હતું. નવા જામેલા કુશાનો બૌદ્ધોના સ્તંભરૂપ હતા. એમણે બ્રાહ્મણોને ઉત્તેજન આપવું બંધ કર્યું હતું.[૩૪] એમની સત્તામાં બૌદ્ધોના ટેકાને લીધે અનેક પરદેશીઓ અને પહેલાં હલકી ગણાતી વર્ણો એક થઈ રાજસત્તાવાળા ક્ષત્રિયોની નવી જાતિનું અસ્તિત્વ સમાજમાં થયું હતું.[૩૫] આ બધાનો સામનો કરીને બૌદ્ધોને પાછા હિંદુ ધર્મમાં લઈને, ધર્મની પુનઃ સંસ્થાપના કરીને, સમાજમાં ફરી નવા વાડા બાંધીને,[૩૬] બ્રાહ્મણોએ પોતાની બધી શક્તિ બતાવી. અને નવા સમાજના બંધારણમાં એ સફળ થયા. એમાં એમને ઘણી

શિવ–રુદ્ર સાથે સંબંધ જોડી એકતા કરી એ બીજા મિશ્રણ વખતે. પૌરાણિકકાળમાં બ્રાહ્મણ ધર્મમાં શિવપૂજાનું મહત્ત્વ ખૂબ જ વધી ગયું.

૩૨. દક્ષના યજ્ઞની કથા અને શિવને આમંત્રણ ન મળ્યું એ આ બાબત સૂચવે છે.

૩૩. અગ્નિ અને સૂર્યના પૂજકો પશ્ચિમ તરફથી આવ્યા તેમને ધોઇ લેવામાં મુશ્કેલી નહોતી. મિહિરો સૂર્યપૂજક હતા અને ગુર્જરો પણ હતા અને સૂર્યપૂજાને શૈવ પુરાણોએ ટેકો આપ્યો છે તે ચર્ચા પણ આગળ કરીશું.

૩૪. જુઓ પાછળ નોંધ ૨૯. કુશાનો ગાદીએ બેસે ત્યારે ગંગાજળથી માથે અભિષેકનો હક્ક એમને નહોતો.

૩૫. બૌદ્ધ ધર્મે ઊંચા નીચાના ભેદ કાઢી નાંખી સમાનતા સમાજમાં લાવવા પ્રયત્ન કર્યો એવો ઘણા વિદ્વાનોનો મત છે. બ્રાહ્મણોની નજરે હલકી ગણાતી જાતિ રાજસત્તાના જોરે ઊંચી કે ક્ષત્રિય પાછળથી ગણાઈ હોય એવા દાખલા છે. કેમ્પબેલનો મત પરદેશી જાતિઓને ચાર વર્ણમાં લીધી તે માટે મુંબાઈ ગેઝેટિયરમાં જોવા જેવો છે. જો કે એમાં ઘણાં અનુમાનો ઊલટી રીતે પણ કર્યાં છે. વિગતો માટે કેમ્પબેલના લેખો ઉપયોગી છે; એમના અભિપ્રાય બધા જ ગ્રહણ કરવા યોગ્ય નથી.

૩૬. બ્રાહ્મણોએ ઊંચાનીચા જાતિઓને હિંદુ ધર્મમાં પાછી કેવી રીતે ગોઠવી અને મુખ્ય ચાર જાતિઓમાંથી નાની નાની અસંખ્ય પેટા જાતિઓ કે આજની જ્ઞાતિઓ કેવી રીતે થઈ, મૂળ ક્ષત્રિયોમાંથી આજના રજપૂતો કેવી રીતે થયા એ વર્ણન રસમય છે. ટૂંકામાં આગળ જોઇશું. કેમ્પબેલનો મત પણ ગેઝેટિયરમાં જોવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપલે કરવી પડી. પોતાનું કેટલુંયે છોડીને સામાનું કેટલુંએ લેવું પડયું.[૩૭] એકતા માટેનો બ્રાહ્મણોનો આ મોટામાં મોટો વિજય હતો. ભગવાન બુદ્ધને એમણે હિંદુઓના ભગવાનના એક અવતાર તરીકે ગ્રહણ કર્યા.[૩૮] એમના ઘણા સિદ્ધાંતોને અપનાવ્યા. અહિંસાને પરમ ધર્મ તરીકે સ્વીકાર્યો. વિદેશી અને વિધર્મીને ધોઇ લેવામાં અપૂર્વ યુક્તિઓ યોજી. જગતના ચોથા ભાગમાં જે ધર્મ વ્યાપેલો તેને પોતાની જ જન્મભૂમિમાંથી કાઢવાનો મોટો અલૌકિક ચમત્કાર કર્યો. હિંદુસમાજનું આવું અપનાવવાનું બળ એ એક અપૂર્વ શક્તિ હતી. એ કોઇ વાર અનાયાસે વપરાઇ તો ઘણીવાર બુદ્ધિપૂર્વક વપરાઈ છે. વિરોધી તત્ત્વોને એક કરવા આ બન્ને મિશ્રણોના સમયમાં જે બુદ્ધિ વપરાઇ તે પાછળના સમાજમાં ન રહી એ ખેદની વાત છે.

યદુવંશી નાગો અને તાક નાગો

આ બીજા મિશ્રણમાં બ્રાહ્મણોનો જે વિજય થયો એમાં નાગ મહારાજાઓએ અગત્યનો ભાગ લીધો છે એ ધ્યાનમાં લેવા જેવું છે. આ નાગ રાજ્યો ત્રણ હતાં અને એમની રાજવ્યવસ્થા પ્રજાસત્તાક હતી એમ જાયસ્વાલજીનું માનવું છે.[૩૯] આથી પહેલાંના સમયમાં કર્કોટક નાગોનો માળવા અને નર્મદા સાથેનો સંબંધ જોયો.[૪૦]

---

૩૭. લાંબા લાંબા યજ્ઞો વગેરે બ્રાહ્મણોએ છોડયા. અહિંસા સિદ્ધાંત તરીકે સ્વીકારી, જો કે એનો અમલ થોડો થતો.

૩૮. ચુસ્ત વૈષ્ણવ પુરાણો ભગવાન બુદ્ધને બદલે શ્રીકૃષ્ણના ભાઈ બલરામને અવતાર ગણે છે.

૩૯. His. of India: Jayaswal. પૃ. ૩૩. મથુરા, કાંતિપુરી અને પદ્માવતીનાં ત્રણ નાગ કુલો અને તેમનું Fedartion-સમવાયતંત્ર હતું. પદ્માવતી કઈ તે નક્કી કરવું મુશ્કેલ છે. હાલના પદ્મ પવાયામાં એના અવશેષો જડયાં છે એમ જયસ્વાલજી માને છે. કવિ ભવભૂતિનું પદ્માવતી એ જ કે બીજાં હશે? અહિછત્રમાં પણ નાગકુલની નાની શાખાની સત્તા હતી.

૪૦. નર્મદા નામની સ્ત્રીઓ અને નદીમાં પુરાણોએ કરેલી ગૂંચવણના ઉલ્લેખ પાર્જિટરે કરેલા છે. પુરાણો નર્મદાને શિવની પુત્રી પણ કહે છે અને નાગોની બહેન પણ કહે છે. એણે નાગોની તરફેણમાં લીધેલા ભાગનો ઉલ્લેખ આગળ જોયો. સ્ત્રી તરીકે અને નદી તરીકે બન્ને રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ મથુરાનો નાગવંશ પોતાને યદુવંશનો કહે છે અને પદ્માવતીનો નાગવંશ તાકવંશ કહેવાય છે. અહિછત્રમાં પણ નાગકુલની સત્તા હતી તે બાબત આગળ જોઇશું. આપણા ઇતિહાસને માટે આ બે નામ બહુ ઉપયોગી છે. નવનાગનું કુલ પણ પોતાને યાદવવંશી કહે છે.[૪૧] તાકવંશના નાગો તક્ક દેશ એટલે પંજાબથી દક્ષિણ બાજૂએ આવ્યા. પ્રાચીન કાળમાં કાશ્મીર અને પંજાબમાં નાગસત્તા હતી અને ત્યાંનો તાકવંશ રજપુતાના, માળવા અને મધ્યહિંદમાં સત્તાધીશ થયો. આટલા પ્રાચીન સમયમાં આ નાગ રાજવંશો પોતાને યદુવંશના કહે છે અને યાદવોનો પશ્ચિમ હિંદ, મથુરા, અને સૌરાષ્ટ્ર સાથે જે જૂનો સંબંધ છે તે વાત બહુ જ સૂચક છે. ઇસ્વીસનની શરૂઆતમાં આપણો આખો પ્રાંત આભીર દેશ કહેવાતો હતો અને યાદવો તથા આભીરો-આહીરો-સાથેનો સંબંધ જો કે સ્પષ્ટ થયો નથી છતાં કાંઇ સંબંધ હશે એમ સમજાય છે.[૪૨] તામીલ સાહિત્યમાં

નાગો સાથે એનો સંબંધ હોવો જોઈએ. મેં ખંભાતના ઇતિહાસમાં એના ઉલ્લેખ કરેલા છે.

૪૧. His. of India. Jayaswal. પૃ. ૩૩. જયસ્વાલજી નવ નાગનો અર્થ નવું નાગકુલ એવો કહે છે. નવ એટલે સંખ્યા નહિ.

૪૨. જયસ્વાલજીએ એના આધારો (પુરાણોના) આપ્યા છે. ગ્રીક ઉલ્લેખોનો આબીર પણ આભીર છે. આભીર લોકો એકવાર આખા ગૂજરાત, કાઠિયાવાડ, કોંકણ, માળવા વગેરે ઉપર સત્તાધીશ હતા એવા ઉલ્લેખો પણ છે. આપણા આહીર લોકો એ આભીરો છે. ઉત્તર હિંદમાં પણ આહીરોની વસ્તી છે. એમને અને યાદવોને શો સંબંધ એ કહેવું મુશ્કેલ છે. એ લોકોની દંતકથા એમને મથુરાથી શ્રીકૃષ્ણ અને યાદવો સાથે સૌરાષ્ટ્રમાં આવ્યા એમ કહે છે. એમાં અહિ શબ્દના અવાજ સાદૃશ્યને લીધે નાગજાતિ સાથે એમનો સંબંધ કોઇ જોડે છે. આ બાબત કાંઈ નિશ્ચયથી કહેવું અશક્ય છે. પરંતુ એક અનુમાન એમ કેમ ન થઇ શકે કે ઘણાં બહારનાં તેમ જ લૌકિક રૂઢ નામોને સંસ્કૃત બનાવી દેવામાં આવ્યાં છે તેમ આહીર નામ મૂળ હોય અને એનું સંસ્કૃત નામ આભીર કરી નાંખ્યું હોય. યદુઓ કે નાગો સાથે કદાચ સંબંધ હોય તોપણ આજે સમાજમાં એ નામો જણાતાં નથી અને આહીર જેવી ઘણી જાતિઓમાં છુપાયેલાં પણ કેમ ન હોય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગ લોકોનું જે વર્ણન આવે છે તેમાં એમને સુંદર, ગોળ હોઠવાળા, મોટા ને સ્વચ્છ દાંતવાળા, મેઘની ગર્જના જેવા અવાજવાળા, હાથમાં જાળની દોરી રાખવાવાળા, અને તોફાની કહેલા છે. એમને સંસ્કારી અને ઉત્તમ કપડું વણનારા પણ કહ્યા છે.[૪૩] આ બધું વર્ણન પણ ઉત્તરમાંથી ગૂજરાત માળવામાં થઇને દક્ષિણમાં ગયેલી તાક વગેરે નાગ જાતિઓને માટે જ બંધ બેસે છે. યાદવો અને નાગોનો સંબંધ જયસ્વાલજીની પેઠે પ્રો. બેનરજી શાસ્ત્રી પણ કહે છે તે આગળ જોયું. જો કે એ માટે હજી વધારે આધારની જરૂર તો ખરી.[૪૪] આ જાતિઓ આજે તો આપણા સમાજમાં કોની સાથે કયા નામથી મળી ગઇ છે તે એક કોયડો છે પરંતુ પ્રાચીન કાળથી આપણી અને આસપાસની ભૂમિમાં સર્વવ્યાપી જેવી આ જાતિ અન્ય નામે પણ સમાજમાં છે જ. ટાંક રજપૂતો હજી તાક કુલના રાજવંશનું નામ જાળવી રહ્યા છે. તેનો ઉલ્લેખ આગળ કરીશું.

કુશાન સત્તાનો અંત અને નાગો: એમાં બૌદ્ધો સામે બ્રાહ્મણોનો વિજય

આગળ જોયું તેમ બૌદ્ધ ધર્મનું જોર વધતું હતું અને શકો ને કુશાનો એ હિંદના પ્રાચીન રાજવંશોને દાબીને પંજાબથી શરૂ કરી હિંદના મોટા ભાગ ઉપર પોતાનું સામ્રાજ્ય વધારવા માંડયું હતું તે સમયે એ લોકો પોતાના અસલ ધર્મો છોડીને બૌદ્ધ મતમાં મળ્યા હતા, અને બ્રાહ્મણોનું જોર ઘટતું જતું હતું.[૪૫] ખરી રીતે

૪૩. Racial Syn. in Hindu Culture. By Prof. Viswanath P. 79.

૪૪. પ્રો. બેનરજી શાસ્ત્રી તો યદુઓ અને એમના ભાઈઓ તુર્વસુ વગેરેને નાગજાતિના કહે છે. (Asura in India) જયસ્વાલજી મથુરાના નાગોને યદુવંશી કહે છે, પરંતુ પુરાણોમાં આ બાબત વિરોધો પણ આવે છે. કદાચ કોઈ એમ પણ ટીકા કરે કે હિંદમાં ઘણી જાતિઓ પોતાને યદુવંશ સાથે જોડે છે. જો કે નાગજાતિ માટે આધાર છેક લૂલા નથી છતાં વધારે જોઈએ ખરા.

૪૫. His. of India. Jayaswal Pp. 45-47–આમાં અલબરૂની (જેણે પુરાણો ઉપરથી લખ્યું છે) ગર્ગસંહિતા અને મહાભારતના ઉલ્લેખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકો અને કુશાનો હિંદુસમાજમાં ભળ્યા અને ચડયા તેમાં પહેલું પગથિયું બૌદ્ધ મત બનેલો અને એ મારફતે પરદેશીમાંથી દેશી થઇ સમાજમાં પાછળથી મળી ગયા. આમાં પણ નીચી જાતિઓને ઊંચી ચડાવવામાં બૌદ્ધ ધર્મે અગત્યનો ભાગ લીધો છે, તે આગળ જોઇશું. એ સમયના પૌરાણિક ઉલ્લેખો એમને મ્લેચ્છ અને બ્રાહ્મણ વિરોધી તરીકે વર્ણવે છે. આ કુશાન મહારાજ્યની સામે લડી, એમની રાજ્યસત્તાનો નાશ કરી, બ્રાહ્મણધર્મની ફરી આણ વર્તાવવામાં ભારશિવ-નાગ રાજાઓએ અગત્યનો ભાગ ભજવ્યો.[૪૬] એ નાગ રાજાઓએ અશ્વમેધ યજ્ઞો પણ કર્યા, અને બ્રાહ્મણધર્મની જૂની પ્રણાલિકાઓ પુનઃ ચાલુ કરી.[૪૭] શૈવધર્મે પણ પરદેશીઓને ઊંચા વર્ણોમાં મેળવવા સહાય કરી છે.[૪૮]

આ પ્રમાણે બૌદ્ધો અને બ્રાહ્મણોની તાણાતાણ સૈકાઓ સુધી ચાલી અને એને લીધે આજના હિંદુ સમાજમાં જે અપૂર્વ મિશ્રણો થયાં એની વીગતમાં ઉતરતાં બહુ લંબાણ થાય. મોટી વર્ણો ઉપરાંત આ સમયે જેમાંની નાની નવી વર્ણો અને પેટા જાતિઓ ને જ્ઞાતિઓ

શકોને માટે આપ્યા છે અને એમને મ્લેચ્છ કહી બ્રાહ્મણો–વેદધર્મનું બળ ઓછું થતું બતાવી લોકો જુઠા અને જૂઠા મત માનનારા થશે એમ લખ્યું છે. દરેક ધર્મના ચુસ્ત નેતાઓ બીજા ધર્મના સિદ્ધાંતોને જૂઠા કહે છે એ વાત જાણીતી છે અને આ પૌરાણિક ઉલ્લેખોનો એ જ અર્થ છે. જયસ્વાલજીએ આ વાતને જરા મોટું રૂપ આપી દીધું છે.

૪૬. Jayaswal: His. of India Pp. 48–50. આ વર્ણનમાં અને ભાર શિવ-નાગ રાજાઓએ ભગવાન શિવનું યોગી જેવું સાદું જીવન આદર્શ તરીકે રાખ્યું હતું એ વર્ણનમાં જયસ્વાલજીએ જે ભાષા વાપરી છે તે પોતાના ઇષ્ટ વિષયની વકીલાત જેવી લાગે છે.

૪૭. કાશીમાં દશાશ્વમેધનો આરો ત્યાં દશ અશ્વમેધ થયેલા તેથી નામ પડયું એમ જયસ્વાલજી લખે છે. નર્મદા કિનારે એ નામ છે એનો ખુલાસો થવાની જરૂર છે.

૪૮. પૌરાણિક હિંદુધર્મ અને હિંદુસમાજના સફળ મિશ્રણમાં અનેક વિરોધી પરદેશી તત્ત્વોને સમાવવામાં બૌદ્ધ ધર્મ જેટલું કે કૈંક વધારે કાર્ય શૈવ સંપ્રદાયોએ પણ કર્યું છે એમ મારું માનવું છે, તે આગળ જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થઈ અને બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે વર્ણોમાં અનેક પરદેશીઓ ધોવાઇને મળી ગયા એ વાત આપણા સામાજિક ઇતિહાસનો આજે એક ચમત્કાર જ કહેવાય. બ્રાહ્મણોમાં સૂર્યપૂજક મગ લોકો દાખલ થયા. અને એવા ઘણા દાખલા મળે તેમ છે. ક્ષત્રિયોમાં તો નવા આવનારને દાખલ થવાની છૂટ હતી અને ક્ષત્રિય વર્ણ જેટલી સમાવવાની શક્તિ હિંદની બીજી કોઇ વર્ણે ભાગ્યે જ બતાવી છે.[૪૯] બ્રાહ્મણોએ પણ શક્તિશાળી વિજેતાને અનેક રીતે ધોઈ લેવાનો આડંબર કરી ક્ષત્રિયોમાં દાખલ કરી દીધા અને એ રીતે રજપૂતોની એક આખી નવી ક્ષત્રિય વર્ણ ઊભી કરી.[૫૦]

અનેક પરદેશી જાતિઓનું છેવટનું મિશ્રણ

કુશાન સતાના નાશ પછી પણ પરદેશી ટોળાં હિંદમાં આવ્યાં હતાં અને તેમાં સૂર્યપૂજક હૂણ અને ગુર્જરો ખાસ હતા. આ લોકો આવ્યા ત્યારે પણ બૌદ્ધો અને બ્રાહ્મણોના ઝઘડા ચાલુ જ હતા. પરંતુ સૂર્ય અને અગ્નિમાં માનનારાઓને ધોઈ લેવામાં બ્રાહ્મણોને યજ્ઞયાગમાં ન માનનારા અસુરો દાસો અને બૌદ્ધો વગેરેને ધોઈ લેવા જેવી મુશ્કેલી પડી નહિ.[૫૧] આથી બૌદ્ધો અને જૈનોને અસુરના પાછળથી થયેલા અર્થમાં ગણવાનું કે મ્લેચ્છમાં ગણવાનું કેટલાંક પુરાણો ચૂક્યાં નથી.[૫૨] હૂણો અને ગુર્જરો ધોવાઇને તુરત હિંદુ બન્યા. સૂર્ય

૪૯. આ બાબતની વીગતો કેમ્પબેલે મુંબઈ ગેઝેટિયરના હિંદુ વસ્તીના પુસ્તકમાં પરિશિષ્ટમાં લંબાણથી ચર્ચી છે. કેમ્પબેલનાં અનુમાનો અને નિર્ણયો કાંઇ બધા માનવા જેવા નથી. પણ ભેગી કરેલી વીગતો માટે તે ઉપયોગી છે.

૫૦. અગ્નિકુંડમાંથી ચૌહાણ પરમાર વગેરે રજપૂતોને ઉત્પન્ન કરવાની વાત એવી જ છે તે આગળ જોઇશું.

૫૧. A. I. H. 7 Pargiter પૃ. ૬૮ : આર્હત એટલે બૌદ્ધ અને જૈન માટે લખે છે કે એમને પુરાણોએ દૈત્યો કેવી રીતે ગણ્યા. અને વિષ્ણુના માયામોહથી વેદધર્મનો ત્યાગ કરવાનું કેવી રીતે બન્યું. આ વાતમાં નર્મદાના કિનારાને સ્થાન ગણ્યું છે એ જૈન અને બૌદ્ધ ધર્મ સાથેના વેરનું સૂચક છે.

૫૨. સ્કંદપુરાણમાં જૈનો માટે એવો ઉલ્લેખ છે. જુઓ ખંભાતનો ઇતિહાસ પૃ. ૨૨૭, નોંધ ૪૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદનો દેવ તો હતો જ અને હવે એની મૂર્તિની પૂજાને અને સૂર્ય-પત્ની રાંદલને બ્રાહ્મણધર્મે સ્વીકારી.[૫૩] અગ્નિકુલની આખી યોજેલી વાત એટલું સિદ્ધ કરે છે કે પરદેશીઓને અગ્નિદ્વારા એટલે યજ્ઞયાગ કરાવીને બ્રાહ્મણોએ નવી ક્ષત્રિય જાતિઓ ઉત્પન્ન કરી, અને એમને ઊંચું પદ મળ્યું. અગ્નિથી થતી શુદ્ધિ પ્રાચીન આર્ય પ્રણાલિકામાં બહુ અગત્યનું સ્થાન ભોગવે છે એટલે એ શુદ્ધિની સામે કોઇએ માથું ઊંચક્યું નહિ. સૂતોનાં પુરાણોની નવી બ્રાહ્મણકૃત આવૃત્તિઓમાં એ માટે અનેક કલ્પિત વાતો યોજાઈ. અને આજના હિંદુસમાજને એ સમયના બુદ્ધિશાળી બ્રાહ્મણોએ ઠસાવ્યું કે દરેક જ્ઞાતિઓ કોઇને કોઇ કારણસર ઇશ્વરે પોતે નામ આપીને બનાવી છે.[૫૪] ક્ષત્રિયોની આ પ્રમાણે થયેલી જાતિઓએ પોતાનાં પેઢીનામાં શ્રીરામચંદ્ર અને શ્રીકૃષ્ણ સુધી લઇ જઇને સૂર્ય અને ચંદ્રથી ઊતરી આવવાનું માન પણ લેવા માંડયું.[૫૫] અને આ પ્રમાણે પોતાને

---

૫૩. આ બાબતની આગળ ધર્મોના વર્ણનમાં ચર્ચા કરીશું. સૂર્ય અને રાંદલ માટે ફાર્બસ સભાના ત્રૈમાસિકમાં શ્રી. માંકડનું ભાષણ છપાયું છે તે જોવું અને તેમાં શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીની ચર્ચા જોવી.

૫૪. અગ્નિકુલના ક્ષત્રિયો માટે આપણા ઘણા વિદ્વાનોએ ચર્ચા કરી છે અને ઘણા મતભેદ પણ બતાવ્યા છે. કેમ્પબેલે ગેઝેટિયરમાં પણ ચર્ચા કરી છે. અગ્નિકુલના રજપૂતો માટે જે વાતો પ્રચલિત થઈ છે તે તો નામ પડયા પછી નામનો અર્થ બેસાડવાની પુરાણોની રીતે જ જોડાઈ લાગે છે અને તેની ચર્ચા પણ યોગ્ય નથી. એ રજપૂતો અને કાઠિયાવાડની ઘણી ખરી રજપૂત જ્ઞાતિઓ માટે યોજાયેલી ચારણ કથાઓમાં પણ મોટે ભાગે કાંઈ અર્થ દેખાતો નથી. જ્યારે પુરાણો જ એકથી બીજી વિરુદ્ધ વાત યોજે અને દંતકથા વળી એથી પણ જુદી વાત યોજે ત્યારે મૂળ શોધવું મુશ્કેલ બને અને એવી વાતો મૂળના અજ્ઞાનને લીધે પાછળથી યોજાયેલી જ ગણવી પડે. આવી રીતે બધી જ્ઞાતિઓને એક કે બીજી રીતે ઈશ્વર કે દૈવી તત્ત્વમાંથી નીકળેલી બતાવવા પ્રયત્ન થયો છે, જેનું વર્ણન એને લગતા જુદા ગ્રંથમાં જ થઇ શકે. 'હિંદુ વસ્તી ગેઝેટિયર' પૃ. ૪૪૯. દક્ષિણમાં ચિતપાવન અને વન્નિયાર શબ્દોનો અગ્નિશુદ્ધિ સાથે સંબંધ જોડે છે તે રસમય છે.

૫૫. ઘણી રજપૂત જ્ઞાતિઓ (જ્ઞાતિ શબ્દ જો કે રજપૂતો માટે વાપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપૂર્ણ આર્ય માનતો આજનો હિંદુ સમાજ ઉત્પન્ન થયો. આજની જાતિઓ અનેક ધર્મ પાળનારી જાતિઓના મિશ્રણથી પોતે બની છે એ વાત પણ ભૂલી જવામાં આવી. મોટા ભાગમાંથી વાડા બંધાયા અને તેમાં નાના વાડા ને તેમાંયે તેથી નાના વાડા બંધાયા ને ઉચ્ચ નીચ ભેદ પડી ગયા, મુસલમાન સમય આવતા પહેલાં તો આ નાનામોટા વાડા બંધાઈ ગયા હતા તે ટૂંકામાં જોઇશું.

આ મિશ્રણમાં કેટલીક જાતિઓએ પોતાનાં નામ જિતાયેલી પ્રજાને આપ્યાં. કેટલાકે જિતાયેલી પ્રજાનાં નામ પોતે ગ્રહણ કર્યાં.[૫૬] લડાઈઓ અને તેમાં પકડાયેલા કેદીઓ પરદેશથી થયેલાં આક્રમણો અને તે કરનારા કેટલાક વસી ગયા તે અને કેટલાક પાછા ન જઇ શકયા તે ભિન્ન ભિન્ન જાતિઓમાં ગુણ કર્મ પ્રમાણે કે રાજસત્તાના બળે સમાઈ ગયા.[૫૭] લડાઇઓમાં પકડાયેલા કેદીઓ વિજેતાઓની

રવો યોગ્ય નથી જ) પોતાનું પેઢીનામું શ્રીકૃષ્ણ કે શ્રીરામ સાથે જોડે છે. અને શ્રી. ગૌરીશંકર ઓઝા જેવા પણ એની વકીલાતમાં પડે છે.

૫૬. કેમ્પબેલે ગેઝેટિયરના પરદેશીઓ અને ગુર્જરોને લગતાં પરિશિષ્ટમાં આ બાબત ચર્ચીને કેટલાંક અનુમાનો તારવ્યાં છે તેમાં કેટલાંક માનવા જેવાં લાગે છે. વિસ્તારના ભયથી અહીં તેનો ઉલ્લેખ થઇ શકે તેમ નથી. ગુર્જરોએ આપણા આખા પ્રાંતને પોતાનું નામ આપ્યું એ એક વિચિત્ર ઘટના નથી ? જીતનારો જિતાયેલી પ્રજાનું નામ ગ્રહણ કરે તેનું પણ કારણ કેમ્પબેલ એવું આપે છે કે જિતાયેલાની લક્ષ્મી પોતાની વિરુદ્ધ ન જાય એવો વહેમ. એ કારણ કાંઈક અંશે ખરું લાગે છે. જુઓ. ગુ. હિંદુ વસ્તીનો ગ્રંથ પૃ. ૪૬૨.

૫૭. જુઓ હિંદુ વસ્તીનું ગેઝેટિયર. કેમ્પબેલનું પરિશિષ્ટ પૃ. ૪૪૭-૪૯. એમાં લેખક હિંદુઓની ગુણ કર્મ પ્રમાણે જ્ઞાતિઓમાં લેવાની ઉદારતાનાં વખાણ કરે છે. હારજીત પ્રમાણે ઉચ્ચનીચ જ્ઞાતિઓ થયાના દાખલા આપે છે. જિતાયેલાની હલકી જાતિ ભૂલી જવાતી અને ઊંચા મનાતા એમ લખે છે. (પૃ. ૪૪૨ માં શિવાજીનો દાખલો પણ આપે છે.) પરંતુ કેમ્પબેલ અહીં શાતકર્ણી, સમુદ્રગુપ્ત અને સગરનો હૈહયો સામેનાં યુદ્ધો માટેનો ગોટાળો ઉત્પન્ન કરે છે. અલ્બરૂનીનો આધાર આપીને કહે છે કે સગરે અમુક જ્ઞાતિઓ બનાવી અને હારેલાને ઊંચી જ્ઞાતિમાં ન ગણ્યા. એવા લોકો બૌદ્ધો થયા તે પણ જ્ઞાતિ બહારમાં ગણ્યા લાગે છે. પરંતુ આ ગોટાળાનો એક સાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરજી પ્રમાણેની જ્ઞાતિઓમાં ગોઠવાયા.[૫૮] મુહમ્મદ ઘોરીના લશ્કરના કેટલાક મુસલમાન કેદીઓને હિંદુ જાતિઓમાં મેળવી દેવાયા હતા. અને પકડાયલા ઉંચ વર્ણના ગુલામો આ રીતે નીચ વર્ણમાં અનિચ્છાએ મળ્યા. દુકાળોએ આ મિશ્રણ અને નવી હલકી જ્ઞાતિઓમાં ઉમેરા કર્યા.[૫૯]

મિશ્રણની ગૂજરાત ઉપર અસર

આ પ્રમાણેની મિશ્રણોની અસર આખા હિંદુસ્તાનમાં છે. પરંતુ દરિયાકાંઠાનો અને વેપારી પ્રદેશ હોવાથી આપણા પ્રાંતમાં એની અસર બીજા બધાથી જરા જુદી થયેલી છે. આપણા પ્રાંતમાં કેટલીક મિશ્રણ પામેલી જાતિઓએ થોડાવધતા પોતાનાં નામો રિવાજો અને પંથો કાયમ રાખ્યા છે.[૬૦] ઘણી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ પણ એક રીતે સમાજનું કમનસીબ છે. અને એ બધું બીજા પ્રાંતો કરતાં પ્રમાણમાં આપણે ત્યાં જરા વધારે સ્પષ્ટ રીતે રહ્યું છે. જો કે પ્રાચીન જાતિઓનાં નામ નિશાન નથી મળતાં અને તે હાલની જાતિઓમાં ન ઓળખાય એવી રીતે મળી ગઇ છે,

---

એટલો છે કે હારેલાઓને હલકી ભારે જ્ઞાતિઓમાં વિજેતા રાજાઓના બળે બ્રાહ્મણોએ મુકાવ્યા હોવા જોઈએ.

૫૮. મૂળરાજ બીજાએ મુહમ્મદ ઘોરીના લશ્કરને મોટી હાર આપી ઘણા મુસલમાન કેદીઓ પકડયા હતા અને એમને બરોબર પરીક્ષા કરી ગૂજરાત કાઠિયાવાડની કેટલીક જ્ઞાતિઓમાં વહેંચી દીધા હતા. એ માટે કેમ્પબેલ "હિંદુ વસ્તીનું ગેઝેટિયર" પૃ. ૪૩૯ની નોંધ અને પૃ. ૪૪૪નું વર્ણન રસમય છે તે જુઓ. આ પ્રમાણે અફઘાન અને કેટલાક મુસલમાનો હિંદુ જ્ઞાતિઓમાં મળેલા છે અને આજે નવાઈ લાગે એવું બન્યું છે.

૫૯. કેમ્પબેલ-"હિંદુ વસ્તી". પૃ. ૪૫૪. પકડાયેલા કેદીઓ અને ગુલામોને ફરજિયાત ધંધા આપવામાં આવતા અને તે ધંધા કરનારી જુદી જ્ઞાતિઓ વસવાયાં કહેવાયાં. ગૂજરાતમાં નારૂ કારૂ કહેવાય છે તે માટે આગળ જોઇશું. દુકાળ, લડાઈઓ અને ગુલામીને લીધે ખૂબ મિશ્રણો થયાં છે કે જેથી તે જાતિઓનું મૂળ શોધવું પણ મુશ્કેલ છે (પૃ. ૪૫૭).

૬૦. એજ પૃ. ૪૫૩. એક મોટી જ્ઞાતિ કે જાતિમાં પાછળથી મળી જનારી જાતિઓએ પોતાનાં નામ અવટંક તરીકે કે અમુક કૌટુંબિક રિવાજ તરીકે મૂળ જાતિના રિવાજો કાયમ રાખ્યા છે. કાઠીઓ બાબત જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં નવાં નામ અને નવી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ પુષ્કળ થઇ છે.[૬૧] સહિષ્ણુતા એ આપણો મોટામાં મોટો સદ્‌ગુણ છે, છતાં સારી વસ્તુ પણ જ્યારે હદ પાર થઇ જાય ત્યારે તે દૂષણ બને છે.[૬૨] अति सर्वत्र वर्जयेत् એ સૂત્ર વ્યવહારમાં બહુ અગત્યનું છે. અને નજીવાં કે સામાન્ય કારણોથી જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ થઇને વધતી ગઇ અને એમના સહકાર બંધ થતા ગયા; અને એમનામાં મુખ્ય જાતિનું કે છેવટે દેશનું પણ અભિમાન ઓછું કે નહિ જેવું થતું ગયું એ બધું આ સહિષ્ણુતાના અતિશયથી પણ કેમ ન થયું હોય? અતિસહિષ્ણુતામાંથી પ્રત્યાઘાત થઈ પાછી અસહિષ્ણુતા જન્મે અને તેમાંથી પરસ્પરનો અસહકાર જન્મે એમ કેમ ન બને? આપણા સમાજના બંધારણનો આ દષ્ટિએ જરા વિચાર કરવા જેવો લાગે છે. આ છેલ્લા મિશ્રણ પછી આપણે પરદેશીઓનો સામનો જોરપૂર્વક ન કરી શકયા તેનું પણ આ અંદર અંદરના અસહકારની મનોદશાથી થયેલી ઉદાસીનતા અને કુસંપ પણ કારણ કેમ ન હોય? છેક આજનો રાષ્ટ્રવાદ જન્મ પામ્યો[૬૩] તે પહેલાં આપણા સમાજમાં એકની દાઢી સળગે તો બીજાને તાપણી થાય એવી મનોદશા હતી તેનું કારણ સમાજશાસ્ત્રીઓએ વિચારવા જેવું છે. આપણી મૌલિક એકતા–(Fundamental Unity) ખરેખર આદરને યોગ્ય છે. પરંતુ વ્યવહારમાં પાછળના વખતમાં એ કેમ નિષ્ફળ નીવડી એ વિચાર પણ કરવા જેવો છે.

જ્ઞાતિઓના નાના વાડા આપણા સમાજમાં બંધાયા એનો સવિસ્તર ઇતિહાસ પણ ઉપરનાં બધાં મિશ્રણો અને જાતિઓના

---

૬૧. યદુઓ, નાગો અને બીજી મુખ્ય જ્ઞાતિઓ જડે તેમ નથી. પરંતુ અનેક નવી જાતિ અને જ્ઞાતિ માટે કચ્છ, ગૂજરાત, કાઠિયાવાડનાં જ્ઞાતિઓનાં વર્ણનો જુઓ. "હિંદુ વસ્તી ગેઝેટિયર."

૬૨. ધર્મોની ચર્ચામાં એનો ઉલ્લેખ કરીશું.

૬૩. આજનો રાષ્ટ્રવાદ આપણે પ્રાચીન સમયથી જાણતા હતા એમ કહેવું ઇતિહાસની વિરુદ્ધ છે. ગણરાજ્ય અને એવા શબ્દો ઉપરથી જાયસ્વાલજી republic વગેરે શબ્દો વાપરે છે તે યથાર્થ નથી લાગતા. **जनाधिपाः** એ શબ્દનો એમણે કહેલો એવો અર્થ પણ વિચિત્રજ લાગે છે.

૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસની પેઠે જુદું મોટું પુસ્તક થાય તો જ વર્ણવી શકાય. એટલે ખાસ ધ્યાન ખેંચાય એવી જ્ઞાતિઓ માટે જ ટૂંકો ઉલ્લેખ માત્ર અહીં તો થઇ શકે. એ કહેતા પહેલાં અહીં એટલું કહેવું જોઇએ કે કેટલીક જ્ઞાતિઓ બ્રાહ્મણોના જ કાયદા પ્રમાણે અનુલોમ અને પ્રતિલોમ લગ્નોમાંથી ઉત્પન્ન થઇ છે. અને ઉપર વર્ણવેલી પરદેશી જાતિઓ આવ્યા પછી અને હિંદુસમાજમાં સમાયા પહેલાં અને પછી પણ લગ્નોની અનુલોમ પ્રતિલોમ જ્ઞાતિઓથી અને અંદર અંદરનાં લગ્નોથી નવા વાડા બંધાયા છે.[૬૪]

નાગર જ્ઞાતિ

આ પ્રમાણે પ્રાચીન જાતિઓમાં જેમનું મૂળ ચોક્કસ રીતે કહી શકાય એવી આજની જ્ઞાતિઓ, ઉપર વર્ણવેલા મિશ્રણમાંથી બતાવવી બહુ મુશ્કેલ છે, અને ઘણી જાતિઓ નામ બદલીને અંદર અંદર મળી ગઇ છે. ઐતિહાસિક દૃષ્ટિએ ધ્યાન ખેંચાય એવી જ્ઞાતિઓનું માત્ર અહીં વર્ણન કરવાનું છે, અને તેમાં બ્રાહ્મણોમાં સર્વથી ઊંચી મનાતી નાગરજ્ઞાતિનું વર્ણન ઉપર કહેલા દૃષ્ટિબિંદુથી જરા વધારે ધ્યાન ખેંચે એવું હોવાથી એની ચર્ચા લંબાણનો ભય દૂર મૂકીને પણ સહેજ કરવી પડે તેમ છે. આગળ જોયું તેમ ઐતિહાસિક ઉલ્લેખો કરતાં કેટલીક વાર ભાષા આપણા પ્રાચીન ઇતિહાસમાં અગત્યનો ભાગ ભજવે છે અને એ દૃષ્ટિએ સહેજ જોવાની જરૂર પણ છે.

નાગરો પોતાને ગૂજરાતના સર્વથી ઊંચા અને સુધરેલા બ્રાહ્મણો કહે છે. ગૂજરાતમાં સર્વથી પહેલી શર્યાતોની આર્ય જાતિ અને યાદવો આવેલા. એ લોકો આજે કઈ જ્ઞાતિઓમાં છુપાઇ રહેલા છે તે કહેવું મુશ્કેલ છે. ઘણી જ્ઞાતિઓનાં નામો આજે ભૌગોલિક સ્થળો ઉપરથી પડેલાં છે અને એવી જ્ઞાતિઓના ઇતિહાસ પ્રસિદ્ધ હોવાથી એમનાં વર્ણન અહીં અસ્થાને છે. ભાર્ગવ બ્રાહ્મણો

---

૬૪. લગ્નોથી ઘણી જ્ઞાતિઓ એવી રીતે ઉત્પન્ન થઇ છે તેના અસંખ્ય ઉલ્લેખો છે અને તેની યાદીઓ પણ પ્રસિદ્ધ છે તે લંબાણના ભયથી અહીં અસ્થાને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવાં નામ[૬૫] પ્રાચીન ઋષિઓનાં નામ વ્યક્ત કરે છે અને એવાં નામ ભૌગોલિક નામો નથી એટલું નોંધીને એની વિસ્તૃત ચર્ચા કરવી અગત્યની નથી. નાગર જ્ઞાતિમાં એથી કાંઇ જુદું છે અને એ માટે મોટા વિદ્વાનો હજી એક મત થયા નથી. એટલે એક અનુમાન અહીં ઉમેરવું યોગ્ય જણાય છે.

એક રીતે તો નગર-વડનગર ઉપરથી નાગરોની જ્ઞાતિ થઈ એમ સામાન્ય રીતે મનાય છે. પરંતુ એ લોકો ગૂજરાતમાં કયારે આવ્યા ? અગર એ લોકો સૌથી પ્રાચીન બ્રાહ્મણો છે ? એ સિદ્ધ કરવું મુશ્કેલ છે. બીજી ભૌગોલિક સ્થળનાં નામોવાળી જ્ઞાતિઓનાં નામો તે તે સ્થળોને સ્પષ્ટ રીતે સૂચવે છે પરંતુ નગર નામવાળાં એક કરતાં વધારે સ્થાન છે; અને વડનગર હાલ નાગર જ્ઞાતિનું મૂળ સ્થાન મનાય છે એટલે એ જ મૂળ સ્થાન હશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. કારણ કે નવમી સદીથી પહેલાં ગૂજરાતના બ્રાહ્મણોનું નાગર નામ મળતું નથી. દેખીતી રીતે તો વડ-નગર ઉપરથી નાગર નામ પડયાની માન્યતા ચાલે છે એટલે એને પણ બીજી જ્ઞાતિઓની પેઠે ભૌગોલિક નામ ગણવામાં આવે. પરંતુ એમ માનવામાં કેટલોક ભારે વિરોધ પણ છે.

નાગરોની ઉત્પત્તિ માટે સ્કંદપુરાણમાં એક મોટો ખંડ-નાગર ખંડ દાખલ કરેલો છે. આપણી પૌરાણિક પરંપરા અને લોકોની સામાન્ય ટેવ પ્રમાણે પ્રાચીન નામો સમજાવવા માટે અનેક આખ્યાયિકાઓ પાછળથી જોડાયેલી છે એવા ઘણા દાખલા બતાવી શકાય

---

૬૫. ગૂજરાતના બ્રાહ્મણોમાં ભાર્ગવ, દધીચિ, ઔદિચ્ય, ગોમતીવાલ વગેરેનાં નામો ભૌગોલિક નથી દેખાતાં. ઋષિઓના નામ સાથે એમને જોડેલાં છે. છતાં ગૂજરાતની ઘણી ખરી જ્ઞાતિઓનાં નામો સ્થળો ઉપરથી થયેલાં છે એટલે ભાર્ગવ, દધીચિ વગેરે પણ સ્થળ ઉપરથી થયેલા માની શકાય. ભૃગુપુરના બ્રાહ્મણ એટલે ભાર્ગવ એમ માની શકાય. દધીચિ બ્રાહ્મણો દેહવાણ ગામના પણ મનાય છે. ગોમતીવાલનું પણ એમ જ મનાય છે. નાગર નામની પેઠે શંકા ઉત્પન્ન કરે એવું આ નામોમાં નથી. કપિલ બ્રાહ્મણો કપિલ ઋષિનું નામ કહે છે, પરંતુ એમની વસ્તી કાવી બંદરમાં જ છે, અને કાવી-કાપી ઉપરથી પોતાને કપિલ કહેતા હોય એમ બની શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ છે. એવી વાતોને ધાર્મિક અને પૌરાણિક રૂપ આપવાનો પ્રયત્ન પણ થયેલો છે. સ્કંદપુરાણના નાગર ખંડનો અભ્યાસ કરતાં અને ઐતિહાસિક દૃષ્ટિએ તેમ જ ભાષાની દૃષ્ટિએ નાગર શબ્દનો વિચાર કરતાં એમ સહજ લાગે છે કે નાગર નામની કોઇ જ્ઞાતિ પ્રાચીન સમયથી હતી અને નગર શબ્દમાંથી એ નામની ઉત્પત્તિ કરવાનો પ્રયત્ન પાછળથી થયેલો છે અને નાગરો તેમ જ એમના ઇષ્ટદેવ હાટકેશ્વરની ઉત્પત્તિ સમજાવવા નાગરખંડનો પ્રયાસ પણ પાછળનો છે. આમ છતાં પણ ઐતિહાસિક સત્ય એમાં કોઇ કોઇ જગાએ જણાઈ આવે છે.[૬૬]

નાગર શબ્દ

આજે તો નાગર શબ્દ નગર ઉપરથી ઉપજાવે છે. એના ઘણા અર્થો પણ છે, પરંતુ નગર શબ્દ જ શંકાવાળો છે. ભાષામાં નગ એટલે પર્વત જેવા મહેલો જેમાં છે એ નગર એવો અર્થ કર્યો છે તે પાછળથી ગોઠવેલો હોય એવો જ લાગે છે. નગ શબ્દનો જ અર્થ ભાષામાં પર્વત અને સર્પ એમ બે થાય છે. અને નાગનો પણ સર્પ અને હાથી એમ બે અર્થ થાય છે. પ્રાચીન વૈદિક સાહિત્યમાં નાગ શબ્દનો સર્પ અર્થ નથી થતો.[૬૭] બ્રાહ્મણ સાહિત્યમાં નાગનો અર્થ હાથી થાય છે. न गच्छति–જાય નહિ તે નગ–એ પર્વત એવો ભાષામાં અર્થ કરે છે તો એ જ શબ્દનો સર્પ અર્થ કરી નગ નહિ તે નાગનો પણ સર્પ અર્થ કરે છે એ વિચિત્ર છે.[૬૮] એટલે કેટલાક

---

૬૬. એક વસ્તુની ઉત્પત્તિ માટે પુરાણોની પરંપરા જ્યારે જુદાં જુદાં કારણો આપે છે ત્યારે કોઈ પ્રાચીન વસ્તુનો ખરો ઇતિહાસ ભુલાઈ ગયો છે અને તે માટે ફાવે તેવા અર્થ બેસાડાય છે એવું માનવું જ પડે. લિંગપૂજાની ઉત્પત્તિ હાટકેશ્વર અને નાગરો માટે એવી ભિન્નભિન્ન પરંપરાઓ છે. ખંભાતના ઇતિહાસના પરિશિષ્ટમાં એવા કેટલાક ઉલ્લેખો નોંધ્યા છે.

૬૭ Vedic Index, Macdonell & Keith. I. 440. બ્રાહ્મણ અને સૂત્ર સાહિત્યમાં નાગ શબ્દ હાથીના અર્થમાં હોય એમ શંકા બતાવે છે. વેદમાં નથી.

૬૮ અર્થની આ વિચત્રતા અને વિરોધ ભાષામાં શબ્દના અર્થ પાછળથી બેસાડેલા એમ સૂચવે છે. નગ શબ્દનો **न गच्छति** એવો અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯ શબ્દો ભાષામાં દાખલ થયા પછી અર્થ બેસાડયો છે એમ જણાઈ આવે છે. હવે નગર શબ્દ વેદમાં પુર કે શહેરના અર્થમાં વપરાયો નથી. નગર શબ્દ શહેરના અર્થમાં ભાષામાં પાછળથી દાખલ થયો છે, અને મહાભારત કાલમાં એ અર્થ છૂટથી વપરાયો છે.[૬૯] વેદમાં સર્પ માટે 'નાગ'ને બદલે 'અહિ' શબ્દ છે.[૭૦] એટલે નગ અને નાગ એ બન્નેનો અર્થ જેમ પછીથી સર્પ થયો. તેમ નાગ લોકોના નિવાસ સ્થાનને નગર અથવા નાગર કહેતા હોય તે વધારે સંભવિત છે. વેદમાં કિલ્લાવાળા શહેર માટે 'પુર' શબ્દ જ છે. જાયસ્વાલજીએ જયપુર પાસે કર્કોટક નાગના નામ ઉપરથી પડેલા શહેરનું નામ "કરકોટનાગર" આપ્યું છે તે બહુ સૂચક છે અને નગર તથા નાગર શબ્દ કોઈ વખતે એક અર્થમાં વપરાતા હશે એમ સૂચવે છે.[૭૧] આ બધી વિગતો એમ પણ સૂચવે છે કે નાગનો અર્થ બહુ પ્રાચીનકાળમાં સર્પના અર્થમાં ન હોય, કારણકે એ એક વિશિષ્ટ જાતિ હતી. નગરનો અર્થ શહેરના અર્થમાં પ્રાચીન સાહિત્યમાં નહોતો એનું પણ કારણ એ જ કે નાગ જાતિના નિવાસ ઉપરથી

અથર્વવેદમાં પાછળના ભાગમાં માલૂમ પડે છે. બીજો અર્થ નથી થતો. જુઓ એજ પૃ. ૪૩૨.

૬૯ એજ પૃ. ૪૩૨ અને પૃ. ૫૩૯. એમાં નગર શબ્દ પાછળથી યોજાયેલો છે અને મહાભારતાદિમાં શહેરના અર્થમાં છે એમ સ્પષ્ટ કહે છે. પુર શબ્દ વેદમાં કિલ્લાના અર્થમાં છે. વેદમાં નામના વિશેષણ તરીકે નાગરિન્ શબ્દ માત્ર આવે છે.

૭૦ અહિ ઋગ્વેદમાં સાપના અર્થમાં એકવાર (X 16–6), અને અથર્વ વેદમાં વારંવાર એ અર્થમાં આવે છે. પર્યાયો વાપરવાનો ભાષાનો શોખ નામોના ગોટાળાનું મુખ્ય કારણ છે.

૭૧ જુઓ History of India:-K. P. Jayswal. P. P. 53–57–147. એમાં જાયસ્વાલજીએ વિગતો આપી છે. પૃ. ૧૪૭ માં કરકોટનાગરનું એકલું નાગર નામ પણ આપ્યું છે. અહીં સવાલ માત્ર એટલો જ થાય છે કે નગરના પર્યાય તરીકે નાગર શબ્દ કેમ આવ્યો તેની કાંઈ સમજૂતી જાયસ્વાલજીએ આપી નથી. પરંતુ નગ અને નાગનો એક અર્થ એ ઉપર બતાવ્યું તે ઉપરથી એ સમજાય તેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શબ્દ નીકળ્યો અને પાછળથી ભાષામાં દાખલ થયો.[૭૨]

નાગર શબ્દમાં "ર" પ્રત્યય

એટલે હવે એમ માનવું પડે કે નાગર નામની કોઇ પ્રાચીન જાતિનો અર્થ બેસાડવા માટે નગર–વડનગર વગેરે ઉપરથી ભૌગોલિક દેખાતી વ્યુત્પત્તિ જોડવામાં આવી અને આખો નાગરખંડ એ અર્થ માટેની આખ્યાયિકાઓ માટે થયો. નગર નામ હિંદુસ્તાનમાં દક્ષિણ તેમ જ ઉત્તરમાં ઘણાં છે.[૭૩] તો વડનગરના જ રહેવાસીઓ નાગર કહેવાયા એ વિચિત્ર લાગે છે. હવે સવાલ એ થાય છે કે નાગ ઉપરથી જ નાગર શબ્દ થયો હોય તો તેમાં 'ર' અક્ષર ક્યાંથી આવ્યો. 'ર' અક્ષરનો ઉકેલ ન પડવાથી જ નગર ઉપરથી નાગર શબ્દ ઉપજાવવાનો પાછળથી પ્રયત્ન કરવામાં આવ્યો છે એમ લાગે છે. નાગ શબ્દ ઉપરથી નાગર શબ્દ થયો છે તે આગળ જોઇશું. પરંતુ શબ્દોના અર્થ બેસાડવા માટે પુરાણો કેવી વાતો જોડે છે તેનો દાખલો નાગરવેલનાં પાનની ઉત્પત્તિનો એક અધ્યાય નાગરખંડમાં નાંખેલો છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે. પાન ખાવામાં કામ લાગે છે માટે નાગ ઉપરથી બેસાડવાનું પુરાણકારને અસહ્ય લાગ્યું હશે. સંસ્કૃતમાં એનું નામ નાગવલ્લી છે, એટલે નાગ શબ્દને કાઢી નંખાય એમ તો હતું જ નહિ. એટલે નાગનો અર્થ ઐરાવત હાથી લઇને વાત જોડી કાઢી. પરંતુ એમાં પણ 'ર' અક્ષર ક્યાંથી આવ્યો? તેનો ખુલાસો થતો નથી.[૭૪] નાગરનો એક અર્થ સૂંઠ થાય છે તેનો

---

૭૨ નાગ લોકો સ્થાપત્યમાં પ્રવીણ હતા અને મોટાં શહેરોમાં રહેતા એ ઉલ્લેખ આગળ જોયો છે. એ લોકો શિવલિંગના પૂજકો હતા અને લિંગપૂજકોનાં કિલ્લાવાળાં શહેરોનો ઉલ્લેખ વેદમાં પણ આવે છે તે સૂચક છે.

૭૩. મૈસૂરમાં એ નામનાં ગામો છે. નાગર નામે તાલુકો પણ છે. ખંભાત પાસે નગરાનો ઉલ્લેખ મેં ખંભાતના ઇતિહાસમાં કર્યો છે. શિવાલિકની ટેકરીઓમાં પણ છે. પંજાબમાં નાગરકોટિયા બ્રાહ્મણોના નામનો પણ વિચાર કરવા જેવો છે. સિંધમાં પણ છે. એવાં બીજાં ગામો પણ છે.

૭૪. મહાસ્કંદપુરાણ નાગરખંડ અધ્યાય ૨૧૦–પાછળથી વાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલાસો પણ શોધવા જેવો છે. એની વ્યુત્પત્તિ "નાગરદેશમાં ઉત્પન્ન થઈ તે" એવી કરે છે. એ નાગર દેશ કયો ? તામીલો નાગ નાડ-નાગદેશ કહે છે તે ?

હવે કેટલાક વિદ્વાનો માનતા થયા છે કે નાગર શબ્દમાં નાગ શબ્દ જ મુખ્ય છે, અને તે નાગ જાતિનો વાચક છે. જાયસ્વાલજી 'ર' અક્ષરનો ખુલાસો સ્થાનિક પ્રત્યય તરીકે આપે છે અને ગ્રંથી ઉપરથી ગઠ્ઠર, વેશ ઉપરથી વેસર એવો દાખલો આપે છે.[૭૫] મુંબઈ ગેઝેટિયરનો લેખક 'ર' ને કનડા ભાષાની છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ગણે છે, અને નાગર એટલે "નાગોના"-એવો અર્થ કરે છે.[૭૬] પરંતુ છઠ્ઠીના પ્રત્યય તરીકે 'ર' બંગાળીમાં પણ વપરાય છે. જો કે નાગર એટલે "નાગોના બ્રાહ્મણો" એ અર્થ બુદ્ધિમાં ઊતરે એવો લાગે છે.

તામીલ ભાષા અને નાગર શબ્દ

'ર' પ્રત્યયના આ બે દાખલા ઉપરાંત ત્રીજો અગત્યનો દાખલો તામીલ ભાષામાં મળે છે અને તે બહુવચનના માનવાચક પ્રત્યય તરીકે લગાડવામાં આવે છે. એ ભાષામાં દેવને દેવર, ભટ્ટને ભટ્ટર, શાસ્ત્રીને શાસ્ત્રીયર, તેવી જ રીતે નાગને નાગર માનવાચક પ્રત્યય તરીકે 'ર' લગાડે છે. ત્રાવણકોરમાં નાગમંદિરના અર્થમાં નાગરકોઈલ નામે શહેર

જોડવાની રીતનો આ ઉત્તમ દાખલો છે. નાગવલ્લીનું નાગરવેલ થયું એ નાગર શબ્દ માટે બહુ ઉપયોગી બાબત છે. નાગરમાં ર જે રીતે આવ્યો તે જ રીતે નાગવલ્લીમાં ર આવ્યો હોવો જોઈએ અને એ પ્રચલિત શબ્દ સમજાવવા નાગરખંડમાં અધ્યાય યોજાયો હશે. નાગરવેલનો મોટો પાક દ્રાવિડ દેશમાં જ થાય છે એ ધ્યાનમાં રાખવાનું છે. નાગર શબ્દ માટે આગળની ચર્ચામાં એ વાત ઉપયોગી છે. નાગરનો અર્થ સૂંઠ થાય છે તે માટે नागरदेशे भवं એવી વ્યુત્પત્તિ કરે છે. પરંતુ એ નાગર દેશ કયો ? મલબાર બાજૂ સૂંઠનો મોટો પાક કહેવાય છે, તે ખરું હશે ?

૭૫. His. Ind. Jayaswal. P. 56.

૭૬. કનડી ભાષામાં આજે પણ છઠ્ઠી વિભક્તિ બહુવચનનો પ્રત્યય 'ર' છે. અને નાગરનો અર્થ નાગનું એવો થાય છે. એટલા ઉપર નાગમૂર્તિ હોય તેને નાગર કટ્ટે કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પણ છે. આગળ પ્રાચીન તામીલ વૈયાકરણોનો જે ઉલ્લેખ જોયો તેમાં દક્ષિણની વતની ત્રણ મૂળ જાતિઓ ગણાવે છે૭૭ તેમાં મક્કુલ, તેવર અને નાગર એમ ત્રણ જાતિનાં નામ આપે છે. મક્કુલનો અર્થ પ્રાચીન તામીલમાં અને આજની કનડા ભાષામાં છોકરાં એવો થાય છે એટલે મૂળ વતનીઓ sons of the soil એ અર્થમાં છે. તેવર એ દેવર એટલે આર્યોને માટે યોજાયેલો લાગે છે; અને નાગર એ નાગજાતિ માટેનો શબ્દ છે. આ શબ્દ સ્પષ્ટ રીતે સૂચવે છે કે નાગ જાતિને માટે જ નાગર એવો માનવાચક શબ્દ વપરાય છે. નાગવલ્લીને માટે નાગરવેલ, અને નાગશબ્દની ઉપરની ચર્ચા જોતાં એ શબ્દને નગર સાથે કાંઈ સંબંધ નથી પણ નાગ સાથે સંબંધ છે એ સ્પષ્ટ છે. સ્થાપત્યમાં નાગર સ્થાપત્ય પ્રસિદ્ધ છે,૭૮ અને નાગજાતિ સારાં મોટાં બાંધેલાં શહેરોમાં રહેતી એ આગળ જોઈ ગયા. એ પણ નગર શબ્દ અને નાગર સ્થાપત્યનો નાગરજાતિનો સંબંધ વ્યક્ત કરે છે. નગર શબ્દ પોતે જ નગ અથવા નાગજાતિ ઉપરથી નીકળ્યો છે.

નાગર બ્રાહ્મણોનો નાગજાતિ સાથે સંબંધ

હવે નાગર બ્રાહ્મણો માટે જે પરંપરાગત કથાઓ ચાલે છે તેમાં એમનો સંબંધ શિવ સાથે છે અને શિવે એમને ઉત્પન્ન કર્યા એમ મનાય છે. બીજા બ્રાહ્મણોની પેઠે વૈદિક ઋષિ કે બ્રહ્મદેવ વગેરે સાથે નાગરોનો સંબંધ નથી. બધી દંતકથાઓ એમનો સંબંધ એક કે

૭૭. Racial Synthesis. Wiswanath: P. 78. તામીલમાં કોઇલ એટલે મંદિર. સંસ્કૃતમાં પણ માનાર્થે બહુવચન વાપરે છે. તે માટે તામીલમાં "ર" વપરાય છે.

૭૮. જુઓ His. of India–Jayaswal P.P. 55–56. આ નાગર સ્થાપત્યમાં નાગર શબ્દનો નગર સાથે કાંઇ જ સંબંધ નથી એમ જાયસ્વાલજીએ સિદ્ધ કર્યું છે. મત્સ્યપુરાણ જે નાગ મહારાજ્યના સમયની જ (ઈ. સ. ૨૪૩) હકીકતો પૂરી કરે છે તેમાં એનું નામ નથી. પણ માનસાર નામના સ્થાપત્યના ગ્રંથમાં–જે ગુપ્ત મહારાજ્ય પછીનો છે તેમાં એનું સ્પષ્ટ નામ મળે છે. એટલે નાગમહારાજ્યમાં પ્રસિદ્ધ થયેલા સ્થાપત્યની પદ્ધતિનું એ નામ છે. નાગરી લિપિનો સંબંધ નાગ મહારાજ્યમાં થયેલી લિપિ સાથે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી રીતે નાગ કે નાગકન્યા સાથે પણ જોડે છે. આ કથાઓ નાગરોનો બીજા બ્રાહ્મણોથી કોઈ જાતનો વિશિષ્ટ પ્રકાર વ્યક્ત કરે છે અને એમના ઇષ્ટદેવ હાટકેશ્વર પણ એવું જ સૂચન કરે છે.[૭૯] આગળ જોયું તેમ નાગ મહારાજ્યનાં ત્રણ મુખ્ય કુલોમાંથી એક કૂલની રાજધાની પદ્માવતીમાં હતી. ત્યાં નાગ મહારાજા ભૂતનંદીના સમયમાં સ્વર્ણબિંદુ નામે શિવનું મંદિર બંધાવ્યું હતું. નાગ વંશના બધા રાજાઓ શૈવ હતા અને તેથી એમને ભારશિવ પણ કહે છે. બિંદુ એ શિવના લિંગનું નામ છે અને સ્વર્ણબિંદુનો અર્થ હાટકેશ્વર પણ લઈ શકાય.[૮૦] એટલે આ ઉપરથી શૈવધર્મનું સર્વથી ચુસ્ત રીતે પાલન કરનાર નાગ મહારાજાઓની સાથે સંબંધ રાખનાર કોઈ બ્રાહ્મણોનું નાગર નામ પડયું હોય એવો સંભવ સ્પષ્ટ બને છે. એક લેખક ગૂજરાતમાં નાગ બ્રાહ્મણોનો ઉલ્લેખ કરે છે તેમાં નાગરને બદલે નાગ શબ્દ વાપરે છે તે બહુ સૂચક છે.[૮૧] ગેઝેટિયરમાં કેમ્પ-

---

૭૯. શિવે છ ચોખામાંથી અગર શિવના કપાલમાંથી છ ચોખા ખરવાથી છ નાગરો થયા એ વાત નાગરોના ભૌગોલિક સ્થળો ઉપરથી થયેલાં નામો ઉપરથી યોજાયેલી લાગે છે. નાગોને જીતવા માટે 'ન' અને 'ગર' એટલે વિષ એવો મંત્ર શિવે આપ્યો એ વાત તો શબ્દને તોડીને અર્થ કરવાની ભાષાની અપૂર્વતાનો વાતો જોડનારાઓએ કરેલો વિચિત્ર ઉપયોગ વ્યક્ત કરે છે. નાગ પિતા અને બ્રાહ્મણ કન્યા, તેમ જ નાગ કન્યા અને બ્રાહ્મણ પિતાનાં સંતાનોની વાતો પણ નાગના સંબંધ વ્યક્ત કરે છે. દરેક રીતે જોતાં એ બ્રાહ્મણો ચોખ્ખા શૈવ બ્રાહ્મણો છે.

૮૦. જુઓ His. of India-Jayaswal પૃ. ૧૧ લિંગપૂજાની ઉત્પત્તિનાં ત્રણ કારણો પુરાણે આપ્યાં છે. તે માટે ખંભાતના ઇતિહાસમાં ચર્ચા કરી છે. એ બતાવે છે કે ખરી ઉત્પત્તિ માટે કારણો ઊભાં કરવાનો માત્ર પ્રયત્ન છે. બિંદુ એ લિંગની શિશ્નાકાર સ્વરૂપની પ્રાચીન પૂજા બંધ કરીને સાદા લંબગોળ આકારનું (Conventional) લિંગ થયું તે માટેનો શબ્દ છે અને નાગ મહારાજ્યના વખતમાં એ થયું હોવું જોઈએ એમ મને લાગે છે. સ્વર્ણ એટલે હાટક-સોનું એવું લિંગ એ અર્થ છે.

૮૧. Bom. Gaz Guj-Population P. 438. માં કેમ્પબેલે રાજતરંગિણીમાંથી આધાર આપ્યો છે તેમાં કાસ્મીરના નાગોના પુરોહિતોને નાગ બ્રાહ્મણો કહ્યા છે. રાજતરંગિણીના કર્તા કલ્હણ પોતે શૈવ અને બ્રાહ્મણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેલ નાગર જ્ઞાતિને ગુર્જરો સાથે મેળવવાનો પ્રયત્ન કરે છે તે અર્થહીન છે.[૮૨] ગુર્જરો નાગ મહારાજ્યના અસ્ત પછી હિંદમાં આવેલા છે. નાગરમાં 'ર' પ્રત્યય માટે ત્રણ વિચાર ઉપર કર્યા તેમાંથી કયો ખરો હશે એ કહેવું મુશ્કેલ છે. જાયસ્વાલજીનું અનુમાન માનવાને હજી વધારે આધાર જોઈએ. એક ગટ્ટર શબ્દના દાખલાથી મનાય નહિ. 'ર' અક્ષર છઠ્ઠી વિભક્તિના પ્રત્યય તરીકે માનીએ તે કનડા ભાષાનો ઉપયોગ ઠીક દેખાય છે પણ તેમાં આવતો વિરોધ આગળ જોયો. તામીલમાં માનવવાચક 'ર' પ્રત્યય માનવાનું પણ આકર્ષક છે, પરંતુ મધ્ય દેશ અને ગૂજરાતના આ બ્રાહ્મણોના નામમાં આ તામીલ પ્રયોગ શી રીતે આવ્યો તેનો જવાબ દેવાનું ભારે છે. દ્રાવિડી ભાષાઓ સાથે આપણી ભાષાને પ્રાચીન સંબંધ છે અને એવા અનેક સંબંધો બતાવી શકાય છે, છતાં હજી ભાષાશાસ્ત્રીઓ એને માન્ય રાખે ત્યારે મનાય. આમ છતાં પણ નાગર શબ્દ નાગ સાથે સંબંધ ધરાવે છે એટલું તો આ ચર્ચાથી સ્પષ્ટ થશે. પછી

હતો. વળી કેમ્પબેલે દાબીસ્તાને મઝાહિબનો ઉલ્લેખ પણ નોંધ્યો છે તેમાં ગૂજરાતના બ્રાહ્મણોને નાગ બ્રાહ્મણો કહ્યા છે. આ ઉલ્લેખ બહુ ઉપયોગી છે. અને નાગર શબ્દનો નગર સાથે સંબંધ નથી તે સ્પષ્ટ કરવા માટે પૂરતો છે.

૮૨. એજ પૃ. ૫૦૧ એમાં ઉપરનો દાબીસ્તાનનો ઉલ્લેખ આવે છે અને નગર ઉપરથી નાગર થયું એમ માનવા માટે સહેજ શંકા પણ કેમ્પબેલ બતાવે છે તે આપણા મતને ટેકો મળે છે. પરંતુ પાછળથી બુલંદ શહેરના નાગરી ટોળીના લોકોને ગુર્જર ગણી એ શબ્દ ઉપરથી નાગરનો ગુર્જર સાથે સંબંધ યોજે છે. જાયસ્વાલજીએ નાગ મહારાજ્યની શોધ કરી તે પહેલાં બધા લેખકો એવી ભૂલ કરતા હતા. જાયસ્વાલજી પોતે પણ નાગરાજાટને નાગજાતિ સાથે જોડે છે. પરંતુ એ શબ્દો નગર કે નાગોર જેનું નામ અહિછત્ર હતું તેના હોઇ ભૌગોલિક નામ હોઇ શકે—નાગરાજાટ અહિછત્ર પાસે હતા એમ લખે છે. (જાયસ્વાલ પૃ. ૫૬) બુલંદ શહેરના નાગર બ્રાહ્મણો વટલીને મુસલમાન થયા છે એમ પણ જાયસ્લાજી કહે છે, પરંતુ એ નાગર બ્રાહ્મણોના ઉલ્લેખમાં ગૂજરાતના નાગર બ્રાહ્મણોની મોટી વસ્તીનું નામ પણ લખતા નથી તે વિચિત્ર લાગે છે. મતપ્રતિપાદન કરવાના ઉત્સાહમાં મોટા લેખકોથી એવી ભૂલ થઇ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે એમને નાગ જાતિમાંથી થયેલા શૈવ બ્રાહ્મણો ગણો કે નાગ મહારાજાઓના અને જાતિના લોકના પુરોહિતો તરીકે કામ કરતા કોઈ પ્રાચીન વિશિષ્ટ બ્રાહ્મણો ગણો. ગમે તે રીતે પણ સંબંધ તો નાગ શબ્દ સાથે જ છે. નાગ એ સર્પ પ્રાણી નથી પણ એક વિશિષ્ટ જાતિ છે, એમણે પ્રાચીન સમયથી મધ્ય સમય સુધીમાં બે વખત મહત્ત્વનો ભાગ ઇતિહાસમાં ભજવ્યો છે; એ લોકો શિવના લિંગ સ્વરૂપના પરમ ઉપાસક છે; મધ્યયુગના ઇતિહાસમાં એઓ નાગ અથવા ભારશિવ નામથી પ્રસિદ્ધ છે; અને એમના સિક્કાઓ જડેલા છે; એ બધું જોતાં નાગરો એમના પુરોહિતો હોય કે એ જાતિ-માંથી થયેલા વિશિષ્ટ બ્રાહ્મણો હોય–ગમે તે હોય તોપણ માનને પાત્ર છે; અને આ અનુમાનો જ્યારે ખરાં ઠરશે ત્યારે આપણા સામાજિક ઇતિહાસમાં થયેલાં જાતિઓનાં મિશ્રણમાં એક ભારે રસમય પ્રકરણ ઉમેરાશે.

આ રીતે જોતાં નાગરો પ્રાચીન જ્ઞાતિ તો છે. તક્ક દેશ–પંજાબથી સિંધુ માર્ગે પાતાલ નગરથી નાગ લોકો સાથે એ લોકો હિંદના દક્ષિણ અને પશ્ચિમ ભાગમાં પ્રસર્યા હોય તો ઇષ્ટદેવ હાટકેશ્વર પાતાલ-માંથી લાવ્યા એ આખ્યાયિકાનો ખુલાસો થઈ શકે. અગર તો રુદ્રક્ષેત્ર કહેવાતા ખંભાતના કિનારા કે સોમનાથના સાન્નિધ્યમાં વસ્યા હોય. નાગ મહારાજ્યના અંત પછી ગૂજરાતમાં આવી વડનગરમાં હાટકેશ્વર ક્ષેત્ર સ્થાપ્યું હોય. છયે નાગરોનાં નામો ભૌગોલિક સ્થળો ઉપરથી છે. કદાચ નાગરો ગૂજરાતમાં આવ્યા પછી જે ટોળાં જે સ્થળે વસ્યાં તે ઉપરથી પેટા જ્ઞાતિઓનાં નામ પડયાં હોય, અને વડનગરની શાખાનું રાજદ્વારમાં જોર હોવાથી વડનગર મુખ્ય સ્થળ ગણાઈ ગયું હોય. પ્રશ્નોરા નાગરો આજે પણ પોતાને અહિછત્રા કહેવડાવે છે તે ખાસ સૂચક છે. અહિછત્ર નગર એક કરતાં વધારે કહેવાય છે. છતાં મારવાડનું નાગોર અહિછત્ર હોય એમ શ્રી. ગૌરીશંકર ઓઝા માને છે તે ખરું લાગે છે. એ વાત પણ નાગ સાથેનો સંબંધ બતાવે છે. આ બધા સંભવો વિચારવા જેવા છે. અને નાગરોના ગૌરવને આથી કાંઈ હાનિ થતી નથી. ઇષ્ટદેવ હાટકેશ્વરનો નાગલોકો સાથેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધ પુરાણો કહે છે તે પણ આ સંભવોને અનુમોદન આપે છે.[૮૩]

તક્ક અગર તાક નાગવંશ

અહીં એક વાતનો ઉલ્લેખ કરવો ખાસ અગત્યનો છે. ટાંક અગર તાંક રજપૂતોનું નામ ઇતિહાસમાં જાણીતું છે. પાછળથી દરેક રાજસત્તાવાળી જાતિઓને રજપૂત એવું સામાન્ય નામ અપાયું એ પણ જાણીતું છે. આ જાતિ તક્ક અથવા તાક નામની નાગજાતિમાંથી થયેલી છે અને એમનું વતન પંજાબ અને દક્ષિણ કાશ્મીરમાં હતું તેથી એ ભાગને તક્ક દેશ કહેતા હતા.[૮૪] એ લોકો માલવો સાથે રજપૂતાનામાં આવ્યા. તાક વંશના મહારાજાધિરાજ ગણપતિનાગને ધારાધીશ કહેલો છે અને પદ્માવતીમાં એની રાજધાની હતી વગેરે વાત ભાવશતક નામના એ સમયના ગ્રંથમાં લખેલી છે.[૮૫] તાક વંશના લોકો કોઈ કારણથી અગર પરદેશીઓએ પંજાબમાંથી હાંકી કાઢયાથી રજપૂતાના માળવા વગેરેમાં આવીને વસ્યા હતા.

---

૮૩. આગળ શૈવ સંપ્રદાયની ચર્ચામાં આ બાબતના ઉલ્લેખોની નોંધ કરીશું. ખંભાતના ઇતિહાસમાં એની નોંધ કરી છે.

૮૪. તક્ક એ તક્ષકમાંથી થયેલો શબ્દ છે. પંજાબ, કાશ્મીર વગેરે ભાગ નાગ લોકોની સત્તામાં હતા. તક્ષક અને પરીક્ષિતની કથા અને આસ્તિકની કથા જાણીતી છે. પંજાબમાં તક્ષશિલામાં ભારતનું મોટું વિશ્વવિદ્યાલય હતું. એ નામનો સંબંધ તક્ષક સાથે છે. કર્કોટ નાગો દક્ષિણ બાજુ પ્રસર્યા અને તક્ષકો પંજાબમાં રહ્યા. એમણે પંજાબને એક સમયે તક્ક દેશ એવું નામ આપેલું. તક્કમાંથી તાક થયું.

૮૫. His. of India–Jayaswal P. 38–39 જાયસ્વાલજી ગણપતિનાગને પદ્માવતીમાં રાજ્ય કરતો હતો એમ લખે છે, જોકે ભાવશતકનો ધારાધીશનો ઉલ્લેખ એમણે આપ્યો છે. કદાચ રાજધાની બદલાઈ હોય. તાક વંશની રાજધાની પદ્માવતીમાં હતી. ધારા માલવામાં છે. ભાવશતકમાં ગણપતિનાગને કરપતિ ગોત્રનો કહ્યો છે. મહાભારતમાં પાંચ કરપતોને માલવો સાથે પંજાબ રજપૂતાનાના સાંનિધ્યમાં ગણાવ્યાં છે. એટલે તાક વંશ એટલો પ્રાચીન ઠરે છે. ગણપતિનાગના ઇષ્ટદેવ શિવ છે. તાક લોકોનો ઉલ્લેખ રજપૂતાનાના પાછળના અહેવાલો, ચંદબરદાઈ, અને મુસલમાન લેખકોએ પણ કર્યો છે. જમ્મુમાં આજે તાક નાગો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાક લોકો અને મરુ દેશના લોકો અપભ્રંશ ભાષા બોલતા હતા એવો રાજશેખરનો ઉલ્લેખ આગળ જોયો છે,[૮૬] અને અપભ્રંશ સાથેનો ગૂજરાતી ભાષાનો જૂનો સંબંધ જાણીતો છે. તાંક અગર તાક રજપૂતો આજે ગૂજરાતમાં ઓછા છે, પણ ઉત્તરમાં એમની વસ્તી છે. આથી સમજાય છે કે તાક નાગો અને માલવો પંજાબમાંથી રજપૂતાના વગેરે ભાગમાં આવ્યા, એમની ભાષા એક હતી, અને એમનો પ્રવાહ રજપૂતાના માળવામાં વસેલો છે. ગૂજરાતમાં કોઈ બીજે નામે એ છુપાયા હોય તો કહી શકાય નહિ, કારણ કે નામો બદલવાની આપણા લોકોની રીત પ્રાચીન અને પ્રસિદ્ધ છે.[૮૭]

ગૂજરાત સલ્તનતનો મૂળ પુરુષ તાંક રજપૂત

ઇસ્લામ યુગના ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં નાગજાતિ અને તાક નાગોનો ઉલ્લેખ ખાસ અગત્યનો છે, કારણ કે ગૂજરાતના સ્વતંત્ર મુસલમાન સુલતાનોના વંશનો મૂળ પુરુષ હિંદુ હતો અને એ તાંક રજપૂત હતો. બધે બન્યું છે તેમ એના વંશને પછીથી રામચંદ્ર સાથે જોડવાનો પ્રયત્ન પણ થયેલો છે અને ટાંકનો વિચિત્ર અર્થ યોજવાનો પણ પ્રયત્ન થયો છે.[૮૮]

ગૂજરાતની જાતિઓ અને જ્ઞાતિઓમાં ભૌગોલિક નામો બાદ કરતાં કેટલીક જ્ઞાતિઓનો ઇતિહાસ રસમય છે અને એમાં એકની દૃષ્ટાંત તરીકે ચર્ચા જરા વિસ્તારથી અહીં કરી. એવી બીજી જાતિઓ માટે એટલા વિસ્તારને અહીં સ્થાન નથી. એટલે ખાસ ધ્યાન ખેંચાય એવી જાતિઓ માટે બહુ ટૂંકામાં જોઈએ.

જાયસ્વાલજીએ શ્લોક આપ્યો છે તેમાં નાગનો પર્યાય પન્નગ પણ વાપરેલો છે. તે પર્યાયોની રીત સિદ્ધ કરે છે.

૮૬. રાજશેખરનો ઉલ્લેખ પહેલા પ્રકરણમાં જોયો. જાયસ્વાલજી પૃ. ૫૪ મા એ બાબત લખે છે.

૮૭. અલ્બરૂની કહે છે કે હિંદુઓ નામો બહુ બદલે છે. જુદા અર્થો નીકળે તે માટે (Bom. Gaz. H. Pop. P. 458.)

૮૮. મિરાતે સીકંદરી બેલીકૃત અંગ્રેજી તેમજ ગૂજરાતી તરજુમો તાંકનો વિચિત્ર અર્થ અને મૂળ કશ્યપના વંશનાં નામો એમાં આપેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતના બ્રાહ્મણો અને ક્ષત્રિયો

બ્રાહ્મણોમાં ભૌગોલિક નામ ન હોય એમાં મુખ્ય ઔદીચ્યોનો ઇતિહાસ પ્રસિદ્ધ છે. ભોજક અને ગૂગળી બ્રાહ્મણોના ઇતિહાસ રસમય બની શકે એવા છે. એમનાં નામ અને રિવાજ એ લોકો પરદેશીઓની કોઈ જાતિમાંથી થયા હોય એમ બતાવે છે.[૮૯] મગ બ્રાહ્મણો તો પરદેશીઓ છે એ ઉલ્લેખ જોયો છે. કાયસ્થ જ્ઞાતિનો ઇતિહાસ પણ રસમય છે અને એ લોકોના હાથમાં પ્રાચીન સમયથી સમાજ અને રાજ્ય માટે કાયદાનાં લખાણો કરવાનું હતું એ પ્રસિદ્ધ વાત છે.[૯૦] ક્ષત્રિયો ગૂજરાતમાં છે અને બે મુખ્ય જ્ઞાતિઓ પોતાને બ્રહ્મક્ષત્રિય કહે છે અને એમના રિવાજો એમને ગૂજરાતની બહારથી આવેલા હોય એમ વ્યક્ત કરે છે.[૯૧] લડાયક જાતિ તરીકે ક્ષત્રિયો

---

૮૯. ભોજક અને ગૂગળી માટે નામ ઉપરથી અર્થ બેસાડવાનો પ્રયત્ન બીજાં નામોની પેઠે થયો છે. ગુગળીને ગોકુળી ઠરાવવાનો અને ભૌગોલિક નામ આપવાનો પ્રયત્ન પણ થયો છે. ગેઝેટિયરનો લેખક આ બ્રાહ્મણોને પરદેશીઓ જાતિઓમાંથી થયેલા ગણે છે. એક વખત ગૂજરાતમાં ચોખવટ ન રાખે ને મેલા રહે તેવા લોકોને ગૂગળી કહેતા. અમુક જ્ઞાતિ સાથે ભોજન કર્યું માટે ભોજક અને ગૂગળ ઉપરથી ગૂગળી એમ પણ અર્થ બેસાડે છે. Bom. Gaz. G. Pop. P. ૪૩૯. મગ બ્રાહ્મણો માટે પણ એમાં ચર્ચા કરી છે. ભોજક, શ્રીમાળી, અને મગ બ્રાહ્મણના સંબંધ માટે પૃ. ૮, ૪૪૦, અને ૫૦૦ જુઓ.

૯૦. કાયસ્થો-વડોદરા, સૂરત અને અમદાવાદમાં છે. કેળવણીમાં આગળ પડતા છે. એમના ત્રણ ભેદ માટે ગેઝેટિયરમાં ચર્ચા કરી છે તે જોવી. એમની વસ્તી ગૂજરાતમાં બહુ નથી. એમના નામનો અર્થ એક શ્લોકમાં વિચિત્ર રીતે બેસાડયો છે. काकाल्लौल्यं यमात् क्रौर्यं स्थपते-र्दंडद्यातितम्। आद्याक्षराणि संगृह्य कायस्थः केन निर्मितः॥ જુઓ લેખ-પદ્ધતિઃ. કાયસ્થના સખત ને ઝીણા વકીલ જેવાં લખાણથી કંટાળેલા કોઈ કવિએ આ શ્લોક કર્યો હશે. વલભીના કાયસ્થોનો ઉલ્લેખ વાલભ કાયસ્થ એવો આવે છે.

૯૧. જૂનાગઢ-અમદાવાદ-ભરૂચ, અલીણા વગેરેના આ બ્રહ્મક્ષત્રિયો દેખાવમાં જુદા પડે છે અને કેળવણીમાં આગળ પડતા છે. પંજાબ બાજૂથી ચાંપાનેર થઈને આવ્યા કહેવાય છે. અમદાવાદમાં અકબરના સમયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ગૂજરાતમાં દેખાતા નથી. રજપૂતોમાં આખી ક્ષત્રિય વર્ણનો સમાવેશ પૌરાણિક કાળમાં બ્રાહ્મણોએ કરી દીધો છે તે જોઈ ગયા. બીજા બ્રહ્મક્ષત્રિયો જે સામાન્ય રીતે ખત્રી કહેવાય છે એમની વસ્તી ગૂજરાત કાઠિયાવાડમાં મોટી છે અને એમનાં અવટંકનાં નામો, એમની સિંધ, મારવાડ, અને પંજાબમાં મોટી વસ્તી, અને સારસ્વત બ્રાહ્મણો એમના ગોર, એ બધું, એ જાતિ શક વગેરે અનેક જાતિઓ-મૂળ તેમ જ બહારથી આવનારી જાતિઓનાં મિશ્રણમાંથી થઈ છે એમ બતાવી આપે છે.[૯૨] સિંધનાં હિંગળાજ માતા એમનાં કુલદેવી છે એ બહુ સૂચક છે.

બ્રાહ્મણ-વાણિયા

બ્રાહ્મણ ક્ષત્રિય ઉચ્ચ વર્ણમાં ગણાય છે. તેવી જ રીતે બ્રાહ્મણો અને વાણિયા પણ ઉચ્ચ વર્ણમાં ગણાય છે. વાણિયાઓની જ્ઞાતિ વેપારપ્રધાન ગૂજરાતની એક ખાસ વિશેષતા છે. ગૂજરાતમાં સામાન્ય લોક ઉચ્ચ વર્ણ માટે બોલે તો બીજા પ્રાંતોની પેઠે બ્રાહ્મણ ક્ષત્રિય નથી બોલતા પણ બ્રાહ્મણ વાણિયા એમ બોલે છે એ બહુ સૂચક છે. ઉપર જોયું તેમ ક્ષત્રિયો અને કાયસ્થો ગૂજરાતમાં વાણિયા કરતાં ઉચ્ચ જ્ઞાતિમાં ગણાય છે છતાં એમની વસ્તી એટલી ઓછી છે કે સામાન્ય લોકો એમને બહુ ગણતરીમાં લેતા નથી ક્ષત્રિયોમાં પણ જે બ્રહ્મક્ષત્રિયો વણકર ને રંગનારનો ધંધો કરે છે, તે લોકોમાં ખત્રી જ કહેવાય છે અને ધંધાને લીધે તથા કેટલાક રિવાજોને લીધે લોકો એમને ઊંચા બ્રહ્મક્ષત્રિયોમાં ગણતા નથી. આ કારણને લીધે બ્રાહ્મણ

આવીને વસ્યા અને ખાડિયાનું નામ અકબરપુર એમણે આપ્યું. ગેઝેટિયરનો લેખકનો (પૃ. ૪૪૧) બૌદ્ધ ક્ષત્રિયોને બ્રાહ્મણ બનાવ્યા એમ માને છે તેથી બ્રહ્મક્ષત્રિય કહેવાયા.

૯૨ ગેઝેટિયરના લેખકે આ ક્ષત્રિયોને ખત્રી તરીકે ગણી કારીગર વર્ગમાં મૂક્યા છે. એમની અવટંકો અવટંકોના ઇતિહાસમાં રસમય ગણાય તેવી છે. એ લોકો જનોઇ પહેરે છે. વિધવાવિવાહની છૂટ છે. પંજાબથી ગૂજરાત સુધી એમનો વસવાટ જોતાં એ લોકો પરદેશી જાતિઓમાંથી થયા હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાને જ ગૂજરાતમાં સામાન્ય રીતે ઉચ્ચ વર્ણમાં ગણવાની રૂઢિ પડી ગઈ છે.

ગૂજરાતની જ્ઞાતિઓની બીજી વિશેષતા એ છે કે જે જે નામના વાણિયા છે તે તે નામના—થોડા અપવાદ સિવાય—બ્રાહ્મણ છે. એ બધાં નામો ભૌગોલિક છે. એ વિભાગો પડતા પહેલાં જેમના ગોર જે બ્રાહ્મણો થયા તે નામો એમણે લીધાં, એટલે એમના વર્ણનમાં ઊતરવાની જરૂર નથી. વાણિયાની ઘણી પેટા જ્ઞાતિઓમાં જૈન અને વૈષ્ણવ બન્ને ધર્મો પળાય છે અને ઘણીવાર એક જ ઘરમાં બે ધર્મો પાળનારા હોય છે એ વિશેષતા છે.[૯૩]

રજપૂતો

ગૂજરાતના રજપૂતોને રજપૂતાનાના રજપૂતોની સાથે જ ગણવા જોઈએ. એમનાં નામો અને પેટા જાતિઓના ઇતિહાસ બહુ રસમય છે અને પરદેશી જાતિઓનું, દેશી અગર પહેલાં આવીને વસેલી જાતિઓ સાથેનું સૌથી વધારે મિશ્રણ રજપૂતોમાં થયું છે. એમના સવિસ્તર વર્ણનમાં આખો ગ્રંથ લખી શકાય. ઘણાખરા રજપૂતો સૂર્ય અગર ચંદ્રવંશ સાથે અને તેથી રામ અને કૃષ્ણ સાથે પોતાનો સંબંધ જોડે છે. અગ્નિકુલના રજપૂતો બ્રાહ્મણોએ પરદેશીઓને ધોઈને બનાવેલા ક્ષત્રિયો છે એ આગળ જોયું. રજપૂતો લડાયક અને રાજસત્તાવાળી જાતિ હોવાથી એમનામાં અનેક હલકીને ઊંચી જાતિઓનાં મિશ્રણો થયાં છે અને તેથી કરીને અવટંકના ફેર અગર તો પેટા જાતિ ઊભી થવા સિવાય એમની જાતને કોઈ બીજી હાનિ થઈ નથી. એમનાં નામના અર્થો કરવામાં[૯૪] ભાટ ચારણોએ અને

---

૯૩. ગેઝેટિયરમાં આ દરેક બ્રાહ્મણો અને તે જ નામના વાણિયાના અહેવાલો આપેલા છે, એટલે એ વર્ણનની અહીં જરૂર નથી. ઔદીચ્ય બ્રાહ્મણો છે પણ વાણિયા નથી, એવા કેટલાક આપવાદો છે ખરા. મને લાગે છે કે ગૂજરાતમાં ભૌગોલિક જ્ઞાતિઓ થતા પહેલાં જે મૂળ બ્રાહ્મણો જે વાણિયાના ગોર બન્યા તેમનાં નામો એમણે લીધાં. શ્રીમાળી વગેરે કેટલીક જ્ઞાતિઓમાં જૈન અને વૈષ્ણવ બન્ને ધર્મો પળાય છે. ઘરમાં સ્ત્રી-પુરુષના ભિન્ન ધર્મો હોય છે છતાં મતભેદ વગર શાંતિ રહે છે એ વિશેષતા છે.

૯૪. અગ્નિકુલના રજપૂતોના અર્થની વિચિત્રતા જોવા માટે જુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દંતકથાઓએ તથા પુરાણોએ સૌથી વધારે છૂટ લીધી છે. રજપૂતો રાજવી ગણાયા પછી અન્ય પ્રાંતોમાં રાજસત્તામાં આવનારી બીજી કોમોએ પણ પોતાને રજપૂત કહેવડાવવામાં ગૌરવ માન્યું છે.[૯૫] આપણા પ્રાંતમાં આજે પણ ઘણી રજપૂત-જ્ઞાતિઓ રાજસત્તામાં છે અને હિંદુસ્તાનની જાતિઓના ઇતિહાસમાં આ રજપૂતોનો ઇતિહાસ એક વિલક્ષણ પ્રકરણ ઊભેરી શકે. ગેઝેટિયરના લેખકે એમનામાં ગઈ સદીમાં ચાલતા વિચિત્ર સામાજિક રિવાજો, સ્ત્રીઓ માટે એમની વિચિત્ર માન્યતાઓ, અને એમના સ્વભાવોનું વર્ણન કર્યું છે, એટલે અહીં એનો વિસ્તાર કરવાની જરૂર નથી. એમના રાજવંશોનું વર્ણન જુદા પ્રકરણમાં કર્યું છે.

ભાટિયા લુહાણા

રજપૂતોનો વિચાર કરતી વખતે ભાટિયા અને લુહાણાને ભુલાય નહિ. એમની વસ્તી ખાસ કરીને કચ્છ કાઠિયાવાડમાં છે અને એ લોકો સિંધ, પંજાબ, જેસલમેર બાજૂથી કચ્છ કાઠિયાવાડમાં આવીને વસ્યા છે અને ભાટી તથા રાઠોડ રજપૂતોમાંથી થયા છે એમ મનાય છે. એમનામાં ખાસ મહત્ત્વની વાત એટલી જ છે કે એમણે રજપૂતની લડાયક વૃત્તિ અને મોટે ભાગે રજપૂતોનો શૈવ ધર્મ છોડીને શાંત વૈષ્ણવ ધર્મ ગ્રહણ કરી વેપારમાં પડેલા છે અને ગૂજરાતની બહાર સાહસિક વેપારીઓ તરીકે ગણાય છે. છતાં એ લોકો વાણિયા ગણાતા નથી; અને સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ અને પરદેશી મિશ્રણની દૃષ્ટિએ એમનું ખાસ સ્થાન છે. એમની

Bom. Gaz. Hindi, Pop. pp. 481–85. આપણા પ્રાંતમાં દરેક જાતિના નામના અર્થ અને મૂળ બેસાડવાનો જે પ્રયત્ન થયો છે તે હસવા જેવો જ આજે લાગે છે. જે જમાનામાં એ કથાઓ સર્જાઈ હશે એ જમાનાના સમાજની સામાન્ય બુદ્ધિ માટે આજે કોઈ બહારનો એ વાતો વાંચીને કેવો અભિપ્રાય બાંધે ? મહારાષ્ટ્રના ચિતપાવન બ્રાહ્મણોને વન્નીયાર કહે છે તે અગ્નિથી શુદ્ધ કરી લીધા એમ મનાય છે. (મું. ગે. હિ. વસતી. પૃ. ૪૫૦)

૯૫. મરાઠાઓમાં આ રીતે કેટલાક પોતાને રજપૂત મનાવવા પ્રયત્ન કરે છે. દક્ષિણમાં પણ એવું મનાય છે.

૨૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવટંકો પણ નોંધવા જેવી છે.[૯૬]

આહીર–મેર કાઠી

આહીર, મેર, કાઠી, વગેરેની જાતોનો ઇતિહાસ પણ જોવા જેવો છે. એમના મૂળ માટે હજી ખાસ એકમત જણાતો નથી. આહીરો ઈસ્વીસનની શરૂઆતમાં ગૂજરાતમાં સત્તામાં હતા અને આહીર દેશ આપણા પ્રાંતના મોટા ભાગનું નામ એક સમયે હતું એ ઉલ્લેખ આગળ જોયો. કાઠીઓનું મૂળ પણ નક્કી થયું નથી. સિંધ બાજૂથી આવીને વસેલા પરદેશીઓ તરીકે એમને માનવામાં આવે છે.[૯૭] એ લોકો સૂર્યપૂજક છે. મેર લોકો કાઠિયાવાડની એક વિશિષ્ટ જાતિ છે અને મિહિર–ગુર્જર કે શ્વેતહૂણ પણ કેટલાક વિદ્વાનો ધારે છે. જોકે એ લોકો પોતાને રજપૂત ધારે છે.[૯૮] આ જાતિઓ એમના દેખાવ અને રિવાજોથી ખાસ જુદી પડે છે. કાઠીઓ માટે પણ આપણા વાતો જોડનારાના રિવાજ પ્રમાણે નામ ઉપરથી અર્થ બેસાડી વાતો જોડેલી છે અને લૂંટફાટ કરવાનો એમને હક મળેલો છે એવી વાત પણ જોડવામાં આવી છે.[૯૯] છેક બ્રિટિશ અમલ શરૂ થયો ત્યાંસુધી એમની લૂંટની ટેવ જાણીતી હતી; અને આખો દ્વીપકલ્પ જે સૌરાષ્ટ્રને નામે અઢારમી સદી સુધી પ્રસિદ્ધ હતો, તેને પોતાનું નામ આપીને આજે કાઠિયાવાડને નામે

---

૯૬. એમના સવિસ્તર વર્ણન માટે હિંદુ વસ્તીના વર્ણનનું મુંબઈ ગેઝેટિયર જોવું.

૯૭. ગેઝેટિયરનો લેખક (પૃ. ૪૬૨) લખે છે કે એલેક્ઝાંડરના સમયમાં માલવોનો ઉલ્લેખ Malbi અને કાઠીઓનો Kaathhioi તરીકે છે. અને એ લોકો પંજાબ બાજુથી દક્ષિણમાં આવ્યા.

૯૮. મેર માટે મુંબાઇ ગેઝેટિયર ભા. ૧માં ગૂજરાતના ઇતિહાસમાં પૃ. ૧૨૫ થી ૧૪૫ સુધીમાં લાંબુ વર્ણન છે તેમ જ હિંદુ વસ્તીના ગેઝેટિયરના ગ્રંથમાં પણ વર્ણન છે. પ્રથમ ગ્રંથમાં ઐતિહાસિક ચર્ચા છે.

૯૯. ગેઝેટિયરમાં એ વાત આપેલી છે. કાઠીઓ ગઇ સદી સુધી લૂંટનો ધંધો કરતા અને અંગ્રેજો સાથે પણ એમને ઘર્ષણ થયેલું તેના દાખલા નોંધેલા છે. લૂંટનો હક છે, એમાં પાપ નથી, એમ સિદ્ધ કરવા ભાટોએ વાતો જોડી કાઢેલી લાગે છે. ગેઝેટિયરમાં કાઠી શબ્દ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસિદ્ધ કર્યો એ મોટી બિના છે. મરાઠાઓની સામે મોટે ભાગે એ લોકો થયા એટલે મરાઠાઓએ સોરઠનું નામ કાઠિયાવાડ પાડયું.

બાબરિયા

અહીં માત્ર ઐતિહાસિક દૃષ્ટિએ વિચિત્ર દેખાતી જાતિઓનું વર્ણન કરવાનું હોઈ કાઠિયાવાડના એક ભાગ બાબરિયાવાડને પોતાનું નામ આપનારા બર્બરોને ભુલાય નહિ. મુંબઈ ગેઝેટિયરમાં એ લોકોનું વર્ણન કર્યું છે.[૧૦૦] પુરાણ અને પ્રાચીન ભૌગોલિક ઉલ્લેખો ઉપરથી ખંભાતના ઇતિહાસમાં બર્બરો માટે ચર્ચા કરી છે. એમનું મૂળ હજી નક્કી થઇ શકતું નથી. એમને રાક્ષસ અને મ્લેચ્છ કહ્યા છે અને સિદ્ધરાજે એમને હિંદુ બનાવ્યા એમ કહેવાય છે. સ્કંદપુરાણ અને પદ્મપુરાણમાં બર્બરના ઉલ્લેખો છે. બર્બરિકને શિવપૂજક ગણ્યો છે. એનું માથું પુજાય છે એમ કહી બળિયા કાકા સાથે એને મેળવવાનું સૂચન કુમારિકા ખંડમાં કર્યું છે. એ પુરાણ કથાના વમળમાંથી બહાર આવી ઇતિહાસ શોધવો મુશ્કેલ છે. ગેઝેટિયરનો લેખક કહે છે કે બર્બરો સિંધ બાજૂના હોય અને બાબરો મુહમ્મદ બહાલીમનો સરદાર હતો. એના મ્લેચ્છ અનુયાયીઓને હિંદુ બનાવી કાઠીઓમાં મેળવી દીધા.[૧૦૧] સિદ્ધરાજના સમયમાં બર્બરકે રુદ્રમહાલયના મંદિરમાં નુકસાન કરેલું એ ઉલ્લેખ પણ જોયો. આ બધા ઉપરથી બર્બરો કોઈ વિચિત્ર ધર્મ પાળનારા મ્લેચ્છો હોય ને ધોવાઇને હિંદુ થયા હોય એમ લાગે છે. વરાહમિહિર બૃહત્ સંહિતામાં બર્બરદેશને નૈઋત્યમાં ગણાવે છે[૧૦૨] એટલે

---

૧૦૦. કાઠિયાવાડ ગેઝેટિયર અને મુંબઇ ગેઝેટિયર હિન્દુ વસ્તીના ગ્રંથમાં એમના વિભાગ, રિવાજો, એમને માટેની આખ્યાયિકાઓ વગેરે માટે જોવું.

૧૦૧. મુંબઇ ગેઝેટિયર હિંદુ વસ્તીનો ગ્રંથ પૃ. ૪૪૪.

૧૦૨. ખંભાતના ઇતિહાસમાં પૃ. ૨૧૫ અને નોંધમાં આ ઉલ્લેખો આપ્યા છે. સ્કંદરપુરાણ કુમારિકા ખંડ અધ્યાય ૫૯ થી ૬૬ માં એ કથા આપેલી છે. પદ્મપુરાણ ઉત્તરખંડ. અ. ૧૦૧ માં પણ બીજી રીતે આપેલી છે. राहुर्विमुक्तो यस्तेन सोऽपतत् बर्बरस्थले ॥ अतः स बर्बरोद्भूत इति भूमौ प्रथांगता ॥ અનુક્રમણિકામાં राहोर्बर्बरदेशोद्भवकथनम् । એમ લખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધથી કાઠિયાવાડ સુધીના કોઇ નાના ભાગનું એ નામ પ્રાચીન સમયથી હશે એટલું તો સિદ્ધ છે. જાતિઓના મિશ્રણમાં આ બિના નોંધવા જેવી છે. રબારીઓ જુદી જ્ઞાતિ છે છતાં બાબરિયા, કાઠી, આહીર, અને મેર સાથે એમને નજીકનો સંબંધ છે. એમના જુદા વર્ણનની અહીં જરૂર નથી.

ગૂજરાતમાં સામાન્ય રીતે જેઓ કણબી તરીકે ઓળખાય છે. તેમને ખરી રીતે લેવા, કડવા અને આંજણા પાટીદાર કહેવામાં આવે છે. લેવા પાટીદાર આબરૂદાર અને ખેતીવાડીમાં ખાસ રસ લેનારા છે. એમની ગૂજરાતમાં મોટી વસ્તી છે. એમનામાં ભૌગોલિક નામો નથી એ ખાસ નોંધ કરવાની વસ્તુ છે. ગેઝેટિયરનો લેખક એમને હૂણ ગુર્જરોમાંથી થયેલા માને છે અને એ માટે ચર્ચા કરીને હીમાભાઇ અજાભાઇએ પંજાબના ગુર્જરો અને ગૂજરાતના પાટીદારોના રિવાજોની કરેલી સરખામણીનો ઉલ્લેખ કર્યો છે.[૧૦૩] ગૂજરાતની વસ્તીનો આ લોકો મુખ્ય અને

છે. સ્કંદપુરાણ બર્બરિકને ઘટોત્કચનો પૂત્ર કહે છે અને એનું માથું પુજાશે એવું કૃષ્ણનું વરદાન છે એમ લખે છે. રાહુનું પણ માથું જ છે. બર્બરિકનું માથું પુજાશે એમ કહે છે અને બળિયાકાકાનું પણ માથું જ પૂજાય છે (માત્ર ગૂજરાતમાં) એ વાતોને શું સંબંધ હશે તે સમજાતું નથી. કોઈ બાબરિયા વીરની પૂજાને પૌરાણિક રૂપ અપાયું હશે? આનો ખુલાસો વધારે શોધ થાય ત્યારે જ મળે. બાબરિયા જાતિ ગૂજરાતમાં પ્રાચીન સમયથી વસેલી પરદેશી જાત હોય અને વિચિત્ર ધર્મ પાળતી હોય એટલું તો સમજાય છે. સિદ્ધરાજના સમયમાં એ લોક ઠેકાણે પડયા હોય–છતાં બાબરો ભૂત મનાવા લાગ્યો. મૂળરાજ બીજાએ મુહમ્મદ ઘોરીના જીતેલા લશ્કરના મુસલમાન કેદીઓને બાબરિયા, કાઠી વગેરેમાં વહેંચી દીધેલા એમ ગેઝેટિયરનો લેખક લખે છે. પૃ. ૪૪૪ બીજા વર્ણન માટે જુઓ એજ પૃ. ૨૬૧–૨૬૬.

૧૦૩. જુઓ મુંબઇ ગેઝે; કોમી હિંદુ વસ્તીનો ગ્રંથ. પૃ. ૪૯૧-૯૨. લેવા અને કડવાને લવ અને કુશમાંથી ઊતરી આવ્યાની વાત પણ ઘણા દાખલાઓમાં આગળ જોયું તેમ અવાજ ઉપરથી અર્થ કાઢવાનો માત્ર પ્રયત્ન છે. આ કોમોના રિવાજો વગેરેનો અભ્યાસ ખાસ કરવા જેવો છે અને વધારે શોધની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગત્યનો ભાગ છે અને ગૂજરાતની બધી જાતિ અને જ્ઞાતિઓમાં આમનો સંબંધ જ વધારે પ્રમાણમાં ભૂમિ સાથે છે એ બહુ સૂચક છે. અને વધારે આધાર મળે ત્યાંસુધી ગૂજરાતને પોતાનું નામ આપનાર ગુર્જરોનો મોટો ભાગ એમનામાં હોય એમ માનવામાં વાંધો નથી. જોકે એ નામ શાથી છુપાઈ ગયું કે બદલાઇ ગયું એ કહેવું મુશ્કેલ છે. આંજણા કણબીઓ મોટે ભાગે ઉત્તર ગૂજરાતમાં છે અને એમના રિવાજો રજપૂતોને મળતા છે અને રજપૂતોની અવટંકો પણ એમનામાં છે.[૧૦૪] ભાટ, ચારણ અને તરગાળા પણ ગૂજરાતની વિલક્ષણ અને વિશિષ્ટ જ્ઞાતિઓ છે એ પ્રસિદ્ધ છે એટલે વર્ણનની જરૂર નથી.

નારૂ કારૂ

બીજી ઘણી જાતો આપણા પ્રાંતમાં છે પણ એમનું વર્ણન કરતાં બહુ વિસ્તાર થાય. હિંદુઓમાં આમ ચાર વર્ણો ગણાય છે અને અનુલોમ પ્રતિલોમ લગ્નોથી થોડી વધી છે. પરંતુ ગૂજરાતમાં સામાન્ય રૂઢિમાં અઢાર વર્ણ ગણાય છે એ નોંધવા જેવી વાત છે. એટલે ચાર મુખ્ય વર્ણ અને નવ નારૂ અને પાંચ કારૂ મળીને અઢાર ગણાય છે. નારૂ કારૂ એટલે કામ કરનાર લોકોની જ્ઞાતિઓ. એમને હલકા ગણવાનો ગૂજરાતમાં પ્રાચીન સમયથી રિવાજ પડી ગયો છે. વિમળપ્રબંધમાં નારૂ કારૂ આ પ્રમાણે ગણાવ્યા છેઃ બ્રહ્માના મુખ, બાહુ, હૃદય અને પગથી ચાર મુખ્ય વર્ણો ગણાવી પછી કંદોઈ, કાછી (કાછિયા), કુંભાર, માળી, મર્દનિયા, સુત્રાહ (સુથાર), ભિંઘસાઈન (ભેંસાઈન–ભરવાડ ?), તંબોળી, સોનાર (સોની) એમ નવ નારૂ; ગાંછા (ઘાંચી), છીપા, લુહાર, મોચી, અને ચર્મકાર (ચમાર) એટલા પાંચ કારૂ કહેવાય છે.

---

૧૦૪. આંજણા કણબીઓ રજપૂતોની સાથે ભોજનવહેવાર રાખે છે જ્યારે લેવા અને કડવા પોતાને રજપૂતોથી ઊંચા માને છે, અને માંસાહાર કરતા નથી. આંજણા દારૂગાળવાનો ધંધો કરે છે. એમનામાં કેળવણી નથી, કડવામાં ઓછી છે, જ્યારે લેવા વધારે કેળવાયેલા અને આગળ પડતા છે. આ ત્રણે જ્ઞાતિઓમાં ભૌગોલિક નામો નથી. આંજણામાં એક વર્ગ સામાન્ય રીતે મોઢ કહેવાય છે પણ તે ભૌગોલિક દૃષ્ટિએ બીજી જ્ઞાતિઓની પેઠે નથી; મોઢેરાના વતની કણબીઓ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે અઢાર વર્ણ ગણાવી તેની બહારના અસુર-એટલે અનાર્ય એમ લખે છે. આપણા પ્રાંતની વર્ણવ્યવસ્થા અસલથી આ પ્રમાણે છે અને નારૂ કારૂને વસવૈયા પણ કહે છે.[૧૦૫]

કોળી

અહીં કોળીનો ટૂંકો ઉલ્લેખ કરવો જરૂરી છે. એમને ભીલ સાથે મુકાય છે તે ભૂલ છે. ભીલ દૂબળા વગેરે ગૂજરાતની મૂળ વતની જાતિઓ છે. પરંતુ કોળીઓનાં મૂળ બાબત હજી વિદ્વાનોમાં મતભેદ છે અને એ માટે વધારે શોધની જરૂર છે. એમની ગૂજરાત કાઠિયાવાડમાં મોટી વસ્તી છે. એમનામાં દરેક દેશી પરદેશી જાતિઓનું મિશ્રણ થયું હોય એવો સંભવ છે અને રજપૂતો કોઈ ને કોઇ કારણે હલકા પડવાથી એમાં ભળતા ગયા હોય એમ પણ મનાય છે. એમણે ગૂજરાતના જુદા જુદા ભાગ ઉપર પ્રાચીન સમયથી રાજસત્તા ભોગવી છે અને મોગલ સામ્રાજ્યના સમયમાં એ લોકો જોરથી દાબ્યા છતાં એમને પૂરેપૂરા દાબી શકાયા નથી. આજ સુધી પણ એમની નાની નાની ઠકરાતો છે. એમના વિભાગોમાં ખાંટ નામે વિભાગ ખાસ ધ્યાન ખેંચે છે. અમદાવાદના પૂર્વાવતાર આશાપલ્લીને નામ આપનાર આશોભીલ ખાંટ કોળી હતો.[૧૦૬] આથી જણાશે કે ગૂજરાતમાં કોળી અને ભીલ શબ્દ પાછળથી

---

૧૦૫. જુઓ વિમળપ્રબંધ ખંડ ૨-શ્લોક ૮૦ થી ૮૪. દરેક ઉચ્ચ વર્ણે કામને માટે નારૂ કારૂને વસાવ્યા અને દરેક ગામમાં એમની વસ્તી છે. આમાં દરજી નથી ગણાવ્યા. મર્દનિયા તે વાળંદ હશે કે કેમ તે સવાલ છે. આ વર્ણન સોળમી સદીમાં, ગૂજરાતના સુલતાનોના સમયનું છે એટલે દરજીનું નામ નથી એ સૂચક છે. જોકે દરજીઓ એ સમયે હતા ઉપર મૂળમાં આપેલાં નામ-જૂની ગૂજરાતીમાં લખ્યાં છે. અનાર્યને અસુર કહ્યા તે સૂચક છે.

૧૦૬. ભીલ, દૂબળા, વાઘરી, ઢેઢ, વગેરે માટે ગેઝેટિયરમાં જોવું. કોળી લોકો હિંદુ સમયમાં તેમ જ ગૂજરાતના સુલતાનોના સમયમાં બહુ જોરમાં હતા તે આગળ જોઇશું. કોળીમાં ખાંટ સૌથી જોરાવર અને ઊંચા હતા એમ સમજાય છે. છેક ગઇ સદી સુધી કોઇ માણસ મિજાજ કે અભિમાન કરે તો બીજાઓ કહેતા કે "જોયા મોટા ખાંટુ" એ બતાવે છે કે ખાંટુ શબ્દ જોર અને મોટાઈના પર્યાય જેવો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્યાય જેવા થઈ ગયા હતા. ભીલ દૂબળા વગેરે મૂળ વતનીઓની જાતો છે અને બીજી ઘણી જાતોના અહેવાલ રસમય પણ છે પરંતુ વિસ્તારના ભયથી અહીં એને સ્થાન નથી.

જ્ઞાતિઓનું ઊંચાનીચાપણું અને મિશ્રણોનો ઉપસંહાર

આ પ્રમાણે ગૂજરાતમાં બીજા પ્રાંતોને મુકાબલે સૌથી વધારે પરદેશી જાતિઓ આવીને વસી છે અને એમનાં મિશ્રણો પણ વિચિત્ર રીતે થયાં છે. હિંદુસ્તાનના સામાજિક ઇતિહાસમાં પ્રાચીન સમયમાં માત્ર રાજસત્તા ધરાવનાર જાતિઓનાં નામો પરંપરા વગેરેમાં સચવાઇ રહ્યાં છે અને બ્રાહ્મણ જેવી જાતિનાં નામો વિદ્યા-સંસ્કારનો ઈજારો એમણે રાખેલો તેથી સચવાઇ રહ્યાં છે. પરંતુ પ્રજાનો મોટો ભાગ તો અન્ય જાતિઓથી જ બનેલો છે. રાજકર્તા અને વિદ્યાસંપન્ન જાતિઓ હમેશાં પ્રમાણમાં થોડી હોય છે, એટલે આર્યો કે અસુરો, યાદવો કે નાગો, શકો, હૂણો કે ગુર્જરો વગેરેનાં નામ પરંપરાઓ કે ઇતિહાસે નોંધ્યાં તેથી એ જ જાતિઓથી દેશ ભરેલો હતો એમ માનવાની જરૂર નથી. દેશનો મોટો ભાગ તો મૂળ વતનીઓ અને કામ કરનારી અને ખેતી કરનારી જાતિઓથી વસેલો હોય છે અને એમના ઉલ્લેખો થોડા જ મળે છે.[૧૦૭]

આમ છતાં શકો ગુર્જરો અગર હૂણોનાં મિશ્રણો આપણા સમાજમાં ખૂબ જ થયાં છે અને એમનાં નામો મિશ્રણના નિયામક બ્રાહ્મણોની કુશળતાથી આજે શોધ્યાં પણ જડતાં નથી. કહેવાતી ઉચ્ચ વર્ણોની પેઠે રજપૂતોથી કોળીઓ સુધીની જાતિઓનાં વર્ણન જે ઉપર કર્યાં તે બધામાં આ પરદેશી જાતિઓનાં મિશ્રણો થયેલાં છે. કાઠિયાવાડમાં કાઠી, આહીર, મેર વગેરે જાતિઓમાં અને

---

૧૦૭. ગૂજરાતની હિંદુ વસ્તીમાં આશરે અરધા લોકો મૂળ વતની અને જેમને આજે હલકી વર્ણો ગણવામાં આવે છે એ લોકો છે. એમનામાં ઉપર કહ્યા તે નારૂ કારૂ, અને ખેતીવાડી કરનાર કણબી, કાછિયા અને ઢોર રાખવાનો ધંધો કરનાર ભરવાડ, રબારી, આહીર વગેરે ઉમેરતાં હિંદુઓનો પોણો ભાગ ઉપર થવા જાય છે અને તે લોકોના ઉલ્લેખો, દાનપત્રો કે પરંપરાઓમાં મળે નહિ. સમાજનો મોટો ભાગ એ લોકો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોળીઓમાં હૂણ, ગુર્જરો અને તે પહેલાંના શકોનાં મિશ્રણ છે. એ બધા તેમ જ નારૂ કારૂ કહેવાતી જ્ઞાતિઓમાં પણ, અને તેથી પણ હલકી જ્ઞાતિઓમાં રજપૂતોની અવટંકો આજે જોવામાં આવે છે. કાઠીઓમાં અને બાબરિયામાં અનેક પરદેશીઓને સમાવી દેવામાં આવેલા છે.૧૦૮ જિતાયેલા, લડાઇઓમાં ગુલામ પકડાયેલા ઉચ્ચ વર્ણના લોકોને બળજબરીથી ઉદ્યોગ, હુન્નરો અને કારીગીરીનું કામ સોંપી તે તે જ્ઞાતિઓમાં મેળવી દેવામાં આવ્યા છે અને તેથી આજે હલકી મનાતી જ્ઞાતિઓમાં ઉચ્ચ વર્ણો ભળ્યા હોય એ પણ દેખાઇ આવે છે. મુસલમાન થતા પહેલાંના તુર્કો પણ કોઈ કોઈ જાતિઓમાં ભળીને હિંદુ થયેલા છે. કેટલીક હલકી જ્ઞાતિઓએ રજપૂત પાલકોની અવટંકો ગ્રહણ કરી છે, જ્યારે રજપૂતો કોઇ ને કોઇ કારણે હલકા પડતાં હલકી જ્ઞાતિઓમાં ભળી જઇને મૂળ અવટંક કાયમ રાખી રહ્યા છે. દુશ્મનને લીધે એક દેશમાંથી નાસીને આવેલા હલકા ઊંચા વર્ણો આવીને લાગ ફાવ્યો તેવી વર્ણોમાં ભળી ગયા છે. હુન્નરધંધાના કામને હલકા ગણવાનો પહેલાં રિવાજ હતો અને તેવાં કામ પ્રમાણે જ્ઞાતિઓ હલકી અને ઊંચી ગણાઇ ગઇ છે. ૧૦૯ ઉચ્ચ નીચ જ્ઞાતિઓનો ઇતિહાસ આવો રસમય છે. છતાં હલકાં કાર્ય જેવાં અનેક કારણને લીધે સમાજના કેટલા ભાગને અસ્પૃશ્ય ગણી દીધો છે અને પોતાના ભાગને પારકો કરવા જેવી સ્થિતિ ઊભી કરી છે એ પણ વિચારવા જેવું છે. ગેઝેટિયરના લેખકે કરેલી મહેનતને આજે અડધી સદી થઇ ગઇ છે અને સામાજિક ઇતિહાસ હવે ફરી તપાસવાની જરૂર છે.

---

૧૦૮. મું. ગેઝે. હિંદુ વસ્તી ગ્રંથ પૃ. ૪૬૨, ૪૬૩, ૪૬૫, કાઠીઓમાં સમાયેલા પરદેશીઓની યાદી આપી છે. રજપૂતોની અવટંકો માટનાં કારણો માનવા જેવાં લાગે છે. મુલતાનમાં ભંગીઓ (sweepers) માં ગુજર, મેર, હૂણ એવી અવટંકો છે એ સૂચક છે. ઢેઢ વાઘરીમાં સોલંકી અટકો છે. આશ્રયદાતાની અટકો લેવાનો રિવાજ પણ હતો.

૧૦૯. દુકાળ અને યુદ્ધમાં કેદીઓની ગુલામીએ ઊંચાને પણ નીચ વર્ણમાં નાંખ્યા છે. ધંધામાં હલકટ માનવાનો મૂળથી રિવાજ હતો. વીગત માટે જુઓ મુંબ. ગેઝે. હિંદુ વસ્તી ગ્રંથ પૃ. ૪૫૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ધર્મો, સંપ્રદાયો અને તેનાં મિશ્રણો.

ગૂજરાતના સામાજિક બંધારણમાં અન્ય પ્રાંતોને મુકાબલે જે રસમય અને ઐતિહાસિક મહત્ત્વની વિચિત્રતા છે તે, જાતિઓના સામાન્ય વર્ણન કે રીતરિવાજોના વર્ણનને બદલે અહીં માત્ર એ વિચિત્રતાઓની દૃષ્ટિએ જ ઉલ્લેખ કરીને જોઇ ગયા; તેમ હવે ધર્મો અને સંપ્રદાયોના મિશ્રણનું ટૂંકું વર્ણન ઐતિહાસિક મહત્ત્વ અને વિચિત્રતાઓની દૃષ્ટિએ જોઈએ. ગૂજરાતમાં ઇસ્લામ યુગ શરૂ થયો ત્યારે અહીં વર્ણવેલો સમાજ હતો, તેમ હવે જોઈશું તે ધર્મો પણ હતા. અને એ યુગમાં એ બન્નેમાં ખાસ ફેર કાંઇ પડયો નથી.

ગૂજરાતમાં ધર્મો અને સંપ્રદાયોની વિશેષતાઓ

બૌદ્ધ ધર્મ પોતાની જન્મભૂમિમાંથી જ અદૃશ્ય થયો એ વિચિત્રતા આખા હિંદની દૃષ્ટિએ છે. ગૂજરાતની દૃષ્ટિએ ધાર્મિક બાબતોમાં નીચેની વિચિત્રતાઓ છેઃ—(૧) ગૂજરાતમાં જેનું મૂળ સ્થાન કહી શકાય એવા શૈવધર્મની એક શાખા જેવો પાશુપત ધર્મ ગૂજરાતમાંથી જતો રહ્યો, તેમ જ એક વખત જોરમાં ચાલતો શૈવ ધર્મ ઓછો થયો. (૨) રાજસત્તાના ટેકા વગર સામાન્ય જન સમુદાયના ટેકાથી વૈષ્ણવ સંપ્રદાયો આજે સૌથી વધારે દેખાય છે. (૩) ત્રિમૂર્તિમાં પ્રથમ ગણાતા બ્રહ્મદેવની પૂજા આખા હિંદુસ્તાનમાંથી અદૃશ્ય થઈ અને ગૂજરાતમાં થોડી પણ આજે ચાલે છે. (૪) કાશ્મીરથી ગૂજરાત સુધી એક વખતે ખૂબ જોરમાં પ્રસરેલી સૂર્યપૂજા બીજે બધેથી અદૃશ્ય થઈ, અને ગૂજરાતમાં એનું નામ માત્ર પણ હજી રહ્યું છે. (૫) અન્ય પ્રાંતમાં જેનો ઉદ્ભવ થયો છે એવા જૈન ધર્મનું આજે બીજા બધા પ્રાંતો કરતાં ગૂજરાતમાં વધારે જોર છે. (૬) કાર્તિકેયની પૂજા એક વખત ગૂજરાતમાં થોડી પણ હતી તેનું નામ પણ આજે કોઇ જાણતું નથી. (૭) સૌમ્ય ધર્મોનું ગૂજરાતમાં જોર વધતું ગયું અને ભયાનક રસવાળા સંપ્રદાયો ગૂજરાતમાં રહીને સૌમ્ય થઈ ગયા. આ મુદ્દાઓ ઉપર ગૂજરાતના સમાજનો ધાર્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ ખૂબ જ રસમય બને છે અને અન્ય પ્રાંતોની સરખામણીમાં એમાં નવીનતા અને વિશેષતા છે. સંપ્રદાયોમાં થયેલાં મિશ્રણો પણ રસમય છે.

પરંપરાને દૂર મૂકીને આપણે ઇતિહાસ લખી શકાય નહિ

ઐતિહાસિક યુગ શરૂ થતા પહેલાંના ધર્મોના ખાસ પુરાવાઓ મળતા નથી એમ વિદ્વાનોનું માનવું છે. ક્ષત્રપોના લેખો અને વલભીનાં દાનપત્રોમાં જે ઉલ્લેખો મળે છે તે ઉપરથી રાજસત્તા કે રાજા કયા ધર્મનું પાલન કરતા તે જાણવા મળે છે.[૧૧૦] બ્રાહ્મણોને અગ્નિહોત્ર અને પંચ મહાયજ્ઞો વગેરેનું પાલન કરવા માટેના દાનોના ઉલ્લેખો મળે છે. એ ઉપરથી વૈદિક મહાયજ્ઞો બંધ થઈ ગયા હશે એમ અનુમાન કરવામાં આવે છે.[૧૧૧] પરંતુ અહીં એક વાત ખાસ નોંધવી જોઇએ કે લેખો, દાનપત્રો, સિક્કાઓ વગેરે ઇતિહાસમાં સર્વથી પ્રથમ પંક્તિના આધાર ગણાય છે એ વાત ખરી છે, છતાં હિંદુસ્તાનના ઇતિહાસસંશોધનની સ્થિતિ એવી છે કે એમાં એ આધારોને પ્રથમ માન આપ્યા છતાં પણ એ આધારો ન મળે તો કાંઇ હતું જ નહિ એમ માનવું એ યોગ્ય નથી. ઊલટું આપણા ઇતિહાસને યથાર્થ સમજવા માટે સાહિત્યના ઉલ્લેખો અને પરંપરાઓને દૂર મૂકીને કામ ચાલી શકે એવું છે જ નહિ. "ઇતિહાસ-પુરાણ"ની પરંપરા અને સાહિત્યના આડકતરા ઉલ્લેખોનો ઇતિહાસમાં ઉલ્લેખ કરવામાં રહેલાં ભયસ્થાનો તો ખાસ ધ્યાનમાં લેવાં જ જોઈએ. પરંતુ એના વગરની ઇતિહાસની યથાર્થતા આપણે માટે તો શક્ય નથી. વેદના ઉલ્લેખોને માટે પણ એક શબ્દ અહીં કહેવો જોઈએ

---

૧૧૦. ક્ષત્રપો અને વલભીના રાજાઓમાં થોડા અપવાદ કરતાં રાજાઓનો ધર્મ શૈવ હતો એમ સમજાય છે. પરંતુ એ સમયે બૌદ્ધ ધર્મનું પ્રજામાં સારું જોર હતું. વલભીના રાજાઓમાં સૂર્ય અને વિષ્ણુના મતના રાજા પણ થયા છે. ભરૂચના ગુર્જર રાજાઓમાં એક સૂર્યપૂજક જણાય છે. ગુહસેન બૌદ્ધ હતો. ત્રૈકૂટકો ભાગવત હતા. ધરભટ્ટ પરમાદિત્ય હતો.

૧૧૧. દુ. કે. શાસ્ત્રીજીનો ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભા. ૧ પૃ. ૩૩-૩૪. પુષ્યમિત્ર અને સમુદ્રગુપ્તે અશ્વમેધ યજ્ઞો કર્યા છે. જાયસ્વાલજી ભારશિવ નાગરાજાઓએ અશ્વમેધ યજ્ઞો કર્યાનું પણ લખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે એ ઉલ્લેખો ધર્મમૂલક છે અને એનું પુરાણોથી સમુપબૃંહણ ન થાય તો અર્થ બરાબર ન બેસે.[૧૧૨] કેટલીક ધાર્મિક ઇતિહાસને લગતી બાબતોમાં કેટલીક વાર આપણા મહાવિદ્વાનો પણ આ સમુપબૃંહણ તરફ ધ્યાન નથી આપતા એવું બન્યું છે, જો કે એ સમુપબૃંહણ, પુરાણોની હાલની સ્થિતિમાં, સમુદ્રમંથનથી પણ વધારે વિકટ છે એ ખરી વાત છે.[૧૧૩]

આર્ય અને આર્યેતર ધર્મો અને તેનું મિશ્રણ

વૈદિક ધર્મ અતિ પ્રાચીન સમયમાં પણ જયારે એના શુદ્ધ સ્વરૂપમાં ચાલતો હતો ત્યારે એને ન માનનારા યજ્ઞયાગાત્મક ધર્મની વિરુદ્ધ હતા અને દેવાસુરસંગ્રામની પ્રાચીન વાતોનાં કારણોમાં એ કારણ મુખ્ય હતું. યજ્ઞનો નાશ કરનારા અસુરો કહેવાય છે. જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ કરનારા એમના હુમલા સામે રક્ષણ માગે એ વાતો મૂળ ધાર્મિક ઝગડાઓનું સૂચન કરે છે.[૧૧૪] શિશ્નપૂજકોનો વેદનો ઉલ્લેખ પણ વૈદિકોની વિરુદ્ધના એક જાતના ધર્મનું સૂચન કરે છે. આ બધા લાંબા કાળમાં બુદ્ધિશાળી ઋષિઓએ એમનાં મિશ્રણો કરવાનો સતત પ્રયત્ન ચાલુ રાખ્યો જ હતો, અને વૈદિક કાળનું પ્રથમ મુખ્ય મિશ્રણ જાતિઓની પેઠે ધર્મોમાં પણ એવું થયું કે ઋગ્વેદ હાલના સ્વરૂપમાં ગોઠવાયો અને અથર્વવેદને વેદમાં સ્થાન મળ્યું ત્યારે કેટલાક આર્યેતર દેવોને વૈદિક ધર્મમાં સ્થાન મળી ચૂકયું હતું. આ બાબતની ચર્ચામાં મતભેદને એટલો બધો અવકાશ છે કે એનું લાંબું વર્ણન કરવાની અહીં જરૂર નથી. વરુણ, રુદ્ર, ઉષા, અશ્વિનો, વગેરે આ પહેલા સફળ મિશ્રણમાં વૈદિક ધર્મમાં આવ્યા એમ હવે કેટલાક વિદ્વાનોનો સબળ પક્ષ થતો જાય છે.[૧૧૫]

---

૧૧૨. વેદનું ઈતિહાસપુરાણથી સમુપબૃંહણ ન કરીએ તો વેદાર્થનું ખૂન થાય એવું વચન પ્રસિદ્ધ છે.

૧૧૩. શૈવ ધર્મની ચર્ચામાં એ બાબત નોંધ લઇશું. શૈવ ધર્મનું ગૂજરાતમાં જે સ્થાન છે તે જોતાં એ નોંધ ઉપયોગી છે.

૧૧૪. Pargiter. A. Indian His. Tra. P. 187. યજ્ઞમાં ન માનનારાઓ માટે આર્યોના તિરસ્કારના શબ્દો પ્રાચીન સાહિત્યમાં આવે છે.

૧૧૫. Asura in Inaia Pp. 76–78–112–117. એમાં વરૂણ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે આધારથી સિદ્ધ થાય ત્યારે ખરું.

પ્રાચીનતમ શૈવ ધર્મનું સ્વરૂપ અને વૈદિકોનો વિરોધ

આ મિશ્રણમાં ગૂજરાતે ભાગ લીધો છે એમ માનવાને કારણો છે. મોહેન્જોડેરોમાંથી જડેલાં પશુપતિ, ત્રિમૂર્તિ, અને શિશ્નલિંગો વગેરે અવશેષો આર્યેતર સંસ્કૃતિનાં છે અને એની મર્યાદા નર્મદા સુધી હતી એમ હવે વિદ્વાનો માનતા થયા છે. પુરાણોના દેવાસુરસંગ્રામના અને અસુરોના ઉલ્લેખો પણ એ વાતની સાક્ષી પૂરે છે.[૧૧૬] લિંગ-પૂજા રુદ્ર-શિવની પૂજા સાથે મળી ગઈ એ આગળ જોઈશું. પરંતુ એ મિશ્રણની ક્રિયા વખતે પણ વૈદિકોના યજ્ઞયાગાત્મક ધર્મ પાળનારાઓને એ વખતના શૈવોના પૂર્વાવતાર જેવા ધર્મના પાળ-નારાઓ સાથે હમેશાં ઝગડા થયા કરતા એના દાખલા સ્કંદાદિ-પુરાણોમાં મળે છે અને આપણા પ્રાંતની ભૂમિએ એમાં અગત્યનો ભાગ લીધો હશે એમ એ ઉલ્લેખો જોતાં જણાઇ આવે છે. છેક જૈન બૌદ્ધોનું જોર થયું ત્યાંસુધી પણ વૈદિકો અને પછીથી થયેલા એમના પક્ષકારાઓએ, જૈન બૌદ્ધોની સાથેના પોતાના વિરોધને દેવાસુરસંગ્રામનું રૂપ આપવાનો પ્રયત્ન કરેલો છે.[૧૧૭]

એટલે લેખો કે મંદિરોના પુરાવાઓ જડે કે ન જડે પણ

મિત્ર, ઉષા, નૃભુ વગેરેને અસુરના દેવ દેવી કહે છે. તેની ચર્ચા અને આધાર આપેલા છે. રુદ્રને માટે પૃ. ૧૫ માં ચર્ચા કરી છે. ઋગ્વેદમાં **हिरण्यहस्तो असुरो** વગેરે મંત્ર અને તૈત્તિરીય આરણ્યકની શિવસ્તુતિને હિરણ્યબાહુ, હિરણ્યવર્ણ, હિરણ્યરૂપ, હિરણ્યપતિ, અંબિકાપતિ, પશુપતિ, વગેરે કહ્યા છે તે બહુ સૂચક છે. જુઓ ખંભાતનો ઇતિહાસ પૃ. ૧૯૯.

૧૧૬. આ બાબત સરજ્હૉન માર્શલનો અભિપ્રાય ખંભાતના ઇતિહા-સમાં આ ચર્ચામાં બતાવ્યો છે.

૧૧૭. પાર્જિટર (A. I. H. T.) પૃ. ૬૮. પાર્જિટરનું આ વર્ણન વાંચવા જેવું છે, જેમાં નર્મદા નદીએ ભાગ ભજવ્યો છે. એ ગૂજરાતની ભૂમિનો સંબંધ વ્યક્ત કરે છે. શૈવો અને વૈદિકોના ઝગડા પૌરાણિક રૂપમાં સ્કંદપુરાણ નાગર અને કુમારિકા ખંડો અને લિંગપૂજાને લગતા પુરાણો-ના ઉલ્લેખોમાં જણાઈ આવે છે. તે ખંભાતના ઇતિહાસમાં ચર્ચ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન કાળમાં શૈવધર્મનું કોઈ સ્વરૂપ ગૂજરાતની ભૂમિમાં હતું, અને વૈદિકો સાથે એમને ઝગડા થતા એમ માનવું પડે તેમ છે. ક્ષત્રપો અને વલભીના સમયમાં લેખો અને દાનપત્રોમાં જે ઉલ્લેખો મળે છે તે આ ઝગડાઓની પતાવટ થઈ અને આજનો પૌરાણિક હિંદુ ધર્મ ઉત્પન્ન થયો એ વચ્ચેના સંક્રાંતિકાળના હોય અગર તો માત્ર એક પક્ષના હોય એમ લાગે છે; જો કે વલભીના સમયમાં પૌરાણિક ધર્મ રૂઢ થયો હતો એમ માની શકાય; અને એના ઉલ્લેખ જો તળ ગૂજરાતમાં ન મળે તોપણ તેથી કાંઇ વિરુદ્ધ સિદ્ધ કરી શકાય એવું નથી, કારણ કે મહાભારતનો ત્રીજો થર લખાયો તે સમયથી પૌરાણિક હિંદુ ધર્મનું સ્વરૂપ ઘડાઈ ગયું હતું એમ માન્યા વગર ચાલે તેમ નથી.[૧૧૮] અને ઇસ્વીસનની બીજી ત્રીજી સદીમાં નાગ અથવા ભારશિવ મહારાજ્યમાં પૌરાણિક શિવની પૂજા સારી રીતે શરૂ થઇ હતી. શૈવ ધર્મની ચર્ચામાં એ વિશે જોઇશું. પૌરાણિક વૈષ્ણવ ધર્મ પણ એ જ સમયે પળાતો હતો એમ પણ માની શકાય, છતાં શૈવમતની પ્રાચીનતા વધારે છે.

શૈવ ધર્મનો ઇતિહાસ પણ નવેસરથી લખાવાની જરૂર છે, અને તે પણ સામાન્ય ઐતિહાસિક ઉલ્લેખો અને સિદ્ધાંતોના વર્ણનરૂપે નહિ પણ એની પ્રાચીનતા અને વ્યાપકતાની દૃષ્ટિએ; એ વ્યાપકતાએ કેટલાં વિરોધી અને વિદેશી તત્ત્વોને સમાવ્યાં છે એ દૃષ્ટિએ; પૌરાણિક હિંદુ ધર્મની વ્યવસ્થામાં એણે કેટલો અગત્યનો ભાગ ભજવ્યો છે એ દૃષ્ટિએ; સામાજિક વ્યવસ્થામાં પણ ઊંચા ને નીચાના ભેદને ન ગણીને વિરોધી તત્ત્વોને એક કરવામાં એણે જે કર્યું છે એ દૃષ્ટિએ જોવાની જરૂર છે. શિવ મહાદેવ છે, છતાં ઐતિહાસિક મનુષ્યનું વ્યક્તિત્વ એમનામાં મળ્યું નથી એ વિશેષતા છે.[૧૧૯]

---

૧૧૮. આ બાબત શ્રી. દુર્ગાશંકરે પણ શૈવ ધર્મના ઇતિહાસમાં પૃ. ૩૦-૩૪ માં ચર્ચા કરી છે. એમાં ઉપમન્યુનો ઉલ્લેખ સૂચક છે. એ કહે છે "જેનું લિંગ પૂજાય છે એવા તો એક મહાદેવ જ છે." એટલે સ્વતંત્ર લિંગપૂજા એ સમયે રુદ્ર અને શિવની પૂજામાં મળી ગઈ હતી.

૧૧૯. વૈષ્ણવ ધર્મમાં ભગવાન શ્રીકૃષ્ણની પૂજા મુખ્ય છે અને શ્રી રામથી પ્રાચીન છે. શ્રીકૃષ્ણ અને શ્રીરામનું વ્યક્તિત્વ ઐતિહાસિક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લિંગપૂજાની પ્રાચીનતા

મોહેન્જોડેરોની શોધો પછી શૈવ અને પાશુપત ધર્મનું કોઇ પૂર્વ સ્વરૂપ સામાન્ય રીતે મનાતા વૈદિક સમયથી પહેલાં અગર તો તેની સાથે જ પણ તેનાથી સ્વતંત્ર રીતે પુજાતું હતું.[૧૨૦] એવા કોઈ સ્વરૂપની મૂર્તિની પૂજા અને લિંગની પૂજા અલગ અલગ જાતિઓની ભિન્ન પૂજાઓ હોય કે એક હોય એ કહેવું મુશ્કેલ છે, પરંતુ એ આર્યેતર જાતિની હતી એટલું તો વિદ્વાનો માને છે.[૧૨૧] લિંગપૂજા ઘણા પ્રાચીન કાળમાં શિશ્નપૂજા તરીકે ભૂમધ્ય સમુદ્રથી હિંદના પૂર્વ ભાગો સુધી પ્રસરેલી હતી.[૧૨૨] હિંદમાં પણ લિંગ-પૂજા સારા પ્રમાણમાં હતી અને વેદમાં **શિશ્નદેવાઃ** શબ્દ અને ઉલ્લેખ, વૈદિકો એની વિરુદ્ધ હતા એ સિદ્ધ કરે છે. લિંગપૂજા પ્રથમ જંગલીઓમાં હતી કે કોઇ સુધરેલી જાતિ પણ લિંગને પૂજતી એ

વૈષ્ણવ ધર્મમાં એ પ્રમાણે ઐતિહાસિક મહાપુરુષોનાં વ્યક્તિત્વ મળેલાં છે, જ્યારે શૈવ ધર્મમાં એવું નથી. લકુલીશપાશુપતાચાર્યને શિવનો અવતાર કહે છે પણ તે પોતે શિવ તરીકે પુજાતા નથી. શૈવ ધર્મમાં અન્ય ધર્મનું મિશ્રણ અને હિંદુસ્તાન બહારનાં તત્ત્વોનું પણ મિશ્રણ અને એની વ્યાપકતા એ ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વની વાત છે.

૧૨૦. ખંભાતના ઇતિહાસમાં લિંગપૂજાના પરિશિષ્ટમાં તેમ જ અસુરો અને પાતાલનાં પરિશિષ્ટોમાં એ ચર્ચા મેં કરી છે. ઈંડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટરલી (X 1934)માં આ મતને ટેકો આપનારો લેખ શ્રી અતુલ સુરે લખ્યો છે. અને લિંગપૂજાને એ મોહેન્જોડેરોના સમયથી પણ પ્રાચીન માને છે એમાં ન માનવા જેવું નથી.

૧૨૧. કેટલાક વિદ્વાનો એ બધી પૂજાઓને ભિન્ન માનીને પૌરાણિક કાળમાં શિવમાં એકત્વ પામી એમ માને છે. મોહેન્જોડેરોમાંથી મળેલાં એ પૂજાના અવશેષો અને એ સંસ્કૃતિ આખીયે આર્યેતર હતી એટલું તો સરજૉન માર્શલ અને બીજા વિદ્વાનો માને છે. શ્રી અતુલ સુર આગળ કહ્યું તે લેખમાં પણ એમ જ કહે છે. એમના લેખનું નામ Pre-Aryan Elements in Indian Culture એ લેખ વાંચવા જેવો છે.

૧૨૨. અન્ય દેશોમાં શિવલિંગની કોઈ કોઈ સ્વરૂપે પૂજા થતી તેની આધાર સાથે વિસ્તૃત ચર્ચા મેં ખંભાતના ઇતિહાસના સ્કંભ અને લિંગ-પૂજાના પરિશિષ્ટમાં કરી છે. અહીં તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવું મુશ્કેલ છે.[૧૨૩] પરંતુ પ્રાચીન સમાજના સારા જેવા ભાગમાં એ પ્રચલિત હતી અને પ્રાચીનતમ શૈવ મતના—પછી તે ગમે તે સ્વરૂપમાં હોય-સંચાલકોએ શિવની મૂર્તિ અને લિંગપૂજા અને વેદના રુદ્રને એક કહીને મિશ્રણ કરવામાં અપૂર્વ બુદ્ધિ વાપરી એમ કહ્યા વગર ચાલે તેમ નથી. લકુલીશ પાશુપતાચાર્ય ઇસ્વીસનની શરૂઆતની લગભગમાં થયા એમ વિદ્વાનો સામાન્ય રીતે માને છે, પરંતુ પુરાણો એમના પહેલાં એમના મતના કેટલાક આચાર્યો થઇ ગયા એમ કહે છે. એ માનીએ તો કોઇ સ્વરૂપમાં એ સંપ્રદાય પૌરાણિક શૈવ ધર્મ અને પાશુપત સંપ્રદાયના પૂર્વાવતાર તરીકે ઘણા પ્રાચીન કાળમાં ચાલતો હશે એમ માનવું પડે.[૧૨૪] શિવનો વરુણ સાથે સંબંધ,[૧૨૫] જળ સાથે સંબંધ, અને શિવનાં નામોમાં ગણાતાં

---

૧૨૩. રુદ્ર, શિવ, અસુર જાતિના દેવ હતા એ માન્ય રાખીએ તો એમની પેટા જાતિઓમાં કોઇ મૂર્તિને પૂજતી હોય અને કોઈ લિંગને પૂજતી હોય. નાગ જાતિ અસુરની પેટા જાતિ છે એવો એકમત આગળ નોંધ્યો છે અને પૌરાણિક ઉલ્લેખો લિંગપૂજા સાથે નાગ જાતિનો વધારે સંબંધ વ્યક્ત કરે છે. ઐતિહાસિક સમયમાં તો ભારશિવ અગર નાગ મહારાજાઓનો એ મુખ્ય ધર્મ હતો અને એ લોકો શિવની મૂર્તિના નહિં પણ બિંદુના પૂજક હતા, એમ જાયસ્વાલજી લખે છે. બિંદુ એ લિંગમાંથી શિશ્નાકાર કાઢી નાખ્યા પછીનું શુદ્ધ, આજ છે તેવું, લિંગનું સ્વરૂપ છે (Conventional Ling) એ પણ આગળ જોયું. આ અને પૌરાણિક ઉલ્લેખો જોતાં પ્રાચીન નાગજાતિ અને ઐતિહાસિક નાગોને લિંગના પૂજક ગણવા પડે અને તે જોતાં એક સુધરેલી જાતિમાં એ પૂજા હતી એમ માનવું પડે. લિંગની પૂજા જંગલીઓમાં હોય એવો શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રીજી (શૈવ ધર્મ. ઇતિ. પૃ. ૩૫-૩૬) વગેરેનો મત છે.

૧૨૪. ખંભાતના ઇતિહાસમાં અસુરોના પરિશિષ્ટમાં (પૃ ૨૧૦) આ ઉલ્લેખો આપ્યા છે. મોહેન્જોડેરોમાં પશુપતિ જેવી એક મૂર્તિ ઊર્ધ્વમેઢ્ર હોય એવી નીકળી છે અને લકુલીશાચાર્યની એક મૂર્તિમાં પણ એવું દેખાય છે એ બહુ સૂચક છે. સ્કંદપુરાણ કુમારિકાખંડ અધ્યાય ૪૦ માં આ શૈવ યોગીઓનાં નામ અને છેલ્લા લકુલીશાચાર્ય થશે એ બધું કહેલું છે. લકુલીશ પાશુપતાચાર્યનું સ્થાન લાટ દેશમાં એ ખાસ મહત્ત્વની વાત છે.

૧૨૫. પાર્જિટર (A. I. H. T.) પૃ. ૧૮૫, લખે છે કે શિવે વરુણ રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહિર્બુધ્ન્ય વગેરે નામો;[૧૨૬] એ બધાં તત્ત્વોને શૈવ ધર્મની પ્રાચીનતા, વ્યાપકતા, અને એણે સાધેલાં મિશ્રણોનો વિચાર કરવામાં ધ્યાનમાં લેવાની ખાસ જરૂર છે.[૧૨૭] શિવ અને લિંગપૂજાનાં તત્ત્વોના વેદમાં આવતા ઉલ્લેખો અને અથર્વવેદમાં સૌથી મોટા દેવનું રૂપ અપાયેલા સ્કંભનું શિવના જ્યોતિર્મય મહાલિંગ સાથેનું સામ્ય એ બધું પણ એ વિચાર કરવામાં ધ્યાનમાં લેવાનું છે.[૧૨૮]

લઇને ભૃગુને પૂત્ર ગણ્યો તેથી ભાર્ગવો વારુણ કહેવાયા. પૃ. ૧૯માં નોંધ ૧૦માં મહાભારત, વાયુપુરાણ વગેરેના આધારોથી શિવે અને ઉમાએ કવિ (શુક્ર)ને પુત્ર ગણ્યો એમ લખે છે. અસુરોનો ગુરુ એ ભૃગુ–કવિ–શુક્ર. અસુરોને જીવતા કરવા મૃતસંજીવની શુક્રે શિવ પાસેથી મેળવેલી. શિવના આ સંબંધ અને અસુર સંબંધ માટે એ ભાગ વાંચવા જેવો છે.

૧૨૬. શિવનો સંબંધ જળ સાથે છે અને એ માટે ખંભાતના ઇતિહાસમાં પૃ. ૨૩૪–૩૫ નો ૮૨ માં ઉલ્લેખ કર્યો છે. અથર્વવેદ અને બધાં પુરાણો એ વાતનો ટેકો આપે છે. અહિર્બુધ્ન્ય શિવનું નામ પણ છે. એ અગિયારમા રુદ્રોમાં ગણાય છે. તે સાથે ઋગ્વેદમાં વિશ્વદેવોના મંત્રોમાં એનું નામ આવે છે. અહિ શબ્દ નાગનો સંબંધ સૂચવે છે. અહિર્બુધ્ન્યનો સંબંધ પણ જળ સાથે છે. ઋગ્વેદ (૨–૩૩–૭)માં રુદ્રને જલાશ કહ્યા છે. શિવનાં નામોમાં સમુદ્ર, નીરજ, વગેરે નામો પણ એ જ સંબંધ સૂચવે છે. શિવનો પર્વત સાથે સંબંધ લિંગ અને શિવપૂજા પૌરાણિક થયા પછીનો છે. પૌરાણિક કાળમાં લિંગનો અધ્યારોપ અનેક વસ્તુઓમાં થયો તેવી રીતે પર્વતમાં થયો અને કૈલાસ પર્વત શિવનો નિવાસ મનાયો. ખંભાતના ઇતિહાસમાં ચર્ચેલી આ વાતને પછીથી શ્રી અતુલ સુરના Pre. Aryan Elements in Indian Culture ના લેખમાં ટેકો મળે છે.

૧૨૭. જેમ અહિર્બુધ્ન્યને રુદ્રમાં ગણી લીધા, પાછળના વખતમાં હનૂમાનને પણ રુદ્રના અવતાર ગણવાનું કેટલાક માને છે, તેમ ભવ, શર્વ પશુપતિ, ઉગ્ર, રુદ્ર વગેરેને અથર્વવેદ જુદા ગણે છે અને બ્રાહ્મણમાં એક દેવનાં સ્વરૂપો ગણે છે. આ બધું કાંઈક અંશે એક જેવી ભિન્ન આર્યેતર જાતિઓની ભિન્ન નામોની પૂજાઓને એક કરવાનો પ્રયાસ પણ કેમ ન હોય?

૧૨૮. ખંભાતના ઇતિહાસમાં ખાસ પરિશિષ્ટમાં આ ચર્ચા લંબાણથી કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ધ્યાનમાં લેતી વખતે અથર્વવેદનો પરદેશ સાથેનો સંબંધ અને અસુરો સાથેનો સંબંધ, પુરાણોમાં અસુરો અને નાગોનો શિવ સાથે સંબંધનો પણ વિચાર કરવાનો છે. પુરાણોમાં એ પરંપરાઓ પ્રાચીન કાળથી ચાલી આવેલી સાચવી રાખેલી છે; અને મૂળ પુરાણોમાં કેટલીક પરંપરાઓ વેદ જેટલી જૂની છે એ પાર્જિટરની માન્યતાની અવગણના કરવા માટે હવે સબળ આધારોની જરૂર છે.[૧૨૯] જે વિદ્વાનો શિવ અને લિંગની પૂજામાં શિશ્નપૂજા મળી છે અગર તો લિંગપૂજા શિશ્નપૂજામાંથી જ થઈ છે[૧૩૦] એમ નહોતા માનતા તેમને મોહેન્જોડેરોમાં જડેલાં અને દક્ષિણમાં બીજે જડેલાં શિશ્નાકાર લિંગોથી

૧૨૯. આ માટે પાર્જિટર (A. I. H. T.)નાં કેટલાંક પ્રકરણો વાંચવા જેવાં છે. વેદ અને પુરાણો માટે પ્રકરણ ૧લું અને ૨જું અને બીજા પ્રકરણનો છેવટનો ભાગ ખાસ જોવા જેવો છે જેમાં પુરાણો અને મહાભારત વેદ છે એમ પોતે જ કહે છે અને એનો અર્થ એમાંની પરંપરા વેદ જેટલી જૂની છે એવો છે.

૧૩૦. જ્ઞાતિ અને ધર્મની પેઠે ઇતિહાસમાં પણ રૂઢિચુસ્ત મનોદશા હોય છે. કદાચ જ્ઞાતિ અને ધર્મની અસરથી પણ એવું હોય. પ્રો. વિધુશેખર ભટ્ટાચાર્યે ઇન્ડિયન હિસ્ટોરિકલ કવાર્ટર્લીમાં (IX ૧૯૩૩) વેદમાં 'શિશ્નદેવાઃ' શબ્દનો શિશ્નના પૂજક એવો અર્થ નથી એ માટે લેખ લખ્યો છે, અને 'શિશ્નોદરપરાયણ' વગેરે શબ્દો ટાંકયા છે. પણ એ શબ્દો જુદા અર્થમાં છે તે વાત તો સ્પષ્ટ છે. પરંતુ આગળ એમણે કલિયુગમાં 'સ્ત્રીદેવા' એટલે સ્ત્રીપરાયણ લોકો થશે અને માતાપિતાનો દ્વેષ કરશે એવાં વાકયો ટાંકી 'સ્ત્રીદેવા' એટલે 'સ્ત્રીપૂજક' અર્થ નથી એમ કહે છે. પરંતુ ત્યાં પૂજાનો અર્થ ચંદન પુષ્પ લઈ પૂજા નહિ પણ લક્ષ્યાર્થમાં પૂજા છે તે ભૂલી જાય છે સ્ત્રીપૂજક, પૈસાનો પૂજારી વગેરે શબ્દો આપણે કયાં નથી વાપરતા ? સસ્સુદેવા શબ્દ ટાંકી સાસુની પૂજા અર્થ નથી થતો એમ બતાવી શિશ્નદેવાઃ એટલે કામી માણસો અર્થ થાય, શિશ્નપૂજક નહિ એમ લખે છે. લક્ષ્યાર્થની વાત બાજૂએ મુકીએ તોપણ પુરાણોમાં લિંગપૂજાની ઉત્પત્તિ સ્પષ્ટ શિશ્નપૂજાથી થઈ છે એ જોયું. અને મોહેન્જોડેરો અને દક્ષિણમાં શિશ્નલિંગો આજે નીકળ્યાં છે એ બે વાત તરફ પ્રો. વિધુશેખરે કેમ જોયું નહિ હોય એ નવાઇ છે. મોહેન્જોડેરો ઉપરાંત સેલમ પાસે શેવરોય ટેકરીઓમાં neolithic age નાં શિશ્નલિંગો નીકળ્યાં છે. મદ્રાસ મ્યુઝિયમમાં Foote ના સંગ્રહમાં એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની માન્યતા ફેરવ્યા વગર ચાલે તેમ નથી.[131] અને પુરાણોનો એને ખાસ ટેકો છે. એ જ સિદ્ધ કરે છે કે આ બાબતમાં પુરાણોએ પ્રાચીનતમ પરંપરા જાળવી રાખી છે. ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ વાત બહુ અગત્યની છે. લિંગપૂજા પ્રથમ ગમે તે જાતિની હોય પણ હિંદમાં સિંધથી નર્મદા સુધીમાં એનું પ્રાચીન અસ્તિત્વ માલૂમ પડયું છે, અને ગૂજરાતના કિનારે એની મૂળ ઉત્પત્તિ થઇ હોય એવાં પ્રમાણ મળતાં જાય છે. ખંભાતનું ખરું નામ સ્કંભતીર્થ હતું અને સ્કંભ એટલે અથર્વવેદનો હિરણ્યવેતસદેવ. અને પુરાણોએ એને જ્યોતિર્મય

નોંધ છે. એમાં લખે છે neolithic age નાં માટીનાં શિશ્નલિંગો વડોદરા સ્ટેટમાં પણ નીકળ્યાં છે. પ્રોફેસર વિધુશેખરની માન્યતા ખરી નથી એ માટે આટલા પુરાવા બસ છે.

૧૩૧. એ જ પ્રમાણે ડો. આનંદશંકરભાઈ શિવ અને લિંગપૂજાને વેદી ઉપર રહેલા અગ્નિ સાથે જ માત્ર સરખાવી શિશ્નનો સંબંધ સ્વીકારતા નથી એ પણ યથાર્થ નથી. એમણે કરેલી સરખામણી અવશ્ય રસમય અને બુદ્ધિમાં ઊતરે એવી છે. त्रिधा बद्धो वृषभो ઇત્યાદિ વાકયથી વેદમાં અગ્નિ અને મહાદેવનું રૂપ એક છે એમ સિદ્ધ કરે છે. પરંતુ આ જાતનાં વાકયો અને સરખામણીઓ, વેદવાકયો અને વેદના દેવોના કુદરતી દેખાવો અને ખગોળના સિદ્ધાંતો સાથે પણ સરસ રીતે થતાં ઘણી વખત જોવામાં આવે છે. એ જ વેદવાકયોની અને સંસ્કૃત ભાષાની ખૂબી છે. नीललोहित શબ્દ ઉપર બોલતાં આચાર્યશ્રીએ આ વાત હમેશાં કહેલી છે. 'વસંત'ના એમના લેખના ઉતારા વિદ્વાનોએ કરેલા પણ છે. પરંતુ ઉપર જોયું તેમ એમાં વેદાર્થનું પુરાણોથી ઉપબૃંહણ કરેલું નથી. અને હાલ મળેલાં શિશ્નલિંગોનો મોટો પુરાવો છે. Pre-Aryam Elements in Indian Culture માં શ્રી અતુલ સુર તો લખે છે કે કોઇ પણ નવા દેવને અગ્નિમાં મેળવી દેવાની ઋગ્વેદના ધર્મની રીત છે. અગ્નિમાં ઐકય કરવાથી અનેક દેવને વેદમાં દાખલ કરવાનું સરળ થયું. એના દાખલા બ્રાહ્મણ સાહિત્યમાંથી આપ્યા છે. વેદમાં છૂટક દેવો હતા તે અગ્નિ અને રુદ્રમાં એકત્વ પામીને છેવટે એ બધું પૌરાણિક શૈવ ધર્મમાં એક થયું. (Ind. His. Quer. X 1934) આધારો માટે એ લેખ જોવો. દક્ષિણમાં તીનેવલી પાસે ટંકાસી ગામની પાધરે મેં પણ શિશ્નલિંગ જોયેલું છે, જેની નોંધ હજી કોઈ જગ્યાએ જોવામાં આવતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાલિંગનું રૂપ આપ્યું એ ધ્યાનમાં લઇએ તો આપણા પ્રાંતના કિનારા ઉપર એ પૂજાની પ્રાચીનતા સમજાય અને મોહેન્જોડેરોની પેઠે પાંચ હજાર વર્ષના પુરાવા ગૂજરાતમાંથી જો કે જડ્યા નથી પણ નર્મદા કિનારા સુધી એ સંસ્કૃતિની હદ છે એવો સર જહોન માર્શલનો મત યથાર્થ છે અને કદી એવા પુરાવા મળશે ત્યારે પુરાણોની વાત પાકી સિદ્ધ થશે.[૧૩૨] સોમનાથ અને હાટકેશ્વરના પૌરાણિક ઉલ્લેખો પણ ઘણા પ્રાચીન છે. હાટકેશ્વર પણ કદાચ લિંગપૂજા શિવ ધર્મના અંગ તરીકે પ્રચલિત થઈ તે સમયે પ્રથમ લિંગ હોય અગર કોઇ પણ સ્વરૂપની લિંગપૂજાનાં પ્રથમ સ્વરૂપનું પૌરાણિક રૂપ હોય એમ બની શકે. બ્રહ્માએ શિવને પ્રસન્ન કરવા એમના શિશ્નને એ જ આકારમાં સુવર્ણનું કરીને સ્થાપ્યું ને એ પૂજા શરૂ થઈ એ પુરાણનું વર્ણન બહુ સૂચક છે.[૧૩૩] હાટકેશ્વર આજે તો ગૂજરાતના નાગરોના ઇષ્ટદેવ છે, પરંતુ નાગોના ઇષ્ટદેવ શિવ છે અને હાટકેશ્વરની હમેશાં નાગેન્દ્રો પૂજા કરે છે એવા ઉલ્લેખો પણ પુરાણોમાં છે.[૧૩૪] આ બધી ચર્ચા લિંગપૂજાની ઉત્પત્તિ ગૂજરાતમાં થઇ એમ કહેવા માટે પૂરતી છે.

---

૧૩૨. ખંભાત–સ્તંભતીર્થ નહિ પણ સ્કંભતીર્થ, અને પુરાણમાં એને રુદ્રક્ષેત્ર કહેલું છે એ બધી ચર્ચા ખંભાતના ઇતિહાસનાં પરિશિષ્ટોમાં કહેલી છે. આપણા પ્રાંતના ધાર્મિક ઇતિહાસ માટે એ ઉલ્લેખ મહત્ત્વનો છે.

૧૩૩. સ્કંદપુરાણ નાગરખંડનો એ ઉલ્લેખ ખંભાતના ઇતિહાસમાં આપેલો છે. સ્કંદપુરાણ નાગરખંડ, કુમારિકાખંડ, પ્રભાસખંડ, પદ્મ પુરાણના ઉલ્લેખો, લિંગપુરાણ, વગેરેમાં એક જ વાત જુદે જુદે રૂપે કહેલી છે. હાટકેશ્વરક્ષેત્ર પાતાલમાં કહી, આનર્ત દેશમાં છે એમ પણ કહે છે. ખરો આનર્ત દેશ ક્યાં એ ચર્ચા પણ કરી છે.

૧૩૪. હાટકેશ્વરની પૂજા પ્રથમ નાગ લોકો કરતા હતા વગેરે ચર્ચા પણ એમાં કરી છે એના ઉલ્લેખો અહીં ટાંકવા જેવા છે. સ્કં. પુ. નાગર ખંડ–શિવે ત્યાગ કરેલા શિશ્નને બ્રહ્માએઃ–ततो हाटकमादाय तदाकारं पितामहः । कृत्वालिंगं स्वयं तत्र स्थापयामास हर्षितः ॥६३॥ मया ह्याद्यं त्विदं लिंगं हाटकेन विनिर्मितम् । ख्यातिं यास्यति सर्वत्र पाताले हाटकेश्वरम् ॥६४॥ આગળ ૪ થા અધ્યાયમાં એને आनर्तदेशमां લખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાશુપત મતના મૂળ સ્થાપક લકુલીશાચાર્ય ગૂજરાતના

એ પછી પાશુપતાચાર્ય લકુલીશે એમનો સંપ્રદાય સ્થાપ્યો. એનું જોર ગૂજરાત, મારવાડ, મેવાડ, માળવા અને દક્ષિણમાં ખૂબ વધ્યું. સોલંકી સમયમાં એ ધર્મને રાજ્ય તરફથી બહુ માન હતું વગેરે વાતો ધ્યાનમાં લેવા જેવી છે અને એ લકુલીશ પાશુપતાચાર્ય શિવના અવતાર રૂપે લાટ દેશમાં નર્મદા કિનારે કારાવણ–કાયાવરોહણમાં જન્મ્યા હતા એ ગૂજરાતના ધાર્મિક ઇતિહાસમાં મોટા ગૌરવની વાત છે. નર્મદા શૈવોને ગંગા જેટલી પવિત્ર છે અને નર્મદાના કંકર એટલા શંકર એ માન્યતા શૈવોની આપણી ભૂમિ ઉપર કેટલી સત્તા હશે એ સિદ્ધ કરે છે.[૧૩૫]

શ્રી માનશંકરભાઇ નાગરોત્પત્તિના લેખમાં હાટકેશ્વર મૂળ નાગ લોકોના દેવ, પાછળથી નાગરોએ લીધા અને પાતાળમાંથી વડનગરમાં આવ્યા એટલું કબૂલે છે. પરંતુ નાગ અને નાગરનો સંબંધ શો તે નથી લખતા અને વડનગર બાબત પોતાના વિચારો પછીથી બદલેલા છે. ડૉ. ભાંડારકરનો મત આ બાબતમાં યોગ્ય નથી. સ્કં. પુ. કુમારિકા ખંડમાં હાટકેશ્વરના ઉલ્લેખમાં લખે છે કેઃ—तच्चार्चयंति तल्लिंगं नानानागेंद्रसत्तमाः ॥ એમાં હાટકેશ્વરની પૂજા નાગો કરે છે એમ કહે છે. લિંગપુરાણમાં હેમલિંગની સ્તુતિ કરીને પંચતત્ત્વનાં લિંગ બોલીને પછી કહે છે કેઃ– सारस्वतीयमेघाय मेघवाहन ते नमः । नमो भगवते तुभ्यं नागानां पतये नमः ॥ એ રીતે શિવને નાગોના પતિ કહ્યા છે. અને મેઘ તથા સારસ્વત નામ પણ સૂચક છે. દ્વારકાં આનર્તદેશની રાજધાની, એ પ્રભાસ પાસે. પ્રભાસ સ્કંભતીર્થ અને હાટકેશ્વર ક્ષેત્ર માટેની લગભગ એક સરખી પરંપરાઓ, ખંભાતનું રુદ્રક્ષેત્ર નામ, અસલ હાટકેશ્વર ક્ષેત્રનું લુપ્ત થઈ ગુપ્ત ક્ષેત્ર થવું. એ નાગોના દેવના ઉલ્લેખો અને હાટકેશ્વર નાગરોના ઇષ્ટદેવ. આ બધી વાતો શિવ અને લિંગપૂજા ગૂજરાતની ભૂમિ, અને નાગજાતિ તથા નાગરો, એ બધાની ઐતિહાસિક મહત્તા ઉપર પ્રકાશ નાંખે છે.

૧૩૫. શ્રી અતુલ સુરે આગળ ઉલ્લેખેલા લેખમાં ચતુરંગ ચિંતામણિ અને યાજ્ઞવલ્કયના આધારે નર્મદાનું શૈવકાળમાં મહત્ત્વ લખેલું છે અને નર્મદામાંથી જડેલા લિંગની પૂજાથી મોક્ષ મળે છે એવો મત ટાંકયો છે. બાણલિંગનું મહત્ત્વ કહેતાં નર્મદામાં કરોડો લિંગો રહેવાનું લખ્યું છે. પાશુપત ધર્મને લીધે એ વાતો ચાલી હશે. સોલંકી સમયમાં પાશુપતોનું જોર કેટલું હતું અને સોમનાથમાં મોટું થાણું હતું એ વાત પ્રસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૌરાણિક શૈવ ધર્મ અને એની સાદાઈ

આ પ્રમાણે ગૂજરાતમાં ઉદ્‌ભવ થયેલો પાશુપત મત હિંદુ સમય પછી ગૂજરાતમાંથી અસ્ત થયો. પૌરાણિક શૈવ ધર્મ પણ એ સમયે ચાલતો હતો અને એ કોઇ સંપ્રદાયના ટેકા વગર ચાલુ રહ્યો અને આજે પણ ચાલે છે, અને એનું કારણ એની સાદાઈમાં રહેલી એની મહત્તા છે.[૧૩૬] લિંગપૂજામાંથી શિશ્નનો આકાર ભાર શિવ નાગ મહારાજ્યના સમયમાં નીકળી ગયો અને (Conventional) સાદું લંબ ગોળાકાર લિંગ દાખલ થયું. સોમનાથનું લિંગ સાડા પાંચ હાથ એટલે આઠ ફીટ ઊંચું હતું એમ અલ્બરૂની કહે છે. મુખ લિંગ પણ થતાં હતાં.[૧૩૭] ત્રણ ચાર અને પાંચ મુખની શિવ મૂર્તિઓના ઉલ્લેખો આવે છે. ત્રિમૂર્તિમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કહેવાય છે, પરંતુ એકલા શિવની ત્રણ મસ્તકની મૂર્તિઓ મળેલી છે.[૧૩૮] શૈવ ધર્મના કેટલાક પેટા સંપ્રદાયો પણ હતા અને કેટલાક એમના શાંત શિવ સ્વરૂપને બદલે ભયાનક રુદ્ર સ્વરૂપના પણ હતા. એમના વર્ણનની અહીં જરૂર નથી. પૌરાણિક શૈવધર્મ ગૂજરાતમાં લોકપ્રિય અને વ્યાપક બન્યો તે સાથે શાંતિપ્રિય ગૂજરાતે દરેક સંપ્રદાયમાંથી ઉગ્ર તત્ત્વને દૂર કર્યું તેમ શૈવધર્મમાંથી પણ કર્યું. ગૂજરાતના ધર્મોના આંકડા ૧૮૭૨ના, મુંબાઈ ગેઝેટિયરમાં આપ્યા

---

૧૩૬. રુદ્ર શબ્દનો અર્થ લાલ રંગ અને તામીલ ભાષામાં શિવ શબ્દનો અર્થ પણ લાલ રંગ એ બહુ સૂચક છે. દ્રાવિડી અસર પણ પૌરાણિક શિવપૂજામાં મિશ્રણ પામી હોય. રુદ્રનું સ્વરૂપ ભયાનક છે અને ભૈરવ વગેરે તેને મળતા છે. શિવ સૌમ્ય અને શાંત છે. દક્ષિણમાં શિવનાં રુદ્ર સ્વરૂપો કવચિત્ દેખાય છે. પરન્તુ ગૂજરાતે શાંત સ્વરૂપ રાખ્યું. ભૈરવની પૂજા ગૂજરાતમાં કવચિત્ છે ખરી. વૈદિક અને પૌરાણિક શૈવધર્મના વર્ણન માટે શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો શૈવધર્મનો ઇતિહાસ જોવો.

૧૩૭. ભીટા અને રાણીગુંટા પાસે મુખલિંગવાળાં મંદિરો છે. એવાં ઘણાં હવે મળતાં જાય છે. રાણીગુંટા પાસેનું લિંગ શિશ્નાકાર છે. ગોપીનાથ રાવનો પ્રતિમાવિધાનનો ગ્રંથ આ માટે જુઓ.

૧૩૮. દેવાંગણમાં ત્રિમૂર્તિ શિવની જ છે. ચાર મુખનાં ઘણાં લિંગોના ઉલ્લેખો પુરાણોમાં છે, અને મંદિરોમાં એવાં લિંગો આજે પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે પરંતુ એમાં વૈષ્ણવધર્મના અનુયાયીઓ શૈવો કરતાં વધારે માલૂમ પડે છે. એની ચર્ચા આગળ કરીશું. પરંતુ એમાં આશરે અડધી સંખ્યા એવી રીતે આપેલી છે કે જેમના ધર્મ કયા તે નક્કી ખબર પડી નથી. કોળી, વાઘરી, ભીલ વગેરે મૂળ વતનીના ધર્મને બાદ કરતાં, આજે પણ ગામડાંના અજ્ઞાન લોકોને ધર્મ પૂછીશું તો કાંઈ ચોખ્ખો જવાબ આપી શકશે નહિ. એ લોકો બધા દેવોને સરખું માન આપે છે. આમ છતાં ગમે તે દેવના મંદિરને 'મહાદેવ' કહે છે એવા દાખલા પણ જોયા છે.[૧૩૯] દરેક ગામડામાં રામ કે કૃષ્ણનું મંદિર છે અને એમાં મોટે ભાગે વાણિયા અને કાંઈક અંશે બીજા જાય છે. તેવી જ રીતે દરેક ગામડામાં મહાદેવનું મંદિર પણ હોય છે અને તેમાં બધા જ જાય છે. શિવ લોટા પાણીથી પ્રસન્ન થાય છે. ગૂજરાતના આજના શૈવધર્મનું ખાસ મહત્ત્વનું અંગ એની પૂજાવિધિની સાદાઈમાં છે. દક્ષિણના શૈવ સંપ્રદાય કરતાં પણ એમાં સાદાઈ છે. શૈવ મંદિર હંમેશ ખુલ્લું છે. ગૂજરાતમાં તો દક્ષિણની પેઠે એને ઠાઠ પણ નથી.[૧૪૦] એના અન્નકૂટના ઉત્સવો પણ નથી. છતાં પૌરાણિક શૈવ ધર્મે સમાજને ઘણા સુંદર આદર્શો આપ્યા છે. સંસ્કૃત કવિઓએ તો એમાંથી ખૂબ જ પ્રેરણા લીધી છે. શિવ-પાર્વતીના દિવ્ય યુગલનું આદર્શ આજે આખો દેશ પૂજે છે. અને ગૂજરાતમાં તો એ આદર્શની પૂજામાં સાંપ્રદાયિક ભેદ પણ ભુલાય છે.

---

૧૩૯. આજે પણ કયો ધર્મ એ બરોબર ન કહી શકનારા નિરક્ષર લોકો ગામડામાં મળે છે. મહુડી ખડાત ગામમાં કોટયર્કના પ્રાચીન મંદિરને "મહુડીના મહાદેવ" એમ ગઈ સદીના અંતમાં અને આ સદીની શરૂઆતમાં ગામડાના લોકો કહેતા એ સાંભળેલું છે. તો પછી ૧૮૭૨ ની વસ્તી વખતે લગભગ પોણી સદી પહેલાં ધર્મ નોંધાવવામાં લોકો ચોક્કસ હોય એમ કેમ મનાય ? ચોક્કસ વાણિયા જાતિ પોતાનો વૈષ્ણવ કે જૈન ધર્મ લખાવે. પરંતુ શૈવ ધર્મ કાંઈક ભણેલો બ્રાહ્મણ વર્ગ લખાવે કે ક્ષત્રિય લખાવે. પરંતુ ઘણા નિરક્ષર ગામડિયા ન સમજે કે ન લખાવે એ બનવાજોગ છે.

૧૪૦. દક્ષિણમાં દરેક ધર્મના વરઘોડા નીકળે છે તેમાં શિવના પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવપુત્ર કાર્તિકેયની પૂજા

શૈવધર્મના મિશ્રણ તરીકે ગણો કે એના અંગ તરીકે ગણો તે શિવપૂત્ર કાર્તિકેયની પૂજા. આ પૂજા આજે ગૂજરાતમાંથી અદશ્ય થઈ છે. પરંતુ પહેલાં એ પૂજા હશે એમ માનવાનાં કારણ છે. સોલંકી સમયમાં સ્કંદના મંદિરનો ઉલ્લેખ મળ્યો છે.[૧૪૧] સ્કંદપૂજાના સંપ્રદાયનું ગૂજરાતમાં બહુ જોર હોય એવું દેખાતું નથી. દક્ષિણમાં દ્રાવિડ દેશમાં તો એ એક મુખ્ય ધર્મ જેવો છે. ગૂજરાતમાં સ્ત્રીથી કાર્તિકેયનાં દર્શન ન થાય અને એ દેવે કૌમાર ધારણ કરેલું છે એવી માન્યતા છે. પરંતુ દ્રાવિડ દેશમાં એ દેવનાં દર્શન સ્ત્રીઓ પણ કરી શકે છે અને દેવને બે સ્ત્રીઓ છે. કાર્તિકેયની પૂજા મહાભારતના ત્રીજા થરના સમયથી શરૂ થઈ હોય એમ લાગે છે. અને એ કોઈ સંપ્રદાય હોય અને સ્કંદને શિવપુત્ર તરીકે સ્વીકારી શૈવધર્મમાં એની પૂજાને ગણવાનો પ્રયત્ન થયો હોય એમ સમજાય છે.[૧૪૨]

નીકળે છે. ત્યાં નટરાજ વગેરે શિવ મૂર્તિઓ પુજાય છે. ગૂજરાતમાં લિંગ-પૂજા જ આજે દેખાય છે. ગૂજરાતમાં માત્ર નાગરો હાટકેશ્વરનો અને મેવાડા એકલિંગજીનો વરઘોડો કાઢે છે એ બહુ સૂચક છે.

૧૪૧. હેમચંદ્રાચાર્ય દ્વયાશ્રયમાં લખે છે કે જૂના રાજાઓએ પાટણમાં અર્હત્, વિષ્ણુ, શિવ, સૂર્ય, સોમ, અને કાર્તિકેયનાં મંદિરો બંધાવ્યાં હતાં.

૧૪૨ ખંભાતના ઇતિહાસમાં પૃ. ૨૧૧-૧૩ માં આ ચર્ચા કરી છે. હિંદુ પ્રતિમાવિધાનના લેખક ગોપીનાથરાવ પણ સ્કંદની ઉત્પત્તિની ભિન્ન ભિન્ન પ્રણાલિકાઓને લીધે એનું મૂળ ગૂંચવણવાળું છે એમ કબૂલ કરે છે. દ્રાવિડ દેશમાં એને સુબ્રહ્મણ્ય પણ કહે છે અને મૈસૂર દેશમાં સુબ્રહ્મણ્ય પર્વત અને એ જ નામનું નાગનું મંદિર પણ છે. આ જોતાં સુબ્રહ્મણ્ય સહસ્રનામમાં સ્કંદનાં ભોગીશ્વર, મહોરગ, સર્પરાજ, ઉરગેશ્વર, પન્નગ, વગેરે નામો નાગ સાથેનો કોઈ સંબંધ વ્યક્ત કરે છે. શિવનો નાગ સાથેનો સંબંધ જોયો પરંતુ શિવનાં નામોમાં એવાં નામ નથી. સ્કંદપુરાણ-કુમારિકા ખંડમાં આ શ્લોક ધ્યાનમાં લેવા જેવો છેઃ—पुरा किल गुहो विद्वान् पुण्ये सारस्वते तटे । भूतप्रेतपिशाचानां चाधिराज्येभ्यषिच्चयत ॥ स च सर्वाणि भूतानि मर्यादामवधारयत् ॥ અ. ૪૭ ॥ ભૂતપિશાચ એ અનાર્યો એ હવે કહેવાની જરૂર નથી. સારસ્વત તટનું સાનિધ્ય આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણેશ

એ જ પ્રમાણે કાર્તિકેયના ભાઈ અને શિવના પુત્ર ગણપતિની પૂજા દરેક ધર્મવાળા પ્રથમ જ કરે છે. એમાં મતભેદ જેવું નથી અને એ રીતે એ સાંપ્રદાયિક પણ નથી. દ્રાવિડ દેશમાં ગણપતિને કૌમાર વ્રતવાળા ગણે છે. અને એમનાં સ્વયંપ્રધાન મંદિરો છે જ્યારે ગૂજરાતમાં સ્વયંપ્રધાન મંદિરોને બદલે અન્ય દેવમંદિરોમાં ગણેશને એક ગોખમાં હનુમાનની સામે બેસાડવામાં આવે છે. દક્ષિણમાં શ્રાવણમાં આવતી ગણેશ ચતુર્થીનો ખૂબ મહિમા છે એવો ગૂજરાતમાં નથી, અને એ દેવને વિઘ્નેશ તરીકે ગૂજરાત પ્રથમ પૂજે છે છતાં એ શિવપુત્રનું સ્થાન દક્ષિણ જેવું ગૂજરાતમાં નથી.[૧૪૩] ઇલોરાના એક શિલ્પમાં શિવપાર્વતીના લગ્નમાં ગણેશ અને સ્કંદને બેસાડયા છે. આ વિચિત્રતા બતાવી આપે છે કે એ બન્નેને અનાદિ દેવો ગણ્યા. કદાચ એ બન્નેની કોઈ પૂજાને શૈવધર્મમાં ગણવાનો પ્રયત્ન થયો હોય.

દેવીપૂજા

દેવીપૂજાનો વિષય ઘણો ગહન છે અને એનું લંબાણ અહીં થઈ શકે તેમ નથી. ગૂજરાતમાં અંબાભવાની, કાલીમાતા, બાલાદેવી-બહુચરાજીનાં પીઠ પ્રાચીન છે અને દેવીપૂજા શાક્ત સંપ્રદાયના અનુયાયીઓએ સાંપ્રદાયિક માન્યા છતાં ગૂજરાતમાં એ પીઠો સંપ્રદાયિક નથી અને બધા સંપ્રદાયવાળા એમનાં દર્શને જાય છે. ઘણા

ભૂમિમાં એ પણ જોયું. સ્કંદપુરાણ બૃહન્નારદીયપુરાણનો ઉતારો છે તેમાં માહેશ્વર ધર્મનો સ્કંદે પ્રચાર કર્યો એમ લખે છે. આ બાબતની ઐતિહાસિકતા ઉપર વધારે શોધની જરૂર છે. આજે નથી છતાં સ્કંદપૂજાનો કાંઈ સંબંધ ગૂજરાત સાથે પહેલાં હશે અને શૈવધર્મે કરેલાં મિશ્રણોમાં કોઇ પંથ મળ્યો હોય એવું સૂચન પણ મળે છે.

૧૪૩. ગણપતિનાં સ્વયંપ્રધાન મન્દિર આજે ખાસ દેખાતાં નથી. પરંતુ એવાં મન્દિરનો ઉલ્લેખ કાવ્યાનુશાસનમાં આપેલા અંગ્રેજી ઇતિહાસમાં રસિકલાલભાઇએ પૃ. CLXXVI કર્યો છે. ગણપતિની ઐતિહાસિકતા ઠરાવતો એક રસમય લેખ પ્રો. આઠવલેએ પુરાતત્ત્વમાં લખ્યો છે. રસ હોય એમણે એ જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીનકાળમાં દેવીપૂજા બીજા દરેક સંપ્રદાયથી સ્વતંત્ર પણ હતી. અને સતી તથા વીર સ્ત્રીની પૂજા દેવી તરીકે થયાના દાખલા પણ મળે છે. ગૂજરાતમાં ખોડિયાર વગેરે ઘણી માતાઓના રસમય ઇતિહાસ છે. લક્ષ્મી અને સરસ્વતીની પૂજાઓ પણ થાય છે પણ સરસ્વતીનું ખાસ મંદિર નથી એ નવાઇ છે. સામાન્ય માન્યતામાં બધી દેવીઓ શિવની મહાશક્તિ પાર્વતીના સ્વરૂપો છે. પ્રાચીનકાળમાં સ્વતંત્ર દેવીપૂજાઓને એક કરવામાં શિવપત્ની તરીકે દેવીને ગણવામાં શૈવધર્મે એ મિશ્રણ સાધ્યું હોય એ બનવાજોગ છે. તાંત્રિકોનું જોર વધ્યું એ અરસામાં દેવીનો ભિન્ન સંપ્રદાય થયો હશે. પરંતુ આજે એનું ગૂજરાતમાં જોર નથી.[૧૪૪] શિવ અને વિષ્ણુની પૂજાની પેઠે દેવીપૂજાના ઇતિહાસ માટે પણ જુદો ગ્રંથ લખાય એટલી સામગ્રી છે. એમાં થયેલાં મિશ્રણો અદ્‌ભુત છે. બૌદ્ધો તાંત્રિકવાદમાં પડ્યા હતા ત્યારે એમની પૂજામાંથી તારાદેવી બ્રાહ્મણોની પૂજામાં દાખલ થઈ અને એનો મહાચીનમાં ગયેલા બુદ્ધ ભગવાન સાથેનો સંબંધ, વેદમાં એ માન્ય નથી અને વસિષ્ઠને નામે એની આરાધના બ્રાહ્મણ ધર્મમાં આવ્યાનો ઉલ્લેખ વગેરે રસમય વાતો રુદ્રયામલ, મહાચીનાચાર તંત્ર બ્રહ્મ યામલ વગેરે તંત્રોને

---

૧૪૪. ભૂમિમાતાના કોઈ સ્વરૂપ જેવી દેવીપૂજા મોહેન્જોડેરોમાં મળી છે. દેવીપૂજા મૂળ આર્યેતર છે અને આર્યો સ્ત્રીને દેવતા તરીકે નથી માનતા અને ઉષા વગેરે પણ આર્યેતર દેવીઓ વેદમાં લીધી છે એવો મત છે. બેનરજી શાસ્ત્રીનો એ મત છે. અતુલ સુર આગળ ઉલ્લેખેલા લેખમાં કહે છે કે (મહાભારત XII 225–228 ને આધારે) દેવી પહેલાં દાનવો પાસે રહેતી હતી પછી દેવો પાસે આવી. એ પૂને you Non-Aryan કહે છે. શૈવોએ એ ધર્મનું મિશ્રણ કર્યું અને પૌરાણિક કાળમાં વિષ્ણુની લક્ષ્મી અને બ્રહ્માની બ્રહ્માણી પણ થઈ. સરસ્વતી પણ કોઈ મતે થઇ અને સરસ્વતી નદીનું વાચા દેવી અધ્યારોપણ થયું. છેવટે પરમ પુરુષની આદ્ય-શક્તિ થઈ. દરેક મતમાં તંત્રવાદે પ્રવેશ કર્યો અને ન્યાસ, ધ્યાન, બીજાક્ષરો વગેરેનો પૂજામાં પ્રચાર થયો. પરંતુ એ સૌથી વધારે દેવીનાં મતમાં થયો. તંત્રોમાં દેવીનાં શ્રીચક્ર વગેરે ચક્રોની પૂજા પણ શરૂ થઈ. આ બધા માટે ઘણા આધારગ્રન્થો છે. ગૂજરાતમાં દી. બા. નર્મદાશંકરનો શાક્તસંપ્રદાયનો ગ્રંથ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધારે પ્રો. વિશ્વનાથે આપ્યો છે તે આ વિષયના અભ્યાસીએ જોવા જેવો છે. માતાની પૂજાનું, આપણા સર્વશ્રેષ્ઠ ગણાતા સમાજમાં તેમ જ હલકામાં હલકી અને નિરક્ષર ગણાતી જ્ઞાતિઓમાં અને ઘરમાં કુલાચાર તરીકે થતી પૂજાઓ પણ ઇતિહાસમાં રસમય પ્રકરણ ઉમેરે છે. શુભ પ્રસંગે સૂર્યપત્ની રાંદલની ઘેર ઘેર સર્વે વર્ણોમાં થતી પૂજા, સૂર્યપૂજા સાથેનો અને એ પૂજા કરતી ગુર્જર જેવી જાતિઓનો અંતર્ગત સંબંધ પણ વ્યક્ત કરે છે. વામ અને દક્ષિણ માર્ગની દેવીપૂજાઓમાં ગૂજરાત સૌમ્ય દક્ષિણ માર્ગમાં જ રહ્યું છે એ ઉગ્ર પૂજાઓ આપણા સમાજને પસંદ નથી એ સિદ્ધ કરે છે. કાલી ગૂજરાતમાં ભદ્રકાલી થઇ ગઈ છે.

સૂર્યપૂજા

સૂર્યપૂજા એ ગૂજરાતની એક ખાસ વિશેષતા છે અને એક વખતે આખા ગૂજરાતમાં સૂર્યપૂજકોનું સારું જોર હોય એમ લાગે છે. ગૂજરાતને પોતાનું નામ આપનારા ગુર્જરો સૂર્યપૂજક હતા. કાઠિયાવાડમાં આજે કાઠીઓ સૂર્યપૂજક ગણાય છે. કાશ્મીરથી ગૂજરાત સુધીના ભાગમાં એક વખત સૂર્યપૂજાનું જોર હતું. ગૂજરાતમાં મોઢેરાનું સૂર્યમંદિર અલૌકિક કારીગરીનું હતું અને કાઠિયાવાડ ગૂજરાત અને મારવાડમાં સૂર્યમંદિરોના ઉલ્લેખો સારી રીતે મળે છે. પુરાણોમાં સૂર્યપૂજાના ઘણા ઉલ્લેખો ગૂજરાતની ભૂમિને ઉદ્દેશીને આપેલા છે. સ્કંદપુરાણમાં નાગરખંડમાં શૈવ ઉલ્લેખોની સાથે આદિત્યના ઉલ્લેખો એવું સૂચન કરે છે કે શૈવ અને સૂર્યપૂજાના સંપ્રદાયનું સારું જોર હશે અને શૈવોએ સૂર્યપૂજાને પોતાનામાં સમાવવામાં સારો પ્રયત્ન પણ કર્યો હશે. જો કે વૈષ્ણવધર્મમાં સૂર્યપૂજા મળી ગઇ હોય એમ આજે દેખાય છે. હિંદુ પ્રતિમાવિધાન ઉપર આધારભૂત મોટો ગ્રંથ લખનાર શ્રી ગોપીનાથરાવ એમ માને છે કે સૂર્યપૂજા દ્રાવિડ દેશમાં કાર્તિકેયની પૂજા સાથે મળી ગઈ છે. આમ પશ્ચિમ હિંદમાં એક સમયે વ્યાપક સૂર્યપૂજા શૈવ, વૈષ્ણવ અને સ્કંદના સંપ્રદાયોમાં મળી ગઈ છે. સાબરમતીના કિનારે સૂર્યપૂજા ખૂબ હોય એવા ઉલ્લેખો પણ મળે છે. સૂર્યપત્ની રાંદલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજા આપણા પ્રાંતની ખાસ વિશેષતા છે. એને ઘેર ઘેર બધા લોક પૂજે છે. સુરત જિલ્લામાં એનું મંદિર પણ છે. આવી પ્રાચીન સમયની સારા પ્રમાણમાં પ્રચલિત પૂજાઓ આજે છેક ઓછી કે અદૃશ્ય થઈ ગઇ છે એનું મુખ્ય કારણ સામાન્ય લોકસમૂહને આકર્ષવા જેવાં કર્મકાંડ અને પ્રણાલિકા એમનામાં નહોતા એમ લાગે છે.૧૪૫

વિષ્ણુપૂજા

વૈષ્ણવધર્મ ઘણો પ્રાચીન છે. રુદ્રની પેઠે વિષ્ણુના દેવ તરીકે ઉલ્લેખો વેદમાં પણ મળે છે. રુદ્ર ભય પમાડે એવી તો વિષ્ણુ પાલન કરે એવી શક્તિ તરીકે એ ઉલ્લેખો વ્યક્ત કરે છે. મહાભારત લખાયું તે સમયથી ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવનું વિષ્ણુ અને નારાયણમાં તાદાત્મ્ય થઈ ગયું અને એ રીતે પૌરાણિક વૈષ્ણવધર્મ પ્રચારમાં આવ્યો. સેવા અને ભક્તિ એ વૈષ્ણવધર્મનાં મુખ્ય તત્ત્વો છે, અને મનુષ્યહૃદયની લાગણીઓને એ વધારે આકર્ષે છે. કવિ-

૧૪૫. સૂર્યપૂજા આજે કાઠીઓમાં છે. હિંદુરાજ્યના અંત સુધી ગૂજરાતમાં એ બહુ વ્યાપક હતી. ગુર્જરો, હૂણો સૂર્યપૂજક હતા અને લગ્ન વખતે એમના સૂર્યપૂજાના રિવાજો ધ્યાનમાં લેવા જેવા છે. જુઓ મુંબઇ ગેઝેટિયર હિન્દુ વસ્તીના ગ્રંથમાં આ બાબત ૪૭૬, ૪૮૭. અજમેરના મેર ગુર્જર છે અને એમની સૂર્યપૂજા માટે પૃ. ૪૯૩ માં ઉલ્લેખ કર્યા છે. સૂર્યની મૂર્તિ એ આજે ગૂજરાતી શિલ્પની વિશેષતા છે. પુરાણોમાં સાબરમતીને કિનારે સૂર્યનાં સ્થાનકોના અને ભાણપુર નામે ગામોના ઉલ્લેખો એ સૂચન કરે છે. નાગરખંડમાં શિવ અને સૂર્યપૂજાના મિશ્રણનાં સૂચનો ખૂબ મળે છે. પરંતુ પાછળથી સૂર્યને નારાયણ કહીને વિષ્ણુપૂજામાં મેળવવાનો પ્રયત્ન પણ થયો છે. ખડાયતાના દેવ કોટચર્કને વિષ્ણુ કહેવાનો પ્રયત્ન થયો છે. સૂર્ય અને રાંદલની પૂજા માટે ફાર્બસ સભાના ત્રૈમાસિકમાં શ્રી માંકડનો લેખ જુઓ. રાંદલની પૂજા આજે સાંપ્રદાયિક ભેદ વગર ગૂજરાતમાં શુભ પ્રસંગે ઘેર ઘેર થાય છે અને એના ઘોડા લેવા સ્ત્રીઓ કુંભારને ત્યાં જાય છે. સૂર્યપત્નીની આ જુદી પૂજા આપણા પ્રાંતમાં હાલ બહુ નથી પણ પહેલાં સૂર્યપૂજાનું ખૂબ જોર હશે એમ સૂચવે છે. ગુર્જરોનાં દેવનું જોર ગુર્જર નામની જાતિ ન હોવા છતાં ગૂજરાતમાં આમ ન દેખાય તેવું પણ આજે છે એ બહુ સૂચક છે. સૂર્યપૂજા વેદમાં છે પણ પરદેશથી તેની મૂર્તિની પૂજા આવી હશે એમ પણ મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓએ અને સંતોએ, ભગવાન વિષ્ણુની કીર્તિ, અને દુષ્ટોનો વિનાશ કરીને સાધુનું પરિત્રાણ કરી ધર્મની સંસ્થાપના કરનારા અવતારોનાં વર્ણનો પુરાણ વગેરે સાહિત્યે એટલા ભાવથી ગાયાં છે કે વૈષ્ણવ-ધર્મ તરફ લોક સમુદાય વધારે આકર્ષાયો છે; અને બૌદ્ધ તથા શૈવ ધર્મો કરતાં રાજસત્તાનો ટેકો વૈષ્ણવધર્મને પ્રમાણમાં ઓછો મળ્યો છે છતાં સમાજમાં વૈષ્ણવ સંપ્રદાયો અને પૌરાણિક વૈષ્ણવ ધર્મ વધારે પ્રમાણમાં દેખાય છે. ગૂજરાતમાં ગુપ્ત સમયમાં વિષ્ણુ-મંદિરનો ઉલ્લેખ મળે છે અને તે પછી પણ બીજા ઉલ્લેખો મળે છે. દ્વારકા શ્રીકૃષ્ણનું ધામ છે છતાં એ વૈષ્ણવ મહાતીર્થ તરીકે બહુ મોડું પ્રસિદ્ધિમાં આવ્યું છે. અને દ્વારકાધીશનું અને ડાકોરમાં રણછોડરાયનું ધામ પૌરાણિક વૈષ્ણવધર્મનું છે અને કોઈ જુદા સંપ્રદાયનું નથી.

સોળમી સદીમાં પુષ્ટિમાર્ગની સ્થાપના થઈ અને શ્રીવલ્લભા-ચાર્ય મહાપ્રભુજીનો વૈષ્ણવ સંપ્રદાય શરૂ થયો ત્યારથી મેવાડ અને ગૂજરાતમાં એ સંપ્રદાયનું ખૂબ જોર છે. એ પહેલાં રામાનંદી અને રામાનુજી વગેરે સંપ્રદાયો પણ સારા પ્રમાણમાં પ્રચલિત હતા. એકંદરે ગૂજરાતમાં વૈષ્ણવધર્મે સામાન્ય લોક સમુદાયના હૃદયમાં સારો વાસ કરેલો છે, અને લોકોને ભક્તિમાર્ગમાં દોર્યા છે. પરંતુ શ્રી વલ્લભાચાર્યના વૈષ્ણવ સંપ્રદાયે ગૂજરાતી પ્રજાનું મન સૌથી વધારે આકર્ષ્યું. ભક્તિ હમેશાં માણસના હૃદયને સ્પર્શ કરે છે અને તેમાં પણ કીર્તનભક્તિ શ્રેષ્ઠ છે. પુષ્ટિમાર્ગે કીર્તન ભક્તિને સારું ઉત્તેજન આપ્યું. દેહને તે દેવને એ સિદ્ધાંત ઉપર સેવા અને ભક્તિના માર્ગની રચના એ સંપ્રદાયમાં થવાથી પૂજાવિધિઓમાં માણસનું મન સારા પ્રમાણમાં રોકાવા લાગ્યું; અને શાંતિપ્રિય વેપારી પ્રજાને એ સંપ્રદાય મનમાં સારી રીતે ઊતરી ગયો. ગૂજરાતમાં આજે વૈષ્ણવધર્મના પર્યાય જેવો એ સંપ્રદાય બની ગયો છે.[૧૪૬]

---

૧૪૬. શૈવધર્મને નાગ ભારશિવ મહારાજ્યના સમયમાં અને તે પછી છેક સોલંકી સમય સુધી રાજસત્તાનો ટેકો હતો અને વૈષ્ણવધર્મને પ્રમાણમાં એવો ટેકો જરા ઓછો હતો છતાં પ્રજાને એ વધારે ફાવી ગયો એ માટે શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીકૃત વૈષ્ણવધર્મનો ઇતિહાસ ખાસ વાંચવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામચંદ્રની પૂજા

વૈષ્ણવધર્મના અંગ તરીકે રામચંદ્રજીની પૂજાને ભુલાય નહિ. જો કે ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણની પૂજા જેટલું રામપૂજાનું સ્થાન આપણા ધાર્મિક ઇતિહાસમાં પ્રાચીન નથી એવી આપણા ઇતિહાસ અને પુરાણોના વિષયના વિદ્વાન રા. દુર્ગાશંકર શાસ્ત્રીજીની માન્યતા ખરી છે. વિષ્ણુના અવતાર તરીકે જ પ્રથમ રામની પૂજા થતી હતી, પરંતુ પાછળથી રામચંદ્રમાં પરમાત્માની ભાવના ઉત્પન્ન થઇ અને આજે રામ શબ્દ પરમેશ્વરનો પર્યાય થઇ ગયો, અને કોઇ પણ સંપ્રદાયના અનુયાયીઓ રામને ભજવામાં વાંધો ગણતા નથી.[૧૪૭] બીજા અવતારોમાં નૃસિંહપૂજા દેખાય છે. વરાહપૂજાના ઉલ્લેખો પણ મળે છે.[૧૪૮]

હનુમાનની પૂજા

ભગવાન રામચંદ્રની પૂજામાં બીજી મહત્ત્વની વાત એ છે કે એમના દાસ તરીકે હનુમાનની પૂજા આખા દેશમાં વ્યાપક થયેલી છે, અને હનુમાનનાં સ્વયંપ્રધાન મંદિરો પણ છે. બીજા કોઇ પણ દેવના દાસની આ પ્રમાણે સ્વયંપ્રધાન મંદિરોમાં આખા દેશમાં પૂજા થયાનું જાણવામાં નથી. શિવના નંદીની પૂજા સ્વતંત્ર થાય છે ખરી પણ તે માત્ર કર્ણાટકમાં બસવાચાર્યે શરૂ કરેલી છે. હનુમાન-પૂજાનું મહત્ત્વ કયા સમયમાં વધ્યું તે કહેવું મુસ્કેલ છે, પરંતુ દ્રાવિડ અને મહારાષ્ટ્રના ભાગોમાંથી એ પૂજાનું માહાત્મ્ય વધ્યું હશે. ગૂજ-

---

જેવો છે. ગૂજરાતમાં એનો પ્રચાર, સંપ્રદાયો અને સાહિત્ય ઉપર અસર એનું વિસ્તૃત વિવેચન એમણે કર્યું છે. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો સંપ્રદાય આજે ગૂજરાતમાં ખાસ છે અને એ માટે શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો 'શ્રીવલ્લભાચાર્યનું જીવનચરિત્ર' એ ગ્રંથ જોવો.

૧૪૭. ઉપર કહેલા દુર્ગાશંકર શાસ્ત્રીના ગ્રંથમાં પૃ. ૧૫૭–૫૯ માં આ ચર્ચા આધાર સાથે કરી છે.

૧૪૮. અવતારોમાં આજે તો રામ અને કૃષ્ણને બાદ કરતાં ગૂજરાતમાં ખાસ મહત્ત્વનાં મન્દિરો નથી. નૃસિંહનાં મન્દિરો છે. પણ એનું માહાત્મ્ય દ્રાવિડ દેશ જેટલું મોટું નથી. વરાહપૂજા પહેલાં હતી. અવતારો બાબત પણ ઉપર કહેલા ગ્રંથમાં જોવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતમાં દરેક મંદિરોમાં ગણેશની સામેના ગોખમાં હનુમાન પધરાવેલા હોય છે છતાં પણ એમનાં સ્વયંપ્રધાન મંદિરો છે.[૧૪૯]

બ્રહ્માની પૂજા

શિવ અને વિષ્ણુની પૂજા આખા ભરતખંડમાં વ્યાપક છે એ જોયું. પણ પૌરાણિક ધર્મની ત્રિમૂર્તિમાં પ્રથમ ગણાતા બ્રહ્માની પૂજા હિંદમાંથી અદૃશ્ય થઈ ગઈ એ એક વિચિત્ર ઘટના છે. આ પૂજા થોડા સ્વરૂપમાં પણ ગૂજરાતમાં આજે થાય છે. મધ્યયુગમાં બ્રહ્મદેવની પૂજા વધારે પ્રમાણમાં હોય એમ પણ દેખાય છે. અજમેર આજે મારવાડમાં છે, પરંતુ સાંસ્કારિક અને ઐતિહાસિક દૃષ્ટિએ એને ગૂજરાતમાં ગણી શકાય. ત્યાં બ્રહ્માની પૂજા થાય છે અને ગૂજરાતમાં ખેડબ્રહ્મામાં થાય છે. ખંભાતમાં એક સમયે બ્રહ્માનું મંદિર હતું. બ્રહ્મદેવની પૂજા ગૂજરાતની એક વિશેષતા છે અને બીજે એ પૂજા કેમ બંધ થઇ ગઇ એ હિંદુધર્મને માટે એક પ્રશ્ન છે.[૧૫૦]

નાગપૂજા

સૂર્યપૂજા અને બ્રહ્મદેવની પૂજાગમે તો થોડા પ્રમાણમાં છે છતાં પણ ગૂજરાતની આજે વિશેષતા છે તેવી જ રીતે નાગપૂજા પણ વિશેષતા છે. નાગજાતિ મનુષ્ય હતી અને એક વખત મોટી રાજસત્તામાં હતી તેમ જ શૈવ હતી તે જોયું, પરંતુ નાગ-સર્પ–ની પૂજા મધ્યયુગ શરૂ થયો તે પહેલાં પ્રચારમાં હોય એમ લાગે છે અને નાગજાતિ, શિવ સાથે નાગ-સર્પની પૂજા કરતી હોય એમ લાગે છે. માલવો કર્કોટક નાગના પૂજકો હતા એમ મનાય છે.[૧૫૧]

---

૧૪૯. કર્ણાટકમાં હનુમાનનાં સ્વયંપ્રધાન મંદિરો છે. પણ એ પૂજા ક્યારે શરૂ થઈ તે જણાતું નથી.

૧૫૦. બ્રહ્માની પૂજા હિંદમાં શાથી બંધ થઈ એ એક કોયડો છે. ગૂજરાતમાં થોડી પણ આજે છે. ખંભાતના ઇતિહાસમાં ત્યાં જડેલી મૂર્તિનું ચિત્ર આપ્યું છે. મૂર્તિ મોટી છે; અને એનું શિલ્પ ઉત્તમ છે.

૧૫૧. Jayaswal His. of India P. 39 અને P. 147 માલવો અને નાગો નાગપૂજા પણ કરતા. જોકે શિવ એમના ઇષ્ટ દેવ હતા. શિવ અને નાગના સંબંધ માટે પાછળ જોઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે દરેક સંપ્રદાયના લોકો શ્રાવણ માસમાં નાગપંચમી કરીને નાગપૂજા કરે છે. દ્રાવિડ દેશમાં પીપળા નીચે નાગની મૂર્તિઓની પ્રતિષ્ઠાનો રિવાજ આજે પણ છે અને કોઈ સ્થળે તેનાં મંદિરો છે. પરંતુ ગૂજરાતમાં નાગમંદિરો આજે પણ બીજાં સ્થાનો કરતાં વધારે છે અને તેમાં શેષ અને વાસુકિની પૂજા થાય છે. ગોગને નામે પણ નાગની પૂજા થાય છે. અને ગૂજરાત કાઠિયાવાડ અને મારવાડમાં નાગ નામવાળાં સ્થળોથી નાગપૂજા અને નાગજાતિ બન્નેનો સંબંધ વ્યક્ત થાય છે.[૧૫૨]

આ પ્રમાણે બ્રાહ્મણધર્મના પ્રાચીન તેમજ પૌરાણિક સંપ્રદાયોનો ઇતિહાસ છે અને અહીં તે વર્ણનાત્મક કે સિદ્ધાંતોનો અહેવાલ આપવા ખાતર લખ્યો નથી પણ ઐતિહાસિક વિચિત્રતા દર્શાવવા ખાતર કે અન્ય પ્રાંતોની સરખામણીમાં ગૂજરાતમાં કાંઈ વિશેષતા હોય તે દર્શાવવા ખાતર જ માત્ર ચર્ચા કરી છે.

બૌદ્ધ ધર્મ

બ્રાહ્મણેતર ધર્મોમાં બૌદ્ધ ધર્મ આજે ગૂજરાતમાં નથી તેનો ઉલ્લેખ આગળ કર્યો. આઠમી નવમી સદી સુધી બૌદ્ધ ધર્મ પળાતો

---

૧૫૨. ખંભાતના ઇતિહાસમાં પાતાલના પરિશિષ્ટમાં ગૂજરાતમાં નાગપૂજા અને નાગ મંદિરો વગેરેનો ઉલ્લેખ કર્યો છે. ડૉ. વૉજેલે નાગપૂજા ઉપર અંગ્રેજીમાં મોટો ગ્રંથ લખ્યો છે. ઉત્તર ગૂજરાતમાં થરાદ પાસે શેષનાગનું ધરણીધરનું મંદિર, કાઠિયાવાડમાં ચોકડી ગામમાં ચરમાલિયાજીનું મંદિર, ગૂજરાતમાં કાસવા ગામમાં ગોગનું મંદિર, ભૂજ-ભૂજંગપુર-માં ડુંગર (ભૂજિયો) ઉપર નાગનું સ્થળ, અને કાઠિયાવાડમાં એવાં અનેક સ્થળો છે. ગોગ અથવા ગુગાનો વાયરો રબારીઓને આવે છે. પંજાબ મારવાડ અને ગૂજરાતમાં ગુગાને ખાસ માને છે અને બધી જાતો માને છે. ડૉ. વૉજેલે એ માન્યતામાં ગૂજરાત બાબત દુર્લક્ષ્ય કર્યું છે તે બાબત ખંભાતના ઇતિહાસ પૃ. ૨૩૦-૨૩૧ માં જુઓ. ગોગને વાસુકિ માનવામાં આવે છે. સિદ્ધરાજના સમયનો દાહોદનો લેખ છે એમાં ગોગ્ગનારાયણ નામ છે અને લેખમાં શરૂઆતમાં "નમો ભગવતે વાસુદેવાય" લખેલું છે તેથી એ વિષ્ણુ મંદિર છે એમ મનાય છે. પરંતુ ગોગ શેષ પણ મનાય છે અને શેષને પાછળથી વિષ્ણુ સાથે-કૃષ્ણ સાથે જોડે છે તેથી એમ લખે. મને તો ગોગ્ગ નાગમંદિર છે એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એમ લાગે છે અને ચીના મુસાફરોનાં વર્ણનો એને ટેકો આપે છે. કાઠિયાવાડમાં એ ધર્મના અવશેષો છે અને ખંભાતમાં બુદ્ધ ભગવાનની મૂર્તિ નીકળી છે. બૌદ્ધ ધર્મ પોતાની જન્મ ભૂમિમાંથી અદશ્ય થયો તેનું કારણે પરદેશી મ્લેચ્છોને એમણે ઊંચા ચડાવી બ્રાહ્મણો સામે રાખ્યા એમ વિદ્વાનો માને છે.[૧૫૩] પરંતુ એ એક જ કારણ બની શકે નહિ. લોકહૃદયને આકર્ષે એવું તત્ત્વ એમાંથી ઓછું થતું ગયું અને સમાન્ય જનસમૂહના માનસને સ્પર્શ કરે એવી પ્રણાલિકાઓ ઓછી થઇ એ કારણ ઠીક લાગે છે. સામાન્ય મનુષ્યનું માનસ બાહ્યાચાર અને પ્રણાલિકાઓથી ખાસ વધારે આકર્ષાય છે.

જૈનધર્મ

પરંતુ જૈનધર્મની વાત એથી જુદી હતી. એ ધર્મ ગૂજરાતમાં ઉત્પન્ન થયો નથી. છતાં આજે ગૂજરાતમાં એનું બીજા પ્રાંતો કરતાં વધારે જોર છે અને ગૂજરાતના વેપારી વર્ગને વલ્લભ સંપ્રદાયના ભક્તિ અને સેવામાર્ગે જેટલો આકર્ષ્યો, તેટલો જ ભગવાન મહાવીરના ધર્મે આકર્ષ્યો. જૈન ધર્મે ગૂજરાતની સંસ્કારિતા ઘડવામાં ચોક્કસ અને વિશિષ્ટ ફાળો આપ્યો છે. આજે અન્ય પ્રાંતોની સરખામણીમાં અહિંસા આદિ તત્ત્વોમાં ગૂજરાતી સમાજ જે રીતે જુદો પડે છે તેનું માન જૈન મતને છે—ગૂજરાતના સ્થાપત્યની જગપ્રસિદ્ધ સુંદરતા, અને મધ્યયુગનું સાહિત્ય અને ઇતિહાસ જાળવી રાખવાનું માન પણ જૈનધર્મના સાધુઓને છે. જૈનોમાં ત્યાગની ભાવના આગળ પડતી હોવા છતાં ધર્મ અને જીવનમાં એમણે સૌંદર્યની ભાવના ઓછી નથી કરી એ એની ખાસ વિશેષતા છે, અને એ બધું આજે પ્રસિદ્ધ હોવાથી એના વિશેષ વર્ણનની અહીં જરૂર નથી.[૧૫૪]

---

૧૫૩. જાયસ્વાલજી (His. of Ind. પૃ. ૫૨) એમ માને છે, જુલમી મ્લેચ્છોને બૌદ્ધોએ ટેકો આપ્યો એમ એ માને છે. પરંતુ એ માન્યતા ઠીક નથી. શકો અને કુશાનોના સિક્કામાં શિવ પણ દેખાય છે એનો ખુલાસો એમણે નથી કર્યો. વિન્સેન્ટ સ્મિથ એમના રાજ્યને જુલમી કહેવાને બદલે સારું કહે છે બ્રાહ્મણવિરોધી હતું એટલું માત્ર સાચું.

૧૫૪. જૈનોમાં દિગંબરોની સોલંકી સમયમાં હાર થયેલી. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિમાવિધાન

આ બધા ધર્મો અને સંપ્રદાયોને અંગે તેમનું પ્રતિમાવિધાન પણ ગૂજરાતમાં છે; અને એમાં કોઈ કોઈમાં ગૂજરાતની ખાસ વિશેષતા પણ છે. પરંતુ મોટે ભાગે સમસ્ત હિંદુસ્તાનના પ્રતિમાવિધાનનો એ વિષય હોઇ અહીં ખાસ વર્ણનની જરૂર નથી. શ્રી ગોપીનાથરાવે એ બાબત આધારભૂત ગ્રંથ લખ્યો છે. ગૂજરાતની ખાસ વિશેષતા આજે સૂર્ય અને બ્રહ્માની પ્રતિમાઓમાં છે, અને ગૂજરાત મારવાડની બહાર ખાસ દેખાવી મુસ્કેલ છે.[૧૫૫] ગૂજરાતી સ્થાપત્ય અને શિલ્પને ટેકો આપી આજ સુધી ટકાવવાનું માન જૈનોને છે.

ગૂજરાતી સમાજ અને ધર્મો

હવે આ બધા ધર્મો અને સંપ્રદાયોએ ગૂજરાતી સમાજનું માનસ ઘડવામાં કેવો ભાગ ભજવ્યો એ જોઇએ. શૈવધર્મ અને લિંગપૂજાનું ગૂજરાતને ઉત્પત્તિસ્થાન કહીએ તો ચાલે. પરંતુ વેપારી પ્રજા શૈવમતનો ઉગ્ર વૈરાગ્ય, ત્યાગ અને કડક સાદાઇ લાંબો વખત સહન ન કરી શકી. શૈવમત આજે મોટે ભાગે ગૂજરાતના બ્રાહ્મણોમાં વધારે છે. શૈવધર્મમાં ગૂજરાતમાં સાંપ્રદાયિકતા નથી. જૈનમતમાં ત્યાગ છતાં સૌંદર્યની ભાવના છે એ સમાજને વધારે ઠીક લાગ્યો. અને વૈષ્ણવોની સૌંદર્ય, અને કીર્તનયુક્ત ભક્તિ અને સેવા પણ લોકહૃદયને વધારે ગમી ગઈ. શાક્તસંપ્રદાયની તંત્રવાદની ખટપટ પણ ગૂજરાતીઓને બહુ ગમી હોય એમ લાગતું નથી, અને શક્તિનાં ધામ જે ગૂજરાતમાં છે તે અસાંપ્રદાયિક જ છે. વૈષ્ણુવ ધર્મમાં પણ

એમનું જોર ગૂજરાતમાં નથી. સ્થાનકવાસીઓ ગૂજરાતમાં છે. એ રીતે જૈનધર્મમાં પેટા સંપ્રદાય ગૂજરાતમાં છે.

૧૫૫. હિંદુસ્તાનમાં આકર્ષણ થાય એવું સ્થાપત્ય ગૂજરાતમાં છે છતાં એવી મૂર્તિઓ આજે નથી. કદાચ એમનો નાશ મુસ્લિમ સમયમાં થયો હશે. દક્ષિણમાં એવી મૂર્તિઓ બહુ છે, નટરાજ તો હિંદુકલાને પ્રથમ સ્થાને મુકાવે એવું પ્રતિમાવિધાન છે. પણ ગૂજરાતમાં એ મૂર્તિ નથી. સૂર્ય અને બ્રહ્માની મૂર્તિઓ ઉત્તમ છે. મોઢેરા વગેરે સ્થળોમાં ઘણી મૂર્તિઓ જોવા જેવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસાંપ્રદાયિક પૌરાણિક વૈષ્ણવમાર્ગ લોકપ્રિય છે અને રામપૂજા પણ સાંપ્રદાયિક નથી. ગૂજરાતમાં ઘણાખરા ધર્મોમાં પેટા સંપ્રદાયો નથી એ એક વિશેષતા છે. જેમાં છે તેની નોંધ લીધી છે.

ઘરમાં દેરાસરની પ્રથા અને તેની સમાજમાનસ ઉપર અસર

અહીં એક વાત ખાસ કરવી જોઈએ કે આખા હિંદુસ્તાનની પેઠે ગૂજરાત ઉપર પણ ઘરદેરાસરની રીતે લોકમાનસ ઉપર એક રીતે સારી અસર કરી નથી. ઘરમાં દેવપૂજા રાખવાના, ઘરમાં શુદ્ધ વાતાવરણ અને ભક્તિ કાયમ રહે એવા થોડા ફાયદા હશે. મુસલમાન સમયમાં જાહેર મંદિરોમાં જઈ શકવાની મુશ્કેલીને લીધે ઘરપૂજા શરૂ થઈ શકે એમ પણ કહી શકાય નહિ, કારણ કે ઘરમાં દેવપૂજાના દાખલા પ્રાચીનકાળથી મળે છે. આ બાબતમાં લોકમાનસ ઉપર કઈ અને કેવી વસ્તુ કેવી અસર કરે એ ખાસ વિચારવાની જરૂર છે. જાહેર મંદિરોમાં જે વિશાળ સમુદાય, વિશાળ મંદિર, અને એમાં રહેલા વ્યાપક સૌંદર્યની અસર મન ઉપર જેવી થાય છે તેવી ઘરના ખૂણામાં થતી નથી. જીવનવ્યવહારની શુદ્ધિ માટે ઘરમાં નાનું દેવગૃહ હોય એ ઇષ્ટ છે. પરંતુ એથી સારી ભાવના સાથે સગવડવાદ પણ પોષાય છે. ઘરની જંજાળમાંથી જરાવાર છૂટીને બહાર વિશાળ દેવમંદિરમાં જઈ ઇશ્વરપ્રાર્થના કરવાની માણસના મનને જરૂર હોય છે. ઘરમાં આપણે દેવમંદિર નાનામાં નાની જગામાં કરીએ છીએ, એટલે પ્રમાણમાં દેવ પોતે પણ બહુ જ નાના હોય છે. પૂજ્ય વસ્તુને બહુ નાની જોઇને મગજ ઉપર અદૃશ્ય અને અગમ્ય એવી એક જાતની સંકુચિતતાની ભાવના થાય છે. ઘણીવાર પૂજા કરતાં દેવ હાથમાંથી સરી પડે ત્યારે ભક્ત હૃદયને તે ગમતું નથી. દેવમૂર્તિઓ એટલી નાની હોય છે કે એમને આખી કે માથેથી ઝાલીને પધરાવવી પડે છે. આપણને કોઈ ગળેથી પકડીને બેસાડે તો કેવું લાગે? આ બધી વસ્તુઓની મન ઉપર સંકુચિત અસર થાય છે. એથી ઊલટું મંદિરમાં દેવની વિશાળતા અને સૌંદર્ય મનને વિશાળ બનાવે છે અને ત્યાં જઇએ એ ક્ષણપર્યંત તો મનને ઉન્નત બનાવે છે. ઈલોરા અજંતાની મૂર્તિઓ અને ચિત્રો, ધારાપુરીની ત્રિમૂર્તિ, નદીકિનારે રહેલું શાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવ્ય શિવ મંદિર, ડાકોર, શ્રીનાથદ્વારા, કે દ્વારકામાં ભગવાનની મૂર્તિઓ, જૈન મંદિરોમાં તીર્થંકરોની ભવ્ય મૂર્તિઓ, એ બધાં મંદિરોનાં વાતાવરણ વચ્ચે જે ભાવ મનમાં પ્રેરાય છે એ ઘરમાં નાની મૂર્તિ એક ગોખલામાં કે સામી ભીંતે નાક અડે એવડા નાના મંદિરમાં પ્રેરાય એમ લાગતું નથી. આપણા સમાજમાં જે કેટલીક માનસિક સંકુચિતતા આવી છે એનું કારણ કદાચ આ હોય. એક વિશાળ દેવળમાં ખ્રિસ્તીને જે ભાવ થાય છે, એથી પણ વિશાળ મસ્જિદમાં જે ભાવ એક મુસ્લિમને થાય છે તેવો ભાવ મોટાં સુંદર મંદિરોમાં હિંદુને થવો જોઈએ. પરંતુ મંદિરોમાં નિત્ય જવાની ભાવના ઓછી થતી ગઈ છે. હનુમાન જેવા મનોજવ અને મારુતતુલ્ય વેગના દેવની ઉપાસના કરનાર દેશ આજે પ્રગતિમાં ધીમામાં ધીમો કેમ છે? શૈવ ધર્મનો વૈરાગ્ય અને સાદાઈ, વૈષ્ણવધર્મની પરાઈ પીડ જાણવાની વૃત્તિ અને ભગવાન શ્રીકૃષ્ણે કહેલો આસક્તિરહિત કર્મ કરવાનો માર્ગ, રામચંદ્રની મર્યાદાનો આદર્શ, અને જૈન ધર્મે કહેલી અહિંસાનો ખરા તત્ત્વનો અર્થ, એ બધું આપણા સમાજમાં કેટલું અને કયા અને કેવા સ્વરૂપમાં છે એ સમાજના ઇતિહાસમાં ખાસ જોવાનું છે; અને આજે ઓછું વધતું હોય તો એનાં કારણો શોધવા જેવાં છે.

આટલાં મિશ્રણો કરનારો ઉદાર સમાજ મુસલમાનોને કેમ ન સમાવી શક્યો?

ગૂજરાતમાં મુસલમાન સત્તા શરૂ થઇ ત્યારે આ મિશ્રણોવાળો સમાજ હતો, અને ઓગણીસમી સદીમાં પશ્ચિમના સંપર્કવાળો યુગ જેને વિદ્યુતયુગ–તત્ત્વાર્થમાં પણ–કહી શકીએ, તે શરૂ થયો ત્યાંસુધી એ જ સમાજ હતો.[૧૫૬] પ્રાચીન અને મધ્યયુગમાં સમયને અનુ-

---

૧૫૬. ફેરફાર તો કાળે કરીને થયા કરે છે, પરંતુ આપણા સમાજમાં ફેરફાર પ્રમાણમાં બહુ ઓછો અને ધીમો હતો. ગઈ સદીના પૂર્વાર્ધના અંત સુધી સામાજિક વસ્તુસ્થિતિ પહેલાંના સેંકડાઓ જેવી જ હતી. વીજળીક શક્તિ દેશમાં આવી ત્યારથી જ જાણે વીજળીવેગે સમાજ ફેરવાતો જાય છે એમ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરીને જે ફેરફારો અને મિશ્રણો આપણા બુદ્ધિશાળી પૂર્વજોએ કર્યાં અને અનેક વિરોધી અને વિદેશી તત્ત્વોને સમાવ્યાં તે સમય સમજીને ફેર કરવાની વૃત્તિ પાછળના સમાજમાં ઓછી થઈ એ પણ વિચાર કરવા જેવી વાત છે. એનાં કારણો સમાજશાસ્ત્રના આપણા અભ્યાસીઓએ વિચારવા જેવાં છે. જો કે એમાં હમેશાં મતભેદ તો રહેવાનો જ. અનેક તત્ત્વોને સમાવનારો સમાજ મુસલમાનો અને ખ્રિસ્તીઓને કેમ ન સમાવી શકયો ? જે સમાજના મૂળ પાયામાં જ ઉચ્ચનીચ વર્ણોના ભેદ હોય તે એવું ન માનનારા લોકો સામે ટકી શકે કે કેમ તે પ્રશ્ન છે.[૧૫૭] જો કે આગળ જોયું એવાં મિશ્રણો કરનારા સમાજના બુદ્ધિશાળી નેતાઓ એ કાર્ય ન સાધી શકયા તેમાં મહત્ત્વનું કારણ હોવું જોઇએ. મુસલમાન વિજેતાઓ અને જિતાયેલા દેશીઓનાં સામાજિક અને ધાર્મિક મંતવ્યોમાં પહેલાંના આવનારાઓ કરતાં જુદો અને મૌલિક ફેર હતો એ કદાચ મોટું કારણ હોઇ શકે.[૧૫૮] એમાં બન્નેના સામાજિક રિવાજોનો દોષ હતો. હિંદુઓએ વર્ણો અને જ્ઞાતિઓને પહેલાં કરતાં વધારે કડક બનાવી અને ખાવાપીવા જેવી વસ્તુને પણ ધાર્મિક ગણીને સમાજમાં એનાં બંધન ઘાલી દઈ છેક સંકુચિત રિવાજો કરી નાંખ્યા.[૧૫૯]

---

૧૫૭. મુસલમાન ધર્મ માટે એટલું તો તટસ્થ બુદ્ધિના લોકો કબૂલ કરે છે કે ઉચ્ચ નીચના ભેદ વગરનો સમાનતાવાળો એના જેવો ધર્મ બીજો નથી. રસ્તે જનાર ગરીબ અને બાદશાહ મસ્જિદમાં સાથે નિમાઝ પઢી શકે છે.

૧૫૮. જગવિખ્યાત લેખક બર્નાર્ડ શૉ હિંદુધર્મની સહિષ્ણુતાનાં વખાણ કરે છે. એક ઈશ્વરનાં અનેક સ્વરૂપો એ જ અનેક દેવો અને સહિષ્ણુતાને લીધે દરેકને એમાં સ્થાન છે. જ્યારે ઈસ્લામ જેવો ઉગ્ર અસહિષ્ણુતાવાળો કોઈ ધર્મ નથી એમ પણ લખે છે. આમ મુસલમાન ધર્મમાં અમૂર્ત એક ઈશ્વર અને હિંદુધર્મમાં મૂર્તિમંત અનેક દેવો એ મૌલિક વિરોધ. મૂર્તિખંડન એ મુસલમાનોને મન ધર્મનું એક અંગ. પહેલાં આવનારા પરદેશીઓમાં મૂર્તિપૂજા સામે ઉગ્ર વિરોધ નહોતો.

૧૫૯. ખાવાપીવા માટે હાલ છે એટલી હદ સુધી પ્રતિબંધ મુસલમાન યુગ પહેલાં નહિ હોય એમ લાગે છે. જો કે છેક હલકી વર્ણોનું ખાવામાં બાધ હોય. ખાવાપીવામાં હાલ જેવો બાધ સમાજમાં ક્યારે પેઠો એ પણ એક રસમય વિષય છે. ગૂજરાતી જેવી સાહસિક અને વેપારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાનોમાં દરેક બાબતમાં અરબસ્તાનના રણ જેવી કડક સાદાઈ હતી. ગેઝેટિયરના લેખક કેમ્પબેલ લખે છે કે એમનામાં આચાર ધર્મના ઊંચાં આદર્શ નહોતા. વિધિનિષેધનું તત્ત્વ સમજી શકવા જેટલી ઝીણવટ નહોતી. આ ટીકા કાંઈક અંશે ખરી હશે. કેમ્પ-બેલને પણ નવાઇ તો લાગે છે જ કે અનેકને ગુણકર્મ પ્રમાણે સમાવ-નાર બ્રાહ્મણોની ઉદારતા મુસલમાનોને કેમ ન સમાવી શકી ?[૧૬૦] પરંતુ એમાં એવું એક કારણ પણ હોઇ શકે કે જમાનો બદલાતો ગયો તેમ આ બધું અતિશય થઇ ગયું. આચારધર્મો કરોળિયાની જાળ જેવા ગૂંચવણવાળા થઇ ગયા અને વિધિનિષેધ પણ સામાજિક બુદ્ધિને વમળમાં નાંખે એવા થઈ ગયા. ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે વિધિનિષેધો એટલા વધ્યા કે એના કૂવામાં ગળા સુધી ડૂબેલા કર્મ-કાંડીની ગીતામાં ભગવાનને સ્વમુખે નિંદા કરવી પડી છે. આગળ જોયું તેમ એમાંથી થયેલી અતિ સહિષ્ણુતામાંથી અસહિષ્ણુતા થઇ અને સાંપ્રદાયિકતા પણ વધી, એટલે કેવળ વિરોધી તત્ત્વોને સમાવ-વાની વૃત્તિને અવકાશ જ રહ્યો નહિ. મુસલમાનો આવ્યા એ સમયની લગભગમાં એટલે ઇ. સ. ૧૦૩૦ જેટલા જૂના સમયમાં અલ્બરૂની જેવો આપણા સંસ્કૃત પ્રાચીન ગ્રંથોનો સહૃદય અભ્યાસી પણ લખે છે કે હિંદુ અને મુસલમાનોના રિવાજો દરેક રીતે ઊંધા છે, અને જ્યાં મળતા આવે છે ત્યાં અર્થ ઊલટો છે.[૧૬૧] એટલે

પ્રજામાં પણ ખાવાપીવાના પ્રતિબંધોને લીધે પરદેશગમન અને પરદેશનાં સાહસો ખેડવામાં મુશ્કેલી કરી; અને પ્રતિબંધો ન હોત તો ગુજરાતી વેપારીઓ આજ કરતાં કેટલા આગળ વધ્યા હોત એ વિચારવા જેવું છે.

૧૬૦. Bombay Gaz. Vol. IX Part I. Hindu Population P. 443.

૧૬૧. એજ પૃ. ૪૫૦ નો ૭. અલ્બરૂની કેટલાક ઊંધા રિવાજો માટે Monstrous શબ્દ વાપરે છે. અને કહે છે કે કોઇને એમ પણ લાગે કે ઊલટા રિવાજો જાણી જોઇને કર્યા હશે. ગેઝેટિયરનો લેખક બીજો સમકાલીન આધાર ટાંકતાં કહે છે કે વટલેલા મુસલમાનને માથાના અને શરીરના વાળ મૂંડાવી, ગાયનું છાણ શરીરે બધે લગાડી, ગોમૂત્ર અને દૂધથી સ્નાન કરાવી પછી ધોઈ લેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બેનો મેળાપ ન થવાનાં બન્ને પક્ષે આવાં કોઇ કારણો હોઈ શકે.

સાંપ્રદાયિકતાની અસર

હિંદુ સમયમાં પણ સંપ્રદાયો સલાહ સંપથી રહેતા હતા એ ખરી વાત છે.[૧૬૨] પરંતુ સાંપ્રદાયિકતાની ખરાબ અસર સમાજ ઉપર થયા વગર રહી નથી, અને પરદેશીઓના હુમલા સામે બધા સંપ્રદાયોવાળા હિંદુઓ સંપ ન કરી શકયા તેમાં અનેક કારણોમાં સાંપ્રદાયિકતા પણ એક કારણ હોઈ શકે.[૧૬૩] કાન્હડદે પ્રબંધમાં વૈષ્ણવ કવિ સોમનાથની મશ્કરી કરે છે તે દાખલો નોંધવા જેવો છે. અલ્લાઉદ્દીનના લશ્કરે સોમનાથનો ધ્વંસ કર્યો તે માટે કવિ આ પ્રમાણે લખે છે.

"આગળ રુદ્ર! ઘણે કોપાનળ દૈત્ય સરવ તેં બાળ્યા !
પુણ્ય પૃથ્વીમાં તેં વરતાવ્યું, દેવલોક ભયટાળ્યા."
"બળિયો ત્રિપુરાસુર તેં હણિયો, વા વેગે જેમ તુલ;
પદ્મનાભ પૂછે, સોમઇયા! કયાં ગયું તારું ત્રિશૂળ ?"

૧-૧૦૨-૩ (અનુવાદ).

કર્મવાદ

કર્મવાદ એ આપણા સમાજનો, હિંદુ, બૌદ્ધ, અને જૈન

---

૧૬૨. જુઓ શ્રી. રસિકલાલ પરીખનો કાવ્યાનુંસાસનમાં લખેલો ઇતિહાસ પૃ. CCXXX. લખે છે કે "ખ્રિસ્તી અને મુસલમાન જેવા ઝગડા આપણામાં નહોતા." એ ખરું છે. પરંતુ ધર્મો અને સંપ્રદાયોમાં કડવાશ તો હતી જ. ઝગડા નહોતા એનો અર્થ મારામારી નહોતી એમ મને લાગે છે. એવી મારામારીના ઝગડા હિંદુના સ્વભાવમાં જ નથી. માનસિક ઝગડા હતા.

૧૬૩. સાંપ્રદાયિકતા કેવી હતી અને એણે સમાજ ઉપર કેવી અસર કરી તે માટે પુરાતત્ત્વ પુ. ૪ અને ૫માં વિદ્વદ્વર્ય પંડિતજી સુખલાલજીનો એ નામનો લેખ જુઓ. સમાજને ધારણ કરે-ટકાવે તે ધર્મ. તો સમાજનું અધઃપતન કેમ થયું? એ પ્રશ્ન વિચારવા જેવો છે. મોટા આચાર્યો અને વિદ્વાનો સાંપ્રદાયિકતાના વિષમાંથી બચ્યા નથી એમ પંડિતજી આધારોથી સિદ્ધ કરે છે. ધર્મ અને સમાજના અભ્યાસીએ એમનો લેખ મનન કરવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મોના સમાજનો બહુ મોટો સિદ્ધાંત છે. જગતમાં સુખદુઃખની વિષમતા સમજાવવા માટે એના જેવો બુદ્ધિયુક્ત એકે વાદ નથી. દુનિયામાં કર્મ અને પુનર્જન્મ ન માનનાર–મુસલમાન ખ્રિસ્તી જેવા–સમાજો પણ એ બાબત કાંઈ ખુલાસો કરી શકતા નથી. એ વાદને શ્રદ્ધાથી ન માનીએ તોપણ સમાજને એ એક મોટું આશ્વાસન છે, અને ટકાવનાર તથા સત્કર્મમાં પ્રેરનાર બળ પણ હોઇ શકે. પરંતુ કર્મવાદથી સમાજના પુરુષાર્થમાં શિથિલતા આવી અને લોક નસીબવાદી બની ગયા એટલું તો ખરું લાગે છે. ઉપર કહ્યું તેમ એ પણ એક સારી વસ્તુ અતિશય થઈ તેમાંથી થયું.

રાજામાં ઈશ્વરનો અંશ

એટલે પૂર્વ કર્મથી એક માણસ રાજા બને છે એમ દૃઢ માન્યતા થઇ તે સાથે રાજામાં ઈશ્વરી અંશ મનાયો એથી સમાજને નુકસાન પણ થયું, અને આજે મનાય છે તેવા પ્રજાના હક આપણા સમાજના મનમાં છેક ૧૯ સદી સુધી આવ્યા જ નહિ.[૧૬૪] રાજાને ઈશ્વરનો અંશ માનવાનું પ્રાચીન સમયથી પ્રચલિત હતું અને યુરોપમાં પણ Divine rights of king મનાતો હતો. પરંતુ ત્યાંના સમાજે એમાં સુધારા કર્યા, જ્યારે આપણે ન કરી શક્યા. મહાન સિકંદરે ચડાઈ કરી ત્યારે એને પણ ઈશ્વર તરીકે માન્યો છે,[૧૬૫] અને કાન્હડદે પ્રબંધમાં અલ્લાઉદ્દીનને શિવ રૂપે બતાવવામાં ભલે કવિની કલ્પના છે પરંતુ મનોવૃત્તિ એ જ છે.[૧૬૬] આપણી સામાજિક

---

૧૬૪. રાજામાં ઈશ્વરી અંશ માનવાના ઘણા દાખલા છે. દેશ રાજાની અંગત માલિકી એ મત પણ એનુંજ પરિણામ હોય. છેક ૧૮૫૦માં ઘી વગેરેની જકાતમાંથી કોટ સમરાવી વધેલા પૈસા લોકહીતમાં કલેકટરે (અમદાવાદમાં) વાપર્યા તે વખતે મગનલાલ વખતચંદ લખે છે કે રાજા તો આવો જ જોઇએ, નહિ તો એ પૈસો પોતે લઇ લે કે વાપરે તો કોણ રોકનાર છે ? આવી મનોવૃત્તિ હતી.

૧૬૫. Bom. Gaz IX I P. ૪૪૨. દક્ષિણ સિંધના લોકોએ એક જ સિકંદરને ઈશ્વરદત્ત વિજેતા તરીકે સ્વીકાર્યો. રાજામાં ઈશ્વરી અંશ ધર્મશાસ્ત્રોએ કહ્યો છે.

૧૬૬. સાંતલસિંહે સૂતેલા બાદશાહને પાંચ મુખ, ત્રણ આંખો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવનતિ અને સંકુચિત મનોદશા, કુસંપ, વગેરેમાં આ બધાં કારણોએ ભાગ ભજવ્યો હોય એમ લાગે છે.

વિચાર સ્વાતંત્ર્ય

સહિષ્ણુતાની પેઠે વિચારસ્વાતંત્ર્ય પણ હિંદુધર્મ જેવું જગતના કોઇ ધર્મમાં નહિ હોય. વિચાર સ્વાતંત્ર્ય માટે હિંદુધર્મમાં, બીજા ધર્મો પેઠે, વિરોધીને ત્રાસ આપવાની પ્રથા નથી. ચુસ્ત કર્મકાંડી અને ચાર્વાક સાથે રહી શકે છે અને ચુસ્ત રાજા તેને કનડતો નથી.[૧૬૭] પરંતુ એમાં પણ વિચારસ્વાતંત્ર્યના અતિશયમાંથી સાંપ્રદાયિકતાની વિપુલતા જન્મી. એક ધર્મ અને એક પંથમાં અનેક ગુરુઓના નાના જુદા વાડાઓ થયા અને ધર્મ તથા સમાજના એકત્રિત બળ ઉપર એની અસર થઇ. ગુરુની સંસ્થા ઉપયોગી છે અને એમાં પણ સમર્થ મહા પુરુષો થયા છે, પરંતુ પાછળથી અનુયાયીઓ મૂળ સિદ્ધાંતોને ભૂલી ચીલે ચાલનારા થઇ ગયાના આજે અનેક દાખલા મળે છે અને અખા ભગત જેવાઓએ એ વાત ગાઇ છે. સ્વતંત્ર બુદ્ધિ ખીલવવામાં એથી પોષણ મળતું નથી એટલું તો માનવું પડે.

આમ આપણા સમાજ અને ધર્મમાં પ્રથમ બુદ્ધિપુર્વક મિશ્રણો થયાં અને દરેક વસ્તુઓમાં પહેલાં આશય શુભ હોય છે અને પછી બળ ઓછું થાય છે તેમ થયું. સમય પ્રમાણે પાછળનો સમાજ ન વર્તી શકયો અને પરતત્ત્વને સમાવવાનું બળ ન રાખી શકયો.

પ્રકરણ સોળમું

મુસલમાન સમયની શરૂઆતનાં મધ્યકાલીન હિંદુ રાજવંશો

પ્રાચીન રાજવંશો અને વિદેશીઓ

પશ્ચિમ હિંદુસ્તાનની આજે એક ખાસ વિશિષ્ટતા છે, અને તે એક પશ્ચિમ હિંદુસ્તાન મોટે ભાગે હિંદી હિંદુસ્તાન છે. હિંદુસ્તાનના

જટા, ગંગા, મુંડમાળ વગેરે સ્વરૂપવાળો દેખ્યો અને કહે છે કે–" રુદ્ર પાદશાહ રૂપ અવતર્યો ? કેમ કરૂં હું ધાય ? વિમાસી હઇયે વાત સાંતલે, પાછો દીધો પાય. (ખંડ. ૨–શ્લોક ૧૩૨–૧૩૬,

૧૬૭. ખ્રિસ્તી અને મુસલમાન ધર્મોમાં ધર્મ વિરુદ્ધ વિચારસ્વાતંત્ર્યવાળાને જે દેહાંત સજા થતી તેવી હિંદુમાં ખાસ નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકશામાં જોશો તો બ્રિટિશ હિંદના લાલ રંગમાં હિંદી હિંદનો પીળો રંગ પ્રમાણમાં સૌથી વધારે પશ્ચિમ બાજૂ દેખાશે. હિંદુસ્તાનમાં પરદેશીઓ અને પરધર્મીઓ તો ઘણા આવ્યા છે; પરંતુ ઇ. સ. નાં એક હજાર વર્ષ સુધી જે જે આવ્યા તેમને હિંદુ સંસ્કૃતિની વિશાળતાએ પોતામાં સમાવી દીધા. ઈ. સ. એક હજાર પછી જે વિદેશીઓ આવ્યા તેમને હિંદુ સંસ્કૃતિ પોતામાં સમાવી શકી નહિ. એમાં પહેલા આવનારા મુસલમાનો અને પછી આવનારા યુરોપના ખ્રિસ્તીઓ. આ બન્નેને હિંદુ સંસ્કૃતિ કેમ સમાવી શકી નહિ તેનાં કારણો પાછળ જોઈ ગયા. આ બન્નેએ હિંદમાં પોતાની રાજસત્તા પૂરેપૂરી જમાવી. એ બન્નેએ આખા હિંદ ઉપર સાર્વભૌમત્ત્વ જમાવ્યું. હિંદના પ્રાચીન રાજકર્ત્તાઓમાંથી કેટલાયનાં તો નામ નિશાન પણ ન રહ્યાં અને કેટલાક આ બન્નેનું સાર્વભૌમત્ત્વ સ્વીકારીને ટકી રહ્યા.

આમાં પહેલા આવનારા મુસલમાનોના અને પછી આવનાર ખ્રિસ્તી યુરોપીય અંગ્રેજોના સમયમાં ઘણો ફેર હતો. એ બન્નેની સંસ્કૃતિના પાયામાં પણ ઘણો ફેર હતો. તેથી હિંદુસ્તાનના સમાજ ઉપર એ બન્નેની જે જે અસરો થઈ એમાં પણ ફેર રહ્યો. એટલે મુસલમાન સત્તા જામતાં પહેલાંના અને જામતી વખતનાં જે પ્રાચીન રાજ્યો અનેક વિટંબણાઓ સહન કરીને આજે ટકી રહ્યાં છે તેમના ઇતિહાસને, મુસલમાન સત્તાની જમાવટના વખતના ઇતિહાસ સાથે સંબંધ છે; અને તેથી તેમનું ટૂંકું વર્ણન અહીં કરવું જોઇએ. પશ્ચિમ-હિંદમાં આવાં પ્રાચીન રાજ્યો સૌથી વધારે છે.[1] તેમાં પણ ગૂજરાત કાઠિયાવાડમાં ખાસ વધારે છે. આ બાબતનો વિચાર આજની દૃષ્ટિએ થાય નહિ. એમના ગુણદોષનો વિચાર પણ અહીં અસ્થાને

૧. દક્ષિણ હિંદમાં ઘણું મોટું હૈદરાબાદનું રાજ્ય છે, પણ તેની સ્થાપના મોગલ સમયના અંતભાગમાં થઈ હોવાથી તે પ્રાચીન નથી. મધ્ય હિંદમાં મરાઠા રાજ્યો પણ એ જ સમયનાં છે અને તે પણ પ્રાચીન ન ગણાય. આવાં પ્રાચીન રાજ્યો તો સૌથી વધુ પ્રમાણમાં ગૂજરાત, સૌરાષ્ટ્ર અને રજપુતાનામાં જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ ગુણદોષનો વિચાર રાજકારણની મીમાંસામાં શોભે, અહીં તો માત્ર સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ એમનો વિચાર કરવાનો છે.

સૌથી પ્રાચીન રાજવંશોની સત્તા રહી નથી

ગૂજરાતના[2] મુખ્ય પ્રાચીન રાજકર્તાઓના વંશજો–યાદવો,[3] ક્ષત્રપો અને વલભીના મૈત્રકોના વંશજો–ગૂજરાત કાઠિયાવાડમાં આજે સત્તા ઉપર છે કે નહિ તે ચોક્કસ રીતે જાણવાનું કાંઇ સાધન નથી. માત્ર કેટલાક રજપૂત વંશો પોતાને યાદવોના વંશજો કહે છે. ગૂજરાતના અસલ વતનીઓ–ભીલ અને કોળીઓનાં નાનાં નાનાં રાજ્યો અનેક સાર્વભૌમ સત્તાઓ નીચે ચાલ્યાં કરતાં હતાં અને તેમને તેમનાથી બળવાન સત્તાઓ સાથે હમેશાં ઝઘડા થયા જ કરતા હતા. મુસલમાનોના આવ્યા પછી પણ બળવાન ભીલ સત્તાઓ કોઈ કોઈ જગાએ અમલમાં હતી.[4] પરંતુ અમદાવાદના સુલતાનો અને મોગલોના સમયમાં તેમની સત્તા ઘણી ઓછી થઇ ગઈ હતી. ક્ષત્રપોના વખતમાં કાંઈક સત્તાવાળા આહીરોની સત્તા પણ ક્ષીણ થઈ ગઈ હતી. પરંતુ ગૂજરાતના આ સૌથી પ્રાચીન લોકોની નાની નાની ઠકરાતો આજ સુધી કાયમ રહી છે.[5]

મધ્યકાલીન હિંદુ રાજવંશો સૌથી વધારે ગૂજરાતમાં છે

મુસલમાનો ગૂજરાતમાં આવ્યા ત્યારે સોલંકીઓ (વાઘેલા) નું

---

૨. અહીં જ્યાં ગૂજરાત શબ્દ વાપર્યો છે ત્યાં બધે ગૂજરાત કાઠિયાવાડ અને મારવાડનો થોડો ભાગ પણ સમજવો.

૩. યદવો યાદવ નામથી તો દક્ષિણ બાજૂ ગયા. દેવગિરિનું યાદવ રાજ્ય જાણીતું હતું. પણ ગૂજરાતમાં ચુડાસમા, જાડેજા વગેરે પોતાને યાદવકુલના ગણે છે.

૪. ખાંટ જાતના કોળીઓ બહુ બળવાન હતા. આશો ભીલ ખાંટ જાતનો હતો. ભીલોની સત્તાનો ખ્યાલ રાસમાળામાંથી આવે છે. આજે પણ ગૂજરાત કાઠિયાવાડમાં ભીલ ઠાકોરો છે. જુઓ કાઠિયાવાડ સર્વસંગ્રહ ઠકરાતોની યાદી. રાસમાળા પૃ. ૩૫૭ માં આહો ને ફતો બે ભીલ નાયકો બહુ બળવાન હતા એમ કહે છે.

૫. જુઓ એ.જ યાદી. કામળિયા આહીરોની કેટલીક ઠકરાતો કાઠિયાવાડમાં આજે પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત-સૌરાષ્ટ્ર ઉપર સાવભૌમત્વ હતું. સૌરાષ્ટ્રમાં ચુડાસમા, ગોહિલ, વાળા, જેઠવા, ઝાલા વગેરે રજપૂતોની સત્તા ખાસ હતી. એક વખત પ્રસિદ્ધિ પામેલા ચાવડા સોરઠમાં સૌથી પહેલા આવેલા રજપૂતો ગણાય છે. છતાં મુસલમાન સત્તા જામતી વખતે એમની ખાસ મોટી રાજસત્તા હોય એમ જણાતું નથી. એમની નાની ઠકરાતો આજ સુધી છે.[૬] આ બધી રાજસત્તાઓએ મુસલમાનો સામે લડવામાં પાછી પાની કરી નથી. પણ સંપ અને સંઘશક્તિ એ ગુણો ભિન્ન ભિન્ન રજપૂત કુળોમાં મૂળથી જ ન હોવાથી વિદેશી સત્તા આગળ એમનું ચાલ્યું નથી. આ કારણથી એમણે નમતું આપીને પોતાનું અસ્તિત્વ આજ સુધી જાળવ્યું છે. આમ છતાં લગભગ ચારસો વર્ષની મુસલમાન સાર્વભૌમ સત્તાને તરવારના બળે જ એમની પાસેથી ખંડણી વસૂલ કરવી પડી છે, અને જરા તક મળતાં એમણે માથું ઊંચું કરી સ્વતંત્ર થવાના યત્નો કર્યા છે. પરંતુ શોકની વાત એ છે કે ઉપર કહ્યું તેમ સંઘશક્તિની મૂળથી જ ખામી હોવાને લીધે એવી તક મળતાં એમણે અંદર અંદર પણ લડીને એક બીજાના મુલક દબાવવાના યત્નો કર્યા છે અને આમ એક બીજાને નબળા બનાવ્યા છે.[૭] આ લોકોનો ઇતિહાસ મોટે ભાગે ભાટચારણો અને વહીવંચાઓએ જાળવી રાખ્યો છે. એટલે તેમાં ઐતિહાસિક તત્ત્વ કરતાં ચમત્કાર અને અતિશયોક્તિનું તત્ત્વ જરા વધારે છે. ઐતિહાસિક તત્ત્વમાં મુખ્ય વાત એ જ કે આજસુધી એમનું અસ્તિત્વ છે.

નાનાં રજપૂત રાજ્યો

મહમૂદ ગીઝનીને પહેલું સોલંકીઓ સાથે લડવું પડયું. પણ એને કોઈની સત્તા છીનવી લેવાનો સમય મળ્યો નથી. ગૂજરાતમાં સુલતાન અલાઉદ્દીન ખીલજીના વખતથી ખરી મુસલમાન સત્તા થઈ,

૬. માણસાના ઠાકોર ચાવડા છે. જુઓ ગૂજરાત રાજસ્થાન પૃ. ૧૧૮ કાઠિયાવાડમાં એક ચાવડા ઠકરાત છે.

૭. આવા દાખલા ગૂજરાત અને રજપુતાનાના ઇતિહાસમાં અસંખ્ય છે. ગૂજરાત કાઠિયાવાડમાં આવા દાખલાઓ રાસમાળા અને ગૂજરાત રાજસ્થાનનાં પાનાંઓમાં ઘણા ભરેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગૂજરાતની સાર્વભૌમ સોલંકી (વાઘેલા) સત્તાનો નાશ થયો. સોલંકીઓના કેટલાક વંશજોએ ગૂજરાતમાં જુદી જુદી જગાએ સત્તા જમાવી મુસલમાન સાર્વભૌમ સત્તા કબૂલ રાખી અને તેઓ આજ સુધી કાયમ છે. સૂરત જિલ્લામાં વાંસદાના રાજા સોલંકી છે. ખરી રીતે પોતાને સોલંકી કહેવડાવનારા બધા વાઘેલા વંશના ફાંટા છે અને વાઘેલા પોતે અસલ સોલંકી જ છે.[૮] આજે સાણંદ અને લીંબોદરાના ઠાકોર પોતાને અસલ વાઘેલાની મુખ્ય શાખાના માને છે. પેથાપુરના ઠાકોર પણ વાઘેલા છે. આમ ગૂજરાતની છેલ્લી હિંદુ સાર્વભૌમ સત્તાના વંશજોનું કોઇ મોટું રાજ્ય નથી રહ્યું તેમ જ કાઠિયાવાડના ઝાલા, ગોહિલ અને જાડેજાઓની પેઠે કોઈ મોટા જથો પણ નથી રહ્યો, પણ છૂટા નાના તાલુકા માત્ર રહ્યા છે.

વાળા, વાજા અને ચુડાસમા આજે નથી

એ જ પ્રમાણે કાઠિયાવાડમાં ચુડાસમા, જેઠવા, વાજા[૯] અને વાળા તથા સરવૈયા એક વખતે મોટી સત્તામાં હતા અને પાટણમાં સોલંકીઓની સત્તા જામતાં પહેલાંના કેટલાક કાઠિયાવાડમાં આવેલા હતા, પણ એમનાં કોઈ નાનાં મોટાં રાજ્ય આજે ટકેલાં નથી. માત્ર જેઠવાઓનું[૧૦] રાજ્ય પોરબંદરમાં રહેલું છે. ચુડાસમા એક વખત અસલ સોરઠમાં–જૂનાગઢમાં ખૂબ બળવાન હતા અને એમણે લાંબો

---

૮. રાસમાળા, ગુ. ભા. ૧. પૃ. ૩૫૪ વાઘેલ ખંડ માટે જુઓ રૂપનગરના ઠાકોરનું કુટુંબ સિદ્ધરાજનો લડાઇનો શંખ એમની પાસે છે એવો દાવો કરે છે. સોલંકીઓમાં કેટલાકે કોળીઓ સાથે વહેવાર બાંધ્યાનું પણ કહેવાય છે. જુઓ પૃ. ૩૫૫.

૯. વાજાને વજા પણ કહે છે. વજાના મુખ્ય પુરુષે ગીરની દક્ષિણે રાવળ નદી ઉપર વેજલકોટ વસાવ્યું. એ લોકો હાલ ભાવનગરમાં નાના જમીનદાર છે એમ કા. ગેઝેટિયર પૃ. ૧૧૧ માં કહે છે.

૧૦. જેઠવાઓનું મૂળ જણાયું નથી, પણ એ કોઈ રજપૂતની જ્યેષ્ઠ શાખાના હોય એમ જણાય છે. બીજા રજપૂતોમાં ભાયાતો સ્વતંત્ર થયાના ઘણા દાખલા છે, પણ જેઠવામાં તેવું નથી અને એ લોકો બધા જ પોરબંદરના રાણાને મુખ્ય જ્યેષ્ઠ ગણીને તેની આણ માને છે. જેઠવા નામનું કારણ આ પણ કદાચ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય રાજ્ય પણ કર્યું; પરંતુ સુલતાન મહમૂદ બેગડાએ જૂનાગઢ જીત્યા પછી એમનું સ્વતંત્ર સંસ્થાન રહ્યું નથી. એ જ પ્રમાણે ગૂજરાત અને માળવામાં એક વખત બળવાન ગણાતી પરમારોની જાતનું પણ કોઈ મોટું રાજ્ય ગૂજરાતમાં રહ્યું નથી. માત્ર નાની ઠકરાતો રહી છે.[૧૧] સુલતાન અલાઉદ્દીનના વખતમાં ઉલુઘખાનની સોમનાથ ઉપરની ચડાઈમાં મુસલમાનો સામે, વાળા, વાજા, જેઠવા અને ચુડાસમા એટલા થયા હતા એમ કાન્હડદે પ્રબંધ કહે છે.

કાઠીઓ અને કાઠિયાવાડ નામ

કાઠીઓ પણ આ મધ્યકાલીન યુગમાં સિંધુ બાજૂથી સૌરાષ્ટ્રમાં આવ્યા હતા. વાળા રજપૂતોની એક શાખાએ કાઠીઓ જોડે રોટી અને બેટી વહેવાર કરવાથી વાળામાંથી એક શાખા જુદી થઈ અને મિશ્ર એ વંશના કાઠીઓ પણ સૂર્યપૂજક હોવાથી થાનમાં પોતાની રાજધાની કરીને ત્યાં સૂર્યમંદિર બંધાવ્યું.[૧૨] આ કાઠી રાજ્યોનો જથો સૌરાષ્ટ્રની મધ્યમાં છે, અને એમણે સૌરાષ્ટ્રના દ્વીપકલ્પને કાઠિયાવાડ નામ આપ્યું છે. પરંતુ એ નામ કાઠીઓના

---

૧૧. પરમારો તળ ગૂજરાતમાં મોટી સત્તામાં જોવામાં આવતા નથી. તળ ગૂજરાતમાં-છેક સરહદ ઉપર દાંતાનું રાજ્ય અને સૂંથનું રાજ્ય પરમારનું છે અને કાઠિયાવાડમાં મૂળી પરમારનું છે. સોલંકી, ચૌહાણ વગેરેની પેઠે એ લોકોમાં પણ કોળીની કન્યા પરણવામાં આવેલી. કોળીમાં પરમાર અટક છે. કાઠિયાવાડ ગેઝેટિયર કહે છે કે સિંધમાં પારકરમાંથી બે હજાર સોઢા પરમારો દુકાળને લીધે સાયલામાં આવીને વસ્યા, તેમાંથી આજ માત્ર મૂળી તેમના હાથમાં છે.

૧૨. કાઠીઓ પોતાને મહાભારત સમયના કહે છે. તે ખરું હોય કે ન હોય, પણ સૌરાષ્ટ્રમાં એ લોકો સિંધમાંથી કચ્છમાં આવીને પછી વસ્યા. એ લોકોનું ખરું મૂળ નક્કી થયું નથી. એ લોકો ઢાંક ગામના રાજા ધનવાળા પાસે આવતાં ઉમરા કાઠીની પુત્રી ઉમરાબાઇનું સ્વરૂપ જોઈ ધનવાળાએ એની માગણી કરી અને એ બેનાં લગ્ન થતાં ધનવાળો કાઠીમાં ભળી ગયો. ધનને ઉમરાબાઈથી વાળા, ખુમાણ અને ખાચર એમ ત્રણ પુત્રો થયા. તેમના વંશજો એ નામથી આજે ઓળખાય છે અને કાઠીઓમાં ઊંચા છે. એ લોકો ઠરી ઠામ થતાં પહેલાં ઢોર ચારવાનો ને લૂંટનો ધંધો કરતા. કા. ગેઝેટિયર, પૃ. ૧૨૨-૨૪ રાસમાળા. ગુ. ભા. પૃ. ૩૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગમન જેટલું પ્રાચીન નથી. કાઠિયાવાડ નામ તો મરાઠાઓની સત્તા ગૂજરાતમાં થઈ તે સમયનું એટલે અર્વાચીન છે. તે પહેલાં સૌરાષ્ટ્રના મધ્યના એક નાના ભાગને જ માત્ર કાઠિયાવાડ કહેતા. મરાઠાઓની ચડાઈ વખતે સૌરાષ્ટ્રમાં દર વર્ષે કાઠીઓનો સામનો મજબૂત રીતે થતો તેથી મરાઠાઓએ જ સૌરાષ્ટ્રનું નામ કાઠિયાવાડ આપ્યું. એટલે આખા સૌરાષ્ટ્ર દ્વીપકલ્પને માટે કાઠિયાવાડ નામ માત્ર દોઢસો વર્ષ જ જૂનું કહી શકાય. વાળા રજપૂતો વાલાક–વળા અને તળાજામાં એક વખત સત્તામાં હતા. ચૌદમી સદીની શરૂઆતમાં એભલવાળાનું નામ એક રોમાંચકથાનો વિષય થઈ પડયું હતું.[૧૩]

એભલવાળો

આ એભલવાળાના વખતમાં વળાના એક માઢ જાતના મામડિયા નામના ચારણને સાત દીકરીઓ હતી. એમાંથી મોટી દીકરી પગે ખોડી હોવાથી એનું નામ ખોડિયાર હતું અને એ બધી બહેનો

ખોડીઆર માતા

શક્તિ રૂપ મનાતી તેમાં ખોડિયાર સૌથી બળવાન હતી. ખોડિયારનાં મંદિર ઘણી જગાએ છે. ખોડિયાર માતાનું માહાત્મ્ય ઘણું મનાય છે અને ગોહિલ રજપૂતોની એ કુળદેવી મનાય છે. ખોડિયારની બીજી બહેન આવદનું મંદિર કાઠિયાવાડમાં મામસી ગામમાં છે.[૧૪] એ જ

---

૧૩. રાસમાળા ગુ. ભા. ૩૫૪–૩૮૫ બધી ચારણોની વાતો આપેલી છે. ખોડિયારનો પિતા મામડિયો ચારણ એભલવાળાના કામ માટે નીચે પ્રમાણે ઝૂલણા છંદ લખે છેઃ–રાસમાળા પૃ. ૩૮૫ ગુ. ભા.

પ્રથમ મેહ વાળીઓ, કો'ડ ટાળ્યો પછે, વાળો સતવાદિયા જેત્રવાદી;
તખત ભૂપાં શિરે શિરોમણ તળાજુ ગાદીમાં શિરોમણ વળે ગાદી. ૧
કોડ પરણાવતલ, દીહ એકે કન્યા, ભયંકર ભાંજતલ શેર ભેભા;
શાપ ઉતારલ નેહડી સાંઇરો, અણારો આપતલ શિશ એભા. ૨
પોતરો સૂરરો, સૂરજેશો પિતા, મોજ મહેરાણ હિંદુવાણ માજા;
વસારો ઉવસણ ઉવસણ વસાવણ, રાંકરો માળવો ધર્મ રાજા. ૩

એભલને માટે કાંઇ કાંઈ ચમત્કારિક વાતો લખેલી છે.

૧૪. રાસમાળા. ગુ. ભા. ૩૮૨. આ પ્રમાણે કોઈ કોઈ સ્ત્રીઓમાં કોઇ અપૂર્વ શક્તિ જણાતાં એની માતા તરીકે પૂજા થાય છે એવા દાખલા ગૂજરાત કાઠિયાવાડમાં કેટલાક મળી આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયમાં વળાના કાયસ્થોના ગોર વાલમ બ્રાહ્મણો સાથે તેમનાયજમાન કાયસ્થો અને એભલને કજિયો થયો તેથી વાલમ (વાલભ?) બ્રાહ્મણોએ કાયસ્થોનું ગોરપદું છોડયું અને વળા ગામ પણ છોડ્યું; અને એમનો પક્ષ લઈને ધંધુકાના ધનમેર કોળી અને ગોહિલોએ એભલને માર્યો. એના મરણ પછી રાણજી ગોહિલે વળામાં પોતાની ગાદી સ્થાપી.[૧૫]

ઝાલા

સોલંકીઓની સત્તાના અંત સમયથી આજસુધી કાઠિયાવાડના ઈશાન ભાગમાં ઝાલા રજપૂતોનાં સંસ્થાનો આવેલાં છે. આ ઝાલાઓ કચ્છના હરપાલ નામના મકવાણાના વંશમાંથી થયા છે એમ કહેવાય છે અને છેલ્લો વાઘેલો રાજા કર્ણદેવ અને હરપાલ મસિયાઈ ભાઈઓ થતા હતા એમ કહેવાય છે. હરપાલની સ્ત્રી દૈવી શક્તિવાળી હતી અને એણે ચમત્કારિક રીતે હાથ લાંબો કરી હાથીના સપાટામાંથી પોતાના છોકરાને ઝાલીને બચાવ્યો તેથી ઝાલા કહેવાયા એમ કહે છે.[૧૬] આમ ઝાલવું શબ્દ ઉપરથી ઝાલાના વંશની ઉત્પત્તિ કાઢવી એ ચારણી કથાની કલ્પનાયુક્ત યોજનાનો એક ઉત્તમ નમૂનો છે. ખરી રીતે ઝાલા નામ પડવાનું કારણ મળતું નથી. આ ઝાલાઓનું રાજ્ય એ સમયથી, મુસલમાન સત્તાઓનો સામનો કરતું અને પાછું નમતું આજસુધી કાયમ છે, અને કાઠિયાવાડના એ ભાગને આજે ઝાલાવાડ કહે છે. ઝાલાવાડમાં એમનાં નાનાં મોટાં મળીને લગભગ એંતાલીસ રાજ્યો છે અને એમાં ધ્રાંગધ્રા, વાંકાનેર, લીમડી, વઢવાણ અને લખતર મુખ્ય છે.[૧૭]

---

૧૫. એજ. પૃ. ૩૮૨-૮૩.

૧૬. ઝાલાઓની ઉત્પત્તિ અને તેની અદ્‌ભુત કથાઓ રાસમાળા ગુ. ભા. ૧. પૃ. ૩૫૯-૬૭ માં આપી છે. ઝાલી રાખવાથી ઝાલા એ તો કલ્પિત જ લાગે છે. "સોઢો, માંગો ને શેખરો, લાંબે કર ઝાલી લિયા; ઓ આપે શકિત આપણી, કુંવર સામ ઝાલા કિયા." આમ ત્રણ કુંવરને ઝાલી લેવાથી ઝાલા થયા.

૧૭. ઝાલાનાં નાનાં નાનાં સંસ્થાનો ઘણાં છે. તે માટે ગૂજરાત રાજસ્થાન અને કાઠિયાવાડ સર્વસંગ્રહની યાદી જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોહિલો

હવે ગોહિલ રજપૂતો જેમણે ગૂજરાત કાઠિયાવાડમાં સારી સત્તા આજસુધી જાળવી રાખી છે તેમનું જરા વિગતથી વર્ણન કરીએ. કાઠિયાવાડના ગોહિલો અસલ મારવાડના પશ્ચિમ ભાગમાં આવેલા ખેડગઢમાં રાજ્ય કરતા હતા. ત્યાં એમના ઉપર રાઠોડોએ ચડાઈ કરવાનો વિચાર કરી એમને એમના પાડોશી ડાભીઓની સાથે લડાવી માર્યા. આ લડાઈમાં બન્ને નબળા પડયા એટલે રાઠોડોએ એમને નસાડી મૂકયા, અને ઉચાળા ભરીને એ લોકો કાઠિયાવાડમાં જૂનાગઢના રા' પાસે આવ્યા. એમનો સરદાર સેજક ગોહિલ હતો અને એની રાણી ડાભીની પુત્રી હતી. સેજક પોતાની સાથે પોતાના મંત્રી રાજપાળ અમીપાળ શાહ અને પુરોહિત ગંગારામ વલ્લભરામને પણ લાવ્યો હતો.[૧૮] ચારણોનો અહેવાલ કહે છે કે આ પુરોહિતના વંશજો આજસુધી શાહોરમાં છે.

ભાવનગર, લાઠી અને પાલીતાણાના રાજાઓનું મૂળ

જૂનાગઢના રા'એ સેજકજીને નોકરીમાં રાખીને રાજ્યની પૂર્વ બાજૂએ સાવર સાથે અગિયાર ગામ આપીને ખાંટ કોળીઓથી દેશનું રક્ષણ કરવાનું કામ સોંપ્યું. વખત જતાં સેજકજીએ પોતાની પુત્રી વાલમકુંવરને રા'ના પૂત્રને પરણાવી અને આમ ગોહિલો અને ચુડાસમાઓનો સંબંધ પાકો થયો. સેજકજીએ સાવરની પાસે સેજકપુર વસાવ્યું. સેજકને રાણજી, સારંગજી, અને શાહાજી નામે ત્રણ પુત્રો હતા. હવે આ લોકોને જૂનાગઢ તરફથી વધારે ગામો પણ મળ્યાં હતાં. રાણજી મોટો હોવાથી એને સેજકજીની જાગીરનો મોટો ભાગ મળ્યો અને ભાવનગરના રાજકુટુંબનો એ મૂળ પુરુષ થયો. આજે ભાવનગરનું રાજ્ય કાઠિયાવાડમાં પહેલી પંક્તિનું અને સૌથી આબાદ છે. લાઠી કે જ્યાં ગૂજરાતના પ્રસિદ્ધ કવિ કલાપી

૧૮. જુઓ, રાસમાળા ગુ. ભા. ૧, પૃ. ૩૭૪–૭૫. કાઠિયાવાડ ગેઝેટિયર પૃ. ૧૧૪. રાસમાળામાં ડાભીઓ અને સેજકજીના માણસોની લડાઇનું તથા જૂનાગઢ આવ્યા પછી સેજકજીએ પોતાની પુત્રી ચુડાસમાના કુંવરને કેવી રીતે પરણાવી તેનું વિગતવાર વર્ણન આપ્યું છે. ગોહિલો પોતાના ઇષ્ટદેવ મુરલીધરને સાથે લાવ્યા હતા એમ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા છે, તે સારંગજીના વંશના છે; અને પાલીતાણાના ઠાકોરો શાહાજીના વંશના છે.[૧૯]

મોખડાજી ગોહિલ

રાણજી બહુ પરાક્રમી હતો. એણે રાણપુર વસાવ્યું એમ કહેવાય છે. એનો પૂત્ર મોખડોજી ગોહિલ ભારે પરાક્રમી થયો અને એણે આસપાસના મુલક ઉપરાંત ખંભાતના અખાતમાં આવેલો પીરમ બેટ જીતી લીધો. આગળ જોયું તેમ એભલવાળાએ વાલમ બ્રાહ્મણોને તેમના યજમાન કાયસ્થોના કહેવાથી દુઃખ દીધેલું, તેનું બહાનું કાઢી, રાણજીએ ધનમેર કોળીની સહાયથી એભલવાળાને હરાવીને માર્યો અને વાળાઓની સત્તા તે વખતથી ગઈ.[૨૦] એ લોકોનો તળાજા શત્રુંજય વગેરેનો મુલક પણ હવે ગોહિલોના હાથમાં આવ્યો હતો. ઘોઘા પણ મોખડાજીએ લીધું. એ વખતે ઘોઘા ગૂજરાતનું અગત્યનું બંદર હતું. રાસમાળાના લેખક ફોર્બ્સ સાહેબે ગઈ સદીના મધ્યમાં ઘોઘામાં મોખડાજીના સમયના અવશેષો જોયા હતા. પીરમનો બેટ ખંભાતના અખાતમાં ઘોઘાથી ચાર માઈલ છે, ત્યાં મોખડાજીએ કિલ્લો બાંધ્યો હતો અને તેમાં રહી એ ખંભાતના અખાતમાં આવતાં જતાં વેપારીઓનાં વહાણો લૂંટતો અને તેમની પાસે ખંડણી વસૂલ કરતો. પીરમનો ટાપુ એણે બારિયા કોળીઓ પાસેથી જીતી લીધો હતો.[૨૧]

મોખડાજીની મુહમ્મદ તઘલખ સાથે લડાઈ

એમ કહેવાય છે કે એક વખત દિલ્હીના એક મોટા વેપારીનાં સુવર્ણરજ ભરેલાં ચૌદ વહાણ મોખડાજીએ લૂંટયાં. પ્રથમ એણે એ વહાણોનું રક્ષણ કરવાનું સમુદ્રની સાક્ષી રાખીને વચન આપેલું તે

૧૯. કાઠિયાવાડ ગેઝેટિયર પૃ. ૧૧૪.

૨૦. રાસમાળા ગુ. ભા. ૧. પૃ. ૩૮૪. એમ કહેવાય છે કે એભલ પોતાના ઇષ્ટદેવ સૂર્યની પૂજા કરતો હતો તે વખતે મરાયો. એમ પણ કહેવાય છે કે સૂર્યે એના કહેવા પ્રમાણે કર્યું નહિ અને એ બચ્યો નહિ. તેથી વળાના ખંડેરોમાં એનો પાળિયો છે તે સવાર સાંજ સૂર્ય તરફ પૂંઠ ફેરવે છે. આમાં કેટલું સત્ય છે તેની ખબર નથી.

૨૧. રાસમાળા ગુ. ભા. ૧. પૃ. ૩૮૯–૯૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોડયું.[૨૨] વેપારીએ સુલતાન મુહમ્મદ તઘલખને આ બાબત ફરિયાદ કરતાં એણે ગૂજરાત કાઠિયાવાડના પોતાના નિવાસ વખતે મોખડાજી ઉપર ચડાઈ કરી. લડાઈ લાંબો સમય ચાલી અને બન્ને પક્ષની મોટી ખુવારી છતાં કાંઈ પરિણામ આવ્યું નહિ, કારણ કે મોખડાજી લડાઇ કરી પીરમ ટાપુમાં ભરાઇ જતો તેથી મુસલમાન લશ્કર તેને હરાવી શક્યું નહિ. આખરે એક વખત મોખડાજી પીરમથી ઘોઘા આવ્યો અને લડતે લડતે બાદશાહી લશ્કરને હાથે મરાયો. ઘોઘાના દરવાજા આગળ એ મરણ પામ્યો.[૨૩] મોખડાજીનું નામ પીરમના ટાપુની સાથે ગૂજરાતની રોમાંચકથામાં હમેશને માટે અમર થયું છે. આજે પણ એના પાળિયે હિંદુઓ અફીણની કાંકરી મૂકે છે અને પીરમ આગળથી જતા ખારવા મોખડાજીને નામે સમુદ્રમાં થોડું ખાવાનું નાંખે છે.[૨૪]

આમ કાઠિયાવાડના ગોહિલ વંશમાં મોખડાજી સૌથી નામાંકિત થઈ ગયો છે. મોખડાજીને બે રાણીઓ હતીઃ એક રાજપીપળાના પરમારની પુત્રી અને બીજી પાલીતાણા પાસે હાથસણીના સરવૈયા રજપૂતની પુત્રી. રાજપીપળાની કુંવરીને સમરસિંહ નામે પુત્ર અને સરવૈયાની પુત્રીને ડુંગરસિંહ નામે પુત્ર હતા. ડુંગરસિંહ ગોહેલવાડમાં જ રહ્યા; અને તઘલખશાહના ગયા પછી ત્યાં ફરી સત્તા જમાવી. સમરસિંહ પોતાને મોસાળ રાજપીપળામાં જઇને અર્જુનસિંહ નામ ધારણ કરી ત્યાંની ગાદીએ બેઠા. રાજપીપળાના હાલના

---

૨૨. એજ. પૃ. ૩૯૦-૯૧. ખરું કારણ એમ હોય કે મોખડાજીની ચાંચિયાગીરી ખૂબ વધી જવાથી ખંભાતના અખાતનો વહાણોનો વ્યવહાર ભયમાં આવી ગયો હોય અને તેથી ખંભાત મુહમ્મદ તઘલખને તાબે હોવાથી અને ત્યાં ઘણા મુસલમાન વેપારીઓ હોવાથી એણે મોખડાજી ઉપર ચડાઇ કરી હોય.

૨૩. એજ. પૃ. ૩૯૧-૯૨. એમ કહે છે કે મોખડાજીનું માથું 'મારો' 'મારો' બોલ્યા કરતું હતું અને ધડ તરવાર લઇ લડયા કરતું હતું અને ધડે ઘણો સંહાર વાળ્યો તેથી છેવટે ગળીનો દોરો આડો નાંખ્યો ત્યારે ધડ પડયું. આ ચારણી કલ્પના જ છે.

૨૪. એજ પૃ. ૩૯૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાઓ મોખડાજી ગોહિલના વંશના છે.[૨૫]

જાડેજા

આજે કાઠિયાવાડનો વાયવ્ય ભાગ મોટે ભાગે જાડેજા રજપૂતોથી વસેલો છે અને તેમનાં નાનાં મોટાં રાજ્યો ત્યાં છે. આ જાડેજાઓ સિંધમાં એક સમ્મા જાતિમાંથી આવેલા છે અને એ જાતિ યાદવાસ્થળીમાંથી ચાર જાદવો બચ્યા હતા તેમના વંશમાંથી વધેલી છે એમ દંતકથા છે. એમ કહેવાય છે કે ઈ. સ. ૧૩૧૩માં બહમણી સમ્માએ એક ટોળું લઇને કાઠિયાવાડમાં ઘૂમલી ઉપર હુમલો કરી જેઠવાઓ પાસેથી એ ગામ લઈ લીધું, પણ ત્યાં જાથુ રહી શકયો નહિ. જાડેજા લાખા ફુલાણીએ ઈ. સ. ૧૩૨૦માં સિંધમાંથી કચ્છ ઉપર ચડાઇ કરીને કચ્છમાં જાડેજાઓની સત્તા જમાવી એમ કહેવાય છે. જાડેજાઓનો આ પછીનો ઇતિહાસ ગૂજરાતના સુલતાનોના સમયનો હોવાથી અહીં તે અસ્થાને છે. આજે હાલાર પ્રાંત જાડેજાઓનો છે અને કચ્છ આખું જાડેજાઓનું છે. કાઠિયાવાડમાં જામનગર, મોરબી, રાજકોટ અને ગોંડલ એ મોટાં જાડેજાઓનાં રાજ્યો છે.[૨૬] કચ્છ માટે આગળ લખીશું.

---

૨૫. ગૂજરાત રાજસ્થાન પૃ. ૧૫૭. શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી એમના મધ્યકાલીન ઇતિહાસ ભા. ૨. પૃ. ૩૨૦-૨૧. માં લખે છે કે સિદ્ધરાજના સમયમાં ગુહિલકુલનો સાહારનો પુત્ર સહજીક જે એનો અંગરક્ષક હતો તે સૌરાષ્ટ્રનો સૂબો નિમાયો હતો. માંગરોળની સોઢલીવાવના લેખમાં આ હકીકત મળે છે. એને મૂલુક અને સોમ નામે પુત્રો હતા. મૂલુક પણ દંડનાયક થયો હતો. કાઠિયાવાડના ગુહિલો આ મૂલુકના વંશજો છે એમ શાસ્ત્રીજી લખે છે, પણ રાસમાળાના સેજકજી, મોખડાજી વગેરેના વંશના નથી એમ સિદ્ધ કરવા માટે કાંઈ લખ્યું નથી, તેમ તેનો ઉલ્લેખ પણ નથી. લેખથી સહજીક અને મૂલુક ગોહિલ વંશના હતા અને દંડનાયક હતા એટલું સિદ્ધ થાય છે. ગોહિલોની ઉત્પત્તિ માટે ઘણો મતભેદ છે.

૨૬ કાઠિયાવાડ ગેઝેટિયર પૃ. ૧૧૧-૧૧૨. લાખા ફુલાણીનો ભત્રીજો પુનરવો મરણ પામ્યા પછી તેની વિધવાએ સિંધથી જાડાના કુંવર લાખાને ગાદી માટે બોલાવ્યો. એ જાડાના નામ ઉપરથી સમ્માઓ પોતાને જાડેજા કહેવડાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈડર અને રાઠોડો

ગૂજરાતના ઈશાન ખૂણામાં સાબરમતી અને હાથમતીના પ્રદેશમાં આજે ઘણી નાની ઠકરાતો છે અને તે મહીકાંઠાનાં સંસ્થાનો કહેવાય છે. તેમાં ઈડરનું રાજ્ય સૌથી મોટું છે. ઈડરના પુરાતન રાજકર્તાઓ માટે કાંઈ કાંઈ દંતકથાઓ ચાલે છે. પહેલાં ઐલવણ અને વાતાપી રાક્ષસોની દંતકથા,[૨૭] અને તે પછી વેણી વછરાજ અને તેની નાગજાતિની રાણીની દંતકથાઓ ઈડરને માટે ચારણોએ કહેલી છે. વેણી વછરાજ અને એની નાગરાણી તારણ માતાના ડુંગર–તારંગાના વિવરમાંથી પાતાળમાં ગયા એમ દંતકથા કહે છે. આથી માત્ર પ્રાગૈતિહાસિક કાળમાં આખા ગૂજરાતની પેઠે ઈડરના મુલકમાં પણ અસુરો ને નાગજાતિનો વસવાટ હોય એથી વધારે કાંઈ સિદ્ધ થતું નથી.[૨૮] તે પછી પણ ગૂજરાતના બીજા ભાગની પેઠે કોળી લોકોનું ત્યાં રાજ્ય હતું. તે પછી મેવાડના ગુહિલોના મૂળપુરુષ ગુહાદિત્યના વંશનું રાજ્ય થયું, અને ગુહાદિત્યથી આઠમા નાગાદિત્યને મારી ભીલ લોકોએ ફરી રાજ્ય લઈ લીધું. એનો પુત્ર બાપો રાવળ મેવાડના ગુહિલ વંશના સ્થાપક થયા.[૨૯] આજે તળ ગૂજરાતમાં

---

૨૭. આ વાતાપીને અગસ્ત્યે માર્યાનું કહેવાય છે.

૨૮. ગૂજરાતમાં અસુરો અને નાગજાતિને માટે આગળ વર્ણન કરી ગયા.

૨૯. મેવાડના ગુહિલો વલભીના શિલાદિત્યના વંશના છે એવી દંતકથા રાસમાળામાં આપી છે. એ લોકોનો મૂળ પુરુષ નાગરજાતિનો હતો એમ પણ મનાય છે. રજપુતાનાના મહાન ઇતિહાસ લેખક ઓઝાજી એ લોકોને સૂર્યવંશી રજપૂત માને છે. આ બાબત વિદ્વાનોમાં બહુ મતભેદ છે અને એનું હજી કાંઇ સંતોષકારક નિરાકરણ થયું નથી. બન્ને પક્ષો તરફથી ઉત્કીર્ણ લેખોના પુરાવાઓ મળેલા છે છતાં આ બાબતમાં આખર નિર્ણય નથી થયો. ભાવનગરનાં શ્રી માનશંકર મહેતાએ આ બાબતમાં "મેવાડના ગુહિલો" નામે નિબંધ લખ્યો છે તેમાં બધા મતની ચર્ચા કર્યા પછી નાગર બ્રાહ્મણમાંથી ઉત્પત્તિ થયાનું માન્ય રાખ્યું છે. આ મતભેદો અને ચર્ચામાં ઊતરવાનું આ સ્થાન યોગ્ય નથી તેથી તે ચર્ચા છોડી દીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરત બાજૂ ધરમપુરનું રાજ્ય મેવાડના ગુહિલોના વંશનો એક ફાંટો છે એમ કહે છે.[૩૦]

રાય રણમલજી

પ્રતિહારોની સત્તા થોડો સમય થયા પછી પાછી કોળી લોકોની સત્તા થઈ. રાઠોડોએ ઈડર લીધું તે પહેલાં હાથીસોડનો પુત્ર સામળિયો સોડ ઈડરમાં રાજ્ય કરતો હતો અને પ્રજાને રંજાડતો હતો એમ કહેવાય છે. આ વખતે મારવાડમાં રાઠોડોએ મોટી સત્તા જમાવી હતી. તેમાંથી બે રાઠોડ રાજપુત્રો ગૂજરાત કાઠિયાવાડમાં સાહસ ખેડવા નીકળી પડયા; અને તેમાંના એક સોનંગજીએ ઈડરના નાગર પ્રધાનની મદદથી સામળિયા સોડને હરાવીને માર્યો અને ત્યાં રાઠોડની ગાદીની સ્થાપના કરી. સોનંગજી-નો એહમલજી, તેનો ધવલમલ, તેનો લુણકરણ અને તેનો ખરહતજી એમ વંશ ચાલ્યો.[૩૧] ખરહતજીનો પુત્ર રણમલજી ઈડરનો ખાસ પ્રસિદ્ધ રાજા થયો છે અને ગૂજરાતમાં તઘલખ વંશના સૂબાઓ સાથે હમેશાં લડયો છે. ઈડરના રાજાઓએ મુસલમાન સૂબાઓ કે સુલતાનોને રાજીખુશીથી કદી ખંડણી આપી નથી. બળવાન મુસલ-માન સત્તાના દબાણથી તેને ખંડણી ભરવી પડતી, પરંતુ સત્તા સહેજ નબળી પડતાં ખંડણી મળવી બંધ થતી. આમ ઈડરને વારે વારે યુદ્ધમાં ઊતરવું પડતું, અને ઈડરના કિલ્લાની દુર્ગમતાને લીધે તેને જીતવો મુશ્કેલ પડતો. આજે પણ ગૂજરાતમાં કોઇ મુશ્કેલ કામ પાર પડે તો 'ઈડરિયો ગઢ જીત્યો' એમ કહેવત ચાલે છે અને લગ્ન પછી વર પક્ષની સ્ત્રીઓ 'અમે ઈડરિયો ગઢ જીત્યો રે' એ પ્રમાણે ગાય છે.

રણમલે ફીરોઝ તઘલખના સૂબાઓ સાથે લડાઇઓ કરી

રણમલજીનાં મુસલમાનો સાથેનાં યુદ્ધની હકીકત મુસલમાન તવારીખો ઉપરાંત કવિ શ્રીધરના રણમલ છંદ નામના એક પ્રાચીન ગૂજરાતી કાવ્યમાંથી પણ મળે છે. રાવ રણમલે બાદશાહી સૂબા

૩૦. ગૂજરાત રાજસ્થાન પૃ. ૨૩૭.

૩૧. રાસમાળા ગુ. ભા. ૧. પૃ. ૩૯૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝફરખાનના નાયબ શમ્સુદ્દીન અનવરખાન કે જેનું બીજું નામ અબુ રજા હતું તેને હરાવ્યાનું કહેવાય છે. તે પછી આગળના પ્રકરણમાં જોયું તેમ બાદશાહને ગૂજરાતની મહેસૂલ ઉપરાંત વધારાની રકમ અને ઘોડા વગેરે આપવાનું વચન આપતા શમસુદ્દીન દામઘાનીના લશ્કરને પણ રણમલ્લે હરાવ્યું એમ કહેવાય છે. રણમલ છંદમાં ખાસ તો મલીક મુફર્રહ સુલતાનીની સાથે મોટી લડાઇ થઇ તેમાં રાવ રણમલે બાદશાહી લશ્કરને હરાવ્યું તેનું વર્ણન છે. આ બનાવ ઈ. સ. ૧૩૯૦ માં થયો એમ મનાય છે. આ લડાઇમાં ઈડરના રાવની મદદે હિંદુ રાજાઓ આવેલા એમાં સંભરનો રાજા સાંતલ માર્યો ગયો એવું પણ વર્ણન છે. મુસલમાન લશ્કરમાં બંગાળી યોદ્ધાઓ હોવાનો પણ ઉલ્લેખ છે.[૩૨]

આ પ્રમાણે ગૂજરાતનાં મુખ્ય હિંદુ સંસ્થાનોની હકીકત ટૂંકામાં જોઈ. આ હકીકતનો મોટો ભાગ ભાટચારણોએ નોંધી રાખેલો છે એટલે તે શુદ્ધ ઇતિહાસ તો ન કહેવાય. પરંતુ એટલું તો સત્ય જ છે કે મુસલાન સત્તા ગૂજરાતમાં શરૂ થઇ તે પહેલાંનાં આ રાજ્યો ચાલ્યાં આવે છે; અને આજ સુધી ત્રણ ત્રણ સત્તાઓ બદલાયા છતાં હિંદી ગૂજરાતના અવશેષો તરીકે ઊભાં રહ્યાં છે. એટલે એમના

૩૨. કવિ શ્રીધરનો રણમલ છંદ એક વીર રસનું સુંદર કાવ્ય છે. હમણાં એની નવી સંશોધિત આવૃત્તિ ગુ. વ. સો. તરફથી શાસ્ત્રીજી કેશવરામ તૈયાર કરી રહ્યા છે. એઓ ઐતિહાસિક પ્રસ્તાવનામાં લખે છે કે મુસલમાન સૂબાઓનું લશ્કર અને બળ જોતાં એ લશ્કરના કોઇ ભાગ સાથે થયા હોય કે સૂબો નાની વાત સમજીને મોટા લશ્કર સાથે પોતે ન જતાં કોઇને મોકલ્યો હોય કે, લશ્કર અસંતોષથી બરાબર ન લડયું હોય તેવાં કારણોથી આ વિજયો મળ્યા હોય. આ અનુમાન ખરું લાગે છે. મુસલમાન તવારીખોમાં આ યુદ્ધ ૧૩૯૪ માં ઝફરખાન-મુઝફ્ફરખાન સાથે થયાનું લખે છે; જ્યારે શ્રીધરના કાવ્યમાં લખેલા નામ મુજબ ઝફરખાન બીજો (બંગાળી) હોય એમ માનવું પડે. બંગાળી યોદ્ધાઓનો ઉલ્લેખ એ વાત સિદ્ધ કરે છે. જો કે મુઝફ્ફરખાન ઝફરખાન સાથે તવારીખોના કહેવા પ્રમાણે વળી બીજું યુદ્ધ ન થયું હોય એમ માનવાને કારણ નથી, કારણ કે ખંડણી ન આપે ત્યારે ઈડર સાથે વારંવાર આવાં યુદ્ધો થયાં કર્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસ્તિત્વની નોંધ સાંસ્કારિક ઇતિહાસ માટે બસ છે, અને બીજા ગુણદોષમાં ઊતરવાનું અહીં સ્થાન નથી.

પાલણપુર રાજ્ય

અહીં એક નોંધ લેવી જોઇએ અને તે પાલણપુરનું મુસલમાન રાજ્ય. આ રાજ્યની ઉત્પત્તિ આ સમયમાં જ થઈ છે, જો કે તળ ગૂજરાતમાં તેમની સત્તા પાછળથી જામેલી છે. આગળ જોઈ ગયા તે પ્રમાણે અલ્લાઉદ્દીન ખીલજીએ ઝાલોરના ચૌહાણ કાન્હડદેવને હરાવ્યો. કાન્હડદેવ પછી પાંચ રાજા થયા અને પાંચમાં અખેરાજના વખતમાં કવિ પદ્મનાભે કાન્હડદે પ્રબંધ રચ્યો. એમ કહેવાય છે કે ચૌદમી સદીની શરૂઆતમાં બિહારથી કોઈ શેરખાન નામે લોહાણી અફઘાન કાંતો મક્કે જતાં કે કાંતો સાહસ ખેડવા માટે મારવાડમાં આવી પહોંચ્યો અને ઝાલોરના ચોહાણોની નોકરીમાં રહ્યો, અને સાથે પોતાનો પરિવાર પણ લાવ્યો હતો. ઈ. સ. ૧૩૯૨ ની લગભગમાં મારવાડના મંડોરના રાઠોડ રાજાની દાનત ઝાલોરના રાજ્ય ઉપર બગડી. એણે એ વખતના વિશલદેવ ચોહાણને પોતાની બહેનનું માગું મોકલાવ્યું અને લગ્ન માટે તેડાવ્યો, અને એને દગો કરીને મારી નાંખ્યો. વિશલદેવની વિધવા રાણી પોપનબાઇએ મલીક ખુર્રમ નામના લોહાણી અફઘાનોના સરદારની મદદથી થોડો સમય રાજ્યવહીવટ કર્યો, પરંતુ રજપૂતો અને અફઘાનોને બન્યું નહિ, અને મલીક ખુર્રમે ઝાલોર શહેર અને સોનગીરનો કિલ્લો કબજે કરી પોતાની સત્તા જાહેર કરી.[૩૩]

હિંદનું સૌથી પ્રાચીન મુસલમાન રાજ્ય

આમ રજપુતાનાની મધ્યમાં જ એક મુસલમાન રાજ્યની સ્થાપના થઈ. ચૌહાણોનો કોઈ એવો પ્રતિભાશાલી કે સત્તાશીલ રાજવંશી ન રહેવા છતાં મલીક ખુર્રમને પોતાની સહીસલામતી બરાબર લાગતી નહોતી, તેથી તેણે ગૂજરાતના સૂબા ઝફરખાનને વિનંતી કરી કે અલ્લાઉદ્દીને ઝાલોર સર કરેલું તે પાછું પોતે મુસલ-

---

૩૩. ગૂજરાત રાજસ્થાન પૃ. ૬૦. પ્રૉ. કૉમીસેરિયેટનો અંગ્રેજી ગૂજરાતનો ઇતિહાસ પૃ. ૫૦–૫૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન સત્તા નીચે આણ્યું છે, અને બાદશાહે એને મંજૂર રાખી એને કાયમ કરવો જોઈએ. ઝફરખાનની મદદથી દિલ્હીથી એને બાદશાહી ફરમાન ઈ. સ. ૧૩૯૪માં મળ્યું અને ઝાલોર એના વંશની સત્તામાં ત્રણસો વર્ષ રહ્યું. ઈ. સ. ૧૩૯૯માં તૈમુરની ચડાઈ પછી દિલ્હીની સાર્વભૌમ સત્તા નરમ પડી તે વખતે ઝાલોરે થોડી સ્વતંત્રતા પણ ભોગવી હતી, પણ ગૂજરાતના સૂલતાનોની અને પાછળથી મોગલોની સત્તા હમેશાં એમણે કબૂલ રાખી છે. મોગલ સમયમાં જોધપુરના રાઠોડોએ ઝાલોર લઈ લીધા પછી એ લોકોએ પાલણપુરમાં ગાદી સ્થાપી.[૩૪]

પ્રકરણ સત્તરમું

ઝફરખાન (મુઝફ્ફરખાન) સૂબો

ઝફરખાને ગાંભૂ ગામ પાસે ફરહતઉલમુલ્કને હરાવ્યા પછી પાટણ આવીને પોતાની સૂબાગીરીનો હોદ્દો સંભાળી લીધો અને ગૂજરાતની બરોબર વ્યવસ્થા કરવાનો નિશ્ચય કરીને ખંભાત તરફ ગયો, અને ત્યાં પાકો બંદોબસ્ત કર્યો. ઝફરખાન ડાહ્યો, હોશિયાર અને દૃઢનિશ્ચય બળવાળો હતો. ગૂજરાતના સ્વતંત્ર સુલતાનોનો એ મૂળ પુરુષ હતો, અને એનામાં મૂળ સ્થાપકને લાયકના ગુણ પણ હતા.

ઈડર સાથે લડાઈ

હિ. સં. ૭૯૬ ઈ. સ. ૧૩૯૪માં સુલતાન મુહમ્મદ બીન ફીરોઝશાહ મરણ પામ્યો અને એનો પુત્ર હુમાયુખાન સુલતાન અલાઉદ્દીનનું નામ ધારણ કરીને ગાદીએ બેઠો. પણ તે દોઢ મહિનામાં મરણ પામવાથી એનો નાનો ભાઈ નાસિરૂદ્દીન મહમદશાહ

---

૩૪. પ્રો. કૉમીસેરિયેટનો ઇતિહાસ પૃ. ૫૧–૫૨. પ્રો. કૉમીસેરિયેટ માને છે કે પાંચસો વર્ષથી આજ સુધી અસ્ખલિત રાજ્ય કરવા માટે હિંદનાં આજનાં મુસલમાન રાજ્યોમાં સૌથી પ્રાચીનમાં પાલણપુરની ગણત્રી થાય. મોગલાઈ પહેલાંની સ્વતંત્ર સલ્તનતોના વંશ કે મોગલાઈના વંશનાં ખાસ રાજ્યો જણાતાં નથી. જે છે તે મોગલાઈના અંતસમયમાં થયેલાં છે તે જોતાં આ માન્યતા ખરી છે. ગૂજરાતમાં પણ ખંભાત, જૂનાગઢ, રાધનપુર તથા બહારનાં નિઝામ વગેરે રાજ્યો મોગલાઈના અંત સમયનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાદીએ આવ્યો.[૧] આ વખતે ઈડરના રાવે ખંડણી નહોતી ભરી અને તે સામો થવા પ્રયત્ન કરે છે એવા સમાચાર મળ્યા. ઝફરખાને લશ્કર લઈ ઈડરને ઘેરો ઘાલ્યો. ઘેરાથી કિલ્લામાં દાણા પાણીની એટલી બધી તંગી પડી કે લોકોને કૂતરાં બિલાડાં ઉપર નિભાવ કરવો પડયો. ઝફરખાને ઈડરના મુલકને તારાજ કરવા હુકમ આપ્યો. ઈડરના રાવે લોકોને ખૂબ પિડાતા જોઈને પોતાના પુત્રને ઝફરખાન પાસે લડાઈ અટકાવવા માટે વિનંતી કરવા મોકલ્યો અને ઘણું ઝવેરાત ખંડણી તરીકે આપ્યા પછી લડાઈ બંધ કરી.[૨] ઈડરને વશ કર્યા પછી ઝફરખાને સોમનાથ અને દીવ તરફ જવા વિચાર કર્યો, પણ આસીર–બુરહાનપુરના આદીલશાહે ગૂજરાત તાબેના સુલતાનપુર નંદરબાર તરફનો મુલક દબાવ્યાના સમાચાર મળતાં, સોમનાથ તરફનું પ્રયાણ માંડી વાળીને નંદરબાર તરફ ગયો અને આદીલશાહને પાછો હઠાવીને પોતે અણહિલવાડ પાટણ આવ્યો.[૩] બીજા વર્ષમાં ૧૩૯૫માં પાટણની પશ્ચિમે ઝરંદ તરફ રાય બીહારાને વશ કરી એ જ વર્ષમાં સોમનાથ તરફ જવા વિચાર કર્યો.[૪]

---

૧. સિકંદરી Bayley's Gujarat P. 75–76.

૨. તારીખે ફિરિસ્તામાં આ વિગત આપેલી છે. મિરાતે સિકંદરી માત્ર ઈડરના મુલકને તારાજ કરવાનો હુકમ આપતાં રાવે તાબે થવા કહેવડાવ્યું અને લડાઈ બંધ પડી એટલું જ લખ્યું છે. આ લડાઈનો ઉલ્લેખ રણમલછંદમાં છે કે નહિ તે નક્કી કરવું મુશ્કેલ છે. એમાં ઝફરખાનનું નામ આવે છે, પણ તે ઝફરખાન બંગાળી હોવાનું ધારવામાં આવે છે. કદાચ આ ઝફરખાનની લડાઇનો ઉલ્લેખ હોય તો પણ છંદમાં રાવ જીત્યાનું લખે છે. પણ મુસલમાન તવારીખો જીત્યાનું લખતા નથી. પણ કદાચ બન્ને તરફ કાંઈ ખાસ મહત્ત્વના પરિણામ વગરની લડાઇ થઇ હોય. કારણ કે થોડા જ વખતમાં બીજી લડાઈનો ઉલ્લેખ તવારીખકારો કરે છે. મહત્ત્વના પરિણામ વગરની લડાઇને બન્ને પક્ષોએ જીત ગણી હોય.

૩. Bayley's Gujarat P. 76. ઝફરખાને માત્ર હિંદુ રાજા ઠાકોરો સાથે જ લડાઈ કરી છે એમ નથી, આસપાસની મુસલમાન સત્તાઓ સાથે પણ કરી છે. એટલે તવારીખકારો હિંદુઓ સાથેના તેના વર્તનમાં જે કડક શબ્દો વાપરે છે તે ગાળોને માનવા જેવા છે.

૪. એજ પૃ. એજ. આ ઝરંદ કયો ભાગ તે નક્કી થયું નથી. સિકં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમનાથ અને બીજાં હિંદુ રાજ્યો સાથે લડાઈ

સોમનાથનાં મંદિરનો નાશ કરીને ઝફરખાને મુસલમાન ધર્મનો પ્રચાર કર્યો અને એ પ્રમાણે ત્યાં કાજી વગેરે અમલદારોની નિમણુક કરી.[૫] હિ. સં. ૭૯૯ (ઈ. સ. ૧૩૯૭)માં ચિત્તોડના તાબાના માંડલગઢના રાજાએ મુસલમાનો તરફ ખરાબ વર્તણુક રાખી છે એવા ખબર મળવાથી ઝફરખાને માંડલગઢ તરફ કૂચ કરીને ઘેરો ઘાલ્યો. માંડલગઢનો કિલ્લો ઘણો મજબૂત હોવાથી એને એક વર્ષ ઉપર થોડા મહિના સુધી ઘેરો ચાલુ રાખવો પડયો. આખરે માંડલગઢના રાજાએ તાબેદારી સ્વીકારી મુસલમાનો તરફ સમભાવ રાખવાનું કબૂલ્યાથી અને ખંડણી આપવાથી લડાઇનો અંત આવ્યો.[૬] માંડલગઢથી ઝફરખાને ખ્વાજા પીરની દરગાહના દર્શન માટે અજમેરની યાત્રા કરી. ત્યાંથી દેલવાડા અને જલવાડાના હિંદુઓને[૭] સજા કરી ઈ. સ. ૧૩૯૭માં એ પાટણ આવ્યો અને તે પછી એક વર્ષ શાંતિમાં ગાળી કોઈ સ્થળ ઉપર ચડાઈ કરી નહિ.

દરીની એક નકલમાં બિહારમાં ઝાડખંડ એમ લખે છે પણ તે નકલકારની ભૂલ છે એમ કલાઈવ બેલી નોટમાં લખે છે. રાય બીહારા તે રાય બીહારી નામનો હિંદુ રાજા હોવો જોઇએ. મહમૂદશાહી અને તબકાતે અકબરીમાં ઝરંદ નામ છે તે ખરું છે.

૫. મિરાતે સિકંદરી Bayley's Gujarat P. 76–77. અલાઉદ્દીને સોમનાથનું મંદિર તોડયા પછી એકસો વર્ષ પૂરાં થતાં પહેલાં આ ફરીથી નાશ થયો.

૬. એજ પૃ. ૭૭ સિકંદરીમાં માંહુગઢ લખેલું છે. પણ તબકાતે અકબરી માંડલગઢ લખે છે અને એ પાઠ કલાઈવ બેલી કબૂલ રાખે છે. ફિરસ્તા પણ તબકાતને અનુસરે છે. આ લડાઈનું ખરું કારણ ખંડણી લેવાનું હોવું જોઈએ. મેવાડ કે મારવાડમાં હિંદુ રાજા ત્રાસ આપે એટલી મુસલમાન વસ્તી એ વખતે હોય એમ સંભવતું નથી. મુસલમાન તવારીખકારો ઘણી વાર ખંડણીની ચડાઇઓને કોમીસ્વરૂપ આપે છે એવા દાખલા મળે છે.

૭. આ દેલવાડા તે આબુનું દેલવાડા કે મેવાડમાં દેવકુલપાટક–દેલવાડા તે સમજાતું નથી. પણ દેવકુલપાટક હોવાનો સંભવ વધારે છે. જલવાડા, ચખવાડા, અને જગવારા, એમ ત્રણ પાઠ છે. આ સ્થળનો નિર્ણય થઈ શકયો નથી. આ પણ ખંડણીની ચડાઈ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાતારખાનની દિલ્હીની ગાદી લેવાની ઇચ્છા અને તૈમૂરની ચડાઈ

આ વખતે દિલ્હીની સત્તા છેક નબળી પડી ગઈ હતી અને દરેક ઉમરાવ ગાદી માટે ઇચ્છા કરતો હતો. ઇકબાલખાન એ વખતે સત્તાધારી હતો. ઝફરખાનના પુત્ર તાતારખાને દિલ્હી લેવાના ઇરાદાથી થાણેશ્વર અને પાણીપતથી લશ્કર ભેગું કરી હુમલો શરૂ કર્યો, પણ તેમાં ઇકબાલખાને તેને ન ફાવવા દીધો અને તે વધુ સહાય માટે ગૂજરાતમાં પોતાના બાપ પાસે આવ્યો. તે જ સમયે ઈ. સ. ૧૩૯૭માં સાહેબે કિરાન અમીર તૈમૂર ગોરગાને હિંદુસ્તાન ઉપર ચડાઇ કરી. અનુભવી અને ડાહ્યા ઝફરખાનને આવે વખતે દિલ્હી ઉપર ચડાઇ કરવી ઠીક ન લાગવાથી એણે તાતારખાનને મદદ આપવાની ના પાડી. તાતારખાનને આ વાત ગમી નહિ.[૮]

ઈડર ઉપર ફરી ચડાઈ અને રાવ સાથે સલાહ

હિ. સં. ૮૦૦ ઈ. સ. ૧૩૯૮માં ઝફરખાન અને તાતારખાન બન્નેએ ફરી એકવાર ઈડર ગઢ ઉપર ચડાઈ કરી અને આ વખતે તો ઇડરના મુલકને પૂરેપૂરો તાબે કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ તે જ વખતે તૈમૂરે દિલ્હી સર કર્યાના સમાચાર મળવાથી ઝફરખાનને લાગ્યું કે આવે સમયે રાજધાનીથી દૂર રહેવું સારું નહિ, તેથી તે ઈડરના રાય રણમલ સાથે સલાહ કરીને પાટણ ગયો.[૯] એ જ વર્ષમાં સોમનાથ તરફ બળવો શાંત કરવા પણ તેને જવું પડયું.[૧૦]

તૈમૂરની ચડાઇ અને દિલ્હીનો બાદશાહ પાટણમાં આવ્યો

હિ. સં. ૮૦૦ ઈ. સ. ૧૩૯૮ માં તૈમૂરે જે ચડાઈ કરી તેથી ઉત્તર હિંદમાં ખૂબ ત્રાસ વર્ત્યો. દિલ્હીની નબળી સત્તા છેક તૂટી

---

૮. એજ પૃ. ૭૪-૭૫

૯. એજ પૃ. ૭૯. આ ફરી પાછી ઈડર ઉપરની ચડાઇ સૂચવે છે કે ઈડરના રાવે લડાઈ થયા વગર ખંડણી આપવા ઇચ્છા કરી જ નથી. આ લડાઇમાં સુલેહ કરવાની ફરજ પડી તે માટે તૈમૂરની ચડાઈનું કારણ ખરું લાગે છે. જો કે શરૂઆતમાં થોડી હાર પણ ખમવી પડી હોય તેથી ઝફરખાને સંજોગો વિચારી યુદ્ધ લંબાવવું માંડી વાળ્યું હોય.

૧૦. સિકંદરી Bayley's Gujarat P. 79.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી. ઉત્તર હિંદમાંથી નિરાધાર લોકોનાં ટોળાં ત્રાસને લીધે નાસીને ગૂજરાતમાં આવ્યાં, અને ઝફરખાને તે લોકોનો સારો સત્કાર કરીને તેમને સગવડ કરી આપી. આ વખતે દિલ્હીની ગાદીએ સુલતાન ફીરોઝનો પૌત્ર સુલતાન મહમૂદ હતો તે પણ ગૂજરાત તરફ નાસી આવ્યો, અને પાટણમાં ઝફરખાને તેનો યોગ્ય સત્કાર કર્યો. સુલતાનનો ઈરાદો ઝફરખાનની સહાયથી ગૂજરાતમાંથી લશ્કર લઇને દિલ્હી હાથ કરવાનો હતો. પરંતુ ઝફરખાનને આ કાર્ય શક્ય લાગ્યું નહિ, તેથી બાદશાહ નિરાશ થઈ માળવાના અલપખાન પાસે સહાય માટે ગયો. તૈમૂર જેટલી ઝડપથી આવ્યો હતો તેટલી ઝડપથી પાછો ગયો, અને ભય, ત્રાસ ને કતલનું સંભારણું હિંદુસ્તાનમાં પાછળ મૂકતો ગયો. એમ કહેવાય છે કે એણે એક લાખ કેદીઓની કતલ કરી.[૧૧] આમ મુહમ્મદશાહ અને ફીરોઝશાહ તઘલખે વિસ્તારેલું સામ્રાજ્ય તૂટી પડતું હતું તેને તૈમુરે પૂરું કર્યું. જે જે પ્રાંતો સ્વતંત્ર થયા તેમાં ગૂજરાત પણ અગ્રસ્થાને હતું. દિલ્હીનો બાદશાહ મહમૂદ માળવામાં પણ નિરાશા પ્રાપ્ત થવાથી કનોજ બાજૂ ગયો અને રખડવા લાગ્યો.[૧૨]

ઈડરની ફરીથી લડાઈ

હિ. સં. ૮૦૩ (ઈ. સ. ૧૪૦૧) માં ઝફરખાને ફરીથી ઈડર ઉપર ચડાઈ કરી. આ વખતે લડાઈ સખત ચાલી અને ઝફરખાને ઈડરનો કિલ્લો સર કર્યો. ઈડરનો રાવ રાતો રાત વીસનગર તરફ નાસી ગયો. ઝફરખાને ઈડરમાં હિંદુ મંદિરોનો નાશ કર્યો, કિલ્લામાં થાણું મૂક્યું અને મુલક ખાલસા કર્યો. પરંતુ આ સ્થિતિ લાંબો વખત ચાલી જણાતી નથી અને ઈડર પાછું એના મૂળ સ્વામીને હાથ ગયું.[૧૩]

---

૧૧. એજ. પૃ. ૭૯. તબકાતે અકબરી. બેલીના ઇતિહાસમાં પૃ. ૭૯ માં ફૂટનોટ. પ્રૉ. કૉમીસેરિયેટનો ઇતિહાસ પૃ. ૫૬.

૧૨ યહયાબીન અહમદ કૃત તારીખે મુબારકશાહી ઇલિયટ IV P. 35.–37. કહે છે દિલ્હીમાં તૈમૂરે દંડ વસૂલ કરવા માંડયો તે સામે કેટલાક તોફાન કરવાથી તૈમૂરે લોકોને કેદ પકડયા અને પાછળથી માફી આપી. તબકાતે અકબરીનો ઉતારો નોટમાં આપ્યો છે.

૧૩. સિકંદરી આ બાબત કાંઈ લખતી નથી. સર કલાઈવ બેલીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમનાથ અને દીવની લડાઈ

બીજા વર્ષમાં (ઈ. સ. ૧૪૦૨) માં સોમનાથમાં હિંદુ લોકોએ ફરી મૂર્તિપૂજા શરૂ કરી છે એવા સમાચાર મળ્યા. ઝફરખાને આગળ લશ્કર મોકલીને પોતે પણ પાછળ ગયો અને સોમનાથ પાસે લડાઈ થઈ તેમાં હિંદુઓ દીવ ટાપુના કિલ્લા તરફ નાસી ગયા. ઝફરખાન પણ પાછળ દીવ ગયો અને ઘણાની કતલ કરી મુખ્ય સરદારને હાથીના પગ તળે કચરાવી નાંખ્યો. દીવમાં મંદિરોનો નાશ કરી મસ્જિદ બાંધી એ પાછો પાટણ આવ્યો.[૧૪]

તાતારખાન ગૂજરાતનો પહેલો સ્વતંત્ર સુલતાન

મુઝફ્ફરખાન (ઝફરખાન)ને એના પુત્ર તાતારખાન સાથે દિલ્હી ઉપર ચડાઈ કરવા માટે મતભેદ ચાલ્યા કરતો હતો તે હવે વધારે તીવ્ર બન્યો. તૈમૂર હવે હિંદની બહાર ચાલ્યો ગયો હતો અને દિલ્હી ઉપર ચડાઈ કરી ઈકબાલખાનને હરાવી હિંદુસ્તાનના બાદશાહ બનવાની મહત્ત્વાકાંક્ષા તાતારખાનના મનમાં દૃઢ થઇ ગઇ હતી. મુઝફ્ફરખાન વૃદ્ધ અને અનુભવી હતો અને એને ગૂજરાતની સ્વતંત્ર બાદશાહતથી જ માત્ર સંતોષ હતો. દિલ્હીની ગાદી લઇ હિંદુસ્તાનના સમ્રાટ બનવાની મહત્ત્વાકાંક્ષા એને ડહાપણ ભરેલી લાગતી નહોતી. આથી બાપ દીકરા વચ્ચે ઝઘડો વધી પડયો અને બન્ને જ્યારે આશાવલમાં હતા ત્યારે, તાતારખાને પોતાના પિતાને કેદ કરી,[૧૫]

તબકાતે અકબરીનો ઉતારો પૃ. ૮૦ની નોટમાં આપ્યો છે. સિકંદરીમાં આગળ વર્ણવેલી ચડાઈ અને આ ચડાઈ એક જ કે જુદી તે કહેવું મુશ્કેલ છે, છતાં બન્ને વચ્ચે બેથી ત્રણ વર્ષનું અંતર હોવાથી આ જુદી જ હોવી જોઈએ. તૈમૂરના સમાચારને લીધે ઈડર સાથે સલાહ કરવી પડેલી તેનું વેર લેવા આ ચડાઈ હશે.

૧૪. એ જ નોટમાં સોમનાથ અને દીવની ચડાઈ આપેલી છે. સિકંદરીએ દીવ માટે કાંઇ લખ્યું નથી. તબકાતે અકબરીનો લેખક નિઝામુદ્દીન અહમદ ડાહ્યો ઇતિહાસકાર ગણાય છે, છતાં આ જગાએ "Dogs of Somanath" 'સોમનાથના કૂતરા' એવો શબ્દ હિંદુ માટે વાપરે છે.

૧૫. મિરાતે સિકંદરી પહેલાં લખે છે કે મુઝફ્ફરખાને પોતે જ આશાવલમાં પોતાના પુત્ર તાતારખાનને ગાદીએ બેસાડી પોતે નિવૃત્ત થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતે નાસિર–ઉદ્-દુનિયા–વઉદ્દીન[૧૬] મુહમ્મદશાહ નામ ધારણ કરી આશાવલમાં જ ગાદીએ બેઠો. રાજ્યના મોટા અમલદારોને પોતાના પક્ષમાં લઇ લીધા. ઘણા બહારથી તેની સાથે મૈત્રી બતાવી અંદરથી તેની વિરુદ્ધ હતા. આમ હિ. સ. ૮૦૬ માં નવેંબર ૧૪૦૩ માં–તાતારખાન સ્વતંત્ર ગૂજરાતનો પહેલો સુલતાન થયો. એના પિતા ઝફરખાન–મુઝફ્ફરખાને–આ સ્વતંત્રતાનો પાયો નાંખ્યો હતો, પરંતુ પોતે જાહેર રીતે હજી સ્વતંત્ર સુલતાન થયો નહોતો. એનો પુત્ર જ પહેલો સુલતાન થયો અને એ પોતે બીજો સુલતાન થયો. એ ઇતિહાસની એક વિચિત્રતા છે.

સુલતાન મુહમ્મદશાહનું મરણ

સુલતાન મુહમ્મદશાહે ગાદીએ બેસતાંની સાથે નાંદોદના ગોહિલ રાજા ગેમલસિંહજી ઉપર ચડાઈ કરીને એને હરાવ્યો.[૧૭] નાંદોદની ચડાઈ પછી તુરત જ મુહમ્મદશાહ લશ્કર લઇ દિલ્હી તરફ રવાના થયો, પણ થોડે દૂર જતાં રસ્તામાં સિનોર મુકામે માંદો પડયો અને મરણ પામ્યો. તવારીખકારોનું માનવું એવું છે કે એના પિતા ઝફરખાનના હુકમથી એનો કાકો શમ્સખાન, જે સાથે લશ્કરમાં જ હતો, એણે પોતાના ભત્રીજાને વિષ આપ્યું,[૧૮] એને પાટણમાં દફન

પણ પાછળથી લખે છે કે ગૂજરાતના લોકો ખરી વાત એવી કહે છે કે ખોટા મિત્રોના ચડાવવાથી તાતારખાને બાપને કેદ કર્યો. તારીખે અલફી લખે છે કે એને ભરૂચમાં કેદ કર્યો. તબકાતે અકબરી, અને બીજી તવારીખો પણ કેદ કર્યાની વાતને જ ટેકો આપે છે એટલે એ વાત ખરી લાગે છે. સિકંદરીનું પહેલું લખાણ સમકાલીન મહમૂદશાહી કે મુઝફ્ફરશાહી ઉપરથી લીધું હોવું જોઈએ અને એ તવારીખો એવી વાત કુદરતી રીતે છુપાવે જુઓ સિકંદરીનો તરજુમો. Bayleys Gujarat. P. 81.

૧૬. ફિરિસ્તા ગ્યાસુદ્દીન નામ લખે છે.

૧૭. ગૂજરાત રાજસ્થાન. પૃ. ૧૫૪. સિકંદરીનો તરજુમો Bayley's Gujarat. P. 81. સિકંદરી એમ કહે છે કે નાંદોદ (રાજપીપળા) નો રાજા પોતાના ડુંગરાળ મુલકને લીધે કોઇ જીતી શકશે નહિ એવી ધારણાથી સુલતાનની સત્તાને માન્ય રાખતો નહોતો, તેથી ચડાઈ કરી.

૧૮. સિકંદરીનો તરજુમો:-Bayley's Gujarat. P. 82. તબકાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં આવ્યો. એનું રાજ્ય બે મહિના ઉપર થોડા દિવસ રહ્યું.૧૯ મિરાતે સિકંદરીમાં લખે છે કે રાજ્ય લીધા પછી મુહમ્મદશાહે શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબને, જેમને કુતુબઉલ આફ્રીન પણ કહેતા, તેને મોટી નાણાંની રકમ ભેટ મોકલી, પણ એ સંત પુરુષે તે લીધી નહિ અને સુલતાનને કહેવડાવ્યું કે 'એ રકમ આપવાનો તને હક નથી, કારણ કે હાલ તે રકમ તારા બાપની છે.' આમ ઈ. સ. ૧૪૦૪ ના ફેબ્રુઆરી માસમાં ગૂજરાતના પહેલા સ્વતંત્ર સુલતાનનો અંત આવ્યો, અને એ સલ્તનતનો પાયો બાપદીકરા વચ્ચે વેર અને કાવાદાવાથી તથા પહેલા સુલતાનના લોહીથી નંખાયો. એમ કહેવાય છે કે મુઝફ્ફરખાનને આ કૃત્યનો ખૂબ પસ્તાવો થયો અને પોતાનું આખું જીવન એણે શોકમાં ગાળ્યું. એણે પોતાના ભાઇ શમ્સખાનને રાજ્ય આપીને પોતે એકાંતવાસ કરવાની ઇચ્છા પણ વ્યક્ત કરી, પરંતુ શમ્સખાને એને સમજાવીને રોકયો. શમ્સખાનને એણે જલાલ ખોખરની જગાએ નાગોરના સૂબા તરીકે નીમ્યો. મુઝફ્ફરે હવે તાતારખાનના પુત્ર અહમદને પોતાનો વારસ ઠરાવ્યો અને રાજકાર્યની તાલીમ આપવા માંડી.૨૦

દિલ્હી સુલતાન મહમૂદ તઘલખને અપાવવા મુઝફ્ફરનો યત્ન

હિ. સ. ૮૦૭ ના શાબાન મહિનાની ૧૯મી તારીખે (ઈ. સ. ૧૪૦૪) અમીર તૈમૂરના મરણના સમાચાર આવ્યા, એટલે હિંદુસ્તાનમાં એણે દાબી નાંખેલી સત્તાઓમાં જીવ આવ્યો. રખડી રખડીને

અકબરી પણ આ વાતને ટેકો આપે છે. યહયાબીન અહમદકૃત તારીખે મુબારકશાહી (Illiot. IV. P. 39.) પણ એ જ વાત લખે છે. સિકંદરી માંદો પડયો એમ અને હોશિયાર વૈદ્યોનું કાંઇ ચાલ્યું નહિ એમ લખીને પછી ખરી વાત વિષ આપ્યાની પણ લખે છે. બહુ દારૂ પીધાથી માંદો પડયો એમ તબકાતે અકબરી લખે છે.

૧૯. Tabkat-e-Akabari quoted in Bayley's Gujarat. P. 81. તારીખે અલફી મુહમ્મદશાહે પોતાનો સિક્કો પડાવી ખુતબો પઢાવ્યો એમ લખે છે, પણ ઝફરખાને તેમ નહોતું કર્યું એમ ઉમેરે છે. મુહમ્મદશાહને ખુદાર્થગાને શહીદ કહે છે.

૨૦. મિરાતે સિકંદરીનો તરજુમો. Bayley's Gujarat. P. 83.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે કનોજની ગાદીએ બેઠેલા ફીરોઝ તઘલખના પૌત્ર સુલતાન મહમૂદ ઉપર દિલ્હીથી ઇકબાલખાને ચડાઇ કરી અને કનોજને ઘેરો ઘાલ્યો પણ એનું કાંઇ વળ્યું નહિ. હિ. સં. ૮૦૮ (ઈ. સ. ૧૪૦૫) માં આ સમાચાર ઝફરખાન–મુઝફ્ફરખાનને મળતાં એણે પોતાના જૂના માલિક બાદશાહ મહમૂદને મદદ કરવા લશ્કર ભેગું કર્યું, અને દિલ્હી તરફ કૂચ કરી. એ અરસામાં જ સુલતાન મહમૂદ તરફથી ખજરખાને ઇકબાલખાનને હરાવ્યો અને સુલતાન મહમૂદ પોતાના બાપદાદાની ગાદીએ દિલ્હીમાં બેઠો. આમ થવાથી મુઝફ્ફરને દિલ્હી સામે લઢવાની જરૂર રહી નહિ.[૨૧]

મુઝફ્ફર ગૂજરાતનો સ્વતંત્ર સુલતાન

આમ તાતારખાનના મરણ પછી મુઝફ્ફરે લગભગ સાડાત્રણ વર્ષ સ્વતંત્ર બાદશાહીનાં કાંઈ ચિહ્ન વગર રાજવહીવટ કર્યો. પરંતુ હવે દિલ્હીની બાદશાહતના સિક્કા પડતા બંધ થયા હતા. મુઝફ્ફરના અમીરો અને અમલદારોએ એને રાજચિહ્ન ધારણ કરવા ખાસ વિનંતી કરી. એટલે હિ. સં. ૮૧૦-ઇ. સ. ૧૪૦૭–માં ઝફરખાને–મુઝફ્ફરખાને વીરપુર મુકામે શમ્સુદ્દુનિય-વઉદ્દીન–મુઝફ્ફરશાહ નામ ધારણ કરી પોતાને ગૂજરાતના સ્વતંત્ર સુલતાન તરીકે જાહેર કર્યો, અને રાજચિહ્નનું છત્ર ધારણ કર્યું.[૨૨]

મુજફ્ફરનો બાપ વજીહ ઉલમુલ્ક ટાંક રજપૂત

અહીં ગૂજરાત સલ્તનતના સ્થાપક મુજફ્ફરશાહના કુટુંબની ઉત્પત્તિની કથા રસમય હોવાથી ટૂંકામાં જોઇએ. ઝફરખાન–મુજફ્ફર

---

૨૧. એજ પૃ. ૮૩ આ ઉપરથી તાતારખાન અને મુઝફ્ફરના આશયો ઉપર કાંઈક પ્રકાશ પડે છે. તાતારખાનની ઇચ્છા દિલ્હીની ગાદી પોતે જ પડાવી લેવાની હતી, જ્યારે મુઝફ્ફર પોતાના જૂના બાદશાહને વફાદાર રહેવા ઇચ્છતો હતો. મુઝફ્ફર ધારત તો દિલ્હીની ગાદી સહેલાઈથી લઈ શકત, પણ તૈમૂરના મરણ પછી પણ એણે ઈકબાલખાન સામે સુલતાન મહમૂદને મદદ કરવા તૈયારી કરી એ એની શુદ્ધ નિષ્ઠા સિદ્ધ કરે છે, અને બાપ દીકરાના ઝઘડામાં દીકરાનો જ વાંક હશે એમ નક્કી લાગે છે.

૨૨. એજ. પૃ. ૮૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ--નો બાપ વજીહ ઉલમુલ્ક હિંદુ હતો અને તે ટાંક[૨૩] જાતનો રજપૂત હતો. સુલતાન મુહમ્મદ તઘલખના રાજ્યકાળમાં, જ્યારે ફીરોઝશાહ તઘલખ માત્ર યુવરાજ હતો ત્યારે એક વખત એ થાણેશ્વર બાજૂ શિકારે ગયો હતો. શિકારની પાછળ પડતાં તે પોતાનાં માણસોથી વિખૂટો પડી ગયો અને થાણેશ્વર[૨૪] પાસેના એક ગામ પાસે સંધ્યાકાળ થતાં આવી પહોંચ્યો, અને કેટલાક જમીનદારો બેઠા હતા ત્યાં આવ્યો. પગરખાં ઉતારતી વખતે એક મુખ્ય જમીનદારના જોવામાં એના પગના તળિયામાં રહેલું રાજચિહ્ન આવ્યું. એને લાગ્યું કે આ કોઇ મહાન રાજપુરુષ છે કે હવે પછી મહાન થવાનો છે. આથી એ ફીરોઝશાહનો સત્કાર કરી પોતાને ઘેર લઇ ગયો અને રાત્રિ રહેવા આગ્રહ કર્યો.

ફીરોઝ તઘલખે એમને મુસલમાન બનાવી અમીરી બક્ષી

આ જમીનદારનું નામ સાધુ હતું અને એના ભાઇનું નામ સહારન હતું. સાધુએ બધી વાત પોતાની સ્ત્રીને કહી. સાધુની સ્ત્રી ઘણી હોશિયાર હતી. એણે કહ્યું કે માણસને દારૂના ઘેનમાં ખરો પારખી શકાય છે માટે આ મહેમાનને દારૂ પાઇએ તો એ ખરા સ્વરૂપમાં આવશે અને એના ગુણદોષની પરીક્ષા થશે. સાધુએ પોતાની ખૂબ સ્વરૂપવતી બહેનને દારૂ લઈ ફીરોઝ પાસે મોકલી અને દારૂ સારી રીતે પાયા પછી સાધુની સ્ત્રીએ જે સવાલો હોશિયારીથી પૂછ્યા તેમાં જણાયું કે તેમનો મહેમાન દિલ્હીના સમ્રાટ મુહમ્મદ તઘલખશાહના કાકાનો પુત્ર છે અને યુવરાજ છે. આટલું જાણ્યા

---

૨૩. ટાંક અગર તાંક જાતિની ચર્ચા આગળ કરી ગયા છીએ.

૨૪. મિરાતે સિકંદરી થાણેશ્વર એમ સ્પષ્ટ લખે છે. કેટલાક વિદ્વાનો આ બનાવ ગૂજરાતમાં ઠાસરા પાસે થયાનું ધારે છે. પણ એ માનવાને વધારે આધારની જરૂર છે. ગાદીએ બેઠા પહેલાં ફીરોઝશાહ ગૂજરાતમાં આવ્યાનું કોઈ આધાર ગ્રંથમાં જણાયું નથી. વળી મુજફ્ફરને ગૂજરાતી કહે છે તે ઉપરથી પણ ઠાસરા મૂળ વતન હોવાનું સિદ્ધ થતું નથી. સલ્તનત પછી લખાયેલી તવારીખો બીજા પ્રાંતોના સુલતાનોથી ગૂજરાતના સુલતાનોને જુદા પાડવા તેમને ગૂજરાતી કહે છે એ ધ્યાનમાં લેવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી સાધુએ પોતાની બહેનને ફીરોઝશાહ તઘલખ સાથે પરણાવી અને સમય જતાં બન્ને ભાઇઓ મુસલમાન થયા. સાધુના ભાઈ સહારનને ફીરોઝશાહ તઘલખે વજીહ ઉલમુલ્કનો ઇલ્કાબ આપ્યો, અને દિલ્હીના રાજદરબારમાં, આ બન્ને ભાઇઓ મોટા ને માનીતા અમીરો બન્યા. આ વજીહ ઉલ્મુલ્કનો પુત્ર ઝફરખાન–મુઝફ્ફરશાહ–એ સ્વતંત્ર ગૂજરાતની સલ્તનતનો સ્થાપક.[૨૫]

સુલતાન ફીરોઝ હજરત કુતુબ ઉલ એકતાબ મખદુમ જહાનિયાં સાહેબનો શિષ્ય હતો. તેથી આ બન્ને ભાઈઓ પણ એ સાહેબના શિષ્યો થયા. એમ કહેવાય છે કે એક વાર ગરીબોને ખાવાનું વહેંચવાથી ખુશ થયેલા આ સંત પુરુષે ઝફરખાનને ગૂજરાતની ગાદી મળવાનો આશીર્વાદ આપ્યો અને એક મૂઠી ભરીને ખારેકો આપી અને એમાં જેટલાં નંગ હોય તે પ્રમાણે તેના વંશમાં ગાદીપતિઓ થશે એમ કહ્યું.[૨૬]

માળવાના સુલતાનને હરાવ્યો અને પાછો ગાદીએ બેસાડયો

સ્વતંત્ર ગૂજરાતની ગાદીએ બેઠા પછી તુરત મુઝફ્ફરશાહે માળવા ઉપર ચડાઇ કરી. માળવાનો સૂબો દિલાવરખાન અને મુઝફ્ફર ગાઢ મિત્રો હતા અને બાદશાહ ફીરોઝ તઘલખની નોકરીમાં બંને સાથે હતા. દિલાવરખાનના પુત્ર અલપખાને પોતાના પિતાને વિષ દઈને મારી નાખ્યો હતો અને પોતે હોશંગશાહ નામ ધારણ કરીને માળવાનો સ્વતંત્ર સુલતાન બન્યો હતો. મુઝફ્ફરશાહે માળવામાં ધાર ઉપર ચડાઈ કરી અલપખાન–હોશંગશાહને હરાવીને પકડયો; અને માળવાની ગાદીએ પોતાના ભાઇ નસરતખાનને મૂકયો. પણ પાછળથી અલપખાનનો સગો મુસાખાન માળવામાં બળવાન થઈ પડયાના સમાચાર મળ્યા. તે ઉપરથી અલપખાને મુઝફ્ફરશાહની માફી માગી પોતે તાબેદાર રહ્યાની અરજ કરી. તે ઉપરથી સુલતાને પોતાના પૌત્ર અહમદખાનને હોશંગશાહ–અલપખાન–સાથે લશ્કર લઇ માળવા તરફ મોકલ્યો અને મુસાખાનને હરાવી અહમદખાને હોશંગશાહને

૨૫. સિકંદરીનો તરજુમો Bayley's Gujarat P. P. 68–70.
૨૬. એજ પૃ. ૭૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાદી આપી પોતે ગૂજરાતમાં પાછો આવ્યો.[૨૭] આ વખતે કનોજમાં ઇબ્રાહિમ જુવાનપુરીએ દિલ્હીના સુલતાન મહમૂદ પાસેથી દિલ્હી લઈ લેવા વિચાર કર્યો અને આ સાંભળી મુજફ્ફરે પોતાના જૂના બાદશાહની મદદે જવા નક્કી કર્યું. એ સમાચાર સાંભળી ઇબ્રાહિમ જુવાનપુર પાછો ગયો.[૨૮] ઈ. સ. ૧૪૦૭માં મુજફ્ફરે કંથકોટ તરફ લશ્કર મોકલ્યું હતું.[૨૯]

મુઝફ્ફરશાહનું મરણ

આમ બીજી વખત ગાદીએ બેઠા પછી મુજફ્ફરશાહે ત્રણ વર્ષ આઠ મહિના અને સોળ દિવસ રાજ્ય કર્યું. એ વૃદ્ધ તો થયો જ હતો અને હવે એવો અસાધ્ય રોગ લાગુ પડયો કે એણે ગાદીનો ત્યાગ કર્યો, અને પોતાના પૌત્ર અહમદખાનને રાજવહીવટમાં જાણીતો કર્યો હતો તેને હવે ગાદી આપી.[૩૦] ગાદી છોડયા પછી

---

૨૭. મિરાતે સિકંદરીનો તરજુમો:–Bayley's Gujarat. P. P. 84–85. અલપખાને દિલાવરખાનને ઝેર આપ્યાની વાત તબકાતે અકબરીમાં લખેલી છે તે પૃ. ૮૪માં કલાઇવ બેલીએ ફૂટનોટમાં નોંધેલી છે. મુસાખાનના બળવાની બાબતમાં તબકાતે અકબરી પણ લખે છે કે નસરતખાનનો વહીવટ જુલમી હતો તેથી બળવો થયો હતો. વળી તબકાતે અકબરી નસરતખાનને મુઝફ્ફરશાહનો ભાઇ કહે છે. પરંતુ કલાઈવ બેલી એમ ધારે છે કે મુઝફ્ફરખાનને શમ્સખાન એક જ ભાઇ હતો. છતાં નસરતખાન શમ્સખાનનું બીજું નામ હતું કે પછી એ નામનો બીજો ખરેખરો ભાઈ હતો કે ઓરમાન ભાઇ હતો તે નક્કી થઇ શકતું નથી.

૨૮. એજ પૃ. ૮૫.

૨૯. એજ પૃ. ૮૬. આ લશ્કર ખુદાવંદખાનની સરદારી નીચે મોકલ્યું હતું. સિકંદરી કંભકોટ લખે છે જ્યારે તારીખે અલફી કંથકોટ લખે છે.

૩૦. આ બાબતમાં મિરાતે સિકંદરી એમ લખે છે અહમદખાનને પાટણથી આશાવલના ભીલોને તાબે કરવા મોકલ્યો ત્યારે એણે પાટણની બહાર જ ડાહ્યા પુરુષોને બોલાવીને પૂછયું કે પોતાના બાપને અન્યાયથી મારી નાંખ્યો હોય તો તેનું વેર છોકરો લઇ શકે કે નહીં? ડાહ્યા માણસોએ હા પાડી. તેથી અહમદખાન પાટણ પાછો આવ્યો અને પોતાના દાદા મુજફ્ફરશાહને ઝેર આપી મારી નાંખ્યો. સુલતાને આ જોઈને મરતી વખતે અહમદખાનને શિખામણ આપી. સિકંદરીનો આ અહેવાલ સત્ય હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુજફ્ફરશાહ પાંચ મહિના અને તેર દિવસ જીવ્યો, અને હિ. સ. ૮૧૩ના સફર મહિનાની આખરે-ઈ. સ. ૧૪૧૦ના જૂન મહિનામાં મરણ પામ્યો.[૩૧] પાટણના કિલ્લામાં એને દફન કર્યો. એને ખુદાયેગાને કબીર કહે છે.

મુઝફ્ફરશાહની અહમદશાહને અંતિમ શિખામણો અને એનું ચારિત્ર્ય

એમ કહેવાય છે કે મુઝફ્ફરશાહે મરતી વખતે પોતાના પૌત્ર અહમદખાનને થોડી શિખામણ આપી હતી. આ શિખામણો મુઝફ્ફરશાહના ચારિત્ર્ય ઉપર પ્રકાશ નાંખે છે અને અહમદશાહના ચારિત્ર્યના ઘડતરમાં મદદરૂપ થઇ પડી છે તેથી અહીં અક્ષરશઃ ઉતારવી યોગ્ય છે.[૩૨]

એમ લાગતું નથી. તબકાતે અકબરી અને તારીખે અલફી ઝેર આપ્યાનું લખતી નથી અને અલફી તો રોગ થયા પછી ગાદી છોડયાનું સ્પષ્ટ લખે છે. મુઝફ્ફરને બીજા વારસ હતા પણ તેને નાલાયક ઠરાવીને અહમદખાનને પોતે જ ગાદી સોંપી હતી અને રાજકાજનું શિક્ષણ આપ્યું હતું તે જોતાં આ વાત સિકંદરીકારની કલ્પના કે સાંભળેલી અફવા હોવી જોઇએ. એવી અફવાઓ સિકંદરીમાં કેટલીક વાર આવે છે. અહમદખાન આશાવલ તરફ લશ્કર લઈ જતો હોય અને સુલતાનના વધારે બિમાર થવાના સમાચાર જાણી પાછો આવ્યો હોય એ વધારે બનવાજોગ છે. પાછળથી અહમદશાહને ખુદાયગાને મગફૂર કહે છે તેને આ ઝેર દીધાથી થયેલા પાપ માફ થયા સાથે જોડવામાં આવે છે તે પણ બરોબર નથી, તે આગળ જોઇશું.

૩૧. ફિરસ્તા રબી ઉસ્સાની માસની છઠ્ઠી તારીખે હિ. સ. ૮૧૪ ૨૮ જુલાઇ ૧૪૧૧ને રોજ મુઝફ્ફરશાહનું મરણ થયાનું લખે છે, પણ તે ભૂલ લાગે છે. ૮૧૩ના સફર માસની તારીખ ખરી જણાય છે. તબકાતે અકબરી પણ સફર માસ કહે છે. પૃ. ૧૯૮ બિબ્લિઓથેકા ઇંડિકાની આવૃત્તિ.

૩૨. સિકંદરીમાં અહમદખાને મુઝફ્ફરશાહને ઝેર આપ્યાની વાત માનેલી છે તેથી આ શિખામણોમાં પહેલી એમ કહે છે કે આ રાજ્ય તારું જ હતું તો તેં આ ઉતાવળ કેમ કરી. માટે તને જેણે આવું શીખવ્યું હોય તેને મારી નાંખજે. ઝેર આપવાની વાત જ માનવા જેવી નથી એટલે આ શિખામણ અર્થહીન થાય છે. પરંતુ સામાન્ય શિખામણ આવી હોય કે દુષ્ટ સલાહકારોથી દૂર રહેવું તે બનવા જોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. દારૂના પ્યાલામાં નજર નાખતો નહિ, કારણ કે તે દુઃખના દરિયાનું તોફાન છે. પાદશાહોને દારૂથી દૂર રહેવાની જરૂર છે.
૨. શેખ મલિક અને શેર મલિકને મારી નાંખજે, કારણ કે એ બે જણા રાજ્યમાં બખેડા કરાવનાર છે.
૩. પોતાની જાતના સુખને માત્ર જોઇશ નહિ. જો તું તારું પોતાનું સુખ જોઇને બેસી રહીશ તો તું તારા પોતાના મુલકમાં પણ સુખચેનથી રહી શકીશ નહિ.
૪. ગરીબ દરવેશોની ફિકર રાખ, કારણ રાજા રૈયતને લીધે જ તાજદાર થાય છે. રૈયત મૂળ છે અને બાદશાહ વૃક્ષ છે. અરે પુત્ર, મૂળથી જ વૃક્ષ મજબૂત થાય છે.
૫. જ્યાંસુધી બને ત્યાંસુધી પ્રજાને રંજાડતો નહિ, અને જો રંજાડીશ તો તારું પોતાનું મૂળ છેદી નાંખીશ.[૩૩]

મુઝફ્ફરશાહના અવસાન વખતે અહમદખાન માત્ર ઓગણીસ વર્ષનો હતો એટલે એની કાચી ઉમર જોતાં વૃદ્ધ મુઝફ્ફરશાહે આ શિખામણો આપી હોય એ યોગ્ય છે અને મુઝફ્ફરશાહનું પોતાના પુત્ર તાતારખાન સાથેનું વર્તન, પોતાના અસલ સુલતાન ફીરોઝશાહ અને મહમૂદશાહ સાથેનું વફાદાર વર્તન, અને એની ઉમર અને અનુભવ જોતાં એના ચારિત્ર્ય ઉપર જે ડાઘ કેટલાક તવારીખકાર લગાડે છે તે યોગ્ય લાગતો નથી. કોઇ પણ મોટી સત્તાના સ્થાપકનું ચારિત્ર્ય છેક ખરાબ તો હોઈ શકતું નથી. તવારીખકારો પોતે પણ આ બાબતમાં એકમત નથી, એટલે મુઝફ્ફરનું ચારિત્ર્ય શુદ્ધ હતું એમ માનવું પડશે. પૌત્રને આપેલી ઉપરની શિખામણોથી પણ એનું ડહાપણ અને શુદ્ધ ચારિત્ર્ય જણાઈ આવે છે.

૩૩. સર કલાઇવ બેલીના સિકંદરીના અંગ્રેજી તરજુમામાં આ શિખામણો વિગતવાર નથી આપી, તેથી આત્મારામ દીવાનજીના ગૂજરાતી તરજુમામાંથી ઉતારી છે. શેખ મલિક અને શેરમલિક મુઝફ્ફરશાહના દીકરા અને અહમદશાહના કાકા હોય એમ સમજાય છે અને તે ઉપરથી અહમદશાહ ઉપરનો મુઝફ્ફરશાહનો ભાવ વ્યક્ત થાય છે, શેખ મલિકને કાકાનો દીકરો પણ કહેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ અઢારમું

ગૂજરાત સલ્તનત પહેલાંનાં મુસ્લિમ સમયનાં બાંધકામ

સોલંકી સમયના ખરેખરા મધ્યાહ્ન સમયે પણ મુસલમાન વેપારીઓને પોતાના ધર્મ પ્રમાણે શાંતિમાં રહીને મસ્જિદો બાંધીને, કાંઈ હરકત વગર દેશમાં રહેવા દેવાની સહિષ્ણુતા ગૂજરાતના હિંદુ રાજાઓએ બતાવી હતી એ આગળ જોયું છે. મુસલમાન સમયની શરૂઆત થઈ ત્યારે રાજ્યકર્તાની, વિરોધી ધર્મો તરફ એવી સહિષ્ણુતા રહી નહિ એ પણ જોયું. આ અસહિષ્ણુતા શાંત કે ઉગ્ર સ્વરૂપે દેખાતી અને તેનો આધાર રાજ્યકર્તા અગર તેના મુખ્ય અમલદારના અંગત સ્વભાવ ઉપર હતો.

મુસલમાન સમયની શરૂઆતમાં, એટલે કે દિલ્હીના સુલતાનોના સમયમાં, ધાર્મિક સ્થળો સિવાયનાં બીજાં બાંધકામમાં કોઈ ખાસ વિદેશી અસર થઇ હોય એમ જાણવામાં નથી. બાંધકામમાં અને કારીગરીમાં દેશ ઘણો આગળ વધેલો હતો તે પણ આગળ જોયું. બાંધકામ કરનારા બધા કારીગરો હજી તો હિંદુઓ જ હતા, એટલે મુસ્લિમોની ધાર્મિક માન્યતાને પોષનારા ખાસ જરૂરી ફેરફારો એ સમયનાં બાંધકામમાં કરવામાં આવ્યા. આ બાંધકામોની ખરી ખૂબી ગૂજરાત સલ્તનતના સમયમાં વધી, એટલે આ ફેરફારનાં લક્ષણોની સામાન્ય ચર્ચા મુસલમાન સ્થાપત્યના પ્રકરણમાં આગળ કરીશું. અહીં માત્ર બાંધકામનું વર્ણન અને સામાન્ય નોંધ જ લઈશું. હિંદુ સમયમાં ગૂજરાતનાં બંદરોમાં મસ્જિદો બંધાયેલી હતી, પરંતુ એ કેવા પ્રકારની હતી તે જાણવાનું આજે સાધન નથી. મુસલમાન સમયની શરૂઆતમાં, દિલ્હીના સુલતાનોના સમયમાં જે મસ્જિદો વગેરે બાંધકામ થયાં તેના અવશેષો આજે મળતા હોવાથી એનું વર્ણન કરીએ.

પેટલાદના બાબા અર્જુનશાહ

પેટલાદમાં, એઠી જાડી બાંધણીનું, દિલ્હીની ગ્યાસુદ્દીન તઘલખની દરગાહની બાંધણીને કાંઇક મળતું, બાબા અર્જુનશાહ ઘોરીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરગાહનું મકાન પહેલું ગણાવી શકાય. હિ. સ. ૬૩૩ ઈ. સ. ૧૨૩૬નું એટલે મુસલમાન સમય જામ્યો તે પહેલાં અડધી સદી પહેલાનું આ મકાન છે. અર્જુનશાહના મૂળ પુરુષો મધ્ય એશિયામાંથી હિંદમાં આવીને જબલપુર નજીક દમોહ ગામમાં આવીને વસેલા. એમનું મરણ હિ. સ. ૬૩૩ના રજબ માસની મધ્યમાં સોમવારે થયું હતું. (માર્ચ ૧૨૩૬) આમ પેટલાદ ખંભાત બંદરથી દૂર અંદરના ભાગમાં આવેલું હોવાથી, અને આ દરગાહ ત્યાં હોવાથી, ગૂજરાતમાં મુસલમાન અમલ શરૂ થયો તે પહેલાંથી પણ મુસલમાનોની ગૂજરાતનાં અગત્યનાં શહેરોમાં સારી જમાવટ હશે એમ જણાઈ આવે છે.[1]

એમની કબર ઉપર આરસમાં અરબી ભાષામાં સુંદર રીતે કોતરેલો લેખ છે. એમાં 'ઈશ્વર સિવાય બીજો ઈશ્વર નથી અને મુહમ્મદ પ્રભુના પયગંબર છે' એવાં કુરાને શરીફનાં વાક્યો લખેલાં છે. તે પછી 'ઈશ્વરની દયાની આશા રાખતા તેના નમ્ર ગુલામ મોટા શેખ અર્જુન–જે દમોહના છે–પ્રભુ એની અપાર દયાથી એમની કબર ઉપર પ્રકાશ નાંખો' એમ લખીને ઉપર જણાવેલી તેમના મરણની તારીખ આપેલી છે. લખનાર અબ્દુલ હક્કનો પુત્ર અબુબકર મુહમ્મદ છે.[2]

અર્જુનશાહની દરગાહમાં આવેલો મસ્જિદ બાબતનો લેખ

અર્જુનશાહની કબરમાં અલાઉદ્દીનના સમયનો ઇ. સ. ૧૩૧૩ નો અરબીમાં લખેલો પણ ગૂંચવાયેલા અક્ષરોનો એક બીજો લેખ પણ છે, અને તે પેટલાદમાં એક મસ્જિદ બંધાયાનો ઉલ્લેખ કરે છે. આ લેખમાં કહે છે કે, 'સુલતાન અલાઉદ્દુનિયા વ ઉદ્દીનના સમયમાં, અલપખાનની સૂબાગીરીમાં, અને ઈખ્તીયારુદ્દીનના અમલમાં, બદરુદ્દીન દીનારના પ્રયત્નથી હિ. સં. ૭૧૩ ના રજબ માસમાં (ડિસેમ્બર ૧૩૧૩) આ મસ્જિદનું બાંધકામ પૂરું થયું.' આ લેખ મસ્જિદનું

૧. પ્રો. કોમીસેરિયેટનો અંગ્રેજી ઇતિહાસ પૃ. ૧૩-૧૪.

૨. અર્જુનશાહના આ લેખનો સમય વીરધવલ અને વસ્તુપાલ તેજપાલનો સમય આવે છે. આ સમયે હિંદુ રાજ્ય કાંઈ નરમ પડયું નહોતું એટલે પેટલાદમાં આ વાત એમ સિદ્ધ કરે છે કે મુસલમાનોને બંદરો સિવાય અંદરનાં ગામોમાં સંપૂર્ણ છૂટ હોવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકાન નામશેષ થયું ત્યારે અર્જુનશાહની દરગાહમાં લાવવામાં આવ્યો હોય એમ લાગે છે. આ લેખનો ઇખ્તીયારૂદ્દીન તે ખંભાતના ૧૩૧૬ ના લેખવાળો ઇખ્તીયારૂદ્દીન બહરબક, જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે તે જ છે.[૩]

એજ જગાએ આવેલો વાવનો લેખ

એજ બાબા અર્જુનશાહની દરગાહમાં, એમની જ કબર પાસે ગ્યાસુદ્દીન તઘલખના સમયમાં એક વાવ બંધાયાનો ઉલ્લેખ કરતો એક લેખ પડેલો છે. લેખ તૂટી જવાથી અધૂરો દેખાય છે, અને ફારસી તેમજ સંસ્કૃત બન્ને ભાષાઓમાં હોવાથી મહત્ત્વનો છે. અહીં એક વાત નોંધવા જેવી છે કે વાવ જેવા લોકોપયોગી કામમાં મુસલમાન સમયમાં રાજભાષા તેમ જ લોકની પવિત્ર ભાષા, બન્ને ભાષાઓમાં લેખો લખવાનો રિવાજ હતો. મુસલમાન સમયની આજ અવશેષ રૂપે રહેલી બધી મોટી પ્રસિદ્ધ વાવોમાં આ પ્રમાણે લેખો માલૂમ પડે છે જેનાં વર્ણન યથાસ્થાને કરીશું. અર્જુનશાહની દરગાહના ઉપર જણાવેલા ત્રણે લેખો ગૂજરાતમાં મુસલમાન સત્તા પૂરેપૂરી જામી ગઈ હતી એ વાત સિદ્ધ કરે છે.[૪]

વાવને લગતા સંસ્કૃત લેખમાં વિક્રમ સંવત્ ૧૩૮૦ના પૌષ વદિ સાતમની તારીખ આપેલી છે, તેમ જ ઝુલહિજ્જ માસની ૨૦મી તારીખને મંગળવાર પણ લખેલો છે. ગ્યાસુદ્દીન તઘલખશાહને 'મહારાજાધિરાજ' પદ લગાડેલું છે અને એના વિજયરાજ્યમાં અણહિલ્લવાડ પાટણમાં દીવાનના હુકમથી બદ્રદીન અબુબક અહમદ અમીર કોહ (એટલે બદરુદ્દીન અબુબકર અહમદ અમીર કોહ) પેટલાપદ્ર એટલે પેટલાદ જિલ્લામાં અધિકારી હતો, ત્યારે સ્કંભતીર્થ એટલે ખંભાતના ઇસ્માઈલ ઉસમાન શીરામી તરફથી વાવના નિભાવના ખર્ચ માટે ૨૦ કુભા જમીન આપ્યાનો ઉલ્લેખ છે.[૫]

---

૩. પ્રો. કોમીસેરિયેટનો અંગ્રેજી ઇતિહાસ, પૃ ૧૪.

૪. એજ પૃ. ૧૮–૧૯.

૫. મૂળ લેખ આ લખતી વખતે જોઈ શકાયો નથી. પ્રો. કોમીસેરિયેટના ઉતારામાં ખંભાતનું નામ સ્તંભતીર્થને બદલે સ્કંભતીર્થ છે તે ખાસ નોંધવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંભાતની જુમામસ્જિદ

મુસલમાન યુગની શરૂઆતમાં થયેલાં પ્રસિદ્ધ મકાનોમાં સૌથી ધ્યાન ખેંચે એવું અને આજ સુધી ઊભું રહેલું એવું મકાન તે ખંભાતની જુમામસ્જિદ છે. આ મસ્જિદ ઈ. સ. ૧૩૨૫ માં એટલે સુલતાન મુહમ્મદ તઘલખના રાજ્ય વખતે બંધાઈ છે; એટલે મુસલમાન સત્તાનાં પહેલાં પચીશ વર્ષમાં જ બંધાઈ છે. ખંભાતના દરિયા તરફના કોટની પાસે રાજગઢની બાજૂમાં આ વિશાળ મસ્જિદ આવેલી છે. એને બહારથી જોતાં એની ભવ્યતાનો ખરો ખ્યાલ આવતો નથી; માત્ર દક્ષિણ તરફથી અને અંદરથી જ એની ભવ્યતાનો ખ્યાલ આવે છે. આ મસ્જિદ પૂર્વપશ્ચિમ ૨૧૨ ફૂટ લાંબી છે અને ઉત્તર દક્ષિણ ૨૫૨ ફૂટ પહોળી છે. પ્રાર્થનાનો ખંડ અંદરથી ૧૮૯$\frac{3}{4}$ ફૂટ લાંબો અને ૫૦ ફૂટ પહોળો છે. એની આગળ વિશાળ ચોક આવેલો છે અને ચોકની ત્રણ બાજૂ થાંભલા ને ઘૂમટવાળી પડાળીઓ છે. ચોકમાં ઉપર છત્રીવાળો પાણીનો હોજ છે. આખીયે મસ્જિદ લાલ પથ્થરની બાંધેલી છે. વચ્ચેના મહેરાબ ઉપર અરબીમાં કુરાને શરીફનાં વાકયો છે. બાજૂમાં આઠ પગથિયાંનો મીંબર છે અને અમદાવાદની મસ્જિદોમાં ઔરંગઝેબના સમયમાં કેટલીક મસ્જિદોમાં મીંબરનાં પગથિયાં ઘટાડવામાં આવ્યાં તેમ અહીં થયું હોય એમ લાગતું નથી.[૬]

આ મસ્જિદના લેખમાં સ્પષ્ટ લખ્યું છે કે હિ. સં. ૭૨૫ ના મુહર્રમ માસની ૧૮મી તારીખે (ઈ. સ. ૧૩૨૫ તા ૯ જાન્યુઆરીને રોજ) મુહમ્મદ અલ બુતમારી (અગર ખુતમારી) એ, વિદ્વાન અને નેક બાદશાહ મુહમ્મદ તઘલખના રાજ્યકાળમાં બંધાવી. બીજા એક લેખમાં સુલતાન ફીરોઝ તઘલખના વખતમાં ઝફરખાન ગસ્તુરી નામના મિસ્રીએ બાંધી એમ લખ્યું છે. આ મસ્જિદમાં વચલા મહેરાબ ઉપર કુરાને શરીફનાં વાકયો છે, જ્યારે આ લેખ મસ્જિદના દ્વાર આગળ એક આઠ થાંભલાનો હિંદુઘાટનો મંડપ છે તેની ઉપર જડેલો છે, બીજી મસ્જિદોની પેઠે વચલા મહેરાબ ઉપર નથી. આ મસ્જિદની બાંધણી અમદાવાદમાં સલ્તનતની શરૂઆતમાં, એટલે

---

૬. જુઓ ખંભાતનો ઇતિહાસ સ્થાપત્ય પ્રકરણ. Arc. Sur. of West. India Vol. VI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંદરમી સદીની શરૂઆતમાં બંધાયેલી મસ્જિદો જેવી છે. પરંતુ ખંભાતની મસ્જિદ અમદાવાદની મસ્જિદો કરતાં એકસો વર્ષ જૂની છે. આ મસ્જિદ બંધાઇ ત્યારે મુસલમાન સત્તાની સ્થાપના થયાને પચીશ વર્ષજ થયાં હતાં, એટલે એની બાંધણી જોતાં એ સમયમાં જ એ મસ્જિદ બંધાઇ હશે કે એ સમયમાં માત્ર પાયો નાંખી ધીમે ધીમે વધી હશે એ કહેવું તો મુશ્કેલ છે. લેખમાં તો તારીખ અને વર્ષ ચોક્કસ છે. એમ કહેવાય છે કે આ મસ્જિદ કોઇ જૈન મંદિરને ફેરવીને બાંધેલી છે. પરંતુ અલાઉદ્દીનની ચડાઇમાં મંદિરોનો જે નાશ થયો તેનો કાટમાળ વપરાયો હોય એ બનવાજોગ છે.[૭] અલપખાનના વખતમાં જૈનોનું જોર સારું હતું એટલે જૈન મંદિરને ફેરવી મસ્જિદ એ સમયે થઇ એમ માનવાને વધારે આધાર જોઇએ. પ્રાચીન હિંદુ ખંભાત હાલના ખંભાતથી ત્રણ માઇલ દૂર હાલ જ્યાં નગરા ગામ છે ત્યાં હતું, જ્યારે આ મસ્જિદ હાલના ખંભાતમાં દરિયા બાજૂ છે. એ ઉપરથી લાગે છે કે જૈન મંદિરની જગાએ તો મસ્જિદ ન જ બંધાઈ હોય. હિંદુ ખંભાતથી દરિયો દૂર ખસી ગયો હોય એમ માનવાને કારણ છે અને દરિયાઇ વેપાર કરનારા જે મોટે ભાગે મુસલમાન વેપારીઓ હતા એમની વસ્તી બંદર નજીક અને હિંદુ ખંભાતની બહાર હોય એ બનવાજોગ છે. અલાઉદ્દીનના સમયથી હિંદુ ખંભાત તૂટીને બંદર નજીક વસતી વધી હોય એમ સમજાય છે. એ જ સમયમાં સ્થંભનકપુર–થામણાથી સ્થંભનપાર્શ્વનાથની મૂર્તિ ખંભાતમાં લાવીને રાખી, એટલે એ સમય લગભગમાં જૂનું ખંભાત તૂટીને નવું–બંદર નજીક વધતું ગયું. મુસલમાન વેપારીએ બાંધેલી આ જુમામસ્જિદ નવા ખંભાતમાં–એ લોકની વસ્તીની વચ્ચે બંધાવી. હિંદુ સત્તા ગયે પચીસ જ વર્ષ થયાં હતાં, એટલે અલાઉદ્દીનના લશ્કરે કરેલા નાશમાંથી જૂના ખંભાતમાંથી પુષ્કળ સામગ્રી આ મસ્જિદ માટે મળી એમ માનવામાં વાંધો નથી.

---

૭. એ જ. ખંભાતના ઇતિહાસમાં આ ચર્ચા કરી છે, પરંતુ તે લખાયા પછી મસ્જિદની એક દીવાલનો થોડો ભાગ પડી ગયો તેમાંથી ઊંધી ચણેલી મૂર્તિઓ નીકળ્યાનું જાણવામાં આવ્યું છે. એટલે મંદિરોની સામગ્રી વપરાઈ હશે એટલું ચોક્કસ છે. પણ મંદિરની ફેરવાઇને મસ્જિદ થઇ ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મસ્જિદ અમદાવાદમાં શરૂઆતમાં બંધાયેલી મસ્જિદોના જેવી છે. એની ઉપરના નાના મિનારાઓ એ સૂચવે છે. અમદાવાદની મસ્જિદોના વર્ણનમાં એ ચર્ચીશું. આમ છતાં આ મસ્જિદની બાંધણી સમગ્ર દૃષ્ટિથી જોતાં એમાં ધીમે ધીમે વધારો થયો હશે એમ માનવા મન લલચાય છે. આવી મોટી મસ્જિદ કોઈ રાજાએ નહિ પણ એક વેપારીએ બંધાવી છે એ ખંભાતના વેપારીઓની સમૃદ્ધિને ગર્વ કરવા જેવું છે.

રોજો

મસ્જિદની પાછળ દક્ષિણ બાજૂ અડીને એક મોટી ૨૦૪ ફૂટ લાંબી અને ૪૯ ફૂટ પહોળી જગામાં, એક મોટો રોજો આવેલો છે. તેનો ઘૂમટ પડી ગયો છે પણ તેનો વ્યાસ ૩૯ ફૂટ જેવડો મોટો છે. રોજો બે માળનો અને ભવ્ય બાંધણીનો લાગે છે. એમાં બે સુંદર કોતરણીવાળી કબરો છે અને ઘૂમટ પડવાથી તેને નુકસાન થયેલું છે. રોજો બંધાવનારની કબર આરસની છે અને તેની બાજૂએ ઊભા પથ્થરમાં કુરાને શરીફનાં વાકયો લખેલાં છે, અને નીચે લેખ છે તેમાં લખેલું છે કે બુધવાર તા. ૯મી સફર હિ. સં. ૭૩૪ (તા. ૨૦ ઑકટોબર-૧૩૩૩) ને રોજ અરબસ્તાન અને ઇરાનમાં પ્રસિદ્ધ એવો, ધર્મનો સ્તંભ, શહીદ ઉમર બીન અહમદ અલકાઝરૂની પ્રભુની દયામાં આવ્યો (મરણ પામ્યો), વગેરે વગેરે એને બીજાં મોટાં વિશેષણો પણ લગાડયાં છે. આ રોજો અને મસ્જિદ બાંધનારા જુદા છે, અને રોજાની બાંધણી ઉપરથી એ ગૂજરાત સલ્તનતના પાછલા ભાગમાં બંધાયો હોય એમ લાગે છે અને હાલોલના સુલતાન સિકંદરના રોજાની બાંધણી જેવી એની બાંધણી લાગે છે; એટલે ૧૩૩૩માં માત્ર કબરો થઈ હોય અને રોજો પાછળથી બંધાયો હોય એમ માની શકાય.[૮] બીજી કબર ઉપરનો લેખ ઘૂમટ પડવાથી બગડેલો છે. લેખ ઉપરથી બીબી ફાતમાની એ કબર હોય એમ સમજાય છે; અને હિ. સં. ૭૮૩ શવાલ માસની ૧૧ મી તારીખ (૩૦ ડિસેમ્બર ૧૩૮૧) માલમ પડે છે. લેખમાં કુરાને શરીફનાં વાકયો છે.

---

૮. જુઓ, આર્કિ. સરવે. વેસ્ટ-ઇંડિયા VI પૃ. ૨૮ એમાં બર્જેસ Kazaruni લખે છે કે જ્યારે પ્રો. કૉમીસેરિયેટ Kazeruni લખે છે તે શા આધારે તે સમજાતું નથી. રોજાની બાંધણી પાછળની છે એ બાબત બર્જેસ કે કૉમીસેરિયેટ કાંઈ કહેતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંભાતની ઈદગાહનો લેખ અને બીજી કબરો

ખંભાતમાં શહેરથી બે માઈલ દૂર ખુલ્લા મેદાનમાં એક ઈદગાહ છે તેના ઉપર સારી સ્થિતિમાં વંચાય એવો લેખ છે. એ લેખ પણ ૭૮૩ હિ. સં. (ઈ. સ. ૧૩૮૧) નો છે અને ફીરોઝશાહ તઘલખના વખતનો છે. અબુલ મુઝફ્ફર ફીરોઝશાહના સમયમાં સૂબા મુફર્રહ સુલતાનીના વખતમાં આ નમાઝગાહે ઈદ બંધાયાનું વ્યક્ત કરે છે. ખંભાતમાં બીજી કેટલીક જૂની કબરો છે. એક ઉપર હિ. સં. ૭૧૬ તા. ૧૭ જમાદીઉલ આખર (૬ સપ્ટેમ્બર ૧૩૧૬)ની તારીખ છે અને ખંભાત શહેરના ખજાનચી ઇખ્તિયાર ઉદ્દૌલા વ ઉદ્દીનનું નામ છે. શહેરથી એક માઈલ પશ્ચિમે ખ્વાજા ખિદરની કબર છે તેના ઉપર હિ. સં. ૭૭૧ (ઈ. સ. ૧૩૬૯-૭૦) ની તારીખ છે. એ સિવાય સૈયદ અહમદના પુત્ર હાજી યુસુફની ૧૩મી રબી ૮૧૪ (૬ ઓગસ્ટ. ૧૪૧૧)-ના લેખવાળી, અને હસનના પુત્ર ફખરઉદ્દૌલા વ ઉદ્દીન અબુબકરની તા. ૧૭ મી સફર હિ. સ. ૮૧૮ (૨૯ એપ્રિલ ૧૪૧૫)ના લેખ-વાળી કબરો છે. આ બે છેલ્લી કબરો પ્રસ્તુત સમયની નથી પણ અહમદશાહના સમયની છે, છતાં તેનો ઉલ્લેખ અહીં જ કર્યો છે.[૯]

ભરૂચની જુમામસ્જિદ

ગૂજરાતમાં અલાઉદ્દીન ખીલજીનું લશ્કર વંટોળિયાની માફક ફરી વળ્યું તેની અસર ગૂજરાતનાં બધાં મોટાં શહેરોની પેઠે ગૂજ-રાતના પ્રાચીન બંદર ભરૂચને પણ થઈ. ભરૂચની જુમામસ્જિદ કદમાં ખંભાતના કરતાં નાની છે અને એની સંભાળ ન લેવાયાથી તે છેક ખરાબ હાલતમાં આવેલી છે. એમાં રહેનારાઓએ અંદર રાંધવા-ને માટે ચૂલા સળગાવવાથી એની સુંદર નકશી છેક કાળી થઈ ગઈ છે. આર્કિયાલૉજિકલ ખાતાના હવાલે આ મસ્જિદ આવી ત્યારે એની દશા છેક ખરાબ હતી, તે હવે સુધરી છે. ઈ. સ. ૧૮૦૩માં એમાં બ્રિટિશ લશ્કરનો કેટલોક ભાગ રાખવામાં આવ્યો હતો. આ મસ્જિદનો લેખ તદ્દન તૂટેલી હાલતમાં છે અને એના ઉપર માત્ર હિ. સં. ૭૦૧ (ઇ. સ. ૧૩૦૨)ની સાલ હોય એમ અનુમાન થાય છે.[૧૦]

૯. આર્કિ. સર્વે-વેસ્ટર્ન ઇંડિયા. VI પૃ. ૨૯.
૧૦. એજ પૃ. ૨૦-૨૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મસ્જિદ ૧૨૬૬ ફૂટ લાંબી અને ૫૨ ફૂટ પહોળી છે. થાંભલા વગેરે હિંદુ મંદિરના ઘાટના છે. સામાન્ય માન્યતા હિંદુ મંદિરને ફેરવીને મસ્જિદ બંધાયાની છે.[૧૧] પરંતુ એ માન્યતા બધે પ્રચલિત છે. પરંતુ એટલું સત્ય છે કે મસ્જિદમાં મંદિરોની સામગ્રી સૌથી વધારે અને કાંઈ પણ ખાસ ફેરફાર કર્યા વગર વાપરેલી હોય એમ દેખાય છે. આ મસ્જિદની દક્ષિણ બાજૂ પ્રવેશદ્વારની છત્રીમાં જે દ્વાર છે તે તો હિંદુ મંદિરમાંથી કાંઇ ફેર કર્યા વગર ઉપાડી લાવેલું છે અને એને મથાળે જૈન મૂર્તિ પણ દેખાય છે. ઘૂમટોમાં અસાધારણ સુંદર કોતરણી કરેલી છે આ કોતરણીને ડૉ. બર્જેસ હિંદની સર્વોત્તમ કારીગરીઓની પંક્તિઓમાં મૂકે છે. પરંતુ આ મસ્જિદના બીજા ભાગોની પેઠે આ ઘૂમટો પણ હિંદુ કે જૈન મંદિરોમાંથી પથ્થરે પથ્થર લાવીને ઊભા કરેલા સ્પષ્ટ જણાય છે. મસ્જિદને માટે જ એ કોતરણી કરેલી નથી. અને જૈન અગર હિંદુ મંદિરમાં ઘૂમટોમાં આ કોતરણી એક સામાન્ય વસ્તુ છે. મસ્જિદો માટે કદાચ તે હિંદમાં ડૉ. બર્જેસ કહે છે તેમ અજોડ ગણાય.[૧૨]

ભરૂચની ઈદગાહ

ભરૂચની બહાર પશ્ચિમે વેજલપુરને રસ્તે ગૂજરાતમાં ઈદગાહોમાં સુંદર ગણી શકાય તેવી ઈદગાહ છે. તેના ઊંચા મીંબર ઉપર ઈ. સ. ૧૩૨૬ નો ફારસીમાં લેખ છે. ઈદગાહની આસપાસ કોટ કરેલો છે. લેખમાં હિ. સં. ૭૨૬ ના રબી ઉલ અવલ માસની ૨૫ મી તારીખ આપેલી છે (૧ માર્ચ ૧૩૨૬) અને મુહમ્મદ તઘલખના સમયમાં મલિક ઉર્શક ફખરુદ્દૌલા વ-ઉદ્દીન મુહમ્મદ બુતમારી એ બંધાવ્યાનું લખે છે. તાજુદ્દીન મુહમ્મદ બહાઉલમુલ્કની દેખરેખ નીચે બંધાયું પણ લખે છે. આ રીતે ખંભાતમાં જુમામસ્જિદ બંધાવનારો મુહમ્મદ બુતમારી કે ખુતમારી એ જ આ ઈદગાહ બંધાવનારો છે એમ નક્કી થાય છે. આ લેખ લખનાર તરીકે સૈયદ કમાલનું નામ છે.[૧૩]

---

૧૧. થાંભલા અને એની ગોઠવણી હિંદુ મંદિર જેવી છે. પણ મસ્જિદ મંદિરથી ઘણી મોટી હોય છે તેથી મંદિરની ગોઠવણી ફેરવાય એ અશક્ય છે. મંદિરોનો બધો સામાન વપરાય તે શક્ય છે.

૧૨. Arch. S. of West. Ind. VI. પૃ. ૨૦–૨૨.

૧૩. પ્રૉ. કૉમીસેરિયેટનો અંગ્રેજી ઇતિહાસ. પૃ. ૬૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોળકાની હિલાલખાન કાજીની મસ્જિદ

ખંભાત અને ભરૂચ પછી અમદાવાદ વસ્યા પહેલાંનાં મુસ્લિમ યુગનાં મકાનોમાં ધોળકાનું નામ આવી શકે. ધોળકા વાઘેલા સમયમાં ગૂજરાતનું બીજી પંક્તિનું શહેર ગણાતું હતું અને કોઇ કોઇવાર રાજધાની જેવું પણ તે સમયમાં થયું હતું. એ શહેરમાં ઈ. સ. ૧૩૩૩માં બંધાયેલી હિલાલખાન કાજીની મસ્જિદ આજે પણ ધ્યાન ખેંચે છે. આ મસ્જિદ અંદરથી ચોક સાથે ૧૪૨ ફૂટ ઉત્તરદક્ષિણ અને ૧૪૭ ફૂટ પૂર્વપશ્ચિમ લંબાઈ પહોળાઈની છે. આ મસ્જિદનો પ્રાર્થનાનો ભાગ ૩૫ ફૂટ બાદ જતાં ચોક ૧૦૬ ફૂટ થાય છે. આ મસ્જિદ પણ કેટલેક અંશે અમદાવાદમાં શરૂઆતમાં બંધાયેલી મસ્જિદોને મળતી આવે છે અને તેના ઉપર નાના દેખાવ માત્રના મિનારા છે, અને તે મકાન સાથે મળી જાય તેવા નહિ પણ જાણે જુદા ચોંટાડયા હોય તેવા લાગે છે. ભરૂચની મસ્જિદની પેઠે થાંભલા અને ઘૂમટની અંદરની છતો જેમાં સુંદર કોતરણી કરેલી છે તે આખી ને આખી હિંદુ મંદિરોમાંથી લીધેલી જણાઇ આવે છે. મહેરાબ આરસની સુંદર કારીગરીવાળા છે. આ મસ્જિદમાં અમદાવાદની મસ્જિદોની પેઠે મુલુકખાનું, સ્ત્રીઓને માટેની જગા પણ કરેલી છે. એની ગોઠવણનું વર્ણન આગળ અમદાવાદનાં મકાનોના પ્રકરણમાં કરીશું.[૧૪] આ મસ્જિદના પૂર્વના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર હિંદુ ઘાટની સુંદર રીતે બાંધેલી છત્રી છે અને આ જાતની છત્રીઓમાં ઉત્તમ કહી શકાય તેવી છે. ચોરસ ને ત્રણ બાજૂએથી બબ્બે થાંભલા ઉપર નાનાં ચોરસ વડે આગળ ખેંચીને તેમાં પગથિયાં પાડવામાં આવ્યાં છે. અને તેના ઉપર ધાબાંથી વચ્ચેના ચોરસ ઉપરનો ઘૂમટ જરા ઊંચો લીધો છે. આથી ખૂણાવાળી ભાગેલી બાંધણી ઘણી જ મનોહર લાગે છે. આ મસ્જિદનો મીંબર પણ આરસનો અને ઉત્તમ કારીગરીવાળો છે.[૧૫]

મસ્જિદમાં વચલા મહેરાબની પાસે જીલહીજ માસની તારીખ ૨૭મી હિ. સં. ૭૩૩ (ઇ સ. ૧૩૩૩ તા. ૮ સપ્ટેમ્બર) નો લેખ

૧૪. મુલુકખાનું મસ્જિદની અંદર એક ખૂણે થાંભલા ઉપર જુદું બનાવી તેને જાળી કહે છે જેથી સ્ત્રીઓ પણ ધર્મ કથા શ્રવણ કરી લાભ લઈ શકે.

૧૫. Arch, S. of West. Ind. VI. પૃ. ૩૦-૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. બાદશાહ તરીકે મુહમ્મદ તઘલખનું નામ છે, અને મલિક ઉલ-મુલ્ક ઉશ્શર્ક રુકનુદ્દૌલત વ ઉદ્દીન ફતહ સરદાર એક દિલખાસનું નામ અધિકારી તરીકે અને બંધાવનારનું નામ મફખર ઉલઉમરા મુકર્રબ ઉદ્દૌલત વ ઉદ્દીન હિલાલ સુલ્લી (?) અગર મલેકીનું નામ છે. બાંધનાર શિલ્પી અબ્દુલ કરીમ લતીફ છે.[૧૬]

ધોળકાની જૂની જુમામસ્જિદ

ધોળકામાં જૂની જુમામસ્જિદને નામે ઓળખાતી બીજી મસ્જિદ છે. એ ઈ. સ. ૧૩૬૧ માં ફીરોઝશાહ તઘલખના સમયમાં બંધાઇ છે. પંદરમી સદીમાં બીજી જુમામસ્જિદ બંધાઈ ત્યાંસુધી આ મસ્જિદ જુમામસ્જિદ કહેવાતી હતી. આ મસ્જિદ અંદરથી ૧૬૮⅚ ફૂટ લાંબી અને ૬૯ ફૂટ પહોળી છે, પણ એનો ચોક ૩૬ ફૂટ માત્ર પહોળો અને ૧૩૪ ફૂટ લાંબો છે. થાંભલા વગેરે સામગ્રી આ સમયની બીજી મસ્જિદોની પેઠે હિંદુ મંદિરોમાંથી આખીયે ઉપાડીને લાવેલી છે. આ મસ્જિદમાં મોટું ટાંકું હોવાથી લોકોમાં એને ટાંકા મસ્જિદ પણ કહે છે.

એનો લેખ

મસ્જિદમાં લેખ છે તેમાં બંધાયાની તારીખ ત્રણવાર આવે છે. અરબીમાં એક વાર અને ફારસીમાં બેવાર બંધાયાની સાલ. હિ. સં. ૭૬૨ ના રબીઉલ આખરની ૧૦મી છે (ઇ. સ. ૧૩૬૧–૧૭મી ફેબ્રુ-આરી). સુલતાન ફીરોઝ તઘલખના સમયમાં મુફખર અલખવાસ ઇખ્તિયાર ઉદ્દૌલત વ ઉદ્દીન મુફર્રહ સુલતાનીએ પોતાની ખાનગી મિલકતમાંથી બંધાવી એમ લખ્યું છે. આ અમીરને ઘણાં વિશેષણો લગાવ્યાં છે. ફારસી કવિતાના લેખમાં ફીરોઝ તઘલખને બીજો સિકંદર (એલેકઝાંડર) કહ્યો છે. અંબરની ઇંટો, તાર્તારીની કસ્તૂરી અને કપૂરનો ચૂનો વાપર્યો છે એમ કહીને કવિત્વ ઠાલવ્યું છે.[૧૭]

માંગરોળ

ઉપર જોયું તેમ ધોળકા સિવાય મોટે ભાગે બંદરોમાં આ

---

૧૬. એજ પૃ. ૩૨. શિલ્પીનું નામ એમ સૂચવે છે કે મુસ્લિમ બાંધણી માટે ધ્યાન અપાયું હોય; તેની ચર્ચા આગળ કરીશું.

૧૭. એનો અર્થ ડૉ. બર્જેસ ફૂટનોટમાં (A. S. West. Ind. VI. P. 33) માં એવો કરે છે કે ભોંયમાં પીળાં અને કાળા રંગનાં ફૂલોની ભાત કરેલી હતી, અને ચૂનો કપૂર જેવો ધોળો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયનાં મુસલમાન બાંધકામ વધારે મળે છે. તેવી જ રીતે કાઠિયાવાડમાં પણ બંદરમાં જ તેના અવશેષો ખાસ મળે છે. એવા અવશેષો આજે માંગરોળમાં વધારે જણાય છે. માંગરોળને મંગલપુર કહેતા અને કાન્હડદે પ્રબંધમાં તેનું દેશી રૂપ મંગલહૂર આપેલું છે. એનું માંગલોર થઈને કાઠિયાવાડની બોલીમાં બને છે તેમ વર્ણવિપર્યયથી માંગરોળ થયું. આ સોરઠી મંગલપુર ઉપરથી દક્ષિણ કોંકણમાં બીજું મંગલપુર વસેલું અને તે આજે મેંગલોર નામથી પ્રસિદ્ધ છે. એ બેમાં આપણું માંગરોળ વધારે પ્રાચીન છે. ઈ. સ. ની બીજી સદીમાં ટોલેમીએ એનું નામ મોનોગ્લોસમ્ લખેલું છે. અલાઉદ્દીને ગૂજરાત કાઠિયાવાડને તારાજ કર્યું ત્યારે લીલી નાઘેરનો ભાગ મુસલમાન સત્તા નીચે આવેલો. પરંતુ એ પછી થોડો સમય માંગરોળમાં હિંદુ રાજા હોય એમ સ્પષ્ટ થાય છે, કારણ કે માંગરોળની સોઢળી વાવના વિ. સં. ૧૩૭૫ (ઈ. સ. ૧૩૧૯) ના લેખમાં એ વાવ રાવળ મહીપાળદેવના રાજ્યમાં બંધાયાનો ઉલ્લેખ છે. ફીરોઝ તઘલખના વખતમાં ઈઝુદ્દીન અને સૈયદ સિકંદરની સરદારી નીચે જે લશ્કર કાઠિયાવાડમાં ગયેલું તેણે લગભગ આખો દક્ષિણ કિનારાનો ભાગ મુસલમાન સત્તા નીચે આણ્યો, અને માંગરોળના ગોહિલ રાવળોને હરાવ્યા.[૧૮]

૧૮૦૦ કન્યાઓના લગ્નના મંડપની દંતકથા

એમ કહેવાય છે કે બરડાના ડુંગરોમાં આવેલા ઘૂમલીમાં જ્યારે પોરબંદરના ભાણ જેઠવાની રાજધાની હતી ત્યારે એણે પોતાની માનીતી રાણીનો ત્યાગ કર્યો હતો, અને પછીથી એને પાછી તેડાવવા માટે શાસ્ત્રીઓની સલાહ લીધી. શાસ્ત્રીઓએ ચુકાદો આપ્યો કે જો એક દિવસે અઢારસો કન્યાઓને કન્યાદાન આપી તેનું ખર્ચ રાજા કરે તો રાણીને પાછી બોલાવાય. આ માટે રાજાએ એક મોટો મંડપ વિવાહ માટે બાંધ્યો. આ મંડપને શમ્સુદ્દીન અનવરખાન, જે ફીરોઝ તઘલખનો ગૂજરાતનો નાયબ સૂબો હતો, તેણે તોડી નાંખ્યો, અને આરામશાહનો પુત્ર ઇઝુદ્દીન, જે કાઠિયાવાડના અધિકાર ઉપર હતો, એણે એ મંડપને ફેરવીને ત્યાં જુમામસ્જિદ બાંધી. આ પ્રમાણે

૧૮. પ્રો. કૉમીસેરિયેટનો અંગ્રેજી ઇતિહાસ પૃ. ૭૨-૭૩. માંગલોરનું માંગરોળ એવા વિપર્યાય કાઠિયાવાડમાં થાય છે જેમકે વેંવાઇશાળનું વેશવાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણછોડજી દીવાનની તારીખે સોરઠમાં વર્ણન કરેલું છે.[૧૯]

મંડપની જગાએ મસ્જિદ

માંગરોળની આ જુમામસ્જિદને અમદાવાદની મોટી જુમામસ્જિદ સાથે સરખાવવામાં આવે છે. ફેર માત્ર એટલો જ કે એના ઉપર મિનારા નથી. આ મસ્જિદમાં અસંખ્ય થાંભલા છે અને પડાળીઓના થાંભલા બેવડા ઊંચા છે. થાંભલા વગેરે સામાન હિંદુ મંદિરોનો હોય એમ સ્પષ્ટ દેખાય છે, અને કેટલાક ઉપર દેવનાગરીમાં નામો પણ દેખાય છે.[૨૦] મસ્જિદના આંગણામાં વાવ છે અને તે જૂના મકાનને લગતી હોય એમ જણાય છે. મસ્જિદનો લેખ બહારના દરવાજાની નજીક પૂર્વમાં આવેલી વહોરાઓની મસ્જિદની દીવાલમાં નાંખેલો મળી આવે છે.

લેખ

લેખમાં સામાન્ય રીત પ્રમાણેનાં વાકયો સાથે કહે છે કે ફીરોઝ તઘલખના વખતમાં હિ. સં. ૭૮૫ (ઇ. સ. ૧૩૮૪–૮૫)માં આરામ-શાહના પુત્ર ઇઝુદ્દીને મસ્જિદ બંધાવી, અને લખનારનું નામ તહેર ઉસમાન ઝફરી, એમ લખેલું છે.[૨૧]

મસ્જિદે રહેમત અને રાવળી મસ્જિદ

આ જુમા મસ્જિદ ઉપરાંત માંગરોળમાં મસ્જિદે રહેમત–દયાની મસ્જિદ–અને રાવળી મસ્જિદ નામે બે મસ્જિદો નોંધવાને પાત્ર છે. મસ્જિદે રહેમત શહેર બહાર, ઈશાને, માંગરોળના શેખના મકબરાની

---

૧૯. આ વાતમાં કેટલું સત્ય તે સમજાતું નથી. અઢારસો કન્યાઓ પરણાવવા માટે પાકો પથ્થરનો મંડપ બાંધવાની વાત મનાય એવી નથી. [સંભવ તો એવો છે કે પાશુપતોનો કે અન્ય પ્રકારના સંન્યાસીઓનો એ કોઈ મઠ હશે. તેમાંના પથ્થરો ઉપરનાં **જોગી**નાં નામો એવું કાંઇક બતાવે. કર્ણના વખતનો સં. ૧૩૫[૩] નો શિલાલેખ પણ અહીંનો જ મંડપના થંભનો છે. ૬ ઠ્ઠી લીટીથી લેખ તૂટે છે, એટલે લેખનું નિમિત્ત સ્પષ્ટ નથી. એ સમયે ત્યાં મઠની સ્થાપના થઇ સંભવે. (કે. કા. શાસ્ત્રી)]

૨૦. [ધ્યાન ખેંચનારા શબ્દો મસ્જિદ માંહેના ઉત્તર બાજૂના બેએક થાંભલા ઉપર सिद्ध भयंकर नाथ जोगी તેમ જ जोगी जंगम राउल जत राउल છે. આમાંના પાછલા શબ્દો સોરઠને દરિયા-કાંઠે આવેલાં, મૂળ માધવપુર વગેરેમાંનાં જૂનાં મંદિરોમાં પણ જોવામાં આવે છે. (કે. કા. શાસ્ત્રી)]

૨૧. એજ પૃ. ૭૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજીકમાં છે. એ મસ્જિદના લેખમાં એના બંધાયાની સાલ હિ. સ. ૭૮૮ (ઈ. સ. ૧૩૮૨–૮૩) આપેલી છે અને ફીરોઝ તઘલખના વખતમાં કાજી ઉલ કુતુબે બંધાવી એમ લખેલું છે. લેખ અરબી ભાષામાં છે. દરબારગઢ બહાર રાવળી વાવ ઉપર આવેલી બીજી મસ્જિદને રાવળી મસ્જિદ કહે છે તેનું કારણ રાવળના મંદિરને ફેરવીને બનાવી તેથી હોવું જોઈએ. આ મસ્જિદના પ્રવેશ-દ્વારને મોટી છત્રી કરેલી છે. એનો લેખ પાસેની દરગાહની દીવાલમાં જડી લીધો છે, અને બંધાયાનું વર્ષ હિ. સ. ૭૮૮ (ઈ. સ. ૧૩૮૬) આપેલું છે. ફીરોઝ તઘલખના સમયમાં હિસામના પુત્ર મલેક અબ્દુલ મલેકે બંધાવી એમ લખ્યું છે. આ લેખમાં ફીરોઝ તઘલખને, ભાગ્યમાં સિકંદર સાથે અને જાહોજલાલીમાં ફરદૂન સાથે સરખાવ્યો છે. હાતીમતાઈ એનું અજીઠું ખાય છે, અને કેખુશરૂ એનું રખેવાળું કરે છે એમ લખીને ફીરોઝશાહ તઘલખને ખૂબ ચડાવી દીધો છે.

માંગરોળના કિલ્લાનો લેખ

માંગરોળમાં શહેરને ફરતા કોટનો અને અંદરના કિલ્લાનો એમ બે લેખ ચૌદમી સદીના મળેલા છે. તેમાંનો એક દરબારગઢ નજીક દફતરખાનામાં છે. લેખ અંદરના કિલ્લાનો છે અને તેમાં તા. ૧૪મી રજબ ૭૯૭ (૫ મે ૧૩૯૫) ની સાલ છે. તે સમયે દિલ્હીમાં નસત જહાન શહેનશાહ હતો અને ગૂજરાતનો સૂબો મુઝફ્ફર ઝફરખાન હતો તે વખતે મલિક યાકુબ સોરઠનો અધિકારી હતો અને મલિક મુસા કોટવાલ હતો. આ કોટવાલે માંગરોળનો અંદરનો કિલ્લો બંધાવ્યો એમ લખે છે. મુઝફ્ફર ઝફરખાન માટે લખે છે કે ગૂજરાતમાં એવો સૂબો થયો નથી ને થવાનો યે નથી.

એ જ લેખમાં નીચે સંસ્કૃતમાં પણ લેખ છે. તેમાં લખે છે કે વિ. સં. ૧૪૫૨ના વૈશાખની પૂર્ણિમાને રવિવારે (૨૩ એપ્રિલ ૧૩૯૬) જ્યારે યોગિનીપુરમાં નસરત બાદશાહનું રાજ્ય હતું ત્યારે, અને ઝફરખાન ગૂજરાતમાં એનો સૂબો હતો ત્યારે, અને સોરઠમાં મંગલપુરમાં રાય મુલતાનીનો પુત્ર, વેપારીઓમાં રત્ન, થમીચ મલીક યાકુબ અધિકારી હતો ત્યારે, કોટવાલ મુસાએ કિલ્લાને લોખંડનાં દ્વાર કરાવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારના કોટનો લેખ

બહારના કોટનો લેખ પણ દફતરખાનામાં જ છે. એમાં દિલ્હીના તે સમયના બાદશાહનો ઉલ્લેખ એનું નામ લખ્યા વગર જ કર્યો છે. લેખ આ પ્રમાણે કહે છેઃ દિલ્હીમાં દુનિયાનો મોટો બાદશાહ રાજ્ય કરતો હતો ત્યારે ગૂજરાતમાં સંપૂર્ણ સત્તાધીશ ઝફરખાન વજીહ ઉલ્મુલ્ક સૂબો હતો. ઝફરખાન પવિત્રતામાં ઉસમાન જેવો હતો; બળમાં ખલીફ હૈદર જેવો હતો; ડહાપણમાં અસફ જેવો હતો; અને યુદ્ધમાં રુસ્તમ જેવો હતો. એ વખતે સોરઠનો અધિકારી મલિક બદર બીંઝલ હતો, અને માંગરોળ મલિક શેખ બીન તાજના તાબામાં હતું. એણે માંગરોળનો પિત્તળ જેવો મજબૂત કોટ બંધાવ્યો. બંધાયાની સાલ હિ. સ. ૮૦૦ (ઈ. સ. ૧૩૯૭-૯૮) આપેલી છે.[૨૨]

આ લેખમાં બાદશાહનું નામ નથી લખ્યું એ મહત્ત્વની વાત છે અને એ સમયે તૈમૂરની ચડાઈને લીધે દિલ્હીમાં ગાદી ઉપર ખરી રીતે કોણ હતો એ લેખ લખાયો તે સમયે નક્કી કહેવું મુશ્કેલ હતું. દિલ્હીની ગાદી માટે સુલતાન ફીરોઝ તઘ્લખના બે પૌત્રો નસિરુદ્દીન મહમૂદશાહ અને નસરતશાહ બન્ને પોતપોતાની સત્તા જમાવવા પ્રયત્ન કરતા હતા. નસરતશાહ ફીરોઝાબાદમાં રહેતો હતો અને મહમૂદ દિલ્હીમાં રહેતો હતો. બદૌની મનતુખેબુત્તવારીખમાં લખે છે કે આ સમય તૈમૂરની ચડાઈને લીધે ખૂબ જ અંધાધુંધી વાળો હતો.

સૈયદ સિકંદરની દરગાહ

ચૌદમી સદીના પાછલા ભાગના અવશેષોમાં માંગરોળના રક્ષક સંત, સૈયદ સિકંદરની બંદર પાસે આવેલી દરગાહને ખાસ ગણાવી શકાય. એઓ ઉચ્છના પ્રખ્યાત સંત મખદુમ જહાનિયાંના શિષ્ય હતા. સૈયદ સિકંદર ફીરોઝ તઘલખના સમયમાં માંગરોળ ઉપર ચડાઈ થઈ ત્યારે ત્યાં આવેલા, અને યુદ્ધમાં સક્રિય ભાગ લીધેલો. એના ઇનામના બદલામાં બાદશાહ તરફથી એમને એક ગામ પણ મળેલું. એમ કહેવાય છે કે ઈઝુદ્દીન આરામે જે જીત મેળવી તે આ સંતને આભારી હતી.

---

૨૨. પ્રો. કોમીસેરિયેટનો અંગ્રેજી ઇતિહાસ પૃ. ૭૪-૭૭ પ્રોફેસર કોમીસેરિયેટ માંગરોળ સ્ટેટમાંથી આ ઉપયોગી અને સત્તાવાર ખબર મેળવી છે. આ ખબર પદ્ધતિસર હજી કોઈ બીજા ગ્રંથમાં મળતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની સંગ્રહેલી ચીજો જેમાં જૂના ધ્વજો અને ચમત્કારી પ્યાલો, વગેરે એમના ('બડી મેડીવાળા' નામથી પ્રસિદ્ધ સૈયદ) વંશજોએ આજ સુધી રાખેલી છે અને ઈદને દિવસે કેટલીક ચીજો ધારણ કરવામાં આવે છે. આ સંગ્રહેલી વસ્તુઓને માંગરોળના મુસલમાનો પવિત્ર ગણે છે.[૨૩]

આ બાંધકામની કેટલીક ચર્ચા

અમદાવાદની સલ્તનત સ્થાપિત થયા પહેલાંના કેટલાક અવશેષ રૂપ રહેલાં મકાનોની ટૂંકી વિગત અહીં જોઈ. એમાં કેટલીક મસ્જિદોની બાંધણી તે સમય કરતાં એકસો વર્ષ પછીની હોય એવી લાગે છે તે ચર્ચા પણ આગળ કરી. કેટલાક વિદ્વાનોનો એવો મત પણ છે કે લેખની સાલ બાંધકામ શરૂ થયાની હોય અગર મુખ્ય ભાગ પૂરો થયાની હોય, અને બાકીનું બાંધકામ પાછળથી થયું હોય, અગર પાછળથી મરામત વખતે ઉમેરા થયા હોય.[૨૪] પરંતુ સર જ્હોન માર્શલ લખે છે તેમ અલાઉદ્દીન ખીલજીના સમયમાં દિલ્હીમાં મુસલમાન સ્થાપત્ય સારી સ્થિતિમાં વધ્યું હતું.[૨૫] અને ગૂજરાતનું હિંદુ સ્થાપત્ય તો ઉત્તમ હતું જ. એટલે આ મુસલમાન સ્થાપત્ય દિલ્હીના ઉસ્તાદ બાંધનારાઓની દોરવણીથી ગૂજરાતમાં પણ શરૂઆતમાં જ સારી રીતે વધ્યું હોય એ બનવાજોગ છે. ઉપર આવી ગયેલા લેખોમાં મુસલમાન સ્થપતિઓનાં નામ છે એ પણ આમ સૂચવે છે. એટલે ગૂજરાતમાં મુસલમાન રાજ્યની શરૂઆતનાં ૨૫ વર્ષમાં જ સ્થાપત્ય ઠીક ઠીક દશામાં થયું હતું એમ માનવામાં બહુ વાંધો નથી. માત્ર શરૂઆતની મસ્જિદોમાં કામ આવે એવો સર્વ સામાન એમનો એમ હિંદુ મંદિરોનો લીધો એ સ્પષ્ટ જ છે. આ સમયમાં અને અહમદશાહના સમયનાં શરૂઆતમાં નાનાં બાંધકામોમાં જે સામ્ય દેખાય છે તે શરૂઆતથી જ હોય એમ માનવાને પણ વાંધો નથી. એમાં સુધારા વધારા થઈ ઊંચી કક્ષાએ આ સ્થાપત્ય પહોંચ્યું તે અહમદશાહની સત્તા જામ્યા પછી.

---

૨૩. એજ પૃ. ૭૭.

૨૪. ખંભાતના ઇતિહાસમાં ખંભાતની મસ્જિદ માટે મને પણ એ શંકા થયેલી.

૨૫. કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઇંડિયા વૉ. ૩ સ્થાપત્યનું ખાસ પ્રકરણ.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar